स्वामिनारायण सत्संग पत्रिका समन्वित

# સ્વામિનારાયણ પ્રકાશ

ડિસેમ્બર, ૨૦૨૩

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

અમેરિકાની ધરતી પર બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા નિર્મિત,
સનાતન અસ્મિતાનો જયનાદ કરતા ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામનું લોકાર્પણ કરી
**મહંત સ્વામી મહારાજે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ પૂર્ણ કર્યો...**



## અક્ષરધામ મહોત્સવ

FESTIVAL OF INSPIRATION



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણે એક અંજલિ રૂપે
અમેરિકાની ધરતી પર અક્ષરધામનું નિર્માણ કરીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ પૂર્ણ કરતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ...





## સ્વામિનારાયણ અક્ષરધામ એટલે એ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે વિનમ્ર ભક્તિપૂર્ણ ભાવાંજલિ...

**જેમણે** સનાતન ધર્મનાં શાશ્વત અજવાળાં કરોડો લોકોનાં હૃદયે પ્રસરાવ્યાં છે...

**જેમણે** ભક્તોને સુખ આપવા માટે ભક્તોનાં દુ:ખ પોતાના શિરે લઈ લઈને કરુણાનું એક અજોડ ઉદાહરણ પૂરું પાડ્યું છે...

**જેમના** દિવ્ય સ્વરૂપમાં એમના સમયમાં ૩,૦૦૦થી વધુ સાધુઓ અને લાખો હરિભક્તોએ પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્ અનુભવ કર્યો હતો ને મુક્તિનો પરમ આધ્યાત્મિક આનંદ માણ્યો હતો...

**જેમના** ઉપદેશો-વચનામૃતોમાં જીવનના કઠિન અને જટિલ પ્રશ્નોના શાશ્વત ઉત્તર પ્રાપ્ત થયા છે...

**જેમનાં** લોકકલ્યાણનાં કાર્યોથી આજેય શિક્ષણ, આરોગ્ય, રાહતકાર્યો વગેરે અનેકવિધ નિ:સ્વાર્થ સેવાઓથી દેશ અને દુનિયાનો સમાજ લાભાન્વિત થાય છે...

**જેમણે** આપેલી મહાન ગુણાતીત સંતપરંપરા દ્વારા કરોડો લોકોને આજેય શાંતિ, મુક્તિ અને આધ્યાત્મિકતાના પરમ આનંદ અને સુખનો દિવ્ય અનુભવ થાય છે...

**જેમણે** આપેલું વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શન પ્રવર્તાવીને બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આજના ભવ્ય અક્ષરધામનાં બીજ શતાબ્દી પહેલાં વાવ્યાં હતાં...





## સ્વામિનારાયણ અક્ષરધામમાં આપનું સ્વાગત છે...

જે હિન્દુ કલા, સ્થાપત્ય અને આધ્યાત્મિકતાનું સીમાચિહ્ન છે,

જ્યાં કલા શાશ્વત છે, મૂલ્યો વૈશ્વિક છે અને સર્જન પ્રેરણાદાયી છે.

સમયનું ચક્ર અવિરત ફરે છે, પરંતુ કેટલાક અવસર

સમયને સ્થગિત કરી દે છે અને ઇતિહાસમાં એક નવો અધ્યાય રચે છે.

આવી ઘટના હજાર વર્ષમાં ક્યારેક જ બને છે.

છેલ્લાં હજાર વર્ષમાં આવો એક અનોખો અવસર પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં આવ્યો છે.

**એ છે એક અનુપમ સર્જનઃ સ્વામિનારાયણ અક્ષરધામ, રોબિન્સવિલ, ન્યૂજર્સી, યુ.એસ.એ.**

અમેરિકાની ધરતી પર રચાયેલું સ્વામિનારાયણ અક્ષરધામ, ભગવાન સ્વામિનારાયણને સમર્પિત

એવું ભવ્ય અને કલાત્મક મહામંદિર છે, જે પરંપરાગત ભારતીય શૈલીમાં

સનાતન હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો

એક અનોખો ઇતિહાસ રચે છે.





હજારો વર્ષોથી, દિવ્યતા અને ભક્તિની અભિવ્યક્તિનું
અનોખું માધ્યમ બની રહ્યાં છે હિન્દુ મંદિરો.
એવી ભક્તિ અને દિવ્યતાની અભિવ્યક્તિ સાથે
પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે રચાયેલું
અક્ષરધામ એક સમયાતીત કૃતિ છે,
જે સંસ્કૃતિના એક ગૌરવ તિલક તરીકે અમેરિકામાં ઊભું છે.
સ્વયંસેવકોની ભક્તિપૂર્ણ સેવાથી રચાયેલી આ અજાયબી
નિઃસ્વાર્થ સમર્પણની આધારશિલા પર ખડી થઈ છે,
જે આવનારા યુગો સુધી અસંખ્ય લોકોને
જીવનઘડતરની પ્રેરણા આપતી રહેશે,
શાંતિનો આધ્યાત્મિક રાજમાર્ગ ચીંધતી રહેશે...



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૫, અંક : ૧૨, ડિસેમ્બર, ૨૦૨૩**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

<u>લેખો અંગે પત્રવ્યવહાર:</u>
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

<u>લવાજમ અંગે પત્રવ્યવહાર:</u>
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**



અમેરિકામાં સર્વોપરિ અક્ષરધામ થાય છે, આ કોના માટે કરીએ છીએ ?

આપણે એવું નથી કે આપણે યશ લેવો છે, પણ ભગવાન રાજી થાય ને સર્વને શાંતિ થાય એ માટે છે. આપણું તો એ જ લક્ષ્ય છે. પોતાની પ્રશંસા થાય, પોતાની મહત્તા વધે એટલા માટે કેટલાંક આવાં સ્મારક થતાં હોય છે, પણ આપણે તો એક જ લક્ષ્ય છે કે ભગવાન રાજી થાય. આ કામ સામાન્ય નથી, ભગીરથ કાર્ય કહેવાય. અમેરિકાનું અક્ષરધામ વહેલી તકે સારી રીતે વ્યવસ્થિત થઈ જાય, એનું ઉદ્‌ઘાટન પણ ધામધૂમથી થઈ જાય.

હજારો-લાખો માણસો એનો લાભ લે અને આખી દુનિયાના તમામ નાના મોટા માણસો, અને જે કોઈ દર્શન કરે એ સર્વનું કલ્યાણ મહારાજ કરે એ પ્રાર્થના.

બધાનો ઉમંગ-ઉત્સાહ-સેવા છે એ જોઈ મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ એ બધા રાજી થાય છે. આજે અને ભવિષ્યમાં પણ જે સેવા કરશે એ સૌનું અમારે કલ્યાણ કરવાનું છે. એ બધા સુખી થાય એ પ્રાર્થના કરીએ છીએ...

**- બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ**



હે સ્વામિનારાયણ ભગવાન!

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કૃપા કરીને ભવ્ય અને દિવ્ય અક્ષરધામ નિર્માણનો સંકલ્પ કર્યો હતો અને તે માટે ખૂબ ભીડો ખમ્યો,

તે સંકલ્પ પૂર્ણ થતાં અમને ખૂબ ખૂબ ખૂબ આનંદ થાય છે.

આપ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો, જેવા આપ આપના દિવ્ય અક્ષરધામમાં અનંત ઐશ્વર્યયુક્ત બિરાજમાન છો, એવા જ અહીં પણ આ અક્ષરધામમાં બિરાજમાન છો.

દિવ્ય અક્ષરધામમાં સાક્ષાત્ અક્ષરબ્રહ્મ મૂર્તિમાન આપની સેવામાં બિરાજમાન છે.

અનંત અક્ષરમુક્તો આપને પૂજે છે, તેમ અહીં પણ અક્ષરમુક્તો આપને પૂજી રહ્યા છે.

આ અક્ષરધામ આપના તે દિવ્ય અક્ષરધામનો અનુભવ કરાવે છે.

અહીં આવનારને દરેકને પરમ શાંતિ અને પરમ આનંદનો અનુભવ જીવનમાં થાય અને જીવન દિવ્ય બને એ પ્રાર્થના...

**- પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**



# વંદન અક્ષરધામ સનાતનમ્
# સ્વામિનારાયણ વંદનમ્...

■ સાધુ અક્ષરવત્સલદાસ

*'વંદન અક્ષરધામ સનાતનમ્, સ્વામિનારાયણ વંદનમ્...*
*રામ કૃષ્ણ ઔર શિવ ગણેશજી, ધર્મ સનાતન વંદનમ્...'*

મધુર સંગીતના નાદ સાથે અમેરિકાના રોબિન્સવિલ નગરના આકાશમાં આ શબ્દો રેલાઈ રહ્યા હતા. રાત્રિના આકાશની કાલિમા વચ્ચે અક્ષરધામનાં ઉત્તુંગ શિખરો સ્વર્ણિમ આભાથી ઝળહળી રહ્યાં હતાં. ૭ ડિગ્રી સેલ્શિયસના ઠંડાગાર વાતાવરણમાં સુસવાટા મારતા ઠંડા પવન વચ્ચે નર્તન કરતા એક હજારથી વધુ યુવાનો વાતાવરણમાં અનોખી ઊર્જા અને ઉષ્મા ફેલાવી રહ્યા હતા. હજારો ભક્તોથી ઊભરાતું અક્ષરધામ પરિસર અપાર આનંદ, ઉત્સાહ અને જય જય નાદોથી ગુંજતું હતું. ત્યારે, અક્ષરધામની પરિક્રમા પીઠિકા પર અમેરિકાના ધુરંધર મહાનુભાવો સાથે અક્ષરધામ નિહાળી રહેલા શાંત, સહજ, વિનમ્ર મહંત સ્વામી મહારાજ ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં ભક્તિપૂર્ણ અંજલિ અર્પી રહ્યા હતા. કૃતજ્ઞતા અને સંતોષના સહજ ભાવો એમના મુખ પર રમી રહ્યા હતા. પોતાના મહાન ગુરુદેવના મહાન સંકલ્પની આજે પરિપૂર્તિ થઈ રહી હતી, તેનો સંતોષ અને તેની કૃતજ્ઞતા!

માત્ર મહંત સ્વામી મહારાજ જ નહીં, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના દેશ-વિદેશમાં ફેલાયેલાં અસંખ્ય આબાલ-વૃદ્ધ સ્ત્રી-પુરુષો આજે એ જ ભાવો અનુભવી રહ્યાં હતાં. કારણ કે આજે એક ગૌરવવંતા ઈતિહાસનું ઉદ્ઘાટન થઈ રહ્યું હતું. એવા ભાવમય વાતાવરણમાં ઉચ્ચારાયેલા નીચેના શબ્દો વાંચોઃ

*'જ્યારે પ્રમુખસ્વામી મહારાજે ગાંધીનગરનું અક્ષરધામ રચ્યું ત્યારે તે એક 'મોટિવેશનલ' ઘટના હતી. જ્યારે દિલ્હીનું અક્ષરધામ રચાયું ત્યારે મને લાગ્યું કે આ એક 'ઈન્સ્પિરેશનલ' ઘટના છે. જ્યારે અબુધાબીના અરબી રણમાં ભવ્ય મંદિર રચાવાની વાત મેં સાંભળી ત્યારે મને લાગ્યું કે આ એક 'સિવિલાઈઝેશનલ' ઘટના છે. અને જ્યારે આજે રોબિન્સવિલનું આ ભવ્ય અક્ષરધામ નિહાળી રહ્યો છું ત્યારે મને લાગે છે કે આ એક 'ટ્રાન્સફોર્મેશનલ' ઘટના છે. પ્રમુખસ્વામી મહારાજ જેવા સમર્થ મહાપુરુષ જ આવનારા યુગો સુધી પ્રભાવ પાથરનારાં આવાં સર્જન કરી શકે...'*

પ્રસિદ્ધ અમેરિકી વિદ્વાન અને સવાયા સનાતન ધર્મી ગણાતા શ્રી ડેવિડ ફ્રોલીનું આ વિધાન છે. અમેરિકાની ધરતી પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં રચાયેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામને નિહાળીને તેમના મુખમાંથી સરી પડેલા આ સહજ ઉદ્ગારો છે. પશ્ચિમ જગતમાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મના ઉત્કર્ષ માટે જીવનની આહુતિ આપી દેનારા શ્રી ડેવિડ ફ્રોલી, પીઢ અને આદરણીય અમેરિકી રાજનેતા શ્રી સ્ટેની હૉયર કે વિશ્વપ્રસિદ્ધ કોલંબિયા યુનિવર્સિટીના વિખ્યાત વિદ્વાન શ્રી જૅક હોલી સહિતના અનેક પ્રતિષ્ઠિતો, અનેક દેશોના રાજદૂતો અને આંતરરાષ્ટ્રીય રાજદ્વારી મહાનુભાવો, ખેલજગતના ધુરંધરો, વિખ્યાત તબીબો અને

વૈજ્ઞાનિકો, કલા અને સાહિત્યના માંધાતાઓ અહીં આવ્યા, સૌના મુખેથી અમેરિકાની ધરતી પર સનાતન ધર્મનો જયજયકાર કરતા સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિર માટે સહજ અહોભાવ સરી પડ્યા અને ઉચ્ચારી ઊઠ્યાઃ અદ્‌ભુત, અલૌકિક, અવિસ્મરણીય, અજોડ, અપૂર્વ, અતુલનીય...

તા. ૭-૧૦-૨૦૨૩ના રોજ યુનાઈટેડ નેશન્સમાંથી ૩૦ દેશોના રાજદૂતોએ અક્ષરધામની મુલાકાત લીધી ત્યારે તેઓ ઉચ્ચારી ઊઠ્યા હતાઃ 'શાંતિનું એક વૈશ્વિક ધામ.'

આ લખાઈ રહ્યું છે ત્યારે, નોર્થ અમેરિકાના પૂર્વ ઉત્તર છેડે આવેલા ન્યૂજર્સી રાજ્યમાં રોબિન્સવિલ નામના નાનકડા નગરમાં ભવ્ય, દિવ્ય, નવ્ય સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટનને લગભગ દોઢેક મહિનો પૂરો થયો છે. આ દરમ્યાન અહીં લાખો આબાલવૃદ્ધ અમેરિકાવાસીઓ અને ભારતીયો દર્શને ઊમટી ચૂક્યા છે. અહીં જે કોઈ આવે છે તે સ્વામિનારાયણ અક્ષરધામની કલા માટે, ભવ્યતા માટે, સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટ પ્રસ્તુતિ માટે, અહીં રજૂ કરાયેલા સંદેશ માટે અવાક્ બની રહ્યા છે. અહીંની પવિત્રતા અને દિવ્યતાથી નિઃશબ્દ બની ગયા છે. ભારત બહારના વિશ્વના સૌથી મોટા હિન્દુ મંદિર તરીકે જગવિખ્યાત થયેલા સ્વામિનારાયણ અક્ષરધામના આ સર્જનથી અમેરિકા અને પશ્ચિમ જગતમાં વસતા કરોડો ભારતીયોનું મસ્તક ગૌરવથી ઉન્નત બન્યું છે. ભારતીય સંસ્કૃતિની સુવાસ લઈને ભારતથી હજારો માઈલોનું દરિયાઈ અંતર કાપીને આવેલો એક એક પથ્થર જાણે અહીં ભારતીય રાજદૂત બનીને ભારતીયોની આન-બાન-શાનમાં ચાર ચાંદ લગાડી રહ્યો છે!

ઉદ્‌ઘાટનના માત્ર ગણતરીના કલાકોમાં દેશ-વિદેશનાં સમાચાર માધ્યમોમાં ટ્રેન્ડ પર છવાયેલા આ સ્વામિનારાયણ અક્ષરધામની આભા સૌને આશ્ચર્યચકિત કરે છે અને સૌનાં હૈયે જિજ્ઞાસા જન્માવે છે - કેવી રીતે રચાયું છે આ ભવ્ય અને અભૂતપૂર્વ સ્વામિનારાયણ અક્ષરધામ?

આપણા અતીત પર એક નજર કરીએ.

આજથી એક સહસ્રાબ્દી પૂર્વે, આજની ભારતીય સીમાઓથી દૂર-સુદૂર એક બૃહદ્ સાંસ્કૃતિક ભારત વસતું હતું. પૂર્વમાં ચંપા (વિયેતનામ) કે દક્ષિણ-પૂર્વમાં ઈન્ડોનેશિયા સુધી અને પશ્ચિમમાં ગાંધાર(અફઘાનિસ્તાન) સુધી સાંસ્કૃતિક ભારતની સરહદો વિસ્તરી હતી. તેના પ્રમાણરૂપે આજેય એ ભૂમિ પર રચાયેલાં ભવ્ય હિન્દુ મંદિરોનાં સ્મારકો આજની પેઢીને પણ અચંબિત કરે છે.

એક હજાર વર્ષ પહેલાં આજની ભારતીય સીમાઓથી દૂર સનાતન ધર્મની સુવાસ ફેલાઈ હતી.
કંબોડિયામાં ભારતીય સાંસ્કૃતિક સમૃદ્ધિનું દર્શન કરાવતા અંગકોરવાટના ભવ્ય મંદિરમાં આજે ભલે પૂજા ન થતી હોય,
પરંતુ તે હિન્દુ ધર્મનું ભારત બહારનું એક અનોખું મહામંદિર બની રહ્યું છે.



તેમાંય વિશ્વની અજાયબી સમું અંગકોરવાટનું વિષ્ણુ મંદિર શિરમોર છે, જે આધુનિક ભારતથી બહારનું મોટામાં મોટું હિન્દુ મંદિર હતું.[1] આજથી ૧૦૦૦ વર્ષ પહેલાં આજની ભારતીય સીમાઓથી દૂર અંગકોરવાટ(કંબોડિયા), પ્રમ્બનમ્ (જાવા, ઈન્ડોનેશિયા), બેંગકોક (થાઈલેન્ડ), પો ક્લોન્ગ ગરાઈ(ચંપા, વિયેતનામ) જેવાં સ્થળોએ રચાયેલાં આ હિન્દુ મંદિરોના નિર્માણમાં રાજા શ્રી સૂર્યવર્મન્, રાજા જયસિંહવર્મન્, રાજા રકાઈ પિક્તન અને રાજા દક્ષ જેવા સમ્રાટો-મહારાજાઓનું યોગદાન હતું. આ છેલ્લાં એક હજાર વર્ષોમાં ભારતમાં બનેલાં અનેક ભવ્ય હિન્દુ મંદિરો પણ આજે પણ એક અજાયબી બનીને કરોડો હિન્દુઓની શ્રદ્ધાનો જયજયકાર કરી રહ્યાં છે. આ બધાં મંદિરો પણ સમ્રાટ શ્રી રાજરાજેશ્વર ચૌલ કે સમ્રાટ કૃષ્ણદેવરાય જેવા મહાન રાજવીઓની ભેટ છે.



અમેરિકાની ધરતી પર સનાતન ધર્મનો ડંકો વગાડનારા સ્વામી વિવેકાનંદજી પછી છેલ્લાં ૧૦૦ વર્ષમાં અનેક હિન્દુ ગુરુઓએ સનાતની સુવાસ પ્રસરાવી.

એ જ મહાન મંદિરોની શૃંખલામાં, લગભગ ૨૦૦૦ વર્ષોનાં હિન્દુ મંદિરોના સ્થાપત્ય-ઈતિહાસના અર્ક રૂપે અમેરિકા ખાતે અજોડ મહામંદિર સ્વામિનારાયણ અક્ષરધામ રચાયું છે. તેની વિશેષતા એ લેખી શકાય કે તેનું નિર્માણ કોઈ સમ્રાટોએ, સરકારોએ કે ધનકુબેરોએ નથી કર્યું, પરંતુ એક અકિંચન મહાન સંતપુરુષના મહાન સંકલ્પનું આ ફળ છે, જેના નિર્માણમાં હજારો આબાલ-વૃદ્ધ ભક્તોની નિઃસ્વાર્થ સેવા અને ભક્તિપૂર્ણ સમર્પણની ગાથા છે. એક અકિંચન મહાપુરુષ તરીકે, એક પાઈના પણ ધનસંગ્રહ વિના જીવનભર વિરક્ત રહીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૧૨૦૦થી વધુ મંદિરો વિશ્વભરમાં નિર્માણ કર્યાં છે. હજારો લોકોમાં ભક્તિ અને સમર્પણની જ્યોત જગાવીને પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થ દ્વારા વિશ્વ અજાયબી સમાં અક્ષરધામ જેવાં મંદિરો રચ્યાં છે.

તેમાંય અમેરિકાની ધરતી પર, પથ્થરમાંથી નિર્મિત છ છ શિખરબદ્ધ કલામંડિત ભવ્ય મંદિરો, અન્ય ૧૨૫ જેટલાં હરિમંદિરો અને ૧૮૫ એકરમાં ફેલાયેલા અભૂતપૂર્વ સ્વામિનારાયણ અક્ષરધામ જેવી અજાયબીનું સર્જન કરવું તે કોઈ નાની સૂની ઘટના નથી. પશ્ચિમના આકાશમાં પૂર્વની સનાતન સંસ્કૃતિની ધજાઓ હજાર વર્ષ સુધી ફરકતી રાખવાનો યશકળશ, ઈતિહાસ-દેવતા સદા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં ચરણે ઢોળ્યા કરશે.

અમેરિકાની કુલ વસ્તીના માત્ર ૦.૭ ભાગમાં ફેલાયેલો હિન્દુ સમાજ આજે ગૌરવપૂર્વક પોતાનું મસ્તક ઉન્નત રાખી શકે એવું આ ઐતિહાસિક સોપાન છે.

અમેરિકામાં હિન્દુઓની સંખ્યા, કુલ વસ્તીના પ્રમાણમાં ભલે નહીંવત્ હોય, પરંતુ છેલ્લી એકાદ શતાબ્દીથી લઈને આજે ધીમે ધીમે તેમનો એક આગવો પ્રભાવ છવાયો છે. તેની પાછળ હિન્દુઓએ અમેરિકામાં એક લાંબી મજલ કાપી છે.

અમેરિકાની ધરતી પર પ્રથમ હિન્દુએ ક્યારે પગ મૂક્યો હશે તેની કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. ૧૯મી સદીના અંતમાં આનંદીબાઈ જોશી નામની મહારાષ્ટ્રીયન મહિલાએ અભ્યાસ કરવા માટે પ્રથમ પગ મૂક્યો હોવાનું કહેવાય છે. પરંતુ સ્વામી શ્રી વિવેકાનંદજીએ શિકાગો ખાતે વર્લ્ડ રિલિજિયસ પાર્લામેન્ટમાં ઐતિહાસિક વ્યાખ્યાન આપ્યું, હિન્દુ ધર્મનો ડંકો વાગ્યો, ત્યારબાદ, અમેરિકાની મુખ્ય ખ્રિસ્તી પ્રજાની વચ્ચે સનાતન હિન્દુ ધર્મની સુવાસ લઈને ભારતીયો, લાંબી દરિયાઈ મુસાફરી ખેડીને અમેરિકા પહોંચતા રહ્યા. ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરતી છોડીને દસ હજાર માઈલ દૂર અમેરિકા સુધી જવા પાછળ આ ભારતીય હિન્દુઓનો આશય મુખ્યત્વે વ્યાવસાયિક કે શૈક્ષણિક હતો. પરંતુ ધીમે ધીમે ત્યાં સ્થાયી થઈ રહેલા આ હિન્દુઓને પોતાની સાંસ્કૃતિક અને ધાર્મિક ભૂખને સંતોષવા માટે મંદિર, સંતો અને શાસ્ત્રોની આવશ્યકતા જણાઈ. અમેરિકાની સમૃદ્ધ ભૌતિક પરંપરામાં એકરસ થઈ રહેલા એ ભારતીયોને તેમનાં મૂળ સાથે જોડાયેલા રાખવા માટે સમયે સમયે ભારતમાંથી સંતો અમેરિકા ભણી યાત્રા કરતા રહ્યા. સ્વામી શ્રી રામતીર્થ,

૧. વિષ્ણુ મંદિર તરીકે સ્થપાયેલું આ મંદિર જર્જરિત અવસ્થામાં કેટલાંય વર્ષોથી અપૂજ બની રહ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી આ હિન્દુ મંદિરને એક બૌદ્ધ મંદિર તરીકે ગણાવવામાં આવી રહ્યું છે.



બી.એ.પી.એસ. સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રભાવથી ૨૦મી સદીના આરંભમાં સ્વામિનારાયણીય સત્સંગ દરિયા પાર આફ્રિકામાં વહેતો થયો.



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદ લઈને યુવાનો ૧૯૫૧-૬૦ના દાયકામાં અમેરિકા પહોંચ્યા અને તેમના દ્વારા યોગીજી મહારાજે એ ધરતી પર અક્ષરપુરુષોત્તમ સત્સંગનાં બીજ વાવ્યાં.



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ગુરુ યોગીજી મહારાજના સંકલ્પને સાકાર કરતાં અમેરિકાની ધરતી પર પ્રચંડ પુરુષાર્થ કર્યો અને બી.એ.પી.એસ. સત્સંગનાં બીજને મહોરાવ્યાં.

સ્વામી શ્રી યોગાનંદ પરમહંસથી લઈને સ્વામી શ્રી ચિન્મયાનંદજી, સ્વામી શ્રી મુક્તાનંદજી, શ્રી પ્રભુપાદજી, સ્વામી શ્રી રામ જેવા અનેક હિન્દુ ગુરુઓએ અહીં અવારનવાર આવીને હિન્દુ વેદાંત, યોગ અને ભક્તિ-ઉપાસનાનો સંચાર કર્યો. જેમ જેમ આવશ્યકતા સમજાતી ગઈ તેમ તેમ હિન્દુઓએ એકત્રિત થઈને હિન્દુ સંસ્થાઓ સ્થાપવા માંડી અને સાથે સાથે નાનાં-મોટાં મંદિરોનાં નિર્માણ પણ થવા લાગ્યાં. સન ૧૯૫૭માં કેલિફોર્નિયા રાજ્યમાં પહેલું હિન્દુ મંદિર (પલાણી સ્વામી મંદિર, કાર્તિકેય મંદિર) બંધાયું ત્યારથી લઈને આજ સુધીમાં ૧૪૫૦થી વધુ હિન્દુ મંદિરો અમેરિકાની ધરતી પર સ્થપાઈ ચૂક્યાં છે. આ ઉપરાંત, વિવિધ પ્રાંતીય, સામાજિક કે જ્ઞાતિ સમુદાયોનું પણ ગઠન થવા લાગ્યું. સૌ એકમેકના સહારે પોતાની સાંસ્કૃતિક ઓળખ, પરંપરાઓ અને ધાર્મિક માન્યતાને ટકાવવા માટે તન-મન-ધનથી સમર્પિત થઈને પુરુષાર્થ કરતા રહ્યા.

આમ, છેલ્લી લગભગ એક શતાબ્દીથી અમેરિકન ધરતી ઉપર સતત વધતી રહેલી આ હિન્દુ પરંપરામાં સ્વામિનારાયણીય પરંપરાનો પ્રવેશ થયો, સન ૧૯૫૧-૬૦ના દાયકામાં. આમ તો બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય પ્રભાવથી ૨૦મી સદીના પ્રારંભમાં સ્વામિનારાયણીય સત્સંગ દરિયા પાર પૂર્વ આફ્રિકામાં ફેલાવા લાગ્યો હતો. અહીંના સત્સંગની સુવાસ ઇંગ્લેન્ડ અને અમેરિકા સુધી વહેતી થઈ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદ લઈને સંનિષ્ઠ સ્વામિનારાયણીય સત્સંગી યુવક શ્રી મુકુંદભાઈ હરમાનભાઈ પટેલ અમેરિકાની ધરતી ઉપર ઊતર્યા. યોગીજી મહારાજના આશીર્વાદ લઈને સન ૧૯૫૧-૬૦ના દાયકામાં ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા જનારા યુવાનો શ્રી વનરાજભાઈ, શ્રી કુંજ શાહ, શ્રી મુકુંદભાઈ વગેરેને સંબોધીને યોગીજી મહારાજ પ્રેરણાનાં પીયૂષ પાતા પત્રોની હારમાળા વહાવતા. અમેરિકાની ધરતી પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ભવિષ્યમાં થનારા સત્સંગ-વિકાસની જાણે એ પ્રથમ શિલા રોપતા હોય તેમ યોગીજી મહારાજ પત્રો લખતા હતા.

વનરાજ મહેતાને તા. ૩-૫-૧૯૫૮ના રોજ તેઓ પત્રમાં લખે છેઃ 'તમો સત્સંગ સારો કરાવો અને એવું મંડળ સ્થાપો કે હજારો માણસો સત્સંગમાં આવે. મહારાજનું બળ રાખજો.'

મુકુંદભાઈ પટેલને તા. ૨૯-૯-૧૯૫૮ના રોજ તેઓ

લખે છેઃ 'હવે જોગે જોગ સત્સંગ મંડળ અમેરિકામાં સ્થાપજો. આપણે આખા ખંડમાં સ્વામિનારાયણનું નામ જાહેર કરવું છે. તો કટિબંધ તૈયાર થવું પડે. દર રવિવારે સભા ભરવી. મંડળ સ્થાપવું. ડંકો વાગશે.'

તા. ૧૩-૧૦-૧૯૫૮ના રોજ તેઓ લખે છેઃ 'અમેરિકા, લંડન તથા એશિયા-આફ્રિકા સર્વ સ્થળે સ્વામિનારાયણ કૉલેજો સ્થપાય તો આખો દેશ સ્વામિનારાયણ ભજન કરતો થાય.'

તા. ૨૭-૧૧-૧૯૫૮ના રોજ તેઓ આ યુવાનોને લખે છેઃ 'હવે આપણે અમેરિકામાં સ્વામિનારાયણ નામ જાગ્રત કરવાની જરૂર છે. તો હવે તમ દ્વારે તે કામ થશે... અત્યારે સ્વામિનારાયણના પ્રતાપે સત્સંગનો વાવટો સારો ચઢ્યો છે. તે વાવટો યુવકો દ્વારે થવાનો છે.'

યોગીજી મહારાજે આવા તો અનેક પત્રો લખીને અમેરિકામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનાં જાણે ભવ્ય ભાવિનાં એંધાણ આપી દીધાં હતાં. તેમનાં આ આશીર્વચનોથી અહીં સ્વામિનારાયણીય સત્સંગની ફૂલપાંખડી વેરાઈ હતી. એવામાં, સન ૧૯૭૦માં લંડન પધારેલા યોગીજી મહારાજને ડૉ. કે. સી. પટેલે અમેરિકા પધારવા નિમંત્રણ આપ્યું ત્યારે તા. ૭-૭-૧૯૭૦ના રોજ તેઓએ ઉચ્ચાર્યું હતું કે 'અમેરિકામાં આપણે ન્યૂયોર્કમાં મંદિર કરવું છે. ભવિષ્યમાં પ્રમુખસ્વામી અમેરિકા આવશે અને મંદિરો કરશે.' આમ કહીને તેઓએ તે સમયે ત્યાગવલ્લભદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી, અનુપમ ભગત (ભગવતપ્રિયદાસ સ્વામી), સિદ્ધેશ્વરદાસ સ્વામી – આ ચાર સંતોને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રથમ સંતમંડળ તરીકે અમેરિકાની ધરતી પર બી.એ.પી.એસ. સત્સંગનો મંગલ આરંભ કરવા મોકલ્યા હતા.

સન ૧૯૭૦માં યોગીજી મહારાજના આદેશથી અમેરિકામાં રવિ સત્સંગસભા શરૂ થઈ ત્યારે તા. ૧૬-૬-૧૯૭૦ના રોજ અમેરિકામાં સર્વ પ્રથમ બી.એ.પી.એસ. સત્સંગ મંડળની રવિવારની સત્સંગસભા યોજાઈ, તેમાં કુલ મળીને ૩ હરિભક્તો હતા! પરંતુ યોગીજી મહારાજના સંકલ્પમાં એક તાકાત હતી.

તેની સર્વ પ્રથમ પ્રતીતિ સન ૧૯૭૪માં પ્રમુખસ્વામી મહારાજ અમેરિકા પધાર્યા ત્યારે સૌને થઈ.

તા. ૩-૮-૧૯૭૪ના રોજ રક્ષાબંધનના પવિત્ર દિને, ન્યૂયોર્કના ફ્લશિંગ વિસ્તારમાં એક નાનકડા મકાનમાં ભોંયતળિયાના ઓરડામાં, પ્રમુખસ્વામી મહારાજે અમેરિકાના સર્વપ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ

૧૯૭૪માં રક્ષાબંધનના પવિત્ર દિને ન્યૂયોર્કના ફ્લશિંગ વિસ્તારમાં પ્રમુખસ્વામી મહારાજે એક નાના એવા મકાનમાં સર્વપ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી ત્યારે કોઈનેય કલ્પના નહોતી કે સ્વામીશ્રી ટૂંક સમયમાં અમેરિકાની ધરતી પર સનાતન ધર્મનો ઉદ્‌ઘોષ કરતાં પરંપરાગત હિન્દુ મંદિરોની એક વિરાટ શૃંખલા ખડી કરી દેશે.









સન ૨૦૧૧માં પ્રમુખસ્વામી મહારાજે અમેરિકાના અક્ષરધામની પ્રથમ શિલાનું પૂજન કર્યું તે પૂર્વે તેમણે પાંચ શિખરબદ્ધ મંદિરો અને વિશાળ કદનાં ૧૦૦ જેટલાં મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા કરીને અમેરિકાની ધરતી પર એક વિરાટ સંકલ્પનું બીજ વાવી દીધું હતું...

મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરી. ત્યારે પ્રખર હિન્દુત્વવાદી સ્વામી ચિન્મયાનંદજી બોલી ઊઠ્યા હતા: 'યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષના સંકલ્પથી જ આવું સંભવી શકે.' તેમણે ત્યારે આશા વ્યક્ત કરી હતી કે પ્રમુખસ્વામી મહારાજના પવિત્ર પ્રભાવથી હવે અમેરિકામાં નવાં મંદિરોનાં ઘંટારવ વાગશે અને તે આપણે સૌ સાંભળીશું.

ત્યારબાદ, પ્રમુખસ્વામી મહારાજે અમેરિકાની ધરતી પર એક નવો ઈતિહાસ લખવાનો આરંભ કર્યો. પ્રચંડ પુરુષાર્થ કરીને તેમણે અમેરિકામાં હજારો પરિવારોમાં આધ્યાત્મિકતાનું સિંચન કર્યું અને સુગ્રથિત માળખાબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના કરી. સમયે સમયે કષ્ટસભર પ્રવાસ ખેડીને તેમણે પ્રચંડ પુરુષાર્થ કર્યો અને અમેરિકામાં એક નિષ્ઠાવાન સમર્પિત સમાજ ખડો કર્યો. તેમનામાં સમર્પણ ભાવ જગાવીને પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૦થી સન ૨૦૧૬ સુધીમાં અમેરિકાની ધરતી પર પરંપરાગત શૈલીના પથ્થરમાંથી નિર્મિત છ ભવ્ય શિખરબદ્ધ મંદિરો અને ૧૦૦થી વધુ હરિમંદિરો રચી દીધાં, પરિણામે અમેરિકામાં હિન્દુ ધર્મના ઈતિહાસમાં જાણે એક અજોડ સીમાચિહ્ન ખડું થઈ ગયું. પ્રમુખસ્વામી મહારાજના વિઝન અને પુરુષાર્થથી આજે અમેરિકાની સૌથી મોટી હિન્દુ સંસ્થાઓમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા મોખરાનું સ્થાન ધરાવે છે.

પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ રહી છે કે તમામ હિન્દુ સમાજને સાથે રાખીને તેઓએ સૌમાં એકતાનો શંખ ફૂંક્યો હતો. આથી અમેરિકામાં વસતા લાખો હિન્દુઓના આદરણીય બની રહેલા પ્રમુખસ્વામી મહારાજે, માત્ર હિન્દુઓનાં નહીં, પરંતુ સ્થાનિક અમેરિકી નેતાઓનાં દિલ-દિમાગ પર હિન્દુ ધર્મનો એક અમીટ પ્રભાવ પાથરી દીધો. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ શ્રી બિલ ક્લિન્ટનથી લઈને શ્રી ફ્રેંક પલોન સહિતના અનેક પ્રસિદ્ધ અમેરિકન નેતાઓ હોય કે યુનોના વડા કોફી આનન હોય, એ સૌનાં હૈયે પ્રમુખસ્વામી મહારાજે પોતાના પવિત્ર અને આધ્યાત્મિક પ્રભાવ દ્વારા સનાતન હિન્દુ પરંપરાનાં ઉદાત મૂલ્યોની અમીટ છાપ જન્માવી હતી.

એટલું જ નહીં, આવનારાં અનેક વર્ષો સુધી સનાતન હિન્દુ પરંપરાનાં એ મૂલ્યોનો પ્રભાવ નેતાઓ અને જનમાનસ પર છવાયેલો રહે તે માટે તેઓ ઘણું ઊંડું વિચારી ચૂક્યા હતા. અમેરિકામાં વધતા જતા હિન્દુ સમાજની સાંસ્કૃતિક, ધાર્મિક પરિસ્થિતિનો યથાર્થ તાગ કાઢીને પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે અહીં

એક એવું ભવ્ય હિન્દુ મંદિર - સ્વામિનારાયણ અક્ષરધામ રચાવું જોઈએ કે જેના દ્વારા અહીં વસતા હિન્દુઓની આજની અને આવનારી અનેક પેઢીઓને સનાતન હિન્દુ ધર્મનાં વૈશ્વિક મૂલ્યોની પ્રેરણા મળતી રહે. માત્ર હિન્દુઓ નહીં, પરંતુ કોઈપણ કમ્યુનિટીના લોકો અહીં આવીને જીવન ઘડતરની ઉત્તમ પ્રેરણા મેળવી શકે, સનાતન હિન્દુ ધર્મ વિશે પોતાની જિજ્ઞાસાઓ સંતોષી શકે એવું અક્ષરધામ રચાવું જોઈએ. આ હતો તેઓનો પવિત્ર સંકલ્પ.

માત્ર સંકલ્પ નહીં, તેની પાછળ તેમણે પ્રચંડ પુરુષાર્થ પણ કર્યો હતો. પરિણામે, તેઓના આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં અમેરિકાની ધરતી પર આજે એવું ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ ખડું થયું છે, જેનું ગૌરવ પ્રત્યેક સનાતન ધર્મી બચ્ચો લઈ શકે.

સ્વામિનારાયણ અક્ષરધામની યાત્રા કરો ત્યારે અહીં તેની કેટલીક વિશેષતાઓ ઊડીને આંખે વળગે છે અને હૃદયને સહજ સ્પર્શે છે. અહીં પથ્થરે પથ્થરમાં સનાતન ધર્મની ચિરંતન સુવાસ અનુભવાય છે. સહેજે સહેજે અક્ષરધામના વિશાળ પરિસરમાં સનાતન ધર્મની સુવાસ અનુભવાય છે. જુઓ, આ રહ્યાં તેનાં કેટલાંક પ્રેરક બિંદુઓ:

■ સર્વ પ્રથમ તો, 'અક્ષરધામ' નામ જ સનાતન ધર્મનું એક ઉત્તમ ઉદાહરણ છે. સનાતન ધર્મના પ્રસ્થાનત્રયી રૂપ પાયાના ગ્રંથો - ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભગવદ્ ગીતાથી લઈને અનેક શાસ્ત્રોમાં 'અક્ષર', 'બ્રહ્મ', 'અક્ષરબ્રહ્મ' વગેરે પરિભાષાથી અક્ષરધામનો મહિમા ગવાયો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ અક્ષરધામનો મહિમા ગાતાં કહે છે:

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम्।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम।।૮.૨૧।।

અર્થાત્ જેને પરમ ગતિ કહે છે, જેને પામીને કોઈ પાછા આવતા નથી, તે અવ્યક્ત અક્ષર મારું પરમ ધામ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં પણ આ અક્ષરધામનો અપરંપાર મહિમા કહે છે. આમ, સનાતન ધર્મના વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનના પાયારૂપ જ્ઞાનમાં 'અક્ષરધામ'ને આપણું પરમ ગંતવ્ય સ્થાન દર્શાવાયું છે. એ દિવ્ય અક્ષરધામનું સદા લક્ષ્ય સ્મૃતિમાં રહે તે માટે અહીં ભૌતિક રીતે અક્ષરધામનું નિર્માણ કરવામાં આવ્યું છે.

■ અક્ષરધામ પરિસરમાં રચાયેલ વિશાળ બ્રહ્મકુંડમાં સનાતન ધર્મનાં ૫૫૫ તીર્થોનાં જળ અને રજ સિંચીને અહીં તીર્થોનું આહ્વાન કરવામાં આવ્યું છે. જેનાથી અહીં તીર્થ યાત્રાનો પવિત્ર અનુભવ થાય છે.

■ બ્રહ્મકુંડમાં હિન્દુ નાગર શૈલીનાં ૪૮ મંદિર શિખરો શોભે છે, તેની વચ્ચે સનાતન ધર્મમાં અતિ પવિત્ર તીર્થરૂપ શ્રી ગંગાજી, શ્રી યમુનાજી, શ્રી સરસ્વતીજી અને શ્રી સરયૂ નદીની પંચધાતુની કલાત્મક મૂર્તિઓ જળધારાઓ વહાવે છે, હિન્દુઓની લોકમાતાઓ પ્રત્યેની શ્રદ્ધાને જીવંત કરે છે.

■ બ્રહ્મકુંડના પૂર્વ કાંઠે રચાયેલ શ્રી નીલકંઠ વાટિકામાં બાળયોગી શ્રી નીલકંઠ વર્ણીની તપમુદ્રા અને યોગમુદ્રા સૌને સનાતન ધર્મના યોગ અને તપ-વ્રત-સંયમ-નિર્ભયતા વગેરે મૂલ્યોની પ્રેરણા આપે છે.

■ અક્ષરધામ મહામંદિરના પરિસરમાં પ્રવેશતાં જ બે વિશાળ જળકુંડના ચારેય ખૂણે શ્રી ઋગ્વેદ, શ્રી યજુર્વેદ, શ્રી સામવેદ અને શ્રી અથર્વવેદની પંચધાતુની અપૂર્વ અને અદ્‌ભુત મૂર્તિઓ શોભે છે. સનાતન સમયથી વહેતી વૈદિક ધારાનું દર્શન કરાવતી આ મૂર્તિઓની વચ્ચે વૈદિક પથ રચવામાં આવ્યો છે, જ્યાં ચારેય વેદનાં વૈશ્વિક સૂત્રો સૌને પ્રેરણા આપે છે. આ વૈદિક પથ પવિત્ર પ્રેરણાઓ સાથે સૌને અક્ષરધામ મહામંદિર તરફ દોરે છે.

■ અક્ષરધામ મહામંદિરની ચારેય તરફ રચાયેલી પરિક્રમાનું સ્થાપત્ય સનાતન ધર્મ હિન્દુ ધર્મની શાસ્ત્રીય પરંપરા અનુસાર રચવામાં આવ્યું છે, જેના પ્રત્યેક સ્તંભે વાદ્યધારી ગાંધર્વ શિલ્પો અથવા મુક્ત શિલ્પો શોભે છે.

■ અહીંથી નજર સમક્ષ દર્શાતા ભવ્ય અક્ષરધામ મહામંદિરનું સ્થાપત્ય પણ સનાતન હિન્દુ ધર્મની શાસ્ત્રીય પરંપરા અનુસાર પુષ્ય નક્ષત્ર આધારે રચવામાં આવ્યું છે, જેનાં તમામ અંગ-ઉપાંગોમાં આ શાસ્ત્રીય પરંપરાનું શુદ્ધ પ્રતિબિંબ ઝળહળે છે.

■ અક્ષરધામ મહામંદિરની ૨૦ ફૂટ ઊંચી પીઠ, શાસ્ત્રીય પરંપરાને અનુસરીને, છતાં મૌલિક રીતે રચવામાં આવી છે. 'જ્ઞાનપીઠ' (Wisdom Plinth) તરીકે નામાંકિત આ જગતીમાં ભરપૂર કલા-કૌશલ્ય વચ્ચે વૈદિક ઋષિઓનો સંદેશ કંડારવામાં આવ્યો છે. અહીં વેદો, ઉપનિષદો, ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત જેવાં સનાતન ધર્મનાં શાસ્ત્રોનો વૈશ્વિક સંદેશ સૌને પ્રભાવિત કરે છે. સાથે સાથે વૈદિક શાસ્ત્રોના સારરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલ બોધ પણ અહીં સૌને પ્રેરણા આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રી બુદ્ધ, ભગવાન શ્રી મહાવીરથી લઈને મીરાંબાઈ, સંત રોહીદાસ, સંત તિરુવલ્લુવર વગેરે સનાતન ધર્મના અનેક મહાપુરુષોના સ્વર્ણિમ સંદેશ સૌને સુખી જીવનનો માર્ગ ચીંધે છે.

■ અક્ષરધામના બાહરી મંડોવરની રચનામાં કુંભો, કળશો વગેરે થર દ્વારા શાસ્ત્રીય પંચ મહાતત્ત્વોની રજૂઆત સનાતન દાર્શનિક વિચાર સ્પષ્ટ કરે છે.

■ શ્રી ભરતમુનિ દ્વારા રચિત ભરતનાટ્યમ્‌ના શાસ્ત્રીય સંદર્ભોને લક્ષમાં રાખીને, પ્રાચીન સમયથી ભગવાન નટરાજ-શિવની કરણ તરીકે ઓળખાતી વિવિધ નૃત્યમુદ્રાઓ મંદિરોમાં છૂટીછવાયી કંડારવામાં આવતી હતી. પરંતુ એક જ મંદિરના મંડોવરમાં તમામ ૧૦૮ શાસ્ત્રીય મુદ્રાઓ યથાતથા સ્વરૂપમાં પ્રથમ વખત ક્યાંય નીરખવા મળતી હોય તો તે અક્ષરધામના મંડોવરમાં નીરખવા મળે છે. ભગવાન શિવની સ્મૃતિ સાથે અહીં સ્થપાયેલી સાડા ચાર ફૂટ ઊંચી પથ્થરની ૧૦૮ નૃત્ય મુદ્રાઓ સનાતન ધર્મની શાસ્ત્રીય નાટ્ય પરંપરાને ચિરંતન બનાવે છે.

■ ૧૦૮ નૃત્ય મુદ્રાઓની સાથે અક્ષરધામના ઉપરોક્ત મંડોવરમાં અને અન્યત્ર, વીણાવાદિની માતા સરસ્વતીની સ્મૃતિ સાથે ૧૫૧ ભારતીય વાદ્યો સાથે વાદ્યધારી માતાઓની સાડા ચાર ફૂટ ઊંચી પથ્થરની મૂર્તિઓ સ્થાપવામાં આવી છે. સનાતન ધર્મની શાસ્ત્રીય મંદિર પરંપરામાં જેનું અત્યંત મહત્ત્વ આંકવામાં આવ્યું છે એ સંગીત, નૃત્ય અને કલાને અહીં મૂર્તિમંત કરીને સનાતન ધર્મનો વારસો અમર કરવામાં આવ્યો છે.

■ અક્ષરધામ મહામંદિરના ઉપરોક્ત મંડોવરમાં ગાયત્રી મંત્રના ઉદ્‌ગાતા વૈદિક ઋષિ શ્રી વિશ્વામિત્રથી લઈને અનેક મહાન ઋષિઓ, સનાતન ધર્મના મહાન સમ્રાટો, મહાન ભક્તો, મહાન આચાર્યો તેમજ સંત કવિઓથી લઈને ચરક, સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર જેવા ઋષિ વિજ્ઞાનીઓની ૧૩૧ પ્રેરક મૂર્તિઓ પણ સનાતન ધર્મનું ગૌરવ કરે છે.

■ અક્ષરધામ મહામંદિરના મુખ્ય દ્વાર સમક્ષ કલામંડિત તીર્થ મંડપમ્ રચવામાં આવ્યો છે. અહીં બદરીનાથ, કેદારનાથ, મુક્તિનાથ, જગન્નાથપુરી વગેરે સનાતન ધર્મનાં પવિત્ર તીર્થોની કલામંડિત છત રચવામાં આવી છે. સાથે સાથે અહીં સનાતન ધર્મનાં ૫૫૫ તીર્થોનાં રજ-જળયુક્ત કળશ પૂજનપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યાં છે, જેથી સૌને તીર્થ-સ્પર્શનું સહજ પુણ્ય અહીં પ્રાપ્ત થાય.

■ તીર્થ મંડપમ્‌માં સનાતન હિન્દુ ધર્મની આદરણીય લોકમાતા સમાં ગંગાજી, યમુનાજી, સરસ્વતીજી વગેરે આઠ પવિત્ર નદીઓની મૂર્તિઓ કલાત્મક છતમાં સ્થાપવામાં આવી છે. અક્ષરધામમાં પ્રવેશતાં સૌ કોઈ પર આ પવિત્ર નદીઓનાં તીર્થજળનો અભિષેક થાય એવી ભાવના સાથે પ્રવેશચોકીની આ અદ્‌ભુત છતની રચના કરવામાં આવી છે.

■ તીર્થ મંડપમ્‌ના સ્તંભોમાં ભગવાન શ્રી ગણેશજીની કલાત્મક ૨૪ મૂર્તિઓ સ્થાપવામાં આવી છે.

■ તીર્થ મંડપમ્‌ના સ્તંભોમાં અષ્ટ લક્ષ્મીજી, અષ્ટ દુર્ગા, અષ્ટ સરસ્વતીજી, અષ્ટ વસુ, અષ્ટ આદિત્ય, અષ્ટ ગોપિકા અને ૨૪ કેશવ આદિ સ્વરૂપની કલામંડિત મૂર્તિઓ સ્થાપવામાં આવી છે. સનાતન ધર્મનાં આ આરાધ્ય સ્વરૂપો દર્શનીય છે.

■ મહામંદિરના ભોંયતળિયે રચવામાં આવેલ દેવિકા મંડપમ્‌માં ઝરુખાઓમાં પણ પાર્વતીજી, લક્ષ્મીજી, રાધાજી, સાવિત્રીજી, રુક્મણિજી વગેરે અષ્ટ દેવીઓની મૂર્તિઓ સ્થાપવામાં આવી છે.

■ અક્ષરધામ મહામંદિરના સ્વાગત મંડપમ્‌માં(વેસ્ટિબ્યુલ) ભારતીય પરંપરા મુજબ અમૃત કળશ અને પુષ્પ માળા સાથે સ્વાગત મુદ્રાઓમાં મુક્ત સ્વરૂપો સ્થાપિત કરવામાં આવ્યાં છે.

■ અક્ષરધામના મુખ્ય માળ પર ૧૨ કલામંડિત ગર્ભગૃહોમાં ભગવાન શ્રીશિવ-પાર્વતીજી-ગણેશજી, ભગવાન શ્રીકૃષ્ણ-રાધાજી, ભગવાન શ્રીરામ-સીતાજી-હનુમાનજી, ભગવાન શ્રીતિરુપતિ-પદ્માવતીજીનાં અર્ચા સ્વરૂપો બિરાજે છે. સનાતન ધર્મના આ મહાન આરાધ્ય સ્વરૂપોનાં દર્શન અને પ્રાર્થનાથી હજારો શ્રદ્ધાળુઓ સુખ-શાંતિ પ્રાપ્ત કરે છે. આ ગર્ભગૃહોની શૃંખલામાં ભગવાન સ્વામિનારાયણ તેમજ તેમના આધ્યાત્મિક અનુગામી ગુણાતીત ગુરુઓની પણ મૂર્તિઓ વિરાજિત છે.

■ આ ગર્ભગૃહોની બાહરી દીવાલ પર આઠ ફૂટ ઊંચા ધાતુ મ્યુરલ્સ દ્વારા છાંદોગ્ય ઉપનિષદનો યાજ્ઞવલ્ક્ય-ગાર્ગી સંવાદ, શ્રીમદ્ ભગવદ્ ગીતાનો શ્રીકૃષ્ણ-અર્જુન સંવાદ, બ્રહ્મસૂત્રનો શ્રી બાદરાયણ વ્યાસ અને શિષ્યો વચ્ચેનો સંવાદ તાદૃશ કરવામાં આવ્યો છે. આમ, સનાતન ધર્મની પ્રસ્થાનત્રયી અહીં મૂર્તિમંત બની છે, જે સનાતન દાર્શનિક પરંપરાને ઉજાગર કરે છે.

■ સનાતન ધર્મનાં પવિત્ર શાસ્ત્રો - ઉપનિષદો, રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભાગવતના પ્રેરક ૯૬ કથાપ્રસંગોને અદ્‌ભુત મ્યુરલ શિલ્પની મિનિએચર કલા દ્વારા જીવંત કરવામાં આવ્યા છે. પ્રત્યેક કથાપ્રસંગ અત્યંત આબેહૂબ અને મનમોહક છે.

■ ૭ ફૂટ ઊંચા કલાત્મક અને બેનમૂન મ્યુરલ્સ દ્વારા સનાતન ધર્મની યોગ પરંપરા, આયુર્વેદ પરંપરા, મૂર્તિપૂજા,

ગૌપૂજન, તુલસી પૂજન, વૃક્ષપૂજન વગેરે પરંપરાઓનું દર્શન કરાવવામાં આવ્યું છે. આ મ્યુરલ્સમાં હિન્દુ પરંપરાનાં પૂજનીય વૃક્ષો - અશ્વત્થ વૃક્ષ, વટવૃક્ષ, અશોક વૃક્ષ, આમ્ર વૃક્ષ, શમી વૃક્ષ, નીમ વૃક્ષ વગેરે વૃક્ષો તેમજ ગાય વગેરે પૂજનીય પ્રાણીઓને તાદૃશ કરવામાં આવ્યાં છે. આ રીતે, સનાતન ધર્મની પ્રકૃતિ પૂજાની વૈદિક પરંપરાને અહીં સદાને માટે કંડારવામાં આવી છે.

■ ઐશ્વર્ય મંડપમ્‌માં ઇન્દ્ર, વરુણ, વાયુ વગેરે ઋગ્વેદિક દેવતાઓ સ્થાપવામાં આવ્યા છે. અહીં સનાતન ધર્મનાં અષ્ટ યુગલ ઉપાસનાં સ્વરૂપો – શ્રી શિવ-પાર્વતીજી, શ્રી લક્ષ્મી-નારાયણ, શ્રી બ્રહ્મા-સાવિત્રી, શ્રી નર-નારાયણ, શ્રી રાધા-કૃષ્ણ, શ્રી વિઠોબા-રુકમાઈ, શ્રી બલરામ-રેવતી, શ્રી અક્ષર-પુરુષોત્તમની કલાત્મક મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. આ ઉપરાંત, ઐશ્વર્ય મંડપમ્‌ના સ્તંભોમાં ૯૬ પૌરાણિક અને મધ્યયુગીન સંતો-ભક્તો-મહાપુરુષોની મૂર્તિઓ વિરાજિત કરીને સનાતન ધર્મના ઐતિહાસિક મહાપુરુષોને ચિરંતન આદર આપવામાં આવ્યો છે.

■ અક્ષરબ્રહ્મ મંડપમ્‌ના ઘુમ્મટમાં સનાતન ધર્મના જ્યોતિ-ર્વિજ્ઞાનને જુદી જ રીતે કંડારવામાં આવ્યું છે. ઉપનિષદોના સિદ્ધાંત અનુસાર બ્રહ્મતત્ત્વની શક્તિથી સંચાલિત નિરંતર ઘૂમતું વિરાટ સમયચક્ર, તેમજ ૧૨ મહિનાઓ, ૨૪ પક્ષો, ૨૮ નક્ષત્રો અને ૧૨ રાશિઓનું બ્રહ્માંડચક્ર કલાત્મક રીતે ખૂબીપૂર્વક કંડારાયેલું છે.

■ આ ઉપરાંત, સનાતન ધર્મના મહાન જ્યોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે એક વિનમ્ર અંજલિ રૂપે આ સ્વામિનારાયણ અક્ષરધામ સમર્પિત કરવામાં આવ્યું છે, તેથી સનાતન ધર્મનો ઉત્કર્ષ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય જીવન, કાર્ય, સંદેશને ઠેર ઠેર કંડારવામાં આવ્યાં છે. ભગવાન સ્વામિનારાયણના આદેશ મુજબ, વૈદિક સનાતન ધર્મના ઉત્કર્ષ માટે જીવન સમર્પિત કરી દેનારા સ્વામિનારાયણીય પરમહંસ સંતો પૈકી ૭૦ પ્રાતઃસ્મરણીય પરમહંસોની સાત ફૂટ ઊંચી અદ્‌ભુત મૂર્તિઓ સ્થાપીને એક ઇતિહાસ અહીં જીવંત કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, આવનારા યુગો સુધી સનાતન ધર્મનાં આ તમામ મહાન વ્યક્તિત્વોનાં દર્શન પામીને દર્શનાર્થીઓ ઉત્તમ મૂલ્યોની પ્રેરણાઓ મેળવતા રહેશે.

અક્ષરધામમાં ઝળહળતી સનાતન સંસ્કૃતિના આ સમૃદ્ધ વારસાને તાદૃશ નિહાળીને શ્રીરામ જન્મભૂમિ મંદિરના સૂત્રધાર પરમ પૂજ્ય સ્વામીશ્રી ગોવિંદદેવગિરિજી ભાવવિભોર થઈ ઊઠ્યા હતા. તેમણે અમેરિકાના સમુદાયને સંબોધતાં કહ્યું: ''मैं क्या देख रहा हूँ, मैं क्या अनुभव कर रहा हूँ, इसको सोच-सोच करके मेरा अंत:करण पुन: पुन: गद्‌गद हो रहा है। भारतवर्ष से इतने दूर, भारत माता के आंचल से इतनी दूर, इस भोगमय धरती के ऊपर जो चमत्कार स्वामिनारायण संप्रदाय ने खड़ा किया है उसका अभिवादन करने के लिए मैं यहां आया हूँ। जीवंत चमत्कार क्या होता है उसका दर्शन यदि किसी को करना है तो वह यहां पर आकर के देखें। हमारे प्रात:स्मरणीय प्रमुखस्वामीजी महाराज जैसे अत्यंत श्रेष्ठ महात्मा की कृपादृष्टि पर कैसे-कैसे काम खड़े हो सकते हैं इसका यह दिव्य दर्शन है। भारत का अध्ययन करना हो, भारतीय संस्कृति का अध्ययन करना हो तो मेरा तो पक्का मत है कि यहाँ पर आइये। मैंने अनुभव किया है कि यहाँ का एक-एक पत्थर, यहाँ का एक एक स्तंभ, आपके साथ बात करेगा। उसको जानने के लिए कितने ग्रंथों का अवलोकन करना पड़ेगा। उन सारे ग्रंथों के अवलोकन के पश्चात् ही एक-एक स्तंभ अपना हृदय आपके सामने खोलेगा और तब आपको यहां पर हमारी प्राचीनतम अनंत वैदिक परंपरा का एक-एक अंग अपना दर्शन देगा।

यहाँ हम हमारी ऋषिपरंपरा, आचार्यपरंपरा, संतपरंपरा का दर्शन करते हैं, जिनके द्वारा ही तो हमारी संस्कृति प्रतिपालित है। इसीलिए प्राणप्रतिष्ठा के इस अत्यंत मंगलमय पर्व में मैं यह नि:संकोच कहना चाहूँगा कि यहां पर श्री भगवान स्वयं आकर के अंश के रूप में विराजमान हो चूके हैं।

1000 वर्ष तक यह मंदिर अपना प्रकाश देता रहेगा। हमारे पूज्य गुरुदेवजी ने मुझे लंदन का मंदिर दिखाया तब कहा था कि, 'ऐसा मंदिर या तो विश्वकर्मा निर्माण कर सकता है या स्वामिनारायण निर्माण कर सकता है।' ऐसे सहस्र से भी अधिक दिव्य मंदिरों का निर्माण कोई साधारण चमत्कार नहीं है। मुझे पक्का विश्वास है कि यह भगवान स्वामिनारायण की शक्ति अपना कार्य करा रही है।''

સાચે જ, સ્વામિનારાયણ અક્ષરધામની આવી અનેક વિશેષતાઓને કાગળ ઉપર ઉતારવા બેસીએ તો એક વિશાળ એન્સાઇક્લોપીડિયા જેવો ગ્રંથ રચાઈ શકે. ટૂંકમાં કહીએ તો, સ્વામિનારાયણ અક્ષરધામ એટલે સનાતન ધર્મના પવિત્ર વારસાનું એક સાંગોપાંગ સુંદર અને અભિનવ તીર્થ.

પરંતુ વાત અહીંથી અટકતી નથી. અહીં આગવી બાબત એ હતી કે અમેરિકાની ધરતી પર સનાતન ધર્મના

આવા નૂતન તીર્થનું સર્જન થયું તેમાં વૈશ્વિક સંવાદિતાનો સનાતન સૂર પણ હૃદયને સ્પર્શી જાય તેવો હતો. 'વસુધૈવ કુટુંબકમ્'નો મંત્ર જાણે અહીં સાકાર થયો હતો. આથી આ મંદિરના સર્જનમાં ધર્મ, નાત-જાત, રંગ કે દેશ-વિદેશની ભેદરેખાઓ સમાપ્ત થઈ ગઈ હતી. અહીં સૌને આત્મીયતા જાગે તેવું સહજ વાતાવરણ હતું. પરિણામે અક્ષરધામ સૌનું બની રહ્યું હતું. તેનાં થોડાંક ઉદાહરણરૂપ બિંદુઓ આ રહ્યાં:

અક્ષરધામના નિર્માણમાં વપરાયેલો વિપુલ માત્રાનો પથ્થર ભારત ઉપરાંત મુખ્યત્વે બલ્ગેરિયા, ગ્રીસ, ઇટાલી અને ટર્કીથી લાવવામાં આવ્યો હતો. આ પથ્થરની ખાણોના માલિકો બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોનું નિઃસ્વાર્થ સમર્પણ નિહાળીને એવા પ્રભાવિત થયા હતા કે તેઓ પણ આ પ્રકલ્પના એક સ્વયંસેવક બની રહ્યા. તેમાં ટર્કીના ખાણ માલિકો શ્રી ચેતીન, વહાબ, ઓસમાન, હસન વગેરે તો ચુસ્ત મુસ્લિમ ધર્મી હતા, પરંતુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રત્યે તેઓ એવા આકર્ષાયા હતા કે તેમણે એક ધંધાદારી તરીકે નહીં, પરંતુ એક સ્વજન તરીકે ખૂબ મોટી માત્રામાં પથ્થર પૂરા પાડવામાં સહાય કરી. એટલું જ નહીં, તેઓ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પણ ઉપસ્થિત રહ્યા.

અક્ષરધામના નિર્માણમાં ૧૨,૫૦૦ સ્વયંસેવકોની સાથે ક્યાંક ક્યાંક સ્થાનિક લોકો પણ કોન્ટ્રાક્ટર તરીકે જોડાયા હતા. ખાસ કરીને ફ્લોરિંગમાં કાર્ય કરતા એવા એક કોન્ટ્રાક્ટર ટર્કીશ મુસ્લિમ બિરાદર શ્રી વહાદ અને તેમનો પુત્ર બત્તલ પણ જોડાયા હતા. પરંતુ થોડા જ સમયમાં એક ધંધાદારી કોન્ટ્રાક્ટરને બદલે આ પિતા-પુત્ર અને તેમની ટીમ અક્ષરધામના પરિવાર સમી બની ગઈ. અલ્પ સમયમાં જ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રત્યે તેમને સહજ પ્રેમ અને આદરભાવ પ્રગટી ગયો હતો. યોગાનુયોગ શ્રી વહાદ પોતાની એક સરતચૂકથી એક અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા. તેમને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. પરંતુ હૉસ્પિટલ જતાં જતાં શ્રી વહાદે પોતાના પુત્ર બત્તલ અને ટીમને સંબોધીને કહ્યું કે, 'મારી ચિંતા ન કરશો, અક્ષરધામનું કાર્ય સહેજ પણ વિલંબિત ન થાય તેનો ખ્યાલ રાખજો.' અને તે મુજબ બત્તલે અક્ષરધામની સેવામાં ચૂક પડવા ન દીધી - સમય કે આરામની પરવાહ કર્યા વિના!

તેમની સાથે સેવામાં સંકળાયેલા ભક્તિનંદનદાસ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતો થોડા સમય પછી તેમને મળવા ગયા ત્યારે વહાદની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. તેઓ સંતોને કહેવા લાગ્યા કે, 'ભગવાને મને બચાવ્યો તે મંદિરની સેવા માટે જ બચાવ્યો છે. અત્યારે હું જીવું છું તે મંદિર માટે જ જીવું છું. મારે જલદી સ્વસ્થ થઈને સેવામાં આવી જવું છે.'

એક હિન્દુ મંદિર માટે પરધર્મીને પણ આ ભાવના જાગે તે દુર્લભ બાબત છે. એક ચાઈનીઝ કોન્ટ્રાક્ટર તરીકે અહીં આવેલા અને હવે તિલક-ચાંદલા સાથે સંનિષ્ઠ ભક્ત બનેલા સ્વયંસેવક શ્રી વિલ્સનની પણ આવી જ સમર્પણ-ભાવના છે.

રોબિન્સવિલ ટાઉનશિપના લોકપ્રિય મેયરથી લઈને નાનામોટા સૌ અધિકારીઓને પણ આવી ભાવના જાગી હતી. મહંત સ્વામી મહારાજ અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે કેનેડાથી રોબિન્સવિલ નગર પધારી રહ્યા હતા ત્યારે તેમને સત્કારવા મેયર શ્રી ડેવિડ ફ્રીડ એરપોર્ટ પર તો ઉપસ્થિત રહ્યા હતા, પરંતુ સાથે સાથે તેમણે સ્વેચ્છાએ કહ્યું કે, 'હું સ્વામીજીના સ્વાગતમાં એક સ્વયંસેવક તરીકે આવ્યો છું. એટલે સ્વામીજીની એસ્કોર્ટ કાર હું ચલાવીશ.' અને ઍરપોર્ટથી છેક અક્ષરધામ સુધી એક પોલીસ સ્વયંસેવક તરીકે એસ્કોર્ટ ચલાવીને તેઓ સ્વામીશ્રીને સ્થળ પર લઈ આવ્યા. માત્ર તેઓ નહીં, રોબિન્સવિલ નગરના પોલીસ અમેરિકી અધિકારીઓ પણ એવી જ આત્મીયતાથી અક્ષરધામ પરિવારના સ્વજન બની રહ્યા હતા. તેમાંના એક પોલીસ અધિકારી સાર્જન્ટ વેઈન હાઉ (Wayne Heugh) અક્ષરધામ મહોત્સવ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા મહોત્સવ સ્થળે નિયુક્ત થયા હતા. સતત અઢી-ત્રણ મહિના સુધી નિઃસ્વાર્થભાવે સેવા કરતા સ્વયંસેવકોને નીરખીને તેઓ હંમેશાં અહોભાવ અનુભવતા હતા. તેમને પણ સેવાની ભાવના જાગી ગઈ અને તેઓ મહંત સ્વામી મહારાજની વ્હીલચૅરની કૅબિન સાફ કરવા સ્વેચ્છાએ દોડી આવ્યા. સંતો-હરિભક્તો-સ્વંયસેવકોમાંથી પ્રેરણા પામીને તેમણે પોતાનું વ્યસન પણ છોડી દીધું. મહંત સ્વામી મહારાજે તેમને આશીર્વાદથી કૃતાર્થ કરી દીધા.

આવી તો અનેક ગાથાઓ છે. કોઈ ખ્રિસ્તી, કોઈ યહૂદી, કોઈ મુસ્લિમ, કોઈ પારસી, કોઈ શીખ, કોઈ જૈન, કોઈ બૌદ્ધ તો કોઈ નાસ્તિક પણ અક્ષરધામ સાથે આત્મીયતાથી જોડાઈ ગયા હતા. અક્ષરધામના નિર્માણમાં બી.એ.પી.એસ. સંસ્થાના ૧૨,૫૦૦ સ્વયંસેવકો અને હજારો હરિભક્તો ઉપરાંત અનેક સનાતનધર્મી ભાવિકોએ કંઈક ને કંઈક યોગદાન આપ્યું છે – આત્મીયતાથી. આ સંવાદિતા એ અક્ષરધામની આગવી વિશેષતા છે.

કલા, સ્થાપત્ય, વિષયવસ્તુ, આયોજન, પુરુષાર્થ વગેરે

અનેક દૃષ્ટિએ અક્ષરધામની વિશેષતાઓનું વિસ્તૃત વિવરણ અને બયાન કરી શકાય તેમ છે. પરંતુ જેનું ક્યારેય શબ્દોમાં વર્ણન નહીં કરી શકાય, જે ક્યારેય પૂર્ણતાથી વ્યક્ત નહીં કરી શકાય, એ છે – બી.એ.પી.એસ. સંસ્થાના ૧૨,૫૦૦થી વધુ સ્વયંસેવકો અને હજારો હરિભક્ત પરિવારોનું સમર્પણ. અમેરિકન યુનિવર્સિટીઓનાં પગથિયાં ચઢતી નાની નાની યુવતીઓ અને યુવાનોથી લઈને જુદાં જુદાં ક્ષેત્રોમાં ટોચે પહોંચેલા આ સૌએ જે અજોડ, અપૂર્વ અને અતુલનીય સેવા કરી છે તે સનાતન ધર્મના ઇતિહાસમાં સદા અમર રહેશે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પ્રત્યેની અપાર ભક્તિથી છલકાતા આ સૌ સંતો-સ્વયંસેવકો-હરિભક્ત પરિવારોને સાષ્ટાંગ પ્રણિપાત કરવા જ રહ્યા. એ સૌને પોતાના આધ્યાત્મિક આકર્ષણથી પ્રેરણા આપનારા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજને કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરવા જ રહ્યા.

પ્રચંડ પુરુષાર્થ અને સંઘર્ષ કરીને પણ અક્ષરધામનું નિર્માણ કરવા પાછળનો એમનો હેતુ પણ કેટલો શુદ્ધ અને સ્પષ્ટ હતો! દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન વેળાએ પ્રમુખસ્વામી મહારાજ ઉચ્ચારી ઊઠ્યા હતાઃ ''આ અક્ષરધામ કોઈની સાથે સ્પર્ધા કરવા કે કોઈથી અમે ઊંચા છીએ તે બતાવવા માટે નથી કર્યું, અનેકને અહીં જીવનઘડતરની પ્રેરણા મળે તે માટે અમારા ગુરુ યોગીજી મહારાજના સંકલ્પે કર્યું છે.''

અક્ષરધામ ઉદ્‌ઘાટન પ્રસંગે મહંત સ્વામી મહારાજે ઉચ્ચારેલા આ શબ્દોમાં એ સહજ અભિવ્યક્ત થાય છેઃ ''આ અક્ષરધામ દિવ્ય, અલૌકિક અને ઉપમા ન દેવાય એવું અનુપમ સ્થાન થઈ ગયું છે. જે જે અહીં આવશે એ બધા પ્રેરણા લઈને જશે અને જીવનમાં ખૂબ આગળ વધશે.

આવું દિવ્ય, અલૌકિક અક્ષરધામ છે તો એને અનુરૂપ આપણું જીવન થવું જોઈએ. બહાર તો અક્ષરધામ થઈ ગયું છે, પણ અંદર લઈ જવાનું છે. આ અક્ષરધામ અંદર લઈ જઈને ભવ્ય (હૃદયની ડાબી બાજુ બે હાથ મૂકી) ત્યાં સદ્‌ગુણોથી શણગારવાનું છે અને અંદર બધી ધામધૂમ કરવાની છે. તો જ ધ્યેય સિદ્ધ થયો કહેવાય. કારણ કે આ બધું જે કરીએ છીએ એનો હેતુ અંદર દિવ્યતા; અંદર ભગવાન પ્રગટે અને આપણે બ્રહ્મરૂપ થઈએ એ જ છે. આ અલૌકિક અક્ષરધામનું વર્ણન થઈ શકે એમ નથી. આ બધા હરિભક્તો, કાર્યકરો (બધાને નિર્દેશીને હાથ ફેરવતા), જેણે જેણે આમાં (અક્ષરધામ નિર્માણમાં) ભાગ લીધો છે એ બધાને વારંવાર નમસ્કાર. કારણ કે બધાએ તન, મન, ધન બધું અર્પણ કર્યું છે, એવી રીતે સમર્પણ કર્યું છે. શ્રીજીમહારાજને ગમે એવું અલૌકિક-દિવ્ય સમર્પણ!

ટૂંકમાં, આપણે બ્રહ્મરૂપ થવું. આપણે અક્ષરધામ અંદર લઈ જવાનું છે અને ત્યાં આરતી, પૂજા બધું કરવાનું છે.''

અક્ષરધામ એટલે એક સદા સદાનો જીવન-યજ્ઞ. આપણે એક આદર્શ વ્યક્તિ, આદર્શ માનવી, આદર્શ નાગરિક, આદર્શ ભક્ત બનીને જીવન સાર્થક કરીએ, પરમાત્માના શાશ્વત સુખ અને આનંદનો અનુભવ કરવા બ્રહ્મરૂપ થઈએ અને સૌની સેવા દ્વારા જીવનને ધન્ય બનાવીએ એ જ છે અક્ષરધામનું રહસ્ય. સનાતન ધર્મનાં હજારો વર્ષોના ઇતિહાસનો આ છે અર્ક. પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમની આધ્યાત્મિક ગુરુ પરંપરાનું આ છે અમૃત.

અક્ષરધામ કોઈ એક ઇમારત નથી. અક્ષરધામ આવનારાં હજારો વર્ષો સુધી જિવાતું જીવન છે, જે અસંખ્ય જીવનને ઉપરોક્ત અમૃત પાન કરાવીને ધન્ય કરશે, ઇતિહાસમાં નવાં નવાં સુવર્ણ પૃષ્ઠ ઉમેરતું રહેશે. આવનારાં હજાર વર્ષ સુધી આબાલવૃદ્ધ આમ નાગરિકોથી લઈને વિશ્વના અનેક દેશોના ધુરંધરો, માંધાતાઓ અહીં આવતા રહેશે, અક્ષરધામની ગાથાઓ ગાતા રહેશે, પવિત્ર પ્રેરણાઓ મેળવતા રહેશે, અક્ષરધામના સર્જક પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને અંજલિ આપતાં રહેશે, ત્યારે એ ૧૨,૫૦૦ સ્વયંસેવકોનાં હૈયે એક વધુ સુખદ આંદોલન અનુભવાશે.

અહીં, સ્વામિનારાયણ અક્ષરધામના એ મહાન યજ્ઞને એક વિનમ્ર અંજલિ આપવા માટે સ્વામિનારાયણ પ્રકાશનો આ અંક આપના હાથમાં મૂકીએ છીએ ત્યારે એક વાતનો ડંખ રહી જાય છે. તે એ વાતનો છે કે ગમે તેટલું લખ્યા પછી પણ અક્ષરધામને, અક્ષરધામના સર્જકને, અક્ષરધામના સ્વયંસેવકોને પૂર્ણ ન્યાય આપી શકાયો નથી. ક્યાંથી આપી શકાય? ભગવાનનું દિવ્ય અક્ષરધામ છે જ અનિર્વચનીય અને અવર્ણનીય, તો શબ્દોની મર્યાદાને સ્વીકારવી જ રહી.

પુનઃ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં કોટિ કોટિ પ્રણામ સાથે આ અંક આપના હાથમાં મૂકતાં હર્ષ અનુભવાય છે.

*વંદન અક્ષરધામ સનાતનમ્, સ્વામિનારાયણ વંદનમ્...* ◆



## અક્ષરધામના આર્ષદ્રષ્ટા અને પ્રેરણામૂર્તિ યુગપુરુષ

# પ્રમુખસ્વામી મહારાજ

## એક સાદી કલમથી જેમણે આરંભ કર્યો હતો આ સદીની ભવ્ય અને દિવ્ય અજાયબીનો, અક્ષરધામની વિભાવનાનો...

'To be inspired is great,
to inspire is incredible!'

પ્રેરણા પામવી તે મહાન છે, પરંતુ પ્રેરણા આપવી એ તો અતુલનીય છે.

પવિત્ર પ્રેરણાઓના અનન્ય સિંધુ સમાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આ વાત છે, જેઓ અક્ષરધામના સંકલ્પકર્તા પ્રેરણામૂર્તિ છે.

જીવનભર સ્વયં સ્વતઃ પવિત્ર પ્રેરણાઓથી છલકાતા, તેમજ અસંખ્ય લોકોને પવિત્ર કાર્યમાં પ્રેરિત કરનારા પ્રમુખસ્વામી મહારાજ જીવનભર એક અજોડ આર્ષદ્રષ્ટા મહાપુરુષ તરીકે અનેક દૃષ્ટિએ એક અતુલનીય પ્રેરણામૂર્તિ બની રહ્યા છે.

કોઈ એક પ્રેરણાનું બીજ વાવવું, તેને અંકુરિત કરવું, અને તેને માવજતપૂર્વક ઉછેરીને સમસ્ત વિશ્વને તેના કલ્યાણમય ફળ આપવા સુધીનાં ખંત, ધગશ અને સખત પરિશ્રમ કરવાની એમની સ્વાભાવિકતા હતી અને તે પણ સહેજ પણ હુંકારો કર્યા સિવાય, કોલાહલ કર્યા સિવાય !

સ્વામીશ્રીનાં એવાં અનેક પ્રેરણાસભર કાર્યોની શૃંખલામાં એક છે – અક્ષરધામ પરિસરોનાં નિર્માણ.

અક્ષરધામ એટલે એક એવું પવિત્ર મહાતીર્થ જ્યાં માનવ માત્રને જીવનઘડતરની પ્રેરણા મળતી રહે.

અક્ષરધામ એટલે એક એવું સ્થાન જ્યાંથી વિશ્વભરમાં કોઈપણ માનવીને ભારતીય સંસ્કૃતિની પવિત્ર સુવાસ અનુભવાય.

અક્ષરધામ એટલે ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં એક એવી ભવ્ય ભાવાંજલિ, જ્યાં ભગવાન સ્વામિનારાયણનો સાક્ષાત્ દિવ્ય સ્પર્શ અનુભવાય.

ગાંધીનગર અને દિલ્હી પછી પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સ્વતઃ સંકલ્પ કર્યો : હવે અમેરિકામાં પણ અક્ષરધામ રચવું છે.

### ■ સંકલ્પનું વવાયું બીજ...

એ વર્ષ હતું સન ૧૯૯૭નું. દિવસ હતો ૮ ડિસેમ્બરનો. વડોદરામાં અટલાદરા ખાતે સ્વામીશ્રી સમક્ષ એક મીટિંગ યોજાઈ હતી. અમેરિકા સત્સંગ મંડળના સૂત્રધાર ડૉ. કે. સી. પટેલ, કનુભાઈ પટેલ તથા અન્ય અગ્રણી ટ્રસ્ટી હરિભક્તો ઉપસ્થિત હતા. ડૉક્ટર સ્વામી અમેરિકામાં સત્સંગ વિચરણ કરીને પરત આવ્યા હતા અને તેઓના વિચરણના અનુભવોની ચર્ચા થઈ રહી હતી. વાર્તાલાપ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજે કહ્યું : 'આપણે અમેરિકામાં ન્યૂજર્સીમાં અક્ષરધામ રચવું છે.'

સૌએ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું: 'બાપા! અમેરિકામાં અક્ષરધામ રચવું છે?'

'હા, અક્ષરધામ બનાવવું છે.'

સ્વામીશ્રીનો આ કૃતનિશ્ચય સૌને આશ્ચર્ય પમાડી ગયો. કારણ કે નવી દિલ્હીના અક્ષરધામની હજુ જમીન પણ ઉપલબ્ધ થઈ નહોતી. અમેરિકામાં હજુ એક પણ શિખરબદ્ધ મંદિર કરવાનો પણ આરંભ નહોતો થયો, એક પણ શિખરબદ્ધ મંદિરની જમીન પર શિલાન્યાસવિધિ પણ નહોતો થયો કે નહોતા તેનાં પ્લાનિંગ પણ પૂર્ણ થયાં. એવા સમયે અમેરિકામાં અક્ષરધામ મહામંદિરનો સંકલ્પ? સૌને અપાર આનંદ થઈ ગયો, પરંતુ એ સંકલ્પ ક્યારે સિદ્ધ થશે, એની દ્વિધા હૈયે અટવાઈ રહી. પણ માત્ર સંકલ્પો કરવા, તે જાહેર કરવા - એનું નામ પ્રમુખસ્વામી મહારાજ નહીં, એની પાછળ નક્કર પુરુષાર્થ કરીને કાર્ય વહેલામાં વહેલી તકે સિદ્ધ કરવું એ એમની સ્વાભાવિકતા હતી. એ સ્વાભાવિકતા મુજબ એમણે ડૉ. કે. સી. પટેલ, જી. એમ. પટેલ, શામળભાઈ સુથાર, કિરણભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ રાજા, વિનુભાઈ પટેલ, કિશોરભાઈ મહેતા, કનુભાઈ પટેલ વગેરે તે સમયના અગ્રણી કાર્યકરોને માર્ગદર્શન આપીને આદેશ પણ આપી દીધો: અક્ષરધામ માટે યોગ્ય જમીન શોધવાનું ચાલુ કરી દો.

## ■ પવિત્ર ભૂમિની અવિરત શોધ...

કેવી હોવી જોઈએ અક્ષરધામની જમીન? સ્વામીશ્રીનું માર્ગદર્શન સ્પષ્ટ હતું: આશરે એંશીથી સોએક એકરની જમીન હોવી જોઈએ, જે ન્યૂજર્સી રાજ્યમાં એડિસન શહેરની નજીક હોય અને ન્યૂજર્સીની ધોરી નસ સમા ટર્નપાઇક કે તેના જેવા મુખ્ય રસ્તા ઉપર હોય.

પછીના જ વર્ષે સન ૧૯૯૮માં સ્વામીશ્રી સત્સંગ પ્રવાસ માટે અમેરિકા પધાર્યા. જોકે તે વખતે અમેરિકામાં સ્વામીશ્રીને અચાનક જ હૃદયની બાયપાસ સર્જરી કરાવવાનું થયું. ૭૮ વર્ષની ઉંમરે આ ગંભીર સર્જરી બાદ સ્વામીશ્રી આરામ કરી રહ્યા હતા ત્યારે પણ સ્વામીશ્રી અક્ષરધામની જમીનો અંગે પૂછપરછ કરતા રહ્યા. પરિણામે તેઓની સૂચના મુજબ તે સમયના કાર્યકરોએ સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર અક્ષરધામ માટે કેટલીક જગ્યાઓ જોઈ રાખી હતી. તેમણે એ અંગે સ્વામીશ્રીને જણાવ્યું. ત્યારે સ્વામીશ્રી પોતે જ એ જમીનો જોવા માટે તૈયાર થઈ ગયા અને સૌના આશ્ચર્ય વચ્ચે તા. ૨૧-૯-૧૯૯૮ના રોજ ૪૦-૫૦ માઈલનું અંતર કાપીને જુદી જુદી ચાર-પાંચ જમીનો જોવા પધાર્યા. જોકે એ જમીનો એમને અનુકૂળ ન લાગી છતાં એ સમયે એમનો દૃઢ સંકલ્પ અને નબળી શારીરિક સ્થિતિમાં પણ એ સંકલ્પને સાકાર કરવાનો એમનો ઉત્સાહ સૌને સ્પર્શી ગયો.

બાયપાસ સર્જરી પછીની એ પળોમાં પણ એમણે વ્યક્તિગત મળી મળીને અક્ષરધામ માટે દાનની ટેલ નાંખી. સ્વામીશ્રીની એ આજ્ઞાને સૌએ હોંશે હોંશે ઝીલી પણ લીધી.

સન ૧૯૯૮માં વિદેશયાત્રાએથી ભારત પધાર્યા બાદ સ્વામીશ્રી સમક્ષ ફોન દ્વારા એક દ્વિધા રજૂ થઈ. કેટલાક સ્થાનિક હરિભક્તોમાં ચર્ચા ચાલતી હતી કે સ્વામીશ્રીની ઇચ્છા અક્ષરધામ નહીં, શિખરબદ્ધ મંદિર બનાવવાની છે. સ્પષ્ટતા કરવા યજ્ઞવલ્લભદાસ સ્વામીએ અમેરિકાથી ફોન કરીને ભારત પધારેલા સ્વામીશ્રીને પૂછ્યું હતું: 'શિકાગોમાં શિખરબદ્ધ મંદિર થવાનું છે, એ મુજબ આપને ન્યૂજર્સીમાં શિખરબદ્ધ મંદિર કરવાની ઇચ્છા છે કે અક્ષરધામની ઇચ્છા છે?' પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ સ્પષ્ટ કહ્યું હતું કે 'આપણે ન્યૂજર્સીમાં અક્ષરધામ જ બનાવવું છે, જેમાં પ્રદર્શનો હોય, બાળકોને રમવાનું હોય, યોગાસન વગેરેની તાલીમની વ્યવસ્થા હોય, ખાવા-પીવાની વ્યવસ્થા હોય, એમ બધી રીતની વ્યવસ્થા સાથે અક્ષરધામ બનાવવું છે.'

છ મહિના પછી સ્વામીશ્રીએ ફોન દ્વારા પુનઃ ઉપરોક્ત વચનોનો પુનરુચ્ચાર કરીને અક્ષરધામ બનાવવાની વાત દૃઢાવી હતી. ત્યારપછી રૂબરૂ મળતાં કે ફોન પર અમેરિકાના સંતો અને કાર્યકરોને જમીન અંગે સતત વારંવાર પૃચ્છા કરતા રહેતા સ્વામીશ્રી જમીનની કાર્યવાહી માટે ઝડપ કરવા વારંવાર આગ્રહ કરતા રહ્યા.

સન ૨૦૦૦ અને સન ૨૦૦૪માં સ્વામીશ્રી અમેરિકા સત્સંગ પ્રવાસમાં પધાર્યા ત્યારે પણ અક્ષરધામ માટે વિચારાયેલી કેટલીક અન્ય જમીનો ઉપર તેમણે પગલાં કર્યાં. તેમાં ખાસ કરીને એડિસન પાસે સેયરવિલ ટાઉન પાસે નદી કિનારે આવેલી ૩૫ એકર જમીન પર પગલાં કર્યાં હતાં. અન્ય કેટલીક જમીનો પણ તેઓએ જોઈ હતી.

સન ૨૦૦૪માં સ્વામીશ્રી અમેરિકાના સત્સંગ-પ્રવાસે પધારવાના હતા, તે પહેલાં યજ્ઞવલ્લભદાસ સ્વામી અને કનુભાઈએ સ્વામીશ્રીને ફોન પર કેટલાક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા વિનંતી કરી હતી. તેમાં ખાસ કરીને લોસ એન્જલસમાં શિખરબદ્ધ મંદિરની જમીન માટેના પ્રયાસો ચાલતા હતા, એ જ રીતે ન્યૂજર્સીમાં પણ જમીન માટેના પ્રયાસો ચાલતા હતા. આમ છતાં સ્વામીશ્રી પધારવાના હતા એટલે તેઓના હસ્તે લોસ એન્જલસ ખાતે ભાવિ જમીન પર થનારા મંદિરના ભૂમિપૂજનનો કાર્યક્રમ વિચારવામાં આવ્યો હતો. તે સંદર્ભમાં સ્વામીશ્રીને પૂછ્યું: 'લોસ એન્જલસની જેમ ન્યૂજર્સીમાં શિલાપૂજન કરવું છે? લોસ એન્જલસમાં પણ જમીન મળી નથી અને ન્યૂજર્સીમાં પણ જમીન મળી નથી. આથી ભાવિ જમીનની મનમાં ધારણા કરી ભૂમિપૂજન કરવું જોઈએ કે કેમ?' આ વાતની સાથે કનુભાઈથી સહેજે જ રમૂજ કરતાં પૂછી જવાયું: 'બાપા! ન્યૂજર્સીમાં ખરેખર મંદિર



૪૦-૫૦ માઇલનું અંતર કાપીને સ્વામીશ્રી હૃદયની બાયપાસ સર્જરી પછી, અને ત્યારબાદ સન ૨૦૦૦ અને ૨૦૦૪માં પણ જુદી જુદી જમીનો પર દૃષ્ટિ કરવા પધાર્યા. ન્યૂજર્સીમાં અક્ષરધામ રચવાનો એમનો સ્વાભાવિક ઉમંગ તેમના પ્રત્યેક પગલે વ્યક્ત થતો.

થવાનું જ છે ને ?' આ રીતે રમૂજમાં બહાર આવેલો સાધારણ નિરાશાનો આછોપાતળો એક અંકુર પણ સ્વામીશ્રીને પસંદ નહોતો. તેમણે ભાવમાં આવી જઈને કહ્યું : 'શંકા કેમ થાય છે ? આ અક્ષરધામ કરવાનો કોનો સંકલ્પ છે ?! આ તો યોગીબાપાનો સંકલ્પ છે. એટલે થવાનું જ છે. અને સર્વોપરિ જ થવાનું. માટે ધીરજ રાખવી ને શંકા ન કરવી.'

સન ૨૦૦૪માં સ્વામીશ્રી અમેરિકા પધાર્યા ત્યારે શરૂઆતમાં જ ન્યૂયોર્ક ખાતે તા. ૨૦-૫-૨૦૦૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં અમેરિકાના બી.એ.પી.એસ.ના ટ્રસ્ટબૉર્ડની એક મીટિંગ યોજાઈ હતી. તેમાં સ્વામીશ્રીને વધામણી આપવામાં આવી કે એક સરસ જમીન શોધાઈ ગઈ છે, જે આપણને અનુકૂળ છે. એ સાંભળતાં જ સ્વામીશ્રી પ્રસન્ન થઈ ગયા. એ સમયે વિવેકસાગરદાસ સ્વામીના એક સવાલના જવાબરૂપે વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરતાં કહ્યું : 'અક્ષરધામની સાથે આપણે શિખરબદ્ધ મંદિર પણ કરવું છે.' તે સમયે એક સવાલ એવો પણ પુછાયો કે એક સાથે મોટી જમીન મેળવવાનું અઘરું છે, તો ૧૦-૧૫ એકરની જમીન લઈને તેના પર એડિસનમાં જ શિખરબદ્ધ મંદિર કરીએ અને પછી પાછળથી મોટી જમીન મળે તેના પર અક્ષરધામ બનાવીએ તો ? સ્વામીશ્રીએ ત્યારે એક વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું : 'ના, શિખરબદ્ધ મંદિર અને અક્ષરધામ એક જ સંકુલમાં હોવાં જોઈએ.'

સ્વામીશ્રીને હવે પ્રથમ તો ઉપરોક્ત જમીનનું નિરીક્ષણ કરવાનો ઉત્સાહ હતો. આથી ચાર-પાંચ દિવસમાં જ કાર્યક્રમ ગોઠવાઈ ગયો. તા. ૨૫-૫-૨૦૦૪ના રોજ સ્વામીશ્રીએ ન્યૂજર્સી રાજ્યમાં સેન્ટ્રલ જર્સી વિસ્તારમાં ઈસ્ટ વિન્ડસર નગર પાસે આવેલી એ એકસો ને બાવન એકરની જમીન ઉપર દૃષ્ટિ કરવા પધાર્યા. કારમાં બેઠાં બેઠાં સ્વામીશ્રીએ આખી જમીન પર બારીમાંથી પુષ્પવૃષ્ટિ કરી. આ દરમ્યાન કારમાં જ પાછળ બેઠેલા યજ્ઞવલ્લભદાસ સ્વામી અને કનુભાઈને સ્વામીશ્રીએ ઝીણવટભર્યા પ્રશ્નો પૂછીને જમીનની વિશિષ્ટતાઓ કે ખામીઓ અંગે ઊંડી માહિતી મેળવી. છેવટે સ્વામીશ્રીએ કારમાંથી નીચે ઊતરીને આ ભૂમિ પર વેદોક્તવિધિપૂર્વક મંત્રપુષ્પાંજલિ કરી, પવિત્ર જળ છાંટ્યું, પ્રાર્થના કરી અને પવિત્ર સંકલ્પો કર્યા.

સ્વામીશ્રીએ આ જમીન અંગે આગળની કાર્યવાહી કરવા સંમતિ પણ આપી દીધી. જોકે સ્થાનિક ટાઉનશિપની ઝોનિંગ અંગેની કાયદાકીય ગૂંચ ઉકેલવાનું પણ ઘણું અઘરું હતું. એ

અંગે વારંવાર સ્વામીશ્રીએ બળ અને માર્ગદર્શન પણ આપ્યાં.

એક તરફ ન્યૂજર્સી રાજ્યમાં અક્ષરધામની જમીન મેળવવાના પ્રયાસો ચાલી રહ્યા હતા, તો બીજી તરફ એક ચર્ચા એવી પણ થઈ કે અક્ષરધામ ન્યૂજર્સી રાજ્યમાં બનાવવું જોઈએ કે અન્યત્ર? અન્ય કયાં કયાં રાજ્યો અક્ષરધામના લોકેશન તરીકે વધુ યોગ્ય ગણાય? વિકલ્પોમાં એક હતો – વૉશિંગ્ટન ડી.સી., એટલે કે અમેરિકાની રાજધાની. બીજો વિકલ્પ હતો - ફ્લોરિડા, જ્યાં ડિઝની વર્લ્ડ તથા અન્ય અનેક ટૂરિસ્ટ આકર્ષણનાં જંગી કેન્દ્રો છે. આ ઉપરાંત પેન્સિલવેનિયા વગેરે ન્યૂજર્સીની આજુબાજુનાં એવાં સ્થળોનો પણ વિકલ્પ સ્વામીશ્રી સમક્ષ મુકાયો હતો કે જેમાં પરમિશનના પ્રશ્નો ન હોય અને જમીન સસ્તી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય.

સૌના અભિપ્રાયોને ખૂબ શાંતિથી સાંભળીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ દરેક સ્થળના ફાયદા-ગેરફાયદા વિશે સૌ સાથે ચર્ચા કરી. પછી પૂર્વે આપેલો નિર્ણય પુનઃ દૃઢાવ્યો કે અક્ષરધામ ન્યૂજર્સી રાજ્યમાં જ કરવું છે. તેનાં અનેક સબળ કારણોમાંનું એક મહત્ત્વનું કારણ હતું – અહીં વસતો બહોળો ભક્ત સમુદાય. આટલા મોટા કાર્યના નિર્માણમાં અને ત્યારબાદ તેના સંચાલનમાં પણ ખૂબ મોટા પાયે સ્વયંસેવકોની સેવાની જરૂર પડે. અને ન્યૂજર્સી તથા આસપાસનાં રાજ્યોમાં વસતા બહોળા ભક્તસમુદાયને કારણે તેની સૌથી વધુ સાનુકૂળતા હતી.

સ્વામીશ્રીના એ માર્ગદર્શનને સૌએ ઝીલી લીધું. આ દરમ્યાન તેઓની આજ્ઞાથી ન્યૂજર્સી રાજ્યમાં જમીનની કાયદાકીય કાર્યવાહી ચાલી જ રહી હતી. સાથે સાથે તેઓશ્રીના માર્ગદર્શન મુજબ પ્રાથમિક રીતે સંકુલના પ્લાનિંગની શરૂઆત થઈ ગઈ હતી.

સન ૨૦૦૪માં વિદેશયાત્રાએથી સ્વામીશ્રી ભારત પધાર્યા અને દિલ્હી ખાતે સંસ્થાના વરિષ્ઠ સંતોની એક મીટિંગમાં તેઓએ ન્યૂજર્સીના અક્ષરધામની ચર્ચા કરી નિર્ણય આપ્યો કે અક્ષરધામનું પરિસર તબક્કાવાર બનાવવું. પ્રથમ તબક્કામાં સભામંડપ, રસોડું, સંતઆશ્રમ વગેરે કરવું. ત્યારબાદ અન્ય તબક્કાઓમાં શિખરબદ્ધ મંદિર અને અક્ષરધામ વગેરે રચવું. તે જ દિવસે એટલે કે તા. ૯-૧૧-૨૦૦૪ના રોજ આ અંગેનો એક નિર્ણયાત્મક પત્ર પણ તેમણે સ્વહસ્તે લખીને યજ્ઞવલ્લભદાસ સ્વામી તથા સ્થાનિક હરિભક્તો પર તે જ દિવસે દિલ્હીથી ફેક્સ કરાવી દીધો.

ત્યારપછીના વર્ષે સન ૨૦૦૫માં અમેરિકાના અગ્રણીઓએ સ્વામીશ્રીને પૂછ્યું હતું કે, આ અક્ષરધામ પરિસરના નિર્માણની જવાબદારી ખૂબ મોટી છે. આ જવાબદારી કોને સોંપવાની આપની ઇચ્છા છે? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું કે ઈશ્વરચરણદાસ સ્વામી અને તેમની સાથેના સંતોની ટીમને સોંપવું છે.

તેઓની એ આજ્ઞા અનુસાર સન ૨૦૦૫માં વલ્લભવિદ્યાનગર ખાતે તા. ૨૦-૫-૨૦૦૫ના રોજ અક્ષરધામ સંકુલના પ્લાનિંગની પ્રથમ મીટિંગ સ્વામીશ્રીએ ઈશ્વરચરણદાસ સ્વામી અને સહાયક સંતોની સાથે યોજી હતી, જેમાં અમેરિકાથી આવેલા સંતોનું વૃંદ પણ ઉપસ્થિત હતું. ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું હતું કે અક્ષરધામ મહામંદિર કયા કદનું કરવાની આપની ઇચ્છા છે? સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગરના અક્ષરધામ કરતાં મોટું થાય તેવી ઇચ્છા છે. એમ કહીને સ્વામીશ્રીએ અક્ષરધામ મહામંદિરની ઊંચાઈ અંગે માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે ઊંચાઈ ઓછામાં ઓછી ૧૦૧ ફૂટ રાખવી જોઈએ. જોકે ત્યારબાદ તેઓના માર્ગદર્શન મુજબ ઊંચાઈ ૧૦૮ ફૂટ નક્કી કરવામાં આવી હતી, અને છેલ્લે તેઓની પ્રેરણા અનુસાર ઊંચાઈ વધારવામાં આવી, પરંતુ આ પ્રથમ મીટિંગથી જ સ્વામીશ્રીનો છેક સુધી આગ્રહ રહ્યો હતો કે અક્ષરધામ મહામંદિર શાસ્ત્ર પ્રમાણે જ કરવું. શાસ્ત્રની બહાર તેની ડિઝાઇન ન વિચારવી. આમ, સૌને એક સ્પષ્ટ દિશાદર્શન મળી ગયું.

આ દરમ્યાન જુદા જુદા તબક્કાઓમાં સંતો અને કાર્યકર્તાઓને 'ન્યૂજર્સીનું અક્ષરધામ સર્વોપરિ કરવું છે, તૈયાર થઈ જાઓ...' એવી પ્રેરણા આપતા પ્રસંગો સ્વામીશ્રી યોજતા રહ્યા. સન ૨૦૦૫માં સ્વામીશ્રી દિલ્હીમાં અક્ષરધામના ઉદ્‌ઘાટનનો સમારોહ પૂર્ણ કરીને કોલકાતા થઈને અમદાવાદ પધાર્યા ત્યારે સ્વામીશ્રીના સ્વાગતમાં મંચ પર શ્રીજીસ્વરૂપદાસ સ્વામી અને ભક્તિનંદનદાસ સ્વામી પણ જોડાયા હતા. સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ કરતાં તેમણે ચરણસ્પર્શ કર્યો ત્યારે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી સહજતાથી બોલવા લાગ્યાઃ 'દિલ્હીનું કાર્ય પૂરું થઈ ગયું, હવે ન્યૂજર્સીનું સર્વોપરિ કરવાનું છે. એ માટેના આશીર્વાદ છે.' સ્વામીશ્રીએ પોતાનો સંકલ્પ સહેજે સહેજે વ્યક્ત કરી દીધો. ત્યારપછી નાના મોટા કેટલાક અન્ય પ્રસંગોએ પણ સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપીને પોતાનો સંકલ્પ દૃઢાવ્યો હતો કે 'ન્યૂજર્સીમાં અક્ષરધામ સર્વોપરિ કરવું છે.'

દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન પ્રસંગે પણ સ્વામીશ્રીએ અમેરિકાના ડૉ. કે. સી. પટેલ, કનુભાઈ પટેલ તથા અન્ય ટ્રસ્ટીઓની મીટિંગ યોજીને અમેરિકામાં સર્વોપરિ અક્ષરધામ રચવું છે તેનો પુનરુચ્ચાર કર્યો હતો. એટલું જ નહીં તેની આગોતરી વ્યવસ્થાઓ અંગે પણ ઝીણામાં ઝીણાં સૂચનો અને માર્ગદર્શન આપ્યાં.

આ દરમ્યાન ન્યૂજર્સી રાજ્યના ઈસ્ટ વિન્ડસર નગરની જમીન મળી તો ગઈ હતી, પરંતુ તેમાં ઘણી ગૂંચ હતી. એ



અક્ષરધામ પરિસરના પ્લાનિંગની સ્વામીશ્રીએ કલાકો સુધી એકધારી મીટિંગોમાં બેસીને ઝીણામાં ઝીણી બાબતમાં ખૂબ ઊંડો રસ લીધો, દરેક મીટિંગમાં મહત્ત્વપૂર્ણ સૂચનો કર્યાં અને માર્ગદર્શન આપ્યું અને પ્રસન્નતાથી મહોરછાપ મારી આપી...

ગૂંચ ન ઉકેલાય ત્યાં સુધી અક્ષરધામનું કાર્ય આગળ ન વધી શકે. પરંતુ અનેક પ્રયાસો પછી સન ૨૦૦૬માં એ નિર્ધારિત થઈ જ ગયું કે સ્થાનિક ટાઉનશિપની ગૂંચ નહીં ઉકેલી શકાય. ત્યારે સૌ સંતો અને કાર્યકરો હતાશ થઈ ગયા. આ ભૂમિ માટે લગાતાર સાડા ત્રણ વર્ષની મહેનત અને કુલ દસેક વર્ષની મહેનત નિષ્ફળતા તરફ જઈ રહી હતી તેનો સૌને એક આંચકો લાગ્યો હતો. આ અંગે સ્વામીશ્રીનું માર્ગદર્શન લેવા માટે સૌ ૨૦૦૬ના દિવાળી ઉત્સવ દરમ્યાન લંડન પહોંચ્યા. તા. ૩૦-૧૦-૨૦૦૬ અને તા. ૩૧-૧૦-૨૦૦૬ના રોજ અમેરિકાથી આવેલા યજ્ઞવલ્લભ સ્વામી તથા કનુભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ રાજા, ભરતભાઈ પટેલ વગેરે સાથે કુલ મળીને ૭-૮ કલાક મીટિંગમાં બિરાજીને સ્વામીશ્રીએ સૌને ખૂબ બળ અને માર્ગદર્શન આપ્યું. તે સમયે પણ સ્વામીશ્રી કૃતસંકલ્પ હતા: 'આપણે બીજી જમીન પર પ્રયાસ કરીશું, પણ અક્ષરધામ કરવું જ છે. શ્રીજીમહારાજને જ્યાં બેસવું હશે એ જમીન મળશે જ. ધીરજ રાખવી.' કાર્યકરોને આમ બળ આપીને પુનઃ નવી જમીન શોધવા માટે તેમણે સૌને આદેશ આપી દીધો.

ત્યારપછી ચાલેલી શોધપ્રક્રિયામાં ઘણી જમીનો પૈકી એક જમીન એડિસન શહેરમાં જ નદી કિનારે હતી. પરંતુ, પાછળથી અભ્યાસ કરતાં જણાયું કે મજબૂત ફાઉન્ડેશનની પ્રક્રિયામાં એ જમીન અનુકૂળ નથી. આથી સ્વામીશ્રીએ સમાંતરપણે અન્ય જમીનો જોવાનો આદેશ આપ્યો.

સન ૨૦૦૭માં બી.એ.પી.એસ. શતાબ્દી વર્ષે સ્વામીશ્રી અમેરિકાના સત્સંગ પ્રવાસે પધાર્યા ત્યાં સુધીમાં કુલ ૩૨૦ જમીનોના વિકલ્પો જોઈ-તપાસીને સંસ્થાના કાર્યકરોએ રોબિન્સવિલ ખાતેની જમીન શોધી રાખી હતી. સ્વામીશ્રીને એ અંગે જણાવવામાં આવ્યું ત્યારથી સ્વામીશ્રી એ જમીન પર પધારવા ઉત્સુક હતા. એક દિવસ એડિસનમાં સ્વામીશ્રીએ યજ્ઞવલ્લભદાસ સ્વામીને કહ્યું કે આપણે એ જમીન જોવા જવું છે. પરંતુ તે દિવસોમાં વરસાદને કારણે જમીન પર ઘણો કીચડ થયો હોવાથી જવાનું શક્ય નહોતું. ત્યારબાદ ત્રણ-ચાર દિવસ પછી સ્વામીશ્રીએ સામેથી જ તેમને કહ્યું હતું કે હાલ એ જમીન પર નથી જવું, પછી યોગ્ય સમયે જઈ આવીશું. આથી, તેઓની ઇચ્છા અનુસાર ઈશ્વરચરણદાસ સ્વામી અને અક્ષરધામ ટીમના સંતોએ એ જમીન પર જઈને તેનો અહેવાલ સ્વામીશ્રીને આપ્યો હતો. વળી, સ્વામીશ્રીએ જમીનનો વીડિયો નિહાળી તેના પર દૃષ્ટિ કરી લીધી હતી.

આથી તેઓએ સંમતિ આપી દીધી કે આ જમીન સંપાદન કરવા અંગે કાર્યવાહી શરૂ કરી દો.

ત્યારબાદ સ્વામીશ્રી થોડા દિવસો અમેરિકામાં રોકાયા, પરંતુ સ્વામીશ્રીને એ ભૂમિ પર પધરાવવાનું શક્ય નહોતું બન્યું, આથી ત્યારબાદ સતત ચાર વર્ષ સુધી સ્વામીશ્રી જુદા જુદા સમયે અમેરિકાના મુખ્ય સંતો-કાર્યકરોને ગમ્મતમાં કહેતા રહ્યા: 'મારે એ જમીન પર આવવું હતું, પરંતુ તમે મને લઈ ન ગયા.' એ ગમ્મતમાં પણ અક્ષરધામની ભૂમિને પ્રત્યક્ષ નીરખવાનો સ્વામીશ્રીનો ઉમંગ સૌને સ્પર્શી ગયો અને સૌ પ્રાર્થના કરતા રહ્યા કે આપ પુનઃ અમેરિકા પધારીને એ ભૂમિને પાવન કરો.

## ■ પ્લાનિંગની પરીક્ષક પળોમાં માર્ગદર્શન...

સન ૨૦૦૭ પછી તેઓના આદેશ અનુસાર ઈશ્વરચરણદાસ સ્વામી અને સાથી સંતોએ અક્ષરધામના વિશાળ પરિસરની યોજના નકશા રૂપે કાગળ પર ઉતારવા માંડી. તેના પ્લાનિંગને લગતા નાના-મોટા અનેક પ્રશ્નોમાં સ્વામીશ્રીએ સૂક્ષ્મ માર્ગદર્શન આપ્યું. એ માટે સ્વામીશ્રી સાથે સન ૨૦૦૭થી લઈને ૨૦૧૨ દરમ્યાન જુદી જુદી અનેક મીટિંગો યોજાઈ. દરેક મીટિંગમાં સ્વામીશ્રીએ કલાકો સુધી એકધારા બેસીને ઝીણામાં ઝીણી બાબતમાં ખૂબ ઊંડો રસ લીધો, દરેક મીટિંગમાં મહત્ત્વપૂર્ણ જરૂરી સૂચનો કર્યાં અને માર્ગદર્શન આપ્યું, અને તેઓની પ્રેરણા અનુસાર સંતોએ આપેલા વિચારોને મહોરછાપ મારીને સંમતિ આપી, એટલું જ નહીં, સંતોને પ્રોત્સાહન આપીને બિરદાવ્યા.

૨૪-૫-૨૦૦૮ના રોજ સારંગપુર ખાતે યોજાયેલી એક મીટિંગમાં સ્વામીશ્રી સમક્ષ પ્લાન રજૂ થયા હતા. અક્ષરધામ પરિસરના માસ્ટર પ્લાનની આ પ્રાથમિક ડિઝાઈન સ્વામીશ્રીને પસંદ આવી હતી.

શરૂઆતમાં અક્ષરધામ પરિસરમાં રચાનારા શિખરબદ્ધ મંદિરને આ સિમેન્ટ-કોંક્રીટના સ્તંભયુક્ત બનાવીને તેને ડેકોરેટિવ મટીરિયલથી સુશોભિત કરવાનો વિચાર મુકાયો હતો. પરંતુ સન ૨૦૦૯માં બોચાસણ ખાતે યોજાયેલી મીટિંગમાં સવાર-સાંજ બે બેઠકમાં સ્વામીશ્રીએ ખૂબ વિગતપૂર્વક અક્ષરધામ સંકુલના પ્લાનિંગ તથા મહામંદિરની ડિઝાઈન નિહાળી હતી. તે સમયે સ્વામીશ્રીએ અક્ષરધામ મહામંદિર પરિસરમાં થનારા શિખરબદ્ધ મંદિરને આરસમાંથી બનાવવાનું અને ત્રણ ગર્ભગૃહ તથા કલાત્મક સ્તંભયુક્ત કરવાનું માર્ગદર્શન આપ્યું હતું.



તા. ૧૪-૨-૨૦૦૯ના રોજ સ્વામીશ્રી દિલ્હી ખાતે બિરાજમાન હતા ત્યારે ઈશ્વરચરણદાસ સ્વામી, કનુભાઈ પટેલ તથા હર્ષદભાઈ ચાવડા વગેરેએ અક્ષરધામ મહામંદિરના કેટલાક પ્રાથમિક કન્સેપ્ચ્યુઅલ ડ્રોઈંગ્સ રજૂ કર્યાં હતાં. સ્વામીશ્રીએ એ નિહાળીને દોઢેક કલાક સુધી ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રી ખૂબ ભાવમાં આવી ગયા અને સ્વતઃ આશીર્વાદ ઉચ્ચારવા લાગ્યા: 'દિલ્હીના અક્ષરધામમાં અમેરિકાના અક્ષરધામની મીટિંગ થઈ ગઈ. હવે ત્યાં પણ કામ સર્વોપરિ થશે. હવે આ ન્યૂજર્સીના અક્ષરધામનું કામકાજ શાસ્ત્ર પ્રમાણે કરવું. ખોટી ઉતાવળ ન કરવી.' સ્વામીશ્રીને સૌએ પૂછ્યું કે અક્ષરધામનું નિર્માણ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની આપને ઇચ્છા છે? સ્વામીશ્રીએ ચોક્કસ સમય આપવાને બદલે કહ્યું: 'એ તો જેમ દિલ્હીમાં કર્યું હતું તેમ પથ્થર ઘડવાનું કામ એકધારું ચાલુ જ રાખવાનું. એક બાજુ પથ્થર ઘડાઈ જાય અને બીજી બાજુ પથ્થર ત્યાં જાય અને ચોંટી જાય. કામ અટકવું ન જોઈએ. ઘડાતું જાય અને મુકાતું જાય.' આર્થિક સેવા અંગે પણ સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું હતું કે 'ભગવાન ભળશે, એ બધું કરશે, અને આર્થિક સેવા પણ આવી જશે.'

સન ૨૦૦૯માં દિવાળી પર્વે સ્વામીશ્રી ગોંડલ બિરાજતા હતા ત્યારે કનુભાઈ પટેલ, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી અને ભક્તિનંદનદાસ સ્વામી વગેરેએ બલ્ગેરિયન લાઈમ સ્ટોન તથા ગ્રીસના આરસની નાની શિલાઓ સ્વામીશ્રી સમક્ષ રજૂ કરી હતી. સ્વામીશ્રીએ પથ્થરની ખાસિયતો તથા અમેરિકાની ઋતુ પ્રમાણે તેની યોગ્યતા અંગે માહિતી મેળવી હતી. અંતે અક્ષરધામ મહામંદિરનો બહારનો ભાગ બલ્ગેરિયન લાઈમ સ્ટોનમાંથી રચવો અને અંદરનો ભાગ ગ્રીસના આરસમાંથી બનાવવો – એમ સ્વામીશ્રીએ મહોરછાપ મારી આપી.

તા. ૨૭-૫-૨૦૧૦ના રોજ લીંબડી ખાતે મૂર્તિપ્રતિષ્ઠાના ઉપક્રમે સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ અને ભવ્ય નગરયાત્રાના ભરચક કાર્યક્રમ હતા. વળી, લીંબડીમાં આવું ભવ્ય મંદિર થતું હોવાથી સમગ્ર ઝાલાવાડ પંથકનાં નાનાં-મોટાં અનેક ગામોના હરિભક્તો અને દેશ-વિદેશનાં અન્ય કેન્દ્રના અગ્રણી ભક્તો પણ ઊમટ્યા હતા. એ બધા ભરચક કાર્યક્રમો વચ્ચે સાંજે ખાસ સમય ફાળવીને સ્વામીશ્રીએ અક્ષરધામ ટીમના સંતો સાથે મીટિંગ કરી. આ મીટિંગમાં સ્વામીશ્રી સમક્ષ એક વિશાળ ભવનની અંદર રચાનારા ન્યૂજર્સીના શિખરબદ્ધ મંદિરની પુનઃ ખૂબ વિગતે



અક્ષરધામ મહામંદિરની ડિઝાઇન સનાતન ધર્મની શાસ્ત્રીય પદ્ધતિથી જ થાય - એવો આગ્રહ રાખતા સ્વામીશ્રીએ સન ૨૦૧૨માં અમદાવાદ ખાતે અક્ષરધામ મહામંદિરની નવ શિખરયુક્ત શાસ્ત્રીય ડિઝાઇન નીરખીને પ્રસન્નતા વરસાવી મહોર મારી દીધી.

ચર્ચા થઈ. તેના નક્શા અને થ્રીડી ચિત્રો પણ સ્વામીશ્રી સમક્ષ મુકાયાં. સ્વામીશ્રીએ બધું જ ખૂબ ભાવપૂર્વક નિહાળ્યું અને સૌને સુંદર માર્ગદર્શન આપ્યું. નકશાઓની સુધારેલી નવી આવૃત્તિ અને પ્લાનિંગ જોઈને તેઓ ખૂબ પ્રસન્ન થયા. ખાસ કરીને અક્ષરધામ મહામંદિરની આજુબાજુનાં અન્ય ભવનો તથા શિખરબદ્ધ મંદિરની 'કોમ્પેક્ટ પ્લાનિંગ'ની બે બાબત તેમને વિશેષ સ્પર્શી હતી. કોમ્પેક્ટ પ્લાનિંગને કારણે આ ભવનોની આસપાસ બિનજરૂરી જમીન પડી રહેતી નથી, જમીનનો ઇંચે ઇંચનો યોગ્ય ઉપયોગ થાય છે તે તેઓને ખૂબ ગમ્યું હતું. આ ઉપરાંત સલામતી અને ઊર્જાના વપરાશના દૃષ્ટિકોણથી પણ તેમને આ ડિઝાઇન ઘણી પસંદ આવી હતી.

તા. ૩-૧૧-૨૦૧૦ના રોજ ગોંડલ ખાતે ઈશ્વરચરણદાસ સ્વામી અને કનુભાઈ પટેલ સાથેની એક મીટિંગમાં સ્વામીશ્રીએ અક્ષરધામના નિર્માણ માટે આર્થિક બજેટ અંગે ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું. ત્યારે પણ સ્વામીશ્રી ઉત્સાહથી આશીર્વાદ આપતાં બોલી ઊઠ્યા હતા કે 'અક્ષરધામ સારામાં સારું અને સર્વોપરિ થઈ જાય એવું કરવું છે.'

તા. ૪-૫-૨૦૧૧ના રોજ સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજમાન હતા ત્યારે પણ અક્ષરધામ ટીમની વધુ એક મીટિંગ સ્વામીશ્રી સાથે યોજાઈ હતી. લગભગ ૩ કલાક ચાલેલી આ મીટિંગમાં સ્વામીશ્રીએ નકશા અને અન્ય મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યા બાદ કહ્યું હતું: 'આ કામ ખૂબ મોટું છે, એટલે એમાં સરકારી, દરબારી એવા અનેક પ્રકારના પ્રશ્નો આવે. વળી, અહીંથી અમેરિકા ઘણું દૂર છે. આથી, પથ્થર અહીં ઘડાઈને ત્યાં જાય તેમાં ઘણો સમય લાગે. ક્યારેક દરિયામાં પથ્થરના કન્ટેનર અટવાઈ જાય કે બીજે પહોંચી જાય. એવા અનેક પ્રકારના પ્રશ્નો આવે, તેમાં ધીરજ રાખવી. એ બધા પ્રશ્નો વિચારીને ઉદ્‌ઘાટનનો સમય નક્કી કરવો જોઈએ, જેથી પાછળથી ખેંચાવાનું ન થાય. સંપ, સુહૃદભાવ અને એકતાથી કામ કરવું. કોઈએ કોઈના પર આક્ષેપ ન કરવા કે આના કારણે આમ થયું, ને આના કારણે તેમ થયું.' આવું વ્યવહારુ માર્ગદર્શન આપ્યા બાદ મીટિંગ પૂર્ણ કરીને ઊભા થતાં થતાં સ્વામીશ્રી સ્વતઃ બોલવા લાગ્યા: 'દિલ્હીમાં અક્ષરધામ સર્વોપરિ થઈ ગયું. એમાંથી સૌને ખૂબ પ્રેરણા મળે છે. મોટા મોટા પ્રધાનો અને મોટા મોટા દેશ-વિદેશના નેતાઓ દર્શને આવે છે. નાના-મોટા જે કોઈ દર્શને આવે છે તેમને ખૂબ બળ મળે છે. જીવનઘડતર થાય છે. હવે, ન્યૂજર્સીમાં પણ એવું કરવું છે કે અનંતકોટિ



**સ્વા**મીશ્રીએ સન ૨૦૦૯માં ગુરુપૂર્ણિમાએ રોબિન્સવિલની ભૂમિ પર યોજાનાર શિલાન્યાસવિધિ પ્રસંગે બોચાસણથી અમેરિકા સ્થિત સંતો અને હરિભક્તોને સંબોધીને અતિ ભાવસભર પત્ર લખ્યો, જેમાં એક જ વાક્યમાં તેઓની આ કાર્ય માટેની અનન્ય લાગણી વ્યક્ત થઈ આવે છે. તેઓ લખે છે : ‘આ પ્રસંગે હું તથા પૂ. મોટેરા સંતો આવી શક્યા નથી તો ક્ષમા કરશો, રાજી રહેશો. દેહ ત્યાં નથી, પણ મન ત્યાં જ છે.’

બ્રહ્માંડના જીવ દર્શને આવે. અમેરિકાના અક્ષરધામથી આખા બ્રહ્માંડમાં ડંકો વાગશે.’ પછી અનામિકા આંગળીથી નિર્દેશ કરી કહેવા લાગ્યા: ‘નકશી આવી ઊંડી અને નાજુક અને સારામાં સારી કરવી, એમાં બાંધછોડ ન કરવી.’

સારંગપુરમાં ૨૦૧૨માં યોજાયેલી અન્ય મીટિંગમાં સ્વામીશ્રી સમક્ષ વિશાળ ભવનની અંદર શિખરબદ્ધ મંદિર રચવાનું છે તેના થ્રીડી નકશા અને લાકડામાંથી બનાવેલું સુંદર મોડલ પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રી એ જોઈને ખૂબ પ્રસન્ન થયા હતા.

અમદાવાદમાં તા. ૧૨-૧૦-૨૦૧૨ના રોજ યોજાયેલી મીટિંગમાં સ્વામીશ્રી સમક્ષ અક્ષરધામ મહામંદિરની નવી જ ડિઝાઇન પ્રસ્તુત કરવામાં આવી. સ્વામીશ્રીનો હંમેશાં આગ્રહ રહ્યો હતો કે અક્ષરધામ મહામંદિરની ડિઝાઇન શાસ્ત્ર પ્રમાણે જ કરવી. તેઓની એ ઇચ્છા અનુસાર શાસ્ત્રીય આદેશો મુજબ ઘુમ્મટને બદલે પરંપરાગત નાગરાદિ શૈલીના શિખરની યોજના કરીને સ્વામીશ્રી સમક્ષ નૂતન ડિઝાઇન રજૂ કરવામાં આવી, તે સ્વામીશ્રીને ખૂબ પસંદ પડી. તેમણે સ્વહસ્તે એ ડિઝાઇન પર હસ્તાક્ષર કરીને આશીર્વાદ લખી આપ્યા. સ્વામીશ્રીએ સ્વહસ્તે અક્ષરધામ મહામંદિરની આ નવી ડિઝાઇન પર ગુલાબનાં પાંચ પ્રાસાદિક પુષ્પો મૂક્યાં, અને આ નવી ડિઝાઇન પ્રમાણે ૧૫૦ ફૂટની ઊંચાઈની પરમિશન મળી જાય તે માટે શિખર-કળશ પર પણ પુષ્પો મૂક્યાં અને સૌને આશીર્વાદ આપ્યા.

એક તરફ સ્વામીશ્રી નકશી જેવી ઝીણામાં ઝીણી બાબતમાં માર્ગદર્શન આપતા હતા, તો બીજી તરફ અન્ય આનુષંગિક બાબતો પ્રત્યે પણ કાર્યવાહક સંતો-હરિભક્તોને દિશા-દર્શન આપતા રહેતા હતા. યજ્ઞવલ્લભદાસ સ્વામી તથા કનુભાઈ પટેલ અને અક્ષરધામ પ્રોજેક્ટમાં જોડાયેલા અન્ય સંતો-હરિભક્તો છેલ્લાં પાંચ-છ વર્ષમાં જ્યારે જ્યારે ભારત આવ્યા ત્યારે ત્યારે સ્વામીશ્રીએ તેમની સાથે મીટિંગો યોજીને અક્ષરધામમાં સેવાનું તંત્ર કેવી રીતે ગોઠવાવું જોઈએ તેની વિગતો મેળવીને ખૂબ ઉત્સાહથી આશીર્વાદ આપતા રહ્યા. જમીન શોધવાની અને સંપાદન કરવાથી લઈને તેની પરમિશનો તેમજ ડિઝાઇનથી લઈને ઘડતરકામ સુધીની અનેક બાબતોમાં સંતોએ તેમની પાસે જઈને જ્યારે જ્યારે માર્ગદર્શન અને આશીર્વાદ માગ્યા ત્યારે સ્વામીશ્રી ધાર્યા કરતાં બમણા વરસ્યા છે.

સ્વામીશ્રીની પ્રેરણાથી આ વિશાળ પ્રકલ્પમાં આબાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ હરિભક્તો આર્થિક યોગદાનમાં પણ મન મૂકીને સેવા કરતાં હતાં. સ્વાભાવિક છે કે આટલા મોટા પ્રોજેક્ટમાં નાણાંની ખેંચ રહે જ. તેમ છતાં સ્વામીશ્રીનો હંમેશા એવો જ અભિગમ રહ્યો છે કે હરિભક્તોને દાન આપવામાં ખેંચાવું ન પડે એ રીતે સેવા માટે સૌને પ્રેરવા. સન ૨૦૧૧માં મુંબઈ ખાતે એક મીટિંગમાં ઈશ્વરચરણદાસ સ્વામી, કનુભાઈ પટેલ અને યજ્ઞવલ્લભદાસ સ્વામી સ્વામીશ્રી સમક્ષ બિરાજ્યા હતા. યજ્ઞવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીને

આર્થિક સેવાઓની વિગતો આપતાં કહ્યું કે 'અમેરિકાની હાલની આર્થિક મંદીમાં કોઈ હરિભક્તને ભીડો ન પડે એ જોઈને સૌ રાજી રહે એ રીતે ધીરે ધીરે આર્થિક સેવાઓ કરવાનું સૌને કહીએ છીએ.' ખરેખર, એ સમયે અમેરિકામાં આર્થિક મંદીનું મોજું પણ ચિંતાજનક હતું. યજ્ઞવલ્લભદાસ સ્વામીની વાત સાંભળીને સ્વામીશ્રી બોલી ઊઠ્યાઃ 'આ સાંભળીને હું અતિશય રાજી થયો છું.' આ પ્રસંગે સ્વામીશ્રીએ વિશેષ માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે 'આટલું મોટું કાર્ય છે એટલે આપણે ધાર્યું હોય તેના કરતાં વધારે ખર્ચ થાય એવુંય બને અને હરિભક્તોની સેવા ઓછી આવે, પરંતુ તેમાં ધીરજ રાખવી. હરિભક્તે સેવા કરવાનું કહ્યું હોય પણ તેના બીજા નાના-મોટા ખર્ચ આવી જાય તેથી એ પહોંચી ન વળે. માટે એ બધું ખાસ વિચારવું.'

સ્વામીશ્રીએ સૌને સેવામાં જોડ્યા ખરા, પરંતુ કેટલી ઋજુતાથી ! સેવામાં તેમણે ભક્તોની સ્થિતિનો ખ્યાલ પહેલાં રાખ્યો છે. એમ કે ક્યાંય કોઈ હરિભક્ત સેવાના કારણે મુશ્કેલી તો અનુભવે તેમ નથી ને ? વ્યવસાય અર્થે નવાસવા અમેરિકા ગયેલા એક યુવકે સન ૨૦૧૦માં જૂન મહિનામાં સ્વામીશ્રી પર પત્ર લખ્યો હતો. સામાન્ય આર્થિક સ્થિતિના આ યુવકે પત્રમાં ભાવના દર્શાવી હતી કે ન્યૂજર્સી અક્ષરધામ માટે તે પણ આર્થિક સેવા કરે, પરંતુ સ્વામીશ્રીએ પત્ર વાંચીને તેને જણાવ્યું કે 'તમે દેહે કરીને સેવા કરો છો એ મોટી સેવા છે, એમાં આર્થિક અને બીજી બધી સેવા આવી જાય છે. તમારી ભાવના છે એ મોટી સેવા છે. હાલમાં તમે આર્થિક સેવા કરવાનો વિચાર કરશો નહીં.'

તા. ૧૯-૨-૨૦૧૦ના રોજ ગાંધીનગર ખાતે સ્વામીશ્રી સાથે અક્ષરધામ ટીમની મીટિંગ થઈ ત્યારે પુનઃ ન્યૂજર્સીમાં અક્ષરધામ પરિસરમાં મહામંદિર ઉપરાંત શિખરબદ્ધ મંદિરની આવશ્યકતા છે કે નહીં એ મુદ્દો ચર્ચાયો. આ પ્રસંગે પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે તથા અક્ષરધામ ટીમના સંતો ઉપસ્થિત હતા. સૌનો અભિપ્રાય લઈને સ્વામીશ્રીએ આ ચર્ચાનો નિષ્કર્ષ આપતાં શિખરબદ્ધ મંદિર કરવાનો આદેશ પુનઃ દૃઢાવ્યો.

સન ૨૦૧૧માં સ્વામીશ્રીએ મુંબઈ ખાતે સ્વાસ્થ્ય લીલા આદરી હતી. અતિશય અશક્તિને કારણે સ્વામીશ્રીનું શરીર સાવ લેવાઈ ગયું હતું. એવા સંજોગોમાં પણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત સ્વામિનારાયણ ચરિત્રના એનિમેશન વીડિયોનું ઉદ્ઘાટન સ્વામીશ્રીએ કર્યું અને ઈશ્વરચરણદાસ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, ભક્તિનંદનદાસ સ્વામી વગેરેને આશીર્વાદ આપતાં સહજતાથી બોલવા લાગ્યા : 'દિલ્હીના અક્ષરધામનું કાર્ય અદ્ભુત થઈ ગયું. સર્વોપરિ થઈ ગયું. હવે, ન્યૂજર્સીનું પણ સર્વોપરિ કરવું છે.' સ્વામીશ્રીના હૃદયની ભાવનાઓ આવા સંજોગોમાં પણ ગંગાપ્રવાહની જેમ સહજતાથી વહેતી રહી.

### ■ માંગલિક અવસરોમાં મંગલવર્ષા...

સન ૨૦૦૯થી રોબિન્સવિલ ખાતેની અક્ષરધામ પરિસરની ભૂમિ પર જુદા જુદા પ્રસંગો યોજાયા. દરેક પ્રસંગે હજારો માઈલ દૂર રહ્યાં રહ્યાં પણ સ્વામીશ્રીએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો અને આશીર્વાદની તો જાણે હેલી વર્ષાવી.

સન ૨૦૦૯માં ગુરુપૂર્ણિમાના દિને રોબિન્સવિલની નવી જમીન પર ભૂમિપૂજન યોજાયું હતું. આ પ્રસંગે અમેરિકાના સત્સંગમંડળને ભાવનાસભર આશીર્વાદ પત્રમાં પ્રત્યક્ષ હાજર ન રહી શકવા બદલ દિલગીરી વ્યક્ત કરીને લખ્યું હતું : 'આપ સર્વેનો ઉત્સાહ અને ધગશ છે તો મહારાજના પ્રતાપે થઈ જશે. હમો પણ પ્રાર્થના કરતા રહેશું તો રાજી રહેશો અને ભૂમિપૂજન સારી રીતે થઈ જાય અને જય જય જયકાર થઈ જાય તે માટે પ્રાર્થના કરી છે તો આ પ્રસંગે હું તથા પૂ. મોટેરા સંતો આવી શક્યા નથી તો ક્ષમા કરશો, રાજી રહેશો. દેહ ત્યાં નથી પણ મન ત્યાં જ છે.' (મૂળ પત્ર પૃષ્ઠ ૨૮ ઉપર)

તા. ૨૧-૭-૨૦૦૯ના રોજ બોચાસણમાં રોબિન્સવિલ ખાતેની નવી જમીનની માટી આવી હતી. સંતોએ સ્વામીશ્રી સમક્ષ એ માટી અર્પણ કરી ત્યારે, સ્વામીશ્રીએ ખૂબ હરખપૂર્વક આ માટીનું પૂજન કરીને ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી કે રોબિન્સવિલનું અક્ષરધામ સર્વોપરી થઈ જાય.

તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ સ્વામીશ્રી ગાંધીનગર ખાતે બિરાજતા હતા ત્યારે વહેલી સવારે અમેરિકાથી એક આનંદના સમાચાર આવ્યા હતા – રોબિન્સવિલમાં બંધાનારા અક્ષરધામની ઊંચાઈ માટેની પરમિશન આજે મળી ગઈ હતી. સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે પધાર્યા ત્યારે જ આ સમાચાર તેઓને મળ્યા અને તેનો અપાર આનંદ તેઓના મુખ ઉપર છવાઈ ગયો. સભાગૃહમાં ચાલુ પૂજાવિધિ દરમ્યાન તેઓએ વિવેકસાગરદાસ સ્વામીને બોલાવીને સભામાં જાહેરાત કરવાનું કહ્યું. તેઓનું પ્રવચન ચાલુ હતું એ દરમ્યાન સ્વામીશ્રીએ સેવક સંતોને કહીને યજ્ઞવલ્લભદાસ સ્વામીને મંચ પર બોલાવીને સૌ વતી ખૂબ આશીર્વાદ આપ્યા. તેમને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી એક શ્વાસે હૃદયનો ઉમળકો ઠાલવતાં વારંવાર બોલતા રહ્યા : 'અક્ષરધામ વહેલામાં વહેલું પૂરું થઈ જાય, સર્વોપરિ થઈ જાય, બધાના દેશકાળ સારા થાય અને નિર્વિઘ્ને પૂરું થઈ જાય એ આશીર્વાદ છે.'

પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી રૂમમાં પધારીને અલ્પાહાર અંગીકાર કરવા બિરાજ્યા પણ સ્વામીશ્રીને તેમાં રુચિ જ નહોતી. તેઓએ કનુભાઈ પટેલને ફોન જોડાવ્યો. તેમણે તથા તેમના સહયોગીઓએ લગભગ પોણો કલાક સુધી વિગતથી પરમિશન સંબંધી વાતો કરી. પોણો કલાકનો અહેવાલ

સાંભળ્યા પછી સ્વામીશ્રીએ વળી સૌ ઉપર આશીર્વાદ વરસાવતાં કહ્યું, 'બધા કાર્યકર્તાઓ અને હરિભક્તોને જય સ્વામિનારાયણ. વાત જાણીને આનંદ થયો છે. આપ બધાએ મહારાજનો સંકલ્પ અને જોગી બાપાનો સંકલ્પ હતો એટલે સારી રીતે મહેનત કરી છે અને પરમિશન પાસ પણ થઈ ગઈ છે. આપણું જ્ઞાન સાચું છે, આપણી વાત સાચી છે અને મહેનત પણ સાચી છે અને ભગવાનને રાજી કરવા છે એટલે કોઈ જ વાંધો નહીં આવે. નક્કર કામ છે. ભક્તિ કરવી છે અને લોકો સુખી થાય એ આશય છે એટલે કોઈ જ વાંધો નહીં આવે. એટલે બરાબર હિંમત રાખીને આગળ થોડું થોડું કામ વધારતા રહેજો. 'સારા કામમાં સો વિઘ્ન' એમ કહ્યું છે એટલે નાનાં-મોટાં વિઘ્ન આવે તોય વાંધો નહીં આવે. તમે બધા બહુ બળવાળા છો. અહીં પણ બધા સંતો બેઠા છે. (એમ કહીને બેઠેલા તમામ સંતોનાં સ્વામીશ્રીએ નામ લીધાં) મહારાજનો સંકલ્પ છે અને બધાના આશીર્વાદ છે એટલે કામ નિર્વિઘ્ને થાય અને વહેલી તકે ભગવાન બેસી જાય. સૌ સંપીને એકબીજાની રુચિથી કામ કરજો. સંપ, સુહૃદભાવ, એકતા હોય તો કામમાં કોઈ વાંધો નહીં આવે અને જયજયકાર થઈ જશે.'' આટલું કહીને સ્વામીશ્રીએ સભામાં બોલતા હોય એ રીતે મોટેથી જય બોલાવી અને છેલ્લે 'અક્ષરધામ મહોત્સવની જય, અક્ષરધામ મહોત્સવની જય, અક્ષરધામ મહોત્સવની જય જય જય.....' બોલાવીને સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

સન ૨૦૧૦માં રોબિન્સવિલ ખાતે શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસવિધિ યોજાયો હતો. જોકે હજુ એ પ્રસંગને વાર હતી છતાં સ્વામીશ્રીનો ઉત્સાહ ખૂબ હતો. તેની પ્રતીતિ લીંબડીમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે વિશેષ થઈ. તા. ૨૮-૫-૨૦૧૦ના રોજ લીંબડીમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ ત્યારે પ્રતિષ્ઠાવિધિ અને આરતી બાદ વિવિધ શુભ સંકલ્પોની ધૂન બોલાવવામાં આવી. આ સંકલ્પોની યાદીમાં 'ન્યૂજર્સીના અક્ષરધામનું કાર્ય વહેલામાં વહેલી તકે નિર્વિઘ્ને પૂર્ણ થઈ જાય...' તેમ ઉચ્ચારવામાં આવ્યું. એ સાથે જ હાથનું લટકું કરતાં સ્વામીશ્રીએ ધૂન બોલાવતાં બોલાવતાં ચારે તરફ નજર કરવા માંડી. તેમની નજર અમેરિકાથી આવેલા કનુભાઈ પટેલને શોધતી હતી. તેમને નજીક બોલાવીને સ્વામીશ્રીએ સ્વહસ્તે નાડાછડી બાંધી અને અન્ય નાડાછડીઓ તથા ચોખા અને પુષ્પોનો ખોબો ભરીને તેમને હાથમાં આપ્યા. પછી ખૂબ આશીર્વાદ વર્ષાવતાં કહ્યું, 'અમેરિકામાં મંદિરનો ખાતવિધિનો કાર્યક્રમ છે, તો સર્વોપરિ થઈ જાય. અક્ષરધામ નિર્વિઘ્ને વહેલામાં વહેલી તકે પૂરું થઈ જાય અને સર્વે હરિભક્તો સર્વ પ્રકારે સુખી રહે એ આશીર્વાદ છે. આ ફૂલ અને ચોખા ખાતમુહૂર્તના ગર્તમાં પધરાવજો.'

તા. ૧૨-૭-૨૦૧૦ના રોજ સ્વામીશ્રી દિલ્હીમાં બિરાજમાન હતા ત્યાં રોબિન્સવિલ ખાતેના શિખરબદ્ધ મંદિરની શિલાઓનો વેદોક્ત પૂજનવિધિ યોજાયો હતો. પૂજન કરતા સ્વામીશ્રીનો ઉમંગ અનન્ય હતો. સભામંડપમાં સ્વહસ્તે જ આ શિલાઓનું પૂજન કરીને સ્વામીશ્રી ઉતારે પધાર્યા અને અમેરિકા ફોન જોડાવી સંતો-ભક્તો પર આશીર્વાદની વૃષ્ટિ કરી: 'બધા સંતો-હરિભક્તોને જય સ્વામિનારાયણ. દિલ્હી અક્ષરધામમાં વિધિ થઈ છે. બ્રાહ્મણો તથા સંતોએ વિધિ કરાવ્યો છે. મહંત સ્વામી, ઈશ્વરચરણ સ્વામી બધા અહીં છે અને સરસ વિધિ થયો છે. ભગવાનની દયાથી હવે ડૉક્ટર સ્વામીના હસ્તે સારામાં સારો વિધિ થશે. સંકલ્પ પ્રમાણે વિધિ થાય. બધામાં એકરાગ, એકમન, એકરુચિ રહે અને સંકલ્પ મુજબ કાર્ય થાય એ આશીર્વાદ છે. બધા રાજી થયા છે. ભગવાનની દયાથી કામ સારું થશે. એકબીજાનો સંપ અને સુહૃદભાવ બરાબર રાખજો તો કામ સારામાં સારું થશે. સૌ સુખિયા થાવ, અક્ષરધામનું કામ શરૂ થયું છે એટલે વિશેષ આશીર્વાદ છે.'

મુંબઈ ખાતે તા. ૩૧-૮-૨૦૧૧ના રોજ અક્ષરધામ મહામંદિરની શિલાઓનો પૂજનવિધિ યોજાયો હતો ત્યારે તો સ્વામીશ્રીનો ઉત્સાહ અનન્ય હતો.

અક્ષરધામ મહામંદિરની શિલાઓનું પૂજન કરવાનું નિર્ધારિત થયું ત્યારે સ્વામીશ્રીના સ્વાસ્થ્યને લક્ષ્યમાં રાખીને સૌએ એમ વિચાર્યું હતું કે અમેરિકાથી આવનારા પાંચેક મુખ્ય હરિભક્તોની ઉપસ્થિતિમાં અભિષેક મંડપમ્‌માં સંતો વિધિ કરાવે અને મોટેરા સંતો શિલાનું પૂજન કરી લે. સ્વામીશ્રી એમના સમયે અભિષેક મંડપમ્‌માં પધારીને માત્ર દૃષ્ટિ કરે. પરંતુ સ્વામીશ્રીનો ઉમંગ એટલો બધો હતો કે એક બિંદુમાંથી જાણે સાગર રચાઈ ગયો. સ્વામીશ્રીએ બીમારીની પથારીવશ સ્થિતિમાં પણ આ પૂજનવિધિનો કાર્યક્રમ ખૂબ સારામાં સારી રીતે થાય તેમાં ખૂબ ઊંડો રસ લીધો. આ શિલાઓનો પૂજનવિધિ સંતો કરાવવાના હતા, પરંતુ સ્વામીશ્રીએ વિદ્વાન પુરોહિતો બોલાવવાનો આદેશ આપતાં કહ્યું: 'આ તો અમેરિકા અક્ષરધામની શિલાનું પૂજન છે. સારું થાય ને વિધિ સારી થાય તો સારું છે ને! માટે સારામાં સારી વિધિ કરાવવા માટે બ્રાહ્મણોને બોલાવી લેજો.'

વળી, અમેરિકાથી આવનાર હરિભક્તોની સારસંભાળ તથા ઉતારા, ભોજન વગેરે ઝીણામાં ઝીણી બાબતમાં સ્વામીશ્રી ઊંડો રસ લેતા સ્વામીશ્રીએ જાણે કે આ સમગ્ર ઉત્સવનું સંચાલન પોતાના હસ્તક કરી લીધું હતું. સ્વામીશ્રીનો ઉત્સાહ અને આ કાર્યક્રમ પરત્વેની ચીવટ સૌને દેખાતી હતી. મુંબઈના સંતોને સ્વામીશ્રીએ કહ્યું કે 'તમે ભાગ્યશાળી છો. તમને અમેરિકાના અક્ષરધામના શિલાન્યાસનો લાભ મળ્યો





**અ**ક્ષરધામ પરિસરના પ્રત્યેક વિધિમાં સ્વામીશ્રી ખૂબ ઉત્સાહથી જોડાયા. ભૂમિપૂજન, શિખરબદ્ધ મંદિરનો શિલાપૂજનવિધિ, અક્ષરધામ મહામંદિરનો શિલાપૂજનવિધિ, અક્ષરધામ મહામંદિરના સ્થાને શિલાન્યાસવિધિ વગેરે દરેક વિધિ પ્રસંગે સ્વામીશ્રીએ ખૂબ ભીડો વેઠીને સૌ હરિભક્તો પર આશીર્વાદની વૃષ્ટિ કરતાં દૃઢાવ્યું : 'અક્ષરધામ સર્વોપરિ થશે...'

છે, એટલે ન્યૂજર્સીમાં કરતા હોય એવું આયોજન કરજો. ઘુમ્મટને ફૂલથી શણગારજો. એ પણ નકલી ફૂલ નહીં, અસલી ફૂલ વાપરજો.'

આ બધાં આયોજનોની ચર્ચા દરમ્યાન સ્વામીશ્રીએ ક્યારેય કોઈને કહ્યું ન હતું કે સમગ્રવિધિમાં તેઓ ઉપસ્થિત રહેવાના છે. કેવળ લગભગ દશેક દિવસ પહેલાં હર્ષદભાઈ ચાવડાને સ્વામીશ્રીએ કાનમાં કહી રાખ્યું હતું કે 'હું વિધિમાં પહેલેથી જ આવીશ, પણ તું અત્યારે કોઈને કહેતો નહીં.'

૨૯ તારીખે વાતવાતમાં એક સેવકે કહ્યું, 'અહીંની વિધિમાં ષોડશોપચાર વિધિથી માંડીને કંઈ કરવાની જરૂર નથી. કારણ કે આખી મહાપૂજા વિધિવત્ રીતે અમેરિકામાં તો થવાની જ છે, મુખ્ય વિધિ તો ત્યાં થવાની છે.'

સ્વામીશ્રી એ વખતે મક્કમતાથી બોલી ઊઠ્યા, 'મુખ્ય વિધિ જ આ છે, તું સમજ. મુખ્ય ઉત્સવ જ આ છે. ત્યાં તો ખાલી પધરાવવાનું છે.' સ્વામીશ્રીના આ વાક્યમાં આજના પ્રસંગની મહત્તાનો ખ્યાલ સૌને આવી ગયો.

અને આગલી જ રાત્રે સ્વામીશ્રીએ સેવકોને બોલાવીને પોતે ૬:૩૦ વાગ્યાથી વિધિમાં હાજર રહેવાનો કૃતસંકલ્પ જાહેર કર્યો. જોકે સ્વામીશ્રીના ખૂબ નાજુક સ્વાસ્થ્યને લક્ષ્યમાં રાખીને સૌએ મોડેથી આવવા ઘણી વિનંતી કરી. જુદા જુદા સંતો વિનંતી કરવા આવ્યા ત્યારે પહેલે ધડાકે જ તેઓની વાત કાપી નાખીને સ્વામીશ્રી એટલું જ બોલતા હતા કે 'હું કાલે પૂજનમાં ૭:૦૦ વાગે આવી જવાનો છું. મારે બીજું કાંઈ સાંભળવું નથી, હું આવવાનો છું, તમારે જે કરવું હોય એ કરજો.' આટલું બોલતાં બોલતાં સ્વામીશ્રીના હોઠ ધ્રૂજતા હતા, પરંતુ અવાજમાં તો સખત મક્કમતા અને નિર્ધાર જણાતો હતો. હજી સ્વામીશ્રીને શરીરમાં અશક્તિ ઘણી હતી. છતાં આ વિધિમાં તેઓનો ઉત્સાહ અતિ અદ્‌ભુત હતો અને વરસો પહેલાંનાં ઊર્જા અને ઉત્સાહ આ પ્રસંગે પુનઃ સૌને જોવા મળ્યાં.

સૌએ છેવટે સ્વામીશ્રીના અપાર ઉત્સાહ આગળ નમતું રાખ્યું કે અમેરિકાના અક્ષરધામને સાકાર કરવાનો એમનો ઉત્સાહ આ શિલાપૂજનમાં જ આટલો વર્તાય છે તો અક્ષરધામ કેવું સર્વોપરિ બનશે! અને બીજે દિવસે સવારે ૬:૩૦ વાગે સ્વામીશ્રી પૂજનમાં આવવા માટે થનગનતા હતા. મંદિરના મધ્ય ગર્ભગૃહની બરાબર સામે, મધ્ય ઘુમ્મટ તળે બિરાજીને સ્વામીશ્રીએ ખૂબ ઉત્સાહપૂર્વક વિધિ સંપન્ન કર્યો. ખૂબ ખાંતેથી સૌ પર આશીર્વાદની વૃષ્ટિ કરી : 'સર્વોપરિ અક્ષરધામ થાય છે એમાં બધાને દેશ-પરદેશમાં કેટલો બધો ઉત્સાહ છે! આપણે જે કાંઈ કામ થાય છે એ ભગવાનને રાજી કરવાની વાત છે. આપણે એવું નથી કે આપણે યશ લેવો છે, પણ ભગવાન રાજી થાય ને સર્વને શાંતિ થાય એ માટે છે.

પહેલું અક્ષરધામ ગાંધીનગરમાં કર્યું તો લોકોને જરા સામાન્ય લાગ્યું, પછી દિલ્હીમાં તો જે કોઈ દેશ-પરદેશના મોટા મોટા નેતાઓ આવે છે, માણસો જોવા આવે છે. એ જોઈને બહુ રાજી થાય છે. અને જોતજોતાંમાં હવે આ મંદિર

પણ વહેલી તકે સારી રીતે સર્વોપરિ થઈ જાય. જે કામકાજ ચાલે છે તે એકદમ નિર્વિઘ્ન ને ટાઈમસર પૂરું થઈ જાય અને બધે જયજયકાર થઈ જાય ને બધાને દર્શન થાય, એ મહારાજ-સ્વામીને પ્રાર્થના છે.

આ કોના માટે કરીએ છીએ? આપણું તો એક જ લક્ષ્ય છે કે ભગવાન રાજી થાય એ માટે કરીએ છીએ. કોઈ પોતાની પ્રશંસા થાય, પોતાની મહત્તા વધે એટલા માટે કેટલાંક આવાં સ્મારક થતાં હોય છે, પણ આપણે તો એક જ છે કે ભગવાન રાજી થાય. અને ભગવાન ભળ્યા છે ને આપણાં કામ સહેલાઈથી થાય છે. આ કામ સામાન્ય નથી, ભગીરથ કાર્ય કહેવાય.

અમેરિકાનું અક્ષરધામ વહેલી તકે થાય, સારી રીતે થઈ જાય, વ્યવસ્થિત થઈ જાય, સંપૂર્ણ થઈ જાય અને એનું ઉદ્ઘાટન પણ ધામધૂમથી થઈ જાય. હજારો-લાખો માણસો એનો લાભ લે અને દુનિયાના તમામ નાના મોટા માણસો, અને બધાં દર્શન કરે ને સર્વનું કલ્યાણ મહારાજ કરે એ પ્રાર્થના. બધાનો ઉમંગ-ઉત્સાહ-સેવા છે એ જોઈ મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ એ બધા રાજી થાય છે.'

આ શિલા મહોત્સવ પૂરો થયા પછી બે-ચાર દિવસ પછી સ્વામીશ્રીએ અભયસ્વરૂપદાસ સ્વામીને કહ્યું, 'જુઓ, આપણે વહેલા આવ્યા તો કેટલું સરસ થયું! જે હરિભક્તો દાખડો કરીને અમેરિકાથી આવ્યા એ બધાને કેવો આનંદ અને સંતોષ થયો?!!'

તા. ૬-૧૦-૨૦૧૧ના રોજ અક્ષરધામના સર્જન માટેના સ્વામીશ્રીના ઉત્સાહનું પુનઃ એક મોજું સૌને અનુભવાયું. ભારતમાં સ્વામીશ્રીએ પૂજેલી શિલાઓનો ન્યાસ-સ્થાપનવિધિ આજે અમેરિકામાં અક્ષરધામ મહામંદિરની ભૂમિ પર થઈ રહ્યો હતો. સ્વામીશ્રી ભારતમાં મુંબઈ ખાતે રહ્યા રહ્યા આધુનિકતમ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી અમેરિકામાં આ વિધિમાં ભાગ લઈ રહ્યા હતા. અમેરિકામાં બેઠેલા હરિભક્તો સ્વામીશ્રીને ત્યાં નીરખી શકતા હતા અને સ્વામીશ્રી એમને અહીં નીરખી શકતા હતા. આ પ્રસંગે સ્વામીશ્રી અતિ આનંદ અને ઉત્સાહથી થનગનતા હતા. એક જ અવસરમાં તેમણે બબ્બે વખત આશીર્વર્ષા કરી અને બોલી ઊઠ્યા: 'અમેરિકામાં અક્ષરધામમાં આખી દુનિયાના માણસો જોવા આવશે એ બધાનું કલ્યાણ થાય. આજે અને ભવિષ્યમાં પણ જે સેવા કરશે એ સૌનું અમારે કલ્યાણ કરવાનું છે. એ બધા સુખિયા થાય એ પ્રાર્થના મહારાજને કરીએ છીએ. હરિભક્તોનો ઉત્સાહ ૧૦૦% છે, સવા સો ટકા પણ છે. દરેક પોતાનું કાળજું કાઢીને આપતા હોય. પોતાની સંપત્તિ-મિલકત એ બધું સમર્પણ કરી દીધું છે. એટલે સારું પણ થશે ને સુખિયા પણ થવાશે. એટલે મોળી વાત કરવી નહીં. મોળા વિચાર કરવા નહીં. બધા બળ રાખજો, હિંમત રાખજો. પ્રાર્થના કરી છે.' આમ, સ્વામીશ્રીએ આશીર્વાદ-વર્ષાથી સૌને ધન્ય કરી દીધા.

તા. ૨૨-૦૭-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે બિરાજતા સ્વામીશ્રીએ રોબિન્સવિલના શિખરબદ્ધ મંદિરની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠાવિધિ કરી એ પણ એક ઐતિહાસિક અવસર બની ગયો. આ પ્રસંગે અમેરિકાથી આવેલા ચુનંદા હરિભક્તો ઉપરાંત પંદર હજારથી વધારે સ્થાનિક હરિભક્તો ઉપસ્થિત હતા. પ્રાણપ્રતિષ્ઠા વિધિ ઉત્સાહથી સંપન્ન કર્યા બાદ તેમણે સામેથી આશીર્વાદ આપવાની ઇચ્છા દર્શાવી. સ્વામીશ્રી અસ્વસ્થ હતા, સતત પલ્સ મપાતી હતી છતાં આશીર્વચનની અદ્ભુત અમીવર્ષા કરી. સ્વામીશ્રીનો અવાજ શરૂઆતમાં સ્વસ્થ હતો, પરંતુ જેમ જેમ બોલતા ગયા એમ હાંફ ચડતો ગયો અને અવાજ પણ દબાતો ગયો. તો પણ દશ મિનિટ સુધી સ્વામીશ્રીએ સૌ ઉપર આશીર્વાદ વરસાવ્યા.

વાત એટલાથી જ ન અટકી. તેઓ છૂટાછવાયા પ્રસંગોએ આ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં અમેરિકામાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહેવા માટે સંતો-હરિભક્તોના પ્રશ્નોના જવાબરૂપે એંધાણ આપતા હતા, પરંતુ ૨૦૧૩ના ઑગસ્ટ પછી એમના સ્વાસ્થ્યની અતિશય વિપરીતતા વચ્ચે કોઈ કલ્પના કરી શકે તેમ નહોતું કે હવે ક્યારેય તેઓ અમેરિકા પધારશે. પરંતુ જાણે ચમત્કાર થયો હોય તેમ સ્વાસ્થ્યની લીલાને પડતી મૂકીને તેઓ ૨૦૧૪ના ઑગષ્ટમાં અમેરિકા પધાર્યા! અમેરિકામાં આવીને તેમણે સેવા-સમર્પણ કરનારા હજારો હરિભક્તો પર કૃપાવૃષ્ટિ કરી, રોજ બે-બે કે ત્રણ-ત્રણ વખત સૌની વચ્ચે આવીને સૌને અપાર પ્રોત્સાહિત કર્યા, વારંવાર રોબિન્સવિલના શિખરબદ્ધ મંદિરમાં પધારીને કલાકો સુધી રસપૂર્વક નિહાળ્યું અને અપાર પ્રસન્નતા વરસાવી અને અક્ષરધામના નિર્માણને અનેકશઃ વેગ આપી દીધો.

રોબિન્સવિલના મંદિરને નીરખતાં કામચલાઉ રાખેલો એકાદ લબડતો વાયર પણ તેમની ચકોર નજરમાંથી છટકી ન શક્યો. મંદિરના મંડોવરમાં ભરચક નકશી કામ વચ્ચે નીચેના થરોમાં નાના-નાના હાથીઓની હારમાળા જોઈને તેઓ મંદ મંદ હસી રહ્યા હતા. સંતોએ પૂછ્યું ત્યારે કહે: 'આ હાથીઓ આટલા મોટા મંદિરનો ભાર ખમી શકશે?' એમની 'સેન્સ ઑફ હ્યુમર' તો સૌને સ્પર્શી ગઈ, સાથે સાથે પ્રમાણભાનની કુશળતા પણ સ્પર્શી ગઈ. મંદિરના એક ખૂણે રહેલા ચિત્રમાં સાધુઓની ભીડ વચ્ચે છોગલાધારી એક સંતનું ચિત્ર જોતાં તેઓ બોલી ઊઠ્યા: 'ગોપાળાનંદ સ્વામી સરસ લાગે છે.'

માત્ર મંદિર નહીં, અક્ષરધામ પરિસરની ચારેય તરફ તેઓ ઘૂમી વળ્યા. અક્ષરધામ પરિસરની બહારના માર્ગો પર



**સ**ન ૨૦૧૪માં ૯૩ વર્ષની ઉંમરે અમેરિકા પધારીને સ્વામીશ્રીએ મહંત સ્વામીજીની સાથે અક્ષરધામ મહામંદિરના ભૂમિતલ પર નિધિકુંભ રોપ્યો ત્યારે અક્ષરધામના નિર્માણનું કાર્ય સંભાળી રહેલા સંતો-ભક્તો સાથે પ્રસન્નતાભરી મુદ્રામાં સ્વામીશ્રી...

પણ તેઓ દૃષ્ટિ કરી આવ્યા. તેઓ એટલા બધા ઉત્સાહમાં હતા કે ભારતથી અમેરિકાની લાંબી મુસાફરી પછી આ ઉંમરે પણ એમને જેટલેગ તો ન નડ્યો, પરંતુ તે ઉપરાંત કલાકોના કલાકો સુધી જાગતા રહ્યા. બહાર ખૂબ લાભ આપ્યા પછી પણ પોતાના નિવાસમાં રહ્યા રહ્યાય એમનું હૃદય હરિભક્તોની વચ્ચે બહાર રમતું રહ્યું. આ વિશાળ પ્રોજેક્ટમાં સેવા આપનાર એક એક ભક્ત પ્રત્યે સ્નેહથી છલકાતું રહ્યું. અક્ષરધામ પરિસરના સમગ્ર પ્રોજેક્ટમાં નિર્માણકાર્યની ખૂબ મોટી જવાબદારી સંભાળનાર 'સાચી' કંપનીના સૂત્રધાર રોહિતભાઈને જોતાં જ તેમના પર સ્નેહભરી પ્રસન્નતા વરસાવી, તો આ જમીન શોધવામાં દોઢ દોઢ વર્ષનો ભોગ આપનાર સુનીલ સુથાર જેવા યુવકોને પણ ધન્ય કર્યા. ડૉ. હેમંતભાઈ પટેલ, રાજનભાઈ પટેલ, મયંકભાઈ પટેલ, ભરતભાઈ પટેલ વગેરે અહોરાત્ર સેવા કરનારા અનેકને સ્વામીશ્રીએ નજરનાં અમૃત પાઈને ધન્ય કરી દીધા. અને સેવા માટે જ જીવન સમર્પિત કરી દેનાર સંતો પર તેમના રાજીપાનો અભિષેક અવિરત થતો રહ્યો. મંદિર મહોત્સવમાં અને અક્ષરધામ પરિસરના નિર્માણમાં અનેકવિધ સેવાઓનો બોજ ઉપાડનાર સંતો નીલકંઠસેવાદાસ સ્વામી, વિવેકનિધિદાસ સ્વામી, ચૈતન્યમૂર્તિદાસ સ્વામી, હરિદર્શનદાસ સ્વામી, મંગલસ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સૌ સંતો પર વાત્સલ્યસભર કૃપા વરસાવતા સ્વામીશ્રીનો દિન દિન બઢત સવાયો ઉત્સાહ સૌ કોઈને અનુભવાતો હતો.

સ્વામીશ્રીએ અક્ષરધામ મહામંદિરના ભૂમિતલ પર પધારીને પોતાના અનુગામી મહંત સ્વામીજીને સાથે રાખીને ભૂમિતલ પૂજન કર્યું અને ભૂમિમાં નિધિકુંભ રોપીને જાણે સંદેશ આપી દીધો કે હવે આ બીજ મહંત સ્વામીજીની નિશ્રામાં મહોરાવજો. તે પળે સ્વામીશ્રીનો ઉત્સાહ સૌનાં હૃદયને પણ ઉત્સાહથી છલકાવી ગયો.

અમેરિકામાં અક્ષરધામ રચવાના સ્વામીશ્રીના દિવ્ય ઉત્સાહની આવી તો અનેક પળો ઇતિહાસમાં શાશ્વત બનીને થીજી ગઈ છે. એ પ્રત્યેક પળ એક ચિરંતન સંદેશ આપતી રહી કે અક્ષરધામ સર્વોપરિ બનશે. આ અક્ષરધામ મહામંદિર, એના આર્ષદ્રષ્ટા સર્જક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય પરાભક્તિનું એક અજોડ ચિહ્ન બની રહેશે, માનવ માત્રના કલ્યાણની એમની પવિત્ર ભાવનાઓનું ભવ્ય ગાન બની રહેશે, એમના રોમે રોમમાં છલકાતી ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મનો ચિરંતન ઉત્સવ બની રહેશે.

અક્ષરધામના સર્જક જ નહીં, પરંતુ સાક્ષાત્ અક્ષરધામના સ્વરૂપ સમાન એ દિવ્ય ગુરુદેવનાં ચરણોમાં કોટિ કોટિ વંદન... ◆



સેવા, સમર્પણ અને ભક્તિનાં પુષ્પો પર ખાણોથી અક્ષરધામ સુધી

# પથ્થરોની યાત્રા





૧૯ લાખ ઘનફૂટ પથ્થર, પથ્થરના હજારો મહાકાય ટુકડાઓ, યુરોપથી ભારત અને ભારતથી અમેરિકાનું ૧૨,૫૦૦ માઇલોનું અંતર, હજારો કન્ટેનરોની આવન-જાવન, ૨૬ વર્કશોપમાં ૮,૦૦૦ કારીગરોનો સમુદાય, હજારોની સંખ્યામાં જટિલ તથા સૂક્ષ્મ ડિઝાઇનો તથા શિલ્પોનું ઘડતર, રાજસ્થાનમાં ધરતી સળગાવી દે તેવી સખત ગરમી અને ગાત્રો થિજાવી દે તેવી સખત ઠંડી, અમેરિકામાં પણ ઋતુઓની અતિ વિચિત્રતા, કાતિલ બરફ-વર્ષાથી લઈને ઝંઝાવાતો અને વાવાઝોડા સાથે વરસાદ કે ગરમીનો પણ પ્રકોપ, કાયદા-કાનૂનની અનેક મર્યાદાઓ...

આમ છતાં, માત્ર ૫-૭ વર્ષમાં આ વિરાટ કાર્ય અનેક વણકલ્પ્યાં વિઘ્નો વચ્ચે પૂર્ણ કરવાનું! આ કાર્ય ખરા અર્થમાં કલ્પનાતીત હતું, છતાં શક્ય બન્યું, કેવી રીતે? ટૂંકમાં કહી શકાય કે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રાત-દિવસ, ઠંડી-ગરમી કે થાક-સ્વાસ્થ્યની પરવા કર્યા વિના સેવા કરનારા બી.એ.પી.એસ. સંસ્થાના સંતો-સ્વયંસેવકોના અવિશ્વસનીય ઉત્સાહ અને સખત પરિશ્રમથી આ શક્ય બન્યું. પરિણામે વિવિધ પ્રક્રિયામાંથી પસાર થયેલો પથ્થરનો એક એક ટુકડો પશ્ચિમમાં પૂર્વના રાજદૂત તરીકે આજે સેવા આપી રહ્યો છે. આવો, નજર કરીએ એ જટિલ પ્રક્રિયાની એક યાત્રા પર... અક્ષરધામના નામકરણ અને સંકલ્પથી લઈને તેની વિરલ સર્જનકથા પર...

## મહામંદિરનું નામકરણ અને મંગલ ભાવના

ઉપનિષદો, ભગવદ્ ગીતા, બ્રહ્મસૂત્રો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત વર્ણવે છે કે અક્ષરધામ એક શાશ્વત, દિવ્ય, સુખમય સ્થાન છે, જ્યાં પરબ્રહ્મ પરમાત્મા પોતાના અનન્ય સેવક અક્ષરબ્રહ્મ અને અસંખ્ય અક્ષરમુક્તો સહિત સદા બિરાજે છે. સ્વામિનારાયણ અક્ષરધામ તે દિવ્ય અક્ષરધામની સ્મૃતિ અને પ્રતીતિ કરાવે છે. આ ભવ્ય મહામંદિરના પ્રેરણામૂર્તિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એટલા માટે જ આ મહામંદિરનું નામ અક્ષરધામ પસંદ કર્યું છે, જેથી આવનારી અનેક પેઢીઓને ભગવાનના એ દિવ્ય ધામનું અનુસંધાન નિરંતર રહે, જ્યાં મુક્તિ પામ્યા પછી આપણા આત્માનો શાશ્વત નિવાસ થવાનો છે.

રોબિન્સવિલ ખાતે નિર્મિત સ્વામિનારાયણ અક્ષરધામ એ પરબ્રહ્મના એ શાશ્વત દિવ્ય ધામનું સ્મરણ કરાવે છે, જે તમામ દુઃખોથી પર છે, જ્યાં દિવ્ય શાંતિ, દિવ્ય સુખ તથા દિવ્ય આનંદનો અખંડ અનુભવ થાય છે, જ્યાં ભગવાનના દિવ્ય સાંનિધ્ય તથા અને તેમની કૃપાનો અનુભવ થાય છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે અહીં આવનાર સૌનું જીવન દિવ્ય બને, પવિત્ર પ્રેરણા અને શાંતિથી યુક્ત બને તેવી ભાવના સાથે આ તીર્થધામનું નિર્માણ કર્યું છે.

## યોગ્ય જમીનની ખોજ, સન ૧૯૯૭ થી ૨૦૦૭

સન ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજે સૌ પ્રથમ વખત અટલાદરા ખાતે બી.એ.પી.એસ. સંસ્થાના અગ્રણી સંતો અને અમેરિકાના હરિભક્તો સમક્ષ ઇચ્છા વ્યક્ત કરી હતી કે અમેરિકાની ધરતી પર એવા ભવ્ય મહામંદિર અક્ષરધામનું નિર્માણ કરવું છે, જ્યાં કોઈપણ સંકોચ સિવાય સૌ કોઈ દર્શને આવી શકે, જ્યાં આવનાર સૌ કોઈને ભારતીય સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મનું ગૌરવ થાય, સૌને જીવનઘડતરની પ્રેરણાઓ મળે, સૌને શાંતિ અને ભગવાનની દિવ્યતાનો અનુભવ થાય

અક્ષરધામના નિર્માણનો માત્ર આ સંકલ્પ જ નહીં, પરંતુ પ્રચંડ પુરુષાર્થ પણ શરૂ કર્યો પ્રમુખસ્વામી મહારાજે. પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૮માં અક્ષરધામ માટે યોગ્ય જમીન શોધવાનો આરંભ કર્યો હતો. તેમના માર્ગદર્શન મુજબ સંસ્થાના સંતો અને સ્વયંસેવકોએ જમીનની એ શોધયાત્રા સતત એક દાયકા સુધી કરી. આ દરમિયાન ઘણા પડકારો, અવરોધો, નિષ્ફળતાઓ અને મુશ્કેલીઓનો સિલસિલો ચાલુ રહ્યો. સન ૨૦૦૪માં પ્રમુખસ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ, ન્યૂજર્સી રાજ્યમાં એક જમીન સંપાદિત કરવામાં આવી, પરંતુ તેમાં અનેક પડકારો આવ્યા. આથી અક્ષરધામ ટીમે ૩૨૦થી વધુ અલગ-અલગ જમીનોની શોધ કરી. ૨૦૦૭માં ઈશ્વરચરણદાસ સ્વામી અને અક્ષરધામ ટીમે રોબિન્સવિલ ટાઉનશિપમાં એક ભૂમિ પસંદ કરી, જ્યાં સોયાબીન અને મકાઈની ખેતી થતી હતી. ફોટોગ્રાફ, વીડિયો અને નકશા પર જોઈને પ્રમુખસ્વામી મહારાજે એ ભૂમિ પર મંજૂરીની મહોરછાપ મારી આપી. સન ૨૦૦૮માં જમીન ખરીદવાની પ્રક્રિયા શરૂ થઈ. અને જેમ કમળનું ફૂલ ધીમે ધીમે ખીલે છે તેમ અક્ષરધામ સંકુલની વિભાવના, ડિઝાઇન અને આર્કિટેક્ચરનો સમયાંતરે વિકાસ થયો. આ એક એવી યાત્રા હતી, જેનાં મધુર ફળ આવનારા અનેક યુગો સુધી મળવાનાં હતાં, જે આ યુગના મહાન સંત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના મહાન સંકલ્પની પ્રતીતિ કરાવતી હતી. આજે, આ ભવ્ય પરિસર સુંદરતા અને પવિત્રતાનો અનુભવ કરાવી રહ્યું છે.

## દિવ્ય પ્રેરણા જ આપે છે માર્ગદર્શન

અક્ષરધામના નિર્માણમાં જોડાયેલા સૌ કોઈને વારેવારે એક અનુભવ થયો હોય તો તે એ હતો કે પ્રત્યેક ક્ષણે દિવ્ય







સન ૨૦૦૭માં પ્રથમ દૃષ્ટિએ જ યોગ્ય લાગેલી રોબિન્સવિલની ભૂમિ પર ઈશ્વરચરણ સ્વામી અને સંતમંડળે પ્રાર્થના કરી, બીજા વર્ષે સંતમંડળે એ ભૂમિ પર થોડી જ પળોમાં માસ્ટર પ્લાનનું મહત્ત્વનું સોપાન સિદ્ધ કર્યું ત્યારે દિવ્ય પ્રેરણાનો અનુભવ થયો.

પ્રેરણા અહીં માર્ગદર્શન આપતી રહી હતી. સન ૨૦૦૮માં અક્ષરધામના વિશાળ પરિસર માટે સંપાદિત થનારી ૧૮૫ એકર જમીન માટે માસ્ટર પ્લાન બનાવવાનો પડકાર અસાધારણ લાગતો હતો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી આ અંગે વિમર્શ કરવા માટે, ભારતમાંથી અક્ષરધામની ડિઝાઈન ટીમના ત્રણ સંતો રોબિન્સવિલ પહોંચ્યા હતા. સોયાબીન અને મકાઈનાં ખેતરોમાં એક ખૂણે સંતો બેઠા અને જમીનનો નકશો લઈને ચર્ચા કરવા લાગ્યા. તેઓએ પ્લોટની પશ્ચિમ બાજુએ, ઊંચા વૃક્ષોની સ્કાયલાઈન જોઈ, અને વચ્ચે જાણે ભગવાનનાં પવિત્ર ચરણ જેવા આકારની ભૂમિ જોઈ.

સંતો અને માસ્ટર પ્લાન બનાવવાની સેવા કરી રહેલા શ્રીજીસ્વરૂપદાસ સ્વામી વચ્ચે વિમર્શ થયો, શ્રીજીસ્વરૂપદાસ સ્વામીએ સૂચવ્યું, ‘આ ખૂણામાં પૂર્વ દિશામાં મહામંદિર સારું લાગશે.’ યોગાનુયોગ, બાકીના સંતોએ મનોમન જે કલ્પના કરી હતી તે પણ બરાબર એ જ રીતે હતી. સૌનાં મન અને વિચાર એક થઈ ગયાં. અને માત્ર દસ મિનિટમાં, માસ્ટર પ્લાનિંગમાં મહામંદિરનું ઓરિએન્ટેશન (દિશા નિર્ધારણ) સેટ થઈ ગયું, પરિણામે આસપાસનાં અન્ય ભવનોની ગોઠવણીનું કાર્ય સરળ થઈ ગયું

આ પ્રથમ દસ મિનિટ દિવ્ય પ્રેરણાનો જ જાણે એક ચમત્કાર હતો. માસ્ટર પ્લાનના આ મહત્ત્વપૂર્ણ નિર્ણય પછી અમેરિકન આર્કિટેક્ટ કંપની અને સ્થાનિક નિષ્ણાતો દ્વારા આખરી યોજના તૈયાર કરવામાં થોડો સમય લાગ્યો. પરંતુ એ બધું ઘરેણાં વડે એક સુંદર શરીરને વધુ સુશોભિત કરવાના પ્રયત્નો જેવું હતું. માસ્ટર પ્લાનિંગ પ્રક્રિયાનો એક આવશ્યક ભાગ, જે માટે વિપુલ માત્રામાં સમય જાય, તે અહીં દિવ્ય પ્રેરણાથી થોડી જ મિનિટોમાં પૂર્ણ થઈ ગયો.

### પ્રાચીન શાસ્ત્રો પર આધારિત જીવંત પરંપરા

પ્રમુખસ્વામી મહારાજે ઈચ્છા દર્શાવી હતી કે શાસ્ત્રોની

પરંપરા અનુસાર અક્ષરધામ મહામંદિરની રચના કરવી છે.

હિન્દુ સ્થાપત્ય શાસ્ત્રો કલા અને તકનિકી કુશળતાનો ભંડાર છે. ઓછામાં ઓછાં ૧,૦૦૦ કરતાં વધારે વર્ષોથી આ શાસ્ત્રો મંદિરોની સુંદરતા, ભવ્યતા, સ્ટ્રક્ચરલ સ્થિરતા અને આધ્યાત્મિક પ્રભાવને કેન્દ્રમાં રાખીને મંદિર-નિર્માણનું માર્ગદર્શન આપે છે. આ શાસ્ત્રીય પરંપરાને અનુસરીને રચવામાં આવેલા સ્વામિનારાયણ અક્ષરધામમાં ઉત્તર-પશ્ચિમ ભારતની નાગર શૈલીનો પ્રભાવ સવિશેષ નીરખવા મળે છે. આ પ્રાચીન શૈલી ૧૧મી અને ૧૨મી સદીમાં મોઢેરા અને ખજૂરાહોથી લઈને ૧૫મી સદીમાં દેલવાડા અને દ્વારકાધીશનાં મંદિરો સુધી નીરખવા મળે છે.

શાસ્ત્રોની પરંપરા પ્રમાણે પથ્થરમાંથી રચાયેલાં હિન્દુ મંદિરો છેલ્લાં દોઢ હજાર કરતાં વધુ વર્ષોથી દિવ્યતા અને ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ બની રહ્યાં છે. સ્વામિનારાયણ અક્ષરધામ એ આ ભક્તિમય મંદિર પરંપરાનું એક વિશિષ્ટ ઉદાહરણ છે, જે હિન્દુ શાસ્ત્રીય પરંપરા મુજબ, પ્રાચીન ભારતીય સ્થાપત્ય સિદ્ધાંતો અને આધુનિક એન્જિનિયરિંગના સંયોજન સાથે વિશ્વની એક અજાયબી બની રહ્યું છે. સેંકડો વર્ષોની કસોટી પર કસાયેલી શાસ્ત્રીય ડિઝાઇન પ્રમાણે રચાયેલી એક શ્રેષ્ઠ કૃતિ છે – આ અક્ષરધામ મહામંદિર. અક્ષરધામ મહામંદિરની બ્લૂપ્રિન્ટ વિવિધ પ્રાચીન શાસ્ત્રોના આધારે રચવામાં આવી છે, જેમાં અપરાજિતપૃચ્છા, સમરાંગણ સૂત્રધાર, પ્રાસાદમંડન અને દીપાર્ણવ વગેરે શાસ્ત્રોનો સમાવેશ થાય છે.

## પુષ્ય નક્ષત્ર અને અક્ષરધામની રચનાનું સંયોજન

હિન્દુ મંદિર-વિજ્ઞાન એક સમૃદ્ધ દાર્શનિક વિચારને કેન્દ્રમાં રાખીને રચાયું છે. સનાતન ધર્મનાં શાસ્ત્રો કહે છે કે અનંત કોટિ બ્રહ્માંડોના સમ્રાટ પરમાત્મા છે અને મંદિર તેમનું ધામ એટલે કે પ્રાસાદ અથવા મહેલ છે. એટલે જ, ભારતીય ઋષિઓ માનતા હતા કે મંદિર અને બ્રહ્માંડ વચ્ચે પ્રતીકાત્મક સંબંધ હોવો જોઈએ. એ સંબંધ સ્થાપિત કરવા માટે શાસ્ત્રો એક વિશિષ્ટ પદ્ધતિ અપનાવીને મંદિરનાં પરિમાણો નક્કી કરે છે.

પરંપરાગત હિન્દુ શાસ્ત્રો મંદિરનું પરિમાણ નક્કી કરવા માટે જુદી જુદી દિશા મુજબ, બ્રહ્માંડના પ્રતીક રૂપે ચોક્કસ નક્ષત્રો પસંદ કરવાનું સૂચવે છે. જે દિશામાં મંદિરનું મુખ હોય એ દિશાના યોગ્ય નક્ષત્ર પસંદ કરીને તેના આધારે, શાસ્ત્રે સૂચવેલા ગણિત મુજબ ગર્ભગૃહનું માપ, બે સ્તંભો વચ્ચેનું અંતર, મંદિરની ઊંચાઈ વગેરે શ્રેષ્ઠ પરિમાણો નક્કી કરવામાં આવે છે.

આ પરંપરાને અનુસરીને અક્ષરધામ મહામંદિરનું પ્રમાણ-માપ નક્કી કરવામાં આવ્યું છે. અક્ષરધામ પૂર્વ દિશા તરફ મુખ રાખીને રચવામાં આવ્યું છે, આથી પૂર્વ દિશાના સૌથી પવિત્ર 'પુષ્ય' નક્ષત્રની પસંદગી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મ પણ આ જ નક્ષત્રમાં થયો છે, જે તેનું વિશેષ મહત્ત્વ દર્શાવે છે. પ્રમુખસ્વામી મહારાજે આપેલા આશીર્વાદ અને માર્ગદર્શન મુજબ 'પુષ્ય' નક્ષત્રને અનુસરીને શાસ્ત્રીય પદ્ધતિથી અક્ષરધામ ટીમ દ્વારા મહામંદિરનાં દરેક પરિમાણ અને કદ કાળજીપૂર્વક નક્કી કરવામાં આવ્યાં. અને એટલે આજે આ ભવ્ય મહામંદિરમાં પ્રવેશતાં સૌ કોઈને તેનાં પ્રમાણ, માપ અને સુંદરતામાં દિવ્યતા અનુભવાય છે.

## ત્રણ વર્ષની ડિઝાઇન પ્રક્રિયા

અક્ષરધામની ડિઝાઈન અંગે પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજે ત્રણ નિર્ણાયક મુદ્દાઓ સૂચવ્યા હતા, જેના આધાર ઉપર સ્વામિનારાયણ અક્ષરધામની ડિઝાઈન નિર્ધારિત કરવામાં આવી છે.

૧. ભગવાન સ્વામિનારાયણ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજે નાગર શૈલીમાં મંદિરો બનાવ્યાં હતાં, તેવી જ રીતે અક્ષરધામની રચના શાસ્ત્રની પરંપરા મુજબ નાગર શૈલીની કરવી.

૨. સુંદર અને કલાત્મક કોતરણી સાથે પથ્થરમાંથી અક્ષરધામની રચના કરવી, જે આવનારી અનેક પેઢીઓને ભક્તિ, સમર્પણ, સદાચાર અને સંવાદિતા જેવાં મૂલ્યોની પ્રેરણા આપે.

૩. હજારો આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ હરિભક્તોની ભક્તિ અને સ્વયંસેવકોનાં સેવા-સમર્પણના આધાર પર આ અક્ષરધામનું નિર્માણ કરવું.

તેઓના આ માર્ગદર્શન મુજબ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના નેતૃત્વમાં શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, ભક્તિ-નંદનદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી વગેરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતોની ડિઝાઈન-ટીમે મહામંદિરની ડિઝાઈનમાં સેવાઓ આપી. સંતોના માર્ગદર્શન મુજબ મહામંદિર માટે કન્સેપ્ટ ડ્રોઈંગ્સ બનાવવામાં આવ્યાં. તેમાંથી એક ડિઝાઈન પર પ્રમુખસ્વામી મહારાજની પસંદગી ઊતરી અને તે મુજબ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ૨૦૧૧માં અક્ષરધામ મહામંદિરના શિલાપૂજન અને શિલાન્યાસનો વિધિ કરવામાં આવ્યો. ૨૦૧૨માં પરંપરાગત મહાશિખર, ઉપ શિખરો, વિવિધ મંડપ અને મહામંડપો સાથે મહામંદિરની







સન ૨૦૦૯માં દિલ્હીમાં પ્રાથમિક નકશાઓને નીરખતા પ્રમુખસ્વામી મહારાજે અનેક વાર કલાકો સુધી વિમર્શ કર્યો અને મહત્ત્વના નિર્ણયો આપ્યા. સન ૨૦૧૨માં મહામંદિરની અંતિમ ડિઝાઇન પર પુષ્પો પધરાવીને તેઓએ જાણે તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી દીધી...

ફરીથી ડિઝાઈન કરવામાં આવી, જેને પ્રમુખસ્વામી મહારાજે નીરખી, પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ સાથે નિર્ણય આપી તે મુજબ અક્ષરધામનું નિર્માણ કરવા માટે આદેશ આપ્યો. નવી ડિઝાઈનમાં મહામંદિરની એક જ ઈમારતના ભાગરૂપે ૧૨ ઉપ ગર્ભગૃહ, એક મુખ્ય ગર્ભગૃહ, ત્રણ મંડોવર, વિશાળ જગતી, ૫૪૮ સ્તંભો, ૯ શિખરો, ૯ મહા મંડપો અને ૨૩૫ ઉપ-મંડપોનો સમાવેશ કરવામાં આવ્યો. હિન્દુ મંદિર પરંપરામાં આ પ્રકારની રચના સર્વપ્રથમ વખત પ્રયોજવામાં આવી છે.

ત્રણ વર્ષની ડિઝાઈન પ્રક્રિયામાંથી પસાર થઈને શાસ્ત્રીય નાગર શૈલી મુજબ એક મૌલિક અને અપૂર્વ ડિઝાઈન સાથે, અદ્‌ભુત વિષયવસ્તુ, નકશીકામ, રૂપકામ, અને ભવ્ય શિખરો સાથે રચાયેલું આ અક્ષરધામ મહામંદિર આવનારી સદીઓ સુધી દર્શનાર્થીઓને અનોખા આહ્‌લાદ અને પવિત્ર પ્રેરણાઓની અનુભૂતિ કરાવશે.

## સ્થાનિક હવામાન માટે યોગ્ય પથ્થરોની પસંદગી

અક્ષરધામના નિર્માણ માટે યોગ્ય પથ્થરની પસંદગી કરવી એ પણ નિર્માણ-પ્રક્રિયાનો એક મહત્ત્વનો મુદ્દો હતો. પ્રાચીન હિન્દુ શાસ્ત્રો આદેશ આપે છે કે જે પ્રદેશમાં મંદિરનું નિર્માણ કરવાનું હોય તે પ્રદેશનો પથ્થર જ મંદિર-નિર્માણ માટે પસંદ કરવો જોઈએ અથવા તો તેવા જ હવામાનવાળા પ્રદેશના યોગ્ય તાકાતવાળા પથ્થરોથી જ મંદિરનું નિર્માણ કરવું જોઈએ. રોબિન્સવિલ માટે આ બાબત એક મોટા પડકાર સમી હતી. કારણ કે અહીં હવામાન-તાપમાનમાં ઘણો વિરોધાભાસ જોવા મળે છે. ન્યૂજર્સી રાજ્યના રેકોર્ડ મુજબ અહીં માઈનસ ૧૫ ડિગ્રીથી ૧૧૦ ડિગ્રી ફેરનહીટ સુધી તાપમાન નોંધાયું છે. વળી, અહીં તાપમાનમાં વધારો કે ઘટાડો બહુ જ ઓછા સમયમાં થાય છે. તાપમાનનાં આ પરિવર્તનોને કારણે પથ્થરમાં વિકાસ અને સંકોચનની પ્રક્રિયા વારંવાર થવાથી તેમાં

નુકસાન થઈ શકે છે. તેથી આ સ્થિતિ સહન કરી શકે તેવા પથ્થરની પસંદગી કરવી જરૂરી હતી. આ ઉપરાંત મહામંદિરના વિરાટ કદ માટે ઉપરોક્ત હવામાનમાં ટકી શકે તેવી યોગ્ય તાકાતવાળો પથ્થર મોટી સાઇઝમાં અને વિપુલ માત્રામાં ખૂબ ઓછા સમયમાં ખાણમાંથી મેળવવો તે સૌથી મોટો પડકાર હતો.

આ માટે વિવિધ પ્રકારના પથ્થરો વિશે વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો. આખરે, બલ્ગેરિયન અને ટર્કિશ ખાણોનો લાઈમ સ્ટોન, ટર્કિશ માર્બલ અને ગ્રીસના થાસોસ માર્બલની પસંદગી કરવામાં આવી. આ પથ્થરો મહદ્ અંશે રોબિન્સવિલ જેવી જ આબોહવામાંથી ઉદ્ભવે છે. યુરોપ તથા યુ.એસ.એ.ની પ્રસિદ્ધ લેબોરેટરીમાં આ પથ્થરોની મજબૂતાઈ અને વજન ખમવાની ક્ષમતા (structural and flexural strength) અંગે પરીક્ષણ કરવામાં આવ્યું. યોગ્ય પરિણામ મળતાં યુ.એસ.એ.ના સ્થાનિક સરકારી વિભાગો તથા નિષ્ણાત સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ દ્વારા આ પથ્થર માન્ય રાખવામાં આવ્યો. પરિણામે એવું નિર્ધારિત થયું કે અક્ષરધામ મહામંદિરનું બહારનું કવચ બલ્ગેરિયન કે ટર્કિશ લાઈમ સ્ટોનમાંથી કરવું અને અંદરના સ્તંભોથી લઈને છત સુધીનું બધું જ ગ્રીસના થાસોસ માર્બલમાંથી કરવું.

આ ઉપરાંત, મહામંદિરના કંઠમાં સુંદર પુષ્પહાર પહેરાવવામાં આવ્યો હોય એ રીતે પથ્થરમાંથી મંદિરની ચારે તરફ પરિક્રમા પણ રચવાની હતી. સાથે સાથે આજુબાજુનાં અન્ય ભવનો પણ રચવાનાં હતાં. ૩૫ ફૂટ ઊંચી આ પરિક્રમા માટે, પૂર્વોક્ત યોગ્ય પરીક્ષણો સાથે ભારતમાંથી બંસીપહાડપુર(રાજસ્થાન)ના ગુલાબી પથ્થરની પણ પસંદગી કરવામાં આવી. આજુબાજુનાં ભવનો પર આ જ ગુલાબી પથ્થરનું કલાત્મક ચોટકકામ કરવાનું નિર્ધારિત થયું.

વળી, મહામંદિરના પ્રચંડ વજનને ઊંચકી શકે તેવી ગ્રાઉન્ડ ફ્લોરની જાડી દીવાલો, ભારેખમ સ્તંભો, કમાનો, છત વગેરે માટે તેમજ મહાશિખરની અંદરની જાડી દીવાલો રચવા માટે બિજોલિયા(રાજસ્થાન)ના મજબૂત પથ્થરનો ઉપયોગ કરવામાં આવ્યો. તે માટે જરૂર પડી ત્યાં જોધપુર અને બંસીપહાડપુરના ગુલાબી પથ્થરનો પણ વિનિયોગ કરવામાં આવ્યો.

પથ્થરની આ પસંદગીની પ્રક્રિયા પર મહોરછાપ મારી પ્રમુખસ્વામી મહારાજે અંતિમ નિર્ણય આપ્યો અને તેની કાર્યવાહી શરૂ થઈ ગઈ.

આમ, ઉપર વર્ણવેલા સ્ટ્રક્ચરલ પથ્થરો ઉપરાંત, લગભગ ૨૫થી વધુ પ્રકારના પથ્થરોને સુશોભન માટે કે ફ્લોરિંગ સામગ્રી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, જેમાં જુદા જુદા દેશોના માર્બલ, લાઈમ સ્ટોન, સેન્ડ સ્ટોન, ગ્રેનાઈટ અને ઓનિક્સ વગેરેનો સમાવેશ થાય છે. એ વિવિધ પથ્થરોનું અનોખું અને સુમેળભર્યું સંયોજન મહામંદિરને ખરેખર આકર્ષક અજાયબી બનાવે છે.

## સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ડિઝાઇન

પ્રમુખસ્વામી મહારાજની ઈચ્છા એક એવું મહામંદિર બનાવવાની હતી જે આવનારી અનેક સદીઓ સુધી લોકોને પ્રેરણા આપે. આ લક્ષ્ય હાંસલ કરવા માટે, નિષ્ણાતોએ ન્યૂજર્સીના સિસ્મોલોજિકલ ઝોનને ધ્યાનમાં રાખીને મહામંદિરના પાયાની કાળજીપૂર્વક રચના કરીને સુનિશ્ચિત કર્યું કે તે સમયની કસોટી સામે ટકી શકે તેટલું મજબૂત હશે. નિષ્ણાત સ્ટ્રક્ચરલ એન્જિનિયર શ્રી ગ્લેન કુસ્તેરા તેમજ સંસ્થાના સ્વયંસેવક એન્જિનિયરોએ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

નિર્માણનું સૌ પ્રથમ પગથિયું એટલે ફાઉન્ડેશન. અક્ષરધામનું ફાઉન્ડેશન કે પાયો બાંધવા માટે આધુનિક પાઇલ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં જમીનની અંદર ૫૦ થી ૮૦ ફૂટની ઊંડાઈના ૮૯૬ થાંભલાઓ(પાઈલ)નું જટિલ જાળું રચવામાં આવ્યું છે. આ થાંભલાઓ ૭૫ થી ૨૦૦ ટન સુધીનું વજન વહન કરવા સક્ષમ છે. થાંભલાઓના આ જાળાને એક જ મથાળાથી આવરી લેવા માટે કોંક્રીટનો ૪ ફીટ જાડો વિશાળ સ્લેબ રચવામાં આવ્યો છે. કુલ ૭,૨૦૦ ઘન મીટર વિસ્તારને આવરી લેતા આ વિરાટ સ્લેબ મહામંદિરની એક વિશાળ આધારશિલા તરીકે કામ કરે છે, જે મહામંદિરનું વજન ૧૦૦,૦૦૦થી વધુ ટન છે!

આધુનિક ટેક્નોલોજી અને પથ્થરમાંથી મંદિર નિર્માણની પ્રાચીન પરંપરાનો આ સમન્વય એ એન્જિનિયરિંગ ટેક્નોલોજીનું ખરેખર અદ્ભુત સોપાન છે.

પથ્થરની જટિલ કોતરણી, સ્તંભ-બીમ-છત-કમાનો વગેરે યુક્ત પથ્થરોનું જટિલ મહાકાય જાળું, પ્રાચીન શૈલીનું મહામંદિરનું માળખું એવા પાયા પર રચાયું છે જે આધુનિક એન્જિનિયરિંગના સિદ્ધાંતોને અનુસરે છે. પરિણામે મહામંદિર એક એવું વિરલ સ્થાપત્ય બની રહ્યું છે જે સદા સૌનાં હૈયે એક અમીટ છાપ અંકિત કરશે.

## આધુનિક અને પ્રાચીન ટેક્નિકનું મિશ્રણ...

અક્ષરધામ મહામંદિરનું નિર્માણ પથ્થરના લાખો ટુકડાઓ ગોઠવીને એવી રીતે કરવામાં આવ્યું છે, કે જેમાં







શાસ્ત્રીય પરંપરાને અનુસરીને પુષ્ય નક્ષત્ર મુજબ આખરી ઓપ અપાયેલા અક્ષરધામની ભૂમિ પર, ડો. કે. સી. પટેલ અને સંતોના હાથે પ્રથમ ટચકો વાગ્યો ત્યારથી પ્રતિષ્ઠા-વિધિ સુધી પ્રત્યેક પગલે વેદોક્ત વિધિપૂર્વક એક પછી એક સોપાનો સર કરાયાં...

કલાત્મક સ્તંભો, દીવાલ-મંડોવર, કમાનો, બીમ, છત, ઘુમ્મટ અને શિખરો-સામરણો વગેરે બધું જ દર્શનાર્થીઓને અત્યંત પ્રભાવિત કરે છે, પરંતુ આ બધાંની સાથે જે બાબત અક્ષરધામ મહામંદિરને ખરેખર અસાધારણ બનાવે છે તે છે – પ્રાચીન સાથે અર્વાચીન ટેક્નોલોજીનું કુશળ સંયોજન. પરંપરાગત ભારતીય પથ્થરકામમાં અદ્યતન મિકેનિકલ, પ્લમ્બિંગ, હીટિંગ, કૂલિંગ, લો-વોલ્ટેજ અને હાઈ-વોલ્ટેજ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને લાઈટિંગનું કુશળતાથી સંયોજન કરીને સંસ્થાના ઈજનેરોએ નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. અને તેમાં સૌથી વધુ નોંધપાત્ર છે – પથ્થર કામ સાથે આધુનિક સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનું સંયોજન.

સૌને સુવિદિત છે કે પરંપરાગત શૈલીમાં મંદિરોનું નિર્માણ એ એક એવું પરાક્રમ છે કે જેમાં લોખંડના સ્ટ્રક્ચરલ ઉપયોગ વિના, પથ્થરના ટુકડાઓને એકબીજા સાથે જોડીને ભવ્ય ઈમારત રચવામાં આવે છે. જીગ્સૉ પઝલ જેવી આ અનોખી બાંધકામ ટેક્નિકથી બંધાયેલાં હજાર વર્ષ પહેલાંનાં મંદિરો સમયની કસોટી વચ્ચે આજે હજાર વર્ષ પછી પણ અણનમ ઊભાં છે. અક્ષરધામ મહામંદિરનું બાંધકામ આ શૈલીને જ અનુસરે છે, પરંતુ પથ્થર પર પથ્થરનું વજન વહન કરવાની એ પ્રાચીન બાંધકામ શૈલી સાથે, અક્ષરધામ મહામંદિરમાં આધુનિક સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો પણ વિનિયોગ કરવામાં આવ્યો છે. તેનું કારણ છે - સ્થાનિક કાયદાકાનૂન અને ભૂકંપ ઝોન.

અક્ષરધામ જ્યાં રચાયું છે એ અમેરિકાના ન્યૂજર્સી રાજ્યને એક ધરતીકંપ ઝોન ગણવામાં આવે છે. અહીં આજે, કાલે કે ભવિષ્યમાં નાના મોટા ભૂકંપના આંચકાઓ આવી શકે છે. તેને ધ્યાનમાં રાખીને, ભૂકંપની કુદરતી આપત્તિ સામે મંદિરનું પથ્થરનું માળખું સુરક્ષિત રહે તે માટે પથ્થરના માળખાની ચારે તરફ કોંક્રીટ શિયરવૉલ







૯ શિખરો, ૯ મહામંડપો, ૧૨ ઉપ ગર્ભગૃહ અને ૧ મુખ્ય ગર્ભગૃહ વગેરે સાથેની મહામંદિરની ડિઝાઇન ૨૦૦૦ વર્ષના હિન્દુ સ્થાપત્ય ઇતિહાસના અર્ક સમી છે. પિંડવાડા ખાતે તેને સાકાર કરવામાં થઈ રહેલા પ્રચંડ પુરુષાર્થને નીરખતા ઈશ્વરચરણદાસ સ્વામી...

અને ડાયાફ્રામ સ્લેબનું એક મજબૂત કવચ રચવામાં આવ્યું છે. આધુનિક સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ અને પરંપરાગત મંદિર સ્થાપત્યનું આ સંયોજન, અને તે પણ આટલા વિશાળ કદમાં, એ ખરેખર એક દુર્લભ સિદ્ધિ છે.

ટૂંકમાં, મહામંદિર એ પ્રાચીન અને અર્વાચીન ટેક્નોલોજીના વિરલ વિવાહ સમું એક એવું ઉદાહરણ છે, જે એક કાલાતીત માસ્ટરપીસ તરીકે, રચનાત્મક ચતુરાઈના પુરાવા તરીકે હજાર વર્ષ સુધી સૌને પ્રેરણા આપતું રહેશે.

### મહામંદિરનાં અંગ-ઉપાંગોની વિશેષતાઓ

અક્ષરધામ મહામંદિર ઉત્તર-પશ્ચિમ ભારતની હિન્દુ મંદિર સ્થાપત્ય શૈલી એટલે કે નાગર શૈલીનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. ૧૯૧ ફૂટ ઊંચાઈ, ૨૫૫ ફૂટ પહોળાઈ અને ૩૪૫ ફૂટ લંબાઈ ધરાવતું વિશાળ અક્ષરધામ ફૂટપ્રિન્ટની દૃષ્ટિએ છેલ્લાં ૬૦૦ વર્ષોમાં પથ્થરમાંથી બાંધવામાં આવેલું સૌથી મોટું હિન્દુ મંદિર છે.

સુવિદિત છે કે પથ્થરના હિન્દુ મંદિર સ્થાપત્યનો વિકાસ એક નાના ચોરસ ખંડ - ગર્ભગૃહથી શરૂ થયો હતો. આધુનિક ઇતિહાસકારો નોંધે છે તે મુજબ પાંચમી સદીથી પથ્થરનાં મંદિરોના આર્કિટેક્ચરમાં આ એક ખંડમાંથી વિકાસ શરૂ થયો અને ધીમે ધીમે ઉત્ક્રાંતિ થઈ. પરિણામે એક ચોરસ ખંડના ગર્ભગૃહની સમક્ષ નવા મંડપ ઉમેરાયા. લગભગ ૫૦૦ વર્ષના સમય ગાળામાં, એટલે કે દસમી શતાબ્દી સુધીમાં તો મંદિરનું સ્થાપત્ય પૂર્ણ રૂપે વિકસી ગયું અને તેનાં દળદાર શાસ્ત્રો પણ રચાઈ ગયાં. છેલ્લાં એક હજાર વર્ષોથી એ શાસ્ત્રીય પરંપરા મુજબ મંદિરોનાં નિર્માણ આજપર્યંત થઈ રહ્યાં છે.

અક્ષરધામ મહામંદિર આ લગભગ દોઢ-બે હજાર વર્ષ પુરાણી સ્થાપત્ય પરંપરાનું એક એવું અભિનવ અને અજોડ ઉદાહરણ બની રહ્યું છે, જેમાં એક જ ઈમારતની છત નીચે ચારેય દિશાઓમાં સૌથી વધુ સંખ્યામાં ગર્ભગૃહો અને

મંડપો રચવામાં આવ્યાં છે. મહામંદિરમાં ૧૨ ઉપ ગર્ભગૃહ અને એક મુખ્ય ગર્ભગૃહ છે, જેની ઉપર ૯ શિખર-મહાશિખર તેમજ ૪૬ સામરણો મુગટની જેમ શોભે છે.

અક્ષરધામ મહામંદિરનો મુખ્ય માળ ૯ મહામંડપ અને તેનું ભોંયતળિયું ૪ મહામંડપ તેમજ કુલ ૨૩૫ ઉપ મંડપથી અલંકૃત છે.

ટૂંકમાં કહીએ તો, પ્રાચીન શાસ્ત્રીય સિદ્ધાંતોને અનુસરતું અક્ષરધામ મહામંદિર, હિન્દુ મંદિર આર્કિટેક્ચરના ઈતિહાસમાં પથ્થર સ્થાપત્યનું નવીનતમ, મૌલિક અને સર્જનાત્મક ઉદાહરણ છે.

## દાર્શનિક બોધ સાથેના મહામંડપો

સામાન્ય રીતે, નાગરશૈલી મુજબ ગર્ભગૃહની સામે એક, બે અથવા ત્રણ મંડપ રચવામાં આવે છે, પરંતુ અક્ષરધામના મધ્યસ્થ ગર્ભગૃહની ચારેય તરફ મળીને કુલ ૯ મહામંડપ રચવામાં આવ્યા છે. કલાત્મક ઘુમ્મટોથી ઢંકાયેલા આ ૯ મહામંડપો વૈદિક પરંપરા મુજબ દાર્શનિક બોધ સાથે રચવામાં આવ્યા છે, તે ઉપરાંત બંને માળના કુલ ૨૩૫ નાના મંડપો પણ એવી કલાત્મક છત ધરાવે છે, જેનો કોઈ સંદેશ છે. (અક્ષરધામ મહામંદિરના આ મંડપો - એટલે કે પરબ્રહ્મ મંડપમ્, અક્ષરબ્રહ્મ મંડપમ્, મુક્ત મંડપમ્ અને ઐશ્વર્ય મંડપમ્ વિશે આ અંકમાં પૃષ્ઠ ૭૬ થી ૮૩ વચ્ચે અલ્પ માહિતી મૂકવામાં આવી છે.)

અક્ષરધામ મહામંદિરની રચનાનું એક અન્ય વિશિષ્ટ ઉદાહરણ એટલે મુખ્ય ગર્ભગૃહની સન્મુખ રચાયેલો પરબ્રહ્મ મંડપમ્. તેનો ઘુમ્મટ ગોળાકારને બદલે પથ્થરમાંથી એવો લંબગોળ ઘુમ્મટ રચવામાં આવ્યો છે, જે આ પ્રકારનો અજોડ અને સૌથી મોટો લંબગોળ ઘુમ્મટ છે. ૫૫ ફૂટ લાંબા, ૩૬ ફૂટ પહોળા અને ૬૫ ફૂટ ઊંચા આ અંડાકાર ઘુમ્મટમાં ૧૨ સ્તંભો અને સાંકેતિક અને કલાત્મક શિલ્પો છે, જે પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપે છે. આ વિશાળ મહામંડપ-ઘુમ્મટને ભૂકંપથી સુરક્ષિત રાખવા માટે પથ્થર ઉપરાંત કોંક્રીટની શિયરવોલ અને ડાયાફ્રામનું કવચ રચવામાં આવ્યું છે. પ્રાચીન ભારતીય સ્થાપત્ય અને આધુનિક ઈજનેરી વિદ્યાની આ અનોખી સિદ્ધિ છે.

હિન્દુ મંદિર આર્કિટેક્ચરમાં પથ્થરમાંથી ઘુમ્મટ રચવાની એક વિશિષ્ટ શૈલી છે, જેમાં એક ઉપર એક જુદા જુદા થર રચીને, કેન્ટીલીવર કે કોરબેલ પદ્ધતિનો ઉપયોગ કરીને, ઘુમ્મટ આકાર આપવામાં આવે છે. ઘુમ્મટની ટોચ પર, તમામ થરને જોડતી પથ્થરની એક વજનદાર ચાવી (Keystone) મૂકવામાં આવે છે. આ પ્રાચીન ભારતીય પદ્ધતિથી જ રચાયેલા અક્ષરધામના ઘુમ્મટોમાં એક આગવી ભાત પાડે છે – પરમહંસ મંડપમ્‌ના ચતુર્ભુજ ઘુમ્મટો.

મહામંદિરના મધ્યસ્થ ગર્ભગૃહની ચારેય તરફ આવરીને ઊભેલો ૯૦ x ૯૦ ફૂટનો વિશાળ પરમહંસ મંડપમ્ ચાર વિશાળ ચોરસ-લંબચોરસ ઘુમ્મટથી ઢંકાયેલો છે. આ ચાર ચોરસ-લંબચોરસ ઘુમ્મટ વચ્ચે મહામંદિરનું સૌથી ઊંચું મહાશિખર એવી રીતે ગોઠવાયેલું છે કે જાણે તે મોટા ચોરસ ઘુમ્મટને વીંધીને આકાશ તરફ બહાર નીકળતું હોય તેવું લાગે છે. ચાર ખૂણેથી મહાશિખર સાથે જોડાઈને એક નવી શૈલીથી રચાયેલા આ ચોરસ ઘુમ્મટની ડિઝાઈન, વિશ્વના પથ્થરના આર્કિટેક્ચરની દૃષ્ટિએ એક દુર્લભ ઉદાહરણ પૂરું પાડે છે, આટલા વિશાળ પરિમાણ સાથે.

આ વિશાળ પરમહંસ મંડપમ્‌ને પથ્થરના ૨૩ ફૂટ લાંબા, પાંચ ફૂટ ઊંચા અને ચાર ફૂટ પહોળા છ બીમ અને ૨૮ થાંભલાઓ દ્વારા જે રીતે ઝળૂંબતો રખાયો છે, તેને એન્જિનિયરિંગનું એક નોંધપાત્ર પરાક્રમ જ કહી શકાય. આ પરમહંસ મંડપમ્ હિન્દુ મંદિર સ્થાપત્યના આજ સુધીના ઈતિહાસમાં આ પ્રકારનું પહેલું ઉદાહરણ છે. આ ૨૩ ફૂટ લાંબા બીમનો ઉપયોગ પણ પથ્થરના સ્થાપત્યના ઈતિહાસમાં સંભવતઃ સર્વપ્રથમ વખત કરવામાં આવ્યો છે.

## શિખરઃ શાસ્ત્રીય સ્થાપત્યનું અનુપમ શિખર

હિન્દુ મંદિર સ્થાપત્યનું મુખ્ય ચિહ્ન એટલે તેના ઉપર મુગટની જેમ શોભતું શિખર, જેને શાસ્ત્રોમાં પરમાત્માના કે બ્રહ્મના મસ્તક સાથે સરખાવવામાં આવ્યું છે. પ્રાચીન ભારતીય શાસ્ત્રોમાં નાગર સ્થાપત્ય શૈલીમાં વિવિધ પ્રકારનાં શિખરોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અક્ષરધામ મહામંદિરની ડિઝાઈન પ્રક્રિયા દરમિયાન, આ શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો, જેમાં શિખર માટે ૨૪ વિકલ્પો તૈયાર કરવામાં આવ્યા હતા અને આખરે 'મેરુ પ્રાસાદ' વિકલ્પ પસંદ કરવામાં આવ્યો હતો. આ શિખર ૧૨૦ ફૂટ ઊંચું અને ૫૭ ફૂટ પહોળું છે અને તેનો આધાર મંદિરના મુખ્ય ગર્ભગૃહની ૭૧ ફૂટ ઊંચાઈથી શરૂ થાય છે. હિન્દુ નાગર શૈલીમાં બનેલ આ શિખર છેલ્લી છ સદીઓનાં સૌથી મોટાં શિખરોમાંનું એક છે, જે પશ્ચિમી વિશ્વમાં ભારતીય સ્થાપત્ય પરંપરાનું અનોખું પ્રતિનિધિત્વ કરે છે.

## શાસ્ત્રીય મંડલ આકૃતિ કંડારાઈ પથ્થરોમાં

હિન્દુ મંદિરના ગર્ભગૃહની સામે મંડપ(એટલે કે છત યુક્ત ચાર કે વધુ થાંભલાઓની રચના)નું નિર્માણ સહજ રીતે કરાય છે. આ મંડપોની છતમાં મોટે ભાગે પ્રતીકાત્મક રીતે કલામંડિત ભૌમિતિક ડિઝાઈન કંડારેલી હોય છે. તેમાં

ક્યારેક વિવિધ દેવતાઓની મૂર્તિઓ પણ સ્થાપવામાં આવે છે. અક્ષરધામ મહામંદિર ખાતે, મુખ્ય માળ પર આવી કલાત્મક છતો શોભે છે, પરંતુ ઉલ્લેખનીય છે કે આ છતની ડિઝાઈન અને કોતરણી માત્ર સૌંદર્ય ખાતર નથી. તેમાં ડિઝાઈન તરીકે પ્રથમ વખત, પ્રાચીન ભારતીય આગમ મંડળોને કંડારવામાં આવ્યાં છે.

મંડલ એ એક ધાર્મિક આકૃતિ છે, જેમાં પ્રતીકાત્મક રીતે વિવિધ દેવતાઓ અને પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશનાં બ્રહ્માંડીય તત્ત્વોનું આહ્‌વાન કરવામાં આવે છે. આ મંડલો ધ્યાન માટે પ્રોત્સાહિત કરે છે, બહારની દુનિયાને બદલે પોતાની અંદર જોવા માટે પ્રેરિત કરે છે. ઓછાંમાં ઓછાં બે હજાર વર્ષ પૂર્વે પંચરાત્ર આગમમાં આ મંડલાકૃતિનો વિશેષ મહિમા ગાવામાં આવ્યો છે. અક્ષરધામ મહામંદિરમાં છતમાં કંડારેલી મંડલાકૃતિઓ પૌષ્કર સંહિતામાં આપેલાં વર્ણનોને અનુસરીને રચવામાં આવી છે. પ્રાચીન ભારતીય મંડલાકૃતિઓ અને મંદિરની છતની ડિઝાઈનનો આ સંગમ ભારતના સમૃદ્ધ કલા વારસામાં એક નવું પરિમાણ ઉમેરે છે.

## ધાતુ અને પથ્થરનાં શિલ્પોનું વિરલ વિશ્વ

અક્ષરધામ મંદિરમાં પથ્થર અને ધાતુનાં મળીને નાનાં-મોટાં કુલ ૨૦,૦૦૦થી વધુ શિલ્પો છે, જેનું કદ ૬ ઇંચથી લઈને ૧૫.૫ ફૂટ ઊંચાઈ સુધીનું છે. મૂર્તિકલાનાં આ અદ્‌ભુત શિલ્પો સ્તંભો અને છતથી માંડીને ઘુમ્મટ, ગર્ભગૃહ, મંડોવર અને મહામંદિરના ભોંયતળિયાના થાંભલાઓ સુધી સર્વત્ર નીરખવા મળે છે.

આ શિલ્પો બનાવવાની પ્રક્રિયા ખૂબ જટિલ અને ઝીણવટભરી હતી. પ્રથમ તો સંસ્થાની ડિઝાઈન ટીમના વિદ્વાન સંતોએ ઊંડું સંશોધન કરીને ભારતનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક પાત્રોનાં રેખાચિત્રો તૈયાર કરાવ્યાં, જેના આધારે જરૂર પડી ત્યાં સંસ્થાના કલાકારોએ માટીનાં મોડલ્સ બનાવ્યાં. સંસ્થાના નિષ્ણાત સંતોના માર્ગદર્શન મુજબ કલાકારોએ વસ્ત્રો-વેશભૂષા, આજુબાજુનું વાતાવરણ તથા સામગ્રી વગેરે બાબતોને લક્ષ્યમાં લઈને ઝીણવટ ભરી સજાવટ કરી. આ શિલ્પોનાં દરેક પાસાંઓ, જેમ કે તેમની મુખમુદ્રા, હસ્તમુદ્રા અને શરીરમુદ્રાથી લઈને તેમનાં કપડાં, ઘરેણાં સુધીના વિવિધ સંદર્ભોનું ઊંડાણપૂર્વક અવલોકન અને સંશોધન કરવામાં આવ્યું હતું. પરિણામે, ચોક્કસ સાંકેતિક અર્થ સાથે પસંદ કરાયેલું અને રચાયેલું આ પ્રત્યેક શિલ્પ સમર્પણ, ભક્તિ, સેવા, સમતા અને સંવાદિતા જેવાં મૂલ્યોનું પ્રતિબિંબ બની રહ્યું છે.

અંતે એ મોડલ્સનું પરીક્ષણ કરીને તેને આખરી ઓપ અપાયો. તેના આધારે સંસ્થાના પથ્થર ઘડતરના નિષ્ણાત કલાકારોએ હથોડી અને છીણી જેવાં પરંપરાગત સાધનોનો ઉપયોગ કરીને કાળજીપૂર્વક પથ્થરની મૂર્તિઓ ઘડી અથવા નિષ્ણાતોએ ધાતુશિલ્પો તૈયાર કર્યાં.

ધાતુશિલ્પોની વાત કરીએ છીએ ત્યારે ઉલ્લેખનીય છે કે કુલ મળીને, અક્ષરધામ મહામંદિરમાં ધાતુનાં ૩૫૦થી વધુ અદ્‌ભુત કલામંડિત શિલ્પો છે, જેમાં ૮ ફૂટ ઊંચા મ્યુરલ્સથી લઈને ખૂબ ઝીણવટભરી કલાથી સમૃદ્ધ મિનિયેચર મ્યુરલ્સનો પણ સમાવેશ થાય છે, જેમાં સેંકડો પાત્રો-વ્યક્તિત્વોનું દર્શન કરાવાયું છે. રામાયણ, મહાભારત, ઉપનિષદ, શ્રીમદ્‌ ભાગવત, ભગવદ્‌ ગીતા વગેરેના કથાપ્રસંગોને અહીં મ્યુરલ્સ દ્વારા જીવંત કરવામાં આવ્યાં છે. તેમાંય, ઇટાલિયન માર્બલમાંથી ઘડવામાં આવેલી વિવિધ મુદ્રાઓ સાથેની ૭ ફૂટ ઊંચી ૭૮ પરમહંસ મૂર્તિઓ અને એમની ગાથા ગાતાં, તેટલી જ ઊંચાઈમાં તેમનાં ૩૪ અદ્‌ભુત ધાતુ-મ્યુરલ્સનું સર્જન તો અજોડ સિદ્ધિ સમાન છે.

અક્ષરધામનાં વિવિધ અંગ-ઉપાંગોમાં આ દરેક પ્રતિમા કે મ્યુરલ્સનું સ્થાન-નિર્ધારણ પણ ખૂબ કાળજીપૂર્વક કરાયું છે. જ્યાં તેમને સ્થાન આપવામાં આવ્યું છે અને તે સ્થાનનું શું મહત્ત્વ છે, તેનો પણ યોગ્ય વિચાર કરવામાં આવ્યો છે.

મહામંદિરના કદ-પરિમાણને અનુરૂપ આ સુંદર શિલ્પોનાં કદ-પરિમાણ, તેની સુંદરતા, તેનું યોગ્ય સ્થાન નિર્ધારણ વગેરેને કારણે અક્ષરધામ મહામંદિર ખરેખર એક અવિસ્મરણીય અજાયબી બની રહ્યું છે.

## ૨૦૦થી વધુ સંગીતનાં વાદ્યો અહીં રણઝણે છે...

અક્ષરધામ મહામંદિરમાં વિપુલ માત્રામાં સ્થાપવામાં આવેલાં મૂર્તિ-શિલ્પોમાં ખાસ ઉલ્લેખનીય છે - ૨૦૦થી વધુ શાસ્ત્રીય અને લોકસંગીતનાં વાદ્યોનાં ભારતીય શિલ્પો.

હિન્દુ પરંપરામાં ભગવાન પ્રત્યે પોતાની પ્રેમ-ભક્તિ વ્યક્ત કરવા માટે સંગીત અને કાવ્યો-કીર્તનોની એક સમૃદ્ધ પરંપરા છે. સેંકડો વર્ષોથી મંદિરોમાં ભગવાનની મૂર્તિ સમક્ષ સંગીતનાં વિવિધ સાધનો સાથે સંગીતમય કીર્તનો અને પ્રાર્થનાઓ ગવાય છે. આ પરંપરા માત્ર ગાવામાં જ નહીં, પણ મંદિરના સ્થાપત્યમાં પણ પ્રતિબિંબિત થાય છે. આજેય પ્રાચીન મંદિરોની મૂર્તિકલામાં, હિન્દુ શાસ્ત્રોએ વર્ણવેલાં ગાંધર્વો, કિન્નરો, દેવી-દેવતાઓ સંગીતનાં વિવિધ વાદ્યો સાથે આનંદમુદ્રામાં નીરખવા મળે છે.

અક્ષરધામ મહામંદિર આ પરંપરાનું એક અજોડ ઉદાહરણ છે, જેમાં ૨૦૦થી વધુ શાસ્ત્રીય અને લોક







મહાન પરમહંસોની ૭ ફૂટ ઊંચી મૂર્તિઓથી લઈ કુલ ૨૦,૦૦૦ કરતાં વધારે શિલ્પો વિવિધ સોપાનોમાંથી પસાર થતાં આખરી ઓપ પામ્યાં. આ શિલ્પો અને ૧૯ લાખ ઘનફૂટ પથ્થરના ઘડતરથી લઈને પ્રત્યેક વિષય માટે હજારો કલાકોના વિમર્શ-પરામર્શ થયાં...

સંગીતનાં વાદ્યો સાથે પથ્થરનાં અને ધાતુનાં શિલ્પો શોભે છે. આ શિલ્પો તૈયાર કરવા માટે અક્ષરધામ ડિઝાઈન ટીમના વિદ્વાન સંતોએ ભારતીય આર્કાઈવ્ઝમાં સંશોધનો કરીને ભારતીય સંગીતનાં ૮૦૦થી વધુ સાધનો વિશે આધારભૂત અને વિસ્તૃત માહિતી એકત્રિત કરી હતી. તે પૈકી કેટલાંક વાદ્યો એટલાં દુર્લભ છે કે આજે તેને વગાડનારા લોકો ખૂબ જૂજ છે. આ માહિતીના આધારે, ૨૦૦ જેટલાં વાદ્યો પસંદ કરીને તેના આધારે વીણાવાદિની સરસ્વતીની સ્મૃતિ સાથે વાદ્યધારી માતાઓનાં રેખાચિત્રો તૈયાર કરવામાં આવ્યાં. તેના પરથી સાડા ચાર ફૂટ ઊંચાં સુંદર કલામંડિત વાદ્યધારી શિલ્પોનું ઘડતર કરવામાં આવ્યું.

પથ્થરમાંથી બનેલાં આ વાદ્યો અને વાદ્યધારીઓના સંગીતની ધૂન ભલે સંભળાય નહીં, પરંતુ અક્ષરધામનાં આ શિલ્પો આવનારી પેઢીઓ માટે ભારતીય સંગીતનાં અસાધારણ વારસાનો એક એવો અપૂર્વ દસ્તાવેજ બની રહેશે, જે યુગે યુગે ભારતીય સાત્ત્વિક અને ભક્તિમય સંગીતની ધૂનમાં લીન થવાની પ્રેરણા આપતો રહેશે.

## પૂર્વીય શાસ્ત્રીય નૃત્યની પશ્ચિમમાં ઉજવણી

હિન્દુ ધર્મ માને છે કે કલા એ ભગવાન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવાનું એક માધ્યમ છે. આથી હિન્દુ મંદિરો વિવિધ શાસ્ત્રીય કલા-વારસાને પ્રોત્સાહન આપવાનો સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. પૂર્વે જોયું તેમ, હિન્દુ સ્થાપત્ય શાસ્ત્રો મંદિરમાં નૃત્ય કરતાં અથવા વાદ્યો વગાડતાં શિલ્પો મૂકવાનું સૂચન કરે છે, એટલું જ નહીં, મંદિરોમાં નૃત્ય-નાટ્ય-ગીત-સંગીત દ્વારા ધાર્મિક બોધ આપવાની પણ પરંપરા રહી છે. પરિણામે મંદિરો દ્વારા આજપર્યંત ગીત-સંગીત-નૃત્ય-નાટ્યનો સમૃદ્ધ કલાવારસો જીવંત રહ્યો છે.

આ પરંપરામાં, શાસ્ત્રીય નૃત્ય અને સંગીતનાં પ્રમાણભૂત શિલ્પો દ્વારા અક્ષરધામ મહામંદિર આ સાંસ્કૃતિક વારસાની જાળવણીનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ

બન્યું છે. તેમાં ખાસ ઉલ્લેખનીય છે - મંદિરના બહારના મંડોવરમાં સ્થપાયેલાં ભરત નાટ્યમ્‌નાં ૧૦૮ મુદ્રાશિલ્પો, જેને ‘કરણ’ તરીકે ઓળખવામાં આવે છે.

લગભગ સવા બે હજાર વર્ષ પહેલાં મહાન ઋષિ શ્રી ભરતમુનિ દ્વારા રચાયેલા ‘ભરત નાટ્યમ્’ શાસ્ત્રમાં આ ૧૦૮ કરણ વિશે વિગતપૂર્વક વિવરણ કરવામાં આવ્યું છે. નૃત્યની સ્થિર-સ્થગિત થઈ ગયેલી આ પ્રત્યેક ભાવમુદ્રાનો એક નિશ્ચિત અર્થ અને નિશ્ચિત સંદેશ છે. રસપ્રદ વાત એ છે કે એક હજાર વર્ષ પહેલાં દક્ષિણ ભારતના ચિદમ્બરમ્ મંદિરના પ્રવેશદ્વારમાં આ તમામ ૧૦૮ મુદ્રાઓ પથ્થરનાં નાનાં શિલ્પો રૂપે કંડારવામાં આવી હતી. એ ઉપરાંત, એકાદ અપવાદ બાદ કરતાં ક્યાંય એક જ મંદિરમાં ૧૦૮ મુદ્રાઓ એક સાથે મૂકવામાં આવી નથી. છૂટીછવાઈ મુદ્રાઓ અલગ અલગ મંદિરોમાં નીરખવા મળે છે. પરંતુ છેલ્લાં એક હજાર વર્ષમાં અક્ષરધામ મહામંદિર કદાચ એકમાત્ર એવું મંદિર છે, જ્યાં તમામ ૧૦૮ કરણો સાડા ચાર ફૂટ ઊંચાં પથ્થર-શિલ્પોમાં પ્રમાણભૂત રીતે મોજૂદ છે.

આ શિલ્પો તૈયાર કરવા માટે સંસ્થાના વિદ્વાન સંતોએ ભરત નાટ્યમ્‌ની આ મુદ્રાઓનાં મૂળ સંદર્ભો ઉપર સંશોધન કર્યું, જુદાં જુદાં મંદિરોમાં કંડારાયેલાં સ્વરૂપોનું અધ્યયન કર્યું. કેટલીય પેઢીઓથી કુળપરંપરાથી ભરત નાટ્યમ્‌ના પ્રખર વિદ્વાન અને પોંડિચેરી યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી બી. સુંદરમ્ જેવા નિષ્ણાત સાથે વિમર્શ કરીને ભરત નાટ્યમ્‌ના મૂળ સંદર્ભના એક એક શ્લોક પર વિમર્શ કરવામાં આવ્યો, તેના આધારે નૃત્યકારોને નજર સમક્ષ રાખીને તે મુદ્રાઓ કરાવવામાં આવી. ચિદંબરમ્‌નાં હજાર વર્ષ જૂનાં શિલ્પો સાથે તેની સરખામણી કરી તેમાંથી રેખાચિત્રો તૈયાર કર્યાં. તેનું પુનઃ અવલોકન અને જરૂર પડી ત્યાં માર્જન કરવામાં આવ્યું. આ ચિત્રોના આધારે, સંસ્થાના શિલ્પકારોએ વિવિધ તબક્કાઓ દ્વારા પથ્થરમાંથી ઘડીને આ ૧૦૮ મુદ્રાશિલ્પો બનાવ્યાં, જે અપૂર્વ અને અદ્‌ભુત કલાકૃતિ બની રહ્યાં છે. આજે આ મુદ્રાશિલ્પો અક્ષરધામના બાહરી મંડોવરમાં શોભે છે. આગામી ૧૦૦૦ વર્ષ સુધી, અક્ષરધામ પ્રાચીન ભારતીય શાસ્ત્રીય નૃત્ય કલાના વારસાને આ પ્રમાણભૂત ૧૦૮ શિલ્પો દ્વારા જાળવી રાખશે, જે પશ્ચિમની ધરતી પર આપણી પૂર્વીય સાંસ્કૃતિક પરંપરાનું ગૌરવ બની રહેશે.

### પથ્થર-શિલ્પોમાં કંડારાઈ હિન્દુ ધાર્મિક વિધિઓ

સનાતન હિન્દુ ધર્મમાં વૈદિક સમયથી આજપર્યંત વિવિધ ધાર્મિક વિધિઓનું ખૂબ મહત્ત્વ રહ્યું છે. આ ધાર્મિક વિધિવિધાનો કે પૂજા કરીને ભક્તો ભગવાનની ભક્તિનો આનંદ માણે છે. આ વિધિવિધાનોમાં ૧૬ ઉપચારો દ્વારા ભગવાનની પૂજા કરવાનો વિશેષ મહિમા છે.

અક્ષરધામ મંદિર આ શાસ્ત્રીય ભક્તિપરંપરાને નિત્ય પૂજા દ્વારા તો અનુસરે જ છે, પરંતુ કલામંડિત શિલ્પો દ્વારા પણ આ ૧૬ ઉપચારના પૂજનવિધિને તેમજ નવધા ભક્તિના ઉપચારોને સદાને માટે અંકિત કરી દેવામાં આવ્યાં છે. આ ઉપરાંત, સનાતન હિન્દુ ધર્મના આધારસ્તંભ સમા ચાર વેદોની પણ કલામંડિત ધાતુમૂર્તિઓ રચીને વૈદિક પરંપરાને વિશિષ્ટ રીતે અંજલિ અર્પવામાં આવી છે.

### ધાતુ-મ્યુરલ્સ દ્વારા પ્રાચીન કથાઓનું દર્શન

અક્ષરધામ મહામંદિરનાં કલામંડિત સ્તંભો અને મંડોવરો ભારતની મહાન શાસ્ત્રીય પરંપરાનું એક સુંદર પ્રમાણપત્ર બની રહ્યાં છે, પરંતુ તેમાં મૂર્તિઓની સુંદર હારમાળા છે, જે કંઈક અલગ ભાત પાડે છે. સુપ્રસિદ્ધ ઋષિઓ અને મહાપુરુષોની મૂર્તિઓ સાથે તેમના જીવનની પ્રેરણાદાયી કથાઓ દર્શાવતા આ સ્તંભ-સમૂહ ધ્યાનાકર્ષક છે. અહીં સનાતન ધર્મના અને તેના ભાગરૂપ સ્વામિનારાયણ સંપ્રદાયના એવા સેંકડો મહાપુરુષોનાં શિલ્પો છે, જે સત્ય, અહિંસા, સંવાદિતા, કરુણા અને સેવા જેવાં મૂલ્યોની પ્રેરણા આપે છે. આ શિલ્પો ખૂબ કાળજીપૂર્વક બનાવવામાં આવ્યાં છે, જેમાં દરેક પાત્રના જીવન અને વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે.

આ ઉપરાંત, એક સ્તંભ સમૂહમાં ઉપનિષદો, રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભાગવતના પ્રેરક કથાપ્રસંગોના ૯૬ પ્રસંગો અદ્‌ભુત રીતે ધાતુ-મ્યુરલ્સમાં કંડારવામાં આવ્યાં છે. ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ તેમજ અનેક મહાપુરુષોના શાસ્ત્રોક્ત ચરિત્રો અહીં મૂર્તિમંત થયાં છે. માતાપિતાની વત્સલ છાયામાં બાળ ઘનશ્યામનાં ૨૪ ધાતુશિલ્પો બાળ સંસ્કારની અદ્‌ભુત પ્રેરણા આપે છે.

ટૂંકમાં, આ સ્તંભો માત્ર સ્તંભો જ નથી, પરંતુ કાલાતીત શાણપણ અને પ્રેરણાના દીપસ્તંભો પણ છે.

### ભગવાન સ્વામિનારાયણનું જીવન ધાતુ-મ્યુરલ્સમાં

ભગવાન શ્રી સ્વામિનારાયણનું જીવન કરુણાની દિવ્ય ગંગાસમું હતું જેણે અસંખ્ય લોકોને કૃતાર્થ કર્યાં છે. તેમનાં દિવ્ય જીવન, કાર્યો અને ઉપદેશે લોકોમાં દિવ્ય ગુણો અને સુખ-શાંતિ સિંચ્યાં છે. અક્ષરધામ મહામંદિરમાં તેમના આ જીવનને અમર કરવામાં આવ્યું છે. મધ્યસ્થ ગર્ભગૃહનું મંડોવર કલાત્મક અને અપૂર્વ એવાં સેંકડો નાના-મોટા સ્ટેચ્યૂ સાથેના ૧૦૪ ધાતુ-મ્યુરલ્સથી અલંકૃત છે, જે

## સ્વામિનારાયણ અક્ષરધામ: એક આંકડાકીય નજરે...

**૨૫૫** ફૂટ પહોળાઈ, **૩૪૫** ફૂટ લંબાઈ, **૧૯૧** ફૂટ ઊંચાઈ ધરાવતા સ્વામિનારાયણ અક્ષરધામની કેટલીક આંકડાકીય માહિતી આ મુજબ છે:




શ્રીહરિની દિવ્ય જીવનગાથાનું અદ્‌ભુત દર્શન કરાવે છે.

### તીર્થ-અનુભવ કરાવતાં જળાશયો અને બ્રહ્મકુંડ

અક્ષરધામ પરિસર એ મહાન હિન્દુ પરંપરાને એક વિનમ્ર અંજલિ છે, જેમાં સનાતન તીર્થોનું સ્મરણ કરાવતાં કલાત્મક જળાશયો અને જળકુંડ મનને પ્રફુલ્લિતતાથી ભરી દે છે. શાસ્ત્રો કહે છે કે, જ્યાં જળ છે ત્યાં દેવતાઓ રમણ કરે છે. તેથી જ અક્ષરધામ પરિસરમાં વિશાળ જળાશયો છે જે હજારો ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલાં છે. આ વિશાળ જળાશયોમાંથી બ્રહ્મકુંડ પરંપરાગત પથ્થર સ્થાપત્યથી મંડિત છે, જે સુંદર સોપાનપંક્તિ અને શિખર-શિખરીઓ કે ઘાટથી વિશેષ અલંકૃત છે. અહીં કુંડમાં જળધારા વહાવતી લોકમાતા ગંગાજી, યમુનાજી, સરસ્વતીજી, સરયૂજીની કલાત્મક ધાતુ મૂર્તિઓ એક વધુ પરિમાણ ઉમેરે છે. પશ્ચિમના વાતાવરણમાં આ પારંપરિક ભારતીય જળકુંડ અને જળાશયો એક આગવી ભાત પાડે છે.

### વિરાટ પાયે પથ્થર-ઘડતરનું આયોજન

આ તો માત્ર એક અલ્પ ઝાંખી છે, પરંતુ અક્ષરધામના મહામંદિરને નજરે જોઈએ છીએ ત્યારે અધધધ તો થાય છે, પરંતુ હૈયે સૌથી મોટો સવાલ એ જાગે છે કે આટલી બધી વિવિધતા અને વિષયવસ્તુની સમૃદ્ધિ સાથે આટલી મોટી માત્રામાં પથ્થર ઘડતર કેવી રીતે કરાયું હશે? દુનિયાની જુદી જુદી ખાણોમાંથી નીકળેલો અણઘડ પથ્થર ઘડાઈને લાંબી દરિયાઈ સફર ખેડી કેવી રીતે રોબિન્સવિલ સુધી પહોંચ્યો હશે? તેના જવાબરૂપે એક લાંબી, જટિલ અને અપાર શ્રમભરેલી પ્રક્રિયા નજર સમક્ષ ખડી થાય છે. અહીં એ પ્રક્રિયાનો આછો પરિચય મેળવીએ.

### ગંજાવર પથ્થર: ૨૨,૦૦૦ હાથીઓ જેટલું વજન!

અક્ષરધામ મહામંદિરના નિર્માણમાં કુલ ૧૯ લાખથી વધુ ઘનફૂટ પથ્થરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં, મહામંદિર પરિસરમાં વપરાયેલા પથ્થરના સંપૂર્ણ જથ્થાને જો હાથીઓ સામે તોલવામાં આવે તો ૨૨,૦૦૦ એશિયન હાથીઓ જેટલું વજન થાય! ઉલ્લેખનીય છે કે પ્રાચીન ભારતમાં, મંદિરોના નિર્માણ દરમ્યાન પથ્થરોના પરિવહન માટે હાથીઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. ઘણીવાર હાથીઓ સામે પથ્થરોનું વજન કરવામાં આવતું હતું. ટૂંકમાં, કેટલું ગંજાવર પથ્થર-કાર્ય અક્ષરધામના નિર્માણમાં કરવામાં આવ્યું છે તેનો એક અંદાજ આના પરથી આવી શકે.

પથ્થરની આ વિપુલતાને બીજી રીતે પણ સમજી શકાય. મહામંદિર સંકુલ પથ્થરના ૫ કિલોથી લઈને ૧૫ ટન સુધીનું વજન ધરાવતા હજારો ટુકડાઓથી બનેલું છે. જો આ પથ્થરના બ્લોક્સ બનાવીને જમીન પર નાખવાના

# ખાણોથી અક્ષરધામ સુધી પથ્થરની યાત્રા...

દેશ-વિદેશની ખાણોમાંથી ૧૯ લાખ ઘનફૂટ પથ્થર મેળવાયો



હજારો માઇલોની દરિયાઈ સફર કરી પથ્થર ભારત પહોંચ્યો



પિંડવાડા ખાતે એ લાખો પથ્થરોનું જટિલ કાર્ય શરૂ થયું



કમ્પ્યૂટરાઇઝ્ડ પદ્ધતિથી સૂક્ષ્મ આયોજન કરવામાં આવ્યું



૨૬ વર્કશોપમાં ૮૦૦૦થી વધુ શિલ્પીઓ દ્વારા ઘડતર થયું



નાજુક નકશીકામ બાદ પથ્થરની યાત્રા અમેરિકા ભણી



અમેરિકામાં એક એક પથ્થરની કાળજીપૂર્વક માવજત થઈ



દરેક પથ્થરને સેવકોએ મહામંદિરમાં ભક્તિથી જડી દીધો



હોય, તો તે ૩૯૪ ફૂટબોલ મેદાનના વિસ્તારને આવરી લે!

### ખાણમાંથી પથ્થર કાઢવાનું કપરું કામ

આટલી મોટી માત્રામાં ખાણામાંથી પથ્થર કાઢવાનું કાર્ય પણ સામાન્ય નહોતું, અને તે પણ માત્ર પાંચ વર્ષમાં! ભારત અને યુરોપની ખાણોમાંથી ૧૯ લાખ ઘનફૂટ પથ્થર કાઢવાનું કપરું કાર્ય હતું, પરંતુ શ્રી વિનોદભાઈ પટેલ જેવા સમર્પિત સ્વયંસેવકોની સેવાને કારણે તે શક્ય બન્યું.

વિનોદભાઈએ તેમના પરિવારને છોડીને બલ્ગેરિયા, ગ્રીસ, તુર્કી, ઈટલી વગેરે યુરોપીય દેશોની ખાણોમાં ભારે મુશ્કેલીઓ સહન કરીને ખૂબ સેવા કરી. રાત-દિવસ જોયા વિના તેઓએ પથ્થરની ઉત્તમ ગુણવત્તા અને મહાકાય પથ્થરો કિફાયતી દરે મેળવવા અને ભારત મોકલવા માટે અથાક મહેનત કરી. પાંચ વર્ષની સમયમર્યાદામાં તેમણે ૪૫૨૯ કન્ટેનર પથ્થરો ખાણમાંથી કઢાવીને ભારત મોકલાવ્યા. આશ્ચર્યજનક!

ભારતમાં ગુજરાતના મુન્દ્રા બંદરે ઊતરતા આ પથ્થરોને સંતો અને સ્વયંસેવકોએ રાજસ્થાનમાં પિંડવાડા ખાતે ડિવાઈન સ્ટોન ફેક્ટરીમાં પહોંચાડ્યા. સંસ્થાના સંનિષ્ઠ આજીવન સેવક શ્રી હર્ષદભાઈ ચાવડા અને સંતોની ટીમે તેના ઘડતરની આગળની જટિલ પ્રક્રિયા ઉપાડી લીધી.

### અણઘડ પથ્થરોને ઘડવાની જટિલ પ્રક્રિયા

મહામંદિરની આર્કિટેક્ચરલ ડિઝાઈનને અંતિમ સ્વરૂપ અપાયા પછીનું સૌથી પ્રથમ પગથિયું હતું - એ વિશાળ ડિઝાઈનને પથ્થરના હજારો નાનાં-મોટાં અંગ-ઉપાંગોમાં એટલે કે નાના-મોટા ટુકડાઓમાં વહેંચી દેવી. ત્યાર પછીનું પગથિયું એટલે વિવિધ તબક્કાઓમાંથી ઘડાતાં ઘડાતાં એ દરેક અણઘડ પથ્થરમાંથી સૌંદર્યપૂર્ણ શિલ્પ નિખારવું. અક્ષરધામની ડિઝાઈન ટીમ અને હર્ષદભાઈ ચાવડાની સાથે રહીને અશ્વિનભાઈ પટેલ, પ્રકાશભાઈ સોમપુરા તથા સંતોએ ચોકસાઈ અને ઝીણવટભર્યા આયોજન સાથે આ કપરું કાર્ય હાથ ધર્યું હતું. પૂર્વ આયોજન મુજબ, અક્ષરધામ મહામંદિરના ભવ્ય સ્થાપત્યની ડિઝાઈનને નાના-નાના હજારો ટુકડાઓમાં વહેંચી દેવામાં આવી. શાસ્ત્રીય દૃષ્ટિકોણથી એ દરેક ટુકડાના પથ્થરની ડિઝાઈન પણ ખૂબ ઝીણવટ અને કાળજીપૂર્વક કરવામાં આવી. ડિઝાઈનના એ દરેક ટુકડાને એક આગવો કોડ નંબર આપવામાં આવ્યો. ત્યારબાદ પથ્થરના આ હજારો ટુકડાઓનાં કદ-માપની વિસ્તૃત યાદી તૈયાર કરવામાં આવી, અને મહાકાય કટિંગ મશીનોનો ઉપયોગ કરીને તે કદ-માપ મુજબ પથ્થરની મહાકાય ચટ્ટાનોમાંથી જરૂરી આકારોમાં પથ્થરના ટુકડાઓ કાપવામાં આવ્યા.

આ પથ્થરોના ઘડતર કામ માટે રાજસ્થાનનાં અલગ અલગ સ્થળોએ ૨૬ જેટલાં વર્કશોપ ઊભાં કરવામાં આવ્યાં હતાં. આ વર્કશોપ મુખ્યત્વે પિંડવાડા, સાગવાડાની આસપાસ તેમજ ભરતપુર જિલ્લામાં કાર્યરત હતા. આ વર્કશોપમાં ખૂબ પરિશ્રમ સાથે સંસ્થાના સમર્પિત સ્વયંસેવકો અને સંતો ઘડતરની પ્રક્રિયાને વેગવંતી બનાવવા માટે સતત પુરુષાર્થશીલ રહ્યા. બ્રહ્મસેવાદાસ સ્વામી, પરમનયનદાસ સ્વામી, યોગીકિશોરદાસ સ્વામી, અમૃતવલ્લભદાસ સ્વામી વગેરે સંતો અને તેમની સાથે લગભગ ૬૦ સ્વયંસેવકોએ નોંધપાત્ર સેવાઓ આપી.

વર્કશોપમાં પહોંચેલા પથ્થર પર ત્રણ તબક્કામાં ઘડતર કરવામાં આવ્યું. પથ્થર પર ડિઝાઈન દોર્યા પછી પ્રથમ મોટું મોટું છોલવામાં આવે, ત્યારબાદ ઘાટ-ઘડાઈ શરૂ થાય. અને અંતે ઝીણવટભરી નકશી થાય. ડિઝાઈન ટીમના માર્ગદર્શન હેઠળ નિષ્ણાત કારીગરોના ટાંકણે ટાંકણે પથ્થરો ઘડાવા લાગ્યા. આ પ્રક્રિયામાં કુશળતા અને ખૂબ એકાગ્રતા રાખવામાં આવતી હતી, કારણ કે દરેક ડિઝાઈન એક નિશ્ચિત અર્થ અને સંદેશ વહાવતી હતી.

એકવાર નકશીકામ પૂર્ણ થઈ ગયા પછી પણ કાર્ય પૂરું થઈ જતું નહોતું. નકશીકામ પૂર્ણ થઈ ગયા પછી પથ્થરોને હાથથી ઘસાઈ કરીને પૉલિશ કરવામાં આવે, ત્યારબાદ ફરીથી તેની ગુણવત્તા તપાસવામાં આવે, ક્યાંય નાની-મોટી ક્ષતિ રહી ગઈ હોય તો તે સુધારવામાં આવે, અને ત્યારબાદ તેનું 'ડ્રાયસેટિંગ' કરવામાં આવે.

'ડ્રાયસેટિંગ' એટલે ઘડાયેલા છૂટાછવાયા પથ્થરોને સિમેન્ટ કે મોર્ટાર વિના અહીં ભેગા કરીને એક આખું એકમ ઊભું કરવામાં આવે. ત્યારબાદ તેને પૂર્વનિર્ધારિત કોડ સિસ્ટમ મુજબ યોગ્ય ક્રમાંક આપીને લાકડાના બોક્સ-પેલેટ્સમાં પેક કરવામાં આવે. ત્યાર પછી મુન્દ્રા બંદરેથી દરિયાઈ માર્ગે યુએસએ તરફ રવાના કરવામાં આવે. વિદેશથી ભારત અને ભારતથી વિદેશ તરફ પથ્થરોની આ આવન-જાવન અનેક કાયદા-કાનૂનોની પ્રક્રિયામાંથી પસાર થતું એક જટિલ કાર્ય હતું. ધર્મવત્સલદાસ સ્વામી અને તેમના સાથી સ્વયંસેવકોએ તેને સરળ બનાવવા અથાગ પુરુષાર્થ કર્યો.

આ જ પદ્ધતિથી અક્ષરધામ પરિસરના સ્વાગત ભવનમાં કાષ્ઠકલાની કાર્યવાહી થઈ હતી. મ્યાનમારથી ઉચિત કાષ્ઠ મંગાવીને સંસ્થાના કલાકારોએ તેને અમદાવાદમાં સુંદર નકશીથી અલંકૃત કર્યું હતું, જેની ડિઝાઈન શ્રીજીસ્વરૂપદાસ







૨૧,૫૦૦ માઇલોનું અંતર કાપીને એક એક પથ્થર ભારતથી યાત્રા કરીને રોબિન્સવિલ પહોંચ્યો ત્યારે સંતો અને સ્વયંસેવકોએ એ પ્રત્યેક પથ્થરને કાળજીથી સંભાળીને મહાકાય ક્રેનોના માધ્યમથી જિગ્સો પઝલની જેમ મહામંદિરમાં ગોઠવી દીધો...

સ્વામી અને ભક્તિનંદનદાસ સ્વામીએ કરી હતી.

## પ્રાચીન કલાનું નવજાગરણ

ભારતમાં, પથ્થર અને લાકડા પર હાથથી નકશી કરવાનું પ્રાચીન કૌશલ્ય સદીઓથી પેઢી દર પેઢી વહેતું રહ્યું છે. દુર્ભાગ્યે, વિદેશી શાસન હેઠળ સદીઓ સુધી ગુલામી હેઠળ રહેવાને કારણે ભારતના નવાં ભવ્ય મંદિરોના નિર્માણો મહદ્ અંશે અટકી ગયાં હતાં. તેના કારણે હાથથી નકશી કરવાનો આ પરંપરાગત કલાવારસો વીસરાઈ ગયો હતો. પરંતુ પ્રમુખસ્વામી મહારાજે આજથી દાયકાઓ પૂર્વે અક્ષરધામથી લઈને અનેક મંદિરોનાં નિર્માણની વિરાટ પ્રવૃત્તિ ઉપાડી ત્યારે હજારો કારીગરોના પરિવારમાં આ કલાવારસો પુનઃ જાગ્રત થયો અને એ હજારો કારીગર પરિવારોનો આર્થિક, સામાજિક ઉત્કર્ષ પણ થયો. અક્ષરધામનું નિર્માણ આ ૧૦૦૦ વર્ષ જૂની હિન્દુ શિલ્પકલાના નવજાગરણનું મહાન સોપાન ગણી શકાય.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે અમેરિકા ખાતેના સ્વામિનારાયણ અક્ષરધામના પથ્થર ઘડતરમાં ૮,૦૦૦થી વધુ કારીગર પરિવારોનો રોજીરોટીથી લઈને અનેક દૃષ્ટિએ ઉત્કર્ષ થયો છે. કોવિડના સમયમાં આ કારીગરોના ઘરે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા રાશન વગેરે પહોંચાડીને તેમને સહાય કરવામાં આવી હતી. સમયે સમયે તેમનું મૅડિકલ ચેકઅપ કરાવીને કે વ્યસનમુક્તિ યજ્ઞ કરીને સંસ્થા દ્વારા તેમના સ્વાસ્થ્યની પણ સંભાળ લેવામાં આવતી હતી. ઉલ્લેખનીય છે કે આ કારીગરોના સ્વાસ્થ્ય માટે સંસ્થા દ્વારા ફેસ માસ્ક કે ફોગર મશીન વગેરે આપીને ઘડતર કામ દરમ્યાન ઊડતી રજથી તેમનું સ્વાસ્થ્ય સુરક્ષિત રાખવા માટે પણ ઉચિત પગલાં ભરવામાં આવ્યાં હતાં.

અક્ષરધામ મહામંદિર, સંસ્થાના છત્ર તળે તાલીમ પામીને તૈયાર થયેલા આ કારીગરોની કુશળતાનું પ્રમાણ છે. આ કાર્ય એટલું વિરાટ અને વિશાળ હતું કે જો એક જ

કારીગર દ્વારા આ વિશાળ મહામંદિરનું ઘડતર કાર્ય કરવાનું હોય તો તે પૂરું થવામાં ૯૬૧ વર્ષ લાગી જાય! કૌશલ્ય, ધીરજ અને નિશ્ચય સાથે ટાંકણું-છીણી, હથોડી અને અન્ય સાધનોથી આ કારીગરો પથ્થરોને ઘડે છે ત્યારે ટાંકણે ટાંકણે એક મધુર સંગીત નીપજે છે. અક્ષરધામના કલામંડિત પથ્થરો આ પ્રાચીન ભારતીય કલાનું એક મધુર સંગીત છે, જે યુગો સુધી લોકોના હૃદયના તાર ઝણઝણાવ્યા કરશે.

## બે વખત ઊભું થયું અક્ષરધામ

અક્ષરધામ મહામંદિરના નિર્માણ માટે વિશાળ કદના હજારો પથ્થરોને રાજસ્થાનમાં અલગ અલગ ૨૬ વર્કશોપમાં ઘડતરકામ માટે મોકલવામાં આવ્યા હતા. હજારો કારીગરો ટાંકણે ટાંકણે ઘડીને અણઘડ પથ્થરમાંથી સુંદર કલાકૃતિ નિપજાવતા હતા. ત્યારબાદ છૂટા છૂટા ઘડાયેલા એ પથ્થરોના ટુકડાઓને પિંડવાડા પાસે પરલય ગામની સીમમાં ઊભા કરાયેલા એક વિશાળ વર્કશોપમાં લાવવામાં આવતા હતા. અહીં જુદાં જુદાં અંગ-ઉપાંગોના ઘડાયેલા પથ્થરોને સિમેન્ટ, ચૂનો કે અન્ય મોર્ટાર વિના કાળજીપૂર્વક જોડવામાં આવતા હતા. ત્યારબાદ નિષ્ણાત સંતો અને સ્વયંસેવકો તેનું નિરીક્ષણ કરીને ખાતરી કરતા કે તેમાં કોઈ ક્ષતિ દોષ નથી. અને ક્ષતિ હોય તો તેનું શીઘ્ર નિવારણ કરવામાં આવતું. ત્યારબાદ એ પથ્થરોને અમેરિકા મોકલવામાં આવતા હતા. 'ડ્રાય-સેટિંગ' તરીકે ઓળખાતી આ વિશિષ્ટ પ્રક્રિયાને કારણે નાની-મોટી તમામ વિસંગતતાઓ દૂર થઈ જતી અને તે જ મુજબ રોબિન્સવિલ ખાતે તેનું ચોટક કામ કરવામાં ઘણી સરળતા થઈ જતી.

આ જટિલ પ્રક્રિયાનું એક ઉદાહરણ સમજવું હોય તો મહામંદિરની બહારની દીવાલનું મંડોવર લો, જે ૧૫ સ્તરોમાં ગોઠવાયેલા પથ્થરના ૩,૩૬૪ ટુકડાઓનું બનેલું છે. વિશાળ કદના ભારેખમ એક એક ટુકડાને ભારતમાં પરલય ખાતે વર્કશોપમાં જોડીને આ આખું મંડોવર ઊભું કરવામાં આવ્યું. ત્યારબાદ ફરીથી આખું મંડોવર છૂટું પાડી દઈને એક એક પથ્થર મુજબ યોગ્ય ક્રમાંક સાથે પેકિંગ કરવામાં આવ્યું. ત્યારબાદ ૪૦૦ માઈલોની મુસાફરી કરીને મુંદ્રા બંદરેથી ૧૨,૫૦૦ માઈલનું દરિયાઈ અંતર કાપી આ પથ્થરો રોબિન્સવિલ પહોંચ્યા. ત્યારપછી, ફરી વખત સ્થળ પર આ પથ્થરોને ભેગા કરીને આખું મંડોવર ઊભું કરવામાં આવ્યું. આ જ રીતે અક્ષરધામ મહામંદિરની જગતીથી લઈને સૌથી ઊંચા મહાશિખર સુધી, બધાં જ









હજારો માઇલોનું અંતર કાપીને રોબિન્સવિલ પહોંચેલા પથ્થરો આધુનિક સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ સાથે વરસાદની ઝડીઓ, વાવાઝોડાં અને બરફની વર્ષા વચ્ચે અક્ષરધામમાં જડાતા રહ્યા અને મહામંદિરનું કાર્ય માત્ર આઠ વર્ષમાં કઠોર પરિશ્રમથી પૂર્ણ થયું...

અંગ-ઉપાંગોના પથ્થરો જોડાયા અને તે અંગ-ઉપાંગો સંપૂર્ણતાથી ભારતમાં ઊભાં થયાં, ફરીથી છૂટાં થયાં, અને ફરીથી રોબિન્સવિલમાં ક્રમબદ્ધ જોડાઈને ઊભાં થયાં. સંક્ષેપમાં કહીએ તો, સાચે જ આખું અક્ષરધામ બે વખત રચવામાં આવ્યું - એ જ પથ્થરો દ્વારા!

## અમેરિકાની ધરતી પર પ્રચંડ પુરુષાર્થ

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના નેતૃત્વમાં હર્ષદભાઈ ચાવડા અને મુખ્ય એન્જિનિયર અશ્વિનભાઈ પટેલ, શ્રી રમેશભાઈ, શ્રી અમિતભાઈ, શ્રી હેમલભાઈ, શ્રી સુહાગભાઈ વગેરે સ્વયંસેવકોની ટીમે ઉપરોક્ત વ્યવસ્થાઓ માટે ભારતમાં અથાગ પ્રયાસ કર્યો. મહામંદિરની જગતી, એક કિલોમીટર લાંબી પરિક્રમા, નીલકંઠ વાટિકા, સ્વાગત દ્વારો તથા બ્રહ્મકુંડનાં શિખરો વગેરેના ઘડતર માટે અક્ષયમુનિદાસ સ્વામી અને સંસ્થાના આજીવન સેવક સંજયભાઈ પરીખના નેતૃત્વમાં પ્લાનિંગ સેલના સ્વયંસેવકોએ પણ નોંધપાત્ર પુરુષાર્થ કર્યો.

ભારતમાં પથ્થરકામના આ વિરાટ યજ્ઞની સાથે અન્ય સેવાપ્રવૃત્તિઓ પણ ધમધમતી ચાલી રહી હતી. જેમ કે, ગાંધીનગરમાં ભક્તિનંદનદાસ સ્વામી અક્ષરધામ મહા-મંદિરના મુખ્ય ગર્ભગૃહ, તેમજ ગ્રાઉન્ડ ફ્લોરની સજાવટ, મૂર્તિઓ અને અભિષેક મંડપમ્‌ની આગવી રચનામાં દિવસ-રાત પુરુષાર્થ કરી રહ્યા હતા. તો અમદાવાદમાં પણ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના નેતૃત્વમાં અન્ય ગર્ભગૃહો અને તેની મૂર્તિઓનો એક મહાન યજ્ઞ ચાલી રહ્યો હતો. ભક્તિનંદનદાસ સ્વામી અને તેમની ટીમમાં શ્રી યોગેશભાઈ વગેરે યુવકો, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી અને તેમની ટીમના સભ્યો શ્રી પાર્થ ગજ્જર વગેરે યુવકો, અક્ષરવત્સલદાસ સ્વામી સાથે યુવકો શ્રી દીક્ષાંત કે. પટેલ, શ્રી રીકેન સોલંકી વગેરેએ મહામંદિરના કાર્યમાં સંકલનથી લઈને કલા-સર્જનના કાર્યમાં જ્યાં જરૂર પડી ત્યાં વર્ષો સુધી સેવામય







નિર્માણ-સેવા કરનારા વિશ્વકર્મા બંધુઓના ઉતારામાં પધારીને સ્વામીશ્રીએ તમામ સ્વયંસેવકો પર કૃપાવૃષ્ટિ વરસાવી દીધી. વિવિધ સેવાવિભાગોમાં નિયમિત વિમર્શ કરીને અમેરિકામાં સંતો-સ્વયંસેવકોએ આયોજનબદ્ધ સેવાથી સ્વામીશ્રીની પ્રસન્નતા પામી લીધી...

રહ્યા. ભારતમાં ઘડતર પ્રક્રિયા વેગપૂર્વક અપાર પરિશ્રમ સાથે ચાલી રહી હતી, તો બીજી તરફ અમેરિકામાં પણ પ્રચંડ પુરુષાર્થ કરીને સંતો અને સ્વયંસેવકો એક આગવું ઉદાહરણ પૂરું પાડી રહ્યા હતા.

ભારતમાં ચાલતી ઘડતર કાર્યવાહી અને અમેરિકામાં ચાલતી ચોટક કાર્યવાહી વચ્ચે સંયોજન કરવામાં શ્રી કનુભાઈ પટેલ તથા શ્રી હરિકૃષ્ણ પટેલે મહત્ત્વની સેવાઓ આપી. રોબિન્સવિલ ટાઉનશિપ સાથે સંયોજન કરીને સમયે સમયે વિવિધ કાનૂની કાર્યવાહીઓ કરવામાં શ્રી હરિકૃષ્ણ પટેલ સાથે શ્રી યોગેશભાઈ એન. પટેલ, દીપલભાઈ એમ. પટેલ વગેરેએ નોંધપાત્ર પુરુષાર્થ કર્યો. સ્વભાવિક છે કે રસોડાથી લઈને પથ્થરના નિર્માણકાર્ય સુધી આવી નાનીમોટી અનેક બાબતોની માત્ર યાદી કરવા જઈએ અને તેના જવાબદાર સ્વયંસેવકોનો નામ ઉલ્લેખ કરવા જઈએ તો પાનાંઓ ભરાય તેટલી આ વિરાટ વ્યવસ્થા હતી.

રોબિન્સવિલ ખાતે વિદેશની ધરતી પર આ વિરાટ કાર્ય કરવાનું પણ આસાન નહોતું. ભારતથી અમેરિકા સેવા કરવા ગયેલા કારીગર સ્વયંસેવકોની પસંદગીથી લઈને તેમના વીઝાની જટિલ કાર્યવાહી, ભારતથી અમેરિકા આવવા-જવાની તેમની વ્યવસ્થાઓ, અમેરિકામાં તેમના માટે સુવિધાસજ્જ રહેવાની વ્યવસ્થા, તેમના નિવાસ-સ્થાનમાં હીટિંગ-કૂલિંગની પૂરતી વ્યવસ્થા, તેમને આપેલા વસ્ત્રો નિત્ય ધોવાથી લઈને તેમના શૂઝ સુધીની નાનામાં નાની જરૂરિયાતનો ખ્યાલ, તેમના સ્વાસ્થ્યની ઉત્તમ વ્યવસ્થાઓ, તેમને ત્રણ સમય ઉત્તમ ભોજન અને સમયે સમયે ચા-પાણી-અલ્પાહારની વ્યવસ્થા, તેમને ઇન્ટરનેટ વગેરેની પૂરતી વ્યવસ્થા, દર મહિને તેમને જુદી જુદી ફરવા લાયક જગ્યાઓ પર ફેરવીને અમેરિકાનો આનંદ અપાવવો, તેમના માટે તમામ સાધન-સામગ્રીની પૂર્ણ

**(અનુસંધાન પૃષ્ઠ ૨૬૪ ઉપર)**





# એક ફૂલ અમારું સ્વીકારો પ્રભુ! અક્ષરધામને કાજે...

## અજોડ ગાથા ૧૨,૫૦૦ સ્વયંસેવકોનાં

# સેવા-સમર્પણની

*'એક ફૂલ અમારું સ્વીકારો, પ્રભુ! અક્ષરધામને કાજે...'*

રોબિન્સવિલ ખાતે જ નહીં, પરંતુ સમગ્ર નોર્થ અમેરિકા ખંડમાં દૂર દૂર વસતા હજારો હરિભક્તોનાં ઘરોમાં આ કીર્તન-પ્રાર્થના-પંક્તિ છેલ્લા ઘણા મહિનાઓથી ગુંજી રહી હતી. એ આબાલ-વૃદ્ધ સ્ત્રી-પુરુષોનાં હૈયાંમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજ પ્રત્યે આ પ્રાર્થનાના સૂર એટલા માટે વહેતા હતા કે એ સૌને કોઈ ને કોઈ રીતે સનાતન ધર્મની જ્યોત પ્રગટાવતા સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણમાં સેવા કરવી હતી. અક્ષરધામના નિર્માણમાં તન, મન, ધનથી કે મન, કર્મ, વચનથી સેવા કરવી એ જ લક્ષ્ય હતું. આ નિઃસ્વાર્થ સેવા કરીને તેમને જોઈતી હતી – માત્ર પ્રસન્નતા. ભગવાન સ્વામિનારાયણ અને પોતાના પ્રાણપ્યારા ગુરુહરિની પ્રસન્નતા.

ભક્તિની આ એક અભિવ્યક્તિ હતી. મંદિરોના યુગોથી ચાલતા નિર્માણમાં ભક્તિની વિરાટ શક્તિનો આ પૂર્વે ક્યારેય ન રચાયેલો ઇતિહાસ હતો. આગળના પૃષ્ઠમાં ઝીણાં ઝીણાં ટપકાં સમાન દેખાતાં ભાઈ-બહેન સ્વયંસેવકો ૧૨,૫૦૦ની સંખ્યામાં ભક્તિ સાથે અક્ષરધામના નિર્માણમાં નામનાની કામના વિના હોમાઈ ગયાં. સેવાના તો અનેક પ્રકાર છે. તે દરેક પ્રકારની સેવામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં ભાઈ-બહેન સ્વયંસેવકોએ એક ઇતિહાસ રચ્યો છે, પરંતુ અક્ષરધામનું નિર્માણ આ સ્વયંસેવકો દ્વારા થયું - એ ઇતિહાસ સુવર્ણ અક્ષરે લખાશે. નિઃસ્વાર્થ સેવાના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે જ્યારે મહાનિબંધો લખાશે ત્યારે આ ૧૨,૫૦૦ ભાઈ-બહેન સ્વયંસેવકોની સેવાનો ઇતિહાસ તેમાં કળશ ચઢાવશે. ભારત અને વિશ્વભરમાં હિન્દુ મંદિરોના નિર્માણનો ઇતિહાસ લખાશે ત્યારે પણ આ સ્વયંસેવકોની ગાથા એક એનસાઈક્લોપીડિયા જેટલો ગ્રંથ આરક્ષિત રાખશે. અહીં એ હજારો સ્વયંસેવકોનાં સમર્પણમાંથી એક અતિ અલ્પ આચમન પ્રસ્તુત છે, જેના દ્વારા એ તમામ સ્વયંસેવકોનાં ચરણોમાં એક વિનમ્ર પ્રણામાંજલિ અર્પણ છે...

કોઈ સેવા નાની નથી, બધી જ સેવા મહાન છે, પરંતુ એ નિશ્ચિત છે કે અક્ષરધામની સેવા એક વિશિષ્ટ સેવા હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા લગભગ છેલ્લાં સવા સો વર્ષોથી મંદિરોનું નિર્માણ કરી રહી છે. છેલ્લાં લગભગ બે હજાર વર્ષોથી પથ્થરમાંથી હિન્દુ મંદિરો બંધાઈ રહ્યાં છે, પરંતુ પૂર્વે બંધાયેલાં મંદિરો અને રોબિન્સવિલના અક્ષરધામના નિર્માણમાં એક સૌથી મોટો તફાવત એ હતો કે અહીં પહેલી વખત ૧૨,૫૦૦ સ્વયંસેવકો દ્વારા ભગવાનનું આ ધામ રચાયું છે. આ એવા સ્વયંસેવકો છે, જેમણે જીવનમાં ક્યારેય પથ્થરનું કામ કર્યું નથી. આમ છતાં આ સેવા માટે મહંત



બી.એ.પી.એસ. સંસ્થાના હજારો નિષ્ઠાવાન ભક્તો નોર્થ અમેરિકાની ધરતી પરથી સેવા માટે નીકળી પડ્યા. કેટલાકે નોકરીઓ છોડી, કોઈકે ધીકતા ધંધા બંધ કર્યા, કોઈક પોતાનું ઘર વેચીને સ્થળાંતરિત થઈ ગયા, કોઈકે અભ્યાસને મુલતવી રાખીને સેવાને ઉત્સાહથી પ્રાધાન્ય આપ્યું...

સ્વામી મહારાજ અને ઈશ્વરચરણદાસ સ્વામીની હાકલ પડી અને નવયોદ્ધાઓની જેમ બી.એ.પી.એસ. સંસ્થાના હજારો નિષ્ઠાવાન ભક્તો નોર્થ અમેરિકાની ધરતી પરથી નીકળી પડ્યાં. કેટલાકે નોકરીમાંથી કપાતે પગારે રજાઓ મેળવી, કોઈકે નોકરીઓ છોડી, કોઈકે ખોટ ખાઈને પોતાના ધંધા બીજાને ભળાવી દીધા, કોઈકે ધીકતા ધંધા બંધ કર્યા કે અન્યને વેચી દીધા, કોઈકે પોતાનું ઘર વેચીને પરિવાર સાથે રોબિન્સવિલ ખાતે સ્થળાંતરિત થઈ જવાનું પસંદ કર્યું, કોઈકે વિદ્યાર્થી તરીકે પોતાના અભ્યાસને મુલતવી રાખીને સેવાને ઉત્સાહથી પ્રાધાન્ય આપ્યું. નવયુવાનો, નવયુવતીઓ કે સ્ત્રી-પુરુષ વડીલોથી લઈને કિશોર અવસ્થામાં કંઈક અરમાનો સેવતાં કિશોર-કિશોરીઓ પણ તેમાં સામેલ હતાં.

રોબિન્સવિલ ખાતેના સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણની વિશેષતા એ હતી કે ભારતમાં થયેલા પથ્થરના ઘડતરકામને બાદ કરતાં સમગ્ર પરિસરની આર્કિટેક્ચરલ કે ટેકનિકલ ડિઝાઇનથી લઈને તેના પ્લાનિંગ, નિર્માણ કે વિવિધ તબક્કાઓ અને સ્તરમાં થયેલા વિરાટ નિર્માણકાર્યના સંચાલનમાં સંતો અને સ્વયંસેવકોએ જ કાર્યભાર સંભાળ્યો હતો. ક્યાંક પ્રોફેશનલ મદદ લેવાઈ, પરંતુ અંતે કાર્ય પાર પાડ્યું સંસ્થાના સમર્પિત સંતો અને સ્વયંસેવકોએ જ. એ સૌનું સમર્પણ એટલું અસરકારક હતું કે એક પ્રોફેશનલ કન્સલ્ટન્ટ તરીકે કે પ્રોફેશનલ કોન્ટ્રાક્ટર તરીકે શરૂઆતમાં અક્ષરધામના નિર્માણમાં જોડાયા પછી કેટલાક નિષ્ણાતોને પણ સ્વયંસેવક તરીકે સેવા કરવાની પ્રેરણા મળી હતી. એટલે પોતાની પ્રોફેશનલ સ્ટાઈલ બાજુએ મૂકીને એક ઉત્સાહી સ્વજન અને સ્વયંસેવક તરીકે તેમણે સેવાઓ આપી હતી.

અક્ષરધામના નિર્માણમાં સેવા આપનારા ભક્તો-ભાવિકોએ મુખ્યત્વે ત્રણ પ્રકારે સેવા આપી હતી. (૧) તનથી સેવા, એટલે કે શ્રમયજ્ઞમાં કઠોર પરિશ્રમ કર્યો. (૨) ધનથી સેવા, એટલે કે નિયમિત રીતે અક્ષરધામના નિર્માણમાં આર્થિક કે વસ્તુઓના રૂપે અનુદાન આપ્યું, અને (૩) મનથી સેવા, એટલે કે વર્ષો સુધી માળાજપ, તપ, વ્રત અને પ્રાર્થના

અને મહિમા ગાન દ્વારા અક્ષરધામનું નિર્માણ નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે હૃદયથી સાથ આપ્યો.

અક્ષરધામના નિર્માણમાં સ્થળ પર જોડાયેલા તમામ સ્વયંસેવકોએ તન-મન-ધનથી સેવા કરી હતી અને કોઈપણ કારણસર જે ભક્તો શરીરથી શ્રમસેવા ન કરી શક્યા તેમણે ધન કે મન-પ્રાર્થના-તપ દ્વારા સેવાઓ કરી.

સ્થળ પર શ્રમયજ્ઞ માટે જુદી જુદી ઉચ્ચ ભૂમિકાઓમાંથી આવેલા પોતપોતાના ક્ષેત્રના માંધાતાઓ અહીં નાનામાં નાની સેવા કરવામાં પણ ગૌરવ અનુભવતા હતા. કોઈ ન્યૂયોર્ક જેવા મહાનગરમાં પ્રસિદ્ધ ડૉક્ટર તરીકે કારકિર્દીની ટોચ પર પહોંચ્યા હતા, તો કોઈ મોટેલ-હોટલ અને ફૂડ ઇન્ડસ્ટ્રીમાં કે અન્ય બિઝનેસમાં નાનું-મોટું સામ્રાજ્ય ધરાવતા હતા, કોઈ મોટી આઇ.ટી. કંપનીમાં ઉચ્ચ હોદ્દેદાર હતા, તો કોઈ ફાઇનાન્શિયલ કોર્પોરેશનમાં ઉચ્ચ આસને બેસતા હતા, કોઈ નવયુવતીઓ પોતાની કરિયરમાં સૌને આંજી દેતી સ્પીડે ધમધમતી આગળ વધી રહી હતી તો કોઈ પાઇલટ અને અમેરિકન આર્મીમાં યશસ્વી કારકિર્દી બજાવી રહી હતી, પરંતુ અહીં અક્ષરધામમાં એ બધા જ ભેદભાવ ઓગળી ગયા હતા. સમૃદ્ધ ઘરની યશસ્વી મહિલાઓ અને યુવતીઓ કોંક્રીટ માટેના સળિયા વાળવામાં, પથ્થરની ઘડાઈ-ઘસાઈમાં કે મોટી ઇલેક્ટ્રિક હેમર લઈને મહાકાય પથ્થરોમાં ટાંચા-ટોચા પાડવામાં લાગી હતી. ભયંકર ઠંડી કે અસહ્ય ગરમીમાં સાંજ પડે થાકીને લોથ થઈ જવાય એવી સેવા કરવામાં મહિલાઓનાં કૂણાં શરીર કેટલુંક ખમી શકે? પરંતુ તોય અમેરિકાની નામાંકિત કૉલેજો-યુનિવર્સિટીઓમાં ભણતી કે ભણેલી સમૃદ્ધ ઘરની આધુનિક યુવતીઓ આવી અનેકવિધ સેવાઓ અને માથે તગારાં ઊંચકવામાં અહીં થાક કે શરમને કોરાણે મૂકીને સેવામાં ગૌરવ અનુભવતી હતી. માન, મોટપ કે નામનાની ખેવના વિના દિવસ-રાત પુરુષાર્થ કરતાં આ સ્વયંસેવક ભાઈઓ-બહેનોને જોઈને કોઈપણ નાસ્તિક મસ્તક ઝુકાવ્યા સિવાય રહી ન શકે. માત્ર શારીરિક શ્રમ નહીં, પરંતુ સાથે સાથે વ્રત-તપ અને ભક્તિનો પણ એવો જ માહોલ છવાયો હતો. બહેનો કે ભાઈઓ સ્વયંસેવક તરીકે સેવા કરતા હોય ત્યાં જુદા જુદા ગ્રૂપમાં ભજનોની રમઝટ ચાલતી હોય. તમે કોઈ પણ સ્વયંસેવકના ગ્રૂપ તરફ જાઓ તો મોટા સ્પીકર ઉપર વહેતાં ભજન કે કથાના સ્વર વચ્ચે સેવા કરતાં યુવક-યુવતીઓ તમને અવશ્ય પ્રભાવિત કરે. 'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી' - એ ગુણાતીત આદેશ આ અમેરિકન સ્વયંસેવકોએ જીવી બતાવ્યો હતો. સેવાની સાથે સાથે અધિક માળા, અધિક પ્રદક્ષિણા, અધિક સહજાનંદ નામાવલિના પાઠ કે ઉપવાસ કરીને આ સ્વયંસેવકો ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવાના શુદ્ધ ભક્તિમય આશયથી દિવસ-રાત મચી પડ્યાં હતાં.

એટલું જ નહીં, આ જ સ્વયંસેવકોએ અને તેમના પરિવારોએ અક્ષરધામના નિર્માણમાં ધનથી પણ પુષ્કળ ભોગ આપ્યો હતો. હા, ધનથી દાન આપનારાઓમાં અહીં કોઈ ટાટા-બિરલા-બિલગેટ્સ જેવા ધનાઢ્યો નહોતા. મોટા ભાગના દાતાઓ મધ્યમ વર્ગ કે તેથી નીચેના વર્ગમાંથી આવતા હતા, પરંતુ તેમનું હૈયું અમીર હતું. એટલે પોતે વેચાઈ જઈને પણ પોતાના ગુરુ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ મુજબ અક્ષરધામને પૂરું કરવા માટે કટિબદ્ધ હતા. કેટલાયે નવું ઘર વસાવવાનું માંડી વાળ્યું, પોતાના ઘરમાં ફર્નિચર વસાવવાનું મુલતવી રાખ્યું, કેટલાયે બે-ત્રણ વર્ષ પોતાનાં લગ્ન ઠેલી રાખ્યાં, કેટલાયે પોતાના રોજિંદા ખર્ચ અને મોજશોખમાં કાપ મૂક્યો, કેટલાયે પોતાની બચતમાંથી મોટો ભાગ ભગવાનનાં ચરણે ધરી દીધો, કેટલાયે પોતાનાં કીમતી ઘરેણાં આપી દીધાં, કોઈકે લોન લઈને પણ સેવા કરી, નાનાં નાનાં બાળકોએ પોતાના ખિસ્સાખર્ચમાં કાપ મૂકીને કે પોતાની બચત અર્પણ કરીને ભક્તિ અદા કરી, ગૃહિણીઓએ પોતાની બચત અને પોતાનાં ઘરેણાં અર્પણ કરી દીધાં તો વૃદ્ધોએ પોતાની મિલકતમાંથી ભાગ ઠાકોરજીને આપી દીધો, કોઈએ પોતાનું સર્વસ્વ દાનમાં આપી દીધું, પરંતુ કોઈને લેશમાત્ર નામનાની ઇચ્છા નહોતી. બધાંનાં હૈયાંમાં એક જ ભાવ હતો કે પ્રમુખસ્વામી મહારાજનું અપાર ઋણ મારા પર કે મારા સમગ્ર પરિવાર પર



આ સ્વયંસેવકો અને સંતોએ નકશીકલા પણ શીખી લીધી. અભ્યાસ કરીને મંદિર સ્થાપત્યની તાલીમ લઈ નિર્માણ-સેવામાં ઝંપલાવી દીધું.

છે, તેને ચૂકવવા કંઈ પણ કરીએ તે ઓછું છે. એ એક એક હરિભક્તની ગાથા ગાવા બેસીએ તો એક નવા પુરાણની રચના થઈ જાય.

જો કે આ લેખમાં માત્ર તનથી સેવા કરવામાં જોડાયેલા સ્વયંસેવકોની વાત વિશેષ કરવામાં આવી છે.

રોબિન્સવિલ ખાતે અક્ષરધામ મહામંદિરના નિર્માણનો વિધિવત્ પ્રારંભ સન ૨૦૧૫થી ગણી શકાય, પરંતુ સમગ્ર પરિસરનું બાંધકામ ૨૦૧૦થી શરૂ થયું હતું. ત્યારથી સ્વયંસેવકોની વિવિધ પ્રકારે સાઇટ સેવાઓ શરૂ થઈ ગઈ હતી. જમીન સમથળ કરવાથી લઈને લેન્ડસ્કેપ સુધીના જુદા જુદા તબક્કાઓના બિલ્ડિંગ નિર્માણની અનેકવિધ સેવાઓમાં સ્વયંસેવકોએ અપાર શ્રમ કરીને દિલ રેડી દીધું હતું. કેટલાક સ્વયંસેવકો સન ૨૦૦૯-૧૦થી સાઇટ ઉપર સેવામાં લાગી ગયા હતા. તો કેટલાક સ્વયંસેવકો જરૂરિયાત મુજબ દર અઠવાડિયે શનિ-રવિ દરમ્યાન સેવામાં આવી જાય, કેટલાક સ્વયંસેવકો વચ્ચે વચ્ચે ૧૫ દિવસની રજા લઈને સેવા કરવા આવી જાય. સમગ્ર અમેરિકા ખંડનાં બાઈ-ભાઈ હરિભક્તો ત્રણ ત્રણ દિવસના નિર્ધારિત વારા મુજબ આવી જાય એવું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કોવિડ મહામારીના સમય દરમ્યાન દોઢેક વર્ષનો સમય બાદ કરતાં છેક ૨૦૨૧ સુધી આમ ચાલતું રહ્યું, પરંતુ સન ૨૦૨૧માં સ્વયંસેવકોની ખૂબ મોટી જરૂરિયાત પડી.

કારણ એવું હતું કે સન ૨૦૧૧થી ભારતથી સેવામાં આવેલા લગભગ ૧૫૦ જેટલા સ્વયંસેવક કારીગરો અક્ષરધામના નિર્માણમાં ભારતથી ઘડાઈને આવેલા લાખો ઘનફૂટ પથ્થરોના ચોટક કામનું મુખ્ય સેવાકાર્ય કરી રહ્યા હતા. પેઢીઓથી મંદિરોના નિર્માણમાં પરંપરાગત શૈલીમાં કામ કરતા આ નિષ્ણાત કારીગરો વિધિવત્ કાર્યવાહી કરીને સ્વેચ્છાએ સ્વયંસેવક તરીકે અહીં આવીને અક્ષરધામ પરિસરમાં સેવાઓ આપી રહ્યા હતા. તેઓ અને અમેરિકાથી જોડાયેલા બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાનિક સ્વયંસેવકો ખૂબ ઉત્સાહથી એક પરિવારની જેમ એકમેકમાં રસબસ થઈને કોઈપણ ભેદભાવ વિના સેવા કરી રહ્યા હતા, પરંતુ તેમાંથી કેટલાક કારીગર સ્વયંસેવકોને અમેરિકામાં મલિન આશય ધરાવતા એવા એક્ટિવિસ્ટ લોકો અને વકીલો મળી ગયા અને ભ્રમિત કરી દીધા. કોઈપણ ભેદભાવ વિના કાર્ય કરતી સંસ્થામાં આ કારીગરો વર્ષોથી ભારતમાં કે વિદેશમાં મંદિરોના નિર્માણની નાની મોટી પ્રવૃત્તિમાં જોડાયેલા રહ્યા છે. આમ છતાં, એક્ટિવિસ્ટો દ્વારા આપવામાં આવેલી પુષ્કળ ધન અને અમેરિકી નાગરિકતાની લાલચમાં એ કારીગર સ્વયંસેવકો ભ્રમિત થઈ ગયા અને ભારત બહાર બની રહેલા વિશ્વના આ સૌથી મોટા હિન્દુ મંદિરના નિર્માણને અટકાવવાના ષડયંત્રમાં ફસાઈ ગયા. અમેરિકી કાયદા-કાનૂનનું અજ્ઞાન હોવાથી, તેમનો સ્વાર્થ દેખાડીને, ષડયંત્ર રચનારા લોકોએ આ કારીગરોને બી.એ.પી.એસ. સંસ્થા વિરુદ્ધ કેટલાક ગંભીર આક્ષેપો મૂકી ન્યૂજર્સીની સ્થાનિક અદાલતમાં સિવિલ કેસ દાખલ કરી દેવા ચઢાવ્યા.[૧] તેના આધારે અમેરિકન પોલીસ સંસ્થા એફ.બી.આઈ.ના લગભગ ૨૫૦ અધિકારીઓએ તા. ૧૧-૫-૨૦૨૧ના રોજ વહેલી સવારે અચાનક અક્ષરધામની સાઇટ પર આવીને ઉપરોક્ત સ્વયંસેવક કારીગરોને પોતાની સાથે આવવા જણાવ્યું હતું. શરૂઆતમાં મોટા ભાગના કારીગરોએ સંસ્થા પર મૂકવામાં આવેલા મિથ્યા આક્ષેપોને નકારી કાઢ્યા અને પોલીસની સાથે જવામાં સંમતિ ન બતાવી, પરંતુ આખા દિવસની લાલચભરી સમજાવટને કારણે ૧૧૦ કારીગરો અજ્ઞાનને વશ થઈને તેમની સાથે ગયા, પરંતુ ૨૫ કારીગરોએ તેમની સાથે જવાની સ્પષ્ટ ના પાડી અને સંસ્થા પર મૂકવામાં આવેલા આક્ષેપોને મિથ્યા ગણાવી તેનો સદંતર અસ્વીકાર કર્યો. આમ, અક્ષરધામના નિર્માણમાં એક અસાધારણ અને અણધાર્યું વિઘ્ન આવી ગયું.

અચાનક આવી પડેલી આ આપત્તિને કારણે અક્ષરધામના નિર્માણનું કાર્ય અલ્પ સમય માટે સ્થગિત થઈ ગયું, પરંતુ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌને લક્ષ્ય બાંધી આપ્યું કે અક્ષરધામના નિર્માણનું બાકી રહેલું કાર્ય, અક્ષરધામમાં રોકાયેલા બાકીના ભારતીય કારીગરોના માર્ગદર્શન હેઠળ, સ્વયંસેવકો દ્વારા જ સંપન્ન કરવું છે. પ્રાથમિક ગણતરી કરતાં જણાયું કે ઓછામાં ઓછા ૪૫૦ કરતાં વધારે સ્વયંસેવકો ત્રણેક વર્ષ માટે પૂર્ણકાલીન સેવામાં હોય તો મંદિરનું નિર્માણકાર્ય પૂરું થઈ શકે. જો કે સૌને તેમાં ઘણી બધી બાબતો પડકારજનક લાગતી હતી. તે સમયે અક્ષરધામના મુખ્ય માળ પર મંડોવર અને છત સુધીનું કાર્ય લગભગ પૂરું થઈ ચૂક્યું હતું. પરંતુ બધાં જ શિખરો, સામરણો, ઘુમ્મટો, જગતી, પરિક્રમા, નીલકંઠ વાટિકા વગેરે

૧. ઉલ્લેખનીય છે કે અમેરિકન કોર્ટમાં ઉપરોક્ત કેસ દાખલ કરનાર ૨૧ કારીગર સ્વયંસેવકો પૈકી ૧૨ કારીગરોએ પશ્ચાત્તાપની લાગણી સાથે આ કેસ પાછો ખેંચવાની કોર્ટમાં અરજી કરી હતી. તેમના નામે કોર્ટમાં સંસ્થા વિરુદ્ધ મૂકવામાં આવેલા આક્ષેપો મિથ્યા, મનઘડંત અને ષડયંત્રપૂર્વક રચાયેલા છે - એમ કોર્ટને જણાવીને આ કારીગરોએ કહ્યું કે વકીલોએ તેમના નામે કરેલ દાવો તેમણે વાંચ્યો પણ નહોતો. અજ્ઞાનને કારણે તેઓ લાલચમાં ફસાઈ ગયા હતા. ઑક્ટોબર ૨૦૨૩માં ન્યૂજર્સી કોર્ટે પૂરતાં પ્રમાણોને લક્ષમાં લઈને તેમની વાત સ્વીકારીને કેસમાંથી ફરિયાદી તરીકે તેમનાં નામ દૂર કરી દીધાં હતાં.



આ સમર્પિત સ્વયંસેવકોએ પૂર્વે ક્યારેય ન બન્યું હોય એવો પરિશ્રમ કરીને અદ્ભુત અક્ષરધામ મહામંદિર ખડું કરી દીધું. આ સ્વયંસેવક યુવાનો-યુવતીઓ-વડીલોની, એક એકની કથા ભેગી કરીએ તો એક એનસાઇક્લોપીડિયાનો મોટો ગ્રંથ રચાય તેટલી વિસ્તૃત અને રોમાંચક છે.

પ્રચંડ કાર્ય બાકી હતું. લાખો ઘનફૂટ પથ્થરનું આ ચોટક કામ નિષ્ણાત કારીગરો દ્વારા પૂરું કરવામાં પણ વર્ષો લાગી શકે તેવી સંભાવના હતી ત્યારે, આટલું બધું નિર્માણકાર્ય પથ્થરકામના સાવ બિન અનુભવી સ્વયંસેવકો દ્વારા પૂરું થશે એવી આશા રાખવી તે બાબત એક મહાન પડકાર સમી અને કેટલાકને બિનવ્યવહારુ લાગતી હતી. જ્યાં નોકરી-ધંધામાં એક એક કલાકનો પણ હિસાબ મંડાતો હોય એવા અમેરિકા જેવા દેશમાં આટલા લાંબા સમય માટે આટલી મોટી સંખ્યામાં સ્વયંસેવકોને સેવામાં જોડવાનું લગભગ અશક્ય જ હતું, પરંતુ મહંત સ્વામી મહારાજ અને ઈશ્વરચરણદાસ સ્વામીએ બી.એ.પી.એસ.ના એ સમર્પિત સંતો-સ્વયંસેવકો પર પૂર્ણ વિશ્વાસ મૂકીને સેવાની હાકલ કરી અને અમેરિકાનાં નવયુવાન-નવયુવતીઓએ આ હાકલ અને પડકાર ઝીલી લીધાં. ઑક્ટોબર ૨૦૨૧ના સમયમાં ગણતરીના દિવસોમાં જ સમગ્ર નોર્થ અમેરિકા(કેનેડા અને યુ.એસ.એ.)ના સેંકડો સ્વયંસેવકોનાં નામ ઓનલાઈન નોંધાવાં લાગ્યાં. અમેરિકાથી ભારત આવીને નવદીક્ષિત સંત તરીકે સારંગપુરમાં તાલીમ લઈ રહેલા કુલ ૭૫ જેટલા સંતો-પાર્ષદો-સાધકોને પણ સ્વામીશ્રીએ આજ્ઞા કરીને અક્ષરધામના નિર્માણની સેવામાં મોકલી આપ્યા. મિથ્યા આરોપોમાં સાથ આપીને લાલચમાં અમેરિકી પોલીસ સાથે જવાને બદલે સેવામાં રોકાયેલા ૨૫ જેટલા સ્વયંસેવક કારીગરો આ સંતો-પાર્ષદો-સાધકો અને સ્વયંસેવકોને પથ્થરના નિર્માણકાર્યની પરંપરાગત તાલીમ આપવા તૈયાર થયા. ઍકેડેમિક અને શાસ્ત્રીય દૃષ્ટિએ મંદિર-સ્થાપત્ય વિદ્યાનો અભ્યાસ, મંદિરના નકશાઓ સમજાવીને તેના એક એક અંગ-ઉપાંગની ડિઝાઈન અને તેનું શાસ્ત્રીય મહત્ત્વ તેમજ મંદિર-સ્થાપત્ય ઇતિહાસની વિગતો અંગેનું શિક્ષણ આપવા માટે અક્ષરવત્સલદાસ સ્વામી દ્વારા કેટલાય વર્ગો લેવામાં આવ્યા, તેની વિધિવત્ પરીક્ષા લેવામાં આવી, ઉત્તીર્ણ થયેલાઓને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ-નવી દિલ્હી દ્વારા 'ત્વષ્ટા સહાયક' તરીકે સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યાં. થિયરી શીખીને તૈયાર થયેલા સ્વયંસેવકોને ભારતીય સ્વયંસેવક કારીગરોએ સ્થળ પર પ્રેક્ટિકલ તાલીમ આપી. અને તેમાંથી તૈયાર થયા બી.એ.પી.એસ.ના એવા સ્વયંસેવકો કે જેમણે ક્યારેય જીવનમાં પથ્થરને હાથ લગાવ્યો નહોતો, તેઓ મંદિર-નિર્માણમાં પથ્થરકામના નિષ્ણાત બની ગયા.

જોતજોતાંમાં વિશ્વકર્મા બંધુઓના સહાયક તરીકે પ્રચંડ પુરુષાર્થ કરીને તેમના માર્ગદર્શન મુજબ સેવા કરનારા આ સ્વયંસેવકોએ પૂર્વે ક્યારેય ન બન્યું હોય એવું અદ્ભુત અક્ષરધામ મહામંદિર ખડું કરી દીધું. તેમણે એક એવો ભક્તિસભર ઇતિહાસ રચી દીધો, જેની ગાથાઓ યુગો સુધી ગવાતી રહેશે. આ સ્વયંસેવક યુવાનો-યુવતીઓ-વડીલોની, એક એકની કથા ભેગી કરીએ તો એક એનસાઈક્લોપીડિયાનો મોટો ગ્રંથ રચાય તેટલી વિસ્તૃત અને રોમાંચક છે. અને તેમાં પણ અહીં તો માત્ર એ સ્વયંસેવકોનો નિર્દેશ કરી શકાય, પરંતુ એમનાં માતાપિતા, પત્ની કે પતિ, પુત્ર અને પુત્રીઓ તેમજ અન્ય પરિવારજનોના ભોગ-સમર્પણની કહાની હંમેશાં અજાણી જ રહેશે.

આ રહી એ સ્વયંસેવકોની કેટલીક કથાઓઃ

## એ સ્વયંસેવકો, જેમણે પૂર્ણતઃ સમર્પણ કર્યું...

અમેરિકામાં ૧૨૫ જેટલાં બી.એ.પી.એસ. મંદિરો અને બીજાં સેંકડો બી.એ.પી.એસ. સત્સંગ કેન્દ્રોના સંચાલન માટે સંતો અને સમર્પિત હરિભક્તોનું એક વિશાળ નેટવર્ક છે. જેમાં એક એક સંત કે હરિભક્તની સેવાઓની કંઈક ગાથાઓ લખાય તેમ છે, પરંતુ અક્ષરધામના નિર્માણની વાત

આવે ત્યારે શ્રી કનુભાઈ પટેલનું સ્મરણ અવશ્ય કરવું પડે.

છેલ્લાં ૨૩ વર્ષોથી પોતાની યુ.પી.એસ.ની માન-મોભાવાળી ઉચ્ચ હોદ્દાવાળી નોકરી છોડીને પ્રમુખસ્વામી મહારાજના વચને સંસ્થામાં સેવા માટે સમર્પિત થઈ જનાર કનુભાઈ પટેલ અમેરિકા ખાતે બી.એ.પી.એસ. સંસ્થાના પ્રેસિડેન્ટ અને સી.ઈ.ઓ. તરીકે વર્ષોથી સેવાઓ આપી રહ્યા છે. અક્ષરધામના નિર્માણમાં તમામ સ્તરે તેમની ભૂમિકા ખૂબ મહત્ત્વની રહી છે. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી જમીન સંપાદનથી લઈને નિર્માણ-સંચાલનના છેલ્લામાં છેલ્લા તબક્કા સુધી તેઓ દિવસ-રાત જહેમત કરતા રહ્યા. અમેરિકા બી.એ.પી.એસ. સત્સંગ મંડળના પૂર્વ પ્રેસિડેન્ટ શ્રી ડૉ. કે. સી. પટેલ તેમજ ટ્રસ્ટી અને અગ્રણી હરિભક્તો શ્રી ઘનશ્યામભાઈ એમ. પટેલ, શ્રી કિરણભાઈ જી. પટેલ, શ્રી વિનુભાઈ પટેલ, શ્રી કિશોરભાઈ મહેતા, શ્રી પ્રફુલ્લભાઈ રાજા, ડૉ. હેમંતભાઈ પટેલ વગેરે હરિભક્તોએ જમીન શોધવા અને સંપાદન કરવા કરેલા પ્રયાસો બાદ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સન ૨૦૦૬થી કનુભાઈ પટેલે તેનું સુકાન સંભાળ્યું હતું. તેમાં તેમના સહયોગી શ્રી દીપલભાઈ એમ. પટેલ અને શ્રી હરિભાઈ વી. પટેલ વગેરે પણ જોડાયા. અક્ષરધામના નિર્માણના એ પ્રારંભિક તબક્કાથી લઈ પથ્થરો માટે યુરોપની ખાણોમાં જવું, તેના ઘડતરની પ્રક્રિયા માટે દર બે-ત્રણ મહિને ભારત આવીને તેનું કોઓર્ડિનેશન કરવું તેમજ ભારત અને અમેરિકા ખાતે અક્ષરધામના નિર્માણ સાથે સંકળાયેલા નાના-મોટા અનેક વિભાગો, સંતો કે નિષ્ણાતો સાથે સંકલન કરવાની અપાર મહેનત તેમણે છેલ્લાં ૧૫ વર્ષથી કરી છે. સત્સંગનાં ઉમદા મૂલ્યોને પોતાના વ્યક્તિગત જીવનમાં ઉતારીને સેવકભાવે સૌ સાથે હળીમળીને અક્ષરધામના નિર્માણનું સૂત્ર સંભાળવાની સેવાભક્તિ કરીને તેમણે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

તેમનામાંથી પ્રેરણા મેળવીને તેમના પરિવારજનો પણ સેવામાં સમર્પિત થઈ ગયા. તેમના ભાઈ પંકજભાઈ પણ સન ૨૦૦૯થી પોતાનો વ્યવસાય છોડીને પૂર્ણકાલીન સેવા માટે અક્ષરધામના નિર્માણમાં સમર્પિત થઈ ગયા. અક્ષરધામના કોંક્રીટ ફાઉન્ડેશનથી લઈને સાઇટ કન્સ્ટ્રક્શન અને ટાવર ક્રેન ઑપરેટર જેવી વિવિધ સેવાઓમાં તેમણે દિલ રેડીને સેવા કરી છે. તન, મન અને ધનથી સેવા કરવી છે એ તેઓએ પહેલેથી જ નક્કી કરી લીધું હતું. આથી અક્ષરધામ સાઇટ પર ફુલ ટાઇમ વિવિધ સેવાઓની સાથે આર્થિક સેવા કરવા માટે તેમણે અને તેમનાં પત્નીએ નક્કી કર્યું કે સારી ગાડી, દર વર્ષે ફરવા જવું, મોંઘાં કપડાં વગેરે ખર્ચમાં કરકસર કરીને બધી જ બચતની સેવા અક્ષરધામમાં કરવી છે. વળી, આ પતિ-પત્ની પોતાના બિઝનેસમાંથી ધર્માદાની સેવા તો કરે જ છે. અક્ષરધામમાં સેવાની સાથે તપ પણ કરે છે. ૨૦૧૪થી તેમણે મીઠાઈનો ત્યાગ કર્યો છે. મંદિર નિર્માણ માટે રોજ તપની વિશેષ માળા કરે છે.

ન્યૂયોર્કના શ્રી ભરતભાઈ છગનભાઈ પટેલ પણ ૨૦૦૯થી અક્ષરધામની સેવામાં સમર્પિતભાવે જોડાઈ ગયા. અક્ષરધામ સાઇટ પર પથ્થરોનાં બોક્સને ખોલ્યા પછી લાકડાં વગેરે સામગ્રીની સફાઈ કરવાની હોય તથા ગારબેજનાં ડમ્બસ્ટરો ભરવાનાં હોય કે અન્ય કોઈપણ સફાઈની સેવા કરવાની હોય, તેની સંપૂર્ણ જવાબદારીનું વહન ભરતભાઈ પટેલ કરી રહ્યા હતા. નાની-મોટી અનેક સેવાઓ કરનાર ભરતભાઈએ અક્ષરધામની શ્રમભરી સેવા તો કરી, તે ઉપરાંત ૩ વર્ષ સુધી પોતાના ઘરનું ફર્નિચર લેવાનું બંધ રાખીને બચત કરીને આર્થિક સેવા પણ ખૂબ કરી છે. સેવાની સાથે તપ કરવા માટે મીઠાઈનો પણ ત્યાગ કર્યો. સેવાની સાથે સાથે વચનામૃત, સ્વામીની વાતો, ભગવાન સ્વામિનારાયણ અને ગુરુપરંપરાનાં જીવનચરિત્રો ૭ વખત વાંચ્યાં છે.

અક્ષરધામ નિર્માણનો પ્રારંભ થયો ત્યારથી સૌથી મોટી સમસ્યા હતી – યોગ્ય માત્રામાં, યોગ્ય ઝડપે, યોગ્ય ગુણવત્તાવાળો પથ્થર પ્રાપ્ત કરવો તે. યુરોપની બલ્ગેરિયા, ટર્કી, ગ્રીસ, ઇટલી વગેરે દેશોમાંથી ઋતુઓની વિચિત્રતા વચ્ચે ખાણોમાંથી પથ્થર કઢાવવો તે સામાન્ય પડકાર નહોતો. પરંતુ એ અજાણી ભૂમિમાં સતત પાંચ વર્ષ સુધી અનેક કષ્ટો અને પડકારોને ઝીલીને



સૌએ સમર્પણ અને ભક્તિથી સેવાનો પૂર્ણ કળશ ચઢાવી દીધો. ભક્તિનો આ ચમત્કાર સૌ કોઈને અચંબિત કરી દેતો હતો.

સ્વયંસેવક શ્રી વિનોદભાઈ પટેલે એ કાર્ય સંપન્ન કર્યું. તપ-વ્રત, સાદગી સાથે વર્ષો સુધી મૂકભાવે સેવા કરનાર વિનોદભાઈ એક વિશિષ્ટ વ્યક્તિ છે. સંપૂર્ણ રીતે શાંત અને કોઈ જ પ્રકારનાં માન-સન્માન કે જાહેર પ્રશંસાની અપેક્ષા વગર અને અવિરત સેવા કરી રહેલા વિનોદભાઈ અક્ષરધામ પ્રોજેક્ટના શરૂઆતના તબક્કાથી જ જોડાયેલા સેવકોમાંના અગ્રણી સેવક છે. અક્ષરધામ પ્રોજેક્ટમાં સાઈટ સુપરવિઝન, કારીગરોને માર્ગદર્શન તેમજ પથ્થરોના સંપાદન જેવી વિવિધ સેવાઓમાં ખૂબ જ કૌશલ્યપૂર્ણ અને અસરકારક રીતે તેમણે સેવાઓ આપી છે.

અજાણ્યો દેશ, ખોરાક તેમજ ખાનપાનની મર્યાદાઓ અને અજાણ્યા વાતાવરણમાં પોતાના પરિવારથી દૂર રહીને આ સેવા કરનારા વિનોદભાઈ ગૌરવથી અને ભાવુક થઈ જણાવે છે, 'જે દિવસથી હું ગ્રીસમાં સેવા માટે ગયો તે દિવસથી જાણે મને એવું અનુભવાયું જ નથી કે હું એકલો છું. મને સતત એવી પ્રતીતિ રહી છે કે સ્વામીશ્રી સદાય મારી સાથે જ છે. તેમનાં આશિષ અને કૃપા સતત મારા તેમજ મારા પરિવાર ઉપર સદાય વરસતાં રહે છે. આ સેવા આપીને જાણે સ્વામીશ્રીએ મારા ઉપર અનહદ કૃપા કરી છે.'

શિકાગોના સિવિલ એન્જિનિયર શ્રી ભરતભાઈ એફ. પટેલ અમેરિકામાં જ્યાં જ્યાં સંસ્થાનાં શિખરબદ્ધ મંદિર કે અન્ય પ્રોજેક્ટસ ચાલતાં હોય ત્યાં આજ્ઞા અનુસાર કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ મૅનેજર તરીકે સેવામાં જોડાય છે. એ જ રીતે તેઓ અક્ષરધામની સેવામાં પણ સમયાંતરે આવતા રહ્યા. જેમ જેમ અક્ષરધામનું બાંધકામ આગળ ધપતું ગયું તેમ તેમ તેઓની સેવા-મુસાફરી વધતી ગઈ અને અંતે એપ્રિલ-૨૦૧૩થી તેઓ ફૂલ ટાઈમ કન્સ્ટ્રક્શનની સેવામાં આવી ગયા. એક શાંત, ખૂબ ખંતપૂર્વક, ચીવટપૂર્વક અને ધીરજપૂર્વક પોતાના સમય કે હૃદયના ગંભીર સ્વાસ્થ્યની પરવા કર્યા વિના સેવા કરતા અતિ સમર્પિત ભક્ત તરીકે, શ્રી ભરતભાઈ માટે સૌ કોઈને અપાર આદર છે. રોબિન્સવિલના અતિ શીત વાતાવરણમાં પણ રોજ ૧૧-૧૨ કલાકની સેવા કરે, પરંતુ તેમના મુખની પ્રતિકૃતિ જોતાં જરાય એમ ન લાગે કે તેઓ થાક્યા કે કંટાળ્યા છે. અક્ષરધામના બાંધકામમાં એક પીઢ ઈજનેર તરીકેનો તેમનો અનુભવ ખૂબ ખપમાં આવ્યો.

૩૭ વર્ષથી અમેરિકામાં રહેતા શ્રી સોમાભાઈ છોટાભાઈ પટેલ સન ૨૦૦૭માં સત્સંગના યોગમાં આવ્યા ત્યારે અનેકવિધ પ્રસંગોથી વિશ્વાસ આવી ગયો કે પ્રમુખસ્વામી મહારાજ એક સાચા સત્પુરુષ છે. જ્યારે સન ૨૦૦૯માં દિલ્હી અક્ષરધામનાં દર્શન કર્યાં, એ વખતે સંકલ્પ કર્યો કે ન્યૂજર્સીમાં બંધાનાર અક્ષરધામની સેવામાં જોડાઈ જવું છે. આ માટે તેમણે પોતાના બધા સ્ટોર્સ વેચી દીધા અને અક્ષરધામની સાઈટની નજીકમાં જ ઘર પણ લઈ લીધું. અક્ષરધામ સાઈટ પર જ્યારે કોઈ પણ પ્રકારની સગવડ નહોતી અને પથ્થરકામના કારીગરો સૌ પ્રથમ વખત પધાર્યા ત્યારથી જ સોમાભાઈ તથા તેમનાં ધર્મપત્ની દિવસમાં ત્રણ વખત પોતાના ઘરેથી વ્યવસ્થા કરીને કારીગરોની સેવા કરતા, સાથે સાથે પીવાનું પાણી પણ ઘરેથી જ લાવીને પૂરું પાડતા. આવી રીતે ૩૮ કારીગરોની બે વર્ષ સુધી સેવા કરી. છેલ્લાં ૪ વર્ષથી અવિરતપણે એક પણ રજા પાડ્યા સિવાય કારીગરોને જમાડવાની અને નાસ્તા વગેરેની સેવામાં ફુલ ટાઈમ જોડાયેલા રહ્યા છે. દરેક કારીગર-સ્વયંસેવકને કુટુંબના એક સ્વજન સમજીને તેમણે દરેકની સેવા કરી છે.

બોસ્ટનના શ્રી બાબુભાઈ છગનભાઈ પટેલ સન ૨૦૦૯થી પ્રતિષ્ઠા મહોત્સવ સુધી દર અઠવાડિયે ચારથી પાંચ કલાકનું ડ્રાઈવિંગ કરીને બોસ્ટનથી રોબિન્સવિલ સેવામાં આવે છે. કોવિડની મહામારીમાં પણ તેમની સેવા ચાલુ હતી. સ્વભાવે વિનમ્ર. બાબુભાઈએ બોસ્ટનમાં ઠંડી અને બરફવર્ષા પણ બહુ થાય, તેમ છતાંય ક્યારેય વિપરીત સંજોગોનાં રોદણાં રોયાં નથી. રોબિન્સવિલ મંદિરની સેવામાં જોડાયા બાદ પોતાનાં નાનાં મોટાં વૅકેશન તો તેમણે કાપી જ નાંખ્યાં. તેઓ ઈલેક્ટ્રિકલ વિભાગમાં સેવા આપી રહ્યા છે, તેમનાં પત્ની બોસ્ટન મંડળમાં મહિલા કાર્યકર તરીકે વર્ષોથી સેવા બજાવી રહ્યાં છે, તેમના પુત્ર યોગીભાઈ પણ વિવિધ સેવાઓમાં હોમાયેલા રહ્યા. ઈલેક્ટ્રિકલ



પ્રતિષ્ઠિત ડિગ્રીઓ ધરાવતા યુવાનોએ સો-દોઢસો ફૂટ ઊંચા સ્કેફોલ્ડિંગ બાંધવાથી લઈને વિવિધ સેવાઓમાં કૌશલ્ય મેળવી લીધું.



સેવાની રમઝટ ચાલતી હોય ત્યારે ઠેર ઠેર સ્વયંસેવક બહેનો અને ભાઈઓ ભજન-ભક્તિની ધૂન જમાવીને તેમાં લીન થઈ સેવા કરતા નીરખવા મળે. સંધ્યા સમયે સેવામાંથી થોડો સમય વિરામ લઈને સૌ પોતપોતાના ગ્રૂપમાં આરતી-પ્રાર્થના કરીને ભક્તિ અદા કરતા.

સેવામાં બાબુભાઈને ઘણા પડકારો આવ્યા, પરંતુ ધીરજ અને ચીવટપૂર્વક તેમણે સેવા કરી હતી.

વૉશિંગ્ટન(ડી.સી.)ના શ્રી દિનેશભાઈ અંબાલાલ પટેલ સન ૨૦૦૪થી પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી મંદિર બાંધકામની સેવામાં જોડાયા. સંસ્થાનાં હ્યુસ્ટન, ડલાસ, સાન હોઝે, એટલાન્ટા, લોસ એન્જલસ જેવાં વિવિધ શિખરબદ્ધ તેમજ હરિમંદિરોનાં બાંધકામ અને કન્સ્ટ્રક્શનના કોન્ટ્રેક્ટસ વગેરેની સેવા કરે છે. સન ૨૦૦૮થી તેઓ ન્યૂજર્સી અક્ષરધામની સેવામાં જોડાયા. વચ્ચે સતત ૨૦ મહિના સુધી અક્ષરધામ પ્રોજેક્ટમાં પૂર્ણ સમયની સેવા આપી. બાંધકામ વિભાગમાં વર્ષોથી અનેકવિધ સેવાઓ આપી રહ્યા છે. ઘણી બધી કંપનીઓમાં નોકરી કરવાને લીધે પ્રોફેશનલ મૅનેજમૅન્ટનો અનુભવ ધરાવે છે. તેમનો આ અનુભવ અક્ષરધામના પ્રોજેક્ટમાં ઘણો ઉપયોગી પુરવાર થયો. તેઓએ અક્ષરધામ પ્રોજેક્ટના એક સિનિયર એન્જિનિયર તરીકે મૅનેજમૅન્ટ લાઇસન્સ, ઝોનિંગ બોર્ડમાંથી પરમિટ મેળવવી જેવી ઘણી અગત્યની સેવાઓ કરી. ઉપરાંત મહામંદિર મ્યુઝિયમ, કોર્ટયાર્ડ, એક્ઝિબિશન, શાયોના બિલ્ડિંગ વગેરેની એપ્રૂવલ મેળવવાનું અને ડિઝાઇનનું કામ કર્યું હતું. પથ્થરો ઘસવાનું કામ પણ તેઓ સૌની સાથે કરતા હતા. તેમનાં માતા-પિતા, પત્ની, દીકરો, તેમનો નાનો ભાઈ અને પરિવાર સંપૂર્ણ રીતે સત્સંગની વિવિધ સેવાઓમાં જોડાયેલાં છે.

મોનરો ટાઉનના સ્ટ્રક્ચરલ એન્જિનિયર પ્રવીણભાઈ મનુભાઈ પટેલનું મોસાળ ચાણસદ મુકામે, એટલે સત્સંગ તો મોસાળ પક્ષમાંથી મળ્યો. પ્રવીણભાઈ અક્ષરધામ પ્રોજેક્ટમાં સ્ટ્રક્ચરલ એન્જિનિયર તરીકે વર્ષોથી સેવારત છે. અતિશય ગુસ્સો એ તેમના સ્વભાવનું અવિભાજ્ય અંગ હતું. ગુસ્સો આવે ત્યારે ઘરમાં બધા સાથે અકળાઈ જતા, પરંતુ આજે આ બધું જ સત્સંગના સુખસાગરમાં વિલીન થઈ ગયું. સદાય હસતા એવા પ્રવીણભાઈને કોઈ મળે તો ક્યારેય માની જ ન શકે કે તેમને ગુસ્સો આવતો હશે!

એડિસનના શ્રી રાજુભાઈ શંકરભાઈ પટેલ અક્ષરધામ



સાધન-સંપન્ન ઘરની સુશિક્ષિત યુવતીઓએ અહીં નાનામાં નાની સેવાનું પણ ગૌરવ સમજીને અદ્‌ભુત કાર્ય કર્યું હતું. આ સ્વયંસેવક યુવતીઓએ કોંક્રીટ માટેના જાડા સળિયાઓ વાળવાથી લઈને ભારેખમ વાહનો ચલાવવાની કે પથ્થરનું ભારેખમ ચણતર કરવાની સેવામાં આગવો નિખાર પાથર્યો...

પરિસરમાં સન ૨૦૦૯થી સાઈટ પર કારીગરોની સરભરામાં જોડાયા હતા. તેમની સાથે સંજયભાઈ પટેલ (લીંગડા) પણ સેવામાં સમર્પિત થઈ ગયા હતા. કારીગરોની રહેવાની વ્યવસ્થા, સાઈટ પર આવવા/જવાની, જીવન જરૂરિયાતની વસ્તુઓ, દવા, કપડાં, ઓજાર વગેરે લાવી આપવાની સેવા રાજુભાઈએ વર્ષોથી ચીવટપૂર્વક કરી છે. સાથે સાથે સાઈટ પર વપરાતી મશીનરીને ઑપરેટ કરવાની જાણકારી પ્રાપ્ત કરી લીધી. ક્રેન ચલાવવાનું લાઈસન્સ મેળવીને ક્રેન ઑપરેટરની સેવાઓમાં લાગી ગયા. તેઓને કન્સ્ટ્રક્શનને લગતો વિશાળ અનુભવ, આવડત અને જાણકારી છે. તેઓ કહે છે કે અંતરમાં સેવાનો ઉમંગ હોય તો દુન્યવી રીતે સ્વામીશ્રી બધું સુગમ કરી દે છે. પોતાનો મોટો વ્યવસાય છે, તેમાં ૩૫ વ્યક્તિ કાર્ય કરી રહી છે. સવારથી સાંજ સુધી આ વ્યવસાય સમય માંગી લે એવો છે, છતાં પોતાના વ્યવસાયના બોજને લઈને તેઓએ ક્યારેય સેવા જતી કરી નથી. સવારે રોબિન્સવિલની સાઈટ પર આવી જાય અને સમગ્ર દિવસ દરમ્યાન એકધારી સેવા કરી રાત્રે જ ઘરે જાય. આટલી વ્યસ્ત જીવનશૈલી હોવા છતાં તેઓ ઘરસભા નિયમિત કરે છે.

એટલાન્ટા(જ્યોર્જિયા)માં સ્થાયી થયેલા અશોકભાઈ વી. પટેલે એટલાન્ટા મંદિરની પાયાની સેવાથી મૂર્તિપ્રતિષ્ઠા સુધીની કન્સ્ટ્રક્શન સેવા કરીને સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ ત્રીજું અક્ષરધામ આપણા ઘર આંગણે બનાવી રહ્યા છે અને તેમાં સેવાનો લાભ ન લઈએ તો કોઈ અર્થ નહીં. તેથી તેમણે ૨૦૧૫માં નક્કી કર્યું કે ન્યૂજર્સી જવું અને અક્ષરધામના શિખર ઉપર ધજા ચડે ત્યાં સુધી સેવા કરવી. બસ, ગુરુહરિના અપાર ઋણનો વિચાર કરીને અશોકભાઈ સંપૂર્ણ સેવામાં જોડાઈ ગયા. સંતોના માર્ગદર્શન હેઠળ અનેકવિધ સેવાઓ કરીને તેમણે અક્ષરધામના નિર્માણમાં ખૂબ મહત્ત્વપૂર્ણ પ્રદાન આપ્યું.

અક્ષરધામની સેવા કરવાના હેતુથી જ ડૉ. પ્રવીણભાઈ પી. પટેલ ન્યૂજર્સીનું ડૉક્ટરનું લાઈસન્સ લઈને રોબિન્સવિલ ખાતે રહેવા આવી ગયા. તેમનું ઘર મંદિરથી ફક્ત ચાર માઈલ જ દૂર છે. તેમને નોકરીની ઘણી સારી તક હતી, પણ સેવા કરવા માટે તેઓ નોકરીની તકને ઠુકરાવીને અક્ષરધામની સેવામાં જોડાયા.

એક મિકેનિકલ એન્જિનિયર તરીકે અમેરિકામાં સ્થાઈ થયેલા ગુણવંતભાઈ એ. પટેલની પાંચ પેઢીથી સ્વામિનારાયણ સંપ્રદાય સચવાયેલો છે. તેઓ સન ૨૦૧૦થી નિવૃત્તિ લઈને રોબિન્સવિલ અક્ષરધામની સેવામાં સંપૂર્ણ રીતે સમર્પિત થઈ ગયા. રોબિન્સવિલ અક્ષરધામ પ્રોજેક્ટના તેઓ સને ૨૦૦૭થી મિકેનિકલ એન્જિનિયર છે, આથી પ્લમ્બિંગ, હીટિંગ, ઍરકન્ડિશનિંગ, સ્પ્રિન્કલરની ડિઝાઈન કરવાની સેવામાં ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું. આ ઉપરાંત નિયુક્ત થયેલા કન્સલ્ટન્ટે ડિઝાઈન કરેલા ડ્રોઈંગ્સ તપાસવાનાં, તેમાં બરાબર ન લાગે તો તેને સુધારવાનું અને તે પ્રમાણે કન્સ્ટ્રક્શનનું કામ લેવાની જવાબદારીપૂર્વકની સેવા તેમણે કરી હતી. તેમનાં પત્ની અને પુત્ર ડૉ. ચિરાગભાઈથી લઈને સમગ્ર પરિવાર અક્ષરધામની સેવામાં વર્ષોથી હોમાઈ ગયાં હતાં.

રોબિન્સવિલના શ્રી રીતેશભાઈ પટેલ ઉત્તરોત્તર અનેરા ઉત્સાહથી સત્સંગ સેવામાં પ્રવૃત્ત રહ્યા છે. જેમ જેમ સેવામાં ઊંડા ઊતરતા ગયા તેમ તેમ જીવનમાં શાંતિ અનુભવાતી ગઈ. અક્ષરધામમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી શાયોના વિભાગમાં ખૂબ જ પ્રશંસનીય સેવા કરી રહ્યા છે. સ્વામીશ્રીની કૃપાથી સેવામાં ક્યારેય પરિવાર તરફથી પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. અલબત્ત, પત્ની અને બાળકો તરફથી સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત

થતાં સેવાનો ઉત્સાહ વધતો જ જાય છે. તેઓ હંમેશાં પ્રાર્થના કરતા રહે છે કે સેવા, સત્સંગ અને પરિવારમાં બેલેન્સ જળવાઈ રહે.

નોર્થ બ્રુન્સવીકના ઘનશ્યામભાઈ પટેલ સેવામાં જેમ જેમ વધુ જોડાતા ગયા તેમ તેમ જીવનમાં ધીરજ, સ્થિરતા અને શાંતિ આવી. છેલ્લાં ૧૫-૨૦ વર્ષથી એકધારી સેવા આપી રહ્યા છે. તેઓ કહે છે કે આ સેવા મને મળી એ જ મારાં મોટાં ભાગ્ય છે. અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે નિત્ય ૫૧ માળા, ચાતુર્માસમાં એકટાણાં વગેરે દ્વારા ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું.

શ્રી ધવલ ટાંક ડલાસ ખાતે કોમ્યુનિકેશનની સેવામાં છે. તે સંતો સાથે અક્ષરધામની પબ્લિકેશન ટીમમાં પણ સેવા આપે છે. રોબિન્સવિલ અક્ષરધામમાં તે પથ્થરકામની અત્યંત શ્રમ ભરેલી સેવા કરવા આવ્યા. ધવલ કહે છે, 'મને અંતરમાં થયું કે આ સેવા નહીં કરું તો જિંદગીભર પસ્તાવો રહેશે. મારી પત્નીએ પણ સેવામાં જવાનો આગ્રહ કર્યો. અહીં મોટલમાં રહું છું, સવારે ૭ વાગ્યે આવીને આરતી કરીને સેવામાં જોડાઉં છું, રાત્રે ૯ વાગ્યે મોટલ પરત ફરું છું.'

રાલેના સૉફ્ટવેર એન્જિનિયર હસમુખભાઈ એમ. પટેલની ઉંમર ૬૩ વર્ષ છે. ૨૦૧૭માં તેઓ એક મહિના માટે અક્ષરધામની સેવામાં જોડાયા હતા. ત્યારબાદ ૨૦૧૮થી અક્ષરધામ સાઇટ સેવામાં જોડાયા. પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી તેમણે નોર્થ અમેરિકાના બધા હરિભક્તોને સેવા મળી રહે તે માટે બેઝિક સ્ટ્રક્ચર તૈયાર કર્યું, જેમાં સ્વયંસેવક રજિસ્ટ્રેશનથી લઈને સેવા સોંપણી સુધીની તમામ જવાબદારી તેમણે સંભાળી. સેવાના ફોર્મ આવ્યા બાદ જરૂરિયાત મુજબ હરિભક્તોને સેવાની સોંપણી કરવી, તેમના રહેવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા અને ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા - આ બધી વ્યવસ્થા હસમુખભાઈ અને તેમની ટીમે કરી હતી. હસમુખભાઈની વાતોથી પ્રેરાઈને કેટલાય યુવાનો સેવામાં જોડાયા હતા.

ડલાસમાં રહેતા ગિરીશભાઈ એસ. પટેલ પાંચ મોટેલના માલિક છે. ૬૯ વર્ષની ઉંમરે તેમણે સન ૨૦૧૪થી અક્ષરધામની સેવામાં જોડાઈને ઑગસ્ટ ૨૦૨૩ સુધી ખંતપૂર્વક સેવા કરી હતી. ગિરીશભાઈએ ડલાસ મંદિરમાં પાંચ વર્ષ મેન્ટેનન્સમાં સેવા કરી તે પછી નાનાં મંદિરોમાં મેન્ટેનન્સ અને રિપેરિંગની સેવા કરી. તેમનું આખું કુટુંબ સેવામાં સમર્પિત છે. ૨૦૧૪માં પત્ની અને પુત્રને બિઝનેસ સોંપીને તેઓ પોતાની ટ્રક અને કન્સ્ટ્રક્શનનાં જરૂરી સાધનો લઈને છ મહિના માટે સેવામાં આવ્યા. સ્વામીશ્રીના ઉતારામાં સેવા કરવાનો લાભ મળ્યો. પછી અક્ષરધામની સેવામાં રોકાઈ ગયા. ઈલેક્ટ્રિક કામનો અનુભવ ધરાવતા તેમણે અક્ષરધામ પરિક્રમા તથા પરિસરના દરેક મકાનમાં ઈલેક્ટ્રિક અને મેન્ટેનન્સનું કામ સંભાળ્યું હતું.

રોબિન્સવિલ(ન્યૂજર્સી)માં રહેતા પંકજભાઈ સી. પટેલ ૨૦૧૫થી ફુલ ટાઈમ અક્ષરધામની સેવામાં જોડાઈ ગયા હતા. ૨૦૧૦માં અક્ષરધામની જમીન પ્રાપ્ત થઈ અને સાઈટ સેવા શરૂ થઈ ત્યારે કારીગર-સ્વયંસેવકોને મોટેલ પરથી સ્થળ પર લાવવા, લઈ જવાની સેવા કરતા. કારીગરોની સંખ્યા વધતાં એક બસ ખરીદવામાં આવી. બસ ચલાવવા માટે તેઓ બસનું ડ્રાઈવિંગ શીખ્યા અને કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ માટે પરીક્ષા પાસ કરી. ત્યારપછી ૨૦૧૪ સુધી કારીગરોને બસમાં લઈ જવા અને લાવવાની સેવા સવાર-સાંજ કરતા. ૨૦૨૦ સુધી દર અમાસે કારીગરોને અમેરિકાનાં વિવિધ સ્થળોએ બસમાં ફરવા લઈ જવાની સેવા પણ તેઓ ઉત્સાહથી કરતા રહ્યા.

૨૦૨૦માં અક્ષરધામના નિર્માણમાં ઘણા મોટા પડકારો આવ્યા અને સેવાની ખૂબ જરૂરિયાત ઊભી થઈ. તે સમયે સંતોએ તેમને ક્રેન ચલાવવાની સેવા કરવાનું કહ્યું. તેમને ક્રેન ચલાવવાનો કોઈ અનુભવ ન હતો, પરંતુ તેઓ ક્રેન ચલાવતાં શીખ્યા. તેનું લાઈસન્સ લઈને તે સેવા પણ કરી. ઉપરાંત પંકજભાઈએ મંદિરના બાંધકામમાં પથ્થર આપવાની, પાલક બાંધવાની પણ સેવા ખંતપૂર્વક કરી હતી. સવારના પાંચથી રાતના આઠ વાગ્યા સુધી પંકજભાઈ સેવા કરતા. આટલી લાંબી સેવાને કારણે તેમના પગ સૂઝી જતા, છતાં તેઓ એની પરવા કર્યા વગર રાજીપાના

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૮ ઉપર)



ડેન્ટલ સર્જરી કરતી ડેન્ટિસ્ટ યુવતીઓએ ઓજારોથી બારીક નકશી કરવાનું કૌશલ્ય એવું હાંસલ કરી લીધું કે નિષ્ણાતો દંગ રહી ગયા!



## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ

# અક્ષરધામ

રોબિન્સવિલ, અમેરિકા



પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધના ગગનમાં
સનાતન હિન્દુ ધર્મની ગૌરવધજાઓ
ફરકાવતું સ્વામિનારાયણ અક્ષરધામ,
અમેરિકાની ધરતી પર
એક અનોખી અજાયબી તરીકે
લાખોનાં હૈયે પવિત્ર પ્રેરણાનાં
સ્પંદનો જગાવી રહ્યું છે.
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના
સંકલ્પે પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ દ્વારા નિર્મિત
૧૮૫ એકરમાં ફેલાયેલા વિશાળ
અક્ષરધામ પરિસરની અહીં એક
આછી ઝલક છે.
આ છબિ-દર્શન યાત્રા આપના
હૃદયે અક્ષરધામની દિવ્યતા અને
ભવ્યતાની અનુભૂતિની
એક લહેર પ્રસરાવશે...

# એક સ્મરણીય છબિ-દર્શન યાત્રા





અમેરિકાની ધરતી પર 'ગાર્ડન સ્ટેટ' તરીકે ઓળખાતા ન્યૂજર્સી રાજ્યના હૃદયમાં મહોરી ઊઠ્યું છે – બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ. શાંતિ અને આધ્યાત્મિક પ્રેરણાનું એક પવિત્ર ધામ એટલે સ્વામિનારાયણ અક્ષરધામ. અમેરિકાની ધરતી પર પશ્ચિમ વિશ્વમાં ખીલી ઊઠેલું આ પવિત્ર હિન્દુ ધર્મસ્થાન પરમાત્માનું એક એવું નિવાસસ્થાન છે, જ્યાં હિન્દુ કલા, સ્થાપત્ય, આધ્યાત્મિકતા, ભારતીય પરંપરાઓ અને સમયાતીત સંદેશ સૌને આનંદ અને પવિત્ર ભાવનાઓથી છલકાવી દે છે. અહીં સૌંદર્યપૂર્ણ શિલ્પો દર્શનાર્થીઓનું સ્વાગત કરે છે. આ પરિસરમાં શાંતિમય નીલકંઠ વાટિકા, મનમોહક સ્વાગત કેન્દ્ર અને ભવ્ય-દિવ્ય અક્ષરધામ મહામંદિર સહિત ઠેર ઠેર માંગલિક ભાવનાઓનું દર્શન થાય છે, જે જીવનની પરિવર્તનકારી યાત્રાની દિશા ચીંધે છે.

સ્વામિનારાયણ અક્ષરધામ એ સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્મિત એક આધ્યાત્મિક પરિસર છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા એ એક વૈશ્વિક આધ્યાત્મિક પરિવાર છે, જે જન જનના હૈયે આધ્યાત્મિકતાને પોષવા, સમાજમાં સાંસ્કૃતિક સંસ્કારોને સીંચવા, શાંતિ-સંપ-સમતાની ભાવના પ્રસરાવવા તેમજ નિઃસ્વાર્થ સેવા કરવા માટે સમર્પિત છે. ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત વૈદિક તત્ત્વજ્ઞાનના આધાર પર સ્થપાયેલી આ સંસ્થાનાં ૨૧,૦૦૦થી વધુ સત્સંગ સભા-કેન્દ્રો અને ૧૫૦૦ કરતાં વધુ મંદિરો અસંખ્ય વ્યક્તિઓના જીવનને સ્પર્શે છે, પારિવારિક મૂલ્યો, એકતા, કરુણા અને નિઃસ્વાર્થ સેવાને પોષે છે. તેના એક ઉપક્રમે, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ એક પવિત્ર હિન્દુ ઉપવન તરીકે અમેરિકાની સ્કાય લાઇનમાં આગવી આભા પાથરે છે, જે કોઈપણ ભેદભાવ વિના માનવમાત્રને અહીં પધારવા હાર્દિક આમંત્રણ આપે છે.



## શિખર અને સામરણ :
## અક્ષરધામ મહામંદિરના ભવ્ય મુકુટ

અક્ષરધામ મહામંદિરના બાહરી માનના મુખ્ય ચાર સ્તર વર્ણવી શકાયઃ સૌથી નીચે જગતી, તેની ઉપર મંડોવર, તેની ઉપર મહામંદિરનો ઉપરનો માળ, ઉપર ઉપશિખર તથા સામરણ, સૌથી ઉપર મહાશિખર. શિખરને મહાપ્રાસાદના મુગટ તરીકે વર્ણવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અક્ષરધામ મહામંદિરના સુપર સ્ટ્રક્ચર તરીકે ઓળખાતાં શિખરોની કુલ સંખ્યા ૯ છે, એ જ રીતે મહામંડપ પર રચાયેલા મહાસામરણની કુલ સંખ્યા ૯ છે. અક્ષરધામ મહામંદિરના મહામંડપની સંખ્યા પણ ૯ છે. અક્ષરધામ મહામંદિરના મહાશિખરની રેખામાં પણ ૯ શિખરો છે, ઉલ્લેખનીય છે કે હિન્દુ શાસ્ત્રીય પરંપરામાં ૯ના આંકનું બ્રહ્મના આંક તરીકે અનન્ય મહત્ત્વ છે, જે અક્ષરધામના નિર્માણમાં સહજતાથી અભિવ્યક્ત થાય છે.

આ ઉપરાંત સુપર સ્ટ્રક્ચરમાં અન્ય નાનાં-મોટાં સામરણની સંખ્યા ૨૮ છે, આમ કુલ ૪૬ સુપર સ્ટ્રક્ચરો છે, પ્રત્યેકની આગવી વિશેષતા છે. ચમકદાર, બર્ફીલાં શ્વેત પર્વતીય શિખરો જેવી શિખરોની રચના અમેરિકાના આકાશમાં ભારતીય સ્થાપત્યની એક અનોખી ભાત પાડે છે અને સૌને મોહિત કરે છે.

અક્ષરધામ મહાપ્રાસાદના શિખર પર શોભતો ૧૨ ફૂટ ઊંચો અમૃત કળશ પણ અનોખી કલા અને આધ્યાત્મિક મહત્ત્વથી અલંકૃત છે.

અમૃતકળશની સાથે સાથે ૪૬ ઊંચા ધજાદંડ પર ફરકતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વિશાળ ધજા પણ સનાતન હિન્દુ ધર્મની પરંપરા મુજબ, ભગવાનના શાશ્વત શાસનનો ઉદ્‌ઘોષ કરે છે.

મહામંદિરનું ૧૨૦ ફૂટ ઊંચું મહાશિખર ઉચ્ચ સત્યની શોધ અને ઉન્નત ધ્યેયની દિશા ચીંધતું પશ્ચિમના વિશ્વમાં સનાતન હિન્દુ ધર્મની આન, બાન અને શાન બની રહ્યું છે.





### કલામંડિત મંડોવર :
### નૃત્ય, સંગીત અને આધ્યાત્મિક મૂલ્યોનો સમન્વય

મંડોવર એટલે શિખરના ભારનું વહન કરતી મંદિરની બાહરી કલાત્મક દીવાલ, જે મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. અક્ષરધામના વિશાળ પ્રાસાદમાં કુલ ત્રણ મંડોવર છે, જેમાં એક વિશાળ મંડોવર અક્ષરધામનું બાહરી કલેવર છે, જ્યારે અન્ય બે મંડોવરો અક્ષરધામની અંદરની શોભામાં





અભિવૃદ્ધિ કરે છે. આ ત્રણેય મંડોવર વિવિધ આધ્યાત્મિક વિષયોને શિલ્પકલાના અદ્‌ભુત નમૂનારૂપે પ્રસ્તુત કરે છે.

અહીં જે છબિ દેખાય છે તે અક્ષરધામનું બાહરી મંડોવર છે, જે બલ્ગેરિયન અને ટર્કીશ લાઈમ સ્ટોનમાંથી બનાવવામાં આવ્યું છે. એક જ છત નીચે રચાયેલા મહામંદિરનું આ ૧૧૨૦ ફૂટ લાંબું, જુદાં જુદાં ૨૧ સ્તર યુક્ત ૨૩'૧૦'' ફૂટ ઊંચું મંડોવર વિશ્વનું સૌથી મોટું મંડોવર છે.

પ્રાચીન ભારતીય શાસ્ત્રીય પરંપરા મુજબ, આ મંડોવરના મધ્ય ભાગમાં કુલ ૨૩૨ કરતાં વધુ સાડા ચાર ફૂટ ઊંચાં કલાત્મક શિલ્પો છે, જેમાં ભરતનાટ્યમ્‌ની ૧૦૮ શાસ્ત્રીય મુદ્રાઓ ('કરણ') કંડારવામાં આવી છે. હિન્દુ મંદિરોનાં ૨૦૦૦ વર્ષના ઈતિહાસમાં ભરતનાટ્યમ્‌ના આદિ રચયિતા ભગવાન શિવની સ્મૃતિ સાથે ૧૦૮ શાસ્ત્રીય મુદ્રાઓને મંદિરના મંડોવરમાં આ રીતે પહેલી વખત સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત આ મંડોવરમાં તેમજ મુખ્ય ગર્ભગૃહના મંડોવરમાં મળીને ભારતીય સંગીતનાં કુલ ૨૦૦થી વધુ પરંપરાગત વાદ્યો સરસ્વતીની સ્મૃતિ સાથે વાદ્યધારી શિલ્પોમાં કંડારવામાં આવ્યાં છે. આમ, આ મંડોવર હિન્દુ કલા અને સંસ્કૃતિના સમૃદ્ધ વારસાને પશ્ચિમની ધરતી પર જીવંત કરે છે. ભારતીય નૃત્ય અને સંગીત પ્રાચીન સમયથી મંદિરમાં ભક્તિની અભિવ્યક્તિનાં વિશિષ્ટ માધ્યમો બની રહ્યાં છે, જે આજે પણ પ્રચલિત છે. ભક્તિની આ વિશિષ્ટ પ્રસ્તુતિની સાથે સાથે, મંડોવરમાં ભારતનાં પ્રખ્યાત ઋષિમુનિઓ અને આચાર્યો, સંત-ભક્ત કવિઓ, શાસ્ત્રકારો, ઋષિવિજ્ઞાનીઓ, પૌરાણિક અને વૈદિક પાત્રોનાં સુંદર શિલ્પો શોભે છે, જેમણે હિન્દુ ઈતિહાસમાં અણમોલ યોગદાન આપ્યું છે.



**જ્ઞાનપીઠ :**

## જ્ઞાન અને શાણપણની પવિત્ર પરંપરાનું દર્શન

સ્વામિનારાયણ અક્ષરધામનો મહાપ્રાસાદ જે વિશાળ આધારપીઠ પર ઊભો છે તેને શાસ્ત્રીય પરંપરા મુજબ જગતીપીઠ કહેવામાં આવે છે. ૨૦ ફૂટ ઊંચું, ૧૩ વિવિધ સ્તરોમાં રચાયેલું આ સ્ટોન સ્ટ્રક્ચર (જગતીપીઠ), અહીં શિલ્પ-સ્થાપત્યની શાસ્ત્રીય પરંપરા મુજબ છતાં મૌલિક રીતે પ્રસ્તુત થયેલું છે. 'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ' એટલે કે બધી દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ - આ પ્રસિદ્ધ વૈદિક મંત્ર મુજબ જગતીપીઠમાં અનેક શુભ વિચારોનો પ્રયાગ રચાયો છે. વૈદિક ઋષિઓથી લઈને ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી ગૌતમ બુદ્ધ, શ્રી મહાવીર, ગુરુ નાનક, સંત રવિદાસ, મીરાંબાઈ, સંત તિરુવલ્લુવરથી લઈને સોક્રેટિસ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, માર્ટિન લ્યુથર કિંગ જુનિયર સહિતના વિશ્વના કેટલાક સૌથી આદરણીય ચિંતકોએ જગતને આપેલાં જ્ઞાન અને શાણપણની અહીં અદ્‌ભુત રજૂઆત છે. એટલે જ આ જગતીપીઠનું નામ 'જ્ઞાનપીઠ' આપવામાં આવ્યું છે. આ વૈશ્વિક મૂલ્યોના આધાર ઉપર સ્વામિનારાયણ અક્ષરધામ ઊભું છે. જગતીપીઠ શીખવે છે કે સત્ય સમજવું અને સ્વીકારવું એ પરમાત્મા સાથે જોડાવાનો માર્ગ છે.











## તીર્થ મંડપમ્ :
### અક્ષરધામમાં હાર્દિક સ્વાગત કરતો પ્રવેશ મંડપ

સ્વામિનારાયણ અક્ષરધામના ભવ્ય પ્રાસાદમાં પ્રવેશતાં પહેલાં તીર્થ મંડપમ્ દર્શનાર્થીનું હાર્દિક સ્વાગત કરે છે. આ મંડપમાં, પ્રાચીન તીર્થ માનસરોવરથી લઈને કન્યાકુમારી સુધીનાં કુલ ૫૫૫ તીર્થોનાં પ્રાસાદિક જળ અને રજ વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરીને કળશમાં સ્થાપવામાં આવ્યાં છે. હિન્દુ અવતારો અને મહાપુરુષોએ પાવન કરેલાં આ તીર્થોની રજ અહીં સૌને અદ્‌ભુત તીર્થાનુભૂતિ કરાવે છે. આ તીર્થ મંડપમ્ દ્વારા સનાતન હિન્દુ તીર્થોની આદરપૂર્વક વંદના કરવામાં આવી છે. આ તીર્થ મંડપમ્‌ની અષ્ટકોણીય છતમાં બદરી, કેદાર, તિરુપતિ વગેરે તીર્થો તેમજ ગંગા, યમુના, નર્મદા વગેરે નદીઓને મૂર્તિમંત કંડારવામાં આવેલાં છે. તીર્થ મંડપમ્‌માં શ્રી ગણેશજીની



વિવિધ મુદ્રાઓ, સાથે અષ્ટ દુર્ગા, અષ્ટ સરસ્વતી, અષ્ટ લક્ષ્મી, અષ્ટ વસુ વગેરે તેમજ વિવિધ મુદ્રામાં ગાંધર્વો, અક્ષરમુક્તોનાં કલાત્મક શિલ્પો શોભે છે, જે પ્રાચીન ભારતની મહાન પરંપરાને વિનમ્ર અંજલિ અર્પે છે. તીર્થ મંડપમ્ દ્વારા મહામંદિરમાં પ્રવેશતાં જ વિશાળ કલા-પ્રચુર અને સ્તંભ રહિત સ્વાગત મંડપમ્ (છબિ સામેના પૃષ્ઠ ઉપર) દર્શનાર્થીઓનું સ્વાગત કરે છે. અક્ષરધામ પ્રાસાદના અંદરના તાપમાન અને બહારના તાપમાન વચ્ચે સંતુલન જાળવતા આ સ્વાગત મંડપમ્‌ની બંને બાજુઓ પર મુક્ત નરનારીઓ પુષ્પાંજલિ વગેરે મુદ્રાઓમાં દર્શનાર્થીઓનું સ્વાગત કરે છે.



બાજુમાં આપેલું માનચિત્ર અક્ષરધામનું તલદર્શન વિવિધ મુખ્ય યોજનાઓનું કરાવે છે:

૧. જગતીપીઠ: જ્ઞાનપીઠ
૨. બાહરી મંડોવર
૩. તીર્થ મંડપમ્
૪. સ્વાગત મંડપમ્
૫. પરબ્રહ્મ મંડપમ્
૬. અક્ષરબ્રહ્મ મંડપમ્
૭. મુક્ત મંડપમ્
૮. ઐશ્વર્ય મંડપમ્
૯. પરમહંસ મંડપમ્
૧૦. બાળ ઘનશ્યામ માતા-પિતા અને મિત્રો સાથે
૧૧. તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી
૧૨. ગુરુ પાસે વરદાન માગીને ભક્તોની પીડા હરતા શ્રીહરિ
૧૩. ગુણાતીતાનંદ સ્વામીને તિલક કરતા શ્રીહરિ

A : ગર્ભગૃહ: ભગવાન શ્રીશિવ-પાર્વતી-ગણેશજી-કાર્તિકેયજી
B : ગર્ભગૃહ: ભગવાન શ્રીરામ-સીતા-લક્ષ્મણ-હનુમાનજી
C : ગર્ભગૃહ: ભગવાન શ્રીકૃષ્ણ-રાધાજી
D : ગર્ભગૃહ: ભગવાન શ્રીતિરુપતિ બાલાજી-પદ્માવતીજી
E : ગર્ભગૃહ: બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ
F : ગર્ભગૃહ: બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ
G : ગર્ભગૃહ: બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ
H : ગર્ભગૃહ: બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ




અક્ષરધામનું તલદર્શન: વિવિધ મહામંડપો અને ગર્ભગૃહોની સુંદર સંયોજના તેમજ અક્ષરધામના બાહરી ભાગમાં મંડોવર અને જગતીપીઠની રચના





## પરબ્રહ્મ મંડપમ્

અક્ષરધામ મહામંદિરના મુખ્ય તળ પર ચારેય દિશાઓમાં ચાર મહામંડપની સુંદર કલાત્મક રચના સૌને પ્રભાવિત કરે છે. તેમાંય મહામંદિરમાં પ્રવેશતાં જ મુખ્ય ગર્ભગૃહની બરાબર સામે દર્શાતો ૫૫ ફૂટ લાંબો, ૩૬ ફૂટ પહોળો અને ૬૫ ફૂટ ઊંચો પરબ્રહ્મ મહામંડપમ્ મનને વિશાળતાથી ભરી દે છે. પથ્થરમાંથી બનતાં પરંપરાગત શૈલીનાં હિન્દુ મંદિરોના ઇતિહાસમાં આવા વિશાળ પરિમાણવાળો આવો કલાપ્રચુર મહામંડપ પ્રથમવાર રચવામાં આવ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમના ૭૧માં દિવ્ય અક્ષરધામનાં ચાર મહત્ત્વના ઘટકોનો નિર્દેશ કરે છેઃ પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, મુક્તો અને ભગવાનનું ઐશ્વર્ય. ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલાં આ દર્શન મુજબ અક્ષરધામ મહામંદિરમાં ચાર મહામંડપમ્‌ની રચના કરીને તેમાં ઉપરોક્ત ચાર ઘટકોનો સમાવેશ કરાયો છે.

**પરબ્રહ્મ મંડપમ્** મુખ્ય ગર્ભગૃહમાં બિરાજમાન પરબ્રહ્મના મહિમાનું દર્શન કરાવે છે. સ્તંભોથી લઈને વિશાળ અંડાકાર ઘુમ્મટ સુધી અદ્‌ભુત સ્થાપત્ય અને કલાની પ્રસ્તુતિ સાથે આ મંડપ પરબ્રહ્મની સ્મૃતિ કરાવે છે. પાંચ ફૂટ જાડા સ્તંભોમાં નિંબતરુ નીચે બિરાજમાન પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણની વિવિધ મુદ્રાઓ મનમોહક છે. તો, ઘુમ્મટમાંથી આશીર્વાદની અભિવૃષ્ટિ કરતી શ્રીહરિની મૂર્તિઓ પણ હૈયે આહ્‌લાદ પ્રસરાવે છે. પરબ્રહ્મ મંડપમ્ હિન્દુ સ્થાપત્ય અને આધુનિક એન્જિનિયરિંગનું એક અદ્‌ભુત સંયોજન છે.







## અક્ષરબ્રહ્મ, મુક્ત અને ઐશ્વર્ય મંડપમ્

પરબ્રહ્મના અનન્ય સેવક તરીકે જ નહીં, પરંતુ પરબ્રહ્મની ઇચ્છાથી અનંત કોટિ બ્રહ્માંડનું સંચાલન કરતા અક્ષરબ્રહ્મનો મહિમા હિન્દુ વેદાંતમાં અપરંપાર ગવાયો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમને પોતાના અનન્ય સેવક અને ધામરૂપ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની સૌને ઓળખાણ કરાવી હતી. સ્વામિનારાયણ અક્ષરધામમાં અક્ષરબ્રહ્મ મંડપમ્‌ના અક્ષરદેરી આકારના સ્તંભો વિવિધ પ્રતીકો અને મૂર્તિઓ દ્વારા અક્ષરબ્રહ્મની ગાથા ગાય છે અને તેનો વિશાળ ઘુમ્મટ અક્ષરબ્રહ્મ દ્વારા સંચાલિત બ્રહ્માંડોના પ્રતીક રૂપે ૨૮ નક્ષત્રો અને ૧૨ રાશિઓના ચક્રની પ્રસ્તુતિ કરે છે. **મુક્ત મંડપમ્** એટલે મુક્તિ પામીને ભગવાનના દિવ્ય ધામમાં નિવાસ કરનારા મહાન આત્માઓની સ્મૃતિ કરાવતો મંડપ. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં ઇતિહાસમાં અંકાયેલા એવા ભક્તો-મુક્તોની મૂર્તિઓ સાથે તેમની ગાથા ગાય છે આ મુક્ત મંડપમ્. અહીં શ્રીહરિનાં એવાં ઐતિહાસિક ભક્તપાત્રોની કુલ ૪૮ મૂર્તિઓ ધ્યાનાકર્ષક છે, જેમાં દલિત



પરિવારના શ્રી તેજાભાઈ વણકર અને સગરામ વાઘરી(દેવીપૂજક)થી લઈને મિયાંજી અને મહિલા ભક્તોનો પણ સમાવેશ થાય છે.

સનાતન ધર્મનું તત્ત્વજ્ઞાન વર્ણવે છે કે ભગવાનના અવતારો એ ભગવાનનું ઐશ્વર્ય છે. એટલું જ નહીં, ભગવાનની અનન્ય ભક્તિ કરતા દેવો, સંતો અને ભક્તો પણ એ ઐશ્વર્યના ધારક છે. **ઐશ્વર્ય મંડપમ્** એટલે જ સનાતન ધર્મનાં વિવિધ અવતારયુગલો તેમજ વૈદિક દેવતાઓ અને પૌરાણિક તથા ઐતિહાસિક પરંપરા મુજબ મહાન સંતો-ભક્તો મૂર્તિઓનાં દર્શન કરાવે છે. ઐશ્વર્ય મંડપમ્‌ના ઘુમ્મટમાં ચતુર્ભુજ મુક્તો ભગવાનની આરાધના કરે છે એવાં દૃશ્યો ભગવાનના ઐશ્વર્યની ગાથા ગાય છે. અહીં ઉપરોક્ત ત્રણેય મંડપમ્‌ની ઝાંખી કરાવતી છબિઓનું દર્શન થાય છે.



અક્ષરબ્રહ્મનો મહિમા ગાતો, નક્ષત્રો અને રાશિચક્ર સાથે શોભતો અક્ષરબ્રહ્મ મંડપમ્‌નો કલાત્મક ઘુમ્મટ



ઐશ્વર્યસંપન્ન અવતારો અને મુક્ત આત્માઓથી અલંકૃત ઐશ્વર્ય મંડપમ્‌નો કલામંડિત ઘુમ્મટ



કલાત્મક સ્તંભો ઉપર ૭ ફૂટ ઊંચી પરમહંસોની મૂર્તિઓ સાથે દર્શાતી વિશાળ પરમહંસ મંડપમ્‌ની એક બાજુ
અને તેની ઉપર ઝળૂંબતી સ્તંભરહિત વિશાળ ચતુષ્કોણીય વિતાન સંરચના (ચતુષ્કોણીય ઘુમ્મટ)





સ્વામિનારાયણ અક્ષરધામના કેન્દ્રમાં મુખ્ય ગર્ભગૃહની ચારે તરફ વિસ્તરેલો છે – પરમહંસ મંડપમ્. ૯૦ ફૂટ x ૯૦ ફૂટના વિશાળ પરિમાણમાં, ૨૩ ફૂટ લાંબા અને ૫ ફૂટ ઊંચા ૭ બીમ-પાટ તેમજ ૨૮ સ્તંભો પર આ વિશાળ પરમહંસ મંડપ ઝળૂંબી રહ્યો છે. હિન્દુ મંદિર સ્થાપત્યના ઇતિહાસમાં અજોડ ગણી શકાય તેવો આ વિશાળ પરમહંસ મંડપમ્ ૪ મહામંડપમાં વહેંચાયેલો છે. સમગ્ર પરમહંસ મંડપમ્ પોતાના કેન્દ્રમાં ભવ્ય મહાશિખરની નીચે આવતા મુખ્ય ગર્ભગૃહને અને તેના મંડોવરને આવરી લે છે.

પરમહંસ મંડપમ્ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પરમહંસોની ગાથા ગાતો એક અજોડ મંડપમ્. આ મંડપના પ્રત્યેક સ્તંભે ૭ ફૂટ ઊંચી પરમહંસ સંતોની મૂર્તિઓ શોભે છે. ભગવાન સ્વામિનારાયણના ૩૦૦૦ સંતશિષ્યોમાં પ્રકાંડ વિદ્વાનો અને શાસ્ત્રકારો, મહાન કવિઓ, મઠાધિપતિઓ, મહાન કલાકારો, કેટલાક રાજવી પરિવારોના નબીરાઓ અને સામાન્ય ખેડૂત પરિવારોમાંથી આવતા હતા. એ પૈકી પરમહંસ મંડપમ્માં ૭૦ પરમહંસો, ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં માતા-પિતા તેમજ ધર્મ-જ્ઞાનમહિમા-વૈરાગ્ય-ભક્તિની કુલ ૭૮ સંગેમરમરની મૂર્તિઓ કલાત્મક મુદ્રાઓ સાથે શોભે છે. આ પ્રત્યેક પરમહંસ ઉચ્ચ આધ્યાત્મિક મૂલ્યોના મૂર્તિમંત પ્રતિનિધિ હતા, જેમણે પોતાનું સમગ્ર જીવન ભગવાન સ્વામિનારાયણના આદેશથી સનાતન ધર્મના ઉત્કર્ષ માટે, જનજનના કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું અને અસંખ્યનું જીવન-પરિવર્તન કર્યું હતું. આ પ્રેરણાની મૂર્તિ સમા એ મહાન પરમહંસોની પરમ આધ્યાત્મિકતાને અહીં એક અંજલિ છે.

પરમહંસ મંડપમ્‌ની એક અન્ય આગવી કલામય વિશેષતા એટલે એ મહાન સંત પરમહંસોના જીવનને ઐતિહાસિક રીતે આલેખતા ૭ ફૂટ ઊંચા મ્યુરલ્સ (પટ્ટશિલ્પો).
આ પટ્ટશિલ્પોમાં સંકીર્તન કરીને વાતાવરણમાં પલટો લાવતા પ્રેમાનંદ સ્વામીની ભક્તિમય સંગીતકલા નીખરી છે, તો ભગવાન સ્વામિનારાયણની પ્રત્યક્ષ બિરાજીને તેમની હયાતીમાં જ તેમની મૂર્તિ કંડારતા કલાકાર આધારાનંદ સ્વામી અને નારાયણજીનું દૃશ્ય પણ નીરખવા મળે છે. આવાં કુલ ૩૪ પટ્ટશિલ્પો કલાની એક અદ્‌ભુત પ્રસ્તુતિ તો છે જ, પરંતુ સાથે સાથે સ્વામિનારાયણ સંપ્રદાયનો આગવો ઈતિહાસ પણ સંગ્રહીને બેઠા છે.
**વિશિષ્ટ છત-વિતાનોઃ** અક્ષરધામના મુખ્ય તળ પર અન્ય ૬૪ મંડપો છે, જેની છત-વિતાનો પ્રાચીન આગમ શાસ્ત્રોની કલાત્મક મંડલરચનાઓનું પ્રતિબિંબ પાડે છે. મંદિર સ્થાપત્યના ઈતિહાસમાં પ્રથમ વખત મંડળ પર આધારિત આ વિવિધ છત-વિતાનો રચવામાં આવ્યાં છે.





પરમહંસ મંડપમ્‌માં જુદા જુદા પરમહંસોની પ્રેરક ગાથા ગાતાં ૭ ફૂટ ઊંચાં આવાં ૩૪ પટ્ટશિલ્પો કલા અને ઇતિહાસની દૃષ્ટિએ અનોખું ઉદાહરણ પૂરું પાડે છે.

## અક્ષરધામના કલાપ્રચુર ૫૪૮ સ્તંભો



સ્વામિનારાયણ અક્ષરધામના મહાપ્રાસાદમાં ત્રણ માળમાં મળીને કુલ ૫૪૮થી વધુ કલામંડિત સ્તંભો શોભે છે. તેમાં મુખ્ય માળ પર ૨૦૦થી વધુ સ્તંભ અક્ષરધામના પ્રાસાદને ઝીલીને ઊભા રહ્યા છે. પ્રત્યેક સ્તંભ વિશિષ્ટ રીતે કલાથી અલંકૃત કરવામાં આવ્યો છે. અક્ષરધામના આ મહાપ્રાસાદમાં સ્તંભોની કુલ ૧૨ ડિઝાઈન કરવામાં આવી છે. અક્ષરધામના મહાપ્રાસાદમાં કુલ નવ મહામંડપ છે, જે પૈકી ચાર મહામંડપ એટલે પરબ્રહ્મ મંડપમ્, અક્ષરબ્રહ્મ મંડપમ્, મુક્ત મંડપમ્, અને ઐશ્વર્ય મંડપમ્ છે. અન્ય પાંચ મહામંડપમાં સ્વાગત મંડપમ્, તેમજ વિશાળ પરમહંસ મંડપમ્ ચાર મહામંડપમ્ ધરાવે છે. આ પ્રત્યેક મંડપમ્ના સ્તંભો વિવિધ દાર્શનિક વિચાર સાથે સુંદર કલાયુક્ત પ્રતીકોથી અલંકૃત છે. આ ઉપરાંત અન્ય ૨૩૫ મંડપોમાં તીર્થ મંડપના તીર્થ સ્તંભ, અર્ચન સ્તંભ, મયૂર સ્તંભ, વાત્સલ્ય સ્તંભ, કૃપાકુંભ સ્તંભ, ઇતિહાસ સ્તંભ વગેરે સ્તંભો વિવિધ દાર્શનિક કે સાંસ્કૃતિક વિચારને લઈને પ્રતીકાત્મક રજૂઆતો સાથે અલંકૃત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય સ્તંભો પણ ઉપરના માળે અને નીચેના માળે પ્રચુર કલાથી શોભે છે.

વાત્સલ્ય સ્તંભમાં વિવિધ કલાત્મક રજૂઆતોની વચ્ચે, માતાપિતાએ સંતાનોને વાત્સલ્યપૂર્વક કેવી રીતે સંસ્કારો આપવા જોઈએ તેનું સુંદર દર્શન કરાવવામાં આવ્યું છે. પુત્ર સ્વયં પરમાત્મા હોવા છતાં, માતા ભક્તિદેવી અને પિતા ધર્મદેવ બાળ ઘનશ્યામને વિવિધ સંસ્કારપ્રેરક ક્રિયાઓમાં સાથે રાખીને સંસ્કાર-સિંચનનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. વાત્સલ્ય સ્તંભમાં શોભતાં તે ૨૪ મ્યુરલ(પટ્ટશિલ્પો) અદ્‌ભુત અને અપૂર્વ છે. (જુઓ પૃષ્ઠ ૮૪ ઉપર) ઇતિહાસ સ્તંભમાં ભારતના ગૌરવવંતા રામાયણ, મહાભારત, ઉપનિષદ્ અને શ્રીમદ્ ભાગવત પુરાણના ૯૬ પ્રસંગોને અદ્‌ભુત મિનીએચર મ્યુરલ આર્ટ (લઘુ પટ્ટશિલ્પો) દ્વારા જીવંત કરવામાં આવ્યાં છે. ઉપનિષદના સત્યકામ જાબાલિ અને નચિકેતા, ચિત્રકૂટમાં ભગવાન રામ અને ભરતનું મિલન, મહાભારતના મેદાનમાં ભગવદ્ ગીતા ઉચ્ચારતા ભગવાન શ્રીકૃષ્ણ કે વૃંદાવનની વનકુંજોમાં ગાયોની સેવામાં રત બાલમુકુંદ - પ્રત્યેક દૃશ્ય મનમોહક રીતે મિનીએચર આર્ટ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું છે. પ્રત્યેક મ્યુરલ ભારતીય કલા અને ઇતિહાસનું એક અદ્‌ભુત ઉદાહરણ પૂરું પાડે છે.











## અક્ષરધામના મધ્યસ્થ ગર્ભગૃહ મંડોવર

સ્વામિનારાયણ અક્ષરધામના મધ્યસ્થ ગર્ભગૃહની બાહરી દીવાલ એટલે કે મંડોવર પણ કલાત્મક સ્તરોથી અલંકૃત છે. કુલ ૧૦ સ્તરોમાં ૨૩ ફૂટ ઊંચા આ મંડોવરની આગવી વિશેષતા છે – તેની મૂર્તિકલા. મંડોવરના છઠ્ઠા સ્તરમાં એટલે કે જંઘાના સ્તરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય જીવનલીલા અદ્‌ભુત રીતે કંડારવામાં આવી છે. જન્મથી લઈને અંતર્ધાન સુધીની શ્રીહરિની જીવનલીલાને કુલ ૪૯ મ્યુરલ્સ(પટ્ટશિલ્પો)માં રજૂ કરવામાં આવી છે. આ સ્તરની નીચે મંચિકામાં શ્રીહરિની સ્વાભાવિક ક્રિયાઓ તેમજ સવારથી લઈને રાત સુધીની દૈનંદિની પણ નાજુક મિનીએચર મ્યુરલ્સ(લઘુ પટ્ટશિલ્પો)માં શોભે છે. તેની નીચેના સ્તરમાં કલાત્મક હાથીઓ અને સંગીતનાં વાદ્યો સાથે શોભતા મુક્તો પણ ખૂબ આકર્ષક છે.

ગર્ભગૃહ :

## અક્ષરધામ મહામંદિરનું હૃદય એટલે ગર્ભગૃહ

અક્ષરધામ મહામંદિરના પરિસરમાં પ્રવેશતાં જ છેક ૪૦૦ ફૂટ દૂર આવેલા મયૂરદ્વાર પાસેથી અક્ષરધામના મુખ્ય ગર્ભગૃહમાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણની ૧૫.૫ ફૂટ ઊંચી સ્વર્ણિમ્ મૂર્તિનાં દર્શન લાધે છે. આ મુખ્ય ગર્ભગૃહ એ જ અક્ષરધામના મહાપ્રાસાદનું હૃદય છે, જ્યાં મૂર્તિરૂપે અક્ષરધામનો આત્મા, પરમાત્મા સૌને નજરે ચડે છે.

અક્ષરધામના મુકુટ સમાન મધ્યસ્થ મહાશિખરની બરાબર નીચે મધ્યસ્થ ગર્ભગૃહ આવેલું છે. ૨૫ ફૂટ x ૨૫ ફૂટનું વિશાળ ગર્ભગૃહ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ – એમ પંચતત્ત્વોની પ્રતિકૃતિ રૂપે રંગબેરંગી કાચ, શંખલા અને છીપલાં તેમજ સ્તંભો, તોરણ-કમાનો, મદળો, અને ઘુમ્મટ-ઘુમ્મટીઓ વગેરે શોભાથી અલંકૃત છે. તેમાં ઓનિક્સ વગેરે કીમતી પથ્થરોથી જડેલા સિંહાસન પર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ (૧૭૮૧-૧૮૩૦) સૌ પર કૃપાશિષ વરસાવતાં મંદ સ્મિત સાથે દર્શન આપી રહ્યા છે.

તેમનાં ચરણમાં દાસત્વ ભાવની ચરમ સીમા રૂપે સેવક મુદ્રામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી (૧૭૮૪-૧૮૬૭) બિરાજમાન છે. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની પ્રેરણા આપતાં પ્રાચીન અને અર્વાચીન પટ ચિત્રો સુંદર ભરત-ગૂંથણી સાથે બંને બાજુએ શોભે છે.

આ વિશાળ ગર્ભગૃહના પ્રવેશદ્વાર રૂપે પરબ્રહ્મ મંડપમ્‌ના પશ્ચિમ છેડે આરસમાંથી બનાવેલી ભવ્ય બારશાખ શોભે છે. સાત ફૂટ ઊંડી, ૧૬ ફૂટ પહોળી અને ૧૮ ફૂટ ઊંચી સંગેમરમરની આ બારસાખ આકર્ષક નકશીકામ, મનમોહક મૂર્તિકલા અને વિવિધતાઓથી એક અનુપમ ઉદાહરણ પૂરું પાડી રહી છે, જે લગભગ ૧૨૦ ફૂટ ઊંચા મહાશિખરનું પૂર્વ તરફનું વજન અને પરબ્રહ્મ મંડપમ્‌ની અંડાકાર છતનું વજન પણ ધારણ કરે છે. આ મધ્યસ્થ ગર્ભગૃહની રચના એ રીતે કરવામાં આવી છે કે અક્ષરધામ મહામંદિરમાં પ્રવેશતાં જ વિશાળ પરબ્રહ્મ મંડપમ્‌ના કોઈપણ ખૂણેથી મુખ્ય ગર્ભગૃહમાં બિરાજમાન ભગવાનની ભવ્ય મૂર્તિનાં સૌ કોઈને દર્શન થઈ શકે છે. ગર્ભગૃહની આવી રચના પણ હિન્દુ મંદિર સ્થાપત્યના ઇતિહાસમાં એક નવી અને અપૂર્વ ભાત પાડે છે.







## અક્ષરધામનાં ૧૨ ઉપ ગર્ભગૃહો

સ્વામિનારાયણ અક્ષરધામની અનેક વિશેષતાઓમાંની એક અનોખી વિશેષતા એટલે તેના મુખ્ય ગર્ભગૃહ ઉપરાંત અન્ય ૧૨ ગર્ભગૃહોની કલાત્મક પરિયોજના. અક્ષરધામના મુખ્ય તલ પર ચારેય દિશાઓમાં ત્રણ ત્રણ ગર્ભગૃહ - એમ મળીને કુલ ૧૨ ઉપ ગર્ભગૃહોની રચના કરવામાં આવી છે. પ્રત્યેક ગર્ભગૃહ કલાત્મક સ્તંભો, કલાત્મક છત, સુંદર સિંહાસન અને રંગબેરંગી પથ્થર-પીછવાઈથી શોભે છે.

આ ગર્ભગૃહો પૈકી ચાર ગર્ભગૃહમાં હિન્દુ ધર્મના મુખ્ય આરાધ્ય સ્વરૂપો બિરાજમાન છે. ચાર ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આ ચાર મુખ લીલાઓનાં દર્શન થાય છેઃ પ્રથમ ગર્ભગૃહમાં, પોતાના મિત્રો અને માતાપિતા સાથે શોભતા બાળ ઘનશ્યામ બોધમુદ્રામાં બિરાજે છે. દ્વિતીય ગર્ભગૃહમાં, શ્રી નીલકંઠ વર્ણી તપોમુદ્રામાં શોભે છે. તૃતીય ગર્ભગૃહમાં, ધર્મધુરા ગ્રહણ કરતી વેળાએ ભગવાન શ્રી સ્વામિનારાયણ ગુરુ રામાનંદ સ્વામી પાસે વરદાન માંગીને ભક્તોની પીડા પોતાના શિરે લેતી પ્રાર્થનામુદ્રામાં શોભે છે. ચતુર્થ ગર્ભગૃહમાં, પોતાના આધ્યાત્મિક અનુગામી તરીકે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને તિલક કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ ગર્ભગૃહની અંદર કલાત્મક મંડપમાં દર્શન આપે છે.

અન્ય ચાર ગર્ભગૃહમાં ગુણાતીત ગુરુઓ બિરાજે છે.

ભક્ત અને ભગવાનની યુગલ જોડીનાં દર્શન કરતાં સૌને આદર્શ ભક્ત બનીને પરમાત્માની ભક્તિ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે.



ધરતી પર પોતાના અખંડ દિવ્ય પ્રાગટ્યનો પરિચય આપવા પોતાના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને તિલક કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ



ધર્મધુરા ગ્રહણ કરતી વેળાએ અન્યનાં દુઃખ-દર્દ પોતાના શિરે લેવા પ્રાર્થનારત કરુણામૂર્તિ
ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા રામાનંદ સ્વામીની ઐતિહાસિક પ્રતિમા



હિમાલયની ગિરિકંદરાઓ વચ્ચે નિશ્ચલ, નિર્ભય અને સ્વસ્વરૂપમાં નિમગ્ન
તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજ



બાળમિત્રો અને માતા ભક્તિદેવી અને પિતા ધર્મદેવ સાથે
બોધમુદ્રામાં બિરાજેલા બાળ સ્વરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણ: શ્રી ઘનશ્યામ મહારાજ




ભગવાન શ્રી રાધા-કૃષ્ણ



ભગવાન શ્રી શિવ-પાર્વતી-ગણપતિજી-કાર્તિકેયજી



ભગવાન શ્રી રામ-સીતાજી-લક્ષ્મણજી-હનુમાનજી

## સનાતન ધર્મનાં આરાધ્ય સ્વરૂપો

સ્વામિનારાયણ અક્ષરધામના મુખ્ય તળ પર પ્રવેશતાં જ ડાબી અને જમણી બાજુએ કુલ છ ગર્ભગૃહો ચિત્તાકર્ષક છે. તેમાં સનાતન હિન્દુ ધર્મનાં આરાધ્ય સ્વરૂપોઃ ભગવાન શ્રી શિવ-પાર્વતી-ગણેશજી-કાર્તિકેયજી, ભગવાન શ્રી રામ-સીતા-લક્ષ્મણ-હનુમાનજી, ભગવાન શ્રી કૃષ્ણ-રાધાજી, ભગવાન શ્રી તિરુપતિ બાલાજી-પદ્માવતીજી વગેરેની મનમોહક મૂર્તિઓ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વિધિવત્ પ્રાણપ્રતિષ્ઠા પામીને દર્શનદાન આપી રહી છે.

આ મૂર્તિઓ કલા-કૌશલ્ય-ભાવ-પ્રભાવની દૃષ્ટિએ અનન્ય છે. અહીં શ્રદ્ધાપૂર્વક મસ્તક ઝુકાવીને દર્શનાર્થીઓ આદર્શ ભક્ત થઈને ભગવાનની ઉત્તમ ભક્તિ કરવાની પ્રેરણા મેળવે છે અને કૃતાર્થતા અનુભવે છે.



ભગવાન શ્રી તિરુપતિ બાલાજી-પદ્માવતીજી



બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ

## ગુરુપરંપરાના ખંડો

સ્વામિનારાયણ અક્ષરધામના મુખ્ય તળ પર મધ્યસ્થ ગર્ભગૃહની પાછળની બાજુએ આવેલાં ચાર ગર્ભગૃહોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાના અદ્‌ભુત સ્વરૂપો બિરાજમાન છે. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની લાક્ષણિક મુદ્રાનાં આ શિલ્પો એક જ શિલામાંથી કંડારવામાં આવ્યાં છે. આ ચારેય ગુરુપરંપરાના ખંડોની બહારની દીવાલ પર તેમના જીવનનો પરિચય આપતા આઠ ફૂટ ઊંચા મ્યુરલ્સ (પટ્ટશિલ્પ) પણ અદ્‌ભુત છે, જે ગુરુભક્તિ, શ્રદ્ધા, સેવા અને સાધુતાની પ્રેરણા આપે છે.



બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ



## વિશાળ પરિક્રમા :
## અક્ષરધામના કંઠમાં ગુલાબી કંઠમાળ

સ્વામિનારાયણ અક્ષરધામના વિશાળ પરિસરના કેન્દ્રમાં આવેલું અક્ષરધામ મહામંદિર અને તેની ફરતે રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી રચાયેલી પરિક્રમા એક અનોખી આભા ઉત્પન્ન કરે છે. અક્ષરધામના મહાપ્રાસાદના કંઠમાં જાણે આ પરિક્રમા રૂપ એક કંઠમાળ પહેરાવી હોય તેવું સુંદર સંયોજન રચાયું છે. ભગવાન અને ભગવાનને ધારણ કરનાર ધામને આપણા જીવનના કેન્દ્રમાં રાખવાનો સંદેશ આ પરિક્રમા આપે છે.

કુલ એક કિલોમીટર જેટલી લંબાઈ ધરાવતી આ પરિક્રમા ૪૨ ફૂટ ઊંચી છે અને ૫૪૦ સ્તંભો તથા ૨૯૮ સામરણોથી શોભે છે. પરિક્રમાના સ્તંભો પર વાદ્યધારી મુક્તોના સાડા ચાર ફૂટ ઊંચા ૨૫૬ શિલ્પો પણ એક અનોખી ભાત પાડે છે.

પરિક્રમાના મધ્યમાં ઉત્તર-દક્ષિણ દિશામાં ધર્મદ્વાર અને ભક્તિદ્વાર દર્શનાર્થીઓને સભાગૃહ તરફ અથવા વિશાળ પ્રદર્શન ભવન (અક્ષરધામ મ્યુઝિયમ) તરફ જવાનો માર્ગ ચીંધે છે.

પરિક્રમાની સાથે સંકળાયેલી સુંદર સોપાન-પંક્તિઓ પર બેસીને અક્ષરધામને માણવાની અને તેને હૈયે ધારવાની મજા કંઈક ઓર છે.







અક્ષરધામ પરિસરમાં પ્રવેશતાં જ નજરે ચઢે છે તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની ૪૯ ફૂટ ઊંચી સ્વર્ણિમ મૂર્તિ.
અહીં દર્શન કરીને રોજ હજારો શ્રદ્ધાળુઓ તપ, સંયમ, શ્રદ્ધા, અડગ ધ્યેય અને યોગની પ્રેરણા મેળવે છે...





## શ્રી નીલકંઠ વાટિકા :

## નીલકંઠ-યાત્રાને એક વિનમ્ર અંજલિ

નીલકંઠ વાટિકા એટલે બાલયોગી શ્રી નીલકંઠ વર્ણીની ૪૯ ફૂટ ઊંચી સ્વર્ણિમ મૂર્તિને અંજલિ અર્પતી એક વિશાળ સંરચના. શ્રદ્ધા, દૃઢ નિશ્ચય, ક્ષમા અને કરુણાના પાઠ શીખવતા શ્રી નીલકંઠ વર્ણીએ ખુલ્લા શરીરે અને ખુલ્લા પગે, સતત ૭ વર્ષ, ૧૪,૦૦૦ કિમીની તપયાત્રા કરી હતી, તેનું અહીં દર્શન છે. તેમની તપમુદ્રા, ધ્યાનસ્થ આંખો અને મનોહર મુખારવિંદ શાંતિનો અનુભવ કરાવે છે. મૂર્તિની સમક્ષ ગુલાબી પથ્થરની કલાત્મક ૧૦ ઘુમ્મટ-છત્રીઓ, નીલકંઠ વર્ણીએ પાર કરેલાં પ્રસિદ્ધ નદી-તીર્થોની રજૂઆત, શ્રી નીલકંઠ-યાત્રાનું દર્શન કરાવતો અનોખો નકશો, સાત વર્ષની યાત્રામાં ઝળકતી આગવી નીલકંઠ પ્રતિભા વર્ણવતા ૧૪ શિલાલેખો વગેરે પ્રેરણાદાયી સંદેશ આપે છે અને નીલકંઠને એક વિનમ્ર અંજલિ અર્પે છે.



શ્રી નીલકંઠ વર્ણીની પશ્ચાદ્ભૂમાં વિવિધ સોપાન પંક્તિઓ વચ્ચે ૪૮ શિખરો અને ૨૪ દેરીઓ સાથે શોભતો વિશાળ બ્રહ્મકુંડ. બ્રહ્મકુંડમાં જલધારા વહાવતી ચાર નદી-દેવીઓ પૈકી ગંગા મૈયાની પ્રતિકૃતિ.







## ભવ્ય સ્વાગત ભવન

સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં શ્રી નીલકંઠ વાટિકા અને બ્રહ્મકુંડને સ્પર્શીને પશ્ચિમ દિશામાં આવેલું છે – વિશાળ સ્વાગત ભવન. ‘અતિથિદેવો ભવ’ ઉચ્ચારીને અતિથિઓને આદર આપતી હિન્દુ પરંપરા આ સ્વાગત ભવનમાં વિશેષ મહોરી ઊઠી છે. ભારતની હવેલીશૈલીને અનુસરીને કાષ્ઠકલાથી સુંદર સજાવેલી શોભા અહીં સૌને મોહિત કરે છે અને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સૌ કોઈને આતિથ્યથી વધાવે છે. કલામંડિત સ્તંભો, કમાનો, ઝરૂખાઓ સાથે શોભતી કાષ્ઠકલા, ૫૦૦૦ કરતાં વધારે ઝળહળતા કૃત્રિમ દીવડાઓ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વાગતયાત્રાની ચિત્રમાળા સમૃદ્ધ ભારતીય સાંસ્કૃતિક વારસા - મૂલ્યો માટે ઊંડો આદર પ્રગટાવે છે.

આ સ્વાગત ભવનની ઉપરની મંજિલોમાં, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની નોર્થ અમેરિકાની વિવિધ સત્સંગ પ્રવૃત્તિઓનું મધ્યસ્થ કાર્યાલય દિવસ-રાત અનેક સેવા-પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે.



કલાત્મક સ્તંભો, કમાનો, ઝરૂખાઓ અને ભીંતચિત્રોથી અલંકૃત સ્વાગત ભવન ભારતીય પરંપરાનું અનોખું વાતાવરણ સર્જે છે. અહીં વિવિધ માધ્યમોથી વિવિધ માહિતી પ્રાપ્ત કરીને દર્શનાર્થી અક્ષરધામ પરિસરના મુખ્ય ચોકમાં આવે છે.






અક્ષરધામની દર્શનયાત્રા કરીને બહાર આવતા દર્શનાર્થીને સાહિત્ય અને વિવિધ સામગ્રીઓ પૂરી પાડતો બી.એ.પી.એસ. સ્ટોર દર્શનાર્થીઓની જિજ્ઞાસા સંતોષે છે, તેમજ આધુનિકતમ શાયોના ઉપાહારગૃહ ક્ષુધા અને તૃષા સંતોષે છે.



FESTIVAL OF INSPIRATION



### મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં
### અમેરિકાની ધરતી પર સતત અઢી મહિના સુધી પ્રેરણાના પુંજ પાથરતો રહ્યો

# ફેસ્ટિવલ ઑફ ઇન્સ્પિરેશન

ભવ્ય, દિવ્ય, કલાત્મક, અપૂર્વ, અનન્ય અને એવાં અનેક વિશેષણો જેને વર્ણવવા માટે અલ્પોક્તિ બની રહે એવું સ્વામિનારાયણ અક્ષરધામ અમેરિકાની ધરતી પર એક ઇતિહાસ બનીને ગગનમાં સનાતન ધર્મની ધજા ફરકાવી રહ્યું છે, પરંતુ શા માટે અક્ષરધામ? અક્ષરધામના નિર્માણ પાછળ આવો પ્રચંડ પુરુષાર્થ કરવાનો હેતુ શો છે? તેનો જવાબ અક્ષરધામના પ્રેરણામૂર્તિ અને જન્મદાતા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પોતાના હસ્તાક્ષરમાં આમ આપી દીધો છેઃ

*અક્ષરધામમાં દરેકને જીવન ઘડતરની પ્રેરણા મળે અને જીવન દિવ્ય બને એજ ભગવાનને પ્રાર્થના*

અહીં જે કોઈ આવે તેમને જીવનઘડતરની પ્રેરણા આપવા માટે રચાયું છે આ અક્ષરધામ. ઇતિહાસ તેનો સાક્ષી છે. પૂર્વે રચાયેલાં સ્વામિનારાયણ અક્ષરધામ અને બી.એ.પી.એસ. મંદિરોના પ્રાંગણમાં રોજ ઊમટતા હજારો લોકો અહીંથી જીવનઘડતરની પ્રેરણા મેળવીને ધન્ય થયા છે. કોઈએ પારિવારિક મૂલ્યોની તો કોઈએ શ્રદ્ધા-ભક્તિ-સંયમની પ્રેરણા મેળવી, કોઈએ વ્યસનમુક્તિની તો કોઈએ નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા મેળવી, કોઈએ રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજ અદા કરવાની પ્રેરણા મેળવી. આવી કંઈક ગાથાઓ છે.

સાચે જ, અક્ષરધામ પવિત્ર પ્રેરણાઓનો નિત્ય મહોત્સવ બની રહ્યું છે.

એટલે જ અમેરિકા ખાતે રચાયેલા સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન મહોત્સવને મહંત સ્વામી મહારાજે નામ આપ્યું હતુંઃ **'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'.** પવિત્ર પ્રેરણાઓનો મહોત્સવ. તા. ૧૬ જુલાઈથી શરૂ થયેલા અને સતત અઢી મહિના સુધી ચાલેલા આ ઐતિહાસિક મહોત્સવના પ્રત્યેક સમારોહમાં એ જ નાદ ગુંજતો રહ્યો. અહીં જીવનઘડતરની પ્રેરણા આપતા એ વિવિધ સમારોહની એક આછી ઝલક પ્રસ્તુત છે.

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# નૈતિકતા દૃઢ કરવાની

નૈતિકતા એ માનવતાનું પ્રથમ પગથિયું છે. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સદાચારને, નૈતિકતાને ધર્મનું પ્રથમ સોપાન ગણાવ્યું છે. ગામડે ગામડે ઘૂમીને ભગવાન સ્વામિનારાયણ અને તેમના મહાન પરમહંસ સંતોએ લોકહૈયે સદાચારનાં મૂલ્યો સિંચીને નૈતિકતાની સુવાસ પ્રસરાવી ગુર્જર ધરાને ધન્ય કરી છે. તેમને અનુસરીને ગુણાતીત ગુરુવર્યોએ એક એવો વિરાટ સત્સંગ-સમાજ ખડો કર્યો છે કે જે નૈતિક મૂલ્યોથી સમાજમાં અનોખાં અજવાળાં ફેલાવી રહ્યો છે. સ્વામિનારાયણ અક્ષરધામ એ અજવાળાંને અસંખ્ય લોકોમાં સિંચે છે.

એટલે જ, અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે તા. ૨૨-૭-૨૦૨૩ના રોજ ઊજવાયો હતોઃ 'નૈતિકતા દિન' (મોરાલિટી ડે). અક્ષરધામ પરિસરમાં રચવામાં આવેલ વિશાળ યજ્ઞપુરુષ સભામંડપમાં સંધ્યા સમયે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં આ સમારોહ યોજાઈ ગયો. શ્રી ડૉ. અસીમ આર. શુક્લ (સ્થાપક, હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન), શ્રી ડૉ. નવીનભાઈ સી. મહેતા (વિખ્યાત તબીબ), શ્રી દિલીપભાઈ જોશી (વિખ્યાત અભિનેતા), શ્રી ડૉ. સમીરભાઈ કે. શર્મા (પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ), શ્રી ડૉ. ડેનિયલ પેટ્રિકિન ડનહામ, (અધ્યક્ષ, લેનોક્સ હિલ હોસ્પિટલ), શ્રી પલાશભાઈ ગુપ્તા (ચેરમેન, એશિયન-અમેરિકન બિઝનેસ એસો.) વગેરે મહાનુભાવો પણ મંચસ્થ હતા. સમારોહના પ્રારંભે ૫૦ કરતાં વધુ બાળ-યુવાવૃંદે સંગીતમય સિમ્ફની કાર્યક્રમ રજૂ કર્યો. નૈતિક મૂલ્યોને દૃઢાવતી વિશિષ્ટ પ્રસ્તુતિઓ અંતર્ગત અક્ષરવત્સલદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીનાં વ્યાખ્યાનો, વીડિયો-ગોષ્ઠી દ્વારા રજૂ થયાં હતાં. હરિદર્શનદાસ સ્વામી અને શાંતયોગીદાસ સ્વામીએ કરેલી પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીએ વિશેષ પ્રેરણા આપી હતી. યુવાવૃંદે 'સ્વામિનારાયણ અક્ષરધામ કો કરે હૃદય સે અભિવંદન...' કીર્તન પર ભક્તિનૃત્ય કર્યું હતું.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી ડૉ. નવીનભાઈ મહેતા**
ઇ.એન.ટી. સર્જન

હું અહીં સેંકડો સ્વયંસેવકોને મળ્યો. નાની નાની દીકરીઓ, જે લોકોએ જિંદગીમાં કોઈ દિવસ આવું કામ ના કર્યું હોય, એ નીચે જમીન પર પલાંઠી વાળીને પથ્થર ઉપર, સિમેન્ટ ઉપર કામ કરતી હતી. આવા સદ્‌વિચાર ભગવાન સ્વામિનારાયણની અસીમ કૃપા હોય તો જ આવી શકે! અને તો જ તડકો, બરફ બધું કશું જ ન દેખાય. ભગવાન સ્વામિનારાયણના આપણા ઉપર ખાસ આશીર્વાદ છે કે ભારતની બહાર આટલું મોટું સંકુલ અહીં બંધાય છે. અહીં આવ્યા પછી મને જે મનની શાંતિ મળે છે એ ક્યાંય મળતી નથી. •



**શ્રી દિલીપભાઈ જોશી**
અભિનેતા

આ અક્ષરધામ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો માનવ જાત પર બહુ મોટો ઉપકાર છે. એમના બ્રહ્મ-પ્રવેશ વિના આવું દિવ્ય કાર્ય સંભવિત ન બને. મને મારા કાર્યમાં સતત પ્રમુખસ્વામી મહારાજનો પ્રવેશ અનુભવાય છે. બાપાએ એક દિવ્ય સમાજ ઊભો કર્યો છે. તેનાથી બીજા લોકોને પ્રેરણા મળે છે.

આજે હું એ જ પ્રાર્થના કરું છું કે આ અક્ષરધામમાં જે કોઈ આવે તે બધાનું જીવન પરિવર્તન થાય, તેમના દેશકાળ સારા થાય, એમને સાચા માર્ગ પર ચાલવાનો સંદેશ મળે. •



**શ્રી ડૉ. અસીમભાઈ શુક્લ**
સ્થાપક, હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન

અમેરિકામાં અક્ષરધામના સર્જનથી એક સનાતન તીર્થધામની ભેટ મળી છે. નૈતિકતા માટે આ સંસ્થાનું યોગદાન અવિસ્મરણીય છે. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી હિન્દુ સમાજ માટે જાણે આ એક દુર્ગ રચાયો છે. તેઓના આશીર્વાદ અને માર્ગદર્શનથી છેલ્લાં ૨૦ વર્ષથી હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન કાર્ય કરી રહ્યું છે. મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી મારા વ્યક્તિગત જીવનમાં અને હિન્દુ અમેરિકન ફાઉન્ડેશનના એક સેવક તરીકે મને નૈતિકતા માટે સતત બળ અને પ્રેરણા મળતાં રહ્યાં છે. •



અક્ષરધામ પ્રેરણા આપે છે

# ક્ષમાવૃત્તિને વિસ્તારવાની

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

પ્રત્યક્ષ કે પરોક્ષપણે કોઈપણ સ્વરૂપે આપણો દ્રોહ કરનાર વ્યક્તિ પ્રત્યે બદલો લેવાની વૃત્તિ ન રાખવી, અને તેનું ભલું ઇચ્છવું, તેનું નામ ક્ષમા. ક્ષમા એ સમર્થ અને ઉદારચિત્ત પરમાત્માનો અસાધારણ ગુણ છે અને સંતની એક દિવ્ય સંપત્તિ છે. શાસ્ત્રો ક્ષમાના ગુણને સાચો સનાતન ધર્મ કહે છે.

અક્ષરધામ દર્શનાર્થીઓનાં હૃદયમાં ક્ષમાવૃત્તિને સિંચે છે અને તેને વિસ્તારવાની પ્રેરણા આપે છે. એટલે જ 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે અક્ષરધામના આંગણે તા. ૨૭-૭-૨૦૨૩ના રોજ 'ક્ષમાશક્તિ દિન' યોજવામાં આવ્યો હતો. આજે વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમોની સાથે આનંદસ્વરૂપદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરક ઉદ્‌બોધન દ્વારા રોજિંદા જીવનમાં ક્ષમા-ગુણ વિસ્તારવાની પ્રેરણા આપી હતી. મંચસ્થ મહાનુભાવોમાં શ્રી સુનીલ હાલી (સલાહકાર, બોર્ડ-ઇન્ડો-અમેરિકન આર્ટ્સ કાઉન્સિલ), શ્રી રેહાન ઓઝગર (ન્યૂયોર્કમાં તુર્કીના કોન્સ્યુલ જનરલ), ડૉ. સુધીર પરીખ (ચેરમેન, પરીખ વર્લ્ડવાઇડ મીડિયા), શ્રીનિવાસ મદ્દાલી (સૂત્રધાર, કોર્ન ફેરી ઇન્ડિયા) વગેરે મહાનુભાવોએ સંબોધનો કર્યાં હતાં. કાર્યક્રમના એક ભાગ રૂપે આજે એક વિશિષ્ટ 'ઘરસભા' સંવાદ યોજાયો હતો, જેમાં પરિવારના સભ્યો એક પછી એક પ્રસંગો વર્ણવતા ગયા તેમ તેની રજૂઆત ઉપમંચ પર વિવિધ માધ્યમો દ્વારા થઈ રહી. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજમાંથી પ્રેરણા મેળવીને હરિભક્તોમાં પણ ક્ષમાનો ગુણ કેટલી હદે ચરિતાર્થ થયેલો જોવા મળે છે તે વિષયક પણ પ્રસંગો રજૂ થયા. અંતે સંતોએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી તેમાં સ્વામીશ્રીએ સારરૂપે કહ્યું, 'સહન કરવું એ ખુમારી છે, લાચારી નહીં.' અંતે યુવાવૃંદે 'ગરવા અક્ષરધામને વંદન...' નૃત્યવંદના કરીને અક્ષરધામને વધાવ્યું હતું.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી રેહાન ઓઝગર**
તુર્કીના રાજદ્વારી અને ન્યૂયોર્કમાં તુર્કીના કોન્સ્યુલ જનરલ

આજે આ પવિત્ર અક્ષરધામમાં મને એક અદ્વિતીય અનુભવ થયો છે, જે સમર્પણ પર રચાયું છે. હું અહીં લગભગ દોઢ કલાક બધે ફર્યો. મને સમજાયું કે આવી ભાવના ક્યાંથી આવી રહી છે! આ કેમ્પસના દરેક ખૂણામાં, દરેક બાજુએ સંલગ્નતા છે. અહીં વિવિધતાનો સુમેળ છે. અક્ષરધામનાં દ્વાર સૌ કોઈ માટે ખુલ્લાં છે. અમેરિકાની ધરતી પર આવું ભવ્ય મહામંદિર બીજા લોકો માટે પણ પ્રેરક ઉદાહરણ બની રહેશે - સંવાદિતાનું. અહીંથી વિવિધ સમાજના લોકો એકબીજા સાથે સુમેળ સાધવાની પ્રેરણા મેળવશે. •



**શ્રી સુનીલ હાલી**
સલાહકાર, બોર્ડ-ઇન્ડો-અમેરિકન આર્ટ્સ કાઉન્સિલ

આજે મારી અનુભૂતિને વ્યક્ત કરવા માટે મને શબ્દો જડતા નથી. જ્યારે તમે અહીં અક્ષરધામમાં એક લટાર મારો ત્યારે અહીં જ છે સ્વર્ગ, એવું લાગશે. આ અનુભવ વહેંચીને બીજાને પણ આ અનુભૂતિ માણવાની પ્રેરણા આપીએ. ૨૭ મે ૨૦૦૪ના દિવસે, દિવ્ય ભાસ્કરના ઉદ્‌ઘાટનમાં પ્રમુખસ્વામી મહારાજે મારી આંખોમાં આંખો પરોવી કહ્યું હતું કે ‘જ્યારે તમારી પાસે છાપવા માટે કોઈ જ સકારાત્મક, કોઈ જ પ્રેરણાત્મક વિષયવસ્તુ ન હોય ત્યારે નકારાત્મક સમાચાર છાપજો.’ આ સંદેશ મને હંમેશાં દિશા ચીંધતો રહ્યો છે. •



**શ્રી ડૉ. સુધીર પરીખ**
ચેરમેન, પરીખ વર્લ્ડવાઇડ મીડિયા

આજે અક્ષરધામ નિહાળીને પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ તાજી થઈ ગઈ. તમને આશ્ચર્ય થતું હશે કે એક ડૉક્ટર તરીકે હું પ્રસાર માધ્યમોમાં કેવી રીતે આટલી સિદ્ધિ પર પહોંચ્યો. તેની પાછળ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ છે. તેઓએ કહ્યું હતું કે ‘ખરેખર સમાજની સેવા કરવી હોય તો તમે યુવા પેઢીની સેવા કરો, તેમનું સશક્તિકરણ કરો.’ પરિણામે મને મીડિયાની પ્રેરણા મળી છે. તેમની પાસેથી હું શીખ્યો છું કે બીજાને આદર આપો, તમને મદદ કરનારને ક્યારેય ન ભૂલો. •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

### અક્ષરધામ પ્રેરણા આપે છે

# સંત-મહિમા દૃઢ કરવાની

ભગવાન સ્વામિનારાયણ કહે છે: ભગવાનને વિષે દૃઢ પ્રીતિ હોય એવા સાચા સંતમાં પ્રીતિ થાય તો આત્મદર્શન, પરમાત્મા-દર્શન લાધે છે. એવા સાચા સંતની રુચિ જાણીને મહિમાપૂર્વક એ મુજબ વર્તવું એ ઉપનિષદોનો સંદેશ છે. અક્ષરધામ એવા સાચા સંતની રુચિમાં વર્તવાની પ્રેરણા આપે છે. તાજેતરમાં સ્વયંસેવકોની સેવા દ્વારા કરાયેલું અક્ષરધામનું સર્જન તેની ખાતરી કરાવે છે. એટલે જ અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે તા. ૪-૮-૨૦૨૩નો સંધ્યા સમારંભ 'સત્પુરુષની રુચિ' વિષયક યોજાઈ ગયો. નારાયણમુનિદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક સંબોધનો કર્યાં. ત્યારબાદ વિષયને અનુરૂપ વિવિધ ભક્તિપ્રેરક કાર્યક્રમો રજૂ થયા હતા. યુવાવૃંદે 'પરાત્પર નૃત્ય' કરી ઇષ્ટદેવ અને ગુરુદેવને વધાવ્યા હતા. 'રુચિ ક્વિઝ' અંતર્ગત સ્વામીશ્રીએ જણાવેલા ઉત્તરોને સૌએ હૃદયસ્થ કર્યા હતા. સ્વામીશ્રીની રુચિ અનુસાર સદાચારી જીવન જીવી રહેલા હરિભક્તોના વિશિષ્ટ પ્રસંગો રજૂ થયા હતા. પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રીએ કહ્યું: 'સત્પુરુષની રુચિ ધર્મ-નિયમનું પાલન દૃઢ હોય તો સમજાય. ઘણીવાર રુચિ સમજાય પણ તે પ્રમાણે વર્તાય નહીં તેનું કારણ દૃઢતા નથી. સત્પુરુષની રુચિ પ્રમાણે વર્તાય અને તેઓ રાજી થાય ત્યારે અંતરમાં શાંતિ શાંતિ રહે.' આજની સભામાં શ્રી ડૉ. નયનભાઈ શાહ (ગેસ્ટ્રોલોજિસ્ટ), શ્રી કેની દેસાઈ (પ્રમુખ, FIA, યુ.એસ.), શ્રી અતુલભાઈ કોઠારી (સીઈઓ, જ્વેલેક્સ ગ્રૂપ, ન્યૂયોર્ક), શ્રી અંકુરભાઈ વૈદ્ય (ચેરમેન, FIA), શ્રી ભરતભાઈ પટેલ (પ્રમુખ, LARP), શ્રી મહેશભાઈ છાબરિયા (ન્યૂરોલોજિસ્ટ), શ્રી હર્ષદભાઈ પટેલ (પ્રમુખ, ગુજરાતી સમાજ, ન્યૂયોર્ક), શ્રી ડૉ. રમેશભાઈ ઝવેરી (નિયોનેટોલોજિસ્ટ), શ્રી અલ્કેશભાઈ અમીન (સીઈઓ, APN), શ્રી ભાવિનભાઈ પટેલ (LAP ગ્રૂપ) વગેરે મહાનુભાવોએ અંતરની ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી અતુલભાઈ કોઠારી**
સીઈઓ, જ્વેલેક્સ ગ્રૂપ, ન્યૂયોર્ક

અક્ષરધામનો આ મહોત્સવ ખરા અર્થમાં પ્રેરણાઓનો મહોત્સવ છે. ૨૦૧૪થી શરૂ કરીને આજ સુધી અહીં જે કાંઈ બની રહ્યું છે તેનો મારા વ્યક્તિગત અને પારિવારિક જીવન પર મોટો પ્રભાવ રહ્યો છે. પ્રમુખસ્વામીના ૧૦૦મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદની મુલાકાત લેવી એ એક અદ્‌ભુત અનુભવ હતો. તે માનવું મુશ્કેલ છે કે આપણે ૩૦ દિવસમાં શું બનાવી શકીએ છીએ. તે જીવનભરનો એકવાર અનુભવ હતો. મેં અહીં (અક્ષરધામમાં) જે અનુભવ્યું છે તે છે - સહજતા, સહાનુભૂતિ, હૂંફ અને સ્નેહ.



**શ્રી કેની દેસાઈ**
પ્રમુખ, ફેડરેશન ઓફ ઇન્ડિયન એસોસિયેશન, યુ.એસ.

હરિભક્તો માટે મહંત સ્વામી મહારાજ પથદર્શક છે, પ્રબળ પ્રેરણાસ્રોત છે, મંગળકારી મિત્ર છે, કલ્યાણકારી સ્નેહ છે અને પરમાત્માના દ્વાર છે.
બ્રહ્મસ્વરૂપ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું આશિષબળ અને પૂજ્ય મહંત સ્વામી મહારાજના પ્રેરણાબળથી સાકાર થયેલી મહાન ભારત દેશની અપ્રતિમ સ્થાપત્ય કલાને મૂર્તિમાન કરતું, હિન્દુ સનાતન ધર્મની ઉચ્ચતમ ધરોહરનું પ્રત્યક્ષ દર્શન કરાવતું, અભૂતપૂર્વ ભવ્યાતિ-ભવ્ય અક્ષરધામ સંકુલ તૈયાર થયું છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સરળતા, સહજતા, સાદગી, સજ્જનતા, શાંતિ, હરિભક્તિ, ગુરુભક્તિ અને આધ્યાત્મિક ઉપદેશનું જ્વલંત પ્રતીક બનીને એ ઉપદેશનું પ્રેરક પ્રસાર બનતું રહેશે તથા કરોડો લોકોને આધ્યાત્મિક અનુભવ કરાવતું રહેશે. માત્ર આ સંપ્રદાયના ભક્તો જ નહીં, પણ સઘળા સંપ્રદાયોના ભક્તો અક્ષરધામ સંકુલમાં પધારીને પોતાની શ્રદ્ધા, ભક્તિ, ગુરુભક્તિને દૃઢ કરી શકશે અને અંતરમાં શાંતિનો અનુભવ કરી શકશે. હું જ્યારે જ્યારે આ અક્ષરધામનાં દર્શને આવ્યો છું ત્યારે મારા સઘળા તરંગો શાંત થયા છે. આ અક્ષરધામ માટે યુવાનો, બિઝનેસમેનો પોતાનો બિઝનેસ છોડીને સેવામાં આવે છે. આપણને આંખમાંથી આંસુ આવી જાય એવું આજે બન્યું છે. વર્લ્ડમાં ક્યારેય નહીં બને એવું આ સ્વામિનારાયણ ધામ બન્યું છે. એ વિશ્વને પ્રેરણા આપશે.



અક્ષરધામ પ્રેરણા આપે છે

# ગુરુ-ચરણે મન અર્પવાની

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

ભારતીય સંસ્કૃતિ ગુરુ-પ્રધાન સંસ્કૃતિ છે. અહીં સાચા ગુરુને જ પરબ્રહ્મનું સ્વરૂપ માનીને, જીવનપથના એક સાચા માર્ગદર્શક તરીકે તેમને જીવનનું સુકાન સોંપવું એ જ સંસ્કૃતિનો શાશ્વત સંદેશ છે. અક્ષરધામ ગુરુચરણે મન અર્પવાની પ્રેરણા આપે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી આધ્યાત્મિક ગુરુપરંપરાને અનુસરતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા એવી ગુરુમુખી સંસ્થા છે, જ્યાં પરમાત્માના દૃઢ આશ્રય સાથે ગુરુને જીવનના કેન્દ્રમાં રાખવામાં આવે છે. એટલે અહીં લાખો ભક્તો અનુભવી રહ્યા છે કે મારા ગુરુ જ મારા સાચા માર્ગદર્શક છે. 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે એટલે જ તા. ૫-૮-૨૦૨૩ના રોજ 'માય ગુરુ, માય ગાઈડ' વિષયક કાર્યક્રમ યોજાયો હતો. બાળ-યુવા વૃંદે સંગીત સિમ્ફની દ્વારા ભજનાંજલિ અર્પ્યા બાદ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ જીવનપથમાં ગુરુની અનિવાર્યતા સમજાવી હતી. ઈશ્વરચરણદાસ સ્વામીએ ગુરુ-પ્રેરણાથી અક્ષરધામ નિર્માણમાં સેવારત સ્વયંસેવકોની શ્રદ્ધાપૂર્વકની અજોડ સેવાને બિરદાવી હતી. આજે શ્રી આર્થર કપૂર (પ્રમુખ, HEALTHEC), શ્રી નરસિંહ કપુલા (સહ-સ્થાપક, ACE ઇન્ફો સોલ્યુશન્સ), શ્રી લક્ષ ચેપુરી (સીઈઓ, ટેક્નોજેન), ડૉ. બદરીનાથ (ડિરેક્ટર, લૉંગ આઇલેન્ડ સર્જરી), શ્રી મુકુલ મહેતા (પ્રમુખ, મેફ્લાવર ગ્રૂપ), શ્રી વિપુલ કશ્યપ (વિજ્ઞાની, આરોગ્ય ક્ષેત્ર), શ્રી વિમલ કેવલરામાણી (સીઈઓ, કોપરપોડ ડિજિટલ) વગેરેએ પધારીને ભાવવંદના કરી હતી. સ્વામીશ્રીનો તેઓના ગુરુ યોગીજી મહારાજ સાથેનો એક ભાવસભર પ્રસંગ સંવાદ રૂપે રજૂ થયો, તેને અંતર્ગત સ્વામીશ્રી સાથે પ્રેરણાસભર પ્રશ્નોત્તરી દ્વારા સુંદર માર્ગદર્શન મેળવ્યું. મહિલા વિભાગમાં પધારેલા મહાનુભાવોમાં શ્રી ક્રિસ્ટીન તાઇ (કોન્સલ જનરલ, સિંગાપોર), શ્રી પ્રીતિ પંડ્યા (અધ્યક્ષા, દક્ષિણ એશિયન એનજીઓ સંગઠન) વગેરેનું સ્વાગત થયું હતું.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી નરસિંહ કપુલા**
સહ-સ્થાપક, ACE ઇન્ફો સોલ્યુશન્સ, યુ.એસ.એ.

હું જ્યારે પણ અક્ષરધામમાં આવું છું ત્યારે મને દિવ્ય લોકમાં આવવા જેવો અનુભવ થાય છે. સ્વયંસેવકોની દિવ્યતા, પવિત્રતા અને સેવાનો દૃઢ અભિગમ જોઈને મને હંમેશાં એમ લાગે છે કે આપણે બી.એ.પી.એસ. સંસ્થામાંથી ઘણું શીખી શકીએ છીએ. આ મંદિરને જોવું હૃદયસ્પર્શી છે. આ મહાન ભવ્ય મંદિર અહીં બન્યું છે, એટલે બધા અમેરિકનો, હિન્દુઓ ભાગ્યશાળી છે. યુવા પેઢીમાં સંસ્કૃતિને જાળવી રાખવા માટે બી.એ.પી.એસ. જે કરી રહ્યું છે તે અનુકરણીય છે અને આશા રાખીએ કે તમામ વાલીઓ આનો લાભ લે. •



**શ્રી આર્થર કપૂર**
પ્રમુખ અને સીઈઓ, HEALTHEC, ન્યૂજર્સી

સ્વામિનારાયણ અક્ષરધામનાં આ દર્શન કરવાં એ કેટલી ગર્વની ક્ષણ છે! આજે તમે લોકોએ અહીં જે કાર્ય કર્યું છે તે માત્ર નોંધપાત્ર નથી, પણ ઐતિહાસિક છે. આ અક્ષરધામ આપણી હિન્દુ સંસ્કૃતિ માટે આજે, આવતાં વર્ષોમાં અને ભવિષ્યમાં પણ હંમેશાં માટે એક પુરાવો બની રહેશે. અહીંની કારીગરી આપણા દેવતાઓની, આપણી સંસ્કૃતિની, આપણાં શાસ્ત્રોની અને આપણા વેદોની વાત કરે છે. અહીં અક્ષરધામની અંદર શાંતિ જ શાંતિ છે. પ્રમુખસ્વામી મહારાજની આર્ષદૃષ્ટિની સફળતાની ગાથા આ છે કે તેઓ હિન્દુત્વને કેવી રીતે વિશ્વને દર્શાવવા માંગે છે. આ આપણા હિન્દુ ધર્મની, આપણા વેદોની અને આપણા ગુરુઓની ઉત્તમ સાબિતી છે. અક્ષરધામ વેદોની જ એક શ્રેષ્ઠ કૃતિ છે. અહીં પ્રત્યેક પથ્થર એક પ્રેરક વાત કહે છે. દરેક પથ્થર પાછળ એક દૃષ્ટિ છે, એક અર્થ છે. આ નિર્માણગાથા દેશનાં ઇતિહાસ અને પુસ્તકોમાં અમર બની રહેશે. •



**શ્રી ડો. પ્રમોદભાઈ સોગાણી**
પ્રસિદ્ધ યુરોલોજિક ઓન્કોલોજિસ્ટ, ન્યૂયોર્ક

આ સ્વામિનારાયણ અક્ષરધામ ખૂબ જ આધ્યાત્મિક છે, આકર્ષક છે. કોઈપણ શબ્દ આ પવિત્ર સ્થળની સુંદરતાનું વર્ણન કરી શકે તેવો સમર્થ નથી. (તા. ૧૦-૮-૨૦૨૩) •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

### અક્ષરધામ પ્રેરણા આપે છે

# એકતાથી મજબૂત થવાની

એકતા એ કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિનો આધારસ્તંભ છે. પારિવારિક એકતાથી લઈને સામાજિક અને વૈશ્વિક એકતા સુધીની વિવિધ સ્તરીય એકતામાં આધ્યાત્મિકતા મહત્ત્વનો ફાળો આપે છે. આધ્યાત્મિક માર્ગમાં પણ સંપ-સુહૃદભાવ-એકતાનો સમન્વય અંતરમાં શાંતિ અને સદ્‌ગુણો પ્રગટાવે છે. અક્ષરધામના માધ્યમથી પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ વ્યક્તિથી લઈને સમષ્ટિ સુધી એકતાથી મજબૂત થવાની પ્રેરણા આપે છે. એટલે જ ‘ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન’ના ઉપક્રમે વિશાળ યજ્ઞપુરુષ સભાગૃહમાં મહંત સ્વામી મહારાજની સંનિધિમાં તા. ૯-૮-૨૦૨૩ના રોજ ‘એકતા દિન’ ઊજવાયો હતો. આજના કાર્યક્રમમાં વિદ્વાન સંતોનાં પ્રવચનો દ્વારા સંપનો વિશેષ મહિમા દૃઢાવાયો હતો. મંચ પર ‘બાળસભા’ના રૂપમાં પ્રસ્તુત થયેલા એક કાર્યક્રમમાં સંચાલકે બાળકોને વિવિધ દૃષ્ટાંતોના આધારે સંપની વાત સમજાવી. પ્રમુખસ્વામી મહારાજે આપેલી સંપની વિશિષ્ટ વ્યાખ્યા રજૂ થઈઃ સંપ = ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનુકૂળ થવું. આ વિષયોનું નિદર્શન ત્રણ સ્કિટ દ્વારા થયું હતું. સાથે સાથે પ્રત્યેક વિભાગના સંદર્ભમાં સ્વામીશ્રીનું પ્રશ્નોત્તરી દ્વારા માર્ગદર્શન પણ લેવાયું. સ્વામીશ્રીએ કહ્યું હતું કે એકબીજાનો મહિમા હોય તો એકબીજાનું ખમી શકો, ઘસાઈ શકો, મનગમતું મૂકી શકો અને અરસપરસ અનુકૂળ પણ થઈ શકો. આજની સભામાં શ્રી આશિષભાઈ ચૌહાણ (એમડી અને સીઈઓ, નેશનલ સ્ટોક એક્સચેન્જ, ભારત), શ્રી ડેનિયલ આર. બેન્સન (જનરલ એસેમ્બલી, ન્યૂજર્સી), શ્રી ટેરી લિઅરમેન (જાણીતા રાજનેતા), શ્રી ડૉ. વિનોદભાઈ શાહ (પૂર્વપ્રમુખ AAPI), શ્રી નીતિનભાઈ જોબનપુત્રા (પ્રમુખ, સંઘવી ડાયમંડ), શ્રી મનિષભાઈ પટેલ (પ્રતિષ્ઠિત ઉદ્યોગ સાહસિક) વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં.



## મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી આશિષભાઈ ચૌહાણ**
એમ.ડી. અને સીઈઓ, નેશનલ સ્ટોક એક્સચેન્જ, ભારત

હું પચાસ વર્ષથી બી.એ.પી.એસ. સંસ્થા સાથે જોડાયેલો છું. આપણે જ્યારે પણ પ્રમુખસ્વામી મહારાજને મળીએ તો એમને ખબર પડી જાય કે આ વ્યક્તિને આ મૂંઝવણ છે અને એવો સચોટ ઉત્તર આપે જેની આપણને કલ્પના પણ ન હોય. સૌ પ્રત્યે પ્રમુખસ્વામી મહારાજને એટલું બધું વાત્સલ્ય હતું. અહીં બેઠા છે એ બધા બાળકો, યુવાનો ભગવાન સ્વામિનારાયણ અને સ્વામીશ્રીના જીવન-પ્રસંગોમાંથી પ્રેરણા લઈએ કે જો આપણે સહન કરીશું તો આપણે પણ સુખી થઈશું અને બીજાને પણ સુખી કરીશું. •



**શ્રી ડૉ. વિનોદભાઈ શાહ**
અમેરિકન એસો. ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયન ઓરિજિન (AAPI)

અશાંતિભર્યા આ વિશ્વમાં માનવજાત પ્રત્યે એકતાની અને સેવાની ભાવના કેળવવા માટે આવા સ્વામિનારાયણ અક્ષરધામ જેવા સ્થાનની જરૂર છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ આપણને અને આપણી નવી પેઢીને શીખવ્યું છે કે માનવજાતની સેવા કરતાં વધુ મહત્ત્વનું બીજું કંઈ નથી. ભલે તે યુક્રેનમાં થતું યુદ્ધ હોય; સુનામી હોય; ભૂકંપ હોય કે કુદરતી આફત હોય... બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો તેમના જીવના જોખમે પહેલાં આવે છે અને માનવજાતને ઉત્કૃષ્ટ સેવા ગમે તેવા સંજોગોમાં પણ પૂરી પાડે છે. •



**શ્રી ડેનિયલ આર. બેન્સન**
જનરલ એસેમ્બલી, ન્યૂજર્સી

હું માનું છું કે જ્યારે આપણે સંપથી કોઈપણ કાર્ય માટે એકત્રિત થઈએ ત્યારે આપણે ધારીએ તે કરી શકીએ છીએ. આ ભવ્ય અક્ષરધામ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ૧૦ વર્ષ પૂર્વે આ અક્ષરધામ મંદિર માત્ર એક સંકલ્પ જ હતો, પરંતુ સૌના સંપ અને ભક્તિભાવથી તે સંકલ્પ આજે આપણી નજર સમક્ષ જ અક્ષરધામમાં પરિવર્તિત થયો છે. ભવિષ્યમાં હજારો વર્ષો સુધી આ અક્ષરધામ અનેક સમુદાયોને સેવાનો માર્ગ ચીંધતું રહેશે. એટલું જ નહીં, તેનો આધ્યાત્મિક પ્રભાવ પણ આવનારાં હજારો વર્ષો સુધી રહેશે. •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# રાષ્ટ્ર-ફરજ નિભાવવાની

ધર્મ રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજ બજાવવાની પ્રેરણા આપે છે. પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં દેશ-વિદેશમાં વસતા બી.એ.પી.એસ. સંસ્થાના સત્સંગીઓને અને જાહેર જનસમુદાયને સ્થાનિક દેશ પ્રત્યેની ફરજ અદા કરવા માટે પ્રેરણા આપતા રહ્યા હતા. સ્વામિનારાયણ અક્ષરધામ નાગરિકોને એ જ પ્રેરણા આપે છે.

આથી, 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે અક્ષરધામ પરિસરમાં તા. ૧૦-૮-૨૦૨૩ના રોજ એક જાગ્રત અને આદર્શ નાગરિક તરીકે દેશ પ્રત્યેની આપણી ફરજ અદા કરવાની પ્રેરણા આપતો વિશિષ્ટ સમારોહ યોજાયો હતો. 'માય કન્ટ્રી, માય ડ્યુટી' (મારો દેશ, મારી ફરજ) મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકો-યુવકોએ રજૂ કરેલા સિમ્ફની કાર્યક્રમ બાદ વિવિધ સેવાકીય પ્રેરણાઓ આપતી સુંદર વીડિયો-પ્રસ્તુતિ થઈ હતી. હિન્દુ ધર્મગ્રંથોમાં વર્ણિત નૈતિક મૂલ્યો પર યુવકોએ વિશેષ પ્રકાશ પાથર્યો હતો. ચૈતન્યમૂર્તિદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. પિતા-પુત્ર વચ્ચે યોજાયેલા લઘુ-સંવાદમાં દેશ પ્રત્યેની નૈતિક ફરજો નિભાવવાની સુંદર પ્રેરણાઓ અપાઈ હતી. સ્વામીશ્રીએ નૈતિક ફરજો અને સેવાધર્મ શીખવતાં આશીર્વચનો કહ્યાં હતાં. અંતે અમેરિકામાં વિવિધ લશ્કરી સેવાઓમાં જોડાયેલાં ૪૦ જેટલાં ભાઈ-બહેન સત્સંગીઓને બિરદાવાયાં હતાં. આજે રોબિન્સવિલ નગરના મેયરશ્રીથી લઈને અન્ય સૂત્રધારો તેમજ જુદા જુદા ક્ષેત્રના મહાનુભાવોએ ભવ્ય અક્ષરધામ, દિવ્ય વાતાવરણ અને સ્વયંસેવકોના નિઃસ્વાર્થ સમર્પણને બિરદાવ્યાં હતાં. આજની સભામાં શ્રી ડેવિડ ફ્રીડ (મેયર, રોબિન્સવિલ), શ્રી ચીફ માઇકલ પોલાસ્કી (ચીફ ઓફ પોલીસ, રોબિન્સવિલ), શ્રી ચીફ રોબર્ટ ગારાપોલો (ચીફ ઓફ પોલીસ, વેસ્ટ-વિન્ડસર), શ્રી સાર્જન્ટ સ્કોટ કિવેટ, શ્રી જોન મેલબૌમ (કોમ્યુનિકેશન ડિરેક્ટર, રોબિન્સવિલ) (સામેના પૃષ્ઠ પર નીચે) →



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી રોબર્ટ કેરાબિંચક**
એસેમ્બલીમેન, ન્યૂજર્સી

મને અક્ષરધામના શિલાન્યાસવિધિ વખતે મુલાકાત લેવાનું અને તેને નિહાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું, ત્યારે આ મંદિરના પાયાનું કામકાજ ચાલુ થયું હતું. આજે અહીં આવી સ્વયંસેવકોના અગણિત કલાકોનું સમર્પણરૂપ આવું મહાન કાર્ય જોવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. હું માત્ર એટલું જ જાણું છું કે બી.એ.પી.એસ. સમુદાય અને અહીંના દરેકને મળવાથી મારું જીવન વધુ સારું બન્યું છે. •



**શ્રી સાર્જન્ટ સ્કોટ કિવેટ**
પોલીસ વિભાગ, રોબિન્સવિલ

જેમ જેમ આપણે આ પરિસરમાં પ્રવેશ કરીએ છીએ તેમ તેમ અહીં સ્વયંસેવકોનો અદ્‌ભુત ઉત્સાહ દેખાય છે, જેને તમારા શબ્દોમાં કહીએ તો 'સદા દાસ'. મેં નોંધ્યું છે કે અહીં ડૉક્ટરો ટ્રાફિકનું નિર્દેશન અને વાસણો સાફ કરવાની સેવા પણ કરે છે! અહીં એન્જિનિયરો ટ્રક ચલાવવાની સેવા કરે છે! તમે આ પરિસરમાં કોઈપણ પ્રકારના અહંકાર વિના સેવા કરો છો તે ખૂબ મોટી પ્રેરણારૂપ છે. મારે તમને મળવાનું થયું અને મને તમારી સંસ્કૃતિ જાણવા મળી તેને હું ભગવાનની કૃપા માનું છું. •



**શ્રી ડો. મનજિતસિંઘ બેન્સ**
થોરાસિક સર્જન, કેન્સર સેન્ટર, ન્યૂયોર્ક

અક્ષરધામની મુલાકાત મારી અપેક્ષાઓથી વધુ આશ્ચર્યકારી રહી. આર્કિટેક્ચરલ દૃષ્ટિકોણથી તે આટલું સુંદર સ્થળ છે, પરંતુ તે શું કરે છે તે વધુ મહત્ત્વનું છે. અહીંના યુવાનોમાં પરસ્પર આદર, જવાબદારીપૂર્ણ જીવન અને બીજા માટે સમર્પણની ભાવના સાથેના સંસ્કાર જોવા મળે છે. આ સંસ્કાર તેઓ પ્રાપ્ત કરી રહ્યા છે, તે વર્તમાનકાળે અને ભવિષ્યની યુવાપેઢી માટે ખૂબ જ મહત્ત્વનું છે. મારું માનવું છે કે આવા સંસ્કાર દ્વારા હિંસા કરતા તથા માદક દ્રવ્યોમાં ફસાયેલા યુવાનોને મદદ કરી શકીએ છીએ અને તેમને તે સમસ્યાઓથી દૂર કરી અને દેશના ખૂબ જ જવાબદાર નાગરિક બનાવી શકીએ છીએ. •



**શ્રી ગાય ચિયારેલો**
ચીફ ઓપરેટિંગ ઓફિસર, Fiserv, યુ.એસ.એ.

સૌ પ્રથમ અને સૌથી અગત્યનું હું પરમ પૂજ્ય મહંત સ્વામીનો, વિશ્વની આ અજાયબી જોવા માટે આમંત્રણ આપવા બદલ તથા સાથે મળીને જે સમય વિતાવ્યો તે બદલ આભાર માનવા માંગું છું.
અહીંનો સમુદાય અદ્‌ભુત છે. હું એવા સ્વયંસેવકોને જોઉં છું કે જેમણે પોતાની કારકિર્દી અને મહત્ત્વાકાંક્ષાઓને, અહીં સેવા આપવા હોમી દીધાં છે. અને આ પ્રેરણા વિશ્વભરના તમામ હિન્દુઓ માટે છે. હું તમને સહકાર આપવાનું ચાલુ રાખીશ. તમે અહીં જે કંઈ કર્યું છે તેનો હું આદર કરું છું. •

→ શ્રી સ્કોટ મેકકોર્મિક (ટ્રસ્ટી, મર્સર કાઉન્ટી ફાયર ફાઈટર), શ્રી રોબર્ટ લેમ્બર્ટ (ટ્રસ્ટી, મર્સર કાઉન્ટી અને લેમ્બર્ટ રિયલ્ટી), શ્રી રોબર્ટ કેરાબિંચક (એસેમ્બલીમેન, ન્યૂજર્સી), શ્રી ડો. પ્રમોદભાઈ સોગાણી (યુરોલોજિક ઓન્કોલોજિસ્ટ, ન્યૂયોર્ક), શ્રી ઉપેન્દ્ર ચીવકુલા (કમિશનર, બોર્ડ ઓફ પબ્લિક યુટિલિટીઝ, ન્યૂજર્સી), શ્રી ડો. મનજિતસિંઘ બેન્સ (થોરાસિક સર્જન, ન્યૂયોર્ક), શ્રી ક્રિસ ઓગસ્ટીન (ગ્લોબલ બિઝનેસ સોલ્યુશન્સ Fiserv), શ્રી વિજય શ્રીવાસ્તવ (વાઇસ પ્રેસિડન્ટ, Fiserv), શ્રી ડો. બકુલ દલાલ (ખ્યાતનામ, પેથોલોજિસ્ટ), શ્રી આશિષ મોદી (મેનેજિંગ ડિરેક્ટર, નુવીન), શ્રી માર્ક ચિયારેલો (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, જેપી મોર્ગન), શ્રી જસ્ટિન કોકિલફ (ટેક્નોલોજી ઈનોવેટર), શ્રી મેટ્ટ હોલી (આસિ. વાઇસ પ્રેસિડન્ટ, FICC), શ્રી ઉમાશંકર નિસ્તાલા (ચીફ ઇન્ફોર્મેશન ઓફિસર, Fiserv), શ્રી ગાય ચિયારેલો (સી.ઓ.ઓ., Fiserv) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# દાસત્વભક્તિ દૃઢ કરવાની

આધ્યાત્મિક માર્ગમાં દાસત્વભક્તિનો મહિમા અનન્ય છે. જેમ જેમ વ્યક્તિ ભગવાનની નજીક જતી જાય છે, તેમ તેમ તે વધુ ને વધુ દાસત્વભાવથી નમતી જાય છે. ગુણાતીત સત્પુરુષ દાસત્વભક્તિનો આદર્શ છે. તેમની નિશ્રામાં સ્વામિનારાયણ અક્ષરધામ પણ દાસત્વભક્તિનું દર્શન કરાવે છે. અક્ષરધામના મધ્યસ્થ ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણ સમક્ષ દાસત્વભાવે બિરાજેલા ગુણાતીતાનંદ સ્વામી તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ દાસત્વભક્તિનો મહિમા સિંચતો કાર્યક્રમ 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે તા. ૧૫-૮-૨૦૨૩ના રોજ યોજાઈ ગયો. વિષયને સુસંગત સભામાં વિવિધ કાર્યક્રમો રજૂ થયા હતા. વળી, આજે ભારતનો ૭૭મો સ્વાતંત્ર્ય દિન હતો. તેને વધાવતાં ૮૦ જેટલા બાળકો-કિશોરો-યુવાનો-હરિભક્તોએ સિમ્ફની કાર્યક્રમ અંતર્ગત દેશભક્તિનાં ગીતો રજૂ કર્યાં હતાં. સ્વામીશ્રીએ ત્રિરંગો લહેરાવીને રાષ્ટ્રભક્તિ અદા કરી હતી. સૌએ પોતાના સ્થાન પર ઊભા રહીને રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. સભામાં 'દાસભાવ' પર વિશિષ્ટ ગોષ્ઠિ થઈ હતી, જેમાં પ્રેરક પ્રસંગો દ્વારા દાસભાવની નવી વ્યાખ્યાઓ ઉદ્‌ઘાટિત થઈ. મહંત સ્વામી મહારાજે દાસભાવ દૃઢાવતાં કહ્યું: 'દાસના ઉરમાં શ્રીહરિ નિવાસ કરીને રહે છે. અને આપણે એ જ કરવા આવ્યા છીએ.'

આજની સભામાં ઉપસ્થિત મહાનુભાવો શ્રી ભરતભાઈ સાંગાણી (કાર્ડિયોલોજિસ્ટ), શ્રી મિતુલભાઈ પટેલ (સીઈઓ, વિઝન હોસ્પિટાલિટી ગ્રૂપ), શ્રી બળદેવભાઈ ઠાકોર (પ્રમુખ અને સ્થાપક, માયા હોટેલ્સ), શ્રી જેડી દેવા (સહ-સ્થાપક અને સીઈઓ, માયા હોટેલ્સ), શ્રી કૃષ્ણ પાલીવાલ (પ્રમુખ, લા ક્વિન્ટા બ્રાન્ડ હોટેલ્સ, વિન્ધામ), શ્રી ડો. જતીનભાઈ કાપડિયા (વાઈસ પ્રેસિડન્ટ, જીમી એડ્‌મિશન, ન્યૂયોર્ક) વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી મિતુલભાઈ પટેલ**
સીઈઓ, વિઝન હૉસ્પિટાલિટી ગ્રૂપ ટેનેસી

દાન આપવું કદાચ હજુ સહેલું છે, પરંતુ પ્રતિબદ્ધતા સાથે સમય, સમર્પણ, બલિદાન આપવાં તે ઘણું અઘરું છે, જે અહીં સેવા આપતા ઘણા સ્વયંસેવકોમાં નીરખવા મળે છે. એમાંના કેટલાક એન્જિનિયરો, નોકરી-ધંધો કરનાર, ડૉક્ટરો છે. પોતાના જીવનને સ્થગિત કરી દીધું છે, પોતાના પરિવારને હોલ્ડ પર મૂકી દીધો છે! અમેરિકા અને ખાસ કરીને ન્યૂજર્સીમાં આવું ભવ્ય અક્ષરધામ બનાવવાની પ્રમુખસ્વામી મહારાજની આર્ષદૃષ્ટિ હતી. આવી અતુલ્ય આર્ષદૃષ્ટિ અને હરિભક્તોના જબરજસ્ત સમર્પણના સંયોજનથી જ આવું અક્ષરધામ સાકાર થયું છે. •



**શ્રી ડૉ. ભરતભાઈ સાંગાણી**
કાર્ડિયોલોજિસ્ટ, ડલાસ

હિન્દુ ધર્મમાં સહિષ્ણુતાને આપણી ઉત્તમ શક્તિ કહી છે, પરંતુ ક્યારેક સહનશીલતાને નબળાઈ તરીકે લોકો માનતા હોય છે. અને મને હંમેશાં ચિંતા રહેતી હતી કે આવનારી પેઢીઓને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતી આ હિન્દુ ધર્મની જ્યોત કોણ આગળ લઈ જવાનું છે? પરંતુ હું અહીં અક્ષરધામમાં આવ્યો અને મને આશા જન્મી, મારી આ ચિંતા વિરમી ગઈ. આ મહાન અક્ષરધામમાં ઘણા લોકો આવશે, આપણા ધર્મને જાણવાની જિજ્ઞાસા રાખશે અને આ અક્ષરધામ દ્વારા સમાજનાં નૈતિક મૂલ્યોનું પોષણ થશે અને એક ઉત્તમ સમાજ તૈયાર થશે. •



**શ્રી કૃષ્ણ પાલીવાલ**
પ્રમુખ, લા ક્વિન્ટા બ્રાન્ડ હોટેલ્સ, વિન્ધામ, યુ.એસ.એ.

આજના સમયમાં નિ:સ્વાર્થ ભાવે સેવા કરવી ખૂબ જ કઠણ છે, પરંતુ આ અક્ષરધામમાં સ્વયંસેવકો તનતોડ પુરુષાર્થની સાથે નિ:સ્વાર્થ સેવા કરી રહ્યા છે. હું ચોક્કસપણે માનું છું કે નિ:સ્વાર્થ સેવાથી જ સર્વ કાર્ય સિદ્ધ થતાં હોય છે. અહીં દરેક સ્વયંસેવકનું એક જ ધ્યેય છે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના ચીંધેલા કાર્યને આગળ ધપાવવું. •



**શ્રી વિન્સેન્ટ લિમા**
મૅનેજિંગ ડાયરેક્ટર, મોએલિસ એન્ડ કંપની, ન્યૂજર્સી

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને મળીને હું ઘણી પ્રસન્નતા અનુભવું છું. એમની સાથેના પ્રથમ જ વાર્તાલાપથી મને લાગ્યું કે મને સાંભળનાર કોઈ એવી વ્યક્તિ છે કે જેમાંથી કંઈક શીખી શકાય. તેઓનાં દર્શનથી મને લાગ્યું કે મને કોઈ સત્સંગ અને શાંતિના માર્ગે દોરી શકે એવું મળી ગયું છે.
જ્યારે હું અહીં આવું છું ત્યારે મને પરમ શાંતિનો અનુભવ થાય છે. આજના યુગમાં વિશ્વને શાંતિ અને સંવાદિતાની ખૂબ જરૂર છે, જે અહીંથી પ્રાપ્ત થાય છે.
(તા. ૧૬-૮-૨૦૨૩) •



**સુશ્રી વંદિતા ચોપરા**
ટેબલ ટેનિસ પ્લેયર, ન્યૂજર્સી

જ્યારે જ્યારે હું અહીં સ્વામિનારાયણ અક્ષરધામના પરિસરમાં આવું છું ત્યારે મને અહીં હંમેશાં કંઈક નવીનતા જોવા મળે છે. દરેક વખતે હું અહીંથી ઘણી ઘણી બધી નવી પ્રેરણાઓ લઈને જાઉં છું. અક્ષરધામ મહામંદિર સ્વયં ખૂબ ખૂબ પ્રેરણાદાયી છે. જે યુવા સ્વયંસેવકોને મેં અહીં જોયા, તેમનામાં શીખવાની ધગશ, સંસ્થા માટે કંઈક કરી છૂટવાની તત્પરતા અને સમાજ માટે પણ કંઈક કરવાની ભાવના જોઈ. આજે પણ મારી મુખ્ય અનુભૂતિ એ જ રહી છે કે અહીં નવયુવાન સ્વયંસેવકોએ કેવી રીતે આપણી મહાન ભારતીય સંસ્કૃતિ અને વારસાનું જતન કરીને તેનું સંવર્ધન કર્યું છે. હું આજે જે યુવતી સ્વયંસેવિકાઓને મળી, તે સર્વે ખૂબ ખૂબ પ્રેરણાદાયી છે. (મહિલામંચ, તા. ૧૬-૮-૨૦૨૩) •

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# પારિવારિક મૂલ્યોની

પારિવારિક મૂલ્યો એ ભારતે વિશ્વને આપેલો એક અમૂલ્ય ઉપહાર છે. સંતાનોમાં અનેકવિધ સદ્‌મૂલ્યોનું સિંચન કરવામાં માતાપિતા અને વડીલો અગત્યની ભૂમિકા ભજવે છે. સ્વામિનારાયણ અક્ષરધામ પારિવારિક મૂલ્યોની પ્રેરણા આપે છે. એટલે ‘ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન’ના ઉપક્રમે યોજાયેલો પારિવારિક મૂલ્યોની પ્રેરણા આપતો કાર્યક્રમ તા. ૧૬-૮-૨૦૨૩ના રોજ યોજાઈ ગયો. આજના સમારોહનો મધ્યવર્તી વિચાર હતો: ‘ફ્રોમ હાઉસ ટુ હોમ’. બાળકમાં સંસ્કારોનું સિંચન કરવામાં માતાપિતાએ ઉપદેશક નહીં ઉદાહરણરૂપ બનવું જોઈએ - આ સંદેશ આપતો આજનો હૃદયસ્પર્શી કાર્યક્રમ સૌ માટે પ્રેરક બની રહ્યો હતો. યુવકવૃંદનાં ધૂન-પ્રાર્થના અને ભક્તિપદોના ગાન બાદ પ્રેરણાસભર વીડિયો-પ્રસ્તુતિ થઈ. વિવેકજીવનદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. વિષયાનુરૂપ વિવિધ પ્રસ્તુતિઓમાં માતાપિતાના વર્તનની બાળક પર કેવી અસર થાય છે તેની ચોટદાર સંવાદાત્મક પ્રસ્તુતિઓ થઈ. તેમાં મુખ્યત્વે ત્રણ વિભાગોમાં: માતાપિતાએ બાળકો પ્રત્યે વર્તન સારું રાખવું, બાળકો માટે સમય કાઢવો અને બાળકની બીજા કોઈ સાથે સરખામણી ન કરવી વગેરેની પ્રેરક રજૂઆતો થઈ. અંતમાં સ્વામીશ્રીએ વાલીઓને આદર્શ માતાપિતા બનવાની પ્રેરણા આપી હતી.

આજે મંચસ્થ મહાનુભાવોમાં શ્રી વિન્સેન્ટ લિમા (મેનેજિંગ ડાયરેક્ટર, મોએલિસ એન્ડ કંપની), શ્રી અમન મિત્તલ (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, મોએલિસ એન્ડ કંપની), શ્રી સંદીપ પટેલ (સીઈઓ, ક્રોસરોડ્સ હોસ્પિટાલિટી ઇન્ક.) વગેરેએ પ્રેરક સંબોધનો કર્યાં હતાં. મહિલાવિભાગમાં ઉપસ્થિત શ્રીમતી યોગિતા મોદી (સભ્ય, હિન્દી યુએસએ સ્કૂલ બોર્ડ) અને શ્રીમતી રૂશિયા પટેલનું સ્વાગત બહેનોએ કર્યું હતું.



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

### અક્ષરધામ પ્રેરણા આપે છે

# સેવાની કદર કરવાની

'સેવાધર્મઃ પરમગહનો યોગિનામ્ અપિ અગમ્યઃ' આ પ્રસિદ્ધ ભારતીય સૂત્ર અક્ષરધામમાં સાકાર થયેલું સૌએ નીરખ્યું છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા એક સેવાધર્મની સંસ્થા છે, જે સનાતન વૈદિક પરંપરા અને ભગવાન સ્વામિનારાયણે આપેલા નિઃસ્વાર્થ સેવાના સિદ્ધાંતો પર દેશ અને દુનિયામાં કાર્યરત છે. આ સેવાધર્મના જ એક ઉપક્રમે રચાયેલા સ્વામિનારાયણ અક્ષરધામમાં ૧૨,૫૦૦ કરતાં વધુ સ્વયંસેવકોએ નિર્માણ કાર્યમાં સેવા આપી છે. આ ઉપરાંત, નોર્થ અમેરિકાના છ રિજિયનમાં વહેંચાયેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અનેકવિધ સત્સંગ-સેવાકેન્દ્રોમાં પણ હજારો ભાઈ-બહેન સ્વયંસેવક સેવાઓ આપી રહ્યાં છે. 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે આ તમામ સેવાધારીઓની કદર કરતા 'એપ્રિસિએશન ડે' પણ સમયે સમયે યોજાતા રહ્યા.

ઉલ્લેખનીય છે કે 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન' દરમ્યાન સતત લગભગ અઢી મહિના સુધી સમગ્ર નોર્થ અમેરિકાના હરિભક્તોને અને સ્વયંસેવકોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યનો તેમજ અક્ષરધામનાં દર્શનનો લહાવો મળે તે માટે જુદી જુદી તારીખ-તિથિઓમાં ત્રણ ત્રણ દિવસ માટે વિધિવત્ નિમંત્રિત કરવામાં આવ્યા હતા. નોર્થ અમેરિકાના બી.એ.પી.એસ. મધ્યસ્થ કાર્યાલય દ્વારા સૌના આવાગમનથી લઈને ભોજન અને દર્શન વ્યવસ્થા સુધીની તમામ બાબતોનું સૂક્ષ્મ આયોજન કરવામાં આવ્યું હતું. જુદા જુદા દિવસોમાં જુદા જુદા ગ્રૂપમાં આવતા હરિભક્તો અને સ્વયંસેવકોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં સમીપ દર્શનનો લહાવો પ્રાપ્ત થાય અને જે તે સમુદાયની સેવાઓની કદર થાય તેવા સભાકાર્યક્રમો પણ યોજાયા હતા. તે પૈકી 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના વિવિધ દિવસોની સંક્ષિપ્ત ઝાંખી આ અંકના પૃષ્ઠ ૧૦૬થી ૨૨૭ દરમ્યાન પ્રસ્તુત છે. આ ઉપરાંત 'ફેસ્ટિવલ ઓફ



ઇન્સ્પિરેશન'નો પ્રારંભ, કળશ સ્થાપન વિધિ, મહંત સ્વામી મહારાજની તારીખ મુજબ જન્મ જયંતી વગેરે કાર્યક્રમો આ પૂર્વેના 'પ્રકાશ'ના અંકોમાં પ્રકાશિત થઈ ચૂક્યાં છે. આ ઉપરાંત વચ્ચે વચ્ચે ઊજવાતા 'એપ્રિસિએશન ડે'ના કાર્યક્રમો પણ વિવિધ વિષય સાથે ખૂબ રસપ્રદ રહ્યા હતા. તેની ઝાંખી આ રહી...

■ તા. ૨૧-૭-૨૦૨૩ના રોજ યોજાયેલા કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર હતો: 'સત્સંગનો મહિમા'. આ મધ્યવર્તી વિચારને દૃઢાવતા આનંદસ્વરૂપદાસ સ્વામીના પ્રવચન બાદ સંતોએ જુદા જુદા સેવા-વિભાગોનો પરિચય-અહેવાલ આપ્યો હતો. આ વિભાગોમાં સેવા આપનાર અને સભામાં ઉપસ્થિત સ્વયંસેવકો-ભક્તો પર સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી અંતરનો રાજીપો વરસાવ્યો હતો. આ તમામ ભક્તોની પ્રાર્થના વિભાગાનુસાર સુંદર શબ્દોમાં રજૂ થઈ હતી. સ્વામીશ્રીએ વિશિષ્ટ સ્મૃતિ આપી સૌને ધન્ય કર્યા હતા.
અંતિમ રજૂઆતમાં સ્વામીશ્રીને પુછાયું કે 'આપને કેવા કાર્યકરો ગમે?' ઉત્તરરૂપે સ્વામીશ્રીએ 'દિવ્ય ભાવવાળા' લખેલું બોર્ડ દર્શાવ્યું. યોગાનંદદાસ સ્વામી અને આનંદચરિતદાસ સ્વામીએ સેવા-સમર્પણ સંબંધી પ્રશ્નો પૂછીને સ્વામીશ્રીના શુભાશિષ સેવકોને અપાવ્યા હતા.
આજની સભામાં ઉપસ્થિત શ્રી ચિન્ટુભાઈ પટેલે(કો-ફાઉન્ડર અને સીઈઓ, એમ્નીલ ફાર્માસ્યુટિકલ) અંતરની ભાવનાઓ રજૂ કરી હતી.

■ તા. ૨૬-૭-૨૦૨૩ના રોજ યોજાયેલા વિશિષ્ટ કાર્યક્રમમાં વિવેકનિધિદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરણાવચનોમાં સત્સંગનો મહિમા દૃઢાવ્યો હતો. અક્ષરધામ નિર્માણના જુદા જુદા વિભાગોમાં અવિરત સેવારત સ્વયંસેવકોનાં તપ, ભક્તિ, સમર્પણની સુંદર ગાથાઓ રજૂ થઈ હતી. સભામાં ઉપસ્થિત આ સૌ તપસ્વી-સેવકો પર સ્વામીશ્રીએ રાજીપાની અમીદૃષ્ટિ કરી હતી. ત્યારબાદ અક્ષરધામના વિવિધ વિભાગોની સેવાની રજૂઆત થઈ હતી અને તેને સમાંતર સ્વામીશ્રીએ વિવિધ સ્મૃતિઓ આપીને સ્વયંસેવકોને ધન્યતાથી છલકાવી દીધા હતા. સભામાં ઉપસ્થિત શ્રી સુનીલભાઈ નાયક (સીઈઓ, InnZen હૉસ્પિટાલિટી), સુરેશભાઈ પટેલ (અધ્યક્ષ, વ્રજધામ) વગેરેએ સ્વાનુભૂતિઓ પ્રસ્તુત કરી હતી. અંતમાં સ્વામીશ્રીએ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથના આધારે શુભાશિષ વરસાવ્યા હતા. શ્રી સુનીલભાઈ નાયકે જણાવ્યું હતું કે 'ભારતમાં બાળપણના સમયે આપણે ઘણા લોકોને કહેતા સાંભળ્યા છે કે, મારા દાદા કે પિતાજી ભારતીય સ્વાતંત્ર્ય-સેનાની હતા. આ જેટલા ભક્તોએ અહીં અક્ષરધામમાં કાર્ય કર્યું છે, એમની આવતી પેઢીઓ યાદ કરશે કે મારા દાદાએ કે મારા પપ્પાએ અક્ષરધામમાં સેવા કરી હતી. સૌ સ્વયંસેવકોને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.'

■ તા. ૮-૯-૨૦૨૩ના રોજ 'નિયમ-ધર્મ' મધ્યવર્તી વિચાર સાથે કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભમાં જ્ઞાનપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં 'નિયમ-ધર્મ' વિષય પર પ્રકાશ પાથરીને તેને અંતરમાં આત્મસાત્ કરવાની પ્રેરણા સૌને આપી હતી. સભામાં પધારેલા જગદ્‌ગુરુ શ્રી શિવરાત્રી દેશીકેન્દ્ર મહાસ્વામીજી, શ્રી ડૉ. સુભાષભાઈ દેસાઈ (ન્યૂરોલોજિસ્ટ, યુ.એસ.), શ્રી અમિતાભ મિત્તલ (જનરલ સેક્રેટરી, વિશ્વ હિન્દુ પરિષદ, ઉત્તર અમેરિકા), શ્રી બલવંત પટેલ (ચૅરમૅન, હોકી હોટલ), શ્રી માઈકલ એડમ્સ (સ્ટેટ સેક્રેટરી, કેન્ટુકી), શ્રી મારિયો ચેલ્મર્સ (બાસ્કેટ બોલ ખેલાડી), શ્રી હરીશ ગોયલ (સીઈઓ, આરોગ્ય રિસોર્ટ્સ), શ્રી ગૌતમભાઈ શ્રોફ (કાર્ડિયોલોજિસ્ટ), શ્રી ભીખુભાઈ પટેલ (પ્રમુખ, સીવીએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર), શ્રી ચંદુભાઈ પટેલ (ચૅરમૅન, વેલકમ હૉસ્પિટાલિટી), શ્રી બોબ હ્યુજીન (ચૅરમૅન, સ્ટેટ કમિટી, ન્યૂજર્સી) વગેરે મહાનુભાવોએ સ્વાનુભૂતિઓ પ્રસ્તુત કરી હતી. શ્રી સુભાષ દેસાઈએ જણાવ્યું હતું કે 'જે વાતથી હું સૌથી વધુ પ્રભાવિત થયો છું તે છે – સ્વયંસેવકોનાં જબરદસ્ત સેવા અને સમર્પણ, જે ફક્ત આ દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના દરેક સ્વયંસેવકે તેનું દર્શન કરાવ્યું છે.'

■ તા. ૨૪-૯-૨૦૨૩ના રોજ 'કથાવાર્તા' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભામાં પ્રિયવ્રતદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી અને ત્યારબાદ હરિલીલામૃત ગ્રંથમાં વર્ણવેલો કથાવાર્તાનો મહિમા ઈશ્વરચરણદાસ સ્વામી અને ત્યાગ-વલ્લભદાસ સ્વામીએ પ્રવચનમાં વર્ણવ્યો હતો. સભામાં ઉપસ્થિત

મહાનુભાવો શ્રી માઈક લોવલર (કોંગ્રેસમેન, ન્યૂયોર્ક), શ્રી જોસુઆ જે. પ્રૂચ (કાર્યકારી ઉપપ્રમુખ, NISA), શ્રી બકુલેશ પટેલ (સીઈઓ, બીએચજી હોટલ, ઓરેગોન), શ્રી પ્રો. વિનીત ચંદર (હિન્દુ ચેપ્લીન, પ્રિન્સ્ટન યુનિ.), શ્રી ડૉ. કોરી કોનિફ (શિકાગો), શ્રી જ્યોર્જ કોનિફ (પૂર્વપ્રમુખ, બેચટેલ કોમ્યુનિકેશન), શ્રી ટ્વિંકલ પટેલ (પ્રમુખ અને સીઈઓ, ઈમ્યુનોજેનોમિક્સ), શ્રી તેજલ શાહ (કન્વીનર, હિન્દુ મંદિર એક્ઝિ. કાઉન્સિલ), શ્રી દાસ ન્યેર (પ્રમુખ, ભારતીય સાંસ્કૃતિક સંઘ, નોર્થ અમેરિકા), શ્રી ડૉ. રાજેશ ગુપ્તા (એએફસી) વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા. સ્વામીશ્રીએ કથામૃતનો લાભ આપ્યો હતો.

■ તા. ૨૮-૯-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અક્ષરધામમાં જે સ્વયંસેવકો સેવા આપવાના છે તેઓની આ 'અક્ષરધામ ઑપરેશન્સ વોલન્ટિયર સભા' હતી. અક્ષરધામમાં વરસોથી સેવામાં જોડાયેલા સ્વયંસેવકો પણ આજની સભામાં ઉપસ્થિત હતા. ગાંધીનગર અને દિલ્હી અક્ષરધામના સેવકોનાં કાર્ય અને ગુણોથી પડેલા પ્રભાવ વિષયક પ્રવચનનો લાભ આનંદસ્વરૂપદાસ સ્વામી અને મુનિવત્સલદાસ સ્વામીએ આપ્યો. ત્યારબાદ યજ્ઞવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો કહ્યાં. કનુભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય પ્રસંગોનું પાન કરાવ્યું હતું. અક્ષરધામ ઑપરેશન્સ માટે તૈયાર કરવામાં આવેલા 'અક્ષરધામ ઑપરેશન્સ મિશન' બેનર પર સ્વામીશ્રીએ સહી કરી અને તે લક્ષ્યાંકો ઉપર સંમતિની મહોર મારી. ત્યારબાદ અક્ષરધામ ઑપરેશન્સના સંચાલક હરિભાઈ પટેલે અક્ષરધામના ૮ વિભાગોનાં પરિચય અને માહિતી આપ્યાં. આ સેવામાં મહિલા ભક્તોનો ફાળો પણ મહત્ત્વપૂર્ણ હતો, તેનો અહેવાલ કાર્યકરોએ આપ્યો. એક કાર્યકરે સૌ વતી અક્ષરધામની અમૂલ્ય સેવા આપવા બદલ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો પ્રાર્થનાપૂર્વક આભાર માન્યો હતો. અક્ષરધામની સેવામાં જોડવા માટે આહ્‌વાન કરતા સ્વામીશ્રીએ લખેલા પત્રનું આનંદસ્વરૂપદાસ સ્વામીએ પઠન કર્યું હતું. અંતમાં, સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી સેવા-સરભરાનો મહિમા જણાવ્યો: 'આ અક્ષરધામ ભગવાનનું સ્થાન છે. અહીં બધા જે આવે છે તે મુક્તો જ છે. એવી ભાવનાથી આપણે સરભરા કરીએ તો તમનેય આનંદ આવે ને એનેય આનંદ આવે. મહિમા હોય તો સેવા કરવાનો ઉમંગ અને ઉત્સાહ રહે. એટલે સાચો ભાવ હોય એ લાભદાયી થશે. જે દર્શનાર્થી હોય તેને પણ લાભદાયી થશે. સરભરામાં જરા નિપુણતા લાવવી પડે. તમે મન દઈને સેવા કરતા હો તો એ આવી જાય. અને ત્રીજું, નિષ્ઠા પાકી હોય તો સામેની વ્યક્તિને પણ અસર થાય.' સ્વામીશ્રીના સાંનિધ્યમાં અનંતમંગલદાસ સ્વામીએ અત્રે એક નવા પ્રકલ્પની માહિતી આપી: 'અક્ષરધામ ઍકેડેમી'. જેમાં સ્વામીશ્રીની ઇચ્છા અનુસાર અંતરનું અક્ષરધામ નિર્માણ પામે, મૂલ્યો જીવનમાં વણાય તે માટે વિવિધ આયોજનો હતાં.



**જગદ્‌ગુરુ મહાસ્વામી શ્રી શિવરાત્રિ દેશીકેન્દ્ર**
પ્રમુખ, જનશિક્ષણ સંસ્થાન વિદ્યાપીઠ, મૈસૂર, કર્ણાટક

આ ભવ્ય અક્ષરધામ એ તમારી પ્રચંડ શ્રદ્ધાનું ઉદાહરણ છે. માત્ર માર્બલ, ઈંટ કે ચૂનાનું આ મંદિર નથી, આ તો આશા, પ્રેમ અને શાંતિની જ્યોત છે. માત્ર બી.એ.પી.એસ. જ આવું ભવ્ય કાર્ય કરી શકે. અહીં લોકો આધ્યાત્મિકતા, શાંતિ અને સામાજિક બંધનોને મજબૂત કરવા આવશે. આ એક એવું સ્થાન છે કે જ્યાં આત્મા પુનઃ ઊર્જાવાન બનશે. વિશ્વના કોઈપણ આધુનિક મંદિરની તુલના અક્ષરધામ સાથે કરી શકાય તેમ નથી. અહીંના અદ્‌ભુત સ્થાપત્ય તેમજ નિઃસ્વાર્થ સમર્પણ દ્વારા ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજનો સંદેશ મૂર્તિમંત થયો છે. વિશ્વભરમાં સનાતન હિન્દુ ધર્મની સુવાસ પ્રસરાવનારા પ્રમુખસ્વામીજીના તપોમય, કરુણામય અને ત્યાગમય જીવનનો પ્રભાવ વિશ્વના અનેક ધાર્મિક અને રાષ્ટ્રીય નેતાઓ પર પડ્યો હતો. પરંતુ તેમનો પરમાત્મા પ્રત્યેનો અપાર પ્રેમ તમામ દેશની સરહદોથી ઉપર પહોંચ્યો હતો. આજે બી.એ.પી.એસ. સંસ્થા શિખર પર પહોંચી છે તેના મૂળમાં તેમનું સમર્પણ છે. તેમની પ્રેરણાથી બંધાયેલું આ અક્ષરધામ લોકસેવાનું કેન્દ્ર છે. આ મંદિર પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાના હજારો સ્વયંસેવકો-ભક્તોના સમર્પણનું પ્રતીક છે. ●

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

### અક્ષરધામ પ્રેરણા આપે છે

# કિશોરાવસ્થાને કેળવવાની

કિશોરાવસ્થા એક સંવેદનશીલ અવસ્થા છે. આ અવસ્થાને યોગ્ય રીતે કેળવવામાં આવે તો આદર્શ નાગરિક, આદર્શ વ્યક્તિ અને આદર્શ ભક્ત પ્રગટે છે. આ માટે બી.એ.પી.એસ. સંસ્થાની કિશોર પ્રવૃત્તિ પાંખ નોર્થ અમેરિકામાં વિવિધ ગતિવિધિઓનું સંચાલન કરે છે. કિશોરોને આધ્યાત્મિક મહિમાનો રંગ ચઢાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજાતા રહે છે. અક્ષરધામ તેની પ્રેરણા આપે છે. તેથી 'કિશોર-કિશોરી દિન'ના ઉપક્રમે કિશોરોમાં આવી આધ્યાત્મિક પ્રાપ્તિ અને મહિમાની ગરિમા પ્રકટાવતો કાર્યક્રમ તા. ૧૯-૮-૨૦૨૩ના રોજ 'સ્વામી મળવાથી...' મધ્યવર્તી વિચાર સાથે યોજાઈ ગયો. લઘુ-સંવાદ, સંતોનાં પ્રવચનો અને પ્રેરક વીડિયો દ્વારા આ મધ્યવર્તી વિચાર દૃઢાવાયો હતો. 'થઈ રહ્યો છે જય જયકાર રે, સ્વામી મળવાથી...' કીર્તનની પ્રત્યેક પંક્તિની સાથે વિવિધ પ્રેરક રજૂઆતો થઈ હતી. કિશોરોએ મૂંઝવતા પ્રશ્નોની રજૂઆત કરીને સ્વામીશ્રીનું સચોટ માર્ગદર્શન મેળવ્યું હતું. કિશોરોએ ભક્તિનૃત્ય દ્વારા આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વામીશ્રીએ સૌને સત્પુરુષનાં ચારેય સુખ આપ્યાં હતાં. આજની સભામાં ૧૫૦૦ જેટલાં કિશોર-કિશોરીઓએ પ્રત્યક્ષપણે અને નોર્થ અમેરિકાનાં હજારો કિશોર-કિશોરીઓએ ઘરે બેઠાં ઓનલાઇન લાભ પ્રાપ્ત કર્યો હતો. આજની સભામાં પદ્મશ્રી ડૉ. એચ. આર. શાહ (ટીવી એશિયા ચેનલ), શ્રી ડૉ. ગૌરવભાઈ શાહ (રોકેટ ફાર્માસ્યુટિકલ્સ), શ્રી ભરતભાઈ પટેલ (ચેરમેન, આહોઆ), શ્રી રામ જાવિયા (હિન્દુ સંગઠન, મેરીલેન્ડ), શ્રી રાહુલભાઈ પટેલ (સેક્રેટરી, આહોઆ), શ્રી ચિરાગભાઈ પટેલ (પ્રમુખ, એમનીલ ફાર્માસ્યુટિકલ્સ), શ્રી ડૉ. ઇન્દ્રનીલ બાસુ રાય (કાર્ડિયોલોજિસ્ટ), શ્રી વિનયભાઈ પટેલ (શ્રી હોટેલ્સ, નોર્થ કેરોલિના), શ્રી દીપકભાઈ પટેલ, (સીઈઓ, અન્ના મેનેજમેન્ટ), શ્રી અલ્પેશભાઈ પટેલ (લેઉવા પટેલ સમાજ, યુ.એસ.એ.) તથા આહોઆના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી ગૌરવભાઈ શાહ**
સીઈઓ, રોકેટ ફાર્માસ્યુટિકલ્સ, ન્યૂયોર્ક

૧૯૯૬માં પ્રમુખસ્વામી મહારાજ સાથે એક અઠવાડિયાનો સમય વિતાવ્યા બાદ દુનિયા મને કંઈક જુદી જ લાગતી હતી. જાણે બ્રહ્માંડ થંભી ગયું હોય અને પૂર્ણકામપણાનો અહેસાસ! તે આનંદ અને સુખની અનુભૂતિ કરતાં પણ કંઈક ઉત્કૃષ્ટ અને અવર્ણનીય હતું, જેને વર્ણવવા માટે શબ્દો નથી. મને પહેલાં ક્યારેય આવી અનુભૂતિ થઈ ન હતી અને ત્યારપછી પણ મને ક્યારેય એવો અનુભવ થયો નથી. એ તો દિવ્ય સંતપુરુષ પ્રમુખસ્વામી મહારાજની હાજરીની શક્તિ હતી. તેઓની મારા જીવનમાં ઉપસ્થિતિથી હું પોતાને ખૂબ જ ધન્ય અને ભાગ્યશાળી માનું છું. •



**શ્રી ચિરાગભાઈ પટેલ**
સહ-સ્થાપક અને પ્રમુખ, એમ્નીલ ફાર્માસ્યુટિકલ્સ, ન્યૂયોર્ક

આજે મને અક્ષરધામનાં દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેમાં જે કાર્ય થયું છે તે અહોભાવ ઉપજાવનારું છે. અહીં સેવા આપતા સ્વયંસેવકો ખૂબ જ સમર્પિત છે. આવનારી સદીઓ સુધી સૌ યાદ કરશે કે આ અક્ષરધામનું નિર્માણ સ્વયંસેવકોએ કર્યું છે. અહીંથી પ્રેરણા મેળવીને આપણે આ અદ્‌ભુત સંસ્કૃતિ અને તેની પ્રણાલિકાઓને આગળ ધપાવીએ. અત્યારના આધુનિક યુગમાં માનસિક તણાવ પણ એક સમસ્યા બની રહી છે, પરંતુ જો જીવનમાં આધ્યાત્મિકતા હોય તો દુનિયા એકદમ સુંદર લાગે છે. અહીં જે થઈ રહ્યું છે અને હજારો વર્ષો પછી આવનારી પેઢીઓને જે વારસો મળશે તે અકલ્પનીય છે. આ કેવળ ભગવાન સ્વામિનારાયણ, પ્રમુખ-સ્વામી મહારાજ, મહંત સ્વામીજીની કૃપાથી જ આ શક્ય છે. •



**શ્રી ડો. એચ. આર. શાહ**
ચેરમેન અને સીઈઓ, ટીવી એશિયા ચેનલ, યુ.એસ.એ.

હું પ્રમુખસ્વામી મહારાજને ૧૯૭૪માં ન્યૂયોર્કમાં જ્હોન એફ. કેનેડી ઍરપોર્ટ પર લેવા ગયો હતો ત્યારે વિમાનમાંથી ઊતરતાં જ એમણે મને પૂછ્યું હતું કે તમારા પિતાજી શું કરે છે અને પરિવાર મજામાં છે ને? તેમની આ લાગણી મારા માટે આ અનુભવ ખૂબ આત્મીય હતો. થોડાં વર્ષો પહેલાં, અહીં એક જંગલ જેવું હતું, અહીં કશું જ નહોતું અને સ્વામીજીની પ્રેરણાથી અત્યારે જ્યાં મંદિર છે ત્યાં મેં મારો જન્મદિવસ ઊજવ્યો હતો. હું અને ટી.વી. એશિયા તમારી સાથે છીએ અને આપણે હંમેશાં સાથે રહીશું. *જહાં સારે સમાજ કે લોગ મિલ જાએ, વહ અક્ષરધામ હૈ...* •



**શ્રી ભરતભાઈ પટેલ**
ચેરમેન, આહોઆ, ફ્લોરિડા

આ અક્ષરધામ મહામંદિર ફક્ત હિન્દુ ધર્મ પૂરતું જ નથી, પરંતુ આપણા સાંસ્કૃતિક વારસાનું પણ પ્રતીક છે. ભારતીય મૂલ્યોને આપણી ભવિષ્યની પેઢીઓમાં સિંચન કરવામાં આ સ્થાન અનિવાર્ય ભૂમિકા ભજવશે. •



**સુશ્રી દીપ્તિ વૈદ દેઢિયા**
ન્યાયાધીશ, મ્યુનિસિપલ કોર્ટ, એડિસન

સ્વામિનારાયણ અક્ષરધામ સાથે સંકળાયેલા સમર્પિત લોકોને બિરદાવવા માટે મને ખરેખર કોઈ શબ્દો જ મળતા નથી. અક્ષરધામ એ દિવ્ય સૌંદર્ય, શાંતિ અને પવિત્રતા-નિર્મળતાનું અકલ્પનીય નિરૂપણ છે. તે આપણા મનને અત્યંત શાંતિ અને સુખ પ્રદાન કરે છે. હજુય માની શકાતું નથી કે આપણી નજીકમાં જ એક આવું સ્થાન છે! મારા બાળકો જ્યાં જઈ શકે, બેસી શકે, આ એવું સ્થાન છે, જ્યાં તેઓ પોતાની જાત સાથે શાંતિથી સમય પસાર કરી શકે. તેઓના સારા ઉછેર માટે આથી વધુ સારું સ્થાન હોઈ જ ન શકે. અહીં એવું કશું જ નથી કે જે આત્મીયતાનો અનુભવ ન કરાવે. (મહિલામંચ, તા.૨૧-૯-૨૦૨૩) •

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

### અક્ષરધામ પ્રેરણા આપે છે

# સૌમાં સારું નીરખવાની

આધ્યાત્મિક માર્ગે કે ભૌતિક માર્ગે શાંતિ પામવાનો અને પ્રગતિ કરવાનો એક સરળ ઇલાજ છે – સૌમાં સારું નીરખીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણે બીજાના ગુણ ગ્રહણ કરવા પર વિશેષ ભાર મૂક્યો છે. અક્ષરધામ સૌમાં સારું નીરખવાની પ્રેરણા આપે છે. એટલે જ, તા. ૨૦-૮-૨૦૨૩ના રોજ 'ગુણગ્રહણ' મધ્યવર્તી વિચાર સાથે કાર્યક્રમ યોજાઈ ગયો. ગુણ ગ્રહણ કરવાનો નિર્મલાનંદ સ્વામીનો પ્રસંગ સંવાદના રૂપમાં પ્રસ્તુત કરીને યુવાનોએ સમજાવ્યું કે 'બધામાંથી ગુણ ગ્રહણ કરીએ તો આપણે ગુણથી છલકાઈ જઈએ.' ત્યારપછી થયેલી વિશિષ્ટ રજૂઆતમાં સુહૃદભાવ, સેવા, નિયમ-ધર્મ અને ભક્તિ વિષયક પ્રસંગો રજૂ થયા હતા. શોભિતસ્વરૂપદાસ સ્વામીએ સાઉથ-ઇસ્ટ રિજિયનના તમામ ભક્તોના સામૂહિક ગુણો કહી તેમની વિશેષતાઓ જણાવી હતી. એક આમ્રવૃક્ષના પાંદડે પાંદડે આ રિજિયનના ૧૫૦૦થી વધુ હરિભક્તોનાં નામ અને ગુણ લખ્યાં હતાં. તેના પર ઝૂમી રહેલા 'રાજીપા'રૂપી આમ્રફળમાંથી સ્વામીશ્રીએ રાજીપાના ફળ સ્વરૂપે એક કેરી સ્વીકારીને સ્વામીશ્રીએ પ્રેરણાવચનો કહ્યાં હતાં.

આજની સભામાં ઉપસ્થિત મહાનુભાવો શ્રી કેવિન થોમસ (સ્ટેટ સેનેટર, ન્યૂયોર્ક), શ્રી જોસેફ સિગ્નોરેલો-૩ (મેયર, રોઝેલ પાર્ક બરો, ન્યૂજર્સી), શ્રી અમિતભાઈ દોશી (મેનેજિંગ ડિરેક્ટર અને મેરિડિયન કેપિટલ ગ્રૂપ, ન્યૂયોર્ક), શ્રી શિલ્પનભાઈ પટેલ (વાઇસ પ્રેસિડન્ટ, વિન્ધામ હોટેલ્સ અને રિસોર્ટ્સ), શ્રી નીરજભાઈ કાલાની (ગ્લોબલ હેડ, મોડર્ના કંપની), શ્રી સુનીલભાઈ જૈન (ચેરમેન, ફાઇન એમરલ્ડ ઇન્ક.), શ્રી નવીનભાઈ શાહ (પ્રમુખ અને સીઈઓ, નાવિકા ગ્રૂપ),શ્રી હેમંતભાઈ બ્રહ્મભટ્ટ (પ્રકાશક) વગેરે મહાનુભાવોનું સ્વાગત-સન્માન કરાયું હતું. મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી નવીનભાઈ શાહ**
પ્રમુખ અને સીઈઓ, નાવિકા ગ્રૂપ, ન્યૂયોર્ક

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી રચાયેલું આ સ્વામિનારાયણ અક્ષરધામ આધ્યાત્મિક્તાનું ઊર્જાકેન્દ્ર બનશે, જેને સૌ કોઈ દર્શનાર્થીઓ અનેક દાયકાઓ સુધી અનુભવતા રહેશે. •



**શ્રી શિલ્પનભાઈ પટેલ**
એક્ઝિ. વાઇસ પ્રેસિડન્ટ, વિન્ધામ હોટેલ્સ અને રિસોર્ટ્સ, ન્યૂજર્સી

આજે આનંદ થાય છે કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. તેમનો આ સંકલ્પ સાકાર ન થયો હોત, જો સખત પુરુષાર્થ કરનાર, વફાદાર અને કટિબદ્ધ સ્વયંસેવકોએ પોતાના સમય અને શક્તિનો ભોગ ન આપ્યો હોત. અહીં સેવા ફક્ત બાંધકામ પૂરતી જ સીમિત નથી, પરંતુ એમાં રસોઈ બનાવનારથી લઈને પાર્કિંગ અને મહાનુભાવોને સમગ્ર પરિસરનો પરિચય કરાવનાર સ્વયંસેવકોનો તેમાં સમાવેશ થાય છે. અહીં ગુરુએ સૌમાં કોઈ પણ પ્રકારની અપેક્ષા વિનાની સેવા કરવાનો એક જબરદસ્ત માર્ગ ચીંધ્યો છે, જે મને તેમજ અહીં આવનાર દરેકને સૌથી વધુ પ્રભાવિત કરે છે. •



**શ્રી નીરજભાઈ કાલાની**
ગ્લોબલ હેડ, મોડર્ના, મેસેચ્યૂસેટ્સ, યુ.એસ.એ.

આજે પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મહંત સ્વામી મહારાજના પ્રેરણા બળથી આ અક્ષરધામનું સર્જન કરવામાં પોતાના નોકરી-ધંધાનું સમર્પણ કરીને સ્વયંસેવકોએ સખત પુરુષાર્થ કર્યો છે અને મહાન સેવા કરી છે. સ્વયંસેવકોએ આ બધું જ બીજા માટે કર્યું છે. આ સેવાને જો એક જ શબ્દમાં વર્ણવવી હોય તો એને આંતરિક બદલાવ કહી શકાય. આ સેવાકાર્યથી બનેલું અક્ષરધામ આપણી આવનારી પેઢીઓની ઉન્નતિ કરતું રહેશે અને આપણા પછી આવનાર લાખો લોકો તેનું સ્મરણ કરતા રહેશે. •



**શ્રી કેવિન થોમસ**
સ્ટેટ સેનેટર, ન્યૂયોર્ક

જે જગ્યાએ સ્વામિનારાયણ અક્ષરધામનું બાંધકામ થઈ રહ્યું છે તે જોતાં હું ખૂબ જ રોમાંચિત થયો. મને અપાર ગર્વ થયો તેનું કારણ - આપણે ભારત બહાર વિશ્વનું સૌથી મોટું હિન્દુ મંદિર અહીં બનાવી રહ્યા છીએ. મંદિરના પરિસરમાંથી પસાર થતાં જ મને સંવાદિતાનો દિવ્ય અનુભવ થયો. •



**શ્રી જોસેફ સિગ્નોરેલો-૩**
મેયર, રોઝેલ પાર્ક બરો, ન્યૂજર્સી

અહીં સ્વામિનારાયણ અક્ષરધામમાં પ્રવેશતાં જ મને પ્રેમની, સત્કારની, કરુણાની અને પરિવારની ભાવનાનો અનુભવ થયો છે. •



**સુશ્રી ડેબોરાહ બ્લેકલીસ**
પ્રમુખ, રોબિન્સવિલ ટાઉનશિપ કાઉન્સિલ

સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણની પાછળ આપણો હેતુ ઋણ અદા કરવાનો છે. અહીં રોબિન્સવિલમાં ઘણી વિવિધતા છે, જે ખૂબ જ અદ્‌ભુત છે અને મને લાગે છે કે જ્યારે આપણે એક સમુદાય તરીકે સાથે આવીએ છીએ ત્યારે આપણે એકબીજા પાસેથી શીખીએ છીએ, આપણે એકબીજાને સમજીએ છીએ અને એકબીજાના કાર્યમાં વધુ સહાયક બનીએ છીએ. આવી રીતે કાર્ય કરવા બદલ હું તમારો આભાર માનું છું.
રક્તની ઉપયોગિતા અને રક્તદાન કેવી રીતે અન્યનું જીવન બચાવી શકે છે તે વિષે આપણે હંમેશા સાંભળીએ છીએ, પરંતુ અહીં અક્ષરધામમાં થયેલા રક્તદાનનું કાર્ય અસાધારણ છે. તેનાથી ઘણા લોકોને મદદ મળશે. (મહિલામંચ, તા. ૧૯-૮-૨૦૨૩) •

અક્ષરધામ પ્રેરણા આપે છે

# ઘરને મંગલ બનાવવાની

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સમાજને પારિવારિક શાંતિ માટે આપેલું અમોઘ વરદાન એટલે ઘરસભા. તેઓએ કહ્યું કે 'ઘરસભા એ ઘરની શોભા છે.' ઘરસભા દ્વારા સ્વામીશ્રીએ અનેક ઘરો મંગલ બનાવ્યાં છે. નિત્ય ઘરસભા કરવાથી અસંખ્ય પરિવારોમાં સુખદ પરિણામો આવ્યાં છે. અક્ષરધામ એવી ઘરસભાની પ્રેરણા આપે છે.

એટલે જ તા. ૨૪-૮-૨૦૨૩ના રોજ 'ઘરસભા'ની વિશેષ પ્રેરણા આપતી સભા યોજાઈ હતી. સ્કિટ દ્વારા ઘરસભાનો મહિમા રજૂ થયો કે ઘરસભાથી પ્રમુખસ્વામી મહારાજે સૌનાં મકાનોને સુવિધાજનકમાંથી કેવી રીતે સુંદર અને સુસંસ્કારી બનાવ્યાં છે. ઘરસભા કરવાથી જેમને જેમને ફાયદા થયા હતા તેમણે સ્વાનુભૂતિના પ્રસંગો વર્ણવ્યા હતા. સભામાં હરિભક્તો દ્વારા પુછાયેલા પ્રશ્નોના ઉત્તરરૂપે પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઘરસભાનો મહિમા જણાવી કહ્યું, 'આજ્ઞાથી ઘરસભા કરો તો ઘરસભામાં ભગવાન સાક્ષાત્ પધારે છે.' અંતે પરિવારની ભાવના દૃઢાવવા સ્વામીશ્રી, સંતો અને સમગ્ર સભાસમુદાયે હાથમાં હાથ પરોવી માનવસાંકળ રચી એકતા દર્શાવી હતી. આજની સભામાં ઉપસ્થિત રહેલા મહાનુભાવો શ્રી ચાર્લી ટોમારો (મિડલસેક્સ કાઉન્ટી કમિશનર), શ્રી અમરીશભાઈ ભીમાણી, (અધ્યક્ષ, લેજિસ્લેટિવ કમિટી, NJAMDSC એડલ્ટ મેડિકલ ડે સર્વિસીસ કોએલિશન, ન્યૂજર્સી), શ્રી શ્રેયસભાઈ ધોળકિયા (ઉદ્યોગપતિ, શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ), શ્રી લેન સેન્ડેલસ્કી (ચેરમેન, થોમસ એડિસન સેન્ટર, મેનલો પાર્ક), શ્રી માઇકલ કોલ્વા (અધ્યક્ષ, એડિસન ટાઉનશિપ ઝોનિંગ બોર્ડ), શ્રી દેવેન્દ્રભાઈ દવે (બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ, એડિસન ટાઉનશિપ), શ્રી આશિષભાઈ શાહ (પ્રમુખ અને સીઈઓ, ક્વાજેન ફાર્મા), શ્રી નીલેશભાઈ પટેલ (માલિક, એડલ્ટ ડે કેર સેન્ટર), શ્રી ડો. રૂપેનભાઈ ત્રિખા (નેત્ર ચિકિત્સક) વગેરે મહાનુભાવોએ અનુભૂતિઓ વર્ણવી હતી.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી શ્રેયસભાઈ ધોળકિયા**
ઉદ્યોગપતિ, શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ, મુંબઈ

આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત ઘરસભાનો મહિમા સમજાય છે. ઘરસભાનો અર્થ છે ઘરમાં સહયોગી નિર્ણયો લેવામાં આવે અને ઘરમાં બધા ભેગાં થાય. હું અને મારો પરિવાર અને મારા પિતા સાથે મળીને અમે જે કંઈપણ કરી શક્યા છીએ, તે બધું ભગવાન સ્વામિનારાયણનાં આશીર્વાદ અને પારિવારિક મૂલ્યોને કારણે છે. અમે અમારા પરિવારને ખૂબ મહત્ત્વ આપીએ છીએ. અમે થોડાં વર્ષોથી દરરોજ ઘરસભા કરીએ છીએ. ઘરસભા હશે તો ઓટોમેટિક પવિત્ર વાતાવરણ મળી જશે. ઘરસભા આપણા પરિવારને એક રાખે છે. પરિવાર-ભાવનાથી શક્તિ મળે છે. •



**સુશ્રી સુમિત્રા કાર્તિકેયન્**
CIB સ્ટ્રેટેજીના વૈશ્વિક વડા, જેપી મોર્ગન ચેઝ, ન્યૂયોર્ક

હજારો લોકો વચ્ચે આ વિશાળ અને ભવ્ય અક્ષરધામમાં અંદર પ્રવેશતાં જ તમે એ વિશાળતામાં એકરૂપ થઈ જાઓ એવો અનુભવ થાય છે. આ બધાં વર્ષોમાં મારા માટે જે ખૂબ જ પ્રભાવશાળી રહ્યું છે અને જે મેં આજે સ્વયં અનુભવ્યું તે એ છે કે કોઈ કોઈપણ માનવ નાનો કે મોટો, સમર્થ કે દુર્બળ નથી. દરેક સમાન છે, પરંતુ જ્યારે સંપ હોય ત્યારે શક્તિ વધે છે. આજે ઘણા બધા સ્વયંસેવકોએ પોતાની સેવાના અનુભવો વિષે વાત કરી કે ઘણીવાર એવું લાગે કે આપણે કંઈ કરવા માટે સક્ષમ નથી, પરંતુ અહીં આવા સમાન અનુભવોમાંથી પસાર થઈ રહેલા ઘણા બધા લોકોએ સંપીને કાર્ય કર્યું અને તેમાં પ્રગટતી શક્તિ અને નમ્રતાનો અનુભવ કર્યો છે. (મહિલામંચ, તા. ૧૬-૯-૨૦૨૩) •



**શ્રી ચાર્લી ટોમારો**
મિડલસેક્સ કાઉન્ટી કમિશનર, ન્યૂજર્સી

જો તમે અહીં ભગવાનનું સાંનિધ્ય અનુભવી શકતા નથી તો તમે ક્યારેય આવું ભગવાનનું સાંનિધ્ય અનુભવી નહીં શકો. મેં આજે અહીં જે જોયું તેનું વર્ણન કરવા મારી પાસે પૂરતા શબ્દો-વિશેષણો નથી. •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# કૃતજ્ઞતા અને સ્મૃતિની

અમેરિકા ખાતે અક્ષરધામના પ્રેરણામૂર્તિ અને મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતી અને તેઓની સ્મૃતિ કરાવતી સભા તેઓની અંતર્ધાન તિથિએ યોજાઈ હતી. સ્વામીશ્રીએ અસંખ્ય લોકસેવાનાં કાર્યો કરીને અસંખ્ય લોકોને પવિત્ર પ્રેરણાઓથી છલકાવી દીધા હતા. તેઓના ધામગમનને સાત-સાત વર્ષનો સમય વીતી ગયો હોવા છતાં પણ એક દિવસ એવો નથી ગયો કે તેઓની સ્મૃતિ ન થાય. તેઓનું દિવ્ય જીવન, તેમની પરાભક્તિ, ગુરુભક્તિ, આર્ષદૃષ્ટિ, અસીમ સાધુતા, દિવ્ય ગુણો, તેમનું નિઃસ્વાર્થ વાત્સલ્ય, તેમણે કરેલો પ્રચંડ પુરુષાર્થ ક્યારેય ભૂલી શકાય એમ નથી. એટલે જ ‘ગુરુજી નહીં ભૂલું તમને...’ આ મધ્યવર્તી વિચારને કેન્દ્રમાં રાખીને તા. ૨૫-૮-૨૦૨૩ના રોજ યોજાયેલી સભામાં સ્વામીશ્રીનું નિઃસ્વાર્થ વાત્સલ્ય મેળવનાર સંતોએ પ્રમુખસ્વામી મહારાજના સ્વાનુભવના પ્રસંગો વર્ણવ્યા હતા. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રમુખસ્વામી મહારાજના સદ્‌ગુણોની ઝાંખી કરાવી હતી. મહંત સ્વામી મહારાજે કહ્યું, ‘પ્રમુખસ્વામી મહારાજે શાસ્ત્રીજી મહારાજ સમક્ષ પ્રતિજ્ઞા લીધી હતી તેનાથી અનેકગણું બધું પાર પાડ્યું છે. તેઓ સાચા અર્થમાં અસલી સાધુ હતા.’ સાઉથ-ઇસ્ટ રિજિયનના યુવાનોએ ‘હે ગુરુજી નહીં ભૂલું તમને...’ કીર્તન પર નૃત્ય કરીને ગુરુવંદના કરી હતી. મહાનુભાવોએ શબ્દસુમનથી પ્રમુખસ્વામી મહારાજને ભાવઅંજલિ અર્પી હતી. આજની સભામાં શ્રી કમલેશભાઈ મહેતા (સાઉથ એશિયન ટાઇમ્સ), શ્રી વિજય મણિ (સીઈઓ, Covey), શ્રી દિગ્વિજય ગાયકવાડ (સીઈઓ, ડેની ગાયકવાડ ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ), શ્રી સુભાષભાઈ પટેલ (સીઈઓ, નેટસન હોટેલ ગ્રૂપ), શ્રી સાશા ઓસ્તાશ્કો (એડિટર, યુક્રેન), શ્રી જસવિંદરસિંઘ અને શ્રી દીપકભાઈ ભારદ્વાજ (અપના બજાર) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી કમલેશભાઈ મહેતા**
સ્થાપક, સાઉથ એશિયન ટાઇમ્સ, યુ.એસ.એ.

પૂજ્ય મહંત સ્વામી મહારાજની પણ મારા પર પ્રમુખસ્વામી મહારાજ જેવી જ અસર છે. તેઓ પ્રમુખસ્વામીજી મહારાજનું સાચું પ્રતિબિંબ છે. હું બંને વચ્ચેની દિવ્યતામાં કોઈ ભેદ અનુભવતો નથી. તેઓનું આ સાતત્ય નોંધપાત્ર છે. મને અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવાનો મોકો મળ્યો, એ સ્મરણીય અનુભવો હું ક્યારેય નહીં ભૂલી શકું!

મારા પ્રકાશન સાઉથ એશિયન ટાઈમ્સને સર્વોત્તમ આશીર્વાદ ત્યારે પ્રાપ્ત થયા જ્યારે ૨૦૧૪માં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને સાઉથ એશિયન ટાઈમ્સમાં ‘Person of the Year’ તરીકે સન્માનવામાં આવ્યા. એ અખબારની એક પ્રત લઈને હું પ્રમુખસ્વામી મહારાજ પાસે ગયો એ મારા જીવનકાળની એક ચિરંતર સ્મૃતિ બની રહી છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજની પણ એવી જ પ્રતિભા છે. એમનામાં મને પ્રમુખસ્વામી મહારાજનાં જ દર્શન થાય છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય નિશ્રામાં બી.એ.પી.એસ. સંસ્થા સમગ્ર દુનિયામાં સનાતન હિન્દુ સંસ્કૃતિનાં મૂલ્યો દૃઢાવતી રહેશે અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પો પૂર્ણ કરતી રહેશે.’ •



**શ્રી દિગ્વિજય ‘ડેની’ ગાયકવાડ**
સીઈઓ, ડેની ગાયકવાડ ડેવલપમેન્ટ અને ઇન્વે., યુ.એસ.એ

જ્યારે પ્રમુખસ્વામી મહારાજ અને રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન ગાંધીનગર ખાતે અક્ષરધામનાં પગથિયાં ઊતરતા હતા ત્યારે હું બરાબર એમની પાછળ હતો. સ્વામીશ્રી ગુજરાતીમાં બોલતા હતા અને રાષ્ટ્રપતિ અંગ્રેજીમાં. છતાં પણ આ બંને સંપૂર્ણપણે સંવાદ કરી રહ્યા હતા. આવું ત્યારે જ બની શકે જ્યારે તમે ભગવાનની સમીપે હો અથવા ભગવાન હો. હું આશ્ચર્યચકિત થઈ ગયો હતો. આવા દિવ્ય પુરુષને મારા સો પ્રણામ છે. મારું સદ્‌ભાગ્ય છે કે હું અહીં આવીને મારી લાગણી વ્યક્ત કરી શક્યો છું. •

**આ અક્ષરધામ ખરેખર એક ચમત્કારી સ્થળ છે. આજે જ્યારે હું આ મહામંદિરમાં પ્રવેશી ત્યારે મારામાં કોઈ પવિત્ર દિવ્ય શક્તિનો સંચાર થયો હોય એવું મેં અનુભવ્યું. આ અક્ષરધામ, એક રીતે આપણું બીજું શાશ્વત ઘર છે.**

**– સ્વયમ્ ‘સ્વે’ ભાટિયા**
(મહિલામંચ, તા. ૨-૯-૨૦૨૩)



**શ્રી વેઈન પી. ડી’એન્જેલો**
એસેમ્બલીમેન, ન્યૂજર્સી

મને અહીં સ્વામિનારાયણ અક્ષરધામમાં આવવાની તક આપવા બદલ અને આ પરિસરના નિર્માણના સાક્ષી બનાવવા બદલ આપનો આભાર. આપના સંપ્રદાયની ઉદારતા બદલ આભાર અને અમારા સમાજમાં એ મૂલ્યોને આગળ પ્રસરાવવા બદલ આભાર. તમારા પ્રયત્નો બદલ હું ભગવાન સ્વામિનારાયણ અને હરિભક્તોની પ્રશંસા કરું છું કે એમની જેમ સારું જીવન જિવાય, સુશિક્ષિત થવાય અને સમાજને કંઈક યોગદાન આપી શકાય. (તા. ૭-૯-૨૦૨૩) •



**શ્રી સુભાષભાઈ પટેલ**
સીઈઓ, નેટસન હોટેલ ગ્રૂપ, યુ.એસ.એ.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માટે દિવ્યતાની એક સાક્ષાત્ અનુભૂતિ સમાન હતા. તેઓ મહાન પરોપકારી અને પૂજનીય સંત હતા. મારા જીવનમાં જે કાંઈ પ્રગતિ થઈ છે તે ભગવાનના આશીર્વાદ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામીની પ્રેરણાથી થઈ છે. તેમના જીવન દ્વારા હું હંમેશાં મારા પુત્રને શિસ્તમાં રહેવાની પ્રેરણા આપું છું. •

અક્ષરધામ પ્રેરણા આપે છે

# દિવ્ય રક્ષાકવચ પામવાની

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

માનવમાત્ર કે જીવ પ્રાણી માત્ર કોઈ ને કોઈ ભયથી ગ્રસ્ત હોય છે. આ ભયથી નિર્ભયતા પામવા માટે પરમાત્માનો દૃઢ આશ્રય શ્રેષ્ઠ માર્ગ છે. સ્વામિનારાયણ અક્ષરધામ પરમાત્માનો આ દૃઢ આશ્રય કરીને તેમનું દિવ્ય રક્ષા-કવચ પામવાની પ્રેરણા આપે છે. યોગાનુયોગ એટલે 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે આવતો રક્ષાબંધનનો ઉત્સવ એવી વિશિષ્ટ પ્રેરણા સાથે ઊજવાઈ ગયો. તા. ૩૦-૮-૨૦૨૩, રક્ષાબંધનના પવિત્ર દિને બાળકો-યુવકોએ સિમ્ફની દ્વારા આ ઉત્સવ કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. વિવિધ લઘુસંવાદો, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીનાં પ્રેરક ઉદ્‌બોધનો વચ્ચે વરિષ્ઠ સંતોએ સ્વામીશ્રીના હાથે રક્ષાસૂત્ર બાંધી-બંધાવી સૌની સર્વપ્રકારે રક્ષા થાય તેવા શુભાશિષ મેળવ્યા હતા. સંગીતજ્ઞ સંતોએ 'સ્વામીબાપા અમારી તમે રક્ષા કરો...' કીર્તનનું ગાન કર્યું હતું. તમામ હરિભક્તો માટેનાં રક્ષાસૂત્રો પ્રસાદીનાં કરી સ્વામીશ્રીએ સૌની રક્ષા થાય અને સૌનું ભગવત્પરાયણ જીવન બને તેવા અંતરના આશિષ પાઠવ્યા. બાળકો-યુવકો-સંતોએ કરબદ્ધ વિવિધ પ્રાર્થનાઓ કરીને સ્વામીશ્રીના આશિષ મેળવ્યા હતા. અંતમાં યુવાવૃંદે ઉમંગભર્યું ભક્તિનૃત્ય કર્યું હતું.

આજની સભામાં ઉપસ્થિત મહાનુભાવો શ્રી માર્ક સિટ્રોન (લિગલ નિષ્ણાત, સાઉલ ઇવિંગ, ન્યૂયોર્ક), શ્રી સ્વામી કોચરલાકોટા (વાઈસ પ્રેસિડન્ટ અને ચીફ ઇન્ફોર્મેશન ઓફિસર, S&P ગ્લોબલ), શ્રી ડૉ. જતીન પી. શાહ (કેન્સર સર્જન, MSK), શ્રી રૂપેનભાઈ કે. પટેલ (સીઈઓ, એક્યુરેટ ડાયગ્નોસ્ટિક લેબ્સ), શ્રી રાજીવભાઈ ભામ્બરી (સીઈઓ, ન્યૂ ઇન્ડિયા એબ્રોડ), શ્રી પ્રદીપભાઈ કોઠારી (પ્રમુખ, ફ્લીટ ઇન્શ્યોરન્સ), શ્રી સમીરભાઈ વોરા (સીઈઓ, ENAM એસેટ મેનેજમેન્ટ) વગેરે મહાનુભાવોએ અવસરને શોભાવ્યો હતો.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્ગારો



**શ્રી સ્વામી કોચરલાકોટા**
વાઈસ પ્રેસિડન્ટ, S&P ગ્લોબલ, ન્યૂયોર્ક

હું છેલ્લાં ૩૪ વર્ષથી આ દેશમાં છું અને ઘણા કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સ જોઈ શક્યો છું, પરંતુ આજે મેં જે આ સ્વામિનારાયણ અક્ષરધામ જોયું છે અને જે અહીં સ્વયંસેવકોએ સમર્પણભાવથી તેને જે રીતે શક્ય બનાવ્યું છે, તેવું મારા જીવનકાળમાં મેં ક્યારેય જોયું નથી. આ એક મહાન ઉદાહરણ છે. તમે સૌ ભક્તોએ ભેગા થઈને પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પને સાર્થક કર્યો. આવું કાર્ય કરવા માટે દિવ્ય શક્તિની જરૂર પડે. આજે મંદિરમાં મેં ફક્ત ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદ જ નથી મેળવ્યા, પણ સ્વયંસેવકોની દૃઢતા પણ જોઈ, જેમાં તેમની શાંતિ અને ઉત્સાહ આ અક્ષરધામના નિર્માણમાં ખૂબ જ મહત્ત્વના રહ્યાં છે. •



**શ્રી માર્ક સિટ્રોન**
લિગલ નિષ્ણાત, સાઉલ ઇવિંગ, ન્યૂયોર્ક

પ્રમુખસ્વામી મહારાજે આપણને બધાને વૈશ્વિક સદ્ગુણો શીખવ્યા છેઃ શાંતિ, એકતા, સત્ય, કરુણા, ક્ષમા, સંતોષ, સહનશીલતા, હિંમત, શ્રદ્ધા અને નમ્રતા વગેરે. મહંત સ્વામી મહારાજે આ જ સંદેશને આગળ વધાર્યો છે. આજે જ્યારે હું અહીં અક્ષરધામમાં ઊભો છું ત્યારે આપણા વૈદિક શાંતિમંત્રની ધ્રુવપંક્તિ સાંભળી શકું છુંઃ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ - મન, શરીર અને વાતાવરણની શાંતિ. હું ખૂબ નસીબદાર છું કે આ ભવ્ય અક્ષરધામના પાયાનો પથ્થર મને પણ મૂકવાની તક મળી છે. જ્યારથી હું પ્રમુખસ્વામી મહારાજને મળ્યો છું, ત્યારથી મેં એમના આ સંદેશને જીવનમાં ઉતારવાનો પ્રામાણિક પ્રયત્ન કર્યો છેઃ 'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ'. •



**શ્રી ડૉ. જતીન પી. શાહ**
કેન્સર સર્જન, MSK, ન્યૂયોર્ક

આજની મારી આ અક્ષરધામની દર્શનયાત્રા મને ખૂબ આશ્ચર્ય ઉપજાવનારી રહી છે. આ અક્ષરધામ તે એક નિદર્શન છે – ભક્તિનું, કટિબદ્ધતાનું, સમર્પણભાવનું અને તમારી દૃઢ શ્રદ્ધાનું. •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

### અક્ષરધામ પ્રેરણા આપે છે

# બાળકોને સંસ્કારવાની

સન ૧૯૫૪માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે શરૂ કરેલી બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિને જગતભરમાં વિસ્તારીને પ્રમુખ સ્વામી મહારાજે લાખો બાળકોને સંસ્કાર તેમજ સર્વાંગી વિકાસના પાઠ શીખવ્યા છે. અમેરિકામાં ઊછરતી નવી પેઢીમાં ભારતીય આધ્યાત્મિક મૂલ્યો, પરંપરાઓ અને આદર્શોની જાળવણી માટે અક્ષરધામનું નિર્માણ કરીને તેઓએ પૂર્વ અને પશ્ચિમ વચ્ચે જાણે એક સેતુ રચી આપ્યો છે. બાળસંસ્કારની આ પ્રવૃત્તિને અક્ષરધામ ઉત્તેજન આપે છે. એટલે જ 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે બાળસંસ્કારની પ્રેરણા આપતો 'બાળદિન' તા. ૨-૯-૨૦૨૩ના રોજ ઉજવાઈ ગયો. આજે નોર્થ અમેરિકાના વિવિધ સેન્ટરોમાંથી પણ બાળવૃંદો વર્ચ્યુઅલ રીતે જોડાયાં હતાં. ઉપમંચ પર બાળવૃંદે 'અક્ષરધામના બાળક અમે...' વિષયક શાનદાર કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. આકર્ષક સજાવટ વચ્ચે બાળકોએ ઓગ્મેન્ટેડ રિયાલિટી અને ડિજિટલ ઉપકરણોના વિનિયોગ સાથે પ્રેરણાસભર સંવાદ પ્રસ્તુત કર્યો હતો. બાળકોને બાળવયથી સત્પુરુષ સાથે સ્નેહ બંધાય તો સહેજે સંસ્કારોની ગંગા વહે છે. એ હેતુ સાથે આજે સત્પુરુષ સાથે જોડાણના ત્રણ ઉપાયોની રજૂઆત થઈ હતીઃ પ્રાર્થના, આજ્ઞાપાલન અને સ્મૃતિ. પ્રણવમુનિદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ બાળકોએ સ્વામીશ્રીને પ્રશ્નો પૂછ્યા અને સ્વામીશ્રીએ વિવિધ ગિફ્ટ સ્વરૂપે ઉત્તરો આપ્યા. અંતે સ્વામીશ્રીએ તેજોમય અક્ષરધામની ભેટ સૌ બાળકોને ગિફ્ટ તરીકે આપી તે દૃશ્ય ખરેખર! સૌ માટે અવિસ્મરણીય બની ગયું હતું. આજે શ્રી મેથ્યુ મોંક (મેયર, બ્રિજવોટર), શ્રી અનિલ બંસલ (ફર્સ્ટ નેશનલ રિયલ્ટી મેનેજમેન્ટ), શ્રી અશોક કોટેચા (ટર્નર એસોસિયેટેડ, દુબઈ), શ્રી એપેન મેનન (ઈન્ડિયન અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ), શ્રી મહેશ ગાંધી (પાવરપ્લાન્ટ સર્વિસીસ) વગેરેનું સ્વાગત સંતોએ કર્યું હતું.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી મેથ્યુ મૉંક**
મેયર, બ્રિજવૉટર ટાઉનશિપ

આપણે અહીં સ્વામિનારાયણ અક્ષરધામમાં જે કાંઈપણ નિહાળીએ છીએ અને નિર્માણ થતું જોઈએ છીએ તેનાથી પ્રેરિત થયા વગર રહી જ ન શકીએ.
માત્ર પ્રેરણા મળે તેટલું જ નહીં, પરંતુ અહીંની દરેક બાબતમાં ભગવાનનું કર્તૃત્વ જોઈ શકાય છે. અને મારા માટે અધિક પ્રેરણાદાયી હકીકત એ છે કે તમારી પાસે ઘણા બધા સ્વયંસેવકો છે, જેઓ પોતાનું ઘણું બધું સમર્પિત કરી રહ્યા છે - એક એવા સુંદર અને દિવ્ય નિર્માણ માટે, જે આપણી પેઢીઓ સુધી પ્રેરણા આપતું રહેશે. •



**સુશ્રી તાન્યા લેહમેન**
પ્રમુખ, રોબિન્સવિલ સ્કૂલબોર્ડ

સર્વપ્રથમ મારે એ કહેવું છે કે આ અક્ષરધામ ખૂબ જ અદ્‌ભુત છે. હું ખૂબ જ પ્રેરિત થઈ છું તમારા સમર્પણભાવથી અને તમારા પ્રયાસોથી, જેથી આ પૃથ્વી યુવા લોકો માટે વધુ સારી બને અને એમનું સમાજ સાથેનું જોડાણ ખૂબ વધે. મને આવા અપ્રતિમ ભક્તિના સ્થાનમાં આવકારવા બદલ ખૂબ આભાર. હું ખુશનસીબ છું કે મને તમારા કાર્યની શક્તિનો પરિચય થયો, ભારતીય સંસ્કૃતિની સુંદરતા જોવા મળી અને આવા ચમત્કારી સ્થાપત્યની પાછળ આપ સૌનો પુરુષાર્થ જોવા મળ્યો એ બદલ આભાર. (મહિલામંચ) •



**સુશ્રી ડૉ. મનીન્દર અબ્રાહમ**
મેડિસિન ઇન ચીફ, RWJ બાર્નાબાસ હેલ્થ, ન્યૂજર્સી

સ્વામિનારાયણ અક્ષરધામની મારી આ પ્રથમ મુલાકાત છે. તેનાથી હું સંપૂર્ણ રીતે અહોભાવમાં છું, ખરેખર અત્યંત અભિભૂત થઈ છું.
અહીં ખૂબ જ સુંદર પરિસર, ખૂબ જ મનોહર મંદિર છે.
પરંતુ મારી દૃષ્ટિએ કહું તો, સૌથી વધારે અગત્યનું જો અહીં કશું પણ હોય તો તે આ બધા સ્વયંસેવકો છે અને એમણે કરેલી તમામ નિઃસ્વાર્થ સેવાઓ છે, જે ખરેખર ખૂબ પ્રેરણાદાયી, ઉત્સાહ જગાવનારી, સાચા અર્થમાં અસાધારણ અને ખરેખર બેનમૂન છે.
(મહિલામંચ) •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# સમજણથી સુખી થવાની

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહેતા: ‘સમજણથી શાંતિ મળે છે. સમજણ એ સુખનો પાયો છે.’ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ પોતાના ઉપદેશમાં કહ્યું છે, ‘જો સાચી સમજણ આવી જાય તો સુખ અંદરથી જ મળી આવશે.’

માનવજાતને સમજણથી સુખ મેળવવાની આધ્યાત્મિક રીત સનાતન હિન્દુ ધર્મ યુગોથી શીખવી રહ્યો છે. નરસિંહ, મીરાં, તુલસીદાસ, તુકારામ, જનક રાજા, ભક્ત પ્રહ્લાદ, ધ્રુવ કે ભગવાન સ્વામિનારાયણના મહાન પરમહંસો અને ભક્તો અનેક ભૌતિક ઉપાધિઓ વચ્ચે પણ સમજણથી સાચું સુખ પામ્યા છે. સ્વામિનારાયણ અક્ષરધામ એ જ કેળવણી આપે છે: સમજણથી સુખી થવાની કેળવણી. એટલે જ ‘ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન’ના ઉપક્રમે સમજણની પ્રેરણા આપતો ‘સમજણ દિન’ તા. ૩-૯-૨૦૨૩ના રોજ ઊજવાયો હતો. ‘સમજણથી સુખ પામશે...’ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભામાં મુખ્યત્વે હરિભક્તોએ વિકટ પરિસ્થિતિમાં કેવી અદ્‌ભુત સમજણ રાખી હતી તેની સુંદર પ્રસ્તુતિ થઈ હતી. જેમાં, આર્થિક વિપત્તિઓમાં સમજણ, શારીરિક વિપત્તિઓમાં સમજણ અને મૃત્યુ વેળાની વિપત્તિઓમાં હરિભક્તોએ રાખેલી સમજણના પ્રસંગો ભાવવાહી અને પ્રેરણાદાયી રીતે પ્રસ્તુત થયા હતા. સંસ્થાના વિદ્વાન સંતો અક્ષરવત્સલદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનોમાં સમજણ રાખી સુખ પામવાની ચાવી બતાવી હતી. આજે મિડવેસ્ટ રિજિયનના હરિભક્તોની વિશેષતાઓ અને સેવા-સમર્પણના પ્રસંગો રજૂ થયા હતા. સ્વામીશ્રીએ સૌને સમજણ દૃઢાવતાં આશીર્વચન આપ્યાં હતાં. હજારો હરિભક્તોએ ‘સમજણ’ સભાનો લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી.



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# પ્રભુ અવતારોને વંદવાની

સનાતન હિન્દુ ધર્મની પાયાની માન્યતાઓમાં એક મહત્ત્વની માન્યતા એટલે અવતારવાદ. સમયે સમયે ધર્મની રક્ષા કરવા માટે અને પોતાના પ્રેમી ભક્તોને લાડ લડાવવા માટે ભગવાનના અવતાર પૃથ્વી પર પ્રગટ થતા રહે છે. ભગવાનના આ અવતારોની આરાધના કરવાની પ્રેરણા આપે છે, અક્ષરધામ. એટલે જ 'ફેસ્ટિવલ ઓફ ઈન્સ્પિરેશન'ના ઉપક્રમે પ્રભુના અવતારોને આરાધવાની પ્રેરણા આપતો જન્માષ્ટમી ઉત્સવ ઊજવાઈ ગયો. નિત્ય નવીન પરંપરાઓ સાથે ઊજવાતો આ ઉત્સવ સૌમાં ભક્તિનું અનેરું માહાત્મ્ય જન્માવે છે. તા. ૭-૯-૨૦૨૩ના રોજ ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવતા આ વિશિષ્ટ કાર્યક્રમમાં ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય વ્યક્તિત્વને ઉજાગર કરતાં સંતોનાં પ્રવચન અને પ્રેરક પ્રસ્તુતિઓ થયાં હતાં. 'એકડા વિનાનાં મીંડાં' સંવાદ દ્વારા સંદેશ અપાયો કે 'ભગવાન એકડો છે ને બાકી બધું મીંડાં!' સંવાદ બાદ યુવાવૃંદે 'ગોવિંદા આલા રે આલા...' કીર્તન પર ઉમંગભર્યું નૃત્ય કરી ગોકુળનું વાતાવરણ ખડું કરી દીધું હતું. શ્રીકૃષ્ણ-જન્મને વધાવતાં સ્વામીશ્રીએ સુવર્ણરસિત પારણામાં પધરાવેલા શ્રીકૃષ્ણ ભગવાન તેમજ અક્ષરપુરુષોત્તમ મહારાજની સ્નેહપૂર્વક આરતી ઉતારી. આરતી બાદ કૃષ્ણ જન્મોત્સવનાં કીર્તનોની રમઝટ વચ્ચે શ્રીકૃષ્ણને અને અક્ષરપુરુષોત્તમ મહારાજને પ્રેમે પારણે ઝુલાવ્યા હતા. સદ્‌ગુરુ સંતોએ પણ ભગવાનને પારણે ઝુલાવી ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું.

આજની સભામાં ઉપસ્થિત મહાનુભાવો શ્રી વેઈન પી. ડી'એન્જેલો (એસેમ્બલીમેન, ન્યૂજર્સી), હરિ એપ્પનાપલ્લી (ચેરમેન, CIC ગ્રૂપ; એમ.ડી., ELYSIUM વેન્ચર્સ), એન્ડ્રૂ ડીન્સમોર (સમાજસેવક, ડેલવેર) વગેરેનું સંતોએ હારતોરા વડે અભિવાદન કર્યું હતું. શ્રી વેઈન પી. ડી'એન્જેલોએ પ્રાસંગિક સંબોધનમાં અક્ષરધામનો મહિમા કહ્યો હતો.



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# ગુરુ-પ્રસન્નતા પામવાની

સનાતન હિન્દુ ધર્મ ગુરુનો અપરંપાર મહિમા કહે છે. સનાતન શાસ્ત્રો કહે છેઃ ગુરુની પ્રસન્નતા એ જ આધ્યાત્મિકતાની ગુરુચાવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આવા મહાન ગુણાતીત ગુરુના રાજીપા માટે વચનામૃતમાં ઉત્તમ પ્રેરણા આપી છે. તેમના અનુગામી ગુણાતીત ગુરુઓએ એવા ભક્તો પર અત્યંત રાજી થઈને વાત્સલ્યના મેઘ વરસાવ્યા છે. અક્ષરધામ ગુરુની એવી પ્રસન્નતા પામવાનો રાજમાર્ગ ચીંધે છે. એટલે જ ‘ફેસ્ટિવલ ઓફ ઈન્સ્પિરેશન’ના ઉપક્રમે ભગવાન અને ગુણાતીત ગુરુનો રાજીપો મેળવવાની પ્રેરણા આપતો કાર્યક્રમ તા. ૧૫-૯-૨૦૨૩ના યોજાઈ ગયો હતો. બાળકોએ ગુરુહરિના રાજીપા અંગે સુંદર પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ વરિષ્ઠ સંતો સાથે થયેલી ગોષ્ઠિનો સૂર હતો – ગુરુની આજ્ઞા અને નિયમ-ધર્મ સારધાર પાળીએ, પ્રાપ્તિનો વિચાર નિરંતર કરીએ, આશરો દૃઢ રાખીને સંપથી સત્સંગ કરીએ તો ગુરુહરિનો અવશ્ય રાજીપો પ્રાપ્ત થાય છે. ગુરુહરિના રાજીપા માટે કઠિન સંજોગોમાં પણ નિયમ-ધર્મમાં અડગ રહેનાર હરિભક્તોના પ્રેરક પ્રસંગો રજૂ થયા હતા. સ્વામીશ્રીએ આ હરિભક્તો પર આશીર્વાદ વરસાવી રાજીપો વ્યક્ત કર્યો હતો. યુવાવૃંદે ‘પરાત્પર’ ગીત પર ભક્તિનૃત્ય કર્યું હતું. આજની સભામાં શ્રી બોબ સ્મિથ (સ્ટેટ સેનેટર, ન્યૂજર્સી), શ્રીકાંત કાનપાલી (સીઈઓ, સ્ટીવિયા), સરસીજ પેસિન (વા. પ્રેસિડન્ટ, ફાઇઝર), શ્રી વિલિયમ એસ. સ્લેટર (એક્ઝિક્યુટિવ, યુ.એસ. મરીન કોર્પ્સ), ડેન વેન્ગર (પ્રમુખ, એસો. ઓફ રિયલ્ટર્સ, શિકાગો), શ્રી હેરી ‘રેન્ડી’ રેની (પૂર્વ સભ્યશ્રી, ઇલિનોઇસ રાજ્ય), શ્રી અનિશ શાહ (ડિરેક્ટર, ચિન્મય મિશન), શ્રી અપૂર્વ સરાફ (પ્રમુખ, કોસેટ ફાર્મા.), શ્રી ડૉ. લક્ષ્મી રાઘવન (પ્રમુખ, સોલારિસ ફાર્મા), શ્રી સુરેશકુમાર (પ્રમુખ, ઇન્ડસ આંત્રપ્રિન્યોર) વગેરે મહાનુભાવોએ અક્ષરધામનો મહિમા ગાયો હતો.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવના ઉદ્ગારો



**શ્રી બોબ સ્મિથ**
સ્ટેટ સેનેટર,
ન્યૂજર્સી

સ્વામિનારાયણ સંપ્રદાય સાથેનો મારો પ્રથમ અનુભવ ૧૯૮૦માં, પ્રમુખસ્વામી મહારાજ સાથે થયો હતો. પિસ્કાટ્વે ટાઉનશિપમાં એ વખતે પ્રમુખસ્વામી મહારાજે મને આ સંપ્રદાયના સિદ્ધાંતો વિષે વાત કરી હતી. તે મને ખૂબ સ્પર્શી ગઈ હતી. ૪૩ વર્ષોથી મારો અને આ સંસ્થાનો સંબંધ રહ્યો છે. મને બીજીવાર અહીં અક્ષરધામની મુલાકાત કરવાની તક મળી. આ અક્ષરધામ કેટલું સુંદર અને આકર્ષક છે! તમારા પ્રયત્નો બદલ ધન્યવાદ. બી.એ.પી.એસ.નો આભાર. આપે ન્યૂજર્સીને માત્ર વધુ સુંદર સ્થળ જ નહીં, પરંતુ તમારી ઉપસ્થિતિથી ગુણવત્તાસભર જીવનયુક્ત પણ કર્યું છે. મને મહંત સ્વામી મહારાજને મળવાની તક મળી – કેવા પવિત્ર, પવિત્ર પુરુષ! હું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ભક્તોની પ્રશંસા કરું છું કે તેમાંથી પ્રેરણા લઈને સારું જીવન જિવાય, સુશિક્ષિત થવાય અને સમાજને યોગદાન આપી શકાય. ન્યૂજર્સી રાજ્યના ગવર્નર શ્રી ફિલ મર્ફી અને રાજ્યસભા વતી હું આ સંસ્થાનો આભાર માનું છું. ●

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૨૫ પરથી)**

દિવ્ય ઉત્સવ-મહોત્સવને વધાવ્યો હતો. આરતીના નાદ શમ્યા તે સાથે ચરમસીમા સમું નૃત્યગીત ગુંજી ઊઠ્યું અને અક્ષરધામ પરિસરમાં એક સાથે એક હજારથી વધુ બાળકો-યુવાનો વિવિધ સાંસ્કૃતિક પરિવેશમાં ભક્તિ-નૃત્યમાં જોમપૂર્વક ઝૂમી ઊઠ્યાઃ

*'જય હો જય હો જય હો જય હો,*
*અક્ષરધામ કી જય હો*
*સ્વામિનારાયણ કી જય હો, અક્ષરધામ કી જય હો...*
*ધર્મ સનાતન કી જય હો, અક્ષરધામ કી જય હો...*
*આજ આનંદ આનંદ બધાઈ, મંગલ ગાન કરત દેવતાઈ...'*

અક્ષરધામને વધાવતા બાળ-યુવાવૃંદે એવી શાનદાર નૃત્યાંજલિ પ્રસ્તુત કરી કે સૌ તેમાં ગુલતાન થઈ ગયા. નૃત્ય દરમ્યાન યુવાનોએ બી.એ.પી.એસ.ના ધ્વજ સાથે ભારત, અમેરિકા તથા અન્ય રાષ્ટ્રોના રાષ્ટ્રધ્વજ લહેરાવીને અક્ષરધામ દ્વારા પ્રસારિત એકતાનો સંદેશ વહાવ્યો હતો. હજુ સૌ એ શાનદાર નૃત્યની સૂરાવલીઓમાં મનોમન પરોવાયેલા હતા, ત્યાં જ અક્ષરધામનું આકાશ ઝળહળતી આતશબાજી અને રંગબેરંગી લેસરકિરણોની રોશનીથી ઝગમગી ઊઠ્યું. અક્ષરધામના આ આકર્ષક નજારાએ સૌનાં મન મોહી લીધાં હતાં. અનિમેષ નયને આ નજારો નીરખતા સૌ કોઈ અલૌકિક અક્ષરધામને અને તેના સંકલ્પકર્તા, નિર્માતાને મનોમન વંદી રહ્યા હતા.

'સ્વામિનારાયણ અક્ષરધામ'ના લોકાર્પણ સમારોહને હજારો હરિભક્તો-ભાવિકોએ યજ્ઞપુરુષ સભામંડપમાં તથા અક્ષરધામ પરિસરની વિશાળ પરિક્રમામાં ઉપસ્થિત રહીને માણ્યો હતો, વધાવ્યો હતો. દેશ-વિદેશમાં લાખો ભક્તો-ભાવિકોએ બી.એ.પી.એસ. વેબકાસ્ટિંગ (live.baps.org, usa.akshardham.org), આસ્થા ટી.વી. ચેનલ અને ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ દ્વારા પ્રસારિત થઈ રહેલા લોકાર્પણ સમારોહને ઘરે બેઠાં માણીને ધન્યતાનો અનુભવ કર્યો હતો.

સ્વામિનારાયણ અક્ષરધામનો લોકાર્પણ સમારોહ સૌ માટે ચિરંતન અને શાશ્વત બની રહ્યો હતો. ઇતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણાક્ષરે લખાઈ ગયેલો આજનો મંગલ અવસર આવનારાં હજારો વર્ષો સુધી ભારતીય સંસ્કૃતિની પરંપરા અને સનાતન હિન્દુ ધર્મના પવિત્ર અધ્યાયો ઉદ્ઘાટિત કરતો રહેશે!!

■ ■ ■

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્માણ પામેલા ગાંધીનગર અને દિલ્હી ખાતેનાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ વૈશ્વિક સ્તરે કલા, સ્થાપત્ય અને સંસ્કૃતિના સીમા-ચિહ્નરૂપ બન્યાં છે. આધ્યાત્મિકતા, સંવાદિતા અને શાંતિની પ્રેરણા આપતાં આ ધામો સામાજિક સેવાનું ઊર્જાકેન્દ્ર છે. ન્યૂજર્સીનું આ અક્ષરધામ પણ આ પ્રકારનું તૃતીય આધ્યાત્મિક સંકુલ છે. ◆

અક્ષરધામ મહા-મંદિરના ભવ્ય લોકાર્પણ સમારોહનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

## અક્ષરધામ પ્રેરણા આપે છે

# વિશ્વને પરિવાર માનવાની

'વસુધૈવ કુટુમ્બકમ્' વિશ્વબંધુત્વની ભાવનાને ઉજાગર કરતું આ સૂત્ર ભારતીય જીવન દર્શનનો અર્ક છે. ભારતીય સનાતન ધર્મની આ વૈશ્વિક ભાવના અક્ષરધામમાં પડઘાય છે. અક્ષરધામ પ્રેરણા આપે છે - નાત-જાત કે ઊંચ-નીચના ભેદભાવ વિના વિશ્વને આત્મીય માનવાની. એટલે જ, 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે તા. ૧૬-૯-૨૦૨૩ના રોજ 'વસુધૈવ કુટુમ્બકમ્' કાર્યક્રમ યોજાયો હતો. બાળ-યુવાવૃંદે સંગીતમય સિમ્ફની રજૂ કરી. પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૦માં યુનોમાં 'મિલેનિયમ વિશ્વ શાંતિ પરિષદ'માં વિશ્વધર્મ સંવાદિતા માટે કરેલી હાકલનો દસ્તાવેજી વીડિયો પ્રસ્તુત થયો. શ્રી બાવા જૈન (સેક્રેટરી જનરલ, ધ વર્લ્ડ કાઉન્સિલ ઓફ રિલિજિયસ લીડર્સ), શ્રી સેમ જોશી (મેયર, એડિસન), શ્રી રિક બેર (પ્રમુખ, ઓટોમેટેડ ફાઇનાન્શિયલ સિસ્ટમ્સ ઇન્ક.), ડૉ. અનુપ પ્રસાદ (મેનેજિંગ ડિરેક્ટર, D.E.શો ગ્રૂપ), શ્રી વેંક ગોર્ટી (સ્થાપક, MelpApp) વગેરે ઉપસ્થિત હતા. અક્ષરવત્સલદાસ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણે દલિતો પ્રત્યે સમત્વની દૃષ્ટિ કેળવીને જાતિગત ભેદભાવ કેવી રીતે દૂર કર્યા તે વિષય પર વિશેષ પ્રકાશ પાથર્યો હતો. મંચ પર ભેદભાવોથી પર ગુણાતીત ગુરુવર્યોની ભાવનાને રજૂ કરતા સંવાદો પણ પ્રસ્તુત થયા ત્યારે તેઓની અપરંપાર વાત્સલ્યવર્ષા સૌને ઝંકૃત કરી ગઈ. અંતમાં મહંત સ્વામી મહારાજે પ્રેરણા વચનો કહ્યાં. યુવાવૃંદે નૃત્યાંજલિ અર્પી. શ્રી ફવાદ મકબૂલ (પ્રમુખ, એમ્પ્લીટેક), શ્રી લલિત કે. ઝા (પી.ટી.આઈ., યુ.એસ.), ડૉ. આશિષકુમાર ભુતાની (સચિવ, કૃષિ મંત્રાલય ભારત), શ્રી મનીષ બજાજ (બ્રાઉન એડવાઇઝરી), શ્રી ક્રિષ્ણા બંસલ (ચીફ આર્કિટેક્ટ, ક્યુ-વન ટેક્નોલોજીસ ઇન્ક.), શ્રી હરીશ કોલાસાની (પ્રમુખ, NCAIA), ડૉ. ધર્મેન્દ્ર પટેલ (નેત્ર ચિકિત્સક, મેયો ક્લિનિક), શ્રી નવનીત ચગ, (સીઈઓ, ચગ લો ફર્મ) વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત હતા.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી બાવા જૈન**
સેક્રેટરી જનરલ, ધ વર્લ્ડ કાઉન્સિલ ઓફ રિલિજિયસ લીડર્સ

વિશ્વ એક દિવસ આ અક્ષરધામને અજાયબી તરીકે જોશે. મારા શબ્દોને કંડારી રાખજો. તે દિવસ દૂર નથી. હું એકદમ અહોભાવમાં ગરકાવ છું. આ અક્ષરધામ એક ચમત્કાર સિવાય બીજું કંઈ નથી. આ ભગવાનની ભેટ છે. આ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને તેમની તપસ્યાની ભેટ છે. પ્રમુખસ્વામી મહારાજ જેવું એક અદ્વિતીય અને બેનમૂન નેતૃત્વ જ ભેદરેખાઓને દૂર કરી શકશે અને દેશને સાથે લાવી શકશે. મને લાગે છે કે આખાય દેશમાં આનાં બીજ રોપવાની ક્ષમતા બી.એ.પી.એસ. પાસે છે. •



**શ્રી સેમ જોશી**
મેયર, એડિસન ટાઉનશિપ

બીજા જે લોકો ન જોઈ શકે પણ સ્વયં જોઈ શકે એ આર્ષદ્રષ્ટા કહેવાય છે. પ્રમુખસ્વામી મહારાજે એવું જ કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજે વિદેશની ધરતી ઉપર અક્ષરધામ બનાવવાનું સ્વપ્ન જોયું અને એ એક એવી આશ્ચર્યકારક અને અદ્‌ભુત બાબત છે કે એ સ્વપ્ન સાકર થઈ રહ્યું છે. બી.એ.પી.એસ. એક એવો સમુદાય છે જેને સમગ્ર વિશ્વ દ્વારા સન્માન અને સ્વીકૃતિ મળ્યાં છે. એડિસનના મેયર તરીકે મારે તમને એક ઉદાહરણ આપવું છે કે બી.એ.પી.એસ. સંસ્થાનું સમાજ ઉપર કેવું યોગદાન છે. એડિસનમાં એક વિપત્તિ આવી પડી હતી, એક રહેઠાણ ભવનમાં આગ લાગી હતી. આશરે ૪૦ જેટલા પરિવારો રસ્તા પર આવી ગયા હતા. મેં સૌપ્રથમ જેને કૉલ કર્યો અને જે સૌથી પહેલાં દોડી આવ્યા હતા એ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકો અને હરિભક્તો હતા. •



**શ્રી રિક બેર**
પ્રમુખ અને સીઈઓ, ઓટોમેટેડ ફાઇનાન્શિયલ સિસ્ટમ, ઇન્ક. ફિલાડેલ્ફિયા

આ અક્ષરધામની વિશાળતા, આ પ્રોજેક્ટનું કદ, જે અહીં પરિપૂર્ણ થયું છે તે અને સૌ સ્વયંસેવકો તથા હરિભક્તોમાં સંપ જોઈને હું વિનમ્રતા અનુભવું છું. આ એક અહોભાવ પમાડનારું એવું સ્થાન છે, જેને હું ક્યારેય નહીં ભૂલી શકું. •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# ગુરુ-હરિમાં પ્રીતિ કરવાની

ભગવાન સ્વામિનારાયણે પરમાત્મા અને ગુણાતીત ગુરુમાં દૃઢ પ્રીતિ કરીને આધ્યાત્મિક સાધનાની સરળ સીડી બતાવી છે. સનાતન શાસ્ત્રો પણ તેની જ પ્રેરણા આપે છે. નરસિંહ, મીરાં અને વ્રજની ગોપીઓ જેવાં દૃઢ પ્રીતિ ધરાવતા ભક્તોની ગાથા ગાઈને સ્વામિનારાયણ અક્ષરધામ પણ તેની પ્રેરણા આપે છે. આથી 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે ભગવાન અને સત્પુરુષમાં દૃઢ પ્રીતિ રાખવાની પ્રેરણા આપતી સભા તા. ૨૦-૯-૨૦૨૩ના રોજ 'દૃઢ પ્રીતિ' મધ્યવર્તી વિચાર સાથે યોજાઈ હતી. સભામાં ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રશ્નોત્તરી દરમ્યાન તેઓને ભગવાન અને સત્પુરુષ સાથે કેવી રીતે દૃઢ પ્રીતિ થઈ તેની પ્રેરક વાતો કરી હતી. બાદ વેસ્ટ અને સાઉથ-વેસ્ટ રિજિયનના હરિભક્તોનાં સેવા, સમર્પણ, સત્સંગની ઝાંખી કરાઈ હતી. ભગવાન સ્વામિનારાયણનાં વચનો અને ગુરુપરંપરાના પ્રસંગો દ્વારા સ્નેહ અને પ્રીતિની મીમાંસા રૂપે કિશોરોએ વચનામૃતનો મુખપાઠ રજૂ કર્યો હતો. તે વચનોનું શતશઃ પ્રમાણ ગુણાતીત ગુરુઓના જીવન પ્રસંગોમાં કેવી રીતે પ્રતિબિંબિત થાય છે, તેની રજૂઆત થઈ. 'આવી પ્રીતિ અમને પણ થાય' તે ભાવની પ્રાર્થનાઓ રજૂ થઈ. બાળકોએ પણ સ્વામીશ્રીના અપાર હેતનું દર્શન કરાવ્યું હતું. અંતમાં સંતોએ પ્રશ્નોત્તરીના માધ્યમથી ભગવાન અને સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરવાનું અનેરું માર્ગદર્શન સ્વામીશ્રી પાસેથી મેળવ્યું હતું. આજની સભામાં ઉપસ્થિત મહાનુભાવો શ્રી જોશ કાર્નેલી (સેનેટર, અલાબામા), શ્રી ટોમી બર્ન્સ (કમિશનર, કોલ્બર્ટ કાઉન્ટી, અલાબામા), શ્રી એરોન ગોર્ડન (બાસ્કેટ બૉલ પ્લેયર, ડેનવર નગેટ્સ, અમેરિકા), શ્રી રિચાર્ડ પોર્ટર (ઉદ્યોગપતિ, ઇલિનોઇઝ), મેગ્ને ગુન્ડરસન (સીઈઓ, વૉશિંગ્ટન ક્રોસિંગ કાઉન્સિલ, અમેરિકા) વગેરેએ અંતરના ભાવો વ્યક્ત કરતાં ઉદ્‌બોધન કર્યાં હતાં.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્ગારો



**શ્રી**
**એરોન ગોર્ડન**
બાસ્કેટ બોલ પ્લેયર, અમેરિકા

આ અક્ષરધામ મંદિર વિષે સૌથી મહત્ત્વની બાબત મને એ લાગે છે કે તમે ક્યાંથી આવ્યા છો, તમારો ઉછેર કેવી રીતે થયો છે અને તમે સમાજના કયા વર્ગમાંથી આવો છો તે ધ્યાનમાં લીધા સિવાય અહીં દરેક સ્વયંસેવક સાથે મળીને અહીં સેવા કરે છે. આ બાબત અદ્‌ભુત છે! મને એમ લાગે છે કે મહંત સ્વામી મહારાજ પરમાત્માને સમર્પિત છે. આ અક્ષરધામ ખૂબ મોટું પ્રમાણપત્ર છે - સંપનું, ભાવનાનું એટલે દરેક વ્યક્તિ મહંત સ્વામી મહારાજ માટે કંઈક કરી છૂટે છે, જે તેઓને આટલા વિશિષ્ટ બનાવે છે. •



**શ્રી**
**જોશ કાર્નેલી**
સ્ટેટ સેનેટર, અલાબામા

આજે અહીં અક્ષરધામમાં મને જે અનુભવ થયો છે તે આજ પૂર્વે ક્યારેય થયો નથી. તમારી ભુજાઓ તમે મને અને સૌને આવકારવા માટે લંબાવી છે.
આ અક્ષરધામની નકશી, કારીગરી, ઊંડાણ, પ્રેમ અને કરુણા જોતાં અદ્‌ભુત લાગે છે. અક્ષરધામ મહામંદિર પોતે જ મારા મતે એક મહાન સિદ્ધિ છે. અને સૌથી પ્રભાવશાળી વસ્તુઓમાંની એક છે - સ્વયંસેવકો. દરેક સ્વયંસેવકે આ નિર્માણાધીન મહાન મહામંદિરનો હિસ્સો બનવા પોતાના સમયનો ભોગ આપ્યો છે તે વંદનીય છે. •



**શ્રી**
**રિચાર્ડ પોર્ટર**
ઉદ્યોગપતિ, ઇલિનોઇઝ

આ અક્ષરધામ એ આપણા દેશમાં સ્થાપત્યનો બેનમૂન એક તેજસ્વી નમૂનો છે. અહીં અક્ષરધામની મુલાકાત લેતાં હું વિચારતો હતો કે જો થોમસ જેફરસન (અમેરિકાના તૃતીય પ્રેસિડન્ટ, જેમણે અમેરિકાનું 'ડેક્લેરેશન ઓફ ઇન્ડિપેન્ડન્સ' લખ્યું હતું.) આ ભવ્ય અને પ્રેમથી નિર્માણાધીન રચના જોવા અહીં હાજર હોત તો તેઓ કેટલા રાજી થાત! શું ભગવાનની એક વિશેષ ચિનગારી છે આ! કે જેના કારણે આ સૌ સ્વયંસેવકોને આ સુંદર અક્ષરધામ મહામંદિર રચવાની પ્રેરણા થઈ અને તેને લક્ષ્ય બનાવ્યું. •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# યૌવનને ધન્ય કરવાની

યુવાનોમાં સંસ્કારયુક્ત રચનાત્મકતા અને આધ્યાત્મિકતાનો સંગમ કરવાનું લક્ષ્ય સેવે છે – બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા. આ લક્ષ્ય સાથે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૫૨માં આરંભેલી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિશ્વસ્તરે વિકસાવી છે. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે અને મંદિરો તથા સેવાપ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને રચનાત્મક દિશા આપી રહ્યા છે. અક્ષરધામના નિર્માણનો હેતુ પણ યૌવનને એવી રચનાત્મક દિશા આપીને ધન્ય કરવાનો છે.

એટલે જ અક્ષરધામ પરિસરમાં 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'ના ઉપક્રમે યુ.એસ.એ.ની બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિએ તા. ૨૧-૯-૨૦૨૩ના રોજ 'યુવા દિન' ઊજવ્યો હતો. 'મહિમા' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી આ સંધ્યા સભામાં અમેરિકાની વૈભવી ભૂમિ પર ઊછરેલાં સેંકડો યુવા-યુવતીઓએ પ્રેરણાત્મક પ્રસ્તુતિઓ કરી હતી. ઈશ્વરચરણદાસ સ્વામીએ સત્સંગનો મહિમા દૃઢાવતું પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. સ્વયં પૂર્ણ હોવા છતાં સ્વામીશ્રી નાનામાં નાની વ્યક્તિના મહિમાનો વિચાર કેવી રીતે કરે છે તેનું નિદર્શન કરતા મહિમા-પ્રેરક પ્રસંગોની રજૂઆત યુવાનોએ કરી હતી. આજે ઉપસ્થિત મહાનુભાવો શ્રી બ્રાયન વેલર (મેયર, પિસ્કાટ્વે-ન્યૂજર્સી), શ્રી સીન હેની (સ્થાપક, Sphere કન્સલ્ટન્ટ્સ), શ્રી કાર્લોસ મેડિના (પ્રમુખ, હિસ્પાનીક ચેમ્બર ઓફ કોમર્સ, ન્યૂજર્સી), શ્રી લુઈસ ડી લા હોઝ (ચેરમેન, SHCC-NJ), શ્રી ગૌરાંગ બક્ષી (વૉચ કમાન્ડર, હોમલેન્ડ સિક્યુરિટી), શ્રી ઉજ્જ્વલ કુસ્તલા (કલ્ચરલ આર્ટ્સ ઓથો. એડિસન), શ્રી ડૉ. મુકુંદભાઈ ઠાકર, શ્રી જય અમીન (સ્થાપક, અમીન સ્ટાન્ડર્ડ), શ્રી પીયૂષભાઈ પટેલ (ઉદ્યોગપતિ) વગેરેનાં ઉદ્‌બોધનો બાદ સ્વામીશ્રીએ યુવાનોને આશીર્વચનથી કૃતાર્થ કર્યા હતા.



# મહોત્સવમાં ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી બ્રાયન વેલર**
મેયર, પિસ્કાટ્વે, ન્યૂજર્સી

આજે આ પવિત્ર અક્ષરધામમાં અહીં સંતો સાથે વાર્તાલાપ કરતાં મને જાણવા મળ્યું કે કોવિડના સમયમાં લોકડાઉન હતું ત્યારે તમે લોકોમાં કેવી રીતે આધ્યાત્મિકતા જાળવી રાખી હતી અને તેના દ્વારા લોકોને પ્રેમ તથા શાંતિનો સંદેશ પહોંચાડ્યો હતો. એ જ રીતે, સ્વયંસેવકોએ આ મંદિરના નિર્માણમાં જે રીતે યોગદાન આપ્યું છે તે માત્ર તમારા માટે જ નહીં, પરંતુ આવનારી અનેક પેઢીઓ માટે ગૌરવ જગાવતું રહેશે. આપે ભારત બહાર સૌથી મોટામાં મોટું હિન્દુ મંદિર ન્યૂજર્સીને આપ્યું છે તેનું અમને અપાર ગૌરવ છે. •



**શ્રી સીન હેની**
સ્થાપક, SPHERE કન્સલ્ટન્ટ્સ LLC

થોડા સમય પહેલાં નિર્માણ દરમ્યાન અક્ષરધામ નિહાળતાં હું અત્યંત પ્રભાવિત થયો હતો. આજે ફરીથી તેનું આર્કિટેક્ચર, તેની કલા, તેનું વિરાટ પ્રમાણ અને સમગ્ર પરિસરની એકરૂપતા નિહાળીને હું ખરેખર ખૂબ પ્રભાવિત થયો છું. હું સૌથી વધુ પ્રભાવિત થયો હોઉં તો તે છે - એ લોકો, જેમણે અહીં નિઃસ્વાર્થ સેવા આપી છે. બીજા પ્રત્યે આદર, કરુણા, સેવા, પારિવારિક ભાવના, શ્રદ્ધા જેવાં મૂલ્યો પર કેન્દ્રિત થઈને દરેક વ્યક્તિએ અહીં કાર્ય કર્યું છે. અહીં આ સ્થાનમાં એ સેવા અને પ્રાર્થનાની શક્તિ અને પ્રભાવ નજરે ચઢે છે. •



**શ્રી ડીલેકા મંડેલા**
હેડ, મંડેલા ફાઉન્ડેશન, નેલ્સન મંડેલાનાં પૌત્રી, સામાજિક કાર્યકર

આજે મેં અહીં જે નિહાળ્યું છે તે કલ્પનાતીત છે. ભવ્ય મંદિરની નજાકતતા અને તેમાં રહેલી દિવ્ય શક્તિ તમે અહીં આવો તો અવશ્ય અનુભવાય. આ મંદિરના સ્થાપક મહંત સ્વામી મહારાજની મહાનતાની હાજરી તમને અક્ષરધામમાં અનુભવાશે. મારા દાદા નેલ્સન મંડેલાએ ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતોમાંથી પ્રેરણા મેળવી હતી. આજે આ અક્ષરધામ તેને વધુ પ્રસ્થાપિત કરી આપે છે. તમારી સેવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. સેવાના પથ પર તમે હજુ આગળ ધપ્યા કરો તેવી હું અપીલ કરું છું. •



ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# કમ્યુનિટી એકતાની

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ વિવિધ સામાજિક સમુદાયોને સાથે રાખીને એક વિરાટ માનવઉત્કર્ષ અભિયાનને અવિરત વેગ આપી રહ્યા છે. એટલે જ અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'માં તા. ૨૩-૯-૨૦૨૩ના રોજ 'ઇન્ડિયા કમ્યુનિટી ડે' યોજાયો હતો. વિવિધ ભારતીય સમુદાયોના લાખો ભારતીયો વર્ષોથી અમેરિકામાં વસવાટ કરી રહ્યા છે. તેઓ વિવિધ પ્રવૃત્તિ દ્વારા પોતાના ભારતીય સંસ્કારોના જતન માટે તેમજ વિવિધ રચનાત્મક સેવાપ્રવૃત્તિઓ માટે સતત કાર્યરત છે. એ સૌને આજના 'ઇન્ડિયા કમ્યુનિટી ડે' કાર્યક્રમમાં અક્ષરધામ દ્વારા બિરદાવાયા હતા. તામિલ એસો., તેલુગુ એસો., હિન્દુ-જૈન ટેમ્પલ એસો., ઉત્તરપ્રદેશ એસો., ઇન્ડિયા ટેમ્પલ એસો., ઇન્ડો-અમેરિકન કમ્યુનિટી, યુ.એસ.એ. બ્રાહ્મણ સમાજ, યુ.એસ.એ. ઓડિશા સોસાયટી, યુ.એસ.એ. રાજપૂત એસો., સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ વગેરે ૬૫ જેટલા વિવિધ ભારતીય સમાજોના ૪૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા. જ્ઞાનવત્સલદાસ સ્વામીના પ્રેરક સંબોધન બાદ મંચસ્થ મહાનુભાવોમાં શ્રી અનુરાગ કુમાર (પ્રમુખ, બિહાર-ઝારખંડ એસો., યુ.એસ.એ.), શ્રી શ્યામ કોસિગી (ઉપપ્રમુખ, સેવા ઇન્ટરનેશનલ), શ્રી સૌમિલ પરીખ (પ્રમુખ, શેર એન્ડ કેર ફાઉન્ડેશન), ડો. મહેન્દ્ર જાની (પ્રમુખ, વિવેકાનંદ વિદ્યાપીઠ), રાજીવ શ્રીવાસ્તવ (હિન્દી યુ.એસ.એ.), શ્રી શ્રીકાંત દત્ત (એસજીએસ ગીતા ફાઉન્ડેશન) વગેરેએ સંબોધનો કર્યાં હતાં. સૌએ સનાતન ધર્મની અસ્મિતાનું નૂર રેલાવતા અક્ષરધામને હૈયાના ઉમળકાથી બિરદાવ્યું હતું. ત્યારબાદ લોકસેવા કરી રહેલા કેટલાક સમાજ-સેવકોએ સ્વાનુભવો રજૂ કર્યા હતા. અંતે મહંત સ્વામી મહારાજે સૌની સામાજિક સેવાઓને સહર્ષ બિરદાવીને બધા વચ્ચે એકતા રાખવાની પ્રેરણા આપી હતી.



# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી અનુરાગ કુમાર**
પ્રમુખ,
બિહાર-ઝારખંડ એસો.

અહીં આવીને સેવા કરતા યુવાનોને નિહાળ્યા, તે ખૂબ પ્રેરણાસ્પદ છે. અહીં પ્રવેશદ્વાર પર તમે સ્વયંસેવકોને જોયા હશે, ત્યાંથી લઈને ઠેર ઠેર ફેલાયેલા સ્વયંસેવકોને જોતાં એમ લાગે કે બી.એ.પી.એસ. સંસ્થાએ પોતાના અનુયાયીઓમાં સેવાનું ડી.એન.એ. સ્થાપિત કર્યું છે. બી.એ.પી.એસ. સંસ્થાએ અમેરિકામાં આ એક સીમાચિહ્‌ન રચ્યું છે, વિશ્વમાંથી અહીં આવનાર કોઈપણ માણસ અવશ્ય કહેશે કે મારે અક્ષરધામ જવું છે. બધી જ સંસ્થાઓને બી.એ.પી.એસ. સંસ્થામાંથી ઘણું બધું શીખવાનું છે. •



**ડૉ. મહેન્દ્ર જાની**
પ્રોફેસર, વિલિયમ પેટરસન યુનિ.

અક્ષરધામના આ સમારોહમાં અમને ગર્વ અનુભવાય છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો અને સ્વયંસેવકોનું સમર્પણ તથા તેમની નિઃસ્વાર્થ સેવાઓ અદ્‌ભુત છે. સેવા દ્વારા આવું મોન્યુમેન્ટલ કાર્ય કરવા બદલ તેમને હૃદયનાં અભિનંદન અને સલામ. યુવાનોને આધ્યાત્મિક કેળવણી આપવાનું શું મહત્ત્વ છે તે અહીં જોઈ શકાય છે. ચારિત્ર્ય ઘડતરનું શિક્ષણ યુવાનો માટે અત્યંત અનિવાર્ય છે, જે બી.એ.પી.એસ. દ્વારા થઈ રહ્યું છે અને તેના ફળસ્વરૂપે આપણે અક્ષરધામ જેવાં દિવ્ય પરિણામ જોઈએ છીએ. •



**શ્રી શ્રીકાંત દત્ત**
એસજીએસ ગીતા ફાઉન્ડેશન

આજે અહીં આપણે જેના સાક્ષી બની રહ્યા છીએ તે આપણા સનાતન ધર્મના મહિમાનું દર્શન છે. સાક્ષાત્‌ પરમાત્મા અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના શક્તિસંપન્ન વિઝનનું દર્શન છે. આપણા માટે આ અત્યંત ગૌરવનો વિષય છે. હજારો સ્વયંસેવકોને પ્રેરણા આપીને તેમના દ્વારા આવું ભવ્ય મંદિર બનાવવું અને આપણા જીવનકાળ દરમ્યાન તેને નીરખવાનો આપણને લહાવો મળે તે બદલ ધન્યતા અનુભવાય છે. આવનારી અનેક પેઢીઓ સુધી આ અક્ષરધામ સ્વયંસેવકો દ્વારા નિર્મિત એક અણમોલ ખજાનો બની રહેશે. •



નવદિવસીય ભવ્ય ઉદ્‌ઘાટન કાર્યક્રમોથી ઝળહળી ઊઠ્યું

# સ્વામિનારાયણ અક્ષરધામ



અક્ષરધામ સનાતનમ્... અક્ષરધામ સનાતનમ્...

અમેરિકાના આકાશમાં આ નાદ સતત નવ દિવસ સુધી ગુંજતો રહ્યો. પશ્ચિમી ધરતીના ઇતિહાસમાં સનાતન હિન્દુ ધર્મની આન-બાન-શાનનું સુવર્ણ પૃષ્ઠ ઉમેરતા સ્વામિનારાયણ અક્ષરધામનો ઉદ્‌ઘાટન મહોત્સવ સતત નવ દિવસ સુધી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં નિત્ય નવા નવા રંગ ધારણ કરતો રહ્યો. અક્ષરધામ મહોત્સવનો પ્રત્યેક દિન એક અમર ઇતિહાસ બની રહ્યો. મહોત્સવનો પ્રારંભ થયો અક્ષરધામના વેદોક્ત પ્રાસાદપ્રવેશ વિધિ અને સનાતન ધર્મના અપૂર્વ સંમેલનથી, તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ. મહોત્સવની પૂર્ણાહુતિ થઈ શાનદાર લોકાર્પણ સમારોહથી, તા. ૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ. આ બે અંતિમો વચ્ચે હજારો હરિભક્તોએ તેમના પૂર્વ નિર્ધારિત વારા મુજબ અલગ અલગ ત્રણ સમૂહમાં લાભ લીધો. ત્રણ ત્રણ દિવસ માટે પધારેલા દરેક સમૂહને અક્ષરધામ મહામંદિરમાં પ્રતિષ્ઠા પૂજન-દર્શનનો લાભ અને અક્ષરધામ પરિસરની પરિચય યાત્રાનો લાભ પ્રાપ્ત થયો. ૩૦૦૦થી વધુ સ્વયંસેવકોએ દિવસ-રાત પુરુષાર્થ કરીને આ હરિભક્તોની સેવા-સરભરા કરી. આ પૂર્વે અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે યોજાયેલા 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'માં પણ ન્યૂયોર્કથી લઈને લોસએન્જલસ સુધી અને કેનેડામાં ટોરન્ટોથી લઈને વાનકુવર સુધી ફેલાયેલા બી.એ.પી.એસ. સંસ્થાનાં સેંકડો કેન્દ્રોમાંથી પૂર્વ નિર્ધારિત સમય-આયોજન મુજબ હજારો હરિભક્તોએ મહોત્સવને માણ્યો હતો. દરેક હરિભક્તને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સમીપ દર્શનથી લઈને મહાયજ્ઞ અને અક્ષરધામ પરિસર યાત્રાનો અદ્‌ભુત લહાવો પ્રાપ્ત થયો હતો. સતત અઢી મહિનાથી ચાલી રહેલા આ મહોત્સવની ચરમસીમા હતી – છેલ્લા નવ દિવસ. અઢી મહિના દરમ્યાન તેમજ આ છેલ્લા નવ દિવસ દરમ્યાન દેશ-વિદેશના હજારો હરિભક્તો ઉપરાંત અમેરિકાના પ્રસિદ્ધ લોકનેતાઓ, વિવિધ ધર્મપરંપરાના ધુરંધરો, ભારતીય સમાજો અને સંસ્થાઓના અગ્રણીઓ, તેમજ અમેરિકાની ધરતી પર ભારતનું ગૌરવ વધારનારા ગૌરવવંતા ભારતીયોએ અક્ષરધામની યાત્રા કરીને હૈયાના ઉમળકાથી અક્ષરધામ, પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજ અને સ્વયંસેવકોને બિરદાવ્યા હતા. અહીં એ છેલ્લા નવ દિવસના અક્ષરધામ મહોત્સવના કાર્યક્રમોની એક ઝલક પ્રસ્તુત છે...



**અક્ષરધામ પ્રાસાદપ્રવેશ વિધિ તથા અભિષેક મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ :**

# સનાતન હિન્દુ ધર્મ સંમેલન

**નોર્થ અમેરિકાનાં હિન્દુ મંદિરો અને ધાર્મિક સંસ્થાનોના સૂત્રધારોએ અક્ષરધામને અર્પી ભાવ-પુષ્પાંજલિ**

સનાતન હિન્દુ ધર્મનો જગતભરમાં ઉદ્‌ઘોષ કરતો ભવ્ય અને દિવ્ય સ્વામિનારાયણ અક્ષરધામનો પ્રતિષ્ઠા મહોત્સવ કુલ ત્રણ સોપાનોમાં યોજાયો હતો. તા. ૩૦-૯-૨૦૨૩ના રોજ તેનું પ્રથમ સોપાન યોજાઈ ગયું.

પ્રથમ સોપાનરૂપે અક્ષરધામનો પ્રાસાદપ્રવેશ વિધિ અને અક્ષરધામ મહામંદિરના ભોંયતળિયે રચાયેલા કલાત્મક અભિષેક મંડપમ્‌માં શ્રી નીલકંઠ વર્ણી મહારાજના પ્રતિષ્ઠા-વિધિનો મંગલ અવસર યોજાયો હતો.

છેલ્લા અઢી મહિનાથી લાખો આહુતિઓ સાથે અક્ષરધામની પવિત્ર ધરા પર યોજાયેલા મહાયજ્ઞની જ એક વધુ યજ્ઞજ્યોતિ રૂપે આજે અક્ષરધામ મહામંદિરની પ્રવેશચોકી એટલે કે તીર્થ મંડપમ્‌માં પ્રાસાદ હોમ કરવામાં આવ્યો હતો. સ્વામીશ્રીના હસ્તે હોમમાં શ્રીફળની આહુતિ આપવામાં આવી હતી. પૂજ્ય વરિષ્ઠ સંતોએ વહેલી સવારથી આ યજ્ઞનો આરંભ કરી દીધો હતો. અક્ષરધામના ગ્રાઉન્ડ ફ્લોર તથા મુખ્ય ફ્લોરમાં પૂર્વ નિર્ધારિત આયોજન






મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોના હસ્તે વેદોક્ત યજ્ઞપૂર્વક અક્ષરધામનો પ્રાસાદપ્રવેશ વિધિ થયો, ૫૫૫ મહાન તીર્થોનાં જળ અને રજના કળશનું પૂજન થયું, અભિષેક મૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની પ્રાણપ્રતિષ્ઠા થઈ...

મુજબ ૩૦૦૦થી વધુ હરિભક્તો પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા હતા. બારેય ગર્ભગૃહમાં વરિષ્ઠ સંતોએ વેદોક્ત મહાપૂજા કરી તેમાં સૌ યજમાનો જોડાયા. બરાબર ૧૦:૧૫ વાગ્યે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અક્ષરધામ મહામંદિરના સ્વાગત મંડપમ્‌માં મુખ્યદ્વાર પાસે આવીને પ્રાસાદ હોમમાં પૂર્ણાહુતિનું શ્રીફળ હોમ્યું. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ શ્રીફળ વધેરી પ્રાસાદ પ્રવેશ કરાવ્યો હતો. અહીંથી વેદોક્ત વિધિપૂર્વક પ્રાસાદ પ્રવેશ કરીને સ્વામીશ્રીએ સાથે સાથે મંદિરનાં ૬૫ ગર્ભગૃહોમાં બિરાજમાન થનાર તમામ દિવ્ય સ્વરૂપોનો વેદોક્ત પૂજન-વિધિ કર્યો. પૂજ્ય સદ્‌ગુરુ સંતોના વરદ હસ્તે તેનો પૂર્વવિધિ સંપન્ન થઈ ચૂક્યો હતો.

ત્યારબાદ ભક્તોને દર્શન આપતાં સ્વામીશ્રી મુખ્ય ગર્ભગૃહ સન્મુખ પધાર્યા.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઇચ્છાનુસાર ભારતનાં કુલ ૫૫૫ તીર્થોનું પવિત્ર જળ અને રજ ૩૦ કળશમાં અહીં પધરાવવામાં આવ્યાં હતાં અને તેનું સ્થાપન વૈદિક મંત્રોચ્ચાર વડે પૂજ્ય સદ્‌ગુરુ સંતવર્યોએ કર્યું. પૂજ્ય મહંત સ્વામી મહારાજે એ કળશોનું પૂજન કર્યું હતું. અક્ષરધામનાં દર્શનાર્થે આવનાર તમામ ભાવિકોને આ તમામ તીર્થોની યાત્રાનું ફળ પ્રાપ્ત થાય તે હેતુસર પ્રાર્થના કરીને કાયમ માટે આ કળશો દ્વારા તમામ તીર્થોનું સ્થાપન અક્ષરધામમાં કરવામાં આવ્યું હતું. આ વિધિ કરીને સ્વામીશ્રીએ ગર્ભગૃહમાં બિરાજમાન ભગવાન શ્રી



વેદોક્ત પ્રાસાદપ્રવેશ વિધિના યજ્ઞમાં પધારીને મહંત સ્વામી મહારાજે 'અહીં જે કોઈ આવે તે સૌને જીવનઘડતરની પ્રેરણા મળે, સૌનું કલ્યાણ થાય' એવી પ્રાર્થના સાથે પૂર્ણ આહુતિ અર્પણ કરી...

સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનાં ભાવપૂર્વક દર્શન કર્યાં. પ્રાર્થના-વંદન કર્યાં બાદ સ્વામીશ્રી હરિભક્તો સન્મુખ બિરાજ્યા.

કલાત્મક અક્ષરધામ ભેટ આપવા બદલ સમગ્ર નોર્થ અમેરિકા સત્સંગ મંડળ તથા સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ સમુદાય વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પુષ્પહાર અર્પણ કરીને સ્વામીશ્રીનો આભાર માન્યો હતો.

સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પતાં કહ્યું: ''યોગીબાપાએ કહ્યું, 'નિર્દોષબુદ્ધિ એ ગેટ વે ટુ અક્ષરધામ.' અક્ષરધામમાં જવું હોય તો નિર્દોષબુદ્ધિ રાખવી પડે. તો આપણે બધાને નિર્દોષબુદ્ધિ ઉપર તાન છે એટલે અક્ષરધામમાં પ્રવેશ થઈ ગયો છે.

આ બધા યુવકો-કાર્યકરો-સ્વયંસેવકો-સંતો-હરિભક્તો બધાએ ખૂબ તનતોડ મહેનત કરીને આ અક્ષરધામ આપ્યું છે. કોઈ બાકી નથી. આ કેમ્પસમાં જેટલા આવ્યા તેમનો ફાળો તો છે જ. બધાએ તનતોડ મહેનત કરી છે. જેનો બદલો શ્રીજીમહારાજ પોતે પણ આપી ન શકે એવું બધું... એટલું બધું... ખરેખર! બધાએ સેવા કરી ને આવું દિવ્ય અક્ષરધામ ઊભું થઈ ગયું.

પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય સંકલ્પ કર્યો અને સાકાર રૂપમાં આપણને અક્ષરધામ પ્રાપ્ત થયું છે. (સ્વામીશ્રીએ મીઠું હાસ્ય કરતાં માથા પરની પાઘ પકડી ઉપર જોઈને કહ્યું) અહીં જ દિવ્ય, અલૌકિક, ભવ્ય અક્ષરધામ દેખાય છે. એનું વર્ણન થાય એમ છે જ નહીં. બુદ્ધિ પહોંચે એમ નથી. જે બધાએ તનતોડ મહેનત કરી છે, સપોર્ટ આપ્યો છે, પોતાની જાતને હોમીને જે રીતે બધાએ સેવા કરી છે એનું ફળ તો શ્રીજીમહારાજ પોતે આપી શકે એમ છે. વર્ષો સુધી આ અક્ષરધામની ગાથા ગવાશે અને દિવ્ય દિવ્ય દિવ્ય રહેશે.''

અક્ષરવત્સલદાસ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, 'બાપા! આપને અક્ષરધામ કેવું લાગ્યું?'

'વર્ણન થાય એવું નથી.' ઉત્તર આપીને સ્વામીશ્રીએ અક્ષરધામનું અદ્‌ભુત પ્રમાણ આપ્યું.

સૌના સેવા-સમર્પણની ગાથા સમાવતું અને પૂજ્ય મંગલનિધિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ તૈયાર



પરબ્રહ્મ મંડપમ્‌માં મુખ્ય ગર્ભગૃહ સમક્ષ પધારીને મહંત સ્વામી મહારાજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સહિત ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૂજન કર્યું અને અન્ય ગર્ભગૃહોમાં પધારીને ભગવત્ સ્વરૂપોનું પણ પૂજન કર્યું...

થયેલા ‘People of Akshardham’ પુસ્તકનું સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું હતું. વળી, અક્ષરધામ નિર્માણમાં તને-મને-ધને કરીને સહયોગ આપનાર, વિવિધ વ્રત-તપ-ઉપવાસ દ્વારા ભક્તિ કરનાર, વિવિધ કાર્યોમાં સહભાગી થનાર શુભેચ્છકોનું આ તકે સ્મરણ કરવામાં આવ્યું હતું.

હવે, સ્વામીશ્રી મંદિરના વિવિધ ખંડોમાં બેઠેલા હરિભક્તોને દર્શનલાભ આપતાં આપતાં ભોંયતળિયે અભિષેક મંડપમ્‌માં પધાર્યા. અહીં મોટી સંખ્યામાં યજમાન હરિભક્તો વિધિમાં જોડાયેલા હતા. ઉપરના મુખ્ય ફ્લોર પર અને અહીં બેઠેલા ઘણા હરિભક્તોએ વિશેષ સેવા કરીને આ લહાવો લીધો હતો. સ્વામીશ્રીએ અહીં શ્રી નીલકંઠ વર્ણી મહારાજની અભિષેક મૂર્તિનો ઉત્તમ અભિજિત મુહૂર્તમાં વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો. પ્રતિષ્ઠા વિધિ બાદ સ્વામીશ્રીએ શ્રી નીલકંઠવર્ણીનાં ચરણોમાં અંજલિ અર્પતાં અભિષેક કર્યો હતો અને અહીં આવનાર તમામ સર્વ પ્રકારે સુખી થાય તેવી પ્રાર્થના કરી હતી.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વિવિધ શુભસંકલ્પોનું સ્મરણ કરીને તેની પરિપૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી હતી.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં કહ્યું, ‘‘ઈશ્વરચરણ સ્વામીએ જે સંકલ્પો કરાવ્યા છે તે બધા સિદ્ધ થાય. બધા હરિભક્તો તને-મને-ધને સુખી થાય એવી પ્રાર્થના.’’

અક્ષરધામ મહામંદિરના આ ગૌરવવંતા અવસરે છ હજારથી વધુ ભક્તોએ તમામ વિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત દેશ-વિદેશના અસંખ્ય હરિભક્તોએ ઘરે બેઠાં અક્ષરધામના આ પ્રાસાદ પ્રવેશવિધિ અને શ્રી નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા-વિધિનો દિવ્ય લહાવો લીધો હતો.

### ■ સનાતન હિન્દુ ધર્મ સંમેલન :

નવ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવનો પ્રારંભ ‘સનાતન હિન્દુ ધર્મ સંમેલન’થી કરવામાં આવ્યો હતો, જેમાં ઉત્તર અમેરિકા ખંડ સ્થિત ૪૦૦થી વધુ હિન્દુ મંદિરો અને ધાર્મિક સંસ્થાઓના આગેવાનો, આયોજકો, ટ્રસ્ટીઓ અને સેંકડો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં ખાસ કરીને પૂજ્ય શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ (કોષાધ્યક્ષ, શ્રીરામજન્મભૂમિ



ઉત્તર અમેરિકા ખંડમાં વ્યાપેલા સનાતન ધર્મનાં વિવિધ ૪૦૦થી વધુ સંસ્થાનોના પ્રતિનિધિઓના સ્વાગત-સન્માનથી અક્ષરધામ મહોત્સવનો શુભારંભ થયો. સૌએ મન-હૃદયથી અક્ષરધામને અને તેના પ્રેરણાદાતાને વધાવ્યા...

તીર્થક્ષેત્ર, અયોધ્યા), પૂજ્ય સ્વામી મુકુંદાનંદજી (સ્થાપક, જગદ્‌ગુરુ કૃપાલુજી યોગ, અમેરિકા), ડૉ. ટોની નાદર (અધ્યક્ષ, ઈન્ટરનેશનલ ટ્રાન્સન્ડેન્ટલ મેડિટેશન), જેફરી આર્મસ્ટ્રોંગ (સ્થાપક, વેદિક એકેડેમી ઓફ સાયન્સ એન્ડ આર્ટ્સ), શ્રી વેદ નંદા (ચૅરમૅન, હિન્દુ યુનિવર્સિટી ઑફ અમેરિકા) અને પૂજ્ય સ્વામી સ્વાત્માનંદજી મહારાજ વગેરે સંત-મહાત્માઓ સહિત અમેરિકાનાં વિવિધ હિન્દુ ધાર્મિક સંસ્થાનોનાં સેંકડો વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ ધાર્મિક વડાઓએ દીપ પ્રાગટ્ય કરીને આ સંમેલનનો શુભારંભ કરાવ્યો હતો. વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ સ્વાગત-પ્રવચન કર્યું હતું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં ભગવાન સ્વામિનારાયણે તથા તેમની ગુણાતીત સંતપરંપરાએ પ્રચંડ પુરુષાર્થ દ્વારા દેશ-દેશાંતરમાં સનાતન હિન્દુ ધર્મની અસ્મિતા પ્રસરાવી છે તેની ઝાંખી કરાવી હતી.

ત્યારબાદ નોર્થ અમેરિકાના સંત-બાળ-કિશોર-યુવાવૃંદે વેદમંત્રોના ગાન દ્વારા ધરા-ગગનને ભરી દીધું હતું. પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું, 'ભારત શાસ્ત્રોની ભૂમિ છે. શાસ્ત્રો આપણું રક્ષણ કરે છે. અનંત કાળનો અનુભવ શાસ્ત્રોમાં રહેલો છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ સનાતન સિદ્ધાંતોનો મહાસાગર છે. ભારતનાં શાસ્ત્રોમાં જ્ઞાનનું જેટલું ઊંડાણ છે તેટલું અન્ય ક્યાંય નથી.'

પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં 'મંદિર'નો મહિમા ગાતાં કહ્યું, 'હજારો વર્ષોથી મંદિર આપણી સનાતન હિન્દુ ધર્મની ઓળખ બન્યાં છે. આ મંદિરો દ્વારા હિન્દુ પરંપરાનું વહન થતું રહ્યું છે. પ્રમુખસ્વામી મહારાજે અહીં અક્ષરધામ નિર્માણનો જે સંકલ્પ કર્યો હતો તે પૂર્ણ થઈ રહ્યો છે, તેનો સમગ્ર સનાતન હિન્દુ ધર્મને આનંદ છે.'

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૦ ઉપર)

આ અંગેનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્ગારો



**પૂજ્ય સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ**
સૂત્રધાર,
શ્રી રામજન્મભૂમિ મંદિર, અયોધ્યા



**પૂજ્ય સ્વામી શ્રી મુકુંદાનંદજી**
સ્થાપક,
જગદ્ગુરુ કૃપાલુજી યોગ સંસ્થાન,
યુ.એસ.એ.



**શ્રી વેદ નંદા**
અધ્યક્ષ, હિન્દુ યુનિવર્સિટી ઑફ અમેરિકા



**શ્રી ડૉ. ટોની નાદર**
અધ્યક્ષ, ઇન્ટર-નેશનલ ટ્રાન્સેન્ડેન્ટલ મેડિટેશન,
યુ.એસ.એ.



**શ્રી જેફરી આર્મસ્ટ્રોંગ**
સ્થાપક, વૈદિક એકેડમી ઑફ સાયન્સ એન્ડ આર્ટ્સ, કેનેડા



**શ્રી જય બંસલ**
કન્વીનર,
હિન્દુ હેરિટેજ મન્થ

## માનવીથી લઈને મંદિર સુધી વેદોનું પ્રકટીકરણ...

**– શ્રી ડૉ. ટોની નાદર**

**આ** અદ્ભુત સિદ્ધિ બદલ બી.એ.પી.એસ. સંસ્થાને ખૂબ ખૂબ અભિનંદન. મંદિરથી લઈને વ્યક્તિ સુધી અને તેના આત્મા તથા આધ્યાત્મિકતાના સ્તર સુધી પહોંચીને દરેક માનવીમાં વેદો પ્રગટાવવાનું કાર્ય કરવા બદલ તેમજ વેદોની અભિવ્યક્તિ સમા ભવ્ય અક્ષરધામ મંદિરનું નિર્માણ કરવા બદલ હું ભગવાન સ્વામિનારાયણ તથા મહંત સ્વામીજીને વંદન કરું છું. ●

## વૈદિક સંસ્કૃતિના નવા યુગનો મંગલ પ્રારંભ થયો છે...

**– શ્રી જેફરી આર્મસ્ટ્રોંગ**

**અ**ક્ષરધામનું નિર્માણ એ વૈદિક સનાતન ધર્મ સંસ્કૃતિના વૈદિક રેનેસાં - નવા યુગનો જાણે મંગલ પ્રારંભ છે. બી.એ.પી.એસ. સંસ્થાએ સનાતન ધર્મ માટે વિશ્વસ્તરે જે કાર્ય કર્યું છે તે ભૂલી શકાય તેમ નથી. પ્રમુખસ્વામી મહારાજે મને લંડનમાં દર્શનનો લાભ આપ્યો ત્યારે હું તેમનાથી અત્યંત પ્રભાવિત થયો હતો. ત્યારથી આ સંસ્થા સાથે મારો સ્નેહસંબંધ બંધાયો છે. મહંત સ્વામી મહારાજ પણ એવા જ તેજસ્વી અને સ્નેહસભર છે. ●

## સનાતન ધર્મનો વિજય અને સફળતાનો ઉત્સવ...

**– પૂજ્ય સ્વામી શ્રી મુકુંદાનંદજી**

**અ**ક્ષરધામનો આ ચમત્કાર શક્ય બનાવનારા ભક્તિસભર ભક્તોને વંદન કરું છું. જે મહાન સંતે આ ભવ્ય વિઝન આપ્યું તેમને વંદન. અહીં ઉપસ્થિત સનાતન ધર્મની ૪૦૦થી વધુ સંસ્થાઓ બી.એ.પી.એસ. સંસ્થાની આ સિદ્ધિને વધાવવા એકત્રિત થઈ છે. આ સંસ્થાની ભક્તિ, ગુરુભક્તિમાંથી સૌને પ્રેરણા મળે છે. જિગ્સો પઝલની જેમ લાખો પથ્થર ગોઠવીને આ મંદિરનું નિર્માણ કરવામાં આપને અનેક પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હશે, પરંતુ ભક્તવત્સલ ભગવાનની કૃપા વિના આ શક્ય બને તેમ નહોતું. અક્ષરધામ એટલે સનાતન ધર્મનો વિજય અને તેની સફળતાનો ઉત્સવ. ●

## ભગવાનના ધામ તરીકે વિશ્વનું એક પરફેક્ટ તીર્થ...

**– શ્રી વેદ નંદાજી**

**સ**નાતન ધર્મ વિશે કંઈપણ કહેવું હોય તો જુઓ આ ભવ્ય અને અદ્ભુત અક્ષરધામ. ૧૨,૫૦૦ સ્વયંસેવકોની સેવાથી નિર્માણ પામેલું આ અક્ષરધામ અતિ પ્રેરણાદાયક અને પ્રભાવક છે. અક્ષરધામના પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજના ચરણસ્પર્શ કરવાનો લહાવો મને મળ્યો છે. તેમના આશીર્વાદથી આટલી મોટી સંખ્યામાં સ્વયંસેવકોએ તન-મન-ધન સમર્પિત કરીને હિન્દુ ધર્મનું આવું ભવ્ય મહામંદિર નિર્માણ કર્યું છે, ભગવાનના ધામ તરીકે આટલું પરફેક્ટ તીર્થ વિશ્વમાં ક્યાંય નથી. ભક્તોની ભક્તિનું આ મૂર્તિમંત સ્વરૂપ છે. હિન્દુ મૂલ્યો આ દેશ અને વિશ્વને અનેક પડકારોમાં માર્ગ દેખાડશે. આપણે તેમાં જોડાઈએ. ●



**અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે ભારતીય સંસ્કૃતિની વંદના કરતો ઊજવાયોઃ**

# ભારતીય સંસ્કૃતિ દિન

**ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃતિના જ્યોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણને મહાનુભાવોએ હૃદયથી અર્પ્યું અર્ઘ્ય...**

ભારતીય સંસ્કૃતિનાં જ્ઞાન, મૂલ્યો, અધ્યાત્મ વારસાની ભાગીરથીને સમગ્ર વિશ્વમાં પ્રવાહિત કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણને અનુસરીને વિરાટ જનમાનસમાં ભારતીય સંસ્કૃતિની ચેતનાને જગાવવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. સંસ્કૃતિના આધારસ્તંભ સમાં શાસ્ત્ર, મંદિર અને સંત - ત્રણેયને પોષણ આપીને સંસ્કૃતિને વિશેષ નવપલ્લવિત કરી છે. પશ્ચિમી દેશોમાં પણ ભારતીયોમાં પોતાની સંસ્કૃતિનાં મૂલ્યો, સદાચાર અને અધ્યાત્મના સંસ્કારો જળવાય, પોષાય અને સંવર્ધિત થાય એવા વિશાળ હેતુથી ઠેર ઠેર મંદિરો અને અક્ષરધામ મહામંદિરનું નિર્માણ સ્વામીશ્રીએ કર્યું છે. એટલે જ, અક્ષરધામ મહામંદિરના ઉદ્‌ઘાટન મહોત્સવના ઉપક્રમે તા. ૧-૧૦-૨૦૨૩ના રોજ સંધ્યાસભામાં ‘ભારતીય સંસ્કૃતિ દિન’ વિષયક શાનદાર કાર્યક્રમ યોજાયો હતો.

આજે સવારે નિર્ધારિત ક્રમ મુજબ દર્શનાર્થી સ્ત્રી-પુરુષ




અક્ષરધામની યાત્રા કરીને અમેરિકાના પ્રસિદ્ધ લોકનેતાઓએ ભારતીય સંસ્કૃતિની ગરિમાગાથા માણી અને સંસ્કૃતિ તથા સંસ્કૃતિના જ્યોતિર્ધર ભગવાન સ્વામિનારાયણના અનુગામી મહંત સ્વામી મહારાજને વધાવ્યા...

ભક્તોએ મહામંદિરમાં વેદોક્ત પૂજનવિધિ પણ કર્યો હતો.

સંધ્યા સભામાં સંસ્કૃતિના જ્યોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણને વંદના કરતાં સ્વામિનારાયણ યશગાથાનું ગાન કરીને સંગીતજ્ઞ સંતોએ શ્રીહરિનાં જીવનકાર્યોના સ્મરણ સાથે સભામાં એક અનોખી ચેતના પ્રસરાવી દીધી. આજના મધ્યવર્તી વિચારને વર્ણવતી એક વીડિયો-પ્રસ્તુતિ બાદ આનંદ-સ્વરૂપદાસ સ્વામી અને યોગાનંદદાસ સ્વામીએ આજના સંસ્કૃતિ દિનને અનુરૂપ સંબોધનો કર્યાં હતાં.

ત્યારબાદ ઉપમંચ પર સ્વયંસેવક શ્રી ડૉ. ચિરાગ જી. પટેલ (સિનિયર મૅડિકલ ડિરેક્ટર, કાર્બન હેલ્થ) અને શ્રી મોહક એસ. શ્રોફ (વરિષ્ઠ વાઇસ પ્રેસિડન્ટ અને એન્જિનિયરિંગ વડા, LinkedIn)એ સાંસ્કૃતિક મૂલ્યોના વહનમાં પારિવારિક સત્સંગનું મહત્ત્વ દર્શાવતા સ્વાનુભવો કહ્યા.

આજે મંચસ્થ મહાનુભાવો શ્રી સેથ લેવિસ (સેનેટર, ઇલિનોઇસ), શ્રી નીરજ અંતાણી (સેનેટર, ઓહાયો), શ્રી વિલિયમ રોબર્ટ વૂડલ-૩ (પૂર્વ યુ.એસ. રિપ્રઝન્ટેટિવ, જ્યોર્જિયા), શ્રી હર્ષ વી. અગાડી (પ્રેસિડન્ટ અને સીઈઓ, ક્રોફર્ડ એન્ડ કંપની), શ્રી ગ્લેન ગ્રોથમેન (યુ.એસ. રિપ્રઝન્ટેટિવ, વિસ્કોન્સિસ), શ્રી પીટ સેશન્સ (કૉંગ્રેસમેન, ટેક્સાસ યુ.એસ.), શ્રી જોનાથન લેવિન (સહ-મૅનેજિંગ પાર્ટનર, બેઈન કેપિટલ), શ્રી ડોન ટ્રેસી (અધ્યક્ષ, ઇલિનોઇસ રિપબ્લિકન પાર્ટી), ડૉ. રવિ કપૂર (સહ-સ્થાપક અને પ્રમુખ, બેન્ડ બાયો), શ્રી ઓસ્ટિન રોબિન (સીઈઓ, રોબિન જૂથ), શ્રી અનુ મહેતા (એક્ઝિક્યુટિવ, ગ્લોબલ સોલ્યુશન્સ), શ્રી જો જોહલ (સીઈઓ, વેન્ડીઝ ઓફ ધ પેસિફિક) વગેરેનું

સ્વાગત-સન્માન સંતોએ કર્યું.

મહાનુભાવોએ વક્તવ્યો દ્વારા અહીં સેવાની ભાગીરથી વહાવનાર સ્વયંસેવકોને બિરદાવ્યા અને એમના સ્વાનુભવોની એક અલ્પ ઝલક વીડિયોના માધ્યમ દ્વારા સૌએ માણી. પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદ બાદ સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત કેટલાંક નૂતન પ્રકાશનોનું ઉદ્‌ઘાટન થયું હતું. આમ, અક્ષરધામ મહોત્સવનો દ્વિતીય દિન ભારતીય સંસ્કૃતિ અને તેના જ્યોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણને વંદના કરતો સંપન્ન થયો. ઇલિનોઇસ ◆

આ અંગેનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૬ પરથી)

સંત-મહિમાનું સ્મરણ કરતું બ્રહ્માનંદ સ્વામી રચિત પદ 'સંત પરમહિતકારી'નું ગાન સંતોએ કર્યું હતું. ત્યારબાદ આજના સમારોહમાં ઉપસ્થિત રહેલા ધાર્મિક સંસ્થાનોના પ્રતિનિધિઓ તથા મંચસ્થ બિરાજમાન મહાત્માઓનું હાર્દિક સન્માન કરવામાં આવ્યું હતું. બાદ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સનાતન ધર્મના આધારભૂત સ્તંભ 'સંત' મહિમાનું ગાન કર્યું હતું.

આજના અવસરમાં સમ્મિલિત થવા માટે ભારતથી ખાસ પધારેલા ગોવિંદદેવગિરિજી મહારાજે અંતરના ભાવથી સ્વામીશ્રીને શાલ-હાર અર્પણ કરીને પંચાંગ-પ્રણામ કર્યા હતા. આજના સમારોહના અધ્યક્ષપદેથી સંબોધતાં તેઓએ જણાવ્યું હતું કે "अमेरिका में मैं 27 वर्षों से लगातार आता रहा हूँ। लेकिन आज अमेरिका की धरती पर आकर के मुझे जितना आनंद हुआ उतना आनंद मैंने कभी भी अनुभव नहीं किया था। आज मेरा अंतःकरण वास्तव में गदगद है, क्योंकि आज मैं सनातन धर्म का वह रूप सामने देख रहा हूँ जिसको देखने के लिए यह अंतःकरण तड़प रहा था। अपने देश के और धर्म के प्रति आत्मविश्वास शतगुणा बढ़ जाए इस प्रकार का दर्शन यदि वास्तव में किसी ने दिया हो तो वह स्वामिनारायण अक्षरधाम में दिया है। मेरे अनंत प्रणाम उस श्रद्धा, भक्ति और निष्ठा को अर्पित करता हूँ जिस निष्ठा-भक्ति ने इस मंदिर को खड़ा किया है। हमारे अनेक मत है, अनेक देवी-देवता है, हमारी अनेक भाषाएं हैं, हम अनेक प्रकार की रीति-रिवाज का पालन करते हैं, लेकिन हमारा हृदय हिन्दुत्व का हृदय है, इस बात का साक्षात्कार आज हम लोग कर रहे हैं।

यदि किसी को भारत क्या है यह अमेरिका की धरती पर बैठकर के जानना हो तो मुझे ऐसे लगा कि भारत में जाकर तो बाद में देखना, लेकिन भारत की संस्कृति का सारा ज्ञान आपको इस एक मंदिर का ठीक से अवलोकन करने से अपने आप प्राप्त हो जाएगा।

इस भव्य दिव्य मंदिर के एक-एक खंभे की एक-एक प्रतिमा को देखने में और उसका अध्ययन करने में उसको जान करके और फिर आप भारत की ओर जाएंगे तब आपकी दृष्टि कुछ अलग होगी और तब आपको भारत माता अपना हृदय खोल करके दिखाएंगी कि मैं क्या हूँ। भारत का वह वैभव इस भूमि के ऊपर खड़ा करना कोई सामान्य बात नहीं थी। लेकिन असामान्य, स्वप्न जैसा लगने वाला चमत्कार जिस श्रद्धा ने साकार किया वह श्रद्धा वास्तव में प्रणम्य है और हम सब लोगों को साथ में मिलकर के, इसके अनुगामी हो करके और इसका उपयोग अपने भीतर अनेक प्रकार की प्रेरणाएँ प्राप्त करने के लिए करना चाहिए।

सब लोगों के लिए इन सारी प्रेरणाओं को प्रदान करने वाले, इस दिव्य केन्द्र को खड़ा करने वाले, इस समस्त लोगों की भक्ति को पुनः एक बार अभिवादन करता हूँ और इतना ही कहता हूँ कि हम सब लोग मिलकर के यदि चलते जाएंगे तो भारत का उत्थान होगा, संसार का कल्याण होगा।"

કોલંબિયા યુનિવર્સિટીના વિદ્વાન અને જર્નાલિઝમના ક્ષેત્રે પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા સત્સંગી યુવાન શ્રી યોગી ત્રિવેદી દ્વારા લિખિત અક્ષરધામનો પરિચય કરાવતું પુસ્તક 'If stones could sing...' ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટિત કરાવ્યું હતું.

અમેરિકા સ્થિત ૪૦૦થી વધુ હિન્દુ સંસ્થાઓએ સનાતન ધર્મની સેવામાં બી.એ.પી.એસ. દ્વારા નિર્માણ કરાયેલા અક્ષરધામ અને તેના પ્રેરક પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વિશ્વ હિન્દુ પરિષદ-અમેરિકાએ સન્માન-પત્ર અર્પણ કરીને નવાજ્યા હતા. આમ, અક્ષરધામ મહોત્સવનો આરંભ સનાતન ધર્મના જય જયકારથી થયો. ◆

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી પિટ સેશન્સ**
કોંગ્રેસમેન અને લોકનેતા, ટેક્સાસ રાજ્ય, યુ.એસ.એ.



**શ્રી વિલિયમ રોબર્ટ વુડલ ત્રીજા**
પૂર્વ અમેરિકી રિપ્રઝન્ટેટિવ, જ્યોર્જિયા રાજ્ય, યુ.એસ.એ.



**શ્રી ગ્લેન ગ્રોથમેન**
રિપ્રઝન્ટેટિવ, વિસ્કોન્સિસ, યુ.એસ.એ.



**શ્રી હર્ષ વી. અગાડી**
પ્રમુખ, ક્રોફોર્ડ એન્ડ કંપની, યુ.એસ.એ.



**શ્રી સેથ લેવિસ**
સેનેટર, ઇલિનોઇસ રાજ્ય, યુ.એસ.એ.



**શ્રી નીરજ અંતાણી**
સેનેટર, ઓહાયો રાજ્ય, યુ.એસ.એ.

## હજાર વર્ષ સુધી ઉન્નત જીવનની અહીં પ્રેરણા મળશે...

**– શ્રી પિટ સેશન્સ**

આપ સ્વયંસેવકોએ માત્ર પોતાનું સમર્પણ જ નથી કર્યું, પરંતુ આવનાર એક હજાર વર્ષ સુધી જે લોકો અહીં આવશે તે તમામ માટે લાભકારક કાર્ય કર્યું છે. તમે સાચું જ્ઞાન પ્રાપ્ત કરીને તમારી જાતને એવા માર્ગે સમર્પિત કરી છે કે જે આપણી પાછળ આવનારા લોકો માટે પ્રેરક અજવાળાં પૂરાં પાડી શકે. એક ઉદાત્ત હેતુ માટે સમર્પિત થવા બદલ તમારો આભાર. જો આ બધી ગાથાઓ વિશ્વ સમક્ષ મૂકીએ તો વિશ્વને પણ તેમાંથી પ્રેરણા મળશે કે કેવા કેવા લોકોએ પોતાની જાતને અહીં સમર્પીને કઠોર પરિશ્રમ કર્યો છે! માત્ર બલિદાનની કથાઓ નહીં, પરંતુ તેમાંથી અનેક લોકોની પ્રેમભરી સંભાળ અને સહાયની ગાથા જાણવા મળશે. યુ.એસ.એ.ના એક સિનિયર સંસદ સભ્ય તરીકે હું કહું છું કે આ અક્ષરધામ ખડું કરીને તમે આ દેશને ખૂબ મોટું પ્રદાન આપ્યું છે, જે આવનારાં હજાર વર્ષો સુધી વધુ ઉન્નત જીવન જીવવા માટે પ્રેરણા આપતું રહેશે. ●

## અક્ષરધામરૂપી સંજીવનીનું અનોખું પ્રદાન...

**– શ્રી નીરજ અંતાણી**

જેવી રીતે હનુમાનજી લક્ષ્મણ માટે સંજીવની લેવા ગયા હતા અને આખો પર્વત લઈને આવ્યા તેવી રીતે આ અક્ષરધામ રૂપે પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજ અમેરિકામાં સમાજ માટે સંજીવની લઈને આવ્યા છે. આ સંજીવની શતાબ્દીઓ સુધી સમાજને નવું જીવન આપ્યા કરશે. ●

## અક્ષરધામની સ્મૃતિમાં 'હિન્દુ જાગરણ માસ'નો નિર્ણય...

**– શ્રી સેથ લેવિસ**

અક્ષરધામ એક ભવ્ય સ્થાન છે. અહીં પથ્થરમાં સદાને માટે કંડારાયેલી હિન્દુ ધર્મની ગાથાઓ અને અદ્‌ભુત નકશી-કલાકારીગરી આવનારાં હજારો વર્ષો સુધી પ્રેરણાદાયક બની રહેશે. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે ઈલિનોઇસ રાજ્યમાં તેમને બિરદાવતું રિઝોલ્યૂશન વિધિવત્ પસાર કર્યું હતું. તેમ, આ અક્ષરધામ ઑક્ટોબર મહિનામાં ઉદ્‌ઘાટિત થઈ રહ્યું છે એટલે અમે ઈલિનોઇસ રાજ્યમાં દર વર્ષે ઑક્ટોબર મહિનાને 'હિન્દુ જાગરણ માસ' તરીકે વિધિવત્ રીતે જાહેર કરીએ છીએ. ●

## એવું પ્રદાન, જે બદલ અમેરિકા હંમેશાં તમારું ઋણી રહેશે...

**– શ્રી ગ્લેન ગ્રોથમેન**

મેં ક્યારેય સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું તેવું ભવ્ય અક્ષરધામ આજે નિહાળ્યું, જેને હું ક્યારેય ભૂલી શકીશ નહીં. ઉત્તમ મૂલ્યો પ્રત્યે સમર્પણભાવથી કઠોર પરિશ્રમ કરીને ઉચ્ચ જીવનની પ્રેરણા આપતું આવું નિર્માણ કરવાની સિદ્ધિ મેળવવા બદલ અમેરિકા હંમેશાં તમારું ઋણી રહેશે. ●



પશ્ચિમની ધરતી પર ઊછરેલા સુશિક્ષિત યુવાનોના સમર્પણનો અપૂર્વ ઇતિહાસ રચાયો...

# દીક્ષા સમારોહ અને અહિંસા દિન

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વે અને મહાત્મા ગાંધીના જન્મદિને અહિંસાના વૈશ્વિક મૂલ્યની પ્રેરણા દૃઢાવાઈ...

તા. ૨-૧૦-૨૦૨૩, ભાદરવા વદ ચોથનો દિન અક્ષરધામ મહોત્સવના એક સ્વર્ણિમ દિન તરીકે જ નહીં, પરંતુ ભારતીય-હિન્દુ ઇતિહાસમાં અમર થઈ ગયો. એટલા માટે કે આજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિ પર્વે અક્ષરધામના પ્રાંગણમાં ૬૦ સુશિક્ષિત નવયુવાનોએ સંસ્કૃતિ-સનાતન ધર્મની સેવા માટે પોતાના જીવનને સમર્પિત કર્યું હતું. વિદેશની ધરતી પર ત્યાગાશ્રમની દીક્ષા લેનારો આટલો મોટો સમુદાય સનાતન હિન્દુ ધર્મના ઇતિહાસમાં એક વિક્રમ રચી રહ્યો હતો. સ્વામિનારાયણ અક્ષરધામ સ્વયં સમર્પણનું એક મૂર્તિમંત સ્વરૂપ તરીકે આજે વધુ નીખરી ઊઠ્યું હતું. વહેલી સવારથી જ આ દીક્ષા સમારોહનો લાભ લેવા આવેલા હરિભક્તોથી અક્ષરધામ મહામંદિરનું પરિસર છલકાતું હતું.

કલાત્મક મંચના ઉચ્ચસ્થાને વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોની



ભગવાન સ્વામિનારાયણ, અક્ષરપુરુષોત્તમ ઉપાસના અને સનાતન ધર્મની સેવા માટે અમેરિકાની ધરતી પર ઊછરેલા સુશિક્ષિત નવયુવાનોએ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં જીવન સમર્પિત કર્યું ત્યારે એક ઇતિહાસ રચાઈ ગયો.

નિશ્રામાં વહેલી સવારે માંગલિક વાતાવરણમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે દીક્ષા નિમિત્તે મહાપૂજાવિધિ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. વેદોક્તવિધિ બાદ વિવેકસાગર સ્વામી અને આનંદસ્વરૂપ સ્વામીએ પ્રાસંગિક સંબોધનો કર્યાં હતાં. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણા-વચનોમાં કહ્યું: 'આજનો દિવસ અમેરિકા માટે અને કદાચ વિશ્વ માટે વિશિષ્ટ દિવસ કહી શકાય. કારણ કે જેમનો જન્મ અને ઉછેર અમેરિકામાં થયો છે તેવા યુવાનો ત્યાગાશ્રમ માટે જીવન સમર્પી રહ્યા છે.'

ત્યારબાદ મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં દીક્ષાવિધિનો મુખ્ય તબક્કો શરૂ થયો. મુખ્ય મંચ પર વરિષ્ઠ સંતો સાથે બિરાજમાન સ્વામીશ્રીની સન્મુખ ઉપમંચ પર જમણી બાજુ ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરનાર પાર્ષદો તથા ડાબી બાજુ પાર્ષદી દીક્ષા પ્રાપ્ત કરનાર સાધકો પોતાના પિતા-વાલીઓ સાથે આસનસ્થ હતા.

સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરીને યજ્ઞોપવીત દેવતાઓનું આવાહન કર્યું અને તેના પર અક્ષત-પુષ્પ પધરાવ્યાં. વાલીઓ દ્વારા પુત્ર અર્પણ સંકલ્પ થયો અને દીક્ષાર્થીઓ દ્વારા શુભ-સંકલ્પવિધિ થયો. ત્યારપછી તમામ દીક્ષાર્થીઓએ સ્વામીશ્રી દ્વારા પ્રસાદીભૂત થયેલું યજ્ઞોપવીત જમણા ખભે ધારણ કર્યું.

નારાયણમુનિદાસ સ્વામીએ આજે જીવન સમર્પિત કરી રહેલા તમામ યુવાનોનો વિધિવત્ ક્રમશઃ પરિચય આપ્યો અને તે મુજબ એક પછી એક દીક્ષાર્થી મંચ પર દીક્ષા ગ્રહણ કરવા આવી રહ્યા હતા. આ સૌ દીક્ષાર્થીઓને વિવેકસાગરદાસ સ્વામીએ કંઠી, ઈશ્વરચરણદાસ સ્વામીએ ગાતરિયું, ત્યાગવલ્લભદાસ સ્વામીએ અર્ચા,

કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ પાઘ, ડૉક્ટર સ્વામીએ દીક્ષાર્થીઓના પિતાશ્રી-વાલીઓને આશીર્વાદ-પત્ર તથા ઘનશ્યામચરણદાસ સ્વામીએ પ્રસાદ અર્પણ કર્યો. સ્વામીશ્રીએ દરેક દીક્ષાર્થીને દીક્ષામંત્ર આપી કૃતાર્થ કર્યા હતા. તમામ દીક્ષાર્થીઓએ ગુરુહરિ પાસે દીક્ષામંત્ર લઈને અંતરની પ્રાર્થના રજૂ કરી હતી.

સ્વામીશ્રીએ દીક્ષાંત આશિષ અર્પતાં કહ્યું: ''પહેલા તો કોને ધન્યવાદ આપવા એ પ્રશ્ન છે! કારણ કે મા-બાપે પોતાના દીકરાઓને ઉછેર્યા, મોટા કર્યા, ભણાવ્યા-ગણાવ્યા અને અર્પણ કર્યા! કોઈ ફળની અપેક્ષા નહીં કે મને કમાઈને આપશે. માટે તેમને અને દીક્ષાર્થીને તેમજ તેઓનાં ભાઈ-બહેન-સગાંવહાલાં બધાને આશીર્વાદ છે. કેમ કે બધાંનો ફાળો હોય તો જ આ શક્ય બને! માટે બધાંને ધન્યવાદ આપવામાં આવે છે.

આ દિવ્ય મહોત્સવ થઈ રહ્યો છે અને બધાને આનંદ આનંદ થઈ રહ્યો છે. બધાના મનમાં સેવાનો સંકલ્પ છે જ એટલે તો અહીં દીક્ષા લેવા આવ્યા છો. અક્ષરપુરુષોત્તમની સેવામાં હોમાઈ જવું છે એવી બધાનાં મનમાં ભાવના છે. અક્ષરરૂપ થવું અને પુરુષોત્તમની ઉપાસના કરવી એ ધ્યેય સિદ્ધ થાય એ જ પ્રાર્થના.''

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ભાગવતી-પાર્ષદી દીક્ષા ગ્રહણ કરનાર ૩૦ યુવકો પૈકી ૧૬ યુવકો પોતાનાં માતા-પિતાના એકના એક પુત્ર છે અને ૪ યુવકો પોતાનાં માતા-પિતાનું એક માત્ર સંતાન છે.

આ 'અક્ષરધામ યાત્રા' દરમ્યાન સ્વામીશ્રીએ લંડન-કેનેડામાં ૫ યુવકોને દીક્ષા આપી હતી. આ ઉપરાંત ૨૫ યુવાનો સાધક તરીકે દીક્ષા માટે સમર્પિત થયા. આમ, કુલ ૬૦ સંતો-પાર્ષદો-સાધકોની ભેટ અમેરિકા-યુ.કે. સત્સંગ મંડળે ધરી.

આજના આ અવસરે ઉપસ્થિત શ્રી રો ખન્ના (કૉંગ્રેસમેન, કેલિફોર્નિયા), શ્રી થાનેદાર (કૉંગ્રેસમેન, મિસિગન), માર્ક ટાકાનો (કૉંગ્રેસમેન, કેલિફોર્નિયા) વગેરે મહાનુભાવો તથા દીક્ષાર્થીઓના વાલીઓનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

દીક્ષા સમારોહના અંતે દીક્ષિત યુવાનોએ 'હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો...' કીર્તનના તાલે ભક્તિનૃત્ય કરી અંતરનો આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વામીશ્રીએ તમામ દીક્ષાર્થીઓ પર દૃષ્ટિ કરી રાજીપો

## પાર્ષદી દીક્ષાર્થી નામાવલિ : દીક્ષાદિન તા. ૨-૧૦-૨૦૨૩, સોમવાર

| સાધક નામ | પાર્ષદી નામ | સાધક નામ | પાર્ષદી નામ |
|---|---|---|---|
| યજ્ઞાભાઈ અમિતભાઈ પટેલ (માયામી) B.S. | અભિમન્યુ ભગત | તિલકભાઈ વિરલભાઈ ઝિંઝુવાડિયા (એડિસન) B.S. | દર્શક ભગત |
| અજયભાઈ અમિષભાઈ પટેલ (એડિસન) B.S. | યુધિષ્ઠિર ભગત | સૌમિલભાઈ પિનાકિનભાઈ જાની (ઓર્લાન્ડો) Pharm. D | દશરથ ભગત |
| રાજભાઈ ભરતભાઈ પટેલ (એટલાન્ટા) B.S. | જન્મેજય ભગત | કીર્તનભાઈ કમલેશભાઈ લોઢિયા (દાર-એ-સલામ) B.A. | ભગીરથ ભગત |
| તન્મયભાઈ મદનસિંહ વાઘેલા (એલ.એ.) B.S. | સહદેવ ભગત | જયભાઈ દીપ્તેશભાઈ પટેલ (એડિસન) B.S. | અંબરિષ ભગત |
| યશભાઈ પ્રશાંતભાઈ શાહ (એટલાન્ટા) B.S. | બલભદ્ર ભગત | પ્રેમભાઈ જતીનભાઈ પટેલ (ફિલાડેલ્ફિયા) B.S. | જયદેવ ભગત |
| વંદનભાઈ રીપલભાઈ પટેલ (એટલાન્ટા) B.S. | પ્રદ્યુમ્ન ભગત | કેશવભાઈ નીતિનભાઈ પટેલ (રોબિન્સવિલ) B.A. | પ્રહ્લાદ ભગત |
| અર્થભાઈ જયદીપભાઈ પટેલ (રોબિન્સવિલ) B.S. | નામદેવ ભગત | વત્સલભાઈ ધર્મેન્દ્રભાઈ પટેલ (ટોરન્ટો) B.S. | વિરાટ ભગત |
| હર્ષભાઈ મહેશભાઈ પટેલ (શિકાગો) B.S. | સુજાત ભગત | પાર્થભાઈ કિરણભાઈ પટેલ (ટોરન્ટો) B.S. | રામાનુજ ભગત |
| રાજભાઈ સમીરભાઈ પટેલ (ક્લિફ્ટોન) B.S. | સુનંદ ભગત | હર્ષભાઈ સંજીવભાઈ પટેલ (ટોરન્ટો) B.S. | પરીક્ષિત ભગત |
| જયભાઈ શૈલેશભાઈ પટેલ (એડિસન) B.A. | નૈષધ ભગત | રોનકભાઈ જિતેન્દ્રભાઈ ખૂટવડ (ટોરન્ટો) B.A. | પૃથુ ભગત |
| મલયભાઈ ભૃગેશભાઈ પટેલ (ડલાસ) B.A. | પ્રણવ ભગત | | |

## ભાગવતી દીક્ષાર્થી નામાવલિ : દીક્ષાદિન તા. ૨-૧૦-૨૦૨૩, સોમવાર

| પાર્ષદી નામ | સંત દીક્ષાર્થી નામ | પાર્ષદી નામ | સંત દીક્ષાર્થી નામ |
|---|---|---|---|
| વ્યોમેશ ભગત (ડલાસ) M.A. | સાધુ અક્ષરનિકેતદાસ | નિરપેક્ષ ભગત (ફિલાડેલ્ફિયા) B.S. | સાધુ ગુરુસંકલ્પદાસ |
| પુનિત ભગત (રાલે) B.S. | સાધુ નારાયણસંકલ્પદાસ | નૈષ્ઠિક ભગત (એડિસન) B.A. | સાધુ અક્ષરમુક્તદાસ |
| સુદૃઢ ભગત (એડિસન) B.S. | સાધુ અક્ષરસેવાદાસ | ધાર્મિક ભગત (એડિસન) B.S. | સાધુ ગુણાતીતનિકેતદાસ |
| પ્રતોષ ભગત (ટેમ્પા) B.A. | સાધુ અક્ષરહૃદયદાસ | સુકુમાર ભગત (રોબિન્સવિલ) B.S. | સાધુ અક્ષરસ્નેહદાસ |
| પુષ્કર ભગત (ન્યૂયોર્ક) B.S. | સાધુ ગુણાતીતસ્વરૂપદાસ | | |

વરસાવ્યો હતો.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વ નિમિત્તે સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરેલા દૂધપાકનો પ્રસાદ ગ્રહણ કરીને તમામ હરિભક્તો-ભાવિકો વિદાય થયા હતા.

આમ, સનાતન હિન્દુ ધર્મના ઈતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ ઉમેરનાર આજના દીક્ષા સમારોહનાં પડઘમ સમગ્ર અમેરિકા અને વિશ્વભરમાં ગુંજી ઊઠ્યાં હતાં.

## ■ અહિંસા દિન

અક્ષરધામ મહોત્સવની તૃતીય સંધ્યાસભા તા. ૨-૧૦-૨૦૨૩ના રોજ અહિંસા દિન તરીકે મહાત્મા ગાંધી તથા તેમને આઝાદી માટે આશીર્વાદ આપનાર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં ચરણે એક વિશિષ્ટ અંજલિ બની રહી.

સનાતન હિન્દુ ધર્મનો એક મુખ્ય સિદ્ધાંત 'અહિંસા' છે. સત્ય, સમતા, કરુણા, અહિંસા વગેરે હિન્દુ સનાતન મૂલ્યો સમગ્ર વિશ્વમાં સંવાદિતા પ્રેરે છે. તેથી સમારોહનો પ્રારંભ યુવાવૃંદે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને એ મૂલ્યોની પ્રેરણા આપતા ભજન 'વૈષ્ણવજન...'ના ગાનથી કરાવ્યો હતો. ત્યારબાદ પ્રિયવ્રતદાસ સ્વામીએ પ્રાસંગિક સંબોધન કર્યું.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં શાસ્ત્રીજી મહારાજનો મહિમા ગાતાં કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજે આવનારાં અનેક વર્ષો સુધી અનંત મુમુક્ષુઓ માટે ઉપાસનાનો સાચો માર્ગ ચીંધ્યો. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાની વાત જગતને આપી. આ વૈદિક અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તન માટે અનેક મુશ્કેલીઓની વચ્ચે તેઓ અણનમ રહ્યા. તેમના જીવનની અંદર અપમાન, તિરસ્કાર, સહન કરવું એ સાહજિક બની ગયું હતું. ભવ્ય અક્ષરપુરુષોત્તમ મંદિરોનું નિર્માણ કરીને તેમણે શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનનું કાર્ય કર્યું. તેમના આ કાર્યને વેગ આપીને આપણે તેમને અંજલિ આપીએ.'

પૂજ્ય ડૉક્ટર સ્વામીએ ગાંધીજીને અંજલિ અર્પતાં કહ્યું: 'ગાંધીજીએ રોજ પ્રાર્થના કરવી એ નિયમ ધારણ કરેલો. તેમાંથી તેમને આઝાદીની લડત કરવાનું વિશેષ બળ પ્રાપ્ત થયું હતું. સરદાર પટેલે પણ સ્વતંત્રતાની ચળવળમાં ઝંપલાવ્યું અને દેશને સ્વતંત્રતા અપાવી. સરદાર પટેલના કુટુંબમાં સ્વામિનારાયણનો સત્સંગ હતો. તેમના પિતાશ્રી ઝવેરભાઈ શાસ્ત્રીજી મહારાજના પ્રથમ પંક્તિના શિષ્ય હતા. વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ બેરિસ્ટર થવા માટે ઈંગ્લૅન્ડ જવાના હતા તે પૂર્વે બંનેને શાસ્ત્રીજી મહારાજ પાસે લાવેલા. શાસ્ત્રીજી મહારાજે તે વખતે કહેલું, 'તમારા આ બંને દીકરાઓ હિન્દુસ્તાનના બેતાજ બાદશાહ થશે.' ગાંધીજી, સરદાર પટેલનું જીવન શુદ્ધ અને પવિત્ર હતું, એમ આપણું જીવન પણ શુદ્ધ અને પવિત્ર બને એ જ ગાંધી જયંતીએ સંદેશ લઈએ.' બાદ સત્ય, અહિંસા અને સમાદરનાં મૂલ્યો દૃઢાવતો વીડિયો રજૂ થયો હતો. ભક્તિવર્ધનદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં ગાંધીજીના આદર્શોનું દર્શન કરાવ્યું હતું. અક્ષરધામનાં વિવિધ પાસાંઓ દ્વારા પ્રસારિત થઈ રહેલાં હિન્દુ મૂલ્યો – સત્ય, અહિંસા અને સદાચારનું દર્શન યુવકોએ પ્રાસંગિક વક્તવ્યમાં કરાવ્યું હતું.

આજના સમારોહમાં ઉપસ્થિત શ્રી પેટ્રિક સેલર્સ (સેનેટર, અલાબામા), શ્રી ડોવ વિલ્કર (ડાયરેક્ટર, એટલાન્ટા પ્રાદેશિક કાર્યાલય, અમેરિકન યહૂદી સમિતિ), શ્રી ડેરિયસ જે. બ્રાઉન (સેનેટર, ડેલવેર રાજ્ય, ડિસ્ટ્રીક્ટ-૨, યુ.એસ.એ.), શ્રી ડૉ. વરુણ જેફ (ભારતીય ડેપ્યુટી કૉન્સલ જનરલ, ન્યૂયોર્ક), શ્રી દિલીપભાઈ સંઘવી (એમ.ડી., સન ફાર્માસ્યુટિકલ્સ કંપની, ભારત), શ્રી પંકજભાઈ દેસાઈ (ધારાસભ્ય, નડિયાદ-ગુજરાત), શ્રી ડેવિડ ફ્લેશર (કાઉન્સિલ પ્રમુખ, ચેરીહિલ ટાઉનશિપ), ડૉ. અતુલભાઈ ચોકસી (જાણીતા ચિકિત્સક), શ્રી મેક જાવડેકર (લીડર, ફાર્માસ્યુટિકલ) વગેરે મહાનુભાવોનું વરિષ્ઠ સંતોએ સન્માન કર્યું હતું. આરતી બાદ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌ પર કૃપાશિષ વરસાવ્યા હતા.

આશીર્વચનની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ 'હિન્દુઈઝમ' ઉપર લખાયેલાં અંગ્રેજી પુસ્તકો પૈકીના આજે સાત નૂતન અંગ્રેજી ઓડિયો બુકનું વિમોચન કર્યું હતું.

આમ, આજનો દિન અહિંસા દિન અને સમર્પણ દિન તરીકે અક્ષરધામના ઈતિહાસમાં અમર બની ગયો. ◆

દીક્ષા સમારોહનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

અહિંસા દિન સમારોહનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્ગારો



**શ્રી ડોવ વિલ્કર**
ડાઇરેક્ટર, એટલાન્ટા પ્રાદેશિક કાર્યાલય, અમેરિકન યહૂદી સમિતિ



**શ્રી વરુણ જેફ**
ભારતના ડેપ્યુટી કોન્સલ જનરલ, ન્યૂયોર્ક



**શ્રી રો ખન્ના**
કોંગ્રેસમેન, કેલિફોર્નિયા, યુ.એસ.એ.



**શ્રી ડેરિયસ જે. બ્રાઉન**
સેનેટર, ડેલવેર રાજ્ય, યુ.એસ.એ.



**શ્રી દિલીપ સંઘવી**
મેનેજિંગ ડાઇરેક્ટર, સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ, ભારત



**શ્રી થાનેદાર**
રિપ્રઝન્ટેટિવ કોંગ્રેસમેન, મિસિગન, યુ.એસ.એ.



**શ્રી પેટ્રિક સેલર્સ**
રિપ્રઝન્ટેટિવ, અલાબામા રાજ્ય, યુ.એસ.એ.



**શ્રી માર્ક ટાકાનો**
રિપ્રઝન્ટેટિવ કોંગ્રેસમેન, કેલિફોર્નિયા, યુ.એસ.એ.

## અક્ષરધામ સમગ્ર દિવ્યતા અને પવિત્રતાનું સીમાચિહ્ન છે...

**– શ્રી રો ખન્ના**

આ અક્ષરધામ મહામંદિર અજોડ છે. ભારતીય સંસ્કૃતિ, હિન્દુધર્મ અને ઇતિહાસનું એક સીમાચિહ્ન છે. આનું મહત્ત્વ એટલું બધું છે કે હું અમેરિકી સંસદમાં જઈને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તેમજ બધા જ કૉંગ્રેસમેન સભ્યોને અક્ષરધામનાં અહીં દર્શને આવવા વિનંતી કરીશ. એક તરફ આક્રોશ અને પરસ્પર તિરસ્કારના વિચિત્ર સમયમાંથી આપણો દેશ પસાર થઈ રહ્યો છે ત્યારે 'બીજાના ભલામાં આપણું ભલું'નો સંદેશ આપતું આવું આનાથી વધુ ઉત્તમ સ્થાન ક્યાંય નથી. આ મૂલ્યો માત્ર બી.એ.પી.એસ.નાં નથી, આ તો અમેરિકાને એક વધુ ઉત્તમ રાષ્ટ્ર બનાવવાનો મંત્ર છે. અક્ષરધામ સમગ્ર દિવ્યતા અને પવિત્રતાનું સીમાચિહ્નરૂપ મોન્યુમેન્ટ છે, જેના માટે મહાત્મા ગાંધી લડ્યા હતા, તેને એક ઉત્તમ અંજલિ છે. •

## આ અક્ષરધામ દિવ્યતાની સાક્ષાત્ પ્રતિકૃતિ છે...

**– શ્રી માર્ક ટાકાનો**

અક્ષરધામ અત્યંત પ્રભાવક અને પ્રેરણાદાયી છે. આ પૃથ્વી પર આવું સ્વર્ગીય સ્થાન રચવાની માનવ-સંકલ્પનાનું એક શક્તિશાળી ઉદાહરણ છે. માનવ ઉત્સાહ અને દિવ્ય પ્રેરણાની આ એક અજોડ ક્ષણ છે. નિ:સ્વાર્થ સેવા અને સમર્પણની અમાપ શક્તિનું આ અજોડ ઉદાહરણ છે. સત્ય અને યોગ્ય બાબત માટે અનેક વિઘ્નોની સામે ખડા રહેવાની શક્તિનું આ ઉદાહરણ છે. આ નોંધપાત્ર સર્જન માત્ર આર્કિટેક્ચરલ અજાયબી તરીકે જ નહીં, પરંતુ નાત-જાત-રંગ-ધર્મ જેવા કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આપણને સૌને જોડતાં સિદ્ધાંતો અને મૂલ્યોનું મૂર્તિમંત સ્વરૂપ છે. આ મંદિર દિવ્યતાની સાક્ષાત્ પ્રતિકૃતિ છે, જ્યાં કોઈપણ માનવ આવીને ભક્તિ કરી શકે. શાંતિ અને સંવાદિતાનું તેમજ કેળવણી પામવાનું આ એક ગ્લોબલ સેન્ટર છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ, જૂની પેઢી અને નવી પેઢી, વિવિધ સંસ્કૃતિઓ વચ્ચેનો સેતુ છે આ અક્ષરધામ. •

## આ મહામંદિર અત્યંત ચમત્કારી છે...

**– શ્રી થાનેદાર**

અહીં આવીને મને ગૌરવનો અનુભવ થાય છે. આ મહામંદિર ચમત્કારી છે. અહીં પ્રત્યેક હિન્દુ દર્શને આવશે. અમેરિકન કોંગ્રેસમાં હિન્દુ, બૌદ્ધ, શીખ અને જૈનોના એક સંગઠનની સ્થાપના કરી છે. એ બધા જ સભ્યો માટે આ સુંદર મંદિર એક અનોખું સ્થાન બની રહેશે. •

## યહૂદી ધર્મને અહીં સ્થાન અપાયું છે તે સ્પર્શી ગયું છે...

**– શ્રી ડોવ વિલ્કર**

આ પવિત્ર મંદિરમાં યહૂદી ધર્મને પણ સ્થાન આપવામાં આવ્યું છે, એ મને અત્યંત સ્પર્શી ગયું છે; અને યહૂદી કમિટી વતી હું આભાર માનું છું. યહૂદી કમ્યુનિટીના મારા તમામ મિત્રોને, સમતા તથા સત્ય માટે જુદા જુદા સમાજો વચ્ચે સેતુ સાંધતા હિન્દુ ધર્મ, બી.એ.પી.એસ.ના આ પવિત્ર સ્થળે આવવા ગૌરવપૂર્વક કહીશ. અમેરિકાની ધરતી પર જ નહીં, પરંતુ વિશ્વભરમાં સેવા, સત્ય, સમતા, અહિંસાનાં મૂલ્યોની પ્રેરણા આપવા બદલ બી.એ.પી.એસ.નો આભાર. ●

## શ્રદ્ધા, ભક્તિ, સૌંદર્ય અને અધ્યાત્મનું અજોડ ધામ...

**– શ્રી વરુણ જેફ**

આ પવિત્ર અક્ષરધામનાં દર્શન પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં કરવાનો લહાવો મળ્યો તે મારા જીવનનો અદ્વિતીય અનુભવ છે. મારા માટે આ મહાન તીર્થયાત્રાથી જરાપણ ઓછું નથી. આર્કિટેક્ચર, સૌંદર્ય, ભક્તિ, આધ્યાત્મિકતા અને ભગવાનમાં શ્રદ્ધાનું આ અજોડ ધામ છે. અહીંના અજાયબી સમા સ્થાપત્યમાં ભારતના સમયાતીત સાંસ્કૃતિક વારસાનું તથા શાશ્વત શાણપણાનું અદ્‌ભુત દર્શન છે. બી.એ.પી.એસ. અને તેના આધ્યાત્મિક વડા મહંત સ્વામી મહારાજ જેના માટે સમર્પિત છે, તે તપસ્યા અને નિઃસ્વાર્થ સેવાનું આ ફળ છે. અમેરિકાની ધરતી પર એક અદ્‌ભુત સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કેન્દ્ર ખડું કરવાનું પ્રમુખસ્વામી મહારાજનું વિઝન અહીં સૌને પ્રત્યક્ષ અનુભવાય છે. વિશ્વના તમામ ધર્મના લોકો અહીં આવી શકે છે અને અહીંથી શાંતિ તથા આધ્યાત્મિકતા, કલા, સંસ્કૃતિની સમૃદ્ધ પ્રેરણા પામી શકે છે. બી.એ.પી.એસ.ના સંતોએ પોતાના જીવન દ્વારા કરુણા, દયા, સંવાદિતાના વારસાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અક્ષરધામમાંથી પ્રેરણાઓ લઈને આપણે શાંતિ અને સંવાદિતાપૂર્ણ સમાજનું નિર્માણ કરીએ. ●

## સ્વયંસેવકોની સેવાએ મને હંમેશાં પ્રભાવિત કર્યો છે...

**– શ્રી દિલીપ સંઘવી**

કલા, રચનાત્મકતા અને પ્રાચીન ભારતીય તત્ત્વજ્ઞાન તથા સભ્યતાનું એક અજોડ સિદ્ધિરૂપ સ્થાન એટલે અક્ષરધામ. આજે અક્ષરધામની દર્શનયાત્રાથી હું ખૂબ પ્રભાવિત થયો છું. જ્યારે જ્યારે મેં અક્ષરધામ યાત્રા કરી છે ત્યારે સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાએ મને આશ્ચર્યચકિત કર્યો છે. આ સ્વયંસેવકો પોતાના વ્યક્તિગત જીવનમાં ઘણી સિદ્ધિઓ મેળવીને મહત્ત્વનું વ્યાવસાયિક કાર્ય કરી રહ્યા છે, પરંતુ તેમ છતાં શ્રદ્ધાપૂર્વક ઉત્તમ હેતુ માટે નિઃસ્વાર્થભાવે અહીં નોંધપાત્ર સેવા કરી રહ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સમાજને ઉપયોગી થવા માટે જે ઉત્તમ મૂલ્યો શીખવ્યાં છે તે વિશ્વને વધુ સારું બનાવવામાં ઉપયોગી છે, એવી શ્રદ્ધા સાથે અહીં સૌ સેવા કરી રહ્યા છે. ●

**(અનુસંધાન પૃષ્ઠ ૧૮૧ પરથી)**

We share the same sky, the same earth, We breathe the same air, drink the same water and we are all God's children. This is the message of Akshardham. Bhagwan Swaminarayan gave the same message. He used to say that unity is God's power. Anything can be achieved by unity. We pray to Bhagwan Swaminarayan that we all get the strength to imbibe these values of love, unity and harmony and make this circle of unity bigger and bigger. We are very grateful to all the faith leaders who have given their valuable time, showed love and expressed their feelings for universal harmony. I can never forget this event and the support of all the faith leaders. I cannot thank you enough with words, but I offer my heartfelt pranams and namaskar to everyone.'

સ્વામીશ્રીની આ વિનમ્રતાસભર વાણીએ સૌનાં હૃદયોને જીતી લીધાં. એક મહાન ધર્મપરંપરાના વડા હોવા છતાં સ્વામીશ્રીએ નમ્ર હૈયે સૌ પ્રત્યે પોતાનો સ્નેહ પ્રગટ કર્યો, એ સૌને હૃદયે સ્પર્શી ગયો. આ સ્નેહસંદેશ સાથે આજનો દિન અક્ષરધામના સર્વધર્મ સંવાદિતાના હેતુને સાર્થક કરતો ઇતિહાસના લલાટે લખાઈ ગયો. સર્વે મહાનુભાવો અક્ષરધામ, બી.એ.પી.એસ. સંસ્થા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની વિશાળ હૃદયભાવના અને અતિથિ ભાવનાથી પ્રભાવિત થતાં વસુધૈવ કુટુમ્બકમ્‌નો ભારતીય સંદેશ હૃદયે અંકિત કરીને વિદાય થયા. ◆



બ્રહ્મકુંડ તીર્થસ્થાપન વિધિ અને જલયાત્રા

# શોભાયાત્રા અને મહિલા દિન

**મહિલા દિનના ઉપક્રમે શાનદાર મહિલા કાર્યક્રમો યોજાયા અને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભક્તિપૂર્ણ શોભાયાત્રાની સાથે, ભારતીય પરંપરાગત શૈલી પ્રમાણે રચાયેલા અનુપમ બ્રહ્મકુંડનો વેદોક્ત જલપૂજન વિધિ તેમજ સનાતન હિન્દુ ધર્મનાં મહાન તીર્થોનાં જળ-રજ સિંચનનો વિધિ સંપન્ન થયો.**

## બ્રહ્મકુંડમાં તીર્થ જલસિંચન અને શોભાયાત્રા

અક્ષરધામ એટલે અમેરિકાની ધરતી પર સર્જાયેલું એક અભિનવ તીર્થ. આ તીર્થનું એક વિશિષ્ટ સોપાન એટલે બ્રહ્મકુંડ.

અક્ષરધામ પરિસરમાં શ્રી નીલકંઠ વર્ણી મહારાજની તપોમૂર્તિની પશ્ચાદ્ભૂમાં સુંદર સોપાનપંક્તિ યુક્ત બ્રહ્મકુંડનું નિર્માણ થયું છે. પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં ભારતીય પરંપરાગત શૈલી પ્રમાણે રચાયેલા આ બ્રહ્મકુંડનો વેદોક્ત જલપૂજન વિધિ તેમજ સનાતન હિન્દુ ધર્મનાં મહાન તીર્થોના જલસિંચનનો વેદોક્ત વિધિ તા. ૩-૧૦-૨૦૨૩ના રોજ માંગલિક મુહૂર્તમાં સવારે ૧૧-૦૦ વાગ્યે યોજાયો હતો. એ પૂર્વે અક્ષરધામ મહામંદિરમાં પ્રતિષ્ઠિત થનારાં ભગવત્સ્વરૂપોની શોભાયાત્રા અક્ષરધામના પવિત્ર પરિસરના માર્ગો પર શાનદાર રીતે યોજાઈ હતી.

છેલ્લા અઢી મહિનાથી અક્ષરધામ પરિસરમાં ગતિમાન શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞની યજ્ઞશાળાથી આરંભાયેલી આ શોભાયાત્રા સૌના ઉત્સાહ અને ભક્તિના









અક્ષરધામના વિશાળ પરિસરમાં ગુલાબી પથ્થરોથી રચાયેલો વિશાળ બ્રહ્મકુંડ પ્રાચીન ભારતીય કુંડ સ્થાપત્યની અદ્‌ભુત પ્રતીતિ કરાવે છે. અહીં વૈદિક વિધિથી ૫૫૫ તીર્થોનાં જળ-રજ પધરાવીને તીર્થત્વ સીંચવામાં આવ્યું...

ઉમંગને અનેકશઃ વધારી રહી હતી.

આરંભમાં ઉત્સવના બેનર સાથે યુવાનોએ શોભાયાત્રાની આગેવાની કરી હતી. સુશોભિત મયૂરરથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, કલાત્મક રથમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ અને અક્ષરધામ મહામંદિરના બાર ઉપ ગર્ભગૃહોમાં બિરાજમાન થનારાં ભગવત્‌સ્વરૂપોની છબિઓ પણ અન્ય સુશોભિત રથોમાં વિરાજમાન હતી. તે રથોનું વહન કરતાં સંતો-હરિભક્તો જયનાદોથી ગગન ગુંજાવી રહ્યા હતા. માંગલિક પરિવેશમાં સજ્જ વિવિધ બેનરધારી યુવકો, પારંપરિક લોકનૃત્ય કરતા કિશોરોમાં ડલાસ માર્ચિંગ બૅન્ડે ઉત્સાહની અનોખી રંગત જમાવી હતી.

મહિલાવૃંદમાં બી.એ.પી.એસ. ધ્વજધારી યુવતીઓ, મસ્તક પર કળશ ધારણ કરીને ચાલતું મહિલાવૃંદ, રાસ-ગરબા તથા પારંપરિક ભક્તિ-નૃત્યો કરતી યુવતીઓ, જયનાદ કરતી સ્વયંસેવિકાઓએ આ શોભાયાત્રામાં ભક્તિમય વાતાવરણ ખડું કરી દીધું હતું.

વિવિધ વાદ્યોની સંગત સાથે સ્વામિનારાયણ ધૂન તથા કીર્તનોનું ગાન કરતા મહોત્સવના સ્વયંસેવકોના હૈયે આનંદ સમાતો ન હતો. અક્ષરધામ પરિસરમાં સવા માઈલથી વધુ લંબાઈમાં વિસ્તરેલી આ શોભાયાત્રાએ તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજનાં પવિત્ર ચરણોમાં અલ્પ વિરામ લીધો હતો.

ત્યારબાદ સૌ બ્રહ્મકુંડના વેદોક્ત જલપૂજન વિધિમાં જોડાયાં હતાં.

આ વિધિને શાસ્ત્રીય પરંપરા મુજબ તડાગ ઉત્સર્ગ વિધિ પણ કહે છે, જેના સાક્ષી બનવા માટે દેશપરદેશના ભક્તો-ભાવિકો આવી પહોંચ્યા હતા. અહીં ભારત અને






અક્ષરધામ પરિસરના રાજમાર્ગો પર મહામંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રામાં બાળકો, યુવાનો, વડીલો અને મહિલાવૃંદે ભક્તિ-ભજનની અનોખી ઝડી વરસાવી આનંદનાં વધામણાં કર્યાં...

વિશ્વભરમાંથી, ભગવાન અને સંતોના પાવનસ્પર્શથી પ્રાસાદિક થયેલાં ૫૫૫ કરતાં વધુ તીર્થો, નદીઓ અને જળાશયોનાં પ્રાસાદિક જળ તથા રજ લાવવામાં આવ્યાં હતાં. ગુલાબી ગ્રેનાઇટ પથ્થરમાંથી નિર્મિત વિશાળ બ્રહ્મકુંડની સોપાન-પંક્તિ પર કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગ-વલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી વગેરેએ વિરાજિત થઈને વેદોક્ત જળપૂજન વિધિ કર્યો. બ્રહ્મકુંડની ચોતરફની સોપાનપંક્તિ પર ૫૦૦થી વધુ સંતો-સાધકો-ભૂદેવોએ મંત્રોનાં ઉચ્ચારણો વચ્ચે પ્રાસાદિક તીર્થજળનું પૂજન કર્યું અને એ પ્રાસાદિક જળનું બ્રહ્મકુંડમાં સિંચન કર્યું. આમ, આ તીર્થજળથી આ બ્રહ્મકુંડ સાચા અર્થમાં એક અનુપમ તીર્થ બની રહ્યો.

ત્યારબાદ પુનઃ અલ્પવિરામ પામેલી શોભાયાત્રા આગળ ધપી. અક્ષરધામના મુખ્ય ગર્ભગૃહમાં સ્થાપિત થનાર ભગવાન શ્રી સ્વામિનારાયણની નાની સ્વર્ણિમ પ્રતિકૃતિને એક સુશોભિત પાલખીમાં વિરાજમાન કરીને સંતોએ અક્ષરધામ મહામંદિર પ્રતિ ગતિ કરી. અન્ય ગર્ભગૃહોમાં બિરાજમાન થનાર મૂર્તિઓની છબિઓ સાથે સંતો, પાર્ષદો, ભૂદેવો, હરિભક્તો આ યાત્રા લઈને અક્ષરધામમાં પ્રવેશ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રતિકૃતિ-મૂર્તિને અક્ષરધામના મધ્ય ઘુમ્મટ તળે વિરાજિત કરવામાં આવી. ભક્તિપ્રિયદાસ સ્વામીએ આ મૂર્તિનું પૂજન કર્યું અને ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં.

આજના આ કાર્યક્રમનું એક છેલ્લું ચરણ એટલે જલયાત્રા. પ્રતિષ્ઠિત થનાર મૂર્તિ પર કરવામાં આવતા અભિષેક માટે આ જલયાત્રા યોજાઈ હતી. ઉપરોક્ત શોભાયાત્રા અને સમારોહ પછી એક હજારથી વધુ મહિલા ભક્તોએ વિશ્વભરનાં તીર્થસ્થાનોમાંથી લાવેલા પ્રાસાદિક જળ ભરેલા કળશને ધારણ કર્યા. સ્વામિનારાયણ મંત્રસ્મરણ સાથે મહિલાઓની આ ભક્તિ-યાત્રાએ મહામંદિર તરફ પ્રયાણ કર્યું. યુવતીઓએ ધ્વજ લહેરાવીને અને



બ્રહ્મકુંડ અને અક્ષરધામના પ્રાંગણમાં મહિલાઓએ ભક્તિની રમઝટ બોલાવી.



કિશોરીઓએ અક્ષરધામના મહિમા-કીર્તનના તાલે સાંસ્કૃતિક નૃત્ય કરીને આ જલયાત્રાને વધુ ભક્તિપૂર્ણ બનાવી હતી. અંતે સૌએ સામૂહિક રીતે અભિષેક માટે મહાકળશમાં જળ રેડ્યું હતું. અપરાહ્‌ને ૧-૧૫ વાગ્યે આ વિધિ પૂર્ણ થયો હતો.

## મહિલા દિન

તા. ૩-૧૦-૨૦૨૩ના રોજ સંધ્યા સભામાં અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે, યજ્ઞપુરુષ સભાગૃહમાં બી.એ.પી.એસ. મહિલાપાંખ દ્વારા શાનદાર મહિલાદિન યોજાયો હતો.

Celebrating Women's Contributionsના મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્કાર, સેવા અને સંસ્કૃતિની જાળવણીમાં નારીશક્તિનું અમૂલ્ય પ્રદાન અને તે માટે અક્ષરધામ કઈ રીતે પ્રેરણારૂપ બની રહ્યું છે તે વિષયક પ્રેરણાસભર કાર્યક્રમો પ્રસ્તુત થયા હતા. આ મહિલાદિનની શરૂઆત થઈ એક સંગીતમય સિમ્ફની કાર્યક્રમ દ્વારા. સૂર, તાલ અને લયનો અદ્‌ભુત સંગમ કરીને ૪૩ યુવતીઓએ કરેલી સંગીતમય પ્રસ્તુતિએ ભક્તિરસની હેલી વરસાવી દીધી હતી. ત્યારબાદ ૨૦૦થી વધુ યુવતીઓએ *'મંદિર કા ઉપકાર અનંત સંસ્કૃતિ કે રક્ષણ મેં...'* ભક્તિનૃત્યની શાનદાર પ્રસ્તુતિ કરી હતી.

કાર્યક્રમનું પ્રથમ ચરણ હતું – સંસ્કાર વિષયક. એક રેકોર્ડેડ વીડિયો દ્વારા પૂજ્ય ડૉક્ટર સ્વામીએ બાળકમાં સંસ્કારનું સિંચન કરવામાં માતા-પિતાની ભૂમિકાને મહત્ત્વપૂર્ણ ગણાવી હતી. બીજા એક રેકોર્ડેડ વીડિયો-સંદેશ દ્વારા પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ સંતાનોમાં ઉત્તમ મૂલ્યોના સિંચનમાં માતાપિતાનું ઉત્તરદાયિત્વ

**(અનુસંધાન પૃષ્ઠ ૧૮૯ ઉપર)**



અક્ષરધામ મહોત્સવનું ઐતિહાસિક ચરણઃ

# મૂર્તિપ્રતિષ્ઠા દ્વિતીય સોપાન

**અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે પ્રતિષ્ઠાવિધિના દ્વિતીય સોપાનમાં મહંત સ્વામી મહારાજે ઉપ ગર્ભગૃહોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠાવિધિ કરી, સમાંતરપણે અન્ય ૧૧ ઉપ ગર્ભગૃહોમાં સનાતન ધર્મના મહાન અવતારો અને બ્રહ્મસ્વરૂપ ગુરુઓની વેદોક્ત પ્રતિષ્ઠા થઈ.**

વિ. સં. ૨૦૭૯, ભાદરવા સુદ ૬ ને બુધવાર, તા. ૪-૧૦-૨૦૨૩ના રોજ સ્વામિનારાયણ અક્ષરધામમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિનાં કુલ ત્રણ સોપાનો પૈકીનું દ્વિતીય સોપાન યોજાયું હતું. મૂર્તિપ્રતિષ્ઠાના આ મંગલ અવસરનો લાભ લેવા માટે હજારો હૈયાં થનગની રહ્યાં હતાં. પૂર્વ નિર્ધારિત આયોજન મુજબ અક્ષરધામના ભૂમિતલ અને મુખ્યતલ પર તેમજ સભાગૃહમાં નિમંત્રિત ૬૦૦૦થી વધુ યજમાન હરિભક્તો નૂતન પારંપારિક પરિધાનમાં સજ્જ બનીને વહેલી સવારથી જ ઊમટ્યા હતા.

આજની પ્રતિષ્ઠા વિધિના પૂર્વ ભાગરૂપે વરિષ્ઠ સંતોના હસ્તે વેદોક્ત મહાપૂજા વિધિ સંપન્ન થયો. ત્યારબાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રસંગોચિત સંબોધનમાં કહ્યું, ‘‘શાસ્ત્રીજી મહારાજ કહેતા કે મારું કર્તવ્ય ચાલુ રહેશે. ૧૯૪૦-૪૫ની સાલમાં તેમણે ઉચ્ચારેલા શબ્દો આજે આપણને અક્ષરધામ સુધી પ્રવર્તમાન દેખાય છે. શાસ્ત્રીજી મહારાજ અહીં આ મૂર્તિમાં મંદ મંદ હસતા હશે. ૧૯૫૧માં



મહંત સ્વામી મહારાજની સાથે સાથે ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, કોઠારી ભક્તિપ્રિય સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી વગેરે તેમજ રામજન્મભૂમિ મંદિરના સૂત્રધાર સ્વામી ગોવિંદદેવગિરિજી મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં જોડાયા...

તેમણે દિવ્ય વિગ્રહનો ત્યાગ કર્યો, આજે ૭૫ વર્ષ પછી પણ સત્સંગનો ખૂબ વ્યાપ થયો છે. યોગીજી મહારાજ ગામડે ગામડે અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણનાં મંદિરો થાય એવો સંકલ્પ કરતા હતા. હંમેશાં એ સત્ય જ થવાનો છે. પ્રમુખસ્વામી મહારાજ અને આજે મહંત સ્વામી મહારાજ દ્વારા તે દિવ્ય કાર્ય ચાલુ છે. જે યાત્રિકો, જે મુમુક્ષુઓ અહીં આવશે તેમને સમાધિ થઈ જાય એવું આ કાર્ય થયું છે. બધા, આસ્તિક હોય કે નાસ્તિક હોય સર્વે જ્યારે અક્ષરધામમાં આવશે ત્યારે તેમને શાંતિનો અનુભવ થશે.''

ત્યારબાદ સ્વામીશ્રીનું આગમન થતાં વેદોક્ત પ્રતિષ્ઠા વિધિનો મુખ્ય ભાગ આરંભાયો. અક્ષરબ્રહ્મ દ્વારા પરબ્રહ્મ સદા પ્રગટ રહે છે - એ સંદેશ આપતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને ભાલમાં તિલક કરે છે તેનું સુંદર દૃશ્ય અક્ષરધામના એક વિશાળ ગર્ભગૃહમાં રચાયું છે. પરમ પૂજ્ય સ્વામીશ્રી અહીં કલાત્મક સિંહાસનમાં વેદોક્ત વિધિ કરવા માટે બિરાજ્યા.

આ પ્રાણપ્રતિષ્ઠા વિધિમાં જોડાયેલા પૂજ્ય સ્વામી ગોવિંદદેવગિરિજી મહારાજ (કોષાધ્યક્ષ, શ્રીરામ જન્મભૂમિ તીર્થ) ભગવાન શ્રી રામ-સીતાજી, લક્ષ્મણજી, હનુમાનજીના ખંડમાં સમાંતરપણે પ્રતિષ્ઠા વિધિ કરી રહ્યા હતા. સંસ્થાના અન્ય વરિષ્ઠ સંતો અન્ય ગર્ભગૃહોમાં સનાતન ધર્મનાં વિવિધ આરાધ્ય સ્વરૂપો તેમજ ગુરુપરંપરાની મૂર્તિઓના પ્રતિષ્ઠા વિધિમાં જોડાયા હતા.

સનાતન હિન્દુ ધર્મની શાસ્ત્રીય પરંપરા અનુસાર શ્રુતિપ્રકાશદાસ સ્વામી, પુરોહિત શ્રી મૂકેશભાઈ તથા સહાયક ભૂદેવોના કંઠેથી ઉચ્ચારાયેલા



ભગવાન શ્રી શિવ-પાર્વતી, ભગવાન શ્રી તિરુપતિ-પદ્માવતીજી, ભગવાન શ્રી રામ-સીતાજી, ભગવાન શ્રી કૃષ્ણ-રાધાજીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા સાથે વેદોક્ત પૂજન કરતા મહંત સ્વામી મહારાજ...

વૈદિક મંત્રોથી અક્ષરધામનાં ગર્ભગૃહો ગુંજી ઊઠ્યાં.

તિલક ખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કરીને, આરતી ઉતારીને સ્વામીશ્રી અન્ય ૧૧ ગર્ભગૃહોમાં પૂજનવિધિ માટે ક્રમશઃ પધાર્યા. ભગવાન શ્રી તિરુપતિ બાલાજી-પદ્માવતીજી, ભગવાન શ્રી રામ-સીતાજી-લક્ષ્મણજી-હનુમાનજી, ભગવાન શ્રી શિવ-પાર્વતીજી-ગણેશજી-કાર્તિકેયજી; ભગવાન શ્રી કૃષ્ણ-રાધાજી; અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ખંડમાં વેદોક્ત વિધિ મુજબ પ્રતિષ્ઠા-પૂજન-અર્ચન-વંદન કરીને સ્વામીશ્રીએ દરેક આરાધ્ય સ્વરૂપમાં સાક્ષાત્ પરમાત્માને વિરાજમાન કર્યા.

ભગવાન શ્રી રામચંદ્રજીના ખંડમાં સ્વામીશ્રીએ વેદોક્ત પૂજનવિધિ કર્યા પછી સ્વામીશ્રીએ 'શ્રી રામજન્મભૂમિ અયોધ્યામાં ભગવાન શ્રી રામચંદ્રજીના મંદિરનો પ્રતિષ્ઠાવિધિ સર્વોપરી થાય' એ માટે ખાસ પ્રાર્થના કરી હતી. સ્વામીશ્રીએ રામજન્મભૂમિ મંદિરનું સૂત્ર સંભાળી રહેલા પૂજ્ય ગોવિંદદેવગિરિજી મહારાજને અર્ચા કરીને તેમનું પૂજન કર્યું. ગોવિંદદેવગિરિજી મહારાજે પણ સ્વામીશ્રીનું અર્ચાથી પૂજન કર્યું.

આજના અવસરમાં સહભાગી થવા માટે જ ભારતથી ખાસ અહીં પધારેલા પૂજ્ય ગોવિંદદેવગિરિજી મહારાજે આજના પ્રતિષ્ઠા સમારોહને સંબોધતાં ભાવવિભોર હૃદયે કહ્યું:

''आज मैं यहाँ अमृत का पान कर रहा हूँ। यहाँ पर आने में अनेक प्रकार की कठिनाइयां थीं, बाधाएं थीं। मेरे पूर्व नियोजित अन्य कार्यक्रमों के लिए मुझे मना कर करके यहाँ आना पड़ा। अब मेरे अंत:करण में विश्वास हो गया कि यदि मैं इस प्रसंग में नहीं पहुंचता तो जीवन का एक महान पर्व खोने का दु:ख मुझे सर्वदा सताता रहता।



શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નીલકંઠ વર્ણી, વરદાન માંગતા કરુણામૂર્તિ ભગવાન સ્વામિનારાયણ, અને ગુણાતીતાનંદ સ્વામીને તિલક કરી પ્રગટ રહેવાનું વરદાન આપતા શ્રીહરિનાં મનોહર સ્વરૂપોને સ્વામીશ્રીએ પ્રતિષ્ઠિત કર્યાં...

मैं क्या देख रहा हूँ, मैं क्या अनुभव कर रहा हूँ, इसको सोच-सोच करके मेरा अंतःकरण पुनः पुनः गद्‌गद हो रहा है। भारतवर्ष से इतने दूर, भारत माता के आंचल से इतनी दूर, इस समृद्धिमय, भोगमय धरती के ऊपर जो चमत्कार स्वामिनारायण संप्रदाय ने खड़ा किया है उसका अभिवादन करने के लिए मैं यहां आया हूँ।

जीवंत चमत्कार क्या होता है उसका दर्शन यदि किसी को करना है तो वह यहां पर आकर के देखें। कैसे सेवा पर, कार्यकर्ताओं की कार्यशक्ति पर, अनेक भक्तों की अंतःकरण की भक्ति पर, और हमारे प्रातः स्मरणीय प्रमुखस्वामीजी महाराज जैसे अत्यंत श्रेष्ठ महात्मा की कृपा दृष्टि पर कैसे-कैसे काम खड़े हो सकते हैं इसका यह दिव्य दर्शन है।

भारत का अध्ययन करना हो, भारतीय संस्कृति का अध्ययन करना हो तो मेरा तो पक्का मत है कि यहाँ पर आइये।

भारतवर्ष की सबसे बड़ी विशेषता है - समन्वय की भूमिका। हम सबको साथ में लेकर के चलते हैं। निश्चित रूप से स्वामिनारायण संप्रदाय एक संप्रदाय होगा, स्वामिनारायण संप्रदाय की अपनी पद्धति होगी, लेकिन आरंभ से जो मैंने अनुभव किया है वो यह है कि यह संप्रदाय भारत माता के सारे अंगों को लेकर के चलने वाला संप्रदाय है।

यहाँ का एक-एक पत्थर, यहाँ का एक एक स्तंभ आपके साथ बात करेगा। एक एक खंभे का पूरा स्वरूप देखने के लिए, उसका अध्ययन करने के लिए पता नहीं कितना समय निकल जाएगा। उसको जानने के लिए कितने ग्रंथों का अवलोकन करना पड़ेगा। उन सारे ग्रंथों के अवलोकन के पश्चात् ही एक-एक स्तंभ अपना हृदय आपके सामने खोलेगा और तब आपको यहां पर हमारी प्राचीनतम अनंत वैदिक परंपरा का एक-एक अंग अपना दर्शन देगा।

यहाँ हम हमारी ऋषि परंपरा, आचार्य परंपरा, संत परंपरा का दर्शन






અક્ષરધામના પથ્થર-ઘડતરની સેવા સંભાળનારા શ્રી હર્ષદભાઈ ચાવડા, કલાસેવા આપનારા શ્રી વાસુદેવ કામથને સ્વામીશ્રીએ બિરદાવ્યા. સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજીએ અક્ષરધામના આજના અવસરનો દિવ્ય મહિમા ગાયો...

करते हैं, जिनके द्वारा ही तो हमारी संस्कृति प्रतिपालित है। इसीलिए प्राणप्रतिष्ठा के इस अत्यंत मंगलमय पर्व में मैं यह नि:संकोच कहना चाहूँगा कि यहां पर श्री भगवान स्वयं आकर के अंश के रूप में विराजमान हो चूके हैं। भगवान भगवद् गीता के १० वें अध्याय में कहते हैं कि अर्जुन, जहाँ जहाँ तुम जाओ और तुम अत्यंत भव्यता, ऐश्वर्य, अत्यंत बड़े सौंदर्य का आविष्कार देखो वहाँ पर एक अंश से मैं विराजमान हो चूका हूँ। यहां पर यह भव्यता, सौंदर्य, दिव्यता और सेवा-परायणता सब देखकर के प्रतीति हो रही है कि श्री भगवान यहां पर विराजमान हो चूके हैं और हम उस मंगल क्षण के साक्षी हैं।

हमारी पीढ़ी सबसे अधिक भाग्यवान पीढ़ी है। क्योंकि हम अपने आंखों से भारत माता का उत्थान देख रहे हैं। मैं परम पूज्य प्रमुखस्वामी जी महाराज की संकल्पना का अत्यंत बड़ा अभिनंदन करता हूँ कि उन्होंने सैकड़ों वर्ष तक संदेश देते रहने वाले मंदिरों का निर्माण करने का व्रत लिया और एक अत्यंत महान कार्य करके दिखाया।

1000 वर्ष तक यह मंदिर अपना प्रकाश देता रहेगा। हमारे पूज्य गुरुदेवजी ने मुझे लंदन का मंदिर दिखाया तब कहा था कि, 'ऐसा मंदिर या तो विश्वकर्मा निर्माण कर सकता है या स्वामिनारायण निर्माण कर सकता है।' ऐसे सहस्र से भी अधिक दिव्य मंदिरों का निर्माण कोई साधारण चमत्कार नहीं है। मुझे पक्का विश्वास है कि यह भगवान स्वामिनारायण की शक्ति अपना कार्य करा रही है।

इस प्रकार के दिव्य तीर्थ में निरंतर प्रेरणा मिलती है। कितने असंख्य बालकों के अंत:करण में इन मंदिरों को देखकर के और एक स्वाभिमान जाग्रत होगा कि हां मैं उस धर्म का हूँ, मैं उस सनातन परंपरा का हूँ, जो परंपरा ऐसी दिव्यता को निर्माण कर सकती है। यह आत्मविश्वास निर्माण करना बहुत बड़ी बात है। हमारे देश की अनेक पीढ़ियों ने

अपना आत्मविश्वास, आत्मगौरव खोया। आज की पीढ़ी इसलिए भाग्यवान है कि यह आत्मविश्वास, आत्मगौरव और स्वाभिमान निर्माण होने का यह मंगल पर्व हम देख रहे हैं। इस पर्व में स्वामिनारायण संप्रदाय का अत्यंत प्रचुर, बहुत बड़ा योगदान है, और इसलिए मैं प्रणाम करने के लिए यहाँ पर आया हूँ।

आज भगवान श्री रामजी की प्रतिष्ठात्मक सेवा करने का सौभाग्य मुझे प्राप्त हुआ। मुझे लगता है कि परम पूज्य श्री महंतजी महाराज यह चाहते हैं कि यहाँ पर मैं अयोध्या की अत्यंत भव्य-दिव्य राम प्रतिष्ठा के महान कार्य का मंगलाचरण कर लूं और यहाँ से आशीर्वाद लेकर के मैं वहाँ तक की यात्रा पूर्ण करूं।

हम लोग भारत, सनातन धर्म, वैदिक परंपरा के उत्थान के लक्ष्य को लेकर के चले हैं, जो सारे संसार को सुख-कल्याण देने के लिए हैं। आप जैसे त्यागी, विरागी संत महात्मा जितने घूमते रहेंगे उतना आनेवाला समाज अधिक सुखी, शांत, समझदार होगा। और इस प्रकार के समाज का निर्माण करने में ऐसे तीर्थों का निर्माण बहुत बड़ी सेवा है। इस प्रकार का काम करने में बहुत परिश्रम लगता है, अनेक बाधाएं खड़ी हो जाती हैं, लेकिन फिर भी इन सारे झंझावातों की परीक्षा देकर के आज यह दिव्य भव्य मंदिर यहाँ पर खड़ा हुआ है तो मैं उन सारे परिश्रमशील लोगों का अभिवादन करता हूँ। इस निर्माण से आपने सदा के लिए एक लाइटहाउस खड़ा कर दिया है, जो सारी दिशाओं में प्रकाश देगा। यह प्रकाश ज्ञान का, प्रेम का, समन्वय का, बंधुभावना का होगा। कष्ट आपने सहे लेकिन,

*कष्ट सह कर भी स्वयं*
*कुछ नव तीर्थ का निर्माण कर जा,*
*छोड़ जा पदचिह्न अपने,*
*तीर्थ नव निर्माण कर जा...*

मानवता, विश्वप्रेम के ऐसे मंदिर के निर्माण के लिए आपको पुनः पुनः धन्यवाद।''

ત્યારબાદ પરબ્રહ્મ મંડપમ્‌માં ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરીને સ્વામીશ્રીએ ઈષ્ટભક્તિ અદા કરી હતી. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વિશ્વવ્યાપી સત્સંગ સમુદાય વતી સ્વામીશ્રી અને ગોવિંદદેવગિરિજી મહારાજને હાર અર્પણ કરી આભાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે અક્ષરધામના નિર્માણકાર્યમાં પથ્થર-ઘડતરનું કાર્ય સંભાળનાર નિષ્ઠાવાન ભક્તરાજ શ્રી હર્ષદભાઈ ચાવડા અને તેમના સહયોગી શ્રી પ્રકાશભાઈ સોમપુરાને સ્વામીશ્રીએ પુષ્પહાર પહેરાવી આશીર્વાદ આપ્યા. અક્ષરધામના નિર્માણમાં કલા-સહયોગ આપનાર પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી વાસુદેવ કામથજીને પણ સ્વામીશ્રીએ હારતોરા કરી આશીર્વાદ આપ્યા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અક્ષરધામ મહામંદિરના નિર્માણનું સૂત્ર સંભાળનાર વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીનો સૌએ આભાર પ્રકટ કર્યો હતો. સાથે સાથે અક્ષરધામમાં તને, મને, ધને અનન્ય સેવા-સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

આ અવસરે આશીર્વચનોથી સૌને કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ અક્ષરધામ દિવ્ય, અલૌકિક અને ઉપમા ન દેવાય એવું અનુપમ સ્થાન થઈ ગયું છે. જે જે અહીં આવશે એ બધા પ્રેરણા લઈને જશે અને જીવનમાં ખૂબ આગળ વધશે.

આવું દિવ્ય, અલૌકિક અક્ષરધામ છે તો એને અનુરૂપ આપણું જીવન થવું જોઈએ. બહાર તો અક્ષરધામ થઈ ગયું છે, પણ અંદર લઈ જવાનું છે. આ અક્ષરધામ અંદર લઈ જઈને ભવ્ય (હૃદયની ડાબી બાજુ બે હાથ મૂકી) ત્યાં શણગારવાનું છે અને અંદર બધી ધામધૂમ કરવાની છે. તો જ ધ્યેય સિદ્ધ થયો કહેવાય. કારણ કે આ બધું જે કરીએ છીએ એનો હેતુ અંદર દિવ્યતા; અંદર ભગવાન પ્રગટે અને આપણે બ્રહ્મરૂપ થઈએ એ જ છે. આ અલૌકિક અક્ષરધામનું વર્ણન થઈ શકે એમ નથી. આ બધા હરિભક્તો, કાર્યકરો (બધાને નિર્દેશીને હાથ ફેરવતા), જેણે જેણે આમાં (અક્ષરધામ નિર્માણમાં) ભાગ લીધો છે એ બધાને વારંવાર નમસ્કાર. કારણ કે બધાએ તન, મન, ધન બધું અર્પણ કર્યું છે, એવી રીતે સમર્પણ કર્યું છે. શ્રીજીમહારાજને ગમે એવું અલૌકિક-દિવ્ય સમર્પણ!

ટૂંકમાં, આપણે બ્રહ્મરૂપ થવું. આપણે અક્ષરધામ અંદર લઈ જવાનું છે અને ત્યાં આરતી, પૂજા બધું કરવાનું છે. સહજાનંદ સ્વામી મહારાજની જય.''

અક્ષરધામ નિર્માણનો આધ્યાત્મિક હેતુ દર્શાવીને સ્વામીશ્રીએ સૌને જીવનનું લક્ષ્ય સ્પષ્ટ કરી આપ્યું.

આમ, અક્ષરધામમાં ઐતિહાસિક મૂર્તિપ્રતિષ્ઠાના અવસરમાં સહભાગી બન્યાની સ્મૃતિ જીવનભર સૌના અંતરમાં કંડારાઈ ગઈ.

◆



અક્ષરધામના પ્રાંગણમાં ઊજવાયો પરસ્પર સ્નેહ અને આદર પ્રગટાવતો

# સર્વધર્મ સંવાદિતાનો પવિત્ર અવસર

'પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ જ ધર્મ' - સૂત્ર સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ધર્મોમાં અરસપરસ સંવાદિતા અને એકતા બની રહે તે માટે જીવનભર કાર્યો કરતા રહ્યા હતા, જેને અનુસરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ લાખો મુમુક્ષુઓના અંતરમાં સંવાદિતાની સરવાણી જન્માવી છે. સ્વામિનારાયણ અક્ષરધામ પણ એ જ સંવાદિતાનું એક મૂર્તિમંત તીર્થ છે, જ્યાં સૌ કોઈને આવકાર છે. એટલે જ અક્ષરધામ મહોત્સવના પ્રાંગણમાં તા. ૪-૧૦-૨૦૨૩ના રોજ 'સર્વધર્મ સંવાદિતા સમારોહ' યોજાયો હતો. માનવતાના આ સંબંધોને મજબૂત કરતો આજનો સમારોહ જાણે સનાતન ધર્મનો વિશ્વને એક વિશિષ્ટ સંદેશ સમો હતો. સાયંકાળે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના જગાવતા આ 'સર્વધર્મ સંવાદિતા સમારોહ'માં હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમ, યહૂદી, બૌદ્ધ, જૈન, શીખ સહિતના બહુવિધ ધર્મોના પ્રતિષ્ઠિત ધર્મગુરુઓ - અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજના સમારોહમાં ભાગ લેવા માટે પધારેલા નોર્થ અમેરિકાના પ્રસિદ્ધ ધર્મગુરુઓએ સમારોહ પૂર્વે અક્ષરધામની દર્શનયાત્રા કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણને ભાવાંજલિ અર્પી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અક્ષરધામના પ્રાંગણમાં એ સૌનું અભિવાદન કરીને એક સમૂહ છબિ પડાવી હતી.

ત્યારબાદ સર્વે ધર્મગુરુઓ મુખ્ય સમારોહમાં યજ્ઞપુરુષ સભાગૃહમાં વિશાળ ભક્તમેદની વચ્ચે પહોંચ્યા હતા. તમામ ધર્મગુરુઓનું સૌએ ઉત્સાહભેર અભિવાદન કર્યું.

બાળવૃંદે મંગલાચરણ બાદ *'રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ...'* ધૂન અને *'સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ હો...'* પ્રાર્થનાગાનથી સમારોહનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ સંવાદિતાનો ભાવ પ્રકટ કરતો 'ફેસ્ટિવલ ઑફ ઇન્સ્પિરેશન'નો પરિચય વીડિયો દર્શાવાયો હતો. સંગીતજ્ઞ સંતવૃંદે *'ભાગ્ય બડે જહાં સંત પધારે...'* કીર્તનનું ગાન કરીને સૌ સંતો-પ્રતિનિધિઓનું અભિવાદન કર્યું હતું.

વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે બાળકોએ દીપ પ્રાગટ્યથી આજના સમારોહમાં સનાતન ધર્મની પરંપરા મુજબ સૌને વધાવ્યા હતા.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું: ''શાસ્ત્રોમાં કહ્યું છે, 'एकं सद् विप्राः बहुधा वदन्ति' સત્ય એક છે અને તે ભગવાન છે. એ ભગવાન અને ભગવાનના સાચા સંતનો આશ્રય કરીને જીવન સાર્થક કરી શકાય છે.

જીવનમાં ધર્મની ખૂબ આવશ્યકતા છે. ભગવાન સ્વામિનારાયણે ધર્મની વ્યાખ્યા કરી કે 'સદાચાર એ જ સાચો ધર્મ.' તેઓએ કહ્યું કે આપણો આચાર-વિચાર-આહાર-વ્યવહાર શુદ્ધ હશે તો આપણું અંતઃકરણ શુદ્ધ રહેશે. અંતઃકરણ શુદ્ધ હશે તો ભગવાનના સ્મરણમાં મન લાગ્યું રહેશે.

આ ઉપદેશ સર્વધર્મમાં સમાન છે. આજે આપ બધા અમારા આમંત્રણનો સ્વીકાર કરીને અહીં પધાર્યા છો તો અમે આપના ખૂબ ખૂબ આભારી છીએ. ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે આ રીતે આપણે બધા સાથે રહીને સમાજમાં સર્વધર્મ સંવાદિતાનું પ્રવર્તન કરી શકીએ.''

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના અંતરમાં રહેલી સર્વધર્મ સંવાદિતા ને વિશ્વ-બંધુત્વની ભાવના વ્યક્ત કરતું પ્રસંગોચિત પ્રવચન કર્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલા આ સમારોહમાં સનાતન હિન્દુ

ધર્મનું પ્રતિનિધિત્વ કરી રહેલા પૂજ્ય ગોવિંદદેવગિરિજી મહારાજ (કોષાધ્યક્ષ, શ્રીરામજન્મભૂમિ, અયોધ્યા) તથા જગદ્‌ગુરુ પૂજ્ય સ્વામી શ્રી નિર્મલાનંદનાથજી (ધર્મગુરુ, આદિ ચુનચુનગિરિ મઠ, કર્ણાટક), મુસ્લિમ ધર્મના પ્રતિનિધિ શ્રી ઈમામ ફૈઝલ અબ્દુલ રઉફ (પ્રમુખ, કોર્ડોબા હાઉસ, ન્યૂયોર્ક), શીખ ધર્મના પ્રતિનિધિ શ્રી સંત બાબા દલજિત સિંઘ (પ્રમુખ, નાનકસર શીખ મંદિર, રોકફોર્ડ ઈલિનોઈસ), અમેરિકન ઓર્થોડોક્સ ખ્રિસ્તી ધર્મના પ્રતિનિધિ શ્રી બિશપ એન્થેનાગોરસ-નાઝિયનઝોઝ (મુખ્ય સચિવ, અમેરિકન ગ્રીક ઓર્થોડોક્સ આર્કડાયોસીસ ઑફ અમેરિકા), કેથલિક ખ્રિસ્તી ધર્મના વડા શ્રી બિશપ ડબલ્યુ. ડેરિન મુરે (અધ્યક્ષ, મિડ-એટલાન્ટિક એપિસ્કોપલ AME Zion ચર્ચ), યહૂદી ધર્મના વડા શ્રી રબાઈ ડેવિડ લેવી (રિજિયોનલ ડાયરેક્ટર, અમેરિકન-યહૂદી કમ્યુનિટી, ન્યૂજર્સી), બૌદ્ધ ધર્મના વડા શ્રી યોહુઆ (નિર્દેશક, ફવાંગ બૌદ્ધ મંદિર, ન્યૂયોર્ક), મોર્મન ખ્રિસ્તી પરંપરાના ધર્મગુરુ શ્રી એલ્ડર ડેવિડ એલ. બકનર (લેટર-ડે સેઈન્ટ્સ જીસસ ક્રાઈસ્ટ ચર્ચ) વગેરે મહાનુભાવોએ મંચ પરથી આજના સમારોહને અનુરૂપ પ્રસંગોચિત સંબોધનો કરીને અક્ષરધામ અને સ્વયંસેવકોના સમર્પણને હૃદયથી બિરદાવ્યાં હતાં. આજના પ્રસંગને એક સૂત્રમાં ગૂંથતાં શ્રી બાવા જૈને (સેક્રેટરી જનરલ, વર્લ્ડ કાઉન્સિલ ફોર રિલિજિયસ લીડર્સ) સંબોધન દ્વારા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વિશ્વબંધુત્વની ઉદાર ભાવનાને હૃદયથી બિરદાવી હતી.

આજના કાર્યક્રમમાં વિવિધ ધર્મ-સમુદાયો વતી ઉપસ્થિત અન્ય મહાનુભાવોનો પણ બી.એ.પી.એસ. સંસ્થા વતી સત્કાર કરવામાં આવ્યો હતો. શ્રી મુઆથ આલમરી (સીઈઓ, મુસ્લિમ વર્લ્ડ લીગ), ડૉ. ડેઝી ખાન (પ્રખ્યાત મીડિયા કોમેન્ટર), ડૉ. ચેરીલ ફિશબીન (અધ્યક્ષ, યહૂદી સમુદાય કાઉન્સિલ, ન્યૂયોર્ક), શ્રી મિસ જસબીર ધિલ્લોન (અધ્યક્ષ, સેન્ટ્રલ જર્સી શીખ ઍસોસિયેશન), શ્રી હરીશ શાહ (સચિવ, ફેડરેશન ઓફ જૈન ઍસોસિયેશન, ઉત્તર અમેરિકા), શ્રી દિલીપ શાહ (ડિરેક્ટર, ફેડરેશન ઓફ જૈન ઍસોસિયેશન, ઉત્તર અમેરિકા), યહૂદી ધર્મગુરુ શ્રી રબાઈ આર્નોલ્ડ ગ્લક (રબાઈ, બેથ-એલ, હિલ્સબોરો-ન્યૂજર્સી) તથા ફિલિપ સ્ટેન્ટન (અમેરિકન-યહૂદી સંયુક્ત વિતરણ સમુદાય), શ્રી મુક્તાંગ (અમેરિકન-ચાઈનીઝ બિઝનેસ કાઉન્સિલ), શ્રી કાહલીલ કાર્માઇકલ (લીડર, ઈન્ટરફેથ, રોબિન્સવિલ), શ્રી ટોમ ગેલેઘર (પ્રમુખ, ધાર્મિક ફાઉન્ડેશન), પાદરી શ્રી જુલિયો સાંચેઝ (વિન્ડસર, ન્યૂજર્સી), શ્રી થોમસ માઈકલ (યહૂદી ફેડરેશન ઓફ ગ્રેટર મેટ્રોવેસ્ટ, ન્યૂજર્સી), શ્રી એડવર્ડ લાપોર્ટ (ડિરેક્ટર, ફેથ બેઝ્ડ ઈનિશિયેટિવ્સ, ન્યૂજર્સી), પાદરી શ્રી ડેન ગ્રીકો (લાઈફ ટ્રી કમ્યુનિટી ચર્ચ), શ્રી માર્ક સિટ્રોન અને શ્રી રઘુ રાવ (સહ-સ્થાપક, હિન્દુ-યહૂદી ગઠબંધન), રબાઈ શ્રી યાકોવ ચેતન (રોબિન્સવિલ અને સાઉથ હેમિલ્ટન), શ્રી ડેવિડ નીલ (યુનાઈટેડ સ્ટેટ ટાસ્ક ફોર્સ), શ્રી જેક જોન્સન (સંયોજક, ધાર્મિક નેતાઓ-ગઠબંધન, ન્યૂજર્સી,) શ્રી વિલિયમ વિન્સ્ટન (પેટરસન કૅથોલિક ચર્ચ), માર્ક મર્કોવિટ્ઝ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, યહૂદી ફેડરેશન, પ્રિન્સ્ટન)નું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય મહિલા પ્રતિનિધિઓનું મહિલા વિભાગમાં મહિલા કાર્યકરો દ્વારા સ્વાગત-સન્માન કરાયું હતું.

સન ૨૦૦૦માં યુનાઈટેડ નેશન્સે ‘મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટ’નું આયોજન કર્યું હતું. જેમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરના આધ્યાત્મિક વડાઓને સંબોધતાં શાંતિ, વિશ્વાસ અને સંવાદિતાનો શાશ્વત સંદેશ આપ્યો હતો, તેની એક ઝલક આજે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા સર્વધર્મ સંવાદિતા સમારોહમાં જોવા મળી હતી.

સ્વામીશ્રીને મળીને મંચસ્થ ધાર્મિક નેતાઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

આ પ્રસંગે અન્ય લોકનેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા લોકનેતા અને કૉંગ્રેસમેન શ્રી મેટ્ટ કાર્ટરાઈટ, મેયર શ્રી ચાઝ મોલ્ડર (ટેનેસી, કોલંબિયા), મેયર શ્રી લુઈસ માન્ઝો (હેરિસન ટાઉનશિપ, ન્યૂજર્સી), શ્રી ક્લેમેન્ટ લેડબેટર (કાઉન્સિલ, કોલંબિયા), હેમંત વાધવાણી (સલાહકાર, હિન્દુ-અમેરિકન સેવા સમુદાય) વગેરેએ પણ આજના આ પ્રસંગને શોભાવ્યો હતો.

આ પ્રસંગે સંબોધતાં પૂજ્ય સ્વામી ગોવિંદદેવગિરિજી મહારાજે જણાવ્યું હતું કે ‘અમેરિકાની ધરતી પર શાંતિ, સંવાદિતા અને બંધુત્વની દીવાદાંડી સમો આજનો આ અવસર યોજવા બદલ હું આ સંસ્થાને ધન્યવાદ પાઠવું છું. અક્ષરધામ મહામંદિર એ ખરેખર એક ચમત્કાર છે. સ્થાપત્યનો ચમત્કાર અને સાંસ્કૃતિક ચમત્કાર. પરંતુ સાથે સાથે અક્ષરધામ એ હિન્દુ



અક્ષરધામ મહોત્સવના મંચ પર વિવિધ વિશ્વધર્મોના સૂત્રધારોની જાણે સ્નેહસભર ગેલેક્સી રચાઈ ગઈ...

મૂલ્યોનું મૂર્તિમંત સ્વરૂપ છે. હું જ્યારે હિન્દુ મૂલ્યોની વાત કરું છું, ત્યારે અહીં એક એક પથ્થર દ્વારા રજૂ થયેલા માનવતાનાં મૂલ્યોની વાત કરું છું. હિન્દુ ધર્મ માનવતાનાં સર્વોત્તમ મૂલ્યો, પ્રેમ, સંવાદિતા, કરુણા અને પરસ્પર આદરનું મૂર્તિમંત સ્વરૂપ છે. એટલે હિન્દુ ધર્મના મહાન ઋષિ કહે છેઃ વસુધૈવ કુટુંબકમ્. આજના અવસરે સંતો અને ધર્માત્માઓની આવી ગેલેક્સીનું દર્શન કરાવવા બદલ મહંત સ્વામી મહારાજ અને અક્ષરધામનો આભાર.'

આજના સમારોહનો ઉપસંહાર કરતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જણાવ્યું હતું કે, First, I would like to extend my deepest gratitude to all of the faith leaders present for accepting our invitation and gracing this occasion. My humblest pranams. તમામ પૂજ્ય ધર્મગુરુઓને આદર પૂર્વક પ્રણામ. Christian, Muslim, Jewish, Buddhist, Jain, Sikh, Hindu and many other faith leaders have blessed this assembly. Our spiritual guru Pramukh Swami Maharaj used to say, પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે જ ધર્મ. Religion and spirituality spread love and respect amongst all. That was his life's motto. Our shastras say વસુધૈવ કુટુમ્બકમ્. The whole universe is one family. We are all connected to one another. We are all God's children. If we come together and unite, then we can make miracles. સંપથી ચમત્કાર થશે. સંપથી ચમત્કાર સર્જાશે. All the great founders of various faiths have conveyed the same message of love, harmony and compassion. બધા ધર્મો એક બીજા પ્રત્યે આદર અને પ્રેમ રાખવાનું શીખવે છે. **(અનુસંધાન પૃષ્ઠ ૧૬૭ ઉપર)**

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**પૂજ્ય સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ**
કોષાધ્યક્ષ, રામજન્મભૂમિ મંદિર, અયોધ્યા



**શ્રી યોહુઆ**
સુપરિટેન્ડેન્ટ, ફવાંગ બૌદ્ધ મંદિર, ન્યૂયોર્ક



**શ્રી બિશપ એથેનાગોરસ**
ચીફ સેક્રેટરી, ગ્રીક ઓર્થોડોક્સ આર્ચડાયોસીસ ઓફ અમેરિકા



**શ્રી ઇમામ ફૈઝલ અબ્દુલ રઉફ**
સ્થાપક અને પ્રમુખ, કોર્ડોબા હાઉસ



**શ્રી બિશપ ડબલ્યુ. ડેરિન મુરે**
અધ્યક્ષ, મીડ એટલાન્ટિક એપિ. AME Zion ચર્ચ



**શ્રી બાવા જૈન**
સેક્રેટરી જનરલ, વર્લ્ડ કાઉન્સિલ ફોર રિલિજિયસ લીડર્સ

## અક્ષરધામ માટે મને કોઈ શબ્દો જડતા નથી...

**– શ્રી રબાઈ જય એમ. કોર્ન્સગોલ્ડ**

આજે શ્રદ્ધાના એક પવિત્ર સ્થાનમાં લોકાર્પણ વેળાએ ઉપસ્થિત રહેતાં હું અત્યંત આનંદ અનુભવું છું. એક વર્ષ પહેલાં પણ હું અહીં આવ્યો હતો ત્યારે પણ અને આજે પણ આ સૌંદર્યપૂર્ણ સ્થાનનાં દર્શન કરતાં મને ખૂબ જ અદ્‌ભુત લાગ્યું છે. આજે આ પરિસરમાં બધે ફર્યો અને આ ભવ્ય ઈમારત અક્ષરધામને નીરખી ત્યારે મારા મસ્તિષ્કમાં તેને માટે કોઈ શબ્દો ન જડ્યા. આવું અદ્‌ભુત સ્થાન રચવા બદલ તમને ખૂબ ખૂબ અભિનંદન. ●

## અહીં લોકોની આધ્યાત્મિક ખોજ પરિપૂર્ણ થશે...

**– શ્રી બિશપ એથેનાગોરસ**

અત્યંત આનંદ અને હૃદયમાં કૃતજ્ઞતાની લાગણી સાથે આવો ભવ્ય સમારોહ અને અક્ષરધામ મહામંદિર રચવા બદલ હું તમને હાર્દિક અભિનંદન આપું છું. આ હિન્દુ મંદિર એક એવું પવિત્ર સ્થાન છે જ્યાં લોકો આવીને પોતાની ભક્તિ અદા કરશે, આધ્યાત્મિક ખોજ પરિપૂર્ણ કરશે અને પ્રાર્થના, ભક્તિ તેમજ સંવાદ દ્વારા વધુ સમજણ કેળવશે. આ સુંદર સંસ્થાના સર્વે ભક્તો પર ભગવાન ખૂબ કૃપા વરસાવે અને માર્ગદર્શન કરતા રહે તે પ્રાર્થના કરું છું. જેમના હસ્તે અક્ષરધામનું નિર્માણ થયું છે અને ભવિષ્યમાં જે લોકો અહીં આવીને આધ્યાત્મિક ખોજ માટે માર્ગદર્શન મેળવવા ઇચ્છે છે એમના માટે પણ પ્રાર્થના કરું છું. ●

## અહીંના શ્રદ્ધાળુઓનું સમર્પણ મને સ્પર્શી ગયું છે...

**– શ્રી યોહુઆ**

આજ આ ભવ્ય અને અદ્‌ભુત અક્ષરધામનાં દર્શન કરવાનો મને લ્હાવો પ્રાપ્ત થયો ત્યારે અહીં નાના-મોટા સૌ શ્રદ્ધાળુઓનું સમર્પણ મને ખૂબ સ્પર્શી ગયું. અહીં એ વાતની પ્રતીતિ વધુ દૃઢ થઈ કે ધર્મને કોઈ સીમા નથી, તે કોઈપણ ભેદભાવ વગર માનવ જાત માટે શાણપણ અને સુખી જીવન પ્રેરી શકે છે. ●

## પવિત્ર સ્થાને આવ્યા છીએ તેવી પ્રતીતિ થાય છે...

**– શ્રી બિશપ ડબલ્યુ. ડેરિન મુરે**

અહીં ઉપસ્થિત રહેતાં મને ગર્વનો અનુભવ થાય છે. અક્ષરધામનાં દર્શન કરવા જતી વેળાએ મને પગરખાં ઉતારવાનું કહેવામાં આવ્યું ત્યારે મને મોસેસની યાદ આવી ગઈ. મોસેસે કહ્યું છે કે જ્યારે તમે પવિત્ર સ્થળે જાઓ ત્યારે તમારાં પગરખાં ઉતારી દેવાં. આજે ખરેખર અમે એવા પવિત્ર સ્થાને આવ્યા છીએ એવી પ્રતીતિ થાય છે. આ સ્થાન આર્કિટેક્ચરલ ડીટેલ્સની દૃષ્ટિએ પણ અતિ પ્રભાવક છે. ●

## અનેક મંદિરોના સમૂહ સમું આ મહામંદિર છે...

**– શ્રી ઇમામ ફૈઝલ અબ્દુલ રઉફ**

આ ભવ્ય અને અદ્‌ભુત મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે હું ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. મારી દૃષ્ટિએ ન્યૂજર્સીમાં રોબિન્સવિલમાં આ કોઈ એક જ

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી રબાઈ જય એમ. કોર્ન્સગોલ્ડ**
વરિષ્ઠ રબાઈ, બેથ El સિનેગોગ, ન્યૂજર્સી



**શ્રી સંત બાબા દલજિત સિંઘ**
પ્રમુખ, નાનકસર શીખ મંદિર, રોકફોર્ડ, ઇલિનોઇસ



**શ્રી રબાઈ ડેવિડ ઈ. લેવી**
પ્રાદેશિક નિયામક, અમેરિકન યહૂદી સમિતિ, ન્યૂજર્સી



**શ્રી એલ્ડર ડેવિડ બકનર**
ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેઇન્ટ્સ



**શ્રી મેટ્ટ કાર્ટરાઈટ**
કોંગ્રેસમેન, પેન્સિલ્વેનિયા



**પૂજ્ય શ્રી ડો. નિર્મલાનંદ સ્વામીજી**
આદિ ચુનચુનગિરિ મઠ, કર્ણાટક

મંદિર નથી, પરંતુ અનેક મંદિરોના સમૂહ સમું, ખરા અર્થમાં એક મહામંદિર છે. હું પ્રાર્થના કરું છું કે સચ્ચિદાનંદ બ્રહ્મને પામવાના ઉદાત્ત હેતુથી અમેરિકામાં આવતા તમારા સત્સંગીઓ અને અન્ય શ્રદ્ધાળુઓની ભાવનાઓને આ મહામંદિર સંતોષે. હિન્દુ પ્રજા બહુ પ્રાચીન પ્રજા છે. એ પ્રાચીન સાંસ્કૃતિક પરંપરા મુજબ પથ્થરમાંથી આ મહામંદિરનું સ્થાપત્ય રચવાનો આગ્રહ રાખીને હાથે ઘડેલ લાઈમ સ્ટોન અને આરસ પથ્થરોના લાખો ટુકડાઓમાંથી બનાવાયેલું આ મહામંદિર એક ઉત્તમ સાક્ષી છે કે હિન્દુ ધર્મની પરંપરામાં આવા સ્થાપત્યનું કેટલું મહત્ત્વ છે અને આધુનિક વિશ્વને એ સમજાવવું કેટલું અનિવાર્ય છે. •

## આ ક્ષણો હું ક્યારેય પણ ભૂલી શકીશ નહીં...

**– શ્રી રબાઈ ડેવિડ લેવી**

**આ** અકલ્પનીય મહામંદિરના ઉદ્‌ઘાટન મહોત્સવમાં અમેરિકન યહૂદી કમિટી વતી ઉપસ્થિત રહેતાં હું સન્માન અનુભવું છું. આજથી છ વર્ષ પહેલાં મહંત સ્વામી મહારાજ સાથે મારી ખાસ મુલાકાત થઈ હતી ત્યારે એમણે એમના આશીર્વાદ મને પાઠવ્યા હતા અને મેં યહૂદી શુભ ભાવનાઓ તેમના માટે વ્યક્ત કરી હતી. હૃદયના અત્યંત ઊંડાણભરી એ ક્ષણો હું ક્યારેય ભૂલી શકીશ નહીં. અમેરિકામાં હિન્દુઓ અને યહૂદીઓ વચ્ચેના સહકાર અને પ્રેમ ભરેલા સંબંધોને બી.એ.પી.એસ.ના સહકાર સાથે વધુ ઊંડાણભર્યા બનાવી શકીશું એવી અમે આશા રાખીએ છીએ. •

## અહીં કેવો દિવ્ય આનંદ અને પ્રકાશ અનુભવાય છે!

**– શ્રી એલ્ડર ડેવિડ એલ. બકનર**

**આ** મંગલ અવસરે 'એપોસ્ટલ્સ ઓફ ધ ચર્ચ ઓફ જિસસ ક્રાઈસ્ટ ઓફ લેટર ડે સેઈન્ટ્સ' (મોર્મન ખ્રિસ્તી ધર્મ પરંપરા) વતી અભિનંદન આપું છું. આ સ્થાનમાં પ્રવેશતાં જ કેવો દિવ્ય આનંદ અને અત્યંત પ્રકાશ અનુભવાય છે! આ સૌંદર્યપૂર્ણ પરિસરમાં હું પ્રવેશ્યો, મેં તેનાં શિખરો જોયાં, તેનું કલાત્મક સ્થાપત્ય નીરખ્યું, પરંતુ આપણી આંખોને આકર્ષતી એ કલાત્મક ડિઝાઈનની પાછળ જે પુરુષાર્થ થયો છે, તે અત્યંત મહત્ત્વનો છે જે આપણને પ્રકાશ પ્રેરે છે. મને એમ લાગ્યું કે હું અહીં સ્વર્ગ નિહાળું છું. મંદિર મને પરમાત્મા તરફ લઈ જાય. એક મંદિરે જે કરવું જોઈએ તે અહીં સાર્થક અનુભવાયું. અહીં ઘરે હોઉં તેવું લાગ્યું. તેનાથી મને યાદ આવ્યું કે આપણે આપણા ધર્મમાં જે મંત્રો રટીએ છીએ એ જ અહીં અનુભવાયું. મને અનુભવ થયો કે અહીં પવિત્ર સ્થળ અને પવિત્ર અવકાશ છે. આ ભવ્ય અને દિવ્ય સ્થાનને આપણે ઊજવીએ. •

## સાથે મળીને નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાનું અદ્‌ભુત તત્ત્વ...

**– શ્રી મેટ્ટ કાર્ટરાઈટ**

**અ**હીં 'કન્સેપ્ટ ઓફ વોલેન્ટરિઝમ' એટલે કે સાથે મળીને નિઃસ્વાર્થભાવે કામ કરવાનું એક અદ્‌ભુત તત્ત્વ નીરખવા મળે છે. કદાચ ભાગ્યે જ

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૮ ઉપર)



### અમેરિકાના વિવિધ સમુદાયોની ઉપસ્થિતિમાં

# કમ્યુનિટી દિન

**અમેરિકાના ન્યૂજર્સી તેમજ ન્યૂયોર્કના વિવિધ શહેરો તેમજ અન્ય રાજ્યોના મેયરશ્રીઓ તથા અન્ય લોકનેતાઓએ અક્ષરધામના નિર્માણને, નિર્માતા સ્વામીશ્રીને, બી.એ.પી.એસ. સંસ્થા અને સ્વયંસેવકોને હૈયાના ઉમળકાથી સન્માન આપી વધાવ્યા...**

વિદેશમાં વસતા ભારતીયોમાં સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યેનું ગૌરવ જળવાય તેમજ અસ્મિતા પ્રગટે તે માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી મહંત સ્વામી મહારાજે રોબિન્સવિલ ખાતે અક્ષરધામ મહામંદિરનું નિર્માણ કર્યું છે. આ ભવ્ય અને દિવ્ય અક્ષરધામના ઉદ્‌ઘાટન નિમિત્તે યોજાઈ રહેલા વિશિષ્ટ કાર્યક્રમોની શૃંખલાના ભાગરૂપે તા. ૫ ઑક્ટોબરના રોજ ‘કમ્યુનિટી ડે’ ઊજવાયો હતો. અમેરિકામાં વસતા વિવિધ સમુદાયો વચ્ચે એકતા અને સહયોગની ભાવના પ્રગટે તે હેતુ સાથે આ કમ્યુનિટી દિનની ઉજવણી થઈ હતી. એ માટે ખાસ કરીને આજે વિવિધ નગરોના માનનીય મેયરો તથા એસેમ્બલીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે વિવિધ કમ્યુનિટી-સમાજના અગ્રણીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજના કાર્યક્રમની શરૂઆતમાં *‘સંપીલો પરિવાર અમારો...’* કીર્તન રજૂ કરીને સંતો-યુવાનોએ સૌમાં



અક્ષરધામના નિર્માણની સાથે બી.એ.પી.એસ.ની વિવિધ સેવાઓ બદલ વિવિધ નગરોના મેયરશ્રીઓ તેમજ વિવિધ રાજ્યોના લોકનેતાઓએ સ્થાનિક સરકાર વતી સન્માનપત્રો તથા શહેરની ચાવી આપી સ્વામીશ્રીને બિરદાવ્યા.

એકતાની ભાવના દૃઢાવી. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ સંપ વિષયક પ્રેરણાબોધ આપીને સંપ, સુહૃદભાવ અને સેવાના બુલંદ પાયા પર રચાયેલા અક્ષરધામના નિર્માણકાર્યમાં સ્વયંસેવકોની મહત્ત્વની ભૂમિકાને બિરદાવી હતી. ચૈતન્યમૂર્તિદાસ સ્વામી અને યોગાનંદદાસ સ્વામીએ અમેરિકન લોકશાહી અને હિન્દુ ધર્મની એકતાની ભાવના વિષયક સંબોધન કરીને રોબિન્સવિલની વિવિધ કમ્યુનિટી તરફથી સાંપડેલા સહયોગને બિરદાવ્યો હતો.

આજે કમ્યુનિટી ડેના ઉપક્રમે વિવિધ કમ્યુનિટીના પ્રતિનિધિ રૂપે અમેરિકાનાં વિવિધ શહેરો-નગરોના મેયર, લોકનેતા, સરકારી પદાધિકારીઓ ઉપસ્થિત હતા. મંચસ્થ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા થતાં લોકસેવાનાં કાર્યોને ઉમળકાભેર બિરદાવ્યાં હતાં. રોબિન્સવિલના લોકપ્રિય મેયર શ્રી ડેવિડ ફ્રિડે ખૂબ જ ભાવસભર હૃદયે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ‘કી ટુ ધ સિટી’ અર્પણ કરી ત્યારે સભાજનોએ બે મિનિટ સુધી તાળીઓનો ગડગડાટ, હર્ષનાદ અને સ્ટેન્ડિંગ ઓવેશન આપીને આ સન્માનને વધાવ્યું હતું. નોર્થ કેરોલિના રાજ્યના મેથ્યૂસ શહેરના મેયર શ્રી જ્હોન હિગ્ડોને પણ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને ‘કી ટુ ધ સિટી’ અર્પણ કરીને નવાજ્યા હતા. ન્યૂજર્સી જનરલ એસેમ્બલીમેન ડેનિયલ આર. બેન્સને સ્વામીશ્રીને સ્ટેટ ઓફ ન્યૂજર્સી વતી સન્માનપત્ર અર્પણ કર્યું હતું.

ન્યૂયોર્ક સિટીના મેયર શ્રી એરિક એડમ્સે તા. ૮ ઑક્ટોબરને ‘બી.એ.પી.એસ. અક્ષરધામ ડે’ તરીકે જાહેર કર્યો હતો. સાથે સાથે ભારતીય





અક્ષરધામ મહોત્સવના મંચ પર ઉપસ્થિત રહીને વિવિધ શહેરોના મેયરશ્રીઓ તથા કમ્યુનિટી અગ્રણીઓએ વિવિધ સેવાઓ અને અક્ષરધામના અદ્‌ભુત સર્જન બદલ બી.એ.પી.એસ. સંસ્થા પ્રત્યે પોતાનો સ્નેહ-સદ્‌ભાવ પ્રગટ કર્યો.

તહેવાર દીપાવલિના દિવસને 'સ્કૂલ હોલિડે' જાહેર કર્યો હતો. મેયર શ્રી વતી ન્યૂયોર્ક સિટીના ડેપ્યુટી કમિશનર શ્રી દિલીપભાઈ ચૌહાણે તેનો ઉદ્ઘોષ કર્યો હતો.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજ વતી આનંદસ્વરૂપદાસ સ્વામીએ મંચસ્થ મહાનુભાવ શ્રી ડેવિડ એલ. ફ્રિડ (મેયર, રોબિન્સવિલ), શ્રી ડેનિયલ આર. બેન્સન (એસેમ્બલીમેન, ન્યૂજર્સી), શ્રી હેમંત મરાઠે (મેયર, વેસ્ટ વિન્ડસર, ન્યૂજર્સી), શ્રી જોનાથન ફ્રિટ્ઝ (સ્ટેટ સેનેટર, પેન્સિલ્વેનિયા), શ્રી થોમસ મેરિનો (પૂર્વ સ્ટેટ સેનેટર, પેન્સિલ્વેનિયા), શ્રી જ્હોન હિગ્ડોન (મેયર, મેથ્યુસ, નોર્થ કેરોલિના), ડૉ. સુલેમાન લાલાણી (સ્ટેટ સેનેટર, ટેક્સાસ), શ્રી દિલીપ ચૌહાણ (ડે. કમિશનર, ન્યૂયોર્ક) વગેરેનું સ્વાગત-સન્માન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અન્ય કમ્યુનિટી અગ્રણીઓનું પણ સન્માન કર્યું હતું. શ્રી બ્રાયન મુનરો (સભ્ય, પેન્સિલ્વેનિયા વિધાનસભા), શ્રી રોબર્ટ કારાબિંચેક (એસેમ્બલી સભ્ય, ન્યૂજર્સી વિધાનસભા), શ્રી ટિમ બ્રિગ્સ (એસેમ્બલી સભ્ય, પેન્સિલ્વેનિયા વિધાનસભા), શ્રી તૈફુન સેલેન (કાઉન્ટી કમિશનર, મોરિસ કાઉન્ટી, ન્યૂજર્સી), શ્રી બ્રાડ કોહેન (મેયર, ઈસ્ટ બ્રુન્સવિક, ન્યૂજર્સી), શ્રી ફ્રાન્સિસ એમ. વોમેક-૩ (મેયર, નોર્થ બ્રુન્સવિક, ન્યૂજર્સી), શ્રી ચાર્લી કાર્લી (મેયર, સાઉથ બ્રુન્સવિક, ન્યૂજર્સી), શ્રી જ્હોન એ. પીટરસન જુનિયર (મેયર, સીસાઈડ પાર્ક, ન્યૂજર્સી), શ્રી બ્લેઝ સિબેટા (મેયર, લિટલ એગ હાર્બર, ન્યૂજર્સી), શ્રી પોલ એમ. કનિત્રા (મેયર, પોઈન્ટ પ્લેઝન્ટ બીચ, ન્યૂજર્સી), શ્રી વ્રજેશ મહેતા (પ્રમુખ, નોર્થ પ્લેનફિલ્ડ કાઉન્સિલ, ન્યૂજર્સી), શ્રી જીમી શાહ (કાઉન્સિલમેન, સાઉથ બાઉન્ડ બ્રૂક, ન્યૂજર્સી), શ્રી શિવરામન્ અંબરાસન્ (ડે. મેયર, ફ્રેન્કલિન ટાઉનશિપ, ન્યૂજર્સી), શ્રી જો બટ્ટાગ્લિયા (પોલીસ વડા, નોર્થ બ્રુન્સવિક, ન્યૂજર્સી) વગેરેનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલા વિભાગમાં ઉપસ્થિત શ્રી જેનિસ એસ. મિરોનોવ (મેયર, ઈસ્ટ વિન્ડસર), શ્રી લિસા જે. મેરોટા (મેયર, રોક હિલ્સ, કનેક્ટિકટ), શ્રી માર્સિયા કેરો (મેયર, ફ્લેમિંગ્ટન, ન્યૂજર્સી), શ્રી એલ્સી ફોસ્ટર (મેયર, હાઈલેન્ડ પાર્ક, ન્યૂજર્સી), શ્રી ક્રિસ શોફનર (મેયર, સાઉથ બાઉન્ડ બ્રુક), શ્રી નેન્સી પિંકિન (કાઉન્ટી ક્લાર્ક, મિડલસેક્સ કાઉન્ટી, ન્યૂજર્સી), શ્રી રાગિણી શ્રીવાસ્તવ (ટાઉન ક્લાર્ક, ન્યૂયોર્ક), શ્રી જોયસ મહેતા (પ્રમુખ, સાઉથ બ્રુન્સવિક બોર્ડ ઓફ એજ્યુકેશન, ન્યૂજર્સી) વગેરે મહેમાનોનું મહિલાપાંખના અગ્રણી કાર્યકરોએ સ્વાગત-સન્માન કર્યું હતું.

ન્યૂજર્સી રાજ્યના અનેક લોકનેતાઓ અને સરકારી અધિકારીઓએ અક્ષરધામ મહામંદિર નિર્માણને લગતાં અનેકવિધ કાર્યોમાં ઉત્તમ સહયોગ આપ્યો હતો. તે સૌ પ્રત્યે આભાર પ્રગટ કરતી એક ભાવસભર પ્રસ્તુતિ 'Thank You America' બી.એ.પી.એસ. યુવામંડળે રજૂ કરી હતી.

મહાનુભાવોનાં પ્રાસંગિક ઉદ્‌બોધનો બાદ મહંત સ્વામી મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતા. આજનો દિન અમેરિકાની કમ્યુનિટી પ્રત્યે બી.એ.પી.એસ. સંસ્થાનો સ્નેહ અને એ કમ્યુનિટીઓમાં સંસ્થા પ્રત્યેનો આદરની પ્રતીતિ કરાવતો સંપન્ન થયો. ◆

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**શ્રી ડેનિયલ આર. બેન્સન**
સંસદસભ્ય,
ન્યૂજર્સી



**શ્રી ડેવિડ એલ. ફ્રિડ**
મેયર, રોબિન્સવિલ
નગર, ન્યૂજર્સી



**શ્રી એરિક એડમ્સ**
મેયર,
ન્યૂયોર્ક



**શ્રી જોનાથન ફ્રિટ્ઝ**
સ્ટેટ રિપ્રઝન્ટેટિવ,
પેન્સિલ્વેનિયા
હાઉસ ઓફ
રિપ્રઝન્ટેટિવ



**શ્રી જ્હોન હિગ્ડોન**
મેયર, મેથ્યુસ,
નોર્થ કેરોલિના



**શ્રી ડૉ. સુલેમાન લાલાણી**
સ્ટેટ રિપ્રઝન્ટેટિવ,
પેન્સિલ્વેનિયા
હાઉસ ઓફ
રિપ્રઝન્ટેટિવ



**શ્રી દિલીપ ચૌહાણ**
ડેપ્યુટી કમિશનર,
ન્યૂયોર્ક ઓફિસ
ઓફ ઇન્ટરનેશનલ
અફેર્સ



**શ્રી થોમસ મેરિનો**
પૂર્વ સ્ટેટ
રિપ્રઝન્ટેટિવ,
પેન્સિલ્વેનિયા



**શ્રી હેમંત મરાઠે**
મેયર, વેસ્ટ
વિન્ડસર, ન્યૂજર્સી

## જમીનના આ ટુકડાને અજાયબીમાં પરિવર્તિત કર્યો...

**– મેયર શ્રી ડેવિડ એલ. ફ્રિડ**

અમેરિકામાં ન્યૂજર્સીમાં જ્યારે વાવાઝોડું ‘સેન્ડી’ આવ્યું ત્યારે બી.એ.પી.એસ. સંસ્થાને પહેલી વખત સમજવાનો મને અવસર મળ્યો હતો. જે ઝડપે આ સંસ્થાએ માનવ સેવા ઉપાડી લીધી હતી તે અકલ્પનીય હતી. જ્યારે જ્યારે હું આવી મુશ્કેલીઓના સમયમાં બી.એ.પી.એસ. સંસ્થા પાસે આવ્યો છું, ત્યારે હંમેશાં મને સધિયારો મળ્યો છે. થોડા સમય પહેલા હું અહીં આવ્યો હતો ત્યારે મેં ત્રણ યુવતીઓને સેવા કરતી નિહાળી. ધૂળથી રગદોળાયેલી આ ત્રણેય યુવતીઓ મેડિકલ સ્ટુડન્ટ્સ હતી અને અહીં પથ્થર મૂકવાનું કાર્ય કરતી હતી. આપણી નવી પેઢી ટીકટોક, ઈન્સ્ટાગ્રામ અને પોતાના ફોન બાજુ પર મૂકીને આવી સેવામાં લાગે તે ગૌરવ ઉપજાવે તેવી વાત છે. અમારા નગરના એક ભાગરૂપ બનવા બદલ, જમીનના આ ટુકડાને એક અકલ્પનીય અજાયબીમાં પરિવર્તિત કરવા બદલ બી.એ.પી.એસ. સંસ્થા અને મહંત સ્વામી મહારાજનો હું ખૂબ ઋણી છું. •

## મંદિરોમાં જે શીખવાય છે તે શેરીઓ સુધી પહોંચાડીએ...

**– મેયર શ્રી એરિક એડમ્સ**

આવું ભવ્ય મંદિર રચવા બદલ બી.એ.પી.એસ. સંસ્થાને મારા અભિનંદન. સમગ્ર અમેરિકામાં સૌ પ્રથમ બી.એ.પી.એસ. મંદિર અમારા ક્વીન્સ વિસ્તારમાં બન્યું હતું જે આજે પણ સ્થાનિક સેવાઓમાં જોડાયેલું છે. બી.એ.પી.એસ. આપણા દેશ અને આપણા શહેરની સંસ્કૃતિનું એક ચૈતન્યસભર અંગ છે. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં પણ જોડાવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું હતું. આ સંસ્થા આંતરધર્મ સંવાદિતા અને અધ્યાત્મની પ્રવૃત્તિઓ કરે છે તે અભિનંદનીય છે. આ સંસ્થા મંદિરોમાં જે શીખવે છે, તે શેરીઓ સુધી પહોંચવું જોઈએ. •

## રાજ્યના મોટામાં મોટા શહેરની ચાવી અર્પું છું...

**– મેયર શ્રી ચોકવે આન્ટર લુમુમ્બા**

જેક્સન, મીસીસીપીના મેયર તરીકે મેં અનુભવ્યું છે કે બી.એ.પી.એસ. સંસ્થા એક પરિવારની જેમ અમારી સાથે રહી છે અને આપત્તિઓના સમયમાં લોકોને મદદ કરતી રહી છે. પવિત્ર અક્ષરધામ એ માત્ર એક

ધર્મનું સ્થાન નથી, પરંતુ એકતા અને પ્રેમનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. જેક્સન એ મીસીસીપી રાજ્યનું મોટામાં મોટું શહેર અને કેપિટલ છે. આ શહેરના મેયર તરીકે શહેરની ચાવી મહંત સ્વામી મહારાજને અર્પણ કરીને તેમને બિરદાવતાં હું આનંદ અનુભવું છું. ●

**નમ્રતા અને સેવાના પાઠનું એક ઉત્તમ પરિણામ...**

**– મેયર શ્રી હેમંત મરાઠે**

અક્ષરધામ મંદિરની સૌથી વધુ પ્રભાવક બાબત હોય તો તે એ છે કે આવું ભવ્ય, સુંદર અને પ્રભાવશાળી મંદિર ૧૨,૫૦૦ સ્વયંસેવકોએ નિઃસ્વાર્થ સેવાની જ એક ભાવનાથી કર્યું છે. એવા ૧૦૦ લોકોને ભેગા કરવા હોય તો પણ તે અત્યંત કઠિન છે. બી.એ.પી.એસ. નમ્રતા અને સેવાના પાઠ શીખવે છે, તેનું આ ઉત્તમ પરિણામ છે. સમાજ માટે આ એક બહુ જ મોટો બોધપાઠ છે. ●

**પોતાનું મોટું ભાગ્ય માનીને અહીં સૌએ સેવા કરી છે...**

**– શ્રી ડૉ. સુલેમાન લાલાણી**

અહીં એક સ્વયંસેવક સાથે મેં વાત કરી ત્યારે એ સ્વયંસેવકે કહ્યું કે, અમને અહીં સેવા મળી તે અમારું બહુ જ મોટું ભાગ્ય છે. આ સ્પિરિટ અદ્‌ભુત છે. હું જાહેરમાં સૌને કહું છું કે જો તમારે ખરા અર્થમાં સેવા કરવી હોય તો બી.એ.પી.એસ.નું એક આદર્શ ઉદાહરણ લઈને સેવા કરજો. એ છે – સર્વિસ ઑફ કન્વિક્શન. અર્થાત્‌ જ્યાં પણ, જે પણ, કોઈ પણ સંજોગોમાં સેવા મળે તે કરવાની સમર્પણ ભાવના. આજે એટલે જ હું બી.એ.પી.એસ. સંસ્થાને બિરદાવવા માટે ટેક્સાસ રાજ્ય વતી સન્માનપત્ર લઈને આવ્યો છું. ●

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૩ પરથી)

કોઈને એ વાતની નોંધ લેવાનું રહી ગયું હશે કે વોશિંગ્ટન ડીસીમાં અમે સાથે મળીને કાર્ય કરી શકતા નથી, પરંતુ જ્યારે આ મંદિર આવ્યો ત્યારે મને જાણવા મળ્યું કે આ ભવ્ય મંદિરના નિર્માણમાં ૧૨,૦૦૦ કરતાં વધારે સ્વયંસેવકોએ ભાગ લીધો છે. અહીંથી મને સેવાની ઘણી પ્રેરણા મળી છે. આ જોતાં એવું લાગે છે કે અમારા ભારતીય મિત્રો અને ભારતીય કુળના લોકો પાસેથી અમારે હજુ ઘણું શીખવાનું બાકી છે. ●

**માત્ર એક મહિનામાં આટલું બધું કાર્ય અસંભવિત છે...**

**– પૂજ્ય શ્રી નિર્મલાનંદ સ્વામીજી**

માત્ર એક મહિના પહેલાં અહીં આવવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું, ત્યારે અહીં નિર્માણકાર્ય ચાલી રહ્યું હતું. માત્ર એક મહિનામાં આટલું બધું કાર્ય પૂર્ણ થવું એ મહંત સ્વામી મહારાજના દિવ્ય શાણપણ, ઐતિહાસિક ત્યાગ, કરુણાપૂર્ણ સ્નેહ, અપાર સમર્પણ અને મહંત સ્વામીજીના આશીર્વાદથી પ્રેરિત થયેલા હજારો સ્વયંસેવકોના સમર્પણનું પરિણામ છે. આ મંદિર એ હિન્દુ મંદિરોની ગેલેક્સીમાં એક વધુ મંદિર ઉમેરાય છે, તેવું નથી; આ તો સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા નિર્મિત મંદિરોની ગેલેક્સીમાં એક મુકુટ સમાન ભવ્ય પ્રદાન છે. આ મહામંદિર માત્ર ભક્તિનું સ્થાન નથી, અહીં તો પોતાની જાતને પામવાનું સ્થાન છે. આવું અદ્‌ભુત દિવ્ય સ્થાન અને કાર્ય નીરખીને તેમજ શ્રદ્ધા અને ભક્તિ અનુભવીને કોઈપણ સમજી શકે કે જો આવી શ્રદ્ધા અને ભક્તિ હોય તો તમે કંઈપણ સિદ્ધ કરી શકો. આ સ્વામિનારાયણ સંસ્થાએ અનેક પ્રકલ્પો કર્યા છે, જેના દ્વારા પ્રાચીન, શાશ્વત અને આધુનિક સમયની શ્રેષ્ઠ વાતો આપણને શીખવે છે. ●

**અક્ષરધામનું સર્જન ચમત્કારથી જરાય ઓછું નથી...**

**– શ્રી બાવા જૈન**

આજનો દિન સુવર્ણ અક્ષરે લખાશે. અક્ષરધામ સનાતન ધર્મને પ્રસ્તુત કરે છે, સાથે સાથે તે સાંસ્કૃતિક કેળવણીનું પણ ધામ છે. વિશ્વભરમાંથી લોકો અહીં આવશે અને તેઓ સનાતન હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ વિશે કેળવણી મેળવશે. અહીં બધા ધર્મોને આદર છે. બધા જ ધર્મો અહીં આવીને પરસ્પર સંવાદિતા સાથે તેવું સુંદર વાતાવરણ છે. યુનાઈટેડ નેશન્સમાં મિલેનિયમ પીસ સમિટમાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે 'બધા જ ધર્મો એકબીજાને પરસ્પર આદર આપશે તો વિશ્વમાં સંવાદિતા સ્થપાશે.' આજે એવા મહાપુરુષના નેતૃત્વની જરૂર છે. તેમના સંકલ્પે આટલા ટૂંકા સમયમાં આ અક્ષરધામ રચાયું છે, તે એક ચમત્કારથી જરાય ઓછું નથી. આ અક્ષરધામ વિશ્વની અજાયબી છે, અહીં વિશ્વભરના નેતાઓ આવશે અને પ્રેરણા મેળવશે. મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જેમણે આ અક્ષરધામના નિર્માણમાં પોતાનું બલિદાન આપ્યું છે, તેમને હૃદયથી નમન. ●

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૧ પરથી)
સમજાવ્યું હતું. ત્યારબાદ મંચ પર મધ્યવર્તી વિચાર વિષયક પ્રેરક પ્રસ્તુતિઓ થવા લાગી.

બી.એ.પી.એસ. સત્સંગસભામાં સંસ્કારનું ઘડતર પામીને યુવાન માતાઓ પોતાના બાળકમાં પારંપરિક મૂલ્યોનું સિંચન કરે છે તે વિષયક બહેનોએ પોતાના સ્વાનુભવો વર્ણવ્યા. ૧૧ વર્ષીય અર્ચા બ્રહ્મભટ્ટે ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, ધ્રુવ, પ્રહ્લાદ, શિવાજી વગેરે મહાન વિભૂતિઓના જીવન-ઘડતરમાં તેઓનાં માતાઓએ આપેલા અનન્ય પ્રદાનને વર્ણવ્યું. આવાં અનેક પ્રતાપી પાત્રોનું સ્મરણ કરાવીને બાળકના જીવન-ઘડતરમાં માતાનો અનન્ય ફાળો રહેલો છે તે ચરિતાર્થ કર્યું હતું.

આજના કાર્યક્રમનું બીજું ચરણ હતું – સેવાના મહિમાનું.

સેવા અને સમર્પણના પાયા પર રચાયેલી ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારી વ્યક્તિ સેવા માટે હંમેશા તત્પર રહે છે. આ વિષય પર વિશેષ પ્રકાશ પાથરવામાં આવ્યો હતો. શ્રી અક્ષરધામના નિર્માણમાં અમેરિકન વાતાવરણમાં ઊછરેલી, શિક્ષણનાં ઉચ્ચ સોપાનોને સર કરીને ઉજ્જ્વળ કારકિર્દી તરફ ડગ માંડતી સેંકડો યુવતીઓએ અક્ષરધામના નિર્માણ-કાર્યમાં નિ:સ્વાર્થ સેવાની ભાગીરથી વહાવી હતી. પથ્થરની કઠિન સેવા કરતાં કરતાં સેંકડો કિશોરી-યુવતીઓને દિવ્ય અનુભવો થયા હતા તેની એક હૃદયસ્પર્શી ગાથા કેટલાંક બહેનોએ સ્વાનુભવો દ્વારા રજૂ કરી. સૌ બહેનોએ અનેકવિધ સેવાકાર્યો કરીને જીવન ધન્ય બનાવ્યું તેની વિશેષ પ્રસ્તુતિ સેવાનૃત્ય દ્વારા થઈ.

એક સંકલિત વીડિયોમાં નોર્થ અમેરિકા બી.એ.પી.એસ. સંસ્થાના સીઈઓ અને અક્ષરધામ નિર્માણકાર્ય સાથે સંકળાયેલા વરિષ્ઠ કાર્યકર શ્રી કનુભાઈ પટેલે અક્ષરધામના નિર્માણમાં બહેનોએ અર્પેલી અદ્ભુત સેવાને વર્ણવીને સૌ બહેનોએ ભજન કરતાં કરતાં કરેલી અનહદ સેવાનો ચિતાર આપ્યો. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના એક રેકોર્ડેડ વીડિયોમાં અક્ષરધામ નિર્માણનાં યશભાગી બહેનોની અનેકવિધ અવર્ણનીય શ્રમસભર સેવાઓને બિરદાવી હતી.

આજના કાર્યક્રમના પછીના ચરણમાં હતી - મંદિરો, શાસ્ત્રો અને સંતો દ્વારા થયેલી સેવાઓની વાત. શતાબ્દીઓથી આપણી હિન્દુ સંસ્કૃતિ અને પરંપરાઓ સાચવવામાં શ્રી સ્વામિનારાયણ અક્ષરધામ જેવાં મંદિરોનું યોગદાન અનન્ય રહ્યું છે. અક્ષરધામ મહામંદિર ભારતીય સંસ્કૃતિના દરેક પાસાને પ્રતિબિંબિત કરે છે. તેનો એક પરિચય સ્વયંસેવક બહેને કરાવ્યો હતો.

ત્રણેય પાસાંઓની પ્રભાવક પ્રસ્તુતિ બાદ *'સુનો ગાથા અક્ષરધામ કી...'* ભક્તિનૃત્ય દ્વારા યુવતીઓએ અક્ષરધામ મહામંદિરને હૃદયાંજલિ અર્પી હતી.

અક્ષરધામમાં સેવા કરનાર અનેકવિધ મહિલાઓએ સેવા દ્વારા સહાનુભૂતિ, નમ્રતા, સામાજિક ઉત્તરદાયિત્વ જેવી અનેક ઉદાત્ત ભાવનાઓના સિંચન સાથે જીવનઘડતરની સ્વાનુભૂતિ રજૂ કરી હતી. આમ આ મહિલાદિન વિવિધ વય અને અનેકવિધ પ્રોફેશનલ બેકગ્રાઉન્ડ ધરાવતી અનેકવિધ બહેનો માટે એક ઉત્કૃષ્ટ મંચ બની રહ્યો હતો. જેના દ્વારા કેવી રીતે મહિલાઓ એકબીજાને મદદ દ્વારા, પોતાના કુટુંબમાં અને સામાજિક જીવનમાં સંવાદિતા સાધીને પ્રગતિ કરી શકે તેનું સૌએ માર્ગદર્શન મેળવ્યું હતું.

સભામાં ઉપસ્થિત મહિલા મહાનુભાવ શ્રી ડૉ. પૂર્વી એસ. પરીખ (ઈમ્યુનોલોજિસ્ટ), શ્રી ગાયત્રી પટેલ બહલ (અભિનેત્રી), શ્રી મેઘા રાવ (સ્થાપક, holiCHIC by Megha), શ્રી ડેનિસ કીઝર (પાર્ટનર, Ballard Spahr અને પ્રેક્ટિસ લીડર), શ્રી કોમલ ડાંગી (સ્થાપક, Synkriom Inc), શ્રી કેરોલ લકી (સીઈઓ, નોર્થ ટેક્સાસ બિહેવિયરલ હેલ્થ ઓથોરિટી), એલિઝાબેથ રાબજોન (માસ્ટર સાર્જન્ટ, બર્કલી ઍરફોર્સ), ડૉ. સેજલ હાથી (ડે. હેલ્થ કમિશનર, ન્યૂજર્સી), ડૉ. લલિતા મેસન (સ્ત્રીરોગ ચિકિત્સક, ન્યૂજર્સી), શ્રી રેને બુરોઝ (જનરલ મૅનેજર, સ્પિરિટ એરલાઈન્સ), શ્રી રાખી અગ્રવાલ (Supplier Diversity & Riskના ગ્લોબલ હેડ), શ્રી સુંદરી પાલ લુટ્સ (સિનિયર મૅનેજર, Bristol Myers Squibb), શ્રી સિડની ક્લેઈન (વાઈસ પ્રેસિડન્ટ, Bristol Myers Squibb), શ્રી પ્રિયા સામંત (સીઈઓ, એબ્રિસ ઈન્ક), શ્રી પૂજા ઝુનઝુનવાલા (ધ ગ્લોબલ વેજિટેરિયન), મનીષા સેઠી વર્મા (સ્થાપક, WhoozCooking), શ્રી લવિના મેલવાણી (પત્રકાર) વગેરે મહાનુભાવોનું સ્વાગત-સન્માન મહિલાપાંખનાં અગ્રણી બહેનોએ કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક વક્તવ્યમાં અક્ષરધામ, બી.એ.પી.એસ. મહિલા પાંખની પ્રવૃત્તિઓ તેમજ સંસ્કાર સિંચનના વિરાટ કાર્યને બિરદાવ્યું હતું.

◆



અક્ષરધામના સંકલ્પકર્તા યુગવિભૂતિ

# પ્રમુખસ્વામી મહારાજને અંજલિ

**અમેરિકાની ધરતી પર પ્રચંડ પુરુષાર્થ કરીને સનાતન ધર્મ અને સ્વામિનારાયણીય પરંપરાનો ઉદ્‌ઘોષ કરનાર પ્રમુખસ્વામી મહારાજને સૌએ હૃદયથી બિરદાવ્યા.**

અનાદિકાળથી માણસ સુખ, શાંતિ અને આનંદની શોધ માટે ભટકતો રહ્યો છે. ભૌતિક સુખની પ્રાપ્તિ માટે માણસે કરેલા પ્રયત્નોમાં જ્યારે જ્યારે તેને સફળતા મળી છે ત્યારે ત્યારે તેણે ઉત્સવરૂપે તે આનંદને વ્યક્ત કર્યો છે. પણ માણસ જાતિનો ઈતિહાસ તપાસીએ ત્યારે ખ્યાલ આવે છે કે મૂઠી ઊંચેરા માનવીઓએ બીજાના સુખ માટે, બીજાના ઉત્કર્ષ માટે અને બીજાના ભલા માટે જીવનભર કાર્યો કર્યાં છે.

આવા જ મૂઠી ઊંચેરા માનવી એટલે વિરલ સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ. તેઓએ જીવનના નવ દાયકાઓ કરતાં વધારે સમય સુધી બીજાના ભલા માટે, બીજાના સુખ માટે અને બીજાના આનંદ માટે પોતાનું જીવન યાહોમ કરી દીધું. અનેક કાર્યો દ્વારા માનવજાતિની નિઃસ્વાર્થભાવે સેવા કરી.

પ્રમુખસ્વામી મહારાજે આદિવાસીઓના ઝૂંપડાથી લઈને અમેરિકાવાસીઓના મહેલોમાં પધરામણી કરીને










પૂજ્ય સ્વામી શ્રી બ્રહ્મેશાનંદજી મહારાજ અને પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરીથી લઈને અક્ષરધામના નિર્માણમાં સેવા આપનારા કનુભાઈ પટેલ અને અનેક મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજનું ભાવસભર સ્મરણ કરી ભાવાંજલિ અર્પી.

તેઓને સદાચારી જીવન જીવવાની પ્રેરણા આપી. સમાજમાં ઘર કરી ગયેલી વ્યસન-દૂષણ-વ્યભિચાર જેવી બદીઓ દૂર કરી અને અંધશ્રદ્ધામાં ડૂબી ગયેલા માનવીઓને બાવડું ઝાલીને ઉગાર્યા. સમય-સંજોગો જોયા વિના સાડા સાત લાખ પત્રો લખીને દુખિયારાને સધિયારો આપ્યો. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં ધર્મ કે જાતિના ભેદભાવ વિના રાહતકાર્યો કરીને અસંખ્ય લોકોનાં અશ્રુ લૂછ્યાં. દેશ-વિદેશમાં ૧૨૦૦ મંદિરોનું નિર્માણ કરીને સનાતન હિન્દુ ધર્મની ગૌરવ પતાકા લહેરાવી. શાસ્ત્રોનું નિર્માણ કરાવીને હિન્દુ સંસ્કૃતિને પોષણ આપ્યું. અને સાથે સાથે, ભગવાન સ્વામિનારાયણે આપેલાં પંચવર્તમાનનું અણિશુદ્ધ પાલન કરનાર સંતસમાજ તૈયાર કર્યો કે જે વર્તમાન સમયે સમાજમાં નૈતિક અને સદાચારી મૂલ્યો પ્રસરાવી રહ્યો છે.

આવા પરોપકારી સંતવર્ય અને અક્ષરધામના પ્રેરણામૂર્તિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને સ્મરણાંજલિ અર્પતો સમારોહ તા. ૬-૧૦-૨૦૨૩ના રોજ યોજાયો હતો. અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે યોજાયેલા આજના સમારોહમાં પ્રમુખસ્વામી મહારાજના જીવનમંત્ર ‘In the Joy of Others...’ને કેન્દ્રમાં રાખીને વિશિષ્ટ અને પ્રેરણાત્મક કાર્યક્રમો રજૂ થયા હતા. જેમાં, પ્રમુખસ્વામી મહારાજની આંતરિક ઇચ્છાઓથી લઈને અદ્‌ભુત વાસ્તવિકતા સુધીનાં કાર્યોને અંજલિ અપાઈ હતી.

સંગીતજ્ઞ સંતવૃંદે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બાદ પ્રમુખસ્વામી મહારાજનો મહિમા વર્ણવતાં કીર્તનોનું ગાન કરીને સમારોહનો શુભારંભ કરાવ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજની અક્ષરધામ મહામંદિર

નિર્માણની દિવ્ય સ્મૃતિઓને તાદૃશ કરતો વીડિયો રજૂ થયો હતો.

'મંદિરોના માસ્ટર બિલ્ડર – પ્રમુખસ્વામી મહારાજ' વિષયક જ્ઞાનવત્સલદાસ સ્વામીએ અને 'અક્ષરધામના સંકલ્પકર્તા – પ્રમુખસ્વામી મહારાજ' વિષયક યજ્ઞવલ્લભદાસ સ્વામીએ મનનીય ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ 'અક્ષરધામ નિર્માણમાં પ્રમુખસ્વામી મહારાજનું માર્ગદર્શન અને પુરુષાર્થ' આ વિષયના સાક્ષી રહેલા ઉત્તર અમેરિકા સત્સંગ મંડળના સીઈઓ શ્રી કનુભાઈ પટેલે પ્રસંગોચિત વક્તવ્યનો લાભ આપ્યો હતો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે આજે અક્ષરધામનાં શિખરો ગગનને આંબી રહ્યાં છે. આ અક્ષરધામ નિર્માણમાં અનન્ય સેવા કરનાર સંતો-સ્વયંસેવકોને પ્રેરણાનું બળ સિંચનારા મહાપુરુષ હતા – પ્રમુખસ્વામી મહારાજ. પોતાના સંકલ્પને સાકાર કરવામાં સ્વામીશ્રી સ્વયં નાદુરસ્ત તબિયત વચ્ચે, હાર્ટ ઍટેકના હુમલા પછી વિકટ પરિસ્થિતિમાં દેહનાં દુઃખોને અવગણીને કેવા કટિબદ્ધ રહ્યા હતા! તેનું પ્રમાણ સન ૨૦૧૧માં મુંબઈમાં તેઓએ લખેલા એક પત્રમાં મળે છે: 'મારો દેહ અહીંયાં છે, પણ મારું મન એ ત્યાં જ છે...' અંતરની આ લાગણીઓને સાર્થક કરતાં, સન ૨૦૧૪માં પ્રમુખસ્વામી મહારાજ નાજુક તબિયતની પરવાહ કર્યા વિના અમેરિકા પધાર્યા. અહીં બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા તથા અક્ષરધામ મહામંદિરની ભૂમિને પાવન કરી. આવી વિરલ સ્મૃતિઓને વર્ણવતો એક અદ્‌ભુત વીડિયો રજૂ થયો હતો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પવા માટે આજના સમારોહમાં ઉપસ્થિત સંતો-મહાનુભાવો પૂજ્ય સદ્‌ગુરુ આચાર્ય બ્રહ્મેશાનંદજી (પીઠાધીશ્વર, શ્રી દત્ત પદ્મનાભ પીઠ, ગોવા-ભારત), પૂજ્યપાદ ગુરુદેવ શ્રી રાકેશભાઈ ઝવેરી (સ્થાપક અને આધ્યાત્મિક વડા, શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર), શ્રી યુસુફ અહેમદ (બાહરીનના ડેપ્યુટી એમ્બેસેડર, વૉશિંગ્ટન-ડીસી), શ્રીનાથ શ્રીનિવાસન (સહ-સ્થાપક અને સીઈઓ, પત્રકારત્વ અને ડિજિટલ સંચાર ક્ષેત્ર), શ્રી જેફ વૅન ડ્રૂ (કૉંગ્રેસમેન, ન્યૂજર્સી-૨), શ્રી ફિલ રામોસ (ડેપ્યુટી સ્પીકર, સ્ટેટ એસેમ્બલી, ન્યૂયોર્ક), શ્રી જોનાથન એલ જેક્સન (કૉંગ્રેસમેન, ઈલિનોઈસ-૧), શ્રી ટોની ડીપીટ્રો (ડેપ્યુટી મેયર, ગેલોવે ટાઉનશિપ, ન્યૂજર્સી), શ્રી ડોન પર્ડી (ચૅરમૅન, એટલાન્ટિક કાઉન્ટી GOP, ન્યૂજર્સી), શ્રી ટિમ ઈકોલ્સ (પબ્લિક સર્વિસ કમિશનર, જ્યોર્જિયા), શ્રી રિચ ક્લુટ (કાઉન્સિલમેન, ગેલોવે ટાઉનશિપ, ન્યૂજર્સી), શ્રી મહમ્મદ ઉમર (કાઉન્સિલ સભ્ય, ગેલોવે ટાઉનશિપ, ન્યૂજર્સી), શ્રી ડગ્લાસ આર્ટુસિયો (ચૅરમૅન અને સીઈઓ, ડેલિસાર્ટ હૉસ્પિટાલિટી), શ્રી નવીનચંદ્ર કરણ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, કૉંગ્રેસમેન ડેની ડેવિસની મલ્ટી-એથનિક એડવર્સરી ટાસ્ક ફોર્સ), શ્રી ડૉ. વિજય જય પ્રભાકર (પૂર્વ આરોગ્યમંત્રી), શ્રી વિક્રમ મેસન (ઉપપ્રમુખ, લિટિગેશન અને ઈન્વેસ્ટિગેશન, યુનાઈટેડ લેક્સ), શ્રી ઋષભ રિખીરામ શર્મા (સિતારવાદક, સંગીત નિર્માતા) વગેરેનું વડીલ સંતોએ હારતોરા અને સ્મૃતિભેટ અર્પીને સ્વાગત-સન્માન કર્યું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સંતો-મહાનુભાવોને આવકાર્યા હતા અને આશિષ અર્પ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતાં સ્વામીશ્રી સદ્‌ગુરુ આચાર્ય બ્રહ્મેશાનંદજીએ જણાવ્યું હતું કે 'दुनिया भर में मंदिरों का एक रिवोल्यूशन हमारे बी.ए.पी.एस. के प्रमुखस्वामीजी महाराज ने किया है। प्रमुखस्वामीजी मंदिरों के माध्यम से सनातन धर्म, हिन्दू धर्म को विश्व स्तर पर ले गए। प्रमुखस्वामीजी ने मंदिर एक ऐसा माध्यम चुना ताकि दुनिया उनसे जुड सके, ईश्वर से जुड सके। हमारा सनातन धर्म या स्वामिनारायण संप्रदाय वो कभी एटेक नहीं करता, परन्तु एट्रेक्ट करता है। और ये इतना सुंदर अक्षरधाम मंदिर देखते ही मैं सनातनी होने के नाते, हिन्दू होने के नाते, भारतवासी होने के नाते, बड़ा गर्व महसूस करता हूँ। मुझे लगता है कि हमें स्वामिनारायण जैसी संस्थाओं के माध्यम से, दुनिया को ईश्वर की ओर आकृष्ट करने की आवश्यकता है। मंदिर में आप देखिए, आपको समझ में आएगा कि सनातन धर्म कितना विशाल है। उसमें पानी का सम्मान किया गया है, वृक्षों का सम्मान किया गया है, निसर्ग को इतना सजाया है! लेकिन वो महसूस करने के लिए आपको अक्षरधाम मंदिर जाना होगा और वहाँ आप देख सकेंगे कि पर्यावरण का कितना सुंदर संदेश वहाँ दिखाया गया है। ये पत्थर नहीं है, यहाँ चैतन्य है। हम पत्थरों में भी भगवान ढूंढने वाले लोग है। यही सनातन धर्म की श्रेष्ठता है।'

પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરીએ

પ્રમુખસ્વામી મહારાજ સાથેના પોતાના સ્નેહસભર સંસ્મરણોની સ્મૃતિ કરતાં ભાવવિભોર થઈને કહ્યું હતુંઃ 'મેં તો સ્વામિનારાયણ ભગવાનને જોયા નથી, પરંતુ હરતાં ફરતાં પ્રમુખસ્વામીમાં જોયા છે. મેં વચનામૃતનો પૂરો અભ્યાસ કર્યો નથી, પરંતુ એમનાં વચનોને જીવંતપણે પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજમાં જોયાં છે. અનેક ગુણોનું એક સરનામું એટલે પ્રમુખસ્વામી મહારાજ. જ્ઞાનની જેમનામાં પ્રગાઢતા હતી, ભક્તિની જેમનામાં પ્રચુરતા હતી, ત્યાગ-વૈરાગ્યની જેમનામાં પ્રધાનતા હતી અને સેવાનો અસ્ખલિત પ્રવાહ જેમનામાં હતો, એવા પ્રમુખસ્વામી મહારાજ, એમના અનેક ગુણોમાંથી બે-ત્રણ ગુણોનું આજે મારે કીર્તન કરવું છે.

એક ગુણ મેં જે એમનામાં જોયો તે છે પ્રેમ. સર્વ માટેનો પ્રેમ, નિષ્કામ પ્રેમ. યુ.એસ.એ.ના પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટને પણ કહ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજ has a heart of gold. અને એ હૃદય મેં જોયું છે. નિર્મળ પ્રેમ, નિષ્કામ પ્રેમ. સૌને માટે સમય અને અનંત ધૈર્ય. કોઈ હરિભક્તની ફેક્ટરીમાં પધરામણી માટે રાતના દોઢ વાગે જવાનું હોય કે ભુજમાં ભૂકંપ થયો હોય, તો નાની નાની વાત - એ લોકોને ગરમ ભોજન મળે, કાંસકો મળે, નેઈલકટર મળે, આટલો પ્રેમ કોણ કરી શકે!? સ્વામિનારાયણ સંપ્રદાયનો હોય કે ન હોય, સૌને માટે એ અસ્ખલિત પ્રેમ, અને એ નિષ્કારણ પ્રેમ. કોઈ ભૌતિક વસ્તુની આશા નહીં, કોઈ પ્રશંસાની અપેક્ષા નહીં. બીજા લોકો પ્રેમ તો કરે પણ પહેલાં પોતાનો લાભ જુએ કે એને પ્રેમ કરવામાં મને શું લાભ છે? અથવા તો એના ને એના વિચારો મેચ થતા હોય તો પ્રેમ જાગે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજનો પ્રેમ was deeper than the pacific ocean. આખી માનવજાત સમાઈ જાય એવો પ્રેમ!

બીજું છે, એમનું પરોપકારીપણું. Love in action. He won the hearts of the people એમના નિષ્કામ પરોપકારીપણાના કારણે. He was so good at both-formation and transformation. ૧૨૦૦ જેટલાં મંદિરો બાંધવાંઃ He was so good at formation. ૧૧૦૦ જેટલા સાધુઓ બનાવવાઃ He was so good at transformation. ભવ્ય અને દિવ્ય મંદિરો દ્વારા ધર્મનો ખરેખર જયજયકાર કર્યો. He used every second of his life for giving and giving and giving. આટલું બધું પરોપકારીપણું એ અંતરની શુદ્ધિ વિના આવી શકે જ નહીં!

પ્રેમ અને પરોપકારીપણું. અને હૃદય પણ કેટલું વિશાળ! જ્યારે ગાંધીનગરમાં આતંકી હુમલો થયો ત્યારે તેઓ સૌ માટે પ્રાર્થના કરે છે. જે જે લોકોના દેહ છૂટ્યા એમના માટે, પરિવારવાળા માટે, પરંતુ આ પુરુષ આતંકીઓ માટે પણ પ્રાર્થના કરે છે! એટલું વિશાળ હૃદય એમનું હતું. And so sensitive. આઈ.આઈ.એમ. ઈન્દોરના ડાયરેક્ટર જ્યારે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનાર્થે પધારે છે, ત્યારે દર્શન પૂરાં થઈ ગયાં પછી તેઓ કહે છે કે 'તમારા ડ્રાઈવરને રેસ્ટ મળે એટલે આજે નહીં નીકળતા, કાલે નીકળજો. કારણ કે તમે તો ગાડીમાં સૂઈ શકશો, એ બીચારાને થોડો આરામ મળે!' આ સંવેદનશીલતા એમના હૃદયની પવિત્રતા દર્શાવે છે.

મને સૌથી વધારે સ્પર્શે છે એમની પવિત્રતા. નિયમ પાલનની દૃઢતા. નિયમ પાલન was always a pleasure for him and never never a pressure. આટલો બધો આ સંપ્રદાય વિકાસ પામ્યો તો પણ નિયમ પાલનની દૃઢતામાં no compromise. અંતરમાં હૃદયની કેવી શુદ્ધ ભાવના કે એમને ક્યારેય કોઈના પણ માટે ખરાબ વિચાર આવ્યો નથી.

અને સૌથી મહત્ત્વનું તો એમનું નિરહંકારીપણું. જે દિવસે પ્રમુખપદ પર બિરાજિત થાય છે એ જ દિવસે સેવકોનાં વાસણો માંજે કે પ્રમુખ તો હું આજે બન્યો, પણ સેવક હું હતો, છું અને હંમેશાં રહીશ.

અને પ્રભુ હંમેશાં એમના માટે સાક્ષાત્ જ હતા. શીરો ગરમ હોય તો કહેઃ થોડો ઠંડો કરીને ઠાકોરજીને જમાડજો. એટલે જાણે ભગવાન સાથે છે, ભગવાન ખાય છે, ભગવાન પીએ છે. ભગવાન એમના માટે સાક્ષાત્ છે. સમુદ્રમાં સ્નાન કરાવીને પછી કહે કે શુદ્ધ જળથી સ્નાન કરાવો ભગવાનને. એમના માટે ભગવાનની, ઠાકોરજીની મૂર્તિ કદી પણ મૂર્તિ ન હતી, સાક્ષાત્ ભગવાન હતા. અને ભગવાનનો વિશ્વાસ કેવો? જે હરિ કરે તે મમ હિતનું. દિલ્હી અક્ષરધામનું કામ હજી બાકી હતું અને કોઈએ પૂછ્યું કે તમને તો ઘણી ચિંતા હશે અને ઘણો ભાર હશે. તો કહે કાંકરી જેટલો ભાર નથી, કારણ કે હું કરું છું જ ક્યાં?

પૂજ્ય મહંત સ્વામી તો પવિત્રતાની મૂર્તિ છે. પવિત્રતાની મૂર્તિ. કોઈકે એક વખત નિંદા કરી તો એટલું જ કહ્યું કે એમાં ખરાબ શું લગાડવાનું? બાળક કંઈક બોલે એનું ખરાબ શું લગાડવાનું? આટલી સહજતાથી દુનિયા સરકી જાય જેમના

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવો



**શ્રી જોનાથન એલ. જેક્સન**
કોંગ્રેસમેન, ઇલિનોઇસ રાજ્ય



**પૂજ્ય સદ્‌ગુરુ આચાર્ય સ્વામી શ્રી બ્રહ્મેશાનંદજી**
પીઠાધીશ્વર, શ્રી દત્ત પદ્મનાભ પીઠ, ગોવા, ભારત



**શ્રી યુસુફ અહેમદ**
ડેપ્યુટી એમ્બેસેડર, કિંગડમ ઓફ બાહરીન, વૉશિંગ્ટન



**શ્રી જેફ વેન ડ્રૂ**
કોંગ્રેસમેન, ન્યૂજર્સી



**સંસદસભ્ય શ્રી ફિલ રામોસ**
ડેપ્યુટી સ્પીકર, ન્યૂયોર્ક સ્ટેટ એસેમ્બલી



**શ્રી શ્રીનિવાસન્**
સહ સ્થાપક અને સી.ઈ.ઓ., ડિજેમેન્ટર્સ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થા પ્રત્યે અહોભાવ પ્રગટ કરતાં મહાનુભાવોએ હૃદયાંજલિ અર્પણ કરી અને સન્માનપત્રોથી સ્વામીશ્રીને વધાવ્યા...

ચિત્તમાંથી, એમની આંતરિક પવિત્રતા કેવી હશે!? એનું આપણને અનુમાન કરવાનું રહે.

પ્રમુખસ્વામી મહારાજનાં એ નેત્રો, એ નયનકમળ હું કદી ભૂલી નહીં શકું. લાખો આંખો તમે મને બતાવો તો પણ એમાંથી હું શોધી શકું કે આ પ્રમુખસ્વામીનાં નેત્રો છે! અને એટલે જ શ્રીમદ્ રાજચંદ્રજીએ જેમ કીધું કે 'બીજું કાંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને એનાં ચરણ-કમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ના મળે તો મારી પાસેથી લેજે.'

મહાભારતમાં જેમ કહ્યું કે મહાજનો યેન ગતઃ સ પન્થાઃ । આવા મહાપુરુષ મળ્યા તો શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક એમનાં ચરણકમળનું સેવન કરી અને આપણું જીવન કૃતાર્થ કરવું, કારણ કે સંતો તો અત્તરની દુકાન છે. તમે સંપર્કમાં આવો ને તમે કોઈ અત્તર ન ખરીદો તો પણ તમે થોડી સુગંધ લઈને જાઓ જ. જ્યારે જ્યારે એમના સાંનિધ્યમાં આવવાનું થયું ત્યારે હંમેશાં એમ લાગતું કે હિમાલય પાસે આવી ગયો છું. એવો મારો અંગત અનુભવ છે.'

આ પ્રસંગે ન્યૂજર્સીના ગેલોવે ટાઉનશિપના ડેપ્યુટી મેયર શ્રી ટોની ડીપીટ્રો અને ન્યૂજર્સીના કૉંગ્રેસમેન શ્રી જેફ વૅન ડ્રૂ એ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પ્રોક્લેમેશન અર્પણ કરીને અભિવંદ્યા હતા. સદ્‌ગુરુ બ્રહ્મેશાનંદજીએ કલાત્મક માળા અને શાલ સ્વામીશ્રીને અર્પણ કરી હતી. પૂજ્ય રાકેશભાઈ ઝવેરીએ પણ પુષ્પમાળા અને શાલ અર્પણ કરીને સ્વામીશ્રીને વધાવ્યા હતા.

અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યા બાદ સ્વામીશ્રીએ સૌ પર આશીર્વર્ષા કરી હતી.

આજના પ્રસંગે PRAMUKH SWAMINESS - Life Poetries about Pramukh Swami Maharaj તથા પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ સુધીનાં ચરિત્રો સમાવિષ્ટ - અક્ષરપુરુષોત્તમ માહાત્મ્ય ગ્રંથ શ્રેણી (દ્વિતીય આવૃત્તિ) અને નોર્થ અમેરિકાના બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ અક્ષરધામનું દિવ્ય દર્શન કરાવતી સચિત્ર પુસ્તિકાનું સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટન કરાવ્યું હતું.

આજના સમારોહમાં ઉપસ્થિત સંતો-મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં સ્વામિનારાયણ અક્ષરધામનો અપ્રતિમ મહિમા ગાઈને યુગપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવઅંજલિ અર્પી હતી.

આમ, અક્ષરધામના પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ગદ્‌ગદભાવે અર્ઘ્ય અર્પી સૌએ ગુરુભક્તિ અદા કરી. ◆

# મહોત્સવના મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્‌ગારો



**પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદજી**
મહામંત્રી, હિન્દુ ધર્મ આચાર્યસભા



**શ્રી વેસ્લી મેથ્યુસ**
પ્રેસિડન્ટ એન્ડ સી.ઈ.ઓ. ઓફ ચૂઝ ન્યૂજર્સી



**શ્રી જેક હોલી**
પ્રખર વિદ્વાન, પ્રાધ્યાપક, કોલંબિયા યુનિવર્સિટી, ન્યૂયોર્ક



**શ્રી જેક સિએટરલી**
પૂર્વ વિધાનસભા સભ્ય, ન્યૂજર્સી, યુ.એસ.એ.



**શ્રી એન્ડી ઓગલ્સ**
કોંગ્રેસમેન, ટેનેસી, યુ.એસ.એ.



**શ્રી બોબ હ્યુજીન**
ચેરમેન, ગાર્ડન સ્ટેટ ઇનિશિયેટિવ બોર્ડ, ન્યૂજર્સી

## રાજ્યના ગવર્નર અને અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ...

**– શ્રી વેસ્લી મેથ્યુસ**

ન્યૂજર્સી રાજ્યના ગવર્નર શ્રી ફિલ મરફી, રાજ્યનાં પ્રથમ નારી શ્રી ટેમી મરફી વતી મહંત સ્વામી મહારાજના જન્મદિને, અજાયબી સમા મંદિરના ઉદ્‌ઘાટન પર્વે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. છેલ્લાં ૧૦ વર્ષમાં બી.એ.પી.એસ. સંસ્થામાં મેં જે કાંઈ નિહાળ્યું છે, તેમાં એક સિદ્ધાંત જોવા મળ્યો છે - સમાજમાં અજવાળાં પાથરવાં. મેં દિલ્હી અક્ષરધામ પછી આજ સુધીમાં કોઈ સુંદરમાં સુંદર સ્થળ જોયું હોય તો આ અક્ષરધામ છે. પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં અમેરિકામાં આ મંદિર અજવાળાં આપશે, તેથી રાજ્યના ગવર્નર ને અમે સૌ આજે જે ગૌરવ અનુભવીએ છીએ તે અતુલ્ય છે. •

## શાંતિ અને પ્રેમ ફેલાવવા માટેની કટિબદ્ધતા...

**– શ્રી એન્ડી ઓગલ્સ**

આદરણીય મહંત સ્વામી મહારાજે વિશ્વને જે પ્રદાન આપ્યું છે અને પ્રાંત-સંસ્કૃતિઓની ભેદરેખાઓથી પર થઈને શાંતિ અને પ્રેમ ફેલાવવા માટે એમની જે કટિબદ્ધતા છે તે મને સ્પર્શે છે. મારી ધર્મપરંપરામાં શીખવાય છે કે તમને જે ન ગમતું હોય તેવું વર્તન બીજા પ્રત્યે ન કરો. બી.એ.પી.એસ. માટે આ સત્ય છે. પ્રેમ અને શાંતિથી આપણે ટકી શકીશું. એવી ભાવના પ્રસરાવતું આ મહામંદિર રચવા બદલ મહંત સ્વામીજીને તેમના જન્મદિને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. •

## હિન્દુ પરંપરાને અનુસરવા માટેની પ્રેરણાજ્યોત...

**– શ્રી જેક સિએટરલી**

આ ભવ્ય સાંસ્કૃતિક કેન્દ્ર હિન્દુ ધર્મને અનુસરવા માટે બહુ જ મોટી પ્રેરણા-જ્યોત બની રહેશે. ન્યૂજર્સી રાજ્ય અમેરિકામાં સૌથી વધુ વિવિધ પ્રજાઓ ધરાવતું રાજ્ય છે. તેમાં આવું ભવ્ય હિન્દુ મંદિર અને અદ્‌ભુત સાંસ્કૃતિક કેન્દ્ર અહીંની વિવિધતાને યોગ્ય રીતે સમજવામાં ખૂબ મોટી સહાય કરશે. •

## આવા મહાન આધુનિક નિર્માણને જોવાનો લહાવો...

**– શ્રી જેક હોલી**

વિશાળ ભારતવર્ષના વિશ્વને અપાયેલાં પ્રદાનોમાં ભગવાન બુદ્ધનું પ્રદાન અહીં ન્યૂયોર્કમાં મેટ્રોપોલિટન મ્યુઝિયમમાં પ્રદર્શિત થયું છે. આ પ્રદર્શનમાં તમને સ્તૂપ નિહાળવા મળશે. આ અક્ષરધામ નિહાળીને મને એમ લાગ્યું કે તે આધુનિક યુગનો મહાન સ્તૂપ છે, જે વિશ્વને પ્રેરણા આપશે. આવા ભવ્ય મંદિરનું નિર્માણ જોવું તે આપણે આપણી નજરે જોઈ શકીએ તેવો એક ચમત્કાર છે. એટલે જ આ અક્ષરધામ નિહાળીને મને આજે ખાસ અનુભૂતિ થાય છે. પ્રાણપ્રતિષ્ઠાના આગલા દિવસે, મૂર્તિના નેત્રોન્મિલન વિધિ પૂર્વે, જ્યાં હજુ એ સ્વયંસેવકો કાર્ય કરી રહ્યા છે, આધુનિક વિશ્વના સ્તૂપ જેવા આવા મહાન નિર્માણને નીરખવાનો લહાવો મળવો તે મારા માટે ખૂબ મોટી વાત છે. મહંત સ્વામીજીને તેમના જન્મદિને ખૂબ શુભેચ્છાઓ. •



સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માતા

# મહંત સ્વામી મહારાજનો જન્મોત્સવ

**પોતાના શાંત પ્રભાવથી અક્ષરધામનું નિર્માણ સંપન્ન કરીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને ગુરુ-અંજલિ અર્પણ કરતા મહંત સ્વામી મહારાજને તેમના ૯૦મા જન્મદિને કરાઈ વંદના...**

પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં, અમેરિકન ધરતી પર સનાતન હિન્દુ ધર્મનો ગૌરવધ્વજ ફરકાવતા બી.એ.પી.એસ. અક્ષરધામ મહામંદિરનું નિર્માણ જેમના આશીર્વાદથી થયું છે એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો ૯૦મો જન્મજયંતી મહોત્સવ, એટલે નવ દિવસીય અક્ષરધામ મહોત્સવનો એક અતિ મહત્ત્વનો અવસર. પ્રાણપ્યારા ગુરુહરિનો આ જન્મજયંતી ઉત્સવ ઊજવવા માટે નોર્થ અમેરિકા અને સમગ્ર વિશ્વમાં વસતા બી.એ.પી.એસ.ના સંતો-ભક્તો-ભાવિકો ઉત્સાહિત હતા.

અક્ષરધામ મહામંદિરના ઉદ્‌ઘાટન દિનની પૂર્વસંધ્યાએ એટલે કે તા. ૭-૧૦-૨૦૨૩ના રોજ અક્ષરધામ પરિસરમાં પ્રાતઃકાળથી જ આ મહોત્સવનો માહોલ છવાયો હતો. દેશ-પરદેશથી ગુરુહરિના જન્મદિને ભાવવંદના કરવા ઊમટેલા હજારો હરિભક્તોનાં અંતરમાં આનંદ ઊભરાઈ રહ્યો હતો. સવારે સ્વામીશ્રી મંદિર દર્શને પધાર્યા ત્યારે તેઓના જન્મદિને વધામણી અર્પતાં વિવિધ માંગલ્ય



'મહંત સ્વામી જીવન આપનું, સૌને સુખ દેનારું, સૌનું હિત કરનારું...' સાધુતાસંપન્ન જીવનના નવ નવ દાયકા પૂર્ણ કરનાર મહંત સ્વામી મહારાજને આ પંક્તિઓ સાથે યુવાનોએ કરી નૃત્ય-વંદના...

પ્રતીકોથી મંદિર શોભી રહ્યું હતું. પ્રાતઃપૂજામાં સંતોએ ભક્તિપદોનું ગાન કરીને ગુરુવંદના કરી હતી. પૂજા બાદ સૌ ભક્તો વતી કલાત્મક હાર અર્પણ કરીને સદ્‌ગુરુ સંતોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને વધાવ્યા હતા.

આજની સંધ્યાસભામાં પણ ગુરુહરિનાં ચરણે ભાવવંદના કરતો સમારોહ યોજાયો હતો. સમગ્ર દુનિયામાં વસેલા લાખો આબાલવૃદ્ધ હરિભક્તો પણ આ જન્મજયંતી સમારોહનું જીવંત પ્રસારણ માણવા ઉત્સુક હતા. અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે રચાયેલો વિશાળ શમિયાણો બરાબર સાંજે ૫:૦૦ વાગ્યે ગુરુવંદના કરવા માટે ઊમટેલા હજારો હરિભક્તોથી હકડેઠઠ ભરાઈ ચૂક્યો હતો.

Akshardham forever for us - એક વિશિષ્ટ વીડિયો-પ્રસ્તુતિ દ્વારા આ સમારોહની રોમાંચકારી શરૂઆત થઈ. વિરલ અને દિવ્ય અક્ષરધામના નિર્માતા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં વંદના કરીને જન્મજયંતી મહોત્સવ પર્વના પ્રારંભે શ્રી જયદીપભાઈ સ્વાદિયા અને યુવકવૃંદે 'જન્મદિને શત શત અભિનંદન મહંત સ્વામી મહારાજ'નું ગાન કરીને ગુરુહરિને વધાવ્યા.

આજે ૯૦ વર્ષ પૂર્ણ કરીને ૯૧મા વર્ષમાં પ્રવેશતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સુદીર્ઘ જીવન વિશે સારાંશ રૂપે કહેવું હોય તો કહી શકાય કે 'નવ દાયકાનું એમનું જીવન એટલે નિઃસ્વાર્થ સેવા, શુદ્ધ સાધુતા અને ભગવન્મય દિવ્ય જીવન.'

સાધુતા, સેવા અને દિવ્યતાના સુમેરુ સમા તેઓના જીવનકાર્યને અંજલિ અર્પતાં એક પંક્તિ સાથે વીડિયોસ્મૃતિ પ્રસ્તુત થઈ:






કોલંબિયા યુનિવર્સિટીના વિખ્યાત વિદ્વાન પ્રો. જેક હોલી, હિન્દુ આચાર્ય સભાના મહામંત્રી પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી, કોંગ્રેસમેન શ્રી એન્ડી ઓગલ્સ વગેરે મહાનુભાવોએ સ્વામીશ્રીને વધાવ્યા...

*'મહંત સ્વામી જીવન આપનું*
*સૌને સુખ દેનારું,*
*નવ નવ દસકા કાયા વાટી*
*સૌનું હિત કરનારું...'*

ગુરુહરિ મહંત સ્વામી મહારાજ એટલે નિઃસ્વાર્થ સેવાનું મૂર્તિમંત સ્વરૂપ. સન ૧૯૫૭માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં ચરણે તેમણે જીવન સમર્પિત કર્યું ત્યારથી આજપર્યંત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો નિઃસ્વાર્થ સેવા એ જ જીવનમંત્ર બની રહ્યો છે. વર્ષોથી તેઓની આ નિઃસ્વાર્થ સેવાઓને નજીકથી નિહાળનાર પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ સેવામૂર્તિ સ્વામીશ્રીની અનેકવિધ વિશેષતાઓ વર્ણવી. તેમણે વાસણો ઊટકવાની, હિંડોળા બનાવવાની, પત્ર-વ્યહવાર, દેશ-પરદેશનાં ગામો અને શહેરોમાં ભીડાસભર વિચરણ વગેરે અનેકવિધ સેવાઓનું સ્મરણ કર્યું. સાથે સાથે હજારો સ્વયંસેવકોને પણ સેવા માટે પ્રેરિત કરનાર સ્વામીશ્રીની જીવન-ભાવનાને વર્ણવી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગુરુપદે આવ્યા બાદ પ્રમુખસ્વામી મહારાજને અનુસરીને બી.એ.પી.એસ. સંસ્થાના વિરાટ નિઃસ્વાર્થ સેવાયજ્ઞને વિશ્વભરમાં પ્રજ્વલિત રાખ્યો છે. તે પૈકીનો એક વિશેષ સેવાયજ્ઞ હતો - યુક્રેન યુદ્ધ વખતે વિકટ પરિસ્થિતિમાં ફસાયેલા વિદ્યાર્થીઓને સહાય કરવાનો. યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે હજારો માઇલ દૂર યુક્રેનની સીમા પર કડકડતી ઠંડીમાં સંસ્થાના સ્વયંસેવકોએ અજાણ્યા લોકોની સેવા માટે આ સેવાયજ્ઞ કર્યો હતો, તેની એક વીડિયો પ્રસ્તુતિ સૌએ નિહાળી. ત્યારબાદ યુક્રેનમાં સેવારત એ યુવક-યુવતીઓ પૈકી ત્રણ યુવકોએ સ્વાનુભવો વર્ણવ્યા.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ, અક્ષરધામ નિર્માણકાર્ય અને નાનાં મોટાં રાહતકાર્યોમાં હજારો સ્વયંસેવકોમાં સેવાભાવનાનું જોમ પ્રકટાવનાર સ્વામીશ્રી માટે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ કહેતા કે મહંત સ્વામી એ સેવાની મૂર્તિ છે. એટલે જ



ન્યૂયોર્ક સિટીના મેયર શ્રી એરિક એડમ્સે તા. ૮ ઑક્ટોબરને 'બી.એ.પી.એસ. અક્ષરધામ ડે' જાહેર કર્યો. તેનું પ્રોક્લેમેશન અર્પતા ડે. કમિશનર શ્રી દિલીપ ચૌહાણ. સ્વામીશ્રીને વધાવતા ડૉક્ટર સ્વામી તેમજ અન્ય લોકનેતાશ્રીઓ.

તેઓની પ્રેરણાથી કોરોના મહામારીના વિકટ સમયે સંસ્થાના સ્વયંસેવકોએ દેશ-વિદેશના લાખો લોકોની નિઃસ્વાર્થ સેવા કરી હતી. તે પૈકી ડૉ. પંકજભાઈ કોટડિયા અને ડૉ. દિલીપભાઈ પટેલે વીડિયોના માધ્યમ દ્વારા સ્વાનુભવો વર્ણવ્યા. યુવકોએ સ્વામીશ્રીની આ કરુણાને બિરદાવતું એક ભક્તિનૃત્ય રજૂ કરી ભક્તિવંદના કરી.

મહંત સ્વામી મહારાજ એટલે સાધુતાની સાક્ષાત્ મૂર્તિ. તેઓની નિષ્કલંક સાધુતાને છેલ્લા છ દાયકાથી નજીકથી નિહાળનાર ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીના સ્વાનુભવો વર્ણવીને તેમના સાધુતાસભર જીવનના ગુણાનુવાદ ગાયા.

મહંત સ્વામી મહારાજની નમ્રતા અને અહંશૂન્યતા તેઓની વાણી, વર્તન, વ્યવહાર, આંખો અને અવિરત કાર્યોમાં સતત અનુભવાતી રહી છે. નિખાલસતાથી સ્વામીશ્રીએ એક પ્રસંગે કહ્યું છે, 'મને લાગતું જ નથી કે હું ગુરુ છું. મને તો બધાની દાસભાવે સેવા કરવાની ઇચ્છા રહે છે. ભલે ક્રિયામાં ન રહે પણ મનમાં તો એ સતત રહ્યા જ કરે છે.' સ્વામીશ્રીની આ અહંશૂન્યતાને વિવિધ ક્ષેત્રોના મોભીઓએ પણ અનુભવી છે, તેની એક વીડિયો-પ્રસ્તુતિને સૌએ નિહાળી. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રેરક સંબોધન કરી એ વિષયને વધુ સંપુષ્ટ કર્યો. યુવકમંડળે આ ગુણને નૃત્યાંજલિ દ્વારા વધાવ્યો.

મહંત સ્વામી મહારાજ એટલે ભગવન્મયતા અને દિવ્યતાની અનુપમ મૂર્તિ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ તેના પર પ્રકાશ પાથર્યો. ત્યારબાદ આ ગુણને શબ્દોમાં વર્ણવતાં ભક્તિનૃત્યની પ્રસ્તુતિ થઈ.

આજે આ જન્મજયંતી સમારોહને વિશેષ અલંકૃત કરવા માટે ભારતથી હિન્દુ ધર્મ આચાર્યસભાના મહામંત્રી પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજ પધાર્યા હતા. આનંદસ્વરૂપદાસ સ્વામીએ તેઓને પુષ્પહાર, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરીને અભિવંદના કરી. આ પ્રસંગે તેઓશ્રીએ સંબોધનમાં સનાતન ધર્મ

પરંપરામાં ગુરુનું અનન્ય મહત્ત્વ વર્ણવીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની એક અલગ આભાનું દર્શન કરાવતાં જણાવ્યું કે 'I had the fortune to meet him [Mahant Swami] almost 48 years ago, way back in 75-76. I stayed with him. All these years one thing I observed that Mahant Swami is nothing but an embodiment of Hindu culture, Hindu values, and Hindu Dharma. One thing that touched me all thse years about Mahant Swami Maharaj is that he is an embodiment of tapas. Therefore, I say Mahant Swami is an embodiment of Hindu culture. You just do his darshan, Mahant Swami is an embodiment of ideal bhakta. એમનાથી કોઈને ઉદ્વેગ ન થાય અને કોઈથી પણ એ ઉદ્વેગ ન પામે. મહંત સ્વામીની હાજરી માત્રથી ઉતાવળો માણસ પણ શાંત થઈ જાય. Inspiring our next generation to live a life of self-restraint, to live a life of tapas.'

તેઓના ઉદ્‌બોધન બાદ આ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવ શ્રી વેસ્લી મેથ્યુસ (પ્રમુખ અને મુખ્ય અધિકારી, ચુઝ ન્યૂજર્સી), શ્રી જેક હોલી (વિખ્યાત વિદ્વાન, કોલંબિયા યુનિવર્સિટી), જેક સિએટરલી (પૂર્વ સભ્ય, ન્યૂજર્સી), શ્રી એન્ડી ઓગલ્સ (કૉંગ્રેસમેન, ટેનેસી), શ્રી બોબ હ્યુજીન (ચૅરમેન, ગાર્ડન સ્ટેટ ઇનિશિયેટિવ બોર્ડ, ન્યૂજર્સી), ડૉ. મનીષ પરીખ (ચીફ કાર્ડિયોલોજિસ્ટ, પ્રેસ્બિટેરિયન બ્રુકલિન મેથોડિસ્ટ હૉસ્પિટલ), શ્રી દિલીપ ચૌહાણ (ડે. કમિશનર, ન્યૂયોર્ક ઑફિસ ઓફ ઈન્ટરનેશનલ અફેર્સ), શ્રી રામિત બાલા (CEO, MC બડી), કર્નલ ડોનાલ્ડ વ્હેલન (પ્રોગ્રામ મૅનેજર, કોમ્બેટ ઇન કમાન્ડ માટે વ્યૂહાત્મક યોજના), ડૉ. ટાયકો હેમ્બાચ (વરિષ્ઠ વૈજ્ઞાનિક), શ્રી બોબ હીલી (એક્ઝિક્યુટિવ અને કો-ચૅરમૅન, વાઈકિંગ ગ્રૂપ), શ્રી સેમ કોલ (મેનેજિંગ પ્રિન્સિપાલ અને સહ-સ્થાપક, Stonecutter Ventures, LLC), શ્રી બોબ ગ્રોગેન (ઑડિટર, ડુપેજ કાઉન્ટી), શ્રી Whitney Merciless (સુપરસ્ટાર, એનએફએલ), શ્રી અજય પાટીલ (કાઉન્સિલ સભ્ય, એડિસન), શ્રી જોસેફ કોઈલ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એડિસન ચેમ્બર ઓફ કોમર્સ), શ્રી રાજ જુટ્ટુકોંડા (સહસ્થાપક, રાઈટ એન્ગલ સોલ્યુશન્સ ઈન્ક.), શ્રી રાજેશ મહેતા (કાઉન્સિલ પ્રમુખ, ઉત્તર બ્રુન્સવિક સમુદાય), શ્રી વીરુ પટેલ (કાઉન્સિલમેન, વુડબ્રિજ ટાઉનશિપ), ડૉ. સંપત શિવાંગી (પ્રમુખ, ઇન્ડિયન અમેરિકન ફોરમ ઓફ પોલિટિકલ એજ્યુકેશન)નું સન્માન પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પુષ્પહાર અને સ્મૃતિભેટ અર્પણ કરીને કર્યું હતું.

આજે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોએ ભારતીય સંસ્કૃતિ અને અક્ષરધામ મહામંદિરને વાક્પુષ્પાંજલિ અર્પી હતી. ન્યૂયોર્ક સિટીના મેયર શ્રી એરિક એડમ્સ વતી ન્યૂયોર્ક સિટીના ડેપ્યુટી કમિશનર શ્રી દિલીપ ચૌહાણે તા. ૮ ઑક્ટોબરને બી.એ.પી.એસ. અક્ષરધામ ડે જાહેર કર્યો હતો. તેનું પ્રોક્લેમેશન પૂજ્ય મહંત સ્વામી મહારાજને અર્પણ કર્યું હતું. સૌએ તાલીનાદથી આ ઘોષણાને વધાવી લીધી હતી. પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતી મહારાજે પૂજ્ય મહંત સ્વામી મહારાજને શાલ અને 'શ્રીમદ્ ભગવદગીતા' અર્પણ કરીને અભિવાદન કર્યું હતું.

આજે મહિલાવિભાગમાં ઉપસ્થિત અતિથિ વિશેષ શ્રીમતી જેમી મેથ્યુસ, સુશ્રી મોનિકા ઓગલ્સ, ડૉ. મમતા પરીખ, કાઉન્સિલવુમન મેરી હચિન્સન (સભ્ય, ઉત્તર બ્રુન્સવિક સમુદાય), શ્રીમતી શાંતિ નાડા (અધ્યક્ષ, જાહેર સુરક્ષા અને આરોગ્ય સમિતિ અને ડેપ્યુટી ડિરેક્ટર, મિડલસેક્સ કાઉન્ટી કમિશનર બોર્ડ), સુશ્રી મધ્રુઆ શ્રીનિવાસન (ડિરેક્ટર, એપેલીસ ફાર્માસ્યુટિકલમાં ક્લિનિકલ ઑપરેશન્સ બિઝનેસ ઓપ્ટિમાઈઝેશન), સુશ્રી અનુ પાટીલ, સુશ્રી આરતી જુટ્ટુકોંડા, સુશ્રી નયના પટેલ વગેરેનું બી.એ.પી.એસ. મહિલાપાંખના અગ્રણીઓએ સ્વાગત -સન્માન કર્યું હતું.

મહાનુભાવોના સન્માનવિધિ બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં પ્રાર્થના કરતાં કહ્યું કે પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું રહે અને ઓછામાં ઓછા ૧૦૦ વર્ષ આપણી વચ્ચે રહીને સત્સંગની દૃઢતા કરાવતા રહે. ત્યારબાદ વધુમાં તેઓએ સ્વામીશ્રીનો અભ્યાસ, તેમના પર ગુરુવર્યોનો રાજીપો તેમજ અથાક સેવા વિષયક પ્રસંગો કહ્યા હતા. વધુમાં તેઓએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વારંવાર સંપ, સુહૃદભાવ અને એકતાની ભાવના પ્રગટ કરે છે તે ભાવના સૌ હરિભક્તોને ચરિતાર્થ કરવા મીઠી ટકોર કરી હતી.

આજે જન્મોત્સવની સભામાં ઉપસ્થિત અને દેશ-વિદેશમાં જીવંત પ્રસારણને માણી રહેલા અસંખ્ય

હરિભક્તોને ગુરુહરિને વધાવવાનો અનેરો ઉમંગ હતો. આ સમગ્ર સત્સંગ સમુદાય વતી સદ્‌ગુરુ સંતોએ ગુરુહરિને કલાત્મક હારતોરા અર્પણ કરીને જન્મદિને અભિવંદના કરી. સૌના અંતરમાં ઊભરાતી ઊર્મિઓને સૌ વતી ઉપમંચ પર કિશોરો-યુવાનોએ ‘વંદન કરીએ દીનભાવથી હે મહંત સ્વામી મહારાજ’ નૃત્યાંજલિ રજૂ કરીને એ સૌની લાગણીઓને સમર્પિત કરી હતી.

આજે અક્ષરધામ મહામંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના પૂર્વ દિને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તેમની ભક્તવત્સલ સાધુતાથી તેઓ ખાસ પત્ર લખીને લાવ્યા હતા. અક્ષરધામ મહામંદિરના નિર્માણમાં સમર્પિત ૧૨,૫૦૦ સ્વયંસેવકો અને સંસ્થાના લાખો હરિભક્તોને સંબોધીને લખેલા પત્ર-આશીર્વાદનું વાંચન કરતાં સ્વામીશ્રીએ ઉચ્ચાર્યું કે

‘‘પ્રતિષ્ઠાની આરતી વેળાએ....

સ્વામીબાપાના લાડીલા સર્વે હરિભક્તો અને અક્ષરધામ સેવા કરનાર તમામ સ્વયંસેવકો, પ્રતિ સાધુ કેશવજીવનદાસના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

આપ બધાએ દેહનો ભીડો વેઠી ખૂબ સેવા કરી છે. અમે તો સાક્ષી બન્યા છીએ. નોકરી, ધંધો, અભ્યાસ વગેરે તથા કુટુંબ પરિવાર બધું ગૌણ કરી અક્ષરધામની સેવા કરી છે. અને લોયા ત્રીજું સિદ્ધ કર્યું છે.

મારી તેમજ આપ બધાની સહેજે ઇચ્છા રહે કે અક્ષરધામ પ્રતિષ્ઠા વિધિનો પ્રત્યક્ષ લાભ મળે, પરંતુ અત્યારના સમયસંજોગો જોતાં તે શક્ય નથી. તેથી મને ખૂબ દુઃખ થાય છે કે હું આપ બધાની સેવા-સરભરા ન કરી શક્યો... પરંતુ હું આપ બધાને યાદ કરી પ્રતિષ્ઠાની મુખ્ય આરતી કરીશ તો રાજી રહેશો.

મોટું મન રાખી માફ કરજો. આપ બધા મારા હાથ પગ છો. આપ બધા વિના આ શક્ય ન બને. આપ બધાનો આભારી છું. આપ તમામ ૧૨,૫૦૦ સ્વયંસેવકોને લીધે આજે પ્રતિષ્ઠા થશે. આપ જ્યાં હો ત્યાં એમ જ માનજો કે મહારાજ આપણી સામે જ છે. અમારા હૃદયમાં આપ બધા છો એટલે મહારાજની પાસે જ છો. આપ બધાને હૃદયથી યાદ કરીશું. I will remember all of you dearly tomorrow. હવે, મારી ઇચ્છા છે કે હું આપ બધાની આરતી ઉતારું.’’

કૃપામૂર્તિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પત્ર-આશીર્વાદમાં શબ્દે શબ્દે વરસતી કરુણા વર્ષાએ સૌ સંતો-સ્વયંસેવકો અને હરિભક્તોનું મન-હૃદય ભીંજવી દીધું. ત્યારબાદ સૌ હરિભક્તોએ હસ્તમાં પુષ્પપાંખડીઓ લઈને અપરંપાર કરુણાગંગામાં રસબસ ગુરુહરિને વૈદિક શ્લોકગાનની વચ્ચે ગુરુહરિનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરીને માંગલિક શુભકામનાઓ પાઠવી હતી.

ત્યારબાદ તાજેતરમાં ઇઝરાયલ અને પેલેસ્ટાઈન દેશની સીમા અને તે વિસ્તારમાં તણાવ અને અશાંતિ પ્રવર્તતી હોવાથી મોટી સંખ્યામાં નિર્દોષ લોકોનાં મૃત્યુ થયાં હતાં; આ બંને દેશો વચ્ચે વહેલામાં વહેલી તકે શાંતિ પ્રવર્તે અને પૂર્વવત્ જીવન થાય તે માટે પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને સૌ હરિભક્તોએ પ્રાર્થના કરી હતી. અંતે સ્વામીશ્રી, સંતો અને હરિભક્તોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે આરતી અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

આજના પવિત્ર પર્વે બે વિશિષ્ટ ઉદ્‌ઘાટન થયાંઃ આ અક્ષરધામમાં દુનિયાભરમાંથી લોકો દર્શનાર્થે આવશે ત્યારે એ લોકોને અક્ષરધામના અલગ અલગ વિભાગોને કેવી રીતે માણવા તેનું માર્ગદર્શન આપતી Akshardham Visitor Applicationનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રી પાસે પૂજ્ય ધર્મકેતુદાસ સ્વામી અને પૂજ્ય કૈવલ્યમૂર્તિદાસ સ્વામીએ કરાવ્યું. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય ગુણોનું દર્શન કરાવતા ઓડિયો-કીર્તન સંપુટ ‘મુને મહંત સ્વામી મન ભાવિયા’નું ઉદ્‌ઘાટન પ્રણવમુનિદાસ સ્વામી અને ગુરુકીર્તનદાસ સ્વામીએ પૂજ્ય ડૉક્ટર સ્વામી પાસે કરાવ્યું. આ જન્મજયંતી સમારોહનું જીવંત પ્રસારણ વિશ્વભરમાં વસતા હરિભક્તોએ બી.એ.પી.એસ. વેબકાસ્ટિંગ (live.baps.org તથા usa.akshardham.org), આસ્થા ટી.વી. ચેનલ અને ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ દ્વારા માણ્યું હતું.

આમ, આજનો આ ઉત્સવ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણે ગુરુભક્તિ અદા કરતો સૌના હૈયે જડાઈ ગયો, લાખો હરિભક્તોના પ્રાણપ્યારા ગુરુહરિ મહંત સ્વામી મહારાજના ૯૦ વર્ષના દિવ્ય જીવનની એક અનોખી આભા પાથરતો ગયો. (મહાનુભાવોના ઉદ્‌ગારો પૃષ્ઠ ૧૯૫ ઉપર.) ◆

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જન્મજયંતી દિન સમારોહનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...





# અક્ષરધામ મહામંદિર

# મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

*'આજ આનંદ આનંદ બધાઈ, રોમ રોમ હરખ ઊભરાઈ...'*

ભાદરવા વદ નવમી, તા. ૮-૧૦-૨૦૨૩, રવિવારની મંગળ પ્રભાત અમેરિકાના ઇતિહાસમાં સદાય માટે અમર બની રહેશે. દિવ્ય, અલૌકિક, અનુપમ અને શાશ્વત અક્ષરધામના મહાશિખર તળે કલામંડિત ગર્ભગૃહમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના અનન્ય સેવક અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે વેદોક્ત વિધિપૂર્વક બિરાજમાન થયા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે તેમના અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આ પ્રાણપ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો ત્યારે દેશ-વિદેશના કરોડો ભક્તો-ભાવિકોનાં હૈયાં ગદ્ગદ થઈ પોકારી ઊઠ્યાં: *'આજ આનંદ આનંદ બધાઈ...'*

'અહીં આવનાર દરેકને પરમ શાંતિ અને પરમ આનંદનો અનુભવ થાય,
જીવનમાં ઘડતર થાય અને જીવન દિવ્ય બને...
અહીં અક્ષરધામમાં અથવા તો દૂર રહીને સેવા કરનાર સર્વે બાઈ-ભાઈ
આ ને આ દેહે આત્યંતિક મોક્ષને પામે...
બધે સંપ વધે, શાંતિ થાય અને બધા સુખી રહે,
આ અક્ષરધામની આજુબાજુ જે પણ બધા આવે એ બધા જીવ-પ્રાણીમાત્રનો મોક્ષ થાય...
આ અક્ષરધામ દ્વારા વૈદિક અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનો મહિમા ખૂબ વધે.
સનાતન ધર્મની ધજા પતાકા સમગ્ર નવખંડ ધરતીમાં ફરકે અને અક્ષરપુરુષોત્તમનો ડંકો વાગે.
એ જ પ્રાર્થના...'

**– મહંત સ્વામી મહારાજ**

પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં અમેરિકાના ઉત્તર-પૂર્વ પ્રાંતમાં આવેલા ન્યૂજર્સી રાજ્યના મહાનગર રોબિન્સવિલમાં ૧૮૫ એકરની ભૂમિ પર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પથી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી દિવ્ય અક્ષરધામનું નિર્માણ થતાં અહીં સનાતન ધર્મનું મહાન તીર્થ ખડું થયું છે. માત્ર ૮ વર્ષના ટૂંકા ગાળામાં અગણિત સંતો અને હજારો હરિભક્તોના નિઃસ્વાર્થ સેવા-સમર્પણભાવથી રચાયેલું અક્ષરધામ સનાતન હિન્દુ ધર્મની ધરોહર છે. ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતું અલૌકિક અક્ષરધામ માત્ર હિન્દુઓ જ નહીં, પરંતુ અન્ય ધર્મોની વ્યક્તિઓના અંતરમાં પણ સનાતન ધર્મનો જયજયકાર કરે છે.

સનાતન ધર્મ, ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં ચરણોમાં અંજલિ અર્પતા આ કલાત્મક, રમણીય, દર્શનીય, દિવ્ય-ભવ્ય અને અલૌકિક 'સ્વામિનારાયણ અક્ષરધામ'નો પ્રાણપ્રતિષ્ઠા વિધિ અને લોકાર્પણ સમારોહ આવી પહોંચ્યો.

વિ.સં. ૨૦૭૯, ભાદરવા વદ નવમી-દશમીનો સંયુક્ત દિન એટલે ભગવાન સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં સ્મૃતિપર્વો અને તિથિ અનુસાર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો પ્રાકટ્ય દિન. આ ત્રિવેણી ઉત્સવે તા. ૮-૧૦-૨૦૨૩ના રોજ 'સ્વામિ-નારાયણ અક્ષરધામ'ના ઉદ્‌ઘાટનનો ઐતિહાસિક અવસર યોજાયો હતો.

સ્વામિનારાયણીય અધ્યાત્મનાં અજવાળાં આજે પશ્ચિમ દિશામાં પ્રસરી રહ્યાં હતાં. આજે અમેરિકાની ભૂમિ પર રચાયેલા 'સ્વામિનારાયણ અક્ષરધામ' મહામંદિરના મુખ્ય ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ચિરંતન કાલ સુધી પ્રતિષ્ઠિત થવાના હતા, તેનો મંગલ અવસર અક્ષરધામ પ્રતિષ્ઠા મહોત્સવના તૃતીય સોપાન રૂપે યોજાયો હતો.

દિવ્ય અને વિરલ વૈદિક પરંપરા અનુસાર યોજાનાર પ્રતિષ્ઠાવિધિનો લાભ પ્રાપ્ત કરવા માટે અમેરિકાના જુદા જુદા પ્રાંતો તેમજ અન્ય દેશોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો અક્ષરધામ પરિસરમાં ઊમટ્યા હતા. વહેલી સવારથી જ નૂતન પારંપરિક વસ્ત્રપરિધાનમાં સજ્જ બનીને આવી પહોંચેલા સૌ કોઈના અંતરમાં અનેરો આનંદ-ઉમંગ -ઉત્સાહ હતો. પ્રતિષ્ઠાવિધિનો લાભ પ્રાપ્ત કરવા માટે યજમાન ભક્તો અક્ષરધામના વિવિધ ગર્ભગૃહોમાં અને અન્ય ભક્તો વિશાળ સભામંડપમાં હકડેઠઠ બિરાજ્યા હતા.

સવારે માંગલિક મુહૂર્તમાં અક્ષરધામના મુખ્ય ઘુમ્મટ તળે, સન ૨૦૧૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રાણપ્રતિષ્ઠિત થયેલા અક્ષરપુરુષોત્તમ મહારાજની પાવન નિશ્રામાં પ્રતિષ્ઠા નિમિત્તેનો મહાપૂજા વિધિ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી તથા આનંદસ્વરૂપદાસ સ્વામી, નારાયણ-મુનિદાસ સ્વામી, નિખિલેશદાસ સ્વામી, જ્ઞાનપ્રિયદાસ સ્વામી વગેરે વડીલ સંતોનાં કરકમળો દ્વારા આરંભાયો હતો. અક્ષરધામ પરિસરમાં

ઉપસ્થિત સર્વે હરિભક્તો તથા વિશ્વભરના ખૂણે ખૂણે વસતા બી.એ.પી.એસ. સંસ્થાના લાખો આબાલ-વૃદ્ધ ભક્તો ઘરે બેઠાં જીવંત પ્રસારણના માધ્યમથી પૂજનવિધિમાં જોડાયા હતા. મધુરવદનદાસ સ્વામી (ધ્વનિમુદ્રણ), શ્રુતિપ્રકાશદાસ સ્વામી તથા ભૂદેવોના કંઠેથી ઉચ્ચારાયેલા વૈદિક પૂજનવિધિના મંત્રોથી વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રસરી ગઈ હતી. અક્ષરવત્સલદાસ સ્વામીએ સૌને પૂજનવિધિમાં પ્રેરતાં માર્ગદર્શન આપ્યું હતું.

વેદોક્ત વિધિપૂર્વક પૂજન અને આરતી સંપન્ન થયા બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરણા-વચનોમાં કહ્યું: ‘‘આજનો દિવસ અત્યંત પવિત્ર, મહાન અને ઐતિહાસિક છે. કારણ કે વર્ષોથી આપણે જે દિવસની રાહ જોઈ રહ્યા હતા એ દિવસ જોતજોતાંમાં આજે પ્રાપ્ત થયો છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગઈકાલે પોતાના પત્રનું વાંચન કર્યું હતું ત્યારે ખૂબ પ્રેમ-દયાથી કહ્યું હતું કે ‘હું જ્યારે ત્યાં આરતી ઉતારીશ ત્યારે વિશ્વના બધા જ હરિભક્તો અને સંતોને યાદ કરીશ, તમારાં બધાનાં વતી હું દર્શન કરીશ.’ આવી અદ્‌ભુત બાંયધરી આપી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આપણને બધાને યાદ કરે એ કેટલી મોટી વાત કહેવાય!

પ્રમુખસ્વામી મહારાજે ૨૫ વર્ષ પૂર્વે સંકલ્પ કરેલો કે અમેરિકાની દિવ્ય ભૂમિ ઉપર અક્ષરધામ થાય. અને એના માટે અમેરિકા જેટલી વાર આવ્યા છે એટલી વાર સ્વયં બધે ફરી ફરીને આપણા માટે જમીન શોધી છે. છેવટે ૨૦૦૮ પછી આપણને આ જમીન પ્રાપ્ત થઈ. એમણે આ જમીન જોઈ ન હતી તેથી વારંવાર સંતોને કહેતા કે ‘મને આ જમીન બતાવો’ અને એમનો એ સંકલ્પ ૨૦૧૪માં પૂર્ણ થયો. તેઓ પધાર્યા અને ભૂમિને પાવન કરી.

આમ, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પથી અને ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અને આશીર્વાદથી આ અક્ષરધામ સાકાર થયું છે. અને આજે આપણને પ્રત્યક્ષ ભગવાન સ્વામિનારાયણ પુરુષોત્તમ નારાયણ દિવ્ય આશીર્વાદ આપી રહ્યા છે. અને બાજુમાં ગુણાતીતાનંદ સ્વામી પણ દાસત્વભાવે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી રહ્યા છે. તેઓ આપણને એ રીતે પ્રેરણા આપે છે કે આપણે પણ શ્રીજીમહારાજની દાસત્વભાવે સેવા, સત્સંગ અને ભક્તિ કરવાની છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બે-ત્રણવાર વાત કરી કે જેનું વર્ણન ન થઈ શકે એવું અદ્‌ભુત અક્ષરધામ થયું છે, પણ આપણને આદેશ આપતાં કહ્યું કે અક્ષરધામને આપણા હૃદયની અંદર પણ નિર્માણ કરવાનું છે. એટલે કે આપણું અંતઃકરણ શુદ્ધ કરવાનું છે. અંતઃકરણ શુદ્ધ થશે તો મહારાજ-સ્વામી અખંડ આપણા હૃદયમાં બિરાજમાન થશે. અમેરિકાના તમામ હરિભક્તો ખૂબ જ ભાગ્યશાળી છે કે તેઓ આ ભૂમિ ઉપર વાસ કરે છે, ત્યાં આવા દિવ્ય અક્ષરધામની પ્રાપ્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કરાવી છે. એટલે આપણે એમના અત્યંત ઋણી છીએ કે હજારો વર્ષો સુધી નાનાં બાળકોથી માંડીને વડીલ સુધી તમામ હરિભક્તો આ અક્ષરધામનો લાભ લઈ શકશે.

અક્ષરધામ નિર્માણ પાછળ એમનો એક જ હેતુ છે કે આપણે જે અક્ષરધામમાં જવાનું છે એ અક્ષરધામનું પ્રત્યક્ષ આપણને દર્શન કરાવ્યું. કારણ કે એ અક્ષરધામની અંદર પણ આપણે અક્ષરરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિનાં અખંડ દર્શન કરવાનાં છે અને સુખ લેવાનું છે. એ જ સુખ આપણને છતી દેહે અહીંયાં પ્રત્યક્ષ મળે એટલા માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અક્ષરધામનું નિર્માણ કર્યું છે.

આ અક્ષરધામના નિર્માણમાં ૧૨,૫૦૦ જેટલાં નાનાં-મોટાં બાઈ-ભાઈ ભક્તોએ પોતાનો ધંધો, રોજગાર, વ્યવહાર બધું છોડીને બે-બે વર્ષ સુધી અતિશય સેવા કરી છે. જેમણે પણ આ સેવા કરી છે એમને પણ થઈ ગયું કે અમારું જીવન ધન્ય થઈ ગયું. જીવનભર આ સેવાનું સુખ પ્રાપ્ત કરીશું.

તમામ હરિભક્તોએ જે રીતે તન તોડીને અને મનથી એકાગ્ર થઈને ખૂબ હૃદયના ભાવભક્તિથી આ અક્ષરધામના નિર્માણમાં સેવા કરી છે તેથી અક્ષરધામનું મૂલ્ય અતિ અતિ ઘણું વધી જાય છે. અમેરિકા જેવા દેશની અંદર ખૂબ જ ભણેલા-ગણેલા અને સુખી-સંપન્ન, સમૃદ્ધ યુવાનોએ મન મૂકીને રાત-દિવસ સેવા કરી એ અલૌકિક ઇતિહાસ છે.

અક્ષરધામમાં શ્રીજીમહારાજ પોતે અભય હસ્ત ધારણ કરીને વિરાજમાન થયા છે. એ શ્રીજીમહારાજ પોતે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ, આપણા ઇષ્ટદેવ એ હજારો સ્વયંસેવકોને અખંડ યાવત્ચંદ્રદિવાકરૌ આશીર્વાદ આપી રહ્યા છે. બધાની સેવાથી



‘કુમકુમં અક્ષતં ચ સમર્પયામિ...’
ભગવાન શ્રી સ્વામિનારાયણનું વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા-પૂજન કરતા મહંત સ્વામી મહારાજ...

એમની પ્રસન્નતા ખૂબ વધી ગઈ છે તેથી આપણે સૌ ધન્ય થઈ ગયા છીએ.’’

પૂજ્ય ડૉક્ટર સ્વામીએ અક્ષરધામ નિર્માણમાં ગજા બહાર જઈને સેવા કરનાર સૌની સેવાઓને બિરદાવીને વિશેષમાં કહ્યું: ‘‘ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘આપણે અક્ષરરૂપ થવાનું છે.’ અક્ષરરૂપ થવાના માર્ગે તો આપણે ચાલ્યા જ છીએ પણ એમાં ઘણુંબધું હજુ કરવાનું બાકી છે.

ભગવાન સ્વામિનારાયણ માટે આપણને નિષ્ઠા છે, પણ બહારથી જે લોકો અહીં આવશે અને તેઓ કદાચ ભગવાનમાં ન માનતા હોય, પણ આ કાર્ય જુએ તો એને થાય તો ખરું જ કે ભગવાનમાં વિશ્વાસ હોય, ભગવાનમાં શ્રદ્ધા હોય તો જ આવું કાર્ય થઈ શકે. અહીંયાં આપણને સંપૂર્ણપણે સમર્પણ દેખાય છે.

ભગવાન સ્વામિનારાયણે કહ્યું, ‘આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે.’ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘પાંદડે પાંદડે સ્વામિનારાયણ ભજન કરાવવું છે’ તો એ સંકલ્પ હૃદયમાં ધારીને કાર્ય કરવાનું સૌને નિત્ય બળ મળે, પ્રેરણા મળે એ માટે પ્રાર્થના.’’

હવે, આરંભાયું મૂર્તિ-પ્રતિષ્ઠા વિધિનું તૃતીય અને અંતિમ સોપાન.

આજના મૂર્તિ પ્રતિષ્ઠાવિધિની વિશેષતા એ હતી કે અક્ષરધામમાં પ્રતિષ્ઠિત થનાર ભગવાન સ્વામિ-નારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રાણોની પ્રતિષ્ઠા તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખ-સ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજની પંચધાતુની ચલમૂર્તિઓમાં કરી હતી. એ જ પ્રાણોની પુનઃ પ્રતિષ્ઠા આજે અક્ષરધામના મધ્યસ્થ ગર્ભગૃહમાં વિરાજમાન ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિમાં થવાની હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રતિષ્ઠાવિધિ માટે અક્ષરધામના ગર્ભગૃહમાં પધાર્યા. યંત્ર સંચાલિત લિફ્ટ દ્વારા સ્વામીશ્રીનું



શ્રીહરિનાં ચરણની પૂજામાં રત સ્વામીશ્રી. ગુણાતીતાનંદ સ્વામીને મુખદર્શન કરાવતા ઈશ્વરચરણ સ્વામી. ગુણાતીતાનંદ સ્વામીનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી. તેમજ દર્શનરત વિશાળ ભક્તસમુદાય...

આસન ભગવાન સ્વામિનારાયણની સન્મુખ લઈ જવાયું. સહેજ ડાબી બાજુ મુખ ઢળેલી ભગવાન સ્વામિનારાયણની મનોહર મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ સ્વામીશ્રીએ આરંભ્યો. અને એ જ રીતે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વિધિ આરંભ્યો.

વિધિ અંતર્ગત પ્રથમ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો ઉત્થાનવિધિ અને પ્રતિષ્ઠાવિધિનો પ્રધાન-સંકલ્પ થયો. ત્યારબાદ બંને મૂર્તિઓનાં વિવિધ અંગ-ઉપાંગોને દર્ભશલાકા સ્પર્શાવીને દિવ્ય ગુણોનો ન્યાસવિધિ કરવામાં આવ્યો. જેમાં, મૂર્તિઓના મસ્તક, મુખ, હૃદય, બંને હાથના અંગૂઠા, આંગળીઓ, હથેળી, શિખા, બંને ખભા, બંને નેત્ર ઉપર વિધિ કર્યો. મૂર્તિઓના હૃદય ઉપર અંગૂઠાનો સ્પર્શ કરીને મુખ્ય પ્રાણપ્રતિષ્ઠાવિધિ કર્યો ત્યારે આઠ મંત્રોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું. પ્રતિષ્ઠામંત્રોના અંતે 'પ્રતિષ્ઠત્વં પ્રતિષ્ઠત્વં અક્ષર-પુરુષોત્તમ...' નાદ કરવામાં આવ્યો. ભગવાનની ૧૧ પ્રકારની સેવાનો સંકલ્પ અને ૧૧ વખત ૐકારનો મંત્ર જપવામાં આવ્યો. હાથ જોડીને કરેલી પ્રાર્થના બાદ મૂર્તિઓના કર્ણમાં ગાયત્રી મંત્રનો જપ કરવામાં આવ્યો. ત્યારપછી જમણા નેત્રમાં સૂર્યમંત્રથી અને ડાબા નેત્રમાં ચંદ્રમંત્રથી અનાવરણ વિધિ કરવામાં આવ્યો. આ વિધિ દરમ્યાન મૂર્તિઓને આદર્શ ધરીને દર્શન કરાવવામાં આવ્યું. ત્યારબાદ પ્રાણપ્રતિષ્ઠિત ભગવાન સ્વામિનારાયણની મૂર્તિના ભાલે સ્વામીશ્રીએ ચંદનની અર્ચા કરીને પુષ્પ-અક્ષત-કુમકુમથી પૂજન કર્યું. એ જ રીતે ઈશ્વરચરણદાસ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનું પૂજન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ પણ ગુણાતીતાનંદ સ્વામીનું પૂજન કર્યું હતું.

આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં સદ્‌ગુરુ પ્રેમાનંદ



'જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ...' પ્રાણપ્રતિષ્ઠા વિધિની મુખ્ય આરતી ઉતારીને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને વધાવતા મહંત સ્વામી મહારાજ...

સ્વામીએ *'દિવ્ય સભાપતિરાય બૈઠે, એ જ્યું નિરખત સબ દુઃખ જાય...'* કીર્તનની રચના કરી તેનું ગાન કર્યું હતું. દિલ્હી ખાતેના અક્ષરધામની પ્રતિષ્ઠા વખતે પ્રમુખસ્વામી મહારાજે પોતાના અતિપ્રિય આ કીર્તનનું પૂજ્ય યોગીચરણદાસ સ્વામીના કંઠે ગાન કરાવ્યું હતું. એ પ્રસંગનું સ્મરણ કરીને અત્યારે આ કીર્તનનું મધુર ગાન થયું અને તેનું શ્રવણ કરતાં કરતાં સૌએ ભગવાન સ્વામિનારાયણની દિવ્ય-અલૌકિક મનોહર મૂર્તિને હૃદયમાં ધારી. ત્યારબાદ ઘંટારવના નાદ સાથે પ્રતિષ્ઠિત મૂર્તિઓની સ્વામીશ્રી અને સૌએ પ્રથમ આરતી ઉતારી. આરતી બાદ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરીને ભક્તિઅર્ઘ્ય અર્પ્યું.

અક્ષરધામનાં દર્શનાર્થે આવનાર સૌનું કલ્યાણ થાય, સૌનું મંગલ થાય એ ભાવનાથી સ્વામીશ્રીએ ઉત્સર્જનનો સંકલ્પ કરીને અક્ષરધામનું લોકાર્પણ કર્યું હતું.

આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૯૦મો પ્રાકટ્ય દિન પણ હતો. પરહિત કાજે જીવનના નવ દાયકા પૂર્ણ કરનાર સ્વામીશ્રીનું સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ સમુદાય વતી ઈશ્વરચરણદાસ સ્વામીએ ચંદનની અર્ચા કરીને ગુરુપૂજન કર્યું, અને કોઠારી સ્વામીએ પુષ્પમાળા અર્પણ કરીને વધાવ્યા હતા.

આજના અવસરમાં સહભાગી બનેલા સનાતન હિન્દુ ધર્મ આચાર્યસભાના મહામંત્રી પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજનું પણ પુષ્પમાળાથી અભિવાદન કરવામાં આવ્યું.

આજના મંગલ અવસરે પ્રાર્થનાપૂર્વક આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: "હે મહારાજ! હે સ્વામી! પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કૃપા કરીને ભવ્ય અને દિવ્ય અક્ષરધામ નિર્માણનો સંકલ્પ કર્યો હતો અને તે માટે તેઓ ખૂબ ભીડો ખમ્યા. એ સંકલ્પ પૂર્ણ થતાં અમોને ખૂબ, ખૂબ, ખૂબ આનંદ થાય છે.

હે મહારાજ! આપ તો સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો.



પ્રાણપ્રતિષ્ઠાની આરતી તથા મંત્રપુષ્પાંજલિમાં જોડાયેલા વરિષ્ઠ સંતો. મહંત સ્વામી મહારાજના ૯૦મા પ્રાગટ્ય દિને સમગ્ર સત્સંગ સમુદાય વતી ગુરુપૂજન કરતા પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી...

અનંતકોટી બ્રહ્માંડના રાજાધિરાજ છો. વચનામૃત પ્રથમના ૭૧ પ્રમાણે આપ કેવળ અને કેવળ અતિ કૃપાએ કરીને આ લોકમાં મનુષ્ય રૂપે પધાર્યા. જેવા આપ આપના દિવ્ય અક્ષરધામમાં અનંત ઐશ્વર્યયુક્ત બિરાજમાન છો એવા જ અહીં પણ આ અક્ષરધામમાં બિરાજમાન છો. જેમ દિવ્ય અક્ષરધામમાં સાક્ષાત્ અક્ષરબ્રહ્મ મૂર્તિમાન આપની સેવામાં બિરાજમાન છે તેમ આ અક્ષરધામમાં પણ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આપની સેવામાં બિરાજમાન છે. જેમ દિવ્ય અક્ષરધામમાં અનંત અક્ષરમુક્તો આપને પૂજે છે તેમ અહીં પણ અક્ષરમુક્તો આપને પૂજી રહ્યા છે. આ અક્ષરધામ આપના તે દિવ્ય અક્ષરધામનો અનુભવ કરાવે છે.

અહીં આવનાર દરેકને પરમ શાંતિ અને પરમ આનંદનો અનુભવ થાય, જીવનમાં ઘડતર થાય અને જીવન દિવ્ય બને. અહીં અક્ષરધામમાં અથવા તો દૂર રહીને સેવા કરનાર સર્વે બાઈ-ભાઈ આ ને આ દેહે આત્યંતિક મોક્ષને પામે. આપણે બધું જ પ્રગટ, બધું જ સાક્ષાત્ છે એટલે...

આપની દિવ્ય દૃષ્ટિથી બધે સંપ વધે, શાંતિ થાય અને બધા સુખી રહે. બધા જીવ-પ્રાણીમાત્ર આ અક્ષરધામની આજુબાજુ જે પણ બધા આવે એ બધાનો મોક્ષ થાય. આ અક્ષરધામ દ્વારા વૈદિક અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનો મહિમા ખૂબ વધે. સનાતન ધર્મની ધજા પતાકા સમગ્ર નવખંડ ધરતીમાં ફરકે અને અક્ષર પુરુષોત્તમનો ડંકો વાગે. જય સ્વામિનારાયણ!!''

મહંત સ્વામી મહારાજના અપાર ભક્તિ અને સ્નેહ સભર આ પત્રે અને વિનમ્ર વાણીએ સૌને ગદ્ગદ કરી મૂક્યા.

બાળવયે ઘનશ્યામ પ્રભુએ પશ્ચિમની ધરા પર મુમુક્ષુઓના કલ્યાણ કાજે કરેલી કલ્યાણમયી દૃષ્ટિ એ માત્ર ગુજરાત પૂરતી સીમિત નહોતી, પરંતુ અક્ષરધામ મહામંદિરના ઉદ્ઘાટન સાથે જ પશ્ચિમી ધરા અમેરિકાના ભક્તજનો માટે કરેલી એ



પ્રાણપ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે સ્વામીશ્રીએ સૌને આધ્યાત્મિક નિશાન બાંધી આપ્યું:
'બહારનું અક્ષરધામ થઈ ગયું, હવે હૃદયની અંદર અક્ષરધામ બનાવવાનું છે...'

દિવ્ય-દૃષ્ટિનો સંકલ્પ આજે પરિપૂર્ણ થયો હતો.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદથી, માત્ર ત્રણ હરિભક્તોથી અમેરિકામાં શરૂ થયેલો બી.એ.પી.એસ. સત્સંગ આજે ગગનને આંબી રહ્યો છે. અમેરિકા ખંડમાં ૧૨૫ કરતાં વધારે બી.એ.પી.એસ.નાં મંદિરો અને સેંકડો સત્સંગ કેન્દ્રોમાં ફેલાયેલો સત્સંગ અહીં અધ્યાત્મનાં અજવાળાં પાથરી રહ્યો છે. અને આ સત્સંગનું શિખર એટલે 'સ્વામિનારાયણ અક્ષરધામ'.

**■ આભાર દર્શન :**

આજના મંગલ અવસરે સૌએ ભારે હૈયે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરી હતી. જેમણે સર્વ જીવ-પ્રાણીમાત્રના કલ્યાણ માટે, માનવમાત્રના ઉત્કર્ષ માટે સૌનું મંગલ થાય એવી ભાવનાથી સનાતન હિન્દુ ધર્મનો વિશ્વમાં ડંકો વગાડ્યો અને તેના માટે અહીં અક્ષરધામ નિર્માણનો સંકલ્પ કર્યો. એ સંકલ્પને પરિપૂર્ણ કરવાની જવાબદારી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સોંપી. આ બંને ગુરુવર્યોના ચરણોમાં નતભાવે-સેવકભાવે રહીને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આ અક્ષરધામનું નિર્માણ-સૂત્ર સંભાળ્યું હતું. તેમનો આભાર માનીને તેમને બિરદાવતા મહંત સ્વામી મહારાજે પુષ્પમાળા પહેરાવીને, ભેટીને અપાર પ્રસન્નતા દર્શાવી. તેઓના માર્ગદર્શન હેઠળ અક્ષરધામ નિર્માણની સેવામાં અનન્ય યોગદાન આપનાર અને આ કાર્યમાં નખશિખ ડૂબેલા કલામર્મજ્ઞ સંતો - શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, ભક્તિનંદનદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામીને આશીર્વાદ આપીને સ્વામીશ્રીએ બિરદાવ્યા. શ્રી હર્ષદભાઈ ચાવડા, શ્રી પ્રકાશભાઈ સોમપુરા, શ્રી કનુભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ, એન્જિનિયર શ્રી બી. એમ. પટેલ, શ્રી હરિભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ, શ્રી રોહિતભાઈ, શ્રી રાકેશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી અશોકભાઈ અને વિશ્વકર્મા શિલ્પી ભાઈઓનો આભાર વ્યક્ત કરીને સ્વામીશ્રીએ પુષ્પહાર પહેરાવી









જાણીતા ફ્રેન્ચ દિગ્દર્શક શ્રી ઇવ પીપાં તેમજ અક્ષરધામના નિર્માણમાં યોગદાન આપનારા સંતો-સ્વયંસેવકો વતી શ્રીજીસ્વરૂપ સ્વામી, ભક્તિનંદન સ્વામી, યજ્ઞવલ્લભ સ્વામી અને કનુભાઇ પટેલ તથા અન્યને સ્વામીશ્રીએ બિરદાવ્યા...

આશિષ અર્પ્યા. આનંદસ્વરૂપદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી, ધર્મવત્સલદાસ સ્વામી તથા સારંગપુરથી પધારેલા સંતો-પાર્ષદો-સાધકોનો આભાર પ્રગટ કરીને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. ઉપરાંત અમેરિકાની અંદર સત્સંગ પ્રચારનો પ્રારંભ કરનાર મુખ્ય ત્રણ હરિભક્તો પૈકીના શ્રી ડૉ. કે. સી. પટેલની પણ સ્મૃતિ કરવામાં આવી હતી. અક્ષરધામ નિર્માણમાં પ્રેરણા-બળ સિંચનાર સદ્‌ગુરુ સંતોનું અભિવાદન, અક્ષરધામ નિર્માણમાં ખૂબ મોટું યોગદાન આપનાર યજ્ઞવલ્લભદાસ સ્વામી, પ્રશાંતદર્શનદાસ સ્વામી, આત્મકીર્તિદાસ સ્વામી, નીલકંઠ-સેવાદાસ સ્વામી, હરિદર્શનદાસ સ્વામી, ભક્તિસ્વરૂપદાસ સ્વામી, મુનિરાજદાસ સ્વામી, વિવેકમૂર્તિદાસ સ્વામીએ હારતોરા વડે કર્યું હતું. તેમને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપીને બિરદાવ્યા. અક્ષયમુનિદાસ સ્વામી, વિશ્વવિહારીદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી વગેરે સંતોને પણ બિરદાવાયા. પિંડવાડા ખાતે રહીને પથ્થર-ઘડતરમાં ખૂબ સેવા કરનાર સંતો પરમનયનદાસ સ્વામી, યોગીકિશોરદાસ સ્વામી, બ્રહ્મસેવાદાસ સ્વામી, અમૃતવલ્લભદાસ સ્વામી વગેરેને પણ બિરદાવાયા.

આજના પ્રસંગે ઉપસ્થિત રહેલા અને અક્ષરધામ ગાંધીનગર-દિલ્હીના વૉટર-શોના નિર્માણમાં યોગદાન આપનાર શ્રી ઈવ પીપાં (વિશ્વપ્રસિદ્ધ દિગ્દર્શક), શ્રી રીડ સ્મૂટ (વિશ્વપ્રસિદ્ધ ફિલ્મમેકર) અને મિસ્ટિક ઈન્ડિયા ફિલ્મમાં યોગદાન આપનાર શ્રી સેમ કાર્ડન(સંગીતકાર)નું પણ અભિવાદન કરીને સ્વામીશ્રીએ આશિષ પાઠવ્યા હતા. ◆

અક્ષરધામ મૂર્તિ-પ્રતિષ્ઠાના અંતિમ ચરણના સમારોહનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો, ઈન્ટરનેટથી ક્ષણોને માણો...



## અક્ષરધામ મહામંદિરનો ભવ્ય અને દિવ્ય

# લોકાર્પણ સમારોહ







પશ્ચિમ ગોળાર્ધમાં ભારતીય સંસ્કૃતિ, સનાતન હિન્દુ ધર્મ અને સ્વામિનારાયણીય આધ્યાત્મિક પરંપરાનો એક મુકુટમણિ એટલે અમેરિકાની ધરતી પર રચાયેલું ભવ્ય, દિવ્ય, નવ્ય, અકલ્પ્ય સ્વામિનારાયણ અક્ષરધામ.

અમેરિકાના ઉત્તર-પૂર્વ પ્રાંતમાં આવેલા ન્યૂજર્સી રાજ્યના નગર રોબિન્સવિલમાં ૧૮૫ એકરની ભૂમિ પર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પ અને પ્રેરણાથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં આ મહાન તીર્થ ખડું થયું છે.

માત્ર ૧૨ વર્ષના ટૂંકા ગાળામાં બી.એ.પી.એસ. સંસ્થાના સમર્પિત સંતો અને હજારો હરિભક્તોનાં નિ:સ્વાર્થ સેવા-સમર્પણથી રચાયેલું અક્ષરધામ આધુનિક વિશ્વને એક નવી અજાયબી પૂરી પાડે છે, ને સનાતન ધર્મનાં વૈશ્વિક મૂલ્યોનો ઉદ્‌ઘોષ કરે છે.

સનાતન ધર્મના જ્યોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં અંજલિ અર્પતા આ કલાત્મક, રમણીય, દર્શનીય સ્વામિનારાયણ અક્ષરધામનો લોકાર્પણ સમારોહ વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવા વદ નવમી-દશમી, તા. ૮-૧૦-૨૦૨૩ના રોજ અભૂતપૂર્વ રીતે સંપન્ન થઈ ગયો. આવો, તેની ઝાંખી માણીએ...

> ભારતીય સંસ્કૃતિના ભવ્ય ઇતિહાસમાં એક નૂતન પ્રકરણનો આજે અમેરિકાની ધરતી ઉપર આરંભ થયો. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણ સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે પશ્ચિમની દુનિયામાં પૂર્વનો પ્રકાશ રેલાયો.

ભારતીય સંસ્કૃતિના પરમ ધામ સ્વામિનારાયણ અક્ષરધામ મહોત્સવના 'ઇન્સ્પિરેશન ઑફ ફેસ્ટિવલ' તરીકે છેલ્લા અઢી મહિનાથી પડઘમ ગુંજી રહ્યા હતા. વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમો અને છેલ્લા નવ દિવસથી પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ઉદ્‌ઘાટન સમારોહના ઉપક્રમે 'ન ભૂતો ન ભવિષ્યતિ' યોજાયેલા કાર્યક્રમોનું અંતિમ અને ચરમસીમા સમું પુષ્પ એટલે અક્ષરધામનું લોકાર્પણ.

તા. ૮-૧૦-૨૦૨૩ના રોજ અક્ષરધામ મહોત્સવનો અંતિમ અને ઐતિહાસિક દિન હતો. આજે વહેલી સવારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં અક્ષરધામ મહામંદિરમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ થયો હતો. તેના ચરમસીમારૂપ અવસરે સાયંકાળે અક્ષરધામ મહામંદિરનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો.

આ સમારોહ માત્ર બી.એ.પી.એસ. સંસ્થા કે સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો માટે જ નહીં, પરંતુ સનાતન હિન્દુ ધર્મ ને ધાર્મિક પરંપરાઓના ઇતિહાસમાં એક અવિસ્મરણીય અને ગૌરવવંતો સમારોહ હતો. કારણ કે, આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આવનારા યુગો સુધી સનાતન હિન્દુ ધર્મનો જયજયકાર કરતા સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરનું લોકાર્પણ થઈ રહ્યું હતું.

આજના અવસરે કલાત્મક મંચ પર અક્ષરધામની પ્રતિકૃતિના અગ્ર ભાગમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરા વિરાજમાન થઈને દર્શનદાન આપી રહ્યાં હતાં. મુખ્ય મંચની મધ્યમાં સ્વામીશ્રીનું આસન અને તેઓની બંને બાજુએ વરિષ્ઠ સંતો તથા મહાનુભાવો બિરાજમાન હતા. વિવિધ કાર્યક્રમોની પ્રસ્તુતિઓ માટે ઉપમંચ આરક્ષિત હતો. મોટી સંખ્યામાં ઊમટેલા ભક્તસમુદાયથી વિશાળ શમિયાણો ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો.

પ્રારંભમાં અક્ષરવત્સલદાસ સ્વામી દ્વારા રચિત ભક્તિપદ *'વંદન અક્ષરધામ સનાતનમ્, સ્વામિનારાયણ વંદનમ્...'*ના ગાન સાથે અક્ષરધામમાં પ્રતિષ્ઠિત અક્ષરપુરુષોત્તમ મહારાજ, ભગવત્ સ્વરૂપો, દેવી-દેવતાઓ, અવતારી પુરુષો, ઋષિમુનિઓ, સંત-મહાત્માઓની વંદના કરતાં સ્વાગત નૃત્ય પ્રસ્તુત થયું હતું.

સ્વાગત-નૃત્ય બાદ ભારત અને અમેરિકાના રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. સન્માનપૂર્વક બંને દેશોના રાષ્ટ્રધ્વજ ફરકાવાયા હતા. આ વેળાએ અમેરિકામાં લશ્કરની વિવિધ પાંખોમાં રહીને રાષ્ટ્રસેવામાં જોડાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના યુવાનોએ મંચ પર આવીને અમેરિકા અને પોતાની માતૃભૂમિ ભારતના રાષ્ટ્રધ્વજને વંદન કર્યાં. સાથે સાથે સભાજનોએ પણ સૌએ પોતાના સ્થાન પરથી ઊભા થઈને રાષ્ટ્રગીતોનું ગાન કરીને રાષ્ટ્રભક્તિ અદા કરી હતી.

હવે અક્ષરધામની વિશેષતાઓ પ્રસ્તુત કરતા વિવિધ કાર્યક્રમોની હારમાળા શરૂ થઈ. બી.એ.પી.એસ. સંસ્થાના બાળકો-યુવાનો દ્વારા રચનાત્મક પ્રસ્તુતિ સૌના હૃદયમાં અક્ષરધામની એક જુદી જ આભા પ્રસરાવી રહી.

### અક્ષરધામઃ ભારતીય સંસ્કૃતિનું ધામ

અક્ષરધામ લોકાર્પણ કાર્યક્રમનો પ્રથમ સંદેશ હતો - અક્ષરધામ ભારતીય સંસ્કૃતિનું ધામ છે.

અક્ષરધામ એ માત્ર પથ્થરમાંથી સર્જાયેલું સ્મારક જ નથી, પરંતુ તેના કણે કણમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાયેલી છે. અહીં ભારતીય વૈદિક પરંપરાના મહાન ઋષિઓ, આચાર્યો, સંતો, ભક્તો વગેરેની મૂર્તિઓને



‘એક ફૂલ અમારું સ્વીકારો, પ્રભુ અક્ષરધામને કાજે...’ અક્ષરધામ મહોત્સવની અંતિમ સભાનો આરંભ ૧૫૦ જેટલા બાળકો-યુવાનોની વિશિષ્ટ સંગીતમય રજૂઆત ‘સિમ્ફની’ દ્વારા ભક્તિપૂર્વક થયો...

કંડારવામાં આવી છે. સાથે સાથે સંગીતકલા, નૃત્યકલા, સ્થાપત્યકલા અહીં વિવિધ માધ્યમોથી જીવંત બની છે. અક્ષરધામમાં સ્થાપિત કરવામાં આવેલાં ૨૦,૦૦૦ જેટલાં મૂર્તિ-શિલ્પો અનોખી પ્રેરણા અને સંદેશ આપે છે. ભારતે વિશ્વને ભેટ ધરેલાં વૈશ્વિક પ્રદાનોનો આધાર લઈને માનવીએ વિવિધ ક્ષેત્રોમાં ખૂબ જ પ્રગતિ કરી છે અને તેનું શ્રેય ભારતીય આચાર્યો-ઋષિઓને જાય છે. ભારતીય સંસ્કૃતિના વૈશ્વિક યોગદાનનું દર્શન કરાવતાં યોગ, આયુર્વેદ, સંસ્કૃત ભાષા, ગુરુકુળ શિક્ષણ પ્રણાલી, ગણિત શાસ્ત્ર, જ્યોતિષ વિદ્યા, આચાર્ય-ભક્ત પરંપરા, મંદિર વિધિ પરંપરા, સ્થાપત્ય કલા વગેરેના નિદર્શન સાથે પ્રેરણાત્મક કાર્યક્રમની પ્રસ્તુતિ યુવકોએ ઉપમંચ પર સુંદર રીતે કરી.

ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાનું દર્શન કરાવતા અને માનવ વિકાસમાં અનન્ય યોગદાન આપનાર પ્રાચીન ભારતીય સર્જકોનાં કલા-કૌશલ્યને બિરદાવતા અક્ષરધામનું કલા-સ્થાપત્ય યુગો સુધી ભારતીય સંસ્કૃતિની આધારશિલા બની રહેશે.

## અક્ષરધામ: પવિત્ર પ્રેરણાઓનું ધામ

આજના લોકાર્પણ કાર્યક્રમનો બીજો સંદેશ હતો - અક્ષરધામ એટલે પવિત્ર પ્રેરણાઓનું ધામ.

ગાંધીનગર, દિલ્હી કે અમેરિકા સ્થિત અક્ષરધામ પરિસરનો જીવનપરિવર્તનનો પ્રભાવ અસંખ્ય વખત નીરખવા મળ્યો છે. અહીં દર્શન અને સત્સંગથી પ્રેરાઈને માનવી સ્વયં પોતાને ઘડે છે અને શાશ્વત શાંતિનો અનુભવ કરે છે, તે સંદેશને કેન્દ્રમાં રાખીને કેવી કેવી પ્રેરણાઓ અક્ષરધામમાંથી પ્રાપ્ત થાય છે તેનું અહીં સુંદર નિદર્શન પ્રસ્તુત થયું. વેદો ગાય છે: ‘आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः’ સર્વ દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ. આ વિષયક સુંદર પ્રસ્તુતિ કર્યા બાદ, અક્ષરધામ સંવાદિતાની પ્રેરણા આપે છે તેની પ્રસ્તુતિ કરતા યુવાનોએ ‘वसुधैव कुटुम्बकम्’... 







અક્ષરધામ ભારતીય સંસ્કૃતિ અને પવિત્ર પ્રેરણાઓનું ધામ છે, જ્યાંથી વૈશ્વિક એકતા, શ્રદ્ધા, નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા મળે છે. આ સંદેશ આપતી વિવિધ પ્રસ્તુતિઓ વચ્ચે મંચ પર સંબોધતા આનંદસ્વરૂપદાસ સ્વામી...

અક્ષરધામ પ્રેરણા આપે છે – નિઃસ્વાર્થ સેવાની. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતી વિવિધ લોકસેવાઓની સુંદર વીડિયો-પ્રસ્તુતિ થઈ.

અક્ષરધામ નિર્માણની નિઃસ્વાર્થ સેવામાં નોકરી-ધંધા-અભ્યાસ-કુટુંબ-પરિવારને ગૌણ કરીને ઝંપલાવ્યું હતું, તેવાં યુવા-યુવતીઓના સેવા-સમર્પણ ભાવને રજૂ કરતો એક વીડિયો દર્શાવાયો હતો. આવા અસંખ્ય આબાલ-વૃદ્ધ સેવાભાવી ૧૨,૫૦૦ સ્વયંસેવકોનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. શારીરિક સેવાની સાથે સાથે અસંખ્ય હરિભક્તો વિશિષ્ટ વ્રત-તપ-ઉપવાસ દ્વારા પણ અક્ષરધામના સેવાકાર્યમાં જોડાયા હતા. તે પૈકી ૭૧ વર્ષના અનિલભાઈ પટેલે ૨૬ વર્ષથી ધારણાં-પારણાં કરતાં કરતાં અક્ષરધામની બહુમૂલ્ય સેવા કરી હતી. સ્વામીશ્રીએ તેમના પર આશીર્વાદની દૃષ્ટિ કરીને અંતરનો રાજીપો વરસાવ્યો હતો.

અક્ષરધામ પ્રેરણા આપે છે - સાચી શ્રદ્ધાની.

ભગવાન, ગુરુ, સ્વ પ્રત્યે તેમજ રાષ્ટ્ર પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિની પ્રેરણા આપતા દિવ્ય અક્ષરધામનું મહિમાગાન કરતાં પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રસંગોચિત પ્રવચન કરતાં કહ્યું: "અક્ષરધામ નિર્માણમાં જે સ્વયંસેવકોએ સેવા કરી છે તેઓ ભગવાનમાં, પ્રમુખસ્વામી મહારાજમાં અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજમાં વિશ્વાસ ધરાવે છે. ગાંધીનગર અને દિલ્હીના અક્ષરધામે બધામાં શ્રદ્ધા અને ભક્તિને પોષી છે. દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટન સમયે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું હતું કે અક્ષરધામમાંથી 'હું તે કરી શકું છું' પાઠ શીખવા મળે છે. અક્ષરધામ આપણને માનવતાની



'તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે...' સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કૃત પંક્તિઓ ગુંજી ઊઠી અને અનંત મુક્તો સહિત દિવ્ય અક્ષરધામનું દૃશ્ય જાણે મંચ પર અવતરી રહ્યું...

ભલાઈમાં વિશ્વાસ રાખવાની પ્રેરણા આપે છે અને ભગવાનમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખવાની પ્રેરણા આપે છે.''

અક્ષરધામ અંતરમાં શાંતિની પ્રેરણા અને અનુભૂતિ કરાવે છે. તેની રજૂઆત કરતાં બાળ-યુવાવૃંદે સુંદર હલકે વૈદિક શાંતિપાઠનું ગાન કર્યું હતું.

આમ, અક્ષરધામ એ વિવિધ પ્રેરણાઓનું ધામ છે - તેની સુંદર પ્રસ્તુતિ થઈ.

**અક્ષરધામ: ભગવાન શ્રી સ્વામિનારાયણનું ધામ**

અક્ષરધામ એટલે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણનું શાશ્વત નિવાસસ્થાન.

સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ દિવ્ય અનુભૂતિ સાથે એ પારલૌકિક અક્ષરધામનું વર્ણન કરતાં ગાયું છે:

*'જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે,*
*સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે...'*

આ દિવ્ય અક્ષરધામની આજે સૌને સાક્ષાત્ અનુભૂતિ થાય તેવી અદ્ભુત પ્રસ્તુતિ બાળકો-યુવાનોએ મંચ પરથી રજૂ કરી. એક તરફ અક્ષરનિવાસી પૂજ્ય યોગીચરણ સ્વામીના ભાવસભર કંઠે ગવાયેલી ઉપરોક્ત પંક્તિઓ ગુંજી રહી હતી, તો બીજી તરફ મંચ પર અંતરિક્ષમાંથી ઊતરી આવેલા અક્ષરમુક્તો પ્રગટ શ્રીહરિની સ્તુતિ કરતા હોય એવું સુંદર દૃશ્ય રચાયું હતું. મધુર કીર્તનના શબ્દોને અનુરૂપ પ્રોજેક્શન મેપિંગથી સુંદર દૃશ્યો મંચની પાર્શ્વભૂમાં રચાતાં જતાં હતાં.

અલૌકિક અક્ષરધામની આ અદ્ભુત પ્રસ્તુતિ બાદ, પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણને અંજલિ આપતું એક વીડિયો-દર્શન માણીને સૌએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવન, કાર્ય અને સંદેશને વંદના કરી.

ત્યારપછી મંચ પર તથા સ્ક્રીન પર એક વિશિષ્ટ









સ્વામીશ્રીને જન્મદિને અને અક્ષરધામના ઉદ્‌ઘાટન દિને અભિવંદન કરતા ગવર્નરશ્રી જહોન કાર્ની તથા અમેરિકાના પીઢ લોકનેતા શ્રી સ્ટેની હોયર. બેન્ડવાદન અને કમળપુષ્પથી સ્વામીશ્રીના આગમનને વધાવતા બાળ-યુવાનો...

રજૂઆત કરીને અક્ષરધામના સંકલ્પકર્તા પ્રમુખસ્વામી મહારાજના મહાન સંકલ્પ અને પુરુષાર્થની સ્મૃતિ કરવામાં આવી. ઓગ્મેન્ટેડ રિયાલિટીના નવતર પ્રયોગ દ્વારા સમયની રેખા પર સરકતાં સૌએ અમેરિકાની ધરતી પર અક્ષરધામના નિર્માણ માટે પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થ અને ઉત્સાહને નિહાળી તેઓને ગદ્‌ગદભાવે વંદન કર્યાં.

પ્રમુખસ્વામી મહારાજને વાક્‌પુષ્પાંજલિ અર્પતાં તેના સાક્ષી અને અક્ષરધામના નિર્માણના સૂત્રધાર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કહ્યું: ‘‘પ્રમુખસ્વામી મહારાજની ઇચ્છા હતી કે ભગવાન સ્વામિનારાયણનું એક અદ્‌ભુત મહામંદિર અમેરિકાની ધરતી પર બનવું જોઈએ, જેનાથી લાખો મનુષ્યોને ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય જીવન અને સંદેશની પ્રેરણા હંમેશાં મળતી રહે. તેના માટે તેઓએ વર્ષો સુધી સૌને ખૂબ પ્રેરણાઓ આપેલી. આ અક્ષરધામ માટે નકશાઓ તૈયાર કરીને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને બતાવવામાં આવતા. તેઓ જુએ અને એમાં સૂચનો આપીને ફેરફાર કરાવે. થ્રીડી મોડલ પણ તૈયાર કરવામાં આવેલાં. પ્રમુખસ્વામી મહારાજ દિલ્હી બિરાજમાન હતા ત્યારે રોબિન્સવિલ અક્ષરધામના નકશા પર જાતે સહી કરી હતી અને દરેક શિખર ઉપર ગુલાબનું પુષ્પ મૂક્યું હતું. અમેરિકામાં અક્ષરધામ બને તેની પાછળનો તેમનો પ્રેરણાત્મક વિચાર એ હતો કે અહીં લાખો ભાવિકોને અને આપણી ભાવિ પેઢીને હજારો વર્ષો સુધી આપણી સંસ્કૃતિ, સંસ્કાર, ચારિત્ર્ય ઘડતરની પ્રેરણા મળતી રહે. આવા શુભ આશયથી પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે અક્ષરધામનું નિર્માણ કર્યું છે.

આ અક્ષરધામ દુનિયાને બતાવવા માટે નહીં, પરંતુ બધાને ભગવાનમાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ અને ભક્તિ વધે તે માટે બનાવવામાં આવ્યું છે. અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ એકાગ્રચિત્તે દર્શન-પ્રાર્થના કરવામાં આવે તો એ દિવ્ય સ્વરૂપમાંથી જીવનઘડતર માટે પ્રેરણાનો જબરજસ્ત સ્રોત પ્રાપ્ત થાય છે.



'અક્ષરધામ મેં આપકા સ્વાગતમ્...' અક્ષરધામ પરિસરમાં સ્વામીશ્રી અને મહાનુભાવોનું આગમન થયું તે સાથે રોશની ઝળહળી ઊઠી અને આ પંક્તિઓ સાથે ૧૦૦૦થી વધુ બાળકો-યુવાનો સ્વાગતનૃત્યમાં ઝૂમી ઊઠ્યા...

આપણે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનું ઋણ કોઈ રીતે ચૂકવી શકીએ એમ નથી. આપણે એમના અત્યંત આભારી છીએ. સાથે સાથે હજારો બાઈ-ભાઈ બધાએ જે સેવા કરી છે એ સેવાથી એમનું જીવનઘડતર થઈ જ ગયું છે. આખી જિંદગી સત્સંગ-કથાવાર્તા-ભજન-ભક્તિ કરીએ અને જે પ્રાપ્ત ન થાય એ બધા હજારો સ્વયંસેવકોએ બે વર્ષની સેવા કરી, એ સેવા દરમ્યાન એમના જીવનની અંદર સત્સંગની દૃઢતા, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની દૃઢતા અને નિશ્ચય હૃદય સોંસરવો ઊતરી ગયો છે.'' પ્રવચનને સંલગ્ન અક્ષરધામના નિર્માણ માટે પ્રમુખસ્વામી મહારાજે કરેલા દિવ્ય સંકલ્પો અને અક્ષરધામ માટે ઉચ્ચારેલા મહિમાની સ્મૃતિ દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી કરવામાં આવી. પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઉચ્ચારેલાં મહિમા-વચનો પણ રજૂ થયાં. મંચની પાર્શ્વભૂમાં રહેલા એલ.ઈ.ડી. સ્ક્રીન પર આ દિવ્ય સ્મૃતિઓની ઝાંખી કરાવાઈ હતી. અદ્‌ભુત પ્રસ્તુતિને માણતાં સૌ ભાવમય બની ગયા હતા.

અક્ષરધામના પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પને પૂર્ણ કરીને ગુરુભક્તિ અદા કરનાર મહંત સ્વામી મહારાજને ભાવઅર્ઘ્ય અર્પતાં પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્વામીશ્રીના ૯૦મા જન્મદિને ગુરુગુણ ગાતાં કહ્યું, ''રોબિન્સવિલ અક્ષરધામની યાત્રા પ્રમુખસ્વામી મહારાજ દ્વારા શરૂ કરવામાં આવી હતી અને મહંત સ્વામી મહારાજ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. તેઓએ પ્રમુખસ્વામી મહારાજનું સ્વપ્ન જોયું અને તેને આપણું સ્વપ્ન બનાવ્યું. અક્ષરધામની સેવામાં જોડાયેલા તમામ સ્વયંસેવકોનો આત્મા અને શ્વાસ મહંત સ્વામી મહારાજ છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે 'અમે તમને ભૂલીશું નહીં.' તો આજે આપણે મહંત સ્વામી મહારાજને વચન આપીએ કે 'અમે તમને ભૂલીશું નહીં!''

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ૯૦મા જન્મદિને સમસ્ત સત્સંગ સમુદાય વતી સુંદર હાર અર્પણ કરીને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વધાવ્યા. આજના સમારોહને શોભાવતા હિન્દુ મહાસભાના આચાર્ય પૂજ્ય



શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ સાથે અક્ષરધામના મુખ્યદ્વારને પ્રમુખસ્વામી મહારાજના પ્રાસાદિક રક્તસૂત્રથી ઉદ્‌ઘાટિત કરતા મહંત સ્વામી મહારાજ, ગવર્નરશ્રી જ્હોન કાર્ની તથા લોકનેતાશ્રી સ્ટેની હોયર...

સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજનું આનંદસ્વરૂપદાસ સ્વામીએ શાલ અને પુષ્પમાળા અર્પણ કરીને અભિવાદન કર્યું હતું. આજના સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો ડેલાવેર રાજ્યના ગવર્નર શ્રી જ્હોન કાર્ની, અમેરિકાના સુપ્રસિદ્ધ રાજનેતા અને સન્માનનીય પીઢ કોંગ્રેસમેન શ્રી સ્ટેની હોયર, ન્યૂજર્સી રાજ્યના લોકપ્રિય કૉંગ્રેસમેન શ્રી એન્ડી કિમ, ન્યૂયોર્ક ખાતેના ભારતીય કૉન્સલ જનરલ શ્રી રણધીર જયસ્વાલ વગેરેનું સ્વાગત કરીને સ્વામીશ્રીએ સૌને શુભાશિષ અર્પ્યા હતા.

આજના પ્રસંગે મહાનુભાવોએ અંતરની ભાવોર્મિઓ વ્યક્ત કરતાં ઉદ્‌બોધનો કર્યાં હતાં. કૉંગ્રેસમેન શ્રી એન્ડી કિમે સંબોધન કરતાં જણાવ્યું કે, 'જ્યાં આ અદ્‌ભુત મહામંદિર નિર્માણ પામ્યું છે એ આ વિસ્તારના કોંગ્રેસમેન તરીકે આ પ્રસંગે હું અત્યંત ગૌરવ અનુભવું છું. તેમાંય આજે પૂજ્ય મહંત સ્વામી મહારાજની જન્મજયંતી છે તેથી વિશેષ આનંદ છે. આ વિસ્તારમાં જ મારો ઉછેર થયો છે. એક અસાધારણ અને વિશ્વનું બીજા ક્રમનું મોટું હિન્દુ મંદિર અહીં હોય તેનું મને અપાર આશ્ચર્ય ને ગૌરવ છે. આ મંદિરની એક્સ્ટ્રાઓર્ડિનરી નકશીકલાની સાથે સાથે એના નિર્માણમાં સ્વયંસેવકોએ જે સેવા કરી છે તે મૂલ્યો, તે શિસ્ત મને ખૂબ સ્પર્શે છે.'

અમેરિકાના પ્રસિદ્ધ લોકનેતા અને પીઢ કૉંગ્રેસમેન શ્રી સ્ટેની હોયરે સંબોધન કરતાં કહ્યુંઃ 'હું ૨૦૧૪માં અહીં આવ્યો હતો, આજે ફરીથી શ્રદ્ધાથી આ ભવ્ય સ્મારકને જોવાનો લહાવો મળ્યો. મહંત સ્વામી મહારાજ! આપના સાંનિધ્યમાં અહીં આવીને મને આનંદ થયો કે આજના અવસરે આપે મને નિમંત્રિત કર્યો. આ અક્ષરધામ મંદિર ભવ્ય છે અને તેમાં પણ ભારતની બહાર વિશ્વના સૌથી



ઐતિહાસિક લોકાર્પણ વિધિ બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણને પુષ્પાંજલિ અર્પ્યા બાદ સ્વામીશ્રી, ઈશ્વરચરણ સ્વામી, ભક્તિપ્રિય સ્વામી, સ્વામી પરમાત્માનંદજી, શ્રી જહોન કાર્ની, શ્રી સ્ટેની હોયર, શ્રી એન્ડી કિમ, શ્રી જયસ્વાલ વગેરે.

મોટા મંદિર તરીકે અદ્‌ભુત છે. કદાચ હજારો કોતરેલા હાથીઓ, મોર અને અન્ય શિલ્પો આકર્ષક છે, પરંતુ મને જે સૌથી અસાધારણ લાગે છે તે હજારો સ્વયંસેવકો છે. તેઓએ આસ્થાપૂર્વક સેવા માટે પોતાના વ્યવસાય કે શિક્ષણમાંથી સમય કાઢ્યો. આ સ્વયંસેવકો દેશ અને વિશ્વભરમાંથી અહીં આવ્યા. કારણ કે તેઓ સમતા, મુક્તિ, સત્ય, સંવાદિતા અને નિઃસ્વાર્થ સેવાનાં મૂલ્યોમાં માને છે. આ મંદિર માત્ર એક આર્કિટેક્ચરલ અજાયબી જ નથી, તે અમેરિકા અને ભારત વચ્ચેના સેતુ, મૂલ્યોના આદાનપ્રદાન અને અમારી સહિયારી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તે એક ડોક્યુમેન્ટ છે કે કેવી રીતે અમેરિકાના ભારતીય સમુદાયે અહીં સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે. આ મંદિર શ્રદ્ધાનું કેન્દ્ર છે, પણ સાથે સાથે સેવા અને એકતાનું પણ કેન્દ્ર છે. તે આપણને હિન્દુ ધર્મની પાયાની કેળવણીની યાદ અપાવશે. 'બીજાના સુખમાં આપણું પોતાનું સુખ છે' – એ આ સંસ્થાનો આદર્શ સૌથી ઊંચા શિખર કરતાં પણ વધુ નૈતિક ઊંચાઈએ છે. તે કોઈપણ પથ્થર, ધાતુ અથવા કોઈપણ આરસ કરતાં વધુ સમય સુધી ટકી રહેશે.'

ન્યૂયોર્ક ખાતેના ભારતીય કૉન્સલ જનરલ શ્રી રણધીર જયસ્વાલે સંબોધન કરતાં કહ્યું કે 'મેં આ અક્ષરધામ મહામંદિરના નિર્માણને ક્રમશઃ નીરખ્યું છે, અને તેથી હું શ્રદ્ધા અને ભક્તિના આ મહામંદિર સાથે ખૂબ જ ઘનિષ્ઠ રીતે જોડાયેલો રહ્યો છું. બી.એ.પી.એસ. પરિવાર સાથે તેનાથી મારું વિશેષ જોડાણ થયું છે. આજે સાંજે હું અક્ષરધામ મંદિરનાં દર્શને ગયો હતો ત્યારે મને ઘણી બાબતો સ્પર્શી ગઈ. તેમાં નિઃસ્વાર્થ સેવાની ભાવના આ સ્થાનને વધુ અર્થપૂર્ણ બનાવે છે તથા ભક્તિ અને શ્રદ્ધાને વધુ પ્રભાવશાળી બનાવે છે.'




'મહંત ગુરુ ઇતિહાસ રચાઈ, આજ આનંદ આનંદ બધાઈ'
અક્ષરધામના લોકાર્પણને વધાવતા બાળકો-યુવાનોની રંગારંગ પ્રસ્તુતિએ સૌને પ્રભાવિત કરી દીધા...

'સ્વામિનારાયણ અક્ષરધામ' ઉદ્‌ઘાટનના મંગલ અવસરને વધાવતાં વિશ્વભરના રાષ્ટ્રોના વડાઓ સહિત પ્રતિષ્ઠિત નેતાઓએ હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાંસ્કૃતિક સીમાચિહ્નનું વૈશ્વિક મહત્ત્વ દર્શાવતાં ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુભેચ્છા પાઠવતો પત્ર લખ્યો હતો. ભારતીય કોન્સલ જનરલ શ્રી જયસ્વાલે તેનું પઠન કર્યું. યુ.કે.ના વડાપ્રધાનશ્રી ઋષિ સુનકે પણ વીડિયો દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. તેની ઝલક પણ સૌએ માણી.

ડેલાવેર રાજ્યના લોકપ્રિય ગવર્નર શ્રી જ્હોન કાર્નીએ આ પ્રસંગે સૌને 'જય સ્વામિનારાયણ' કહીને જણાવ્યું કે 'થોડા મહિના પહેલાં જ હું એક પ્રતિનિધિમંડળ સાથે ભારત ગયો હતો અને અમે દિલ્હીમાં ભવ્ય અક્ષરધામ મંદિર જોયું હતું. એક અકલ્પનીય મુલાકાત. અને આજે અહીંના આ અદ્‌ભુત અક્ષરધામ મંદિરના લોકાર્પણ સાથે આજની રાતનો અનુભવ! સાચે જ, મંદિર એક સેતુ છે. ભૂતકાળથી ભવિષ્ય વચ્ચેનો સેતુ. ભારતથી અમેરિકા વચ્ચેનો સેતુ. એક સમુદાયથી બીજા સમુદાય વચ્ચેનો સેતુ. શ્રદ્ધા અને ભક્તિ માટેનું અતુલ્ય સ્થાન.''

અંતે આશીર્વાદ વરસાવતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કહ્યું: ''સનાતન વૈદિક પરંપરામાં ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ જેવા મહાન અવતારો, ઋષિમુનિઓ, મહાન સંતો તથા અનેક મહાપુરુષો આ પૃથ્વી ઉપર અવતર્યા છે. અવતાર ધરવાનું તેમનું એક પ્રયોજન એ છે કે સૌનું કલ્યાણ કરવું અને પોતાના પ્રેમી ભક્તોના મનોરથો પૂર્ણ કરવા.

ભગવાન સ્વામિનારાયણ પણ પોતાનાં ધામ-મુક્તો અને ઐશ્વર્ય સાથે સૌનું કલ્યાણ કરવા માટે પધાર્યા. તેમણે





અક્ષરધામ સન્મુખ ઉપમંચ પર સંતો-મહાનુભાવો સાથે બિરાજીને સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. નોર્થ અમેરિકાના સુવર્ણ જયંતીનો મંગલ દીપ પ્રગટાવ્યો...

વૈદિક પરંપરાનો ઉત્કર્ષ કરવા ખૂબ જ પુરુષાર્થ કર્યો.

ભગવાન સ્વામિનારાયણ અને તેમના પરમહંસોએ ગામડે ગામડે ફરીને અનેક લોકોને સદાચારયુક્ત જીવન જીવતા કર્યા. લોકોને આધ્યાત્મિક મૂલ્યો શીખવ્યાં અને દિવ્ય ઉપાસનાનો સિદ્ધાંત આપ્યો. આ સિદ્ધાંતનું વહન ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે કર્યું. એમણે સનાતન ધર્મનો, વૈશ્વિક મૂલ્યોનો અને સ્વામિનારાયણ સંપ્રદાયનો આખા વિશ્વમાં ઉદ્‌ઘોષ કર્યો.

પ્રમુખસ્વામી મહારાજે ૧૯૭૪માં અમેરિકા પધારી પહેલું મંદિર સ્થાપ્યું, ત્યારથી આજ સુધી અનેકને સેવાની પ્રેરણા આપીને મંદિરો કર્યાં છે. આ મંદિરો દ્વારા લાખો બાળકો અને યુવાનોમાં સંસ્કારોનું સિંચન કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજનો એક સંકલ્પ હતો કે અહીં અમેરિકાની ધરતી ઉપર એક અક્ષરધામનું નિર્માણ કરવું છે, જ્યાં નાતજાત, ધર્મના ભેદભાવો વિના સૌ આવી શકે. અહીં આવીને પોતાના પરિવારનું, સમાજનું તથા પોતાના આત્માનું ભલું કરી શકે તેવી પ્રેરણા મેળવે. આ સંકલ્પ હજારો સ્વયંસેવકોના પુરુષાર્થથી આજે પૂર્ણ થયો છે. હજારો સ્વયંસેવકોએ જે યોગદાન આપ્યું છે તેને બિરદાવવા ગમે એટલાં વિશેષણો વાપરીએ તે પણ ઓછાં છે. આજે અક્ષરધામના લોકાર્પણ દ્વારા પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ પૂરો થયો છે, તેનો અપાર આનંદ છે. ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ સૌ ઉપર કૃપાવર્ષા કરી રહ્યા છે. આ અક્ષરધામમાં ભવિષ્યમાં જે કોઈ આવે તે સૌને પ્રેરણા મળે, તને-મને-ધને સુખી થાય, પોતપોતાના ક્ષેત્રમાં પ્રગતિ કરે અને તેમનો





અક્ષરધામના લોકાર્પણ કાર્યક્રમની ચરમસીમાએ બાળકો-યુવાનોની વિવિધ રંગારંગ પ્રસ્તુતિઓ વચ્ચે આકાશ આતશબાજીથી ઝળહળી ઊઠ્યું...

મોક્ષ થાય એવી આજે ભગવાન સ્વામિનારાયણનાં ચરણે પ્રાર્થના કરીએ છીએ.

દેશ-વિદેશમાંથી ઘણા બધાએ આ અક્ષરધામના નિર્માણમાં સહયોગ આપ્યો છે અને સેવા કરી છે. આ બધાનું ઋણ ક્યારેય ચૂકવી શકાશે નહીં. એ બધાને હું વંદન કરું છું. આ સૌને ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજ ખૂબ ખૂબ આશીર્વાદ આપે. સહજાનંદ સ્વામી મહારાજની જય!!''

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અપાર પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ વરસાવ્યા. સૌએ તાળીઓના નાદથી તેને વધાવ્યા.

આજે સૌના ઉમંગ-ઉત્સાહ-આનંદને અભિવ્યક્ત કરતાં યુવકોએ અક્ષરજીવનદાસ સ્વામી દ્વારા રચિત 'સ્વામિ-નારાયણ અક્ષરધામ સનાતનમ્...' ગીતના તાલે અદ્ભુત નૃત્યાંજલિ પ્રસ્તુત કરીને અક્ષરધામને જોશભેર વધાવ્યું હતું.

આ નૃત્ય દરમ્યાન સ્વામીશ્રી અને મંચસ્થ મહાનુભાવો લોકાર્પણ વિધિના અંતિમ ચરણ તરફ આગળ વધ્યા અને અક્ષરધામ મહામંદિરના મુખ્ય પરિસરમાં પહોંચી ગયા. યજ્ઞપુરુષ સભાગૃહમાં બેઠેલા સભાજનો અહીં બિરાજીને આગળના કાર્યક્રમને નીરખતા રહ્યા.

**અક્ષરધામ લોકાર્પણનો ચરમસીમા સમો કાર્યક્રમ :**

પવિત્ર પ્રેરણાઓના ધામ અક્ષરધામના લોકાર્પણ સમારોહના અંતિમ ચરણમાં અક્ષરધામ મહામંદિરના મુખ્ય પરિસરમાં પ્રસ્તુત થયેલા અદ્ભુત કાર્યક્રમે સૌનાં દિલ જીતી લીધાં હતાં. અક્ષરપુરુષોત્તમ મહારાજની સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, પૂજ્ય ડૉક્ટર સ્વામી વગેરે બી.એ.પી.એસ.ના વરિષ્ઠ સંતો, પૂજ્ય સ્વામી પરમાત્માનંદ

સરસ્વતીજી મહારાજ તથા અમેરિકાનું પ્રતિનિધિત્વ કરી રહેલા લોકનેતાઓ અક્ષરધામના લોકાર્પણ માટે પધાર્યા ત્યારે બૅન્ડની સુરાવલિઓએ તેઓનું ભવ્ય સ્વાગત કર્યું. 'એક ફૂલ અમારું સ્વીકારો...'ની ભાવના સાથે ૧૨,૫૦૦ સ્વયંસેવકો વતી એક બાળકે સ્વામીશ્રીને રોશનીથી ઝગમગતું કમળનું પુષ્પ અર્પણ કર્યું. વાતાવરણમાં ઠંડીનો ચમકારો હોવાથી સ્વામીશ્રીના સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને તેઓ માટે એક સુંદર કલાત્મક રથ તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં બિરાજેલા સ્વામીશ્રીએ ઠાકોરજી પાસે મુકાયેલું એવું જ કમળનું પુષ્પ હાથમાં લીધું અને તે સાથે ક્રમશઃ રાત્રિના અંધકારમાં અક્ષરધામ મહામંદિર ઝળહળવા લાગ્યું. મધુર સંગીતની સૂરાવલીઓ સાથે અક્ષરધામ મહામંદિર અને પરિક્રમાનું પરિસર રંગબેરંગી રોશની, ઝગમગતાં ફૂલડાં તથા લાલ જાજમથી સજીધજીને શોભવા લાગ્યું. પૂર્ણ કળાએ ખીલી ઊઠેલા સ્વામિનારાયણ અક્ષરધામને નિહાળતાં જ સૌના રોમેરોમમાં આનંદની લહેરખી ફરી વળી. ક્ષણભર હૈયું ધબકાર ચૂકી જાય એવો અનુપમ નજારો સર્જાયો હતો. સૌને આનંદ આનંદ આનંદની અનુભૂતિ થઈ રહી હતી. બે મયૂર દ્વાર વચ્ચેથી સ્વામીશ્રીનો રથ આગળ વધ્યો ત્યાં -

*'દિવ્યમ્ ભવ્ય ભવ્યાતિ ભવ્યમ્*
*અમેરિકા ખંડે અતિ રમ્યમ્,*
*સ્વાગતમ્ સ્વાગતમ્ અક્ષરધામ મેં આપકા સ્વાગતમ્...*
*વંદે માતરમ્ વંદે માતરમ્ વંદે માતરમ્...'*

સ્વાગત-ગીત ગુંજવા લાગ્યું. તેના તાલે યુવકોએ ભાતીગળ વેશભૂષામાં અક્ષરધામની સોપાનપંક્તિ પર ઊર્જાભર્યું નૃત્ય કરીને સ્વામીશ્રી અને મહેમાનોને આવકાર્યા. અક્ષરધામની સન્મુખ વૈદિક પથ પર બેઠેલા બાળકોએ ટમટમતા દીપકો વડે અને ભારતીય વાદ્યો પર સંગત જમાવતાં યુવાવૃંદે સ્વામીશ્રી સહિત સૌને વધાવ્યા. શબ્દોમાં વર્ણવી શકાય નહીં તેવો દિવ્ય-ભવ્ય-અદ્ભુત-અલૌકિક-અકલ્પનીય નજારો હતો.

રથ પર અગ્રસર થતાં લિફ્ટ દ્વારા સ્વામીશ્રી ઠાકોરજી સહિત અક્ષરધામના મુખ્ય સ્વાગત મંડપમ્માં પધાર્યા. મહેમાનો લાલ જાજમ પરથી પસાર થઈને મુખ્ય સોપાન-પંક્તિ દ્વારા અહીં પહોંચ્યા. આ દરમ્યાન અક્ષરધામ મહામંદિરની ઝાંખી કરાવતો પરિચય વીડિયો સૌએ માણ્યો.

અક્ષરધામ લોકાર્પણની પવિત્ર ઘડી આવી પહોંચી. ભગવાન સ્વામિનારાયણના જન્મ-નક્ષત્રમાં આ પવિત્ર વિધિ આરંભાયો. સ્વામીશ્રી અને મહાનુભાવો અક્ષરધામના મુખ્ય દ્વાર પાસે પધાર્યા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૧૬માં સારંગપુરમાં જે નાડાછડી છોડીને આ અક્ષરધામના પ્રથમ સ્તંભનું પૂજન કર્યું હતું, એ જ નાડાછડી આજે અક્ષરધામના સ્વાગત મંડપમ્ના દ્વાર પર બંધાયેલી હતી. અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ કરાવતાં આ પ્રસાદીભૂત નાડાછડી છોડીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, લોકનેતા શ્રી સ્ટેની હોયર અને ડેલાવેરના ગવર્નર શ્રી જહોન કાર્નીએ અક્ષરધામના મુખ્ય દ્વાર ઉદ્ઘાટિત કર્યાં. કોઠારી ભક્તિપ્રિય સ્વામી સાથે ઠાકોરજી લઈને ઉપસ્થિત હતા. સાથેના બે દ્વાર પર પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી અને પરમાત્માનંદ સરસ્વતીજી સાથે અન્ય મહાનુભાવોએ નાડાછડી છોડીને અક્ષરધામનાં અન્ય દ્વાર ઉદ્ઘાટિત કર્યાં ત્યારે દેશ-વિદેશના સેંકડો હરિભક્તો-ભાવિકોએ હર્ષનાદથી આ પળને વધાવી. જયજયકારોથી ગગન ગુંજી ઊઠ્યું.

પરબ્રહ્મ મંડપમ્માં લાલ જાજમ પર ડગ માંડતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વરિષ્ઠ સંતો તેમજ મહાનુભાવોએ મુખ્ય ગર્ભગૃહ સમક્ષ જઈને ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરીને પ્રણિપાત કર્યા.

આ અદ્વિતીય પળે સ્વામીશ્રીએ સૌ ઉપસ્થિત મહાનુભાવોને આશીર્વાદથી કૃતાર્થ કર્યા. અહીંથી સ્વામીશ્રી અક્ષરધામ મહામંદિરની સામે શ્રીહરિનાં ચરણારવિંદ સમક્ષ ગોઠવાયેલી બેઠક પર પધાર્યા. અક્ષરધામની એક ઝલક માણીને મહાનુભાવો પણ ત્યાં પહોંચી ગયા. આ દરમ્યાન અક્ષરધામના નિર્માણની 'મેકિંગ ઓફ અક્ષરધામ'ની એક વીડિયો-પ્રસ્તુતિ સૌએ માણી.

અક્ષરધામ લોકાર્પણ સમારોહના અંતિમ ચરણમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જ્ઞાનપીઠ પર અંકિત અક્ષરધામ લોકાર્પણના શિલાલેખનું ઉદ્ઘાટન કર્યું. નોર્થ અમેરિકા ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે, તે નિમિત્તે સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને તેના 'સુવર્ણજયંતી મહોત્સવ'નો શુભારંભ કર્યો. આ અવસરને વધાવતાં ૧૦૦૦ જેટલા યુવકોએ વિદ્યુતદીપકો દ્વારા સુંદર પ્રસ્તુતિ કરીને અમેરિકાના ૫૦ વર્ષના સત્સંગની એક વિશિષ્ટ ઝલક પ્રસ્તુત કરી. સાથે સાથે વીડિયો દ્વારા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની દિવ્ય સ્મૃતિઓ દર્શાવાઈ હતી. આકર્ષક પ્રસ્તુતિના અંતે સૌએ મહાઆરતી-અર્ઘ્ય અર્પણ કરીને આ

**(અનુસંધાન પૃષ્ઠ ૧૪૧ ઉપર)**



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અને પુરુષાર્થને સાકાર કરીને
અક્ષરધામના પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજે આપી

# ભગવાનની ભેટ

## અક્ષરધામના સર્જનમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પવિત્ર પ્રેરણાઓનો પ્રભાવ



‘‘...અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે, અને મનુષ્યના જેવી છે ને કિશોર છે. તે મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે અને ક્યારેક બેઠી જણાય છે અને ક્યારેક હરતી-ફરતી દેખાય છે. અને મૂર્તિને ચારે કોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે, તે સર્વે મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં દેખીએ છીએ...’’

તા. ૨૭ ઑગસ્ટ, ૧૮૨૧ના રોજ, સંવત ૧૮૭૮ના રોજ ગઢડામાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે અક્ષરધામમાં દિવ્ય તખ્ત પર બિરાજમાન તેમના સ્વરૂપનું આમ વર્ણન કર્યું છે.

આજે ૨૦૦ વર્ષ પછી અમેરિકા ખાતે રોબિન્સવિલના ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામના ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વર્ણિમ મૂર્તિનાં દર્શન કરતાં એ વર્ણન સાકાર થયેલું તાદૃશ અનુભવાય છે. જો અંતરની આંખ ખૂલી જાય તો ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્યતા, તેમનું અનુપમ ઐશ્વર્ય, તેમનો પારલૌકિક પ્રભાવ બધું જ અહીં પ્રત્યક્ષ અનુભવાય.

કોણ છે આ દિવ્ય પ્રભાવની અનુભૂતિ કરાવનાર

મહાપુરુષ? કોણ છે એ સંતવિભૂતિ જેમણે અક્ષરધામના પથ્થરે પથ્થર અને કણે કણમાં ભગવાન સ્વામિનારાયણની દિવ્યતાનો સંચાર કર્યો છે? કોણ છે એ ધર્મપુરુષ જેમણે અમેરિકાના ગગનમાં સનાતન હિન્દુ ધર્મની ધજાઓ ફરકાવી છે? તેના જવાબરૂપે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના લાખો આબાલ-વૃદ્ધ હરિભક્તો અને સેંકડો સંતોની આંખોમાં સહેજે તરવરી ઊઠે છે - ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી ગુરુહરિ મહંત સ્વામી મહારાજની વિનમ્ર છબિ.

અમેરિકાની ધરતી પર અક્ષરધામના નિર્માણ માટે સંકલ્પ અને પુરુષાર્થ કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામી મહારાજને પોતાના અનુગામી તરીકે ઘોષિત કર્યા, એ પૂર્વેથી મહંત સ્વામી મહારાજ પ્રમુખસ્વામી મહારાજની મરજી અનુસાર અક્ષરધામના નિર્માણમાં યથોચિત યોગદાન આપતા રહ્યા હતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અક્ષરધામના નિર્માણનું સૂત્ર આમ તો સદ્‌ગુરુ વર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી સંભાળી રહ્યા હતા. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી પ્રત્યેનો મહંત સ્વામી મહારાજનો પ્રેમ અને વિશ્વાસ એવો રહ્યો છે કે તેમણે ક્યારેય એવી ચિંતા કરી નહોતી કે અક્ષરધામના નિર્માણનું કાર્ય ઉચિત રીતે ચાલતું હશે કે કેમ? અક્ષરધામના નિર્માણ અંગે કોઈ શંકા, કોઈ ઉચાટ, કોઈ વ્યાધિ, કોઈ વિવાદ, કોઈ સવાલ-જવાબ વિના અક્ષરધામના કોઈપણ નાનાં-મોટાં કાર્યો, કોઈપણ એડમિનિસ્ટ્રેશન, કોઈપણ મૅનેજમૅન્ટ, કોઈ માનવ શક્તિ કે કશાય વિશે એમણે ક્યારેય ચિંતા વ્યક્ત કરી નહોતી કે એમાં માથું માર્યું નહોતું. પૂર્ણ વિશ્વાસ, પૂર્ણ શ્રદ્ધા સાથે તેમણે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના નેતૃત્વમાં અક્ષરધામનું નિર્માણ કરીને જગતને એક અનોખું ઉદાહરણ આપ્યું. પરંતુ આમ છતાં, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીથી લઈને નાનામાં નાના સ્વયંસેવક કે સંત સુધી સૌને સર્વત્ર સર્વ કાર્યોમાં મહંત સ્વામી મહારાજનો શાંત, સહજ, દિવ્ય અને આધ્યાત્મિક પ્રવેશ અને પ્રભાવ અવશ્ય અનુભવાય. સમયે સમયે એમની શાંત અને મૌન ઉપસ્થિતિમાં પણ સૌને પ્રમુખસ્વામી મહારાજનું શીતળ છત્ર અને સાંનિધ્ય અનુભવાતું. એમના મુખમાંથી નીકળેલો એકાદ શબ્દ પણ સૌ માટે કાફી બની રહેતો.

તેનું એક ઉદાહરણ અક્ષરધામના મધ્યમાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ છે.

અક્ષરધામના પ્લાન તૈયાર થયા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું કે મધ્યસ્થ ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીની એટલે કે અક્ષરપુરુષોત્તમ મહારાજની ધાતુની મૂર્તિઓ મૂકવી છે. પરંપરાથી જે વાત ચાલી આવતી હતી તેમ – ગાંધીનગરમાં અને દિલ્હીના અક્ષરધામમાં જે રીતે ભગવાન સ્વામિનારાયણ પલાંઠી વાળીને સુખાસનમાં બિરાજમાન છે, એવી સુખાસનવાળી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ રચવાનું નિર્ધારિત કરવામાં આવ્યું હતું, પરંતુ ઈશ્વરચરણદાસ સ્વામીને વિચાર આવ્યો કે જે રીતે ગઢડામાં નિંબતરુ નીચે, એક ચરણ ગોઠણ પર ટેકવીને બોધ આપતા તેવી મુદ્રામાં અહીં ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ રચવી જોઈએ.

સન ૨૦૧૮નો એપ્રિલ મહિનો હતો. મહંત સ્વામી મહારાજ દિલ્હીમાં બિરાજમાન હતા. ઈશ્વરચરણદાસ સ્વામીએ અક્ષરધામ ટીમના સંતોની ઉપસ્થિતિમાં મહંત સ્વામી મહારાજ સમક્ષ એ વિચાર પ્રસ્તુત કર્યો ત્યારે મહંત સ્વામી મહારાજે તેને વધાવી લીધો, એટલું જ નહીં, ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ કેવી હોવી જોઈએ એ અંગે તેમણે ઊંડું મનોમંથન કરીને સુંદર વિચારો આપ્યા. તેમણે કહ્યું: 'સ્વામિનારાયણ ભગવાન એકદમ યુવાન કે કિશોરવયના કરવા. કારણ કે અક્ષરધામમાં એમની મૂર્તિ કિશોરવયની છે. મૂર્તિ સૌમ્ય હોય, શાંત હોય, તેજાયમાન હોય, અને પ્રકાશમય હોય. અને એમાં મહારાજનું ડાબું ચરણ નીચે હોય, જમણું ચરણ ડાબા પગ પર ચઢાવેલું હોય અને મસ્તક સહેજ ડાબી બાજુ ઝૂકેલું હોય અને મુખારવિંદ ઉપર મધુર સ્મિત હોય.'

ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ અંગે તેમણે કહ્યું કે 'દિલ્હીમાં ગુણાતીતાનંદ સ્વામી જે રીતે સેવકમુદ્રામાં બિરાજ્યા છે, એ જ મુદ્રા બરાબર છે. એ મૂર્તિ એવી બનાવવી કે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિમાં અંગેઅંગમાં અને આંખોમાં દાસત્વભાવ હોય.'

આ બધા વિચારો મુજબ જાણીતા કલાકાર શ્રી વાસુદેવ કામથજીએ દિલ્હીમાં જ પ્રાથમિક સ્કેચ તૈયાર કરી આપ્યો. સ્વામીશ્રીએ તે નિહાળીને પ્રસન્નતા દર્શાવી.

તે જ રાતે મૂર્તિ કેવી થવી જોઈએ એનું મંથન સ્વામીશ્રીના હૈયે ચાલતું રહ્યું. મોડી રાત સુધી જાગીને તેમણે બે પાનાંનો વિસ્તૃત સૂચનાપત્ર લખ્યો અને પોતાના વિચારોને કાગળ પર ટપકાવી દીધા. જેમ કે શ્રીહરિનું એકદમ કિશોર સ્વરૂપ હોવું જોઈએ, મુખ સહેજ ડાબી બાજુ ઢળેલું હોવું જોઈએ, આંખો લાંબી હોવી જોઈએ,



અક્ષરધામના મધ્યસ્થ ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ કેવી હોવી જોઈએ તે વિશે અક્ષરધામ ટીમના સંતો અને કલાકાર શ્રી વાસુદેવ કામથને વિસ્તૃત દિશા-દર્શન આપતા સ્વામીશ્રી... (દિલ્હી, ૨૦૧૮)

કાનની બુટ્ટી પણ થોડી લાંબી હોવી જોઈએ, ડાબું ચરણ નીચે જમીનને અડતું હોવું જોઈએ અને જમણું ચરણ એ ડાબા સાથળ ઉપર વિરાજમાન હોય, મહારાજનું મુખ જોઈને કોઈને પણ એમાં એમની કૃપાનો અનુભવ થાય એવી મૂર્તિ કરવી છે. સવારે સંતોને બોલાવીને તેઓએ મુદ્દાવાર આખો પત્ર વાંચી સંભળાવ્યો અને એક એક મુદ્દા ઉપર નિરૂપણ કર્યું. જાણે તેઓ મૂર્તિને પ્રત્યક્ષ નિહાળતા હોય એવી અનુભૂતિ થઈ રહી હતી. એ રીતે વિગતપૂર્વક વર્ણવ્યા પછી એમણે કહ્યું કે આ રીતનું ચિત્ર તૈયાર કરાવીને મને બતાવજો. ટૂંક સમયમાં શ્રી વાસુદેવ કામથજીની કલમે તેનું પેન્સિલ-ચિત્ર તૈયાર થયું. તે ચિત્ર લઈને સ્વામીશ્રી પાસે પહોંચ્યા. સ્વામીશ્રીએ હાથમાં લઈને ભક્તિ ભાવથી એકાગ્ર ચિત્તે ઘણા બધા સમય સુધી ચિત્ર સામે જોયા જ કર્યું. ચિત્ર નીરખીને તેઓ પ્રસન્ન થયા. પરંતુ એક પેન્સિલ હાથમાં લઈને એમણે કહ્યું કે મારે થોડાંક સૂચનો કરવાં છે. એમ કહેતાં તેઓએ ચિત્ર પર જ પેન્સિલથી રેખાઓ દોરીને ભગવાન સ્વામિનારાયણનાં નેત્રો લાંબા કરવા માટે ખાસ સૂચન કર્યું. કાનની બુટ્ટી પણ પેન્સિલથી થોડીક લંબાવી, હોઠમાં પણ રેખા દ્વારા થોડુંક સ્મિત ઊમેર્યું. ફૂલેલા ગાલને થોડા પાતળા કરવા રેખા કરી. એવી રીતે એમણે મૂર્તિનાં ચરણમાં બધાં ચિહ્નોની ખાસ ઇચ્છા વ્યક્ત કરી. તેમની આ સૂક્ષ્મ સૂઝથી સંતો દંગ રહી ગયા.

લગભગ એક કલાક સુધી તેમાં સમય વિતાવીને સ્વામીશ્રીએ કહ્યું કે આ

જાણે સ્વયં શ્રીહરિને નીરખતા હોય તેવી રીતે મુખ્ય મૂર્તિના રેખાચિત્રમાં પેન્સિલથી સૂચનો અંકિત કરીને સ્વામીશ્રીએ મૂર્તિને સર્વાંગ સુંદર ઓપ આપ્યો...







ભગવાન સ્વામિનારાયણ અને તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની મૂર્તિના રેખાચિત્ર પરથી સંસ્થાના કલાકારોએ તૈયાર કરેલાં માટીનાં મોડેલ નીરખીને, વિવિધ સૂચનો સાથે સ્વામીશ્રીએ સ્વયં તેમાં સ્વહસ્તે આગવો નિખાર આણ્યો.

પ્રમાણે હવે એનાં મોડલ્સ તૈયાર કરાવજો. થોડા સમયમાં અમદાવાદમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કલાકારો - શ્રી શુભાશિષ પાલ, શ્રી મિથુનદાસ બાપ્પી વગેરેએ ઉપરોક્ત ચિત્રના આધારે મૂર્તિનાં મોડલ્સ તૈયાર કર્યાં. તા. ૬ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ સાંજે અમદાવાદમાં સ્વામીશ્રીએ ખૂબ શાંતિથી આ મૂર્તિનાં મોડલ્સ નીરખ્યાં. મુખારવિંદનો ભાવ, આંખ-કાન-નાક-હોઠ વગેરે અંગો, પાઘ, વસ્ત્રો, હાથ-પગની મુદ્રાઓ બધું જ ખૂબ ધીરજપૂર્વક નીરખીને એક ઉચ્ચ કોટિના કલાકારની દૃષ્ટિ સાથે તેમણે સુંદર અને સૂક્ષ્મ પરંતુ અત્યંત અગત્યનાં સૂચનો કર્યાં અને તે મુજબ મૂર્તિને અંતિમ ઓપ અપાયો. તેના કારણે મૂર્તિ વિશેષ દીપી ઊઠી. મૂર્તિની ઊંચાઈના પણ ત્રણ વિકલ્પોમાંથી સૌથી ઊંચો વિકલ્પ - ૧૫.૫ ફૂટનો વિકલ્પ તેઓએ ક્ષણભરમાં પસંદ કરી આપ્યો. આ જ રીતે તેઓએ ત્યાં જ તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિના મોડલમાં પણ તેમનાં



સૂક્ષ્મ અને અતિ સુંદર સૂચનોએ મૂર્તિને આખરી ઓપ આપ્યો. ભગવાન સ્વામિનારાયણ અને તેમની તપોમૂર્તિ નીલકંઠવર્ણીની મૂર્તિનાં ચરણનાં વળાંકવાળાં તળિયાંથી લઈને પગના અંગૂઠાના નખની જાડાઈ તેમજ હાથની તપોમુદ્રા, યોગમુદ્રા અને અભયમુદ્રામાં તેમણે સુંદર સુધારાઓ કરાવ્યા.

આ બધામાં તેમની આગવી કલાસૂઝની સાથે સાથે ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય પરાભક્તિનું દર્શન થતું હતું. લગભગ બે કલાક સુધી તેમાં ભક્તિપૂર્વક પરોવાયેલા સ્વામીશ્રીએ એકદમ પ્રસન્ન થઈને છેલ્લે કહ્યું: 'એકદમ મને જે મનમાં હતું એવા જ પ્રકારનું સ્વરૂપ તૈયાર થયું છે.'

એટલું જ નહીં, સ્વામીશ્રી એટલા બધા મૂર્તિમય થઈ ગયા હતા કે તે રાત્રે આરામમાં જતી વેળાએ ફરીથી સંતોને બોલાવીને કહ્યું કે 'મહારાજનાં ચરણનાં તળિયાં કર્યાં છે તેના કરતાં થોડા વધારે ઊંડાં હોવાં જોઈએ.' તેઓ એવા મૂર્તિમય થઈ ગયા જણાતા હતા કે જાણે




મૂર્તિની ઊંચાઈ હોય કે મહામંદિરની ઊંચાઈ હોય, સ્વામીશ્રીએ સમયે સમયે ઈશ્વરચરણ સ્વામી અને સાથી સંતો સાથે વિમર્શ કરીને અંતિમ નિર્ણયો આપ્યા અને અક્ષરધામના પ્રત્યેક કાર્યને દિવ્ય સ્પર્શ આપી દીધો...

એમને સતત એ મૂર્તિ સાંગોપાંગ નજરે દેખાતી હતી.

આ ૨૦૧૯માં મૂર્તિનું પંચધાતુમાંથી કાસ્ટિંગ થઈ ગયું, ત્યારે સ્વામીશ્રીએ મૂર્તિના ખેસ પર જાંબુડિયા રંગની ડિઝાઈન થાય તથા તેને અનુરૂપ ખેસની બોર્ડર થાય તેવું સૂચન કર્યું.

એ જ રીતે ભક્તિનંદનદાસ સ્વામી મૂર્તિના સિંહાસન અંગે વિચારણા કરી રહ્યા હતા ત્યારે સિંહાસનમાં ક્યાંક ભગવાન સ્વામિનારાયણના પરમહંસોના પ્રતીકરૂપે હંસ મૂકવાનું નિર્ધારિત થયું. આ સમયે તેમને યાદ આવ્યું કે સન ૧૯૭૦-૮૦ના દાયકામાં મહંત સ્વામી મહારાજે તેમને એક ઈનલેન્ડ લેટર ઉપર સ્વહસ્તે હંસનું ચિત્ર દોરી મોકલાવેલું. કલાત્મક હંસના મોઢામાં ભક્તિના પ્રતીક રૂપે માળા પણ દોરી હતી. તે જ ચિત્રના આધારે હંસયુક્ત સુંદર સિંહાસન ભક્તિનંદન સ્વામીએ તૈયાર કર્યું.

અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે સ્વામીશ્રી રોબિન્સવિલ પધાર્યા ત્યારે પ્રથમ દિવસથી જ મૂર્તિને ધ્યાનથી નીરખવાની તેમની ઈચ્છા હતી, પરંતુ સમયની અનુકૂળતા થતી નહોતી. આખરે તા. ૩૦ ઑગસ્ટ અને રક્ષાબંધનના પવિત્ર અવસરે મુખ્ય ગર્ભગૃહમાં સ્વામીશ્રીના હસ્તે વેદોક્ત રીતે મૂર્તિનો સ્થાપન વિધિ યોજાયો ત્યારે ખૂબ ભક્તિભાવપૂર્વક આંખો ભરી ભરીને મૂર્તિને અંગ અંગ પર નજર કરીને નીરખી. છેલ્લે માઇક હાથમાં લઈને કહ્યું: 'મૂર્તિ અદ્‌ભુત થઈ છે!' તેમનો આ સંતોષ આજે લાખો દર્શનાર્થીઓના હૃદયમાં જાણે તેમની જ ભક્તિનો પ્રતિસાદ પાડી રહ્યો છે.

મૂર્તિના સ્થાપન પછી, મૂર્તિનાં નેત્રોનાં નેત્રમણિ, હોઠનો રંગ વગેરે કરવામાં પણ સ્વામીશ્રીએ ભક્તિનંદન સ્વામીને ખૂબ માર્ગદર્શન આપીને મૂર્તિને અંતિમ ઓપ આપ્યો. મૂર્તિનાં નેત્રોનાં નેત્રમણિનો નિર્ણય આપતી વખતે સ્વામીશ્રી બોલ્યા હતા: 'અક્ષરધામમાં જે દૃષ્ટિ છે, એ દૃષ્ટિથી મહારાજ દર્શનાર્થીઓને જોશે, બધાંનું કલ્યાણ થાય, એવી દૃષ્ટિ કરશે.'

અને એમની આ કલ્યાણમયી દૃષ્ટિ સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના ૨૦૦ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત ભગવાન શ્રી સ્વામિનારાયણની આવી ભવ્ય, અલૌકિક, અદ્‌ભુત અને દિવ્યતા-સુંદરતાથી છલકતી મૂર્તિ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા બિરાજમાન થઈ ગઈ. એટલું જ નહીં, અન્ય ગુરુપરંપરાની મૂર્તિઓમાં પણ તેને અંતિમ ઓપ આપવાથી લઈને તેની સ્થાપના સુધીના વિવિધ તબક્કાઓમાં વીડિયો કોલિંગ દ્વારા પણ સ્વામીશ્રીએ નિર્ણયો આપ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં ભુજના નારણજી સુથાર અને આધારાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનનાં રેખાચિત્રો બનાવ્યાં હતાં. ત્યારપછી પણ સંપ્રદાયના કેટલાક કલાકારોએ ભગવાન શ્રી સ્વામિનારાયણની વિવિધ મુદ્રાઓનાં ચિત્રો કર્યાં હતાં. સ્વામિનારાયણ ભગવાનના સમયથી જ એ મૂર્તિઓ પૂજાતી હતી. એ સમયથી પૂજાતી મૂર્તિઓથી લઈને આજ સુધી પૂજાતી મૂર્તિઓમાં સૌથી મોટી ધાતુની મૂર્તિ તૈયાર

કરવાનું શ્રેય કોઈને જતું હોય તો પ્રમુખસ્વામી મહારાજને અને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજને જાય છે.

**અક્ષરધામના નિર્માણમાં મહંત સ્વામી મહારાજ:**

સન ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજે અમેરિકામાં અક્ષરધામ રચવાનો સંકલ્પ જાહેર કર્યો ત્યારથી લઈને સમયે સમયે પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર અમેરિકા પધારીને મહંત સ્વામી મહારાજે સંતો-હરિભક્તોને અક્ષરધામના નિર્માણમાં સ્વામીશ્રીની મરજી મુજબ જોડાવા માટે પ્રેરણાઓ આપી હતી. તેઓની પ્રેરણાથી હજારો હરિભક્તો તન-મન-ધનથી સમર્પિત થઈને અક્ષરધામની સેવામાં પોતાનું યોગદાન આપતા રહ્યા હતા. સન ૨૦૧૧માં પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામી મહારાજને અને ઈશ્વરચરણદાસ સ્વામીને રોબિન્સવિલ ખાતે મોકલીને તેમના હસ્તે શિલાસ્થાપન કરાવ્યું હતું. એ શિલાન્યાસ મહોત્સવ પ્રસંગે તા. ૧૦-૧૦-૨૦૧૧ના રોજ અમેરિકા સ્થિત સંતોને સંબોધીને અપાર બળભર્યા પત્રમાં લખ્યું હતુંઃ

પ્રતિ,

સ્વામીબાપાના અત્યંત કૃપાપાત્ર સિંહસંતાનો (Lion hearted) સ્વામીબાપાને અત્યંત વહાલા હરિભક્તો-કાર્યકર્તા, યુવકો-કિશોરો-બાળકો, સેવાનિષ્ઠ તમામ નાના-મોટા.

સાધુ કેશવજીવનદાસના ઘણા જ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

અક્ષરધામ-શિલાન્યાસ મહોત્સવે ધાર્યા બહારની સફળતા અપાવનાર સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

મારો અંગત અનુભવ કહું તો, મને એટલો બધો આનંદ મળ્યો તો સ્વામીબાપાને તો કેટલો આનંદ હશે અને તેમનો રાજીપો તમને બધાને કેટલો બધો મળ્યો હશે!!! નામ નથી લખતો, ઘણાને અન્યાય થવા સંભવ છે. મારે તો, ઘણાને શું! બધાને મળવાની ઈચ્છા હતી, પણ સમય-મર્યાદાના કારણે શક્ય ન હતું. કેટલાકને મળાયું અને મોટા મોટા કેટલાક અને ખાસ કરીને જે સેવામાં હતા અને ખૂબ ભીડો ખમનાર બધાને મળી શકાયું જ નથી. આપ બધા સમજી શકો છો. પણ બધા માટે મહારાજ-સ્વામી, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજને આપ બધા વતી પ્રાર્થના કરી છે. તો હજુ પણ ખૂબ શ્રદ્ધા સંપ-સુહૃદભાવ-એકતાથી સેવા કરી શકો અને સેવા-ભક્તિ કથાવાર્તા બધામાં ચઢતો ને ચઢતો રંગ રહે તે પ્રાર્થના કરી છે. સ્વામીબાપાના બધાને ખૂબ ખૂબ આશીર્વાદ છે, તો બધાના દેશકાળ સારા થશે, મુશ્કેલીઓ દૂર થશે.

સફળતાનું મૂળ કારણ એક તો સ્વામીબાપાની અઢળક કૃપા અને સતત તેમનું માર્ગદર્શન, તેમની ભક્તો પ્રત્યે મમતા-સમતાપૂર્વકની આપણી તેમની દેખભાળ, કૃપાદૃષ્ટિ. આ ઉપરથી જણાય છે કે અક્ષરધામનું નિર્માણકાર્ય પણ જલદીથી થઈ જશે, કોઈ મુશ્કેલી નહીં આવે અને દરેક તન-મન-ધનથી સેવા કરનારને અક્ષરધામ નિર્માણ દરમ્યાન પણ ખૂબ ખૂબ ઉત્સાહ ઉમંગ રહેશે, ભલે, ચાહે તેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

સફળતાનું બીજું કારણ તમે સર્વે સ્વામીબાપાના દૃઢ મજબૂત હાથપગ બન્યા, કહેતાં બધાને, નાનામોટા બાઈભાઈ સર્વેને સ્વામીબાપાની જબ્બરજસ્ત નિષ્ઠા છે, આજ્ઞામાં ટૂક ટૂક. ત્રીજું કારણ સ્વામીબાપામાં દૃઢ પ્રીતિ તેથી સ્વામીબાપાને રાજી કરવાનું તાન જોરદાર રહ્યું. આ ત્રણેય કારણોના કારણે અદ્‌ભુત co-ordinationનું વાતાવરણ સર્જાયું (ચાલુ રહેશે). બધામાં ખૂબ સંપ થયો. ૧+૨ = ૩ પણ + કાઢી નાખીએ તો ૧૨ થાય. ૧ ૨ = ૧૨. પછી ૨ ને આગળ લઈએ એટલે ૨૧ થાય.

આજે એટલે કે બીજે દિવસે તા. ૧૦-૧૦-૧૧ સોમવારે સંતો ભેગા મળ્યા. પછી પોતપોતાના સ્થાને જવાના હતા. સહેજે શિલાન્યાસ મહોત્સવની ચર્ચા નીકળી. સંતો ખૂબ ઉત્સાહમાં આવી ગયા. જેમ વાતોનું જોર પકડાતું ગયું તેમ તેમ બધામાં જોમ-ઉમંગ-ઉત્સાહ ખૂબ જ વધતા ગયા. બધાએ પૂજ્ય યજ્ઞવલ્લભ સ્વામીના માર્ગદર્શન, તેમના રાત-દિવસના ઉજાગરાની વાતો કરી. તો પૂજ્ય યજ્ઞવલ્લભ સ્વામી સંતોએ ખૂબ ભીડો વેઠ્યો. ખૂબ જ ચીવટપૂર્વક બધાએ ગજા ઉપરાંત સેવા કરી તેની વાત કરી, ત્યાં તો સંતો પાછા તેમનાં ગુણગાન ગાવા લાગે. બધા જ સંતો પોતાની વાત ભૂલી જ જાય અને બીજા હરિભક્તો-યુવકો-કિશોરો-બાળકોને આગળ ધરે તેથી ૨૧નો આંકડો સિદ્ધ થયો. વાતોમાં ન રહ્યો પણ ૨૧ સિદ્ધ થયો. ૧ + ૨ = ૩, ૧૨ અને ૨૧. તો આ કારણે - હરિભક્તો બસમાં ૭ કલાક, ૧૦ કલાક ૧૨, ૧૫, ૧૮ કલાકોનું ડ્રાઈવ કરીને આવતા. પણ કોઈના મોઢા ઉપર થાક ને ઉજાગરો દેખાય નહીં. ઉત્સાહ ઉમંગથી ભરપૂર અને સેવામાં તત્પર થઈ જતા. કોઈએ મહેમાનગીરી માંગી નથી.

Host કોણ? Guest કોણ? ખબર જ ન પડે. સમગ્ર U.S.થી હરિભક્તોએ લાભ લીધો. કથાવાર્તા-કીર્તન-ભજન ગોષ્ઠિ કરતાં કરતાં આવ્યા અને ગયા. સ્વામી પોતે



પિંડવાડા પધારીને સ્વામીશ્રીએ પથ્થરના ઘડતર કામને અને ઝીણામાં ઝીણી વિગતોને ધ્યાનથી સમજી, પ્રેરણાઓ આપી. હજારો કારીગરોને આશીર્વાદથી ધન્ય કરી તેમના પર પુષ્પો વરસાવી તેમને અપરંપાર આદર આપ્યો...

આશીર્વાદ આપતાં બોલ્યાઃ સંપના કારણે ખૂબ સફળતા આનંદ, ઉમંગ, દિવ્યભાવ રહ્યો. એકતા એટલે બધાને એક જ ધ્યેય એમ સ્વામીબાપા ખૂબ રાજી થયા. સ્વામીબાપાએ પ્રત્યક્ષ લાભ આપ્યો એમ દરેકે દરેક સાક્ષી બન્યા. પૂજ્ય યોગીચરણ સ્વામી અને સંતોના અથાગ પરિશ્રમ અને દૃઢ-દૃઢતાના કારણે દિવ્યભાવ છવાઈ ગયો.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે ‘‘સંપ એ ભગવાનનું દૈવત છે. જ્યાં સંપ છે ત્યાં રિદ્ધિ-સિદ્ધિ અને પ્રભુતા છે. સુહૃદભાવ એ મારો પ્રાણ છે. જેટલું ભગવાન સંતો-હરિભક્તોમાં વધુ હેત તેમ વધુ કારણ, શરીર ટળે.’’ તો આમ ને આમ આપણે આગળ વધીએ. એ જ પ્રાર્થના. જય શ્રી સ્વામિનારાયણ.’

તેઓના આવા બળભર્યા પત્રોના પ્રવાહે કે જ્યારે તેઓ અમેરિકા પધાર્યા ત્યારે રૂબરૂ વાતોની ગંગાધારાએ સૌના હૈયે ભક્તિ અને સમર્પણનો રંગ વધુ ગાઢ કરી આપ્યો. પોતાના સમયની કે સ્વાસ્થ્યની પરવાહ કર્યા વિના કલાકોના કલાકો ફાળવીને સ્વામીશ્રીએ સૌને પ્રેરિત કર્યા.

સન ૨૦૧૬માં પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજને સત્સંગનું સુકાન સોંપીને અંતર્ધાન થયા, ત્યારે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત બી.એ.પી.એસ. સંસ્થાના દેશ-વિદેશના અનેક પ્રકલ્પોની જેમ રોબિન્સવિલ અક્ષરધામના પ્રકલ્પને પણ મહંત સ્વામી મહારાજે પોતાનો મુખ્ય પ્રોજેક્ટ દર્શાવ્યો હતો. લંડનમાં કે અન્યત્ર યુવાનોએ જુદી જુદી પ્રશ્નોત્તરી દ્વારા તેમની સાથે વાર્તાલાપ કર્યો ત્યારે તેમણે હંમેશાં એ જ ઉચ્ચાર્યુંઃ ‘રોબિન્સવિલ અક્ષરધામનો પ્રોજેક્ટ એ સ્વામીબાપાનો સંકલ્પ છે, એટલે અમારો પણ એ જ સંકલ્પ છે.’

આ પ્રોજેક્ટને પ્રમુખસ્વામી મહારાજની ઈચ્છા મુજબ આકાર આપવા માટે સતત પુરુષાર્થશીલ રહેલા ઈશ્વરચરણ સ્વામી, સાથી સંતો અને હરિભક્તોને સ્વામીશ્રી સમયે સમયે પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહ્યા. જેમ કે, અક્ષરધામના શિખરની ઊંચાઈના વિકલ્પો નિર્ધારિત કરવાના હતા, ત્યારે અનેક વિકલ્પોમાંથી સૌથી વધુ ઊંચાઈવાળો વિકલ્પ સ્વામીશ્રીએ પસંદ કર્યો. અક્ષરધામના

નિર્માણના મુખ્ય તબક્કામાં ભારતમાં રાજસ્થાન ખાતે પથ્થરના ઘડતરનું કાર્ય ચાલતું હતું. આ કાર્યને આશીર્વાદ આપવા માટે, ઘડતર કરી રહેલા કારીગરો પર પ્રેમ વરસાવવા માટે, ઉત્સાહથી સેવા કરતા સ્વયંસેવકોને બળ પૂરું પાડવા માટે તેમજ નાના-મોટા અનેક નિર્ણયોને અંતિમ ઓપ આપવા માટે તેઓ પિંડવાડા પધાર્યા હતા. અહીં સંસ્થાનાં વિવિધ કારખાનાઓમાં પધારીને તેઓએ કારીગરોને તથા સ્વયંસેવકોને એક એકને રૂબરૂ મળીને વાત્સલ્યપૂર્વક આશીર્વાદ આપીને બિરદાવ્યા. તેમને આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું હતુંઃ 'हम को मालूम नहीं, पर यह सेवा हमें मिली है, वह बहुत बडी बात है। अनेक जन्मों के पुण्य से यह सेवा मिली है। ये राजा-महाराजाओं का कार्य नहीं हैं, यह भगवान का कार्य है। उनकी सेवा हमें मिली हैं तो दिल लगा के करना, मन लगा के भक्ति करना।' ખૂબ પરિશ્રમ વેઠીને સ્વામીશ્રીએ ખૂબ ઝીણવટપૂર્વક તમામ ઘડતરકાર્ય નિહાળ્યું તેમજ અક્ષરધામ ટીમના સંતો સાથે નાની-મોટી મીટિંગો કરીને નિર્ણયો આપીને સ્વામીશ્રીએ કાર્યને વેગ આપી દીધો.

સ્વામીશ્રીના શુભ આશિષ પામીને સૌ કાર્યકરોના મુખ પર અનેરો આનંદ આવી ગયો. સ્વામીશ્રીએ કારીગરોના મસ્તક પર પુષ્પ અને ચોખા વરસાવી વિશેષ આશીર્વાદ પ્રદાન કર્યા.

ગુરુપદે બિરાજ્યા પછીની સન ૨૦૧૭ની વિદેશયાત્રામાં સ્વામીશ્રીને અમેરિકા પધારવાનું મુખ્ય લક્ષ્ય અક્ષરધામના નિર્માણકાર્યને વેગ આપવાનું હતું. સમગ્ર નોર્થ અમેરિકા ખંડમાં ઘૂમીને તેમણે હરિભક્તોને તન-મન-ધનથી સેવા કરવા માટે ઉત્સાહથી છલકાવી દીધા. એટલું જ નહીં, રોબિન્સવિલ ખાતે બિરાજીને સ્વામીશ્રીએ ખૂબ સૂક્ષ્મતાથી સમગ્ર પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું અને સેવા કરતા સંતો-સ્વયંસેવકોને પ્રેરણાથી છલકાવી દીધા. સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અક્ષરધામના સ્તંભ રોપણનું કાર્ય હોય કે તેઓના હસ્તે સ્વાગત ભવનનો શિલાન્યાસ હોય કે કોવિડની મહામારી દરમ્યાન અક્ષરધામના સર્વોચ્ચ શિખરના આમલસારાનું પૂજન હોય કે સારંગપુરમાં રહ્યા રહ્યા તપોમૂર્તિ નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા કરવાની હોય, દરેક તબક્કે સ્વામીશ્રીનો ઉત્સાહ આસમાનને આંબી જતો. અને એમની મહિમાસભર સાધુતા અને વિનમ્રતા પણ જાણે આસમાનને આંબી જતી.

રોબિન્સવિલ ખાતે સ્તંભના પૂજનના કાર્યક્રમમાં મંચ પર પરમહંસ મંડપમ્‌ના ચાર સ્તંભ આરસના હૂબહૂ ઊભા કરવામાં આવ્યા હતા, જે દરેક સ્તંભમાં જીવંત કદના એક એક પરમહંસ - નિષ્કુળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ શોભતી હતી. પરમહંસોના આ સ્તંભોની બરાબર મધ્યમાં સ્વામીશ્રીનું આસન હતું. સ્વામીશ્રી મંચ પર પધાર્યા ત્યારે આ પરમહંસોના ચરણ સ્પર્શ કરવા હાથ લંબાવ્યો. એ વખતે પરમહંસ થોડા હલ્યા, સ્વામીશ્રીએ તરત જ ઉપર જોયું તો તે પરમહંસ હસ્યા પણ ખરા! સ્વામીશ્રી એકદમ આનંદ અને આશ્ચર્ય પામીને તેમની સામું જોવા લાગ્યા. તે પરમહંસ નિષ્કુળાનંદ સ્વામી હતા. તેમના હાથમાં હાર હતો. તેમણે હાર લંબાવ્યો અને સ્વામીશ્રીના કંઠમાં પધરાવી દીધો. સ્વામીશ્રી અને હજારો સભાજનો સ્તબ્ધ બની ગયા. કારણ કે આરસ જેવા રંગે રંગાઈને એક કિશોર નિષ્કુળાનંદ સ્વામીના પરિવેશમાં એવી રીતે ઊભો હતો કે જાણે આરસની મૂર્તિ જ લાગે! તાળીઓના નાદથી સભાખંડ ગુંજતો રહ્યો. અને સ્વામીશ્રીએ બે હાથ જોડીને એ પરમહંસનો ચરણસ્પર્શ કરી લીધો. બીજા સ્તંભમાં એક કિશોર જીવંત મુક્તાનંદ સ્વામીની મૂર્તિ બનીને ઊભો હતો. સ્વામીશ્રીએ તેનો પણ મહિમાથી ચરણસ્પર્શ કરી લીધો. અદ્‌ભુત, અલૌકિક, દિવ્ય અને અવિસ્મરણીય દૃશ્ય હતું એ!! સભા પૂર્ણ થયા પછી મંચ પરથી ઊભા થતાં સ્વામીશ્રી નમીને ફરીવાર પરમહંસ બનેલા કિશોરોને પગે લાગ્યા. આવા મહિમાસભર સ્વામીશ્રીએ અક્ષરધામના કણે કણમાં દિવ્યતા, મહિમાની સુરખી રેલાવી દીધી હતી.

અક્ષરધામના નિર્માણ દરમ્યાન કેટલીય સમસ્યાઓ પણ આવી. ત્યારે સૌ સ્વામીશ્રીના મુખમાંથી નીકળતા શબ્દોને ઝીલવા તત્પર થઈ જતા. ખૂબ સંક્ષેપમાં, પરંતુ મક્કમતાથી સ્વામીશ્રી કહેતાઃ 'શ્રીજીમહારાજની ઇચ્છાથી જ આ દુઃખ આવ્યું છે, તેમણે જ દુઃખ આપ્યું છે ને તેઓ જ ટાળશે. એમને કર્તાહર્તા સમજીને આનંદમાં રહેવું.' તેઓના આવા અનુભવપૂર્ણ શબ્દોમાં સૌને બેઠા કરવાની તાકાત હતી. ભલભલા તરવૈયાઓ ડૂબી જાય તેવા સંજોગોમાં સૌ તેમનાં આવાં વચનોના સહારે તરી જતા.

તા. ૧૧-૫-૨૦૨૧ના રોજ એક અઘટિત ઘટના બની અને ગેરમાર્ગે દોરવાઈને કારીગર સ્વયંસેવકો અક્ષરધામની સેવા છોડીને અમેરિકી પોલીસ સાથે નીકળી ગયા. માત્ર ૨૪ કારીગર સ્વયંસેવકો લાલચને કારણે ગેરમાર્ગે દોરાવાને બદલે સેવામાં કટિબદ્ધ રહ્યા. પરંતુ તેટલી ઓછી માત્રાના કારીગરોથી અક્ષરધામનું નિર્માણકાર્ય પૂર્ણ થઈ શકે એવી કોઈ સંભાવના નહોતી, પરંતુ એવા કપરા





સ્વામીશ્રીના માનસપુત્રો જેવા હજારો સ્વયંસેવકોએ સ્વામીશ્રીના વચને જાતને સેવામાં એવી હોમી દીધી કે સ્વામીશ્રી લાગણીભીના થઈ ગયા. અક્ષરધામના ચોકમાં એમની સેવા વચ્ચે તેમને મળવા પધારેલા સ્વામીશ્રીનું એવું એક લાગણીસભર દૃશ્ય...

સંજોગોમાં સ્વામીશ્રી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ માર્ગદર્શન આપ્યું, સ્વામીશ્રીના આદેશપત્રથી સેંકડો સ્વયંસેવકોમાં ચેતના ફરી વળી. અને સ્વામીશ્રીના વચને ખૂબ મોટી સંખ્યામાં સ્વયંસેવકો રોબિન્સવિલ ભણી આવવા લાગ્યા.

કોવિડની વૈશ્વિક મહામારી તેમજ રોબિન્સવિલ અક્ષરધામ પર લાગેલા ઉપરોક્ત મિથ્યા કેસનું ગ્રહણ જોતા અક્ષરધામનું નિર્માણ સમયે પૂર્ણ થશે કે કેમ તેવી કોઈને પણ શંકા થાય તે સ્વાભાવિક હતું, પરંતુ એવા સંજોગોમાં સ્વામીશ્રી કટિબદ્ધ હતા. તા. ૨-૪-૨૦૨૨ના રોજ કણાદ-સુરતથી અમેરિકામાં રહીને સેવાકાર્ય સંભાળી રહેલા સંસ્થાના સંતોને સંબોધતાં સ્વામીશ્રીએ લખ્યું હતુંઃ

**એક નિશાન - અક્ષરધામ, રોબિન્સવિલ**

**ઉદ્‌ઘાટન ૨૦૨૩**

વિ. લખવાનું કે રોબિન્સવિલમાં અક્ષરધામનું કાર્ય ખૂબ સુંદર ચાલી રહ્યું છે. અવાર-નવાર ત્યાંના report મળતા રહે છે. આપ સૌ સંપીને ખૂબ જ મહેનતથી સેવાકાર્ય કરી રહ્યા છો. આ કાર્ય દોઢે ચાલે છે, જેમાં ભારત દેશથી મોકલેલા સંતો, પાર્ષદો, સાધકો અને અમેરિકાના સ્વયંસેવકો ખૂબ જહેમત ઉઠાવી રહ્યા છે. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ છે.

હવે આપણે ૨૦૨૩માં અક્ષરધામનું ઉદ્‌ઘાટન કરવું જ છે. એમાં અમે આવીશું. ધામધૂમથી પ્રતિષ્ઠા કરીશું. આખા બ્રહ્માંડમાં ડંકો વાગશે. સમય ઓછો ને કાર્ય વિશાળ છે... સ્વામીબાપાના આશીર્વાદ છે તો થઈ જશે. દેશમાં સ્વામીબાપાના દિવ્ય પ્રતાપથી શતાબ્દી મહોત્સવમાં ૨૫,૦૦૦થી વધુ સ્વયંસેવકો ઉત્સાહથી સેવામાં જોડાવા તૈયાર થશે. આમ બાપાની દૃષ્ટિથી કાર્ય થાય છે અને થશે. Robbinsville Akshardham તે સ્વામીબાપાનો શિરમોડ સંકલ્પ છે તેથી તેઓ જ પૂરો કરશે. તેમાં જે જોડાશે તેને અક્ષરધામનું સુખ આવશે. આથી અધિક કોઈ સેવા નથી.

સ્વામીબાપાએ આખી જિંદગી આપણા માટે કર્યું છે,

હવે આપણો વારો છે, માટે સૌ પ્રયત્ન કરશો. ૪૦૦થી વધુ સ્વયંસેવકો મળી જશે. આશીર્વાદ છે. આ કર્યા વગર છૂટકો જ નથી.

વિ. આખા અમેરિકામાં આ મોટામાં મોટો project છે. બધાએ ગુરુને રાજી કરવા ગજા બહાર સેવા કરી છે. માટે હવે U.S.A.ના તમામ regionમાંથી પૂજ્ય સંતો આ બાંધકામની સેવામાં જોડાઈ દાખલો બેસાડે, જેથી હરિભક્તોને ઉત્સાહ જાગશે. આ મારો સંકલ્પ છે. આ માટે પૂજ્ય કોઠારી સંત સાથે બેસી વધુ ને વધુ સંતો આ બાંધકામની સેવામાં Priority સમજીને જોડાય એવી મારી અંગત ઈચ્છા છે. અક્ષરધામ સાઈટ પર સેવા કરનાર પૂજ્ય સંતો, પાર્ષદો, સાધકો, હરિભક્તોની સારસંભાળ રાખવી તે આપણી ભક્તિ છે... મહિમા સમજી શાસ્ત્રીજી મહારાજના વખતમાં જેમ સંતો કારખાનાની સેવા કરતા તેમ આ સેવામાં સક્ષમ સંતો જરૂરથી જોડાય. પ્રારંભિક ધોરણે અમને અમુક સંતોનાં નામ યાદ આવતાં સૂચન કરીએ છીએ...

આ રીતે ૧૫-૨૦ સંતો હોલાઉપાડ કરે તો સેવાકાર્યને વેગ મળે ને ૪૦૦થી વધુ સ્વયંસેવકો પ્રાપ્ત થાય. પ્રાર્થના કરી છે, target date (૨૦૨૩માં) આ કાર્ય પાર પડે. આપ સૌનું સ્વાસ્થ્ય સારું રહે. મહારાજ, સ્વામી, પ્રમુખસ્વામી મહારાજ અને અમારો આમાં ખૂબ રાજીપો છે માટે તેજીને ટકોરો સમજી આ સેવામાં સૌ ઉત્સાહ, ઉમંગ ને ઈશક સવાસેર રાખીને જોડાશો. સંપ, સુહૃદભાવ ને એકતા રાખી સેવા કરશો. સર્વને અમારા અંતરના આશીર્વાદ છે. સુહૃદભાવ અલૌકિક...''

આ જ રીતે અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની ઉજવણી થવાની હતી ત્યારે સ્વામીશ્રીએ એવું આયોજન કરી આપ્યું કે એ દરમ્યાન રોબિન્સવિલથી બધા સંતો કે સ્વયંસેવકો એક સાથે ભારત ન આવે પરંતુ ક્રમશઃ આવે કે જેથી અક્ષરધામના નિર્માણના કાર્યમાં એક દિવસનો પણ વિલંબ ન થાય. તા. ૧૮-૧૦-૨૦૨૨ના રોજ એક વિસ્તૃત પત્ર લખીને તેમણે સૌને સુંદર માર્ગદર્શન અને આદેશ આપી દીધાં. પરિણામે શિયાળાની મોસમમાં પણ અક્ષરધામનું કાર્ય યોગ્ય વ્યવસ્થાઓ સાથે ચાલતું રહ્યું.

વચ્ચે વચ્ચે સ્વામીશ્રી સેવા કરતા સ્વયંસેવકો અને સંતોને બળ આપવા માટે ઓનલાઈન માધ્યમ દ્વારા જુદા જુદા કાર્યક્રમોમાં જોડાતા રહ્યા. સેવા કરતા સંતો અને સ્વયંસેવકોની ઈચ્છા મુજબ, તેમનો ઉત્સાહ વધારવા માટે મસ્તકે હાર્ડ હેટ પહેરીને, હાથમાં છીણી અને હથોડો લઈને વિવિધ સ્મૃતિઓ આપતા રહ્યા. સ્વયંસેવકોની સેવા પર અઢળક આશીર્વાદ અને રાજીપો વરસાવીને તેમને સતત કૃતાર્થ કરતા રહ્યા.

એટલું જ નહીં, જુલાઈ ૨૦૨૩માં અક્ષરધામ મહોત્સવ માટે રોબિન્સવિલ પહોંચ્યા પછી સ્વામીશ્રીએ એક એક સ્વયંસેવકને રૂબરૂ સમીપ દર્શન આપીને પોતાનો અપાર રાજીપો તેમના પર વરસાવ્યો. અક્ષરધામ મહોત્સવના પ્રેરણામૂર્તિ તરીકે સ્વામીશ્રીએ મહોત્સવ દરમ્યાન પણ ખૂબ ભીડો વેઠીને આ હજારો સ્વયંસેવકો ઉપરાંત કુલ ૪૦,૦૦૦ દર્શનાર્થી હરિભક્તોને લાભ આપ્યો. સ્વામીશ્રીએ રોબિન્સવિલ ખાતેના લગભગ ત્રણ મહિનાના રોકાણ દરમ્યાન જુદા જુદા પાંચ સમયે સેવા કરતા સ્વયંસેવકોની વચ્ચે જઈને, તેમનું કાર્ય નિહાળીને તેમને અત્યંત રાજી, રાજી કરી દીધા. સ્વામીશ્રીની આ કૃપાવર્ષાથી ગદ્‌ગદ અને રોમાંચિત થઈ જતા સ્વયંસેવકોએ કટિબદ્ધ થઈને અક્ષરધામની સેવામાં એવો ડંકો માર્યો કે સમગ્ર વિશ્વ અચંબિત થઈ જાય.

સ્વામીશ્રીને પોતાના આ હરિભક્તો અને સ્વયંસેવકો પર પૂર્ણ વિશ્વાસ હતો. એટલે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે સ્વામીશ્રીએ કલમ ઉપાડી અને સ્વયંસેવકોના હૈયે સેવા ઉપાડી લેવા માટે જોમ સીંચી દીધું. તા. ૧૦ ઑગષ્ટના રોજ લખેલા એવા એક પત્રનો આ અંશ વાંચોઃ

''અત્યારે અક્ષરધામ મહોત્સવ ખૂબ ભવ્યતાથી અને દિવ્યતાથી ઊજવાઈ રહ્યો છે. સેવાની આ અમૂલ્ય તક ઝડપી લેવી. મહારાજ, સ્વામી અને સત્પુરુષનો રાજીપો લઈ લેવો. અત્યારે, અક્ષરધામ મહોત્સવ અને પ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમથી ઊજવાય તે માટે ખૂબ મોટી સંખ્યામાં સ્વયંસેવકોની જરૂરિયાત હોવાથી બધાએ સમય-સંજોગો સાનુકૂળ કરી છેક Wind up સુધી સેવામાં જોડાવું. આ સેવાથી અંતરે શાંતિ રહેશે અને અંતકાળ સુધરી જશે. બહુ મોટાં ભાગ્યવાળાને આ સેવા મળે છે. માટે જોજો આ તક ચૂકી ન જતા. બ્રહ્મરૂપ થવાનું ટાણું છે. ટાણે મોતી ભરડી દેવાં. બધાને બળ રહેશે. વચન અધ્ધર ઝીલી લેવું તો સુખિયા થઈ જવાશે.''

હવે અક્ષરધામ નિર્માણ પરિપૂર્ણતા પર હતું ત્યારે સ્વામીશ્રી પ્રસંગે પ્રસંગે સ્વયંસેવકો પર આશીર્વાદ વરસાવી સૌમાં જોમ સીંચી દેતા. એક વખત તેમની ઈચ્છાથી વૉકીટૉકી પર આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય-ભવ્ય અલૌકિક જે સંકલ્પ હતો તે તમે બધાએ પાર પાડ્યો છે, સારી રીતે

પાર પાડ્યો છે, સમર્પિત થઈને પાર પાડ્યો છે. એનું તો વર્ણન થઈ શકે એમ નથી, પણ હવે આગળની વાત કરવાની છે કે - હવે સાફસૂફીમાં તમે લાગી જશો, ને એમાં પણ ખૂબ સારી રીતે બધી સાફસૂફી થઈ જાય અને કોઈ કચરો અંદર-બહાર રહે નહીં અને સારી રીતે બધા કચરાનો નિકાલ થઈ જાય તો ચોખ્ખું ચંદન જેવું કૅમ્પસ રહેશે... બધાએ ખરેખર સંપ-સુહૃદભાવ-એકતાથી બધું કાર્ય કર્યું છે, સેવા કરી છે. બધાએ ખૂબ દાખડો કર્યો છે. ખરેખર એનું વર્ણન થાય એમ નથી....''

સ્વામીશ્રીની આવી પ્રેરણાઓ ઝીલીને સેવામાં હોમાઈ જતા સંતો, પાર્ષદો, સાધકો અને સ્વયંસેવકોને જોઈને સ્વામીશ્રી પણ ભાવભીના અને ગદ્‌ગદિત થઈ જતા. રોબિન્સવિલ ખાતે એવા સ્વયંસેવકોને બિરદાવવા યોજાયેલી પ્રથમ સભામાં જ સ્વામીશ્રીએ જાતે માળા ગૂંથી સૌને અર્પણ કરી હતી. સ્વયંસેવકો મહારાજની માળાના મણકામાં આવે - તે ભાવથી માળાનો હાર બનાવવાની ઇચ્છા કરી. સમય ન મળ્યો તો મૅડિકલ ચેકઅપમાંથી પાછા વળતાં, ચાલુ ગાડીમાં ૨૫ મિનિટ તેઓએ મણકા પરોવ્યા!! આ પ્રસંગે સ્વામીશ્રીએ કહ્યું: 'મણકો એટલે પૂર્ણકામ! તમે બધાએ સેવા કરી છે, સેવા-સમર્પણમાં કાંઈ બાકી રાખ્યું નથી, એના માટે શબ્દો જ નથી. ટૂંકમાં મણકામાં આવે એટલે - તમે બહુ મોટી સેવા કરી છે, એના પ્રતીકરૂપે આપણે મણકામાં આવ્યા કહેવાઈએ.' સ્વામીશ્રીએ સૌ સ્વયંસેવકોને સંબોધીને લખેલો ભાવપત્ર સૌની આંખોમાં આંસુ લાવી દે તેવો લાગણીસભર હતો:


હે મારા વ્હાલા સ્વયમ સેવકો
તમે તો બધાએ કમાલ કરી છે
તેના માટે કોઈ શબ્દોજ નથી.
ખરેખર તમને બધાને બહુ બહુ ભેટવાનુ
મન થાય છે.
તમે બધાએ સંપ રાખીને સેવા
કરી છે,
તેથી મહારાજ સ્વામી અને અમે
ખૂબ, ખૂબ, ખૂબ રાજી થયા છીએ.
તમે બધાએ [illegible] સેવા
કરી છે તેથી બધાનું [illegible]
અક્ષરધામ થઈ જશે.
[illegible]

આવો જ એક લાગણીસભર ભાવપત્ર પોતાના ૯૦મા જન્મદિવસે અને અક્ષરધામના ઉદ્‌ઘાટનની પૂર્વ સંધ્યાએ સ્વામીશ્રીએ લખ્યો હતો. તેઓએ જણાવ્યું હતું: ''આપ બધાએ દેહનો ભીડો વેઠી ખૂબ સેવા કરી છે. નોકરી, ધંધો, અભ્યાસ વગેરે તથા કુટુંબ પરિવાર બધું ગૌણ કરી અક્ષરધામની સેવા કરી છે અને વચનામૃત લોયા-૩ સિદ્ધ કર્યું છે... મને ખૂબ દુઃખ થાય છે કે હું આપ બધાની સેવા સરભરા ન કરી શક્યો, પરંતુ હું આપ બધાને યાદ કરી પ્રતિષ્ઠાની મુખ્ય આરતી કરીશ, તો રાજી રહેશો.

મોટું મન રાખી માફ કરશો. આપ બધા મારા હાથ પગ છો. આપ બધા વિના આ શક્ય ન બને. આપ બધાનો આભારી છું. આપ તમામ ૧૨,૦૦૦ સ્વયંસેવકોને લીધે આજે પ્રતિષ્ઠા થશે. આપ જ્યાં હો ત્યાં એમ જ માનજો કે મહારાજ આપણી સામે જ છે. અમારા હૃદયમાં આપ બધા છો એટલે મહારાજની પાસે જ છો. આપ બધાને હૃદયથી યાદ કરીશું. I will remember all of you dearly tomorrow. હવે, મારી ઇચ્છા છે કે હું આપ બધાની આરતી ઉતારું.''

અને ખરેખર તેઓએ સૌની આરતી ઉતારીને સ્વયંસેવકો પ્રત્યે પોતાનું ઋણ અદા કર્યું.

રોબિન્સવિલના નિવાસ દરમ્યાન અક્ષરધામ પરિસરમાં કે અક્ષરધામ મહામંદિરના ખૂણે ખૂણે ફરીને સ્વામીશ્રીએ સર્વત્ર ઊર્જા અને દિવ્યતાનો સંચાર કરી દીધો. નાનામાં નાના સ્વયંસેવક પર દૃષ્ટિ વરસાવીને તેને ધન્ય કરી દીધો. અક્ષરધામમાં જે કોઈ મહાનુભાવો આવ્યા, એ સૌનાં હૃદયે અક્ષરધામના પ્રેરણામૂર્તિ તરીકે શાંત, વિનમ્ર, અલ્પભાષી, સ્મિતસભર સ્વામીશ્રી વસી ગયા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને મળીને પ્રભાવિત થયેલા અનેક મહાનુભાવો મહંત સ્વામી મહારાજને મળતાં એ જ અનુભૂતિ કરી રહ્યા કે અક્ષરધામના સંકલ્પકર્તા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજના ખોળિયે રહીને સૌને કૃતાર્થ કરી રહ્યા છે. આ પ્રેરકને વંદન કરતાં સૌ પ્રમુખસ્વામી મહારાજનો સ્પર્શ અનુભવી ધન્ય થઈ રહ્યા.

આવનારા યુગો સુધી અક્ષરધામ અમેરિકાના ગગનમાં સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિની ધજાઓ ફરકાવતું રહેશે અને ૧૨,૫૦૦ સ્વયંસેવકો દ્વારા અક્ષરધામનું નિર્માણ કરીને પોતાના ગુરુહરિને અંજલિ આપતા મહંત સ્વામી મહારાજની અમર સ્મૃતિઓ કરાવતું રહેશે. ◆

આ અંગેનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

(અનુસંધાન પૃષ્ઠ ૬૫ પરથી)
વિચારથી સેવા કરતા. સેવામાં ક્યારેય કંટાળો આવ્યો નથી.

એટલાન્ટા સત્સંગમંડળના નિષ્ઠાવાન હરિભક્ત શામળભાઈની ઉંમર ૮૦ વર્ષની છે. તેમણે ટોરન્ટો, શિકાગો, વૉશિંગ્ટન, એટલાન્ટા વગેરે મંદિરના નિર્માણમાં સેવા કરી છે. અનેકવિધ શારીરિક તકલીફો વચ્ચે પણ તેઓ અક્ષરધામની સેવામાં પણ જોડાયા. શામળભાઈની સેવાની ધગશ અને તત્પરતા જોઈને યુવાનોમાં પણ જુસ્સો આવી જાય. તેઓને રોજના ક્રમમાં અક્ષરધામની સેવા કરતાં કરતાં દશ માઈલ ચાલવાનું થઈ જાય. સવાર-સાંજ આરતી, દંડવત, ચેષ્ટા અને દરેક પ્રકારની સેવા કરીને તેઓ કૃતાર્થતા અનુભવે છે. મહિમા સાથે સેવા કરવાની જે ભાવના સાથે શામળભાઈનું જીવન બીજા સૌને માટે પણ પ્રેરણાદાયક બની રહ્યું હતું.

ન્યૂજર્સીના નિષ્ઠાવાન સેવાભાવી હરિભક્ત જલધિભાઈ જગદીશભાઈ બ્રહ્મભટ્ટ પર પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને સંતોનો અત્યંત રાજીપો છે. જલધીભાઈ અને તેમનાં ધર્મપત્ની પાર્સીપની મંદિરમાં શરૂઆતથી જ મુખ્ય કાર્યકર તરીકે સેવા આપે છે. રોબિન્સવિલમાં મંદિર થયું ત્યારથી જલધિભાઈ અવારનવાર સેવામાં જોડાતા રહ્યા. તેઓ દવા બનાવતી પ્રતિષ્ઠિત કંપની ફાઈઝરમાં એક વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવતા હતા, તેમાં રાજીનામું મૂકીને અક્ષરધામમાં કન્સ્ટ્રક્શનની સેવામાં જોડાઈ ગયા. તેમનો પરિવાર સત્સંગની વિવિધ સેવામાં સેવારત છે. જલધિભાઈ કહે છે કે 'અહીં ખરેખર અક્ષરધામમાં જ બેઠા છીએ એવો આનંદ આવે છે. સેવા કરનાર બધા જ મુક્તો છે. બધાયમાં બ્રહ્મનો પ્રવેશ છે. પ્રમુખસ્વામી મહારાજનું ઋણ તો અનંત જન્મ સુધી ચૂકવાય તેમ નથી.'

ટેમ્પા, ફ્લોરિડાના અત્યંત મહિમાયુક્ત હરિભક્ત જિતુભાઈ ૬૯ વર્ષની ઉંમરે સેવામાં આવી ગયા. તેઓએ સેવા દરમ્યાન જ લાઈસન્સ લીધું અને ફોર્કલિફ્ટ ચલાવવાની સેવામાં જોડાયા. સેવામાં ક્યારેય પણ થાક કે સંકોચ અનુભવ્યો નથી. તેમની સેવાઓથી રાજી થઈને પ્રમુખસ્વામી મહારાજે તેમને પોતાનાં વસ્ત્રો પર આશીર્વાદ લખીને ભેટમાં આપ્યાં હતાં. છેલ્લાં ૪૫ વર્ષથી જીવની જેમ સાચવેલાં આ પ્રાસાદિક વસ્ત્રો તેમણે અક્ષરધામમાં અર્પણ કર્યાં છે.

## એ સ્વયંસેવકો, જેમણે પ્રતિષ્ઠિત નોકરીઓ છોડી

અક્ષરધામની સેવા માટે કેટલાંય સ્ત્રી-પુરુષ સ્વયંસેવકો એવાં હતાં કે જેમણે લાંબા ગાળાની સેવા માટે પોતાની માતબર આવકવાળી કે હોદ્દાવાળી પ્રતિષ્ઠિત નોકરીઓને ઠોકર મારી હતી.

અમેરિકાની ધરતી પર સારી નોકરી હોવી અને સારી આવક હોવી તે અનિવાર્ય છે. તે સિવાય પારિવારિક જીવન કે ઘરસંસારમાં અનેક આર્થિક કે સામાજિક તકલીફોનો સામનો કરવો જ રહ્યો. આવા સંજોગોમાં સારી માતબર આવકવાળી નોકરી છોડવાનું કોઈને ન ગમે કે કોઈનેય ન પોસાય. પરંતુ અક્ષરધામમાં સેવાની હાકલ પડી ત્યારે કેટલાય ઉત્સાહી સ્વયંસેવકોએ નોકરીમાંથી વર્ષ કે બે વર્ષની લાંબી રજા મેળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ રજા ન મળી એટલે પોતાની માતબર આવકવાળી કે સુપ્રતિષ્ઠિત નોકરી મૂકવામાં તેમણે લેશ પણ સંકોચ ન કર્યો. સાપ કાંચળી ઉતારે એવી શીઘ્રતાથી તેમણે નિર્ણય લઈ લીધો અને નોકરી છોડીને સેવામાં પોતાની જાતને હોમી દીધી. જુઓ, થોડાંક ઉદાહરણો:

અમેરિકામાં માસ્ટર ઓફ એડમિનિસ્ટ્રેશનની ડિગ્રી લઈને જાણીતી કંપનીમાં કાર્યરત શ્રી પીયૂષ પટેલ (રોબિન્સવિલ, ન્યૂજર્સી) ઑક્ટોબર-૨૦૨૧માં આઈ.ટી. ક્ષેત્રની મોભાદાર નોકરીમાંથી રાજીનામું આપીને અક્ષરધામમાં પથ્થરની અત્યંત શ્રમભરી સેવામાં જોડાઈ ગયા, ત્યારે બાળકો, પત્ની અને માતા-પિતા પણ સેવા કરવાની તેમની કટિબદ્ધતા જોઈને રાજી થયાં. થાકની પરવાહ કર્યા સિવાય છેક સુધી સેવામાં તત્પર રહ્યા.

૩૧ વર્ષીય પ્રજ્ઞેશભાઈ બળવંતભાઈ પટેલ કોમ્પ્યિટેશનલ ન્યુરોસાયન્ટિસ્ટ રિસર્ચ સાયન્ટિસ્ટ તરીકેની યશસ્વી કારકિર્દી ધરાવતા હતા, પરંતુ એક રવિવારની સત્સંગ સભામાં સ્વામીશ્રીનો આદેશ સાંભળ્યો કે તરત જ અક્ષરધામ ઉપર કળશ ચડે ત્યાં સુધી સેવા કરવાના સંકલ્પ સાથે સેવામાં જોડાઈ ગયા. તેઓએ ક્રેન ચલાવવાની, છજા ઉપર પથ્થર ગોઠવવા જેવી વિવિધ સેવા ઉત્સાહપૂર્વક કરી. તેઓ કહે છે કે સ્વામીશ્રીએ મારા માટે ઘણું કર્યું છે. હવે મારે તેમને રાજી કરવા છે.

નોર્થ કેરોલિનાથી સેવામાં આવેલા ૨૩ વર્ષીય યુવાન શ્રી રોનક કેતનભાઈ પટેલે સોફ્ટવેર એન્જિનિયર તરીકે રાજીનામું આપીને જાન્યુઆરી-૨૦૨૨થી અક્ષરધામનું નિર્માણ પૂર્ણ થાય ત્યાં સુધી સેવામાં રહેવાનો નિર્ધાર કર્યો અને વિશિષ્ટ નિયમોના પાલન સાથે સેવામાં ઝંપલાવી દીધું. રોનકભાઈ કહે છે કે 'સ્વામીશ્રીએ મને ખૂબ સાચવ્યો છે હવે મારી ફરજ છે કે, પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ પૂરો કરવા માટે અને સ્વામીશ્રીને રાજી કરવા માટે સેવા કરવી જ જોઈએ.'

સાઉથ બોસ્ટન રહેતા શૈલેશભાઈ પટેલ સન ૨૦૧૫થી અવારનવાર એક-દોઢ મહિનાની સેવામાં જોડાતા હતા, પરંતુ સ્વામીશ્રીનો આદેશ સાંભળીને ઘરનો બધો સામાન એક હરિભક્તના ઘરે બેઝમેન્ટમાં મૂકી જાન્યુઆરી-૨૦૨૨થી પ્રતિષ્ઠા સુધી સેવામાં જોડાઈ ગયા. શૈલેશભાઈ કહે છે કે



વિરાટ કાર્યના આર્કિટેક્ચરલ પ્લાનિંગથી લઈને અનેકવિધ સેવાઓમાં સ્વયંસેવકોએ આગવી પ્રતિભા પાથરી હતી. બહેનોએ પથ્થર પર ભારે મશીનોથી ટાંચા પાડવાની સેવા ઉપાડી લીધી! ભારેખમ મૂર્તિઓને યોગ્ય સ્થાન પર ગોઠવવાની હોય કે કચરો સાફ કરવાનો હોય, સર્વત્ર સૌ તૈયાર હોય.

'જીવનમાં ઘણા પ્રસંગોએ પ્રમુખસ્વામી મહારાજે મને મદદ કરી મારી રક્ષા કરી છે. સ્વામીશ્રી ન મળ્યા હોત તો જીવનમાં નાસીપાસ થઈ ગયો હોત. હવે સ્વામીશ્રીનું ઋણ ચૂકવવાનો વારો છે.'

મૅડિકલ ક્ષેત્રમાં વ્યવસાય કરતા સુરેશભાઈ કનુભાઈ પટેલે (માયામી, ફ્લોરિડા) સળિયા વાળવાની ટીમમાં ખૂબ સેવા કરી, એટલું જ નહીં, સેવા કરતાં કરતાં તેમણે અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ થાય તે માટે વિશેષ પ્રદક્ષિણા કરવાનો નિયમ લીધો હતો.

ડેટ્રોઇટ (મિશિગન) ખાતે કાર બનાવતી કંપનીમાં સારા હોદ્દા પર વ્યવસાય કરતા તુલસીભાઈ પુરુષોત્તમભાઈ ગોયાણી રાજીનામું આપીને અક્ષરધામની સેવામાં જોડાયા.

ક્લીવલેન્ડ, ઓહાયોના શ્રી વિવેકભાઈ અમીન એક વર્ષની સેવા માટે આવ્યા હતા, પણ સેવામાં દિવ્ય આનંદ માણ્યા પછી તો અક્ષરધામનું ઉદ્‌ઘાટન થાય ત્યાં સુધી સેવા કરવાનું નક્કી કરી નાંખ્યું. વિવેકભાઈ કહે છેઃ 'અહીં કરેલી સેવા જિંદગીભર યાદ રહેશે. બધા હરિભક્તો નોકરી-ધંધા, કેરિયર વગેરે મૂકીને સેવા કરવા આવ્યા છે. તે જોઈને સેવાનો મહિમા સમજાય છે.'

એડિસન(ન્યૂજર્સી)ના નિહાર નરેશભાઈ પટેલ નોકરી પરથી રાજીનામું આપીને એપ્રિલ-૨૦૨૨થી અક્ષરધામની સેવામાં જોડાયા. પરિક્રમાનું ફાઉન્ડેશન અને સ્કેફોલ્ડિંગની સેવા, ઘડાયેલા પથ્થરોની પેલેટોને ગોઠવવાનું કાર્ય વગેરે સેવાઓમાં તો દિવસભર રત રહે જ, પરંતુ તે સિવાયના સમયમાં સ્વયંસેવકોના રૂમ સાફ કરવાનું, પથારીઓ-બેડ-બનાવવી વગેરે વિવિધ પ્રકારની સેવાઓ પણ કરી. મૂર્તિપ્રતિષ્ઠાના અંતિમ દિવસ સુધી તેઓ સેવામાં રોકાયા હતા.

સોફ્ટવેર ડેવલપર તરીકે કામ કરતા ૨૬ વર્ષીય તિલક પટેલ ૨૦૨૧ના ઓક્ટોબરમાં એક મહિના માટે સેવામાં આવ્યા હતા. પરંતુ પછી પોતાની નોકરી છોડીને અક્ષરધામનું કાર્ય સંપૂર્ણ થઈ જાય ત્યાં સુધી સેવામાં રોકાઈ ગયા. તિલક



એક એક પથ્થરને માપ-ઢાળ સાથે બરાબર સમજીને આ સ્વયંસેવકોએ મંદિર નિર્માણની કલાને હસ્તગત કરી લીધી. ભક્તિ અને સમર્પણને કારણે સ્વયંસેવકોની આ સેવામાં આગવો રંગ અનુભવાતો હતો. સૌનાં હૈયે એક જ લક્ષ્ય રમતું હતુંઃ ગુરુહરિનો સંકલ્પ પૂર્ણ કરવો જ છે...

કહે છે, 'એમ લાગે છે કે સેવામાં જાણે જીવનની સાચી કમાણી થઈ રહી છે!'

સિનસિનાટી, ઓહાયોથી સેવામાં જોડાયેલા ૩૧ વર્ષીય મયૂરભાઈ પટેલ તેમનાં પત્ની સાથે સેવામાં જોડાયા. મયૂરભાઈ પહેલાં ત્રણ-ચાર દિવસ માટે બે વખત સેવામાં આવ્યા હતા. આ સેવાથી તેમને વધુ સેવા કરવાની ઈચ્છા જાગી હતી. ૨૦૨૧ના ઑક્ટોબર માસમાં સંયુક્ત સભામાં અક્ષરધામમાં ફૂલ ટાઈમ સ્વયંસેવકોની જરૂર છે એ આદેશ સાંભળ્યો. એ જ ઘડીએ મયૂરભાઈ છ મહિના માટે સેવામાં જોડાઈ ગયા. પછી તો છેક પ્રતિષ્ઠા પૂરી થાય ત્યાં સુધી સેવાનો સંકલ્પ કર્યો.

સન ૧૯૯૦માં અમેરિકા સ્થાયી થયેલા શંકરભાઈ સોલંકી સન ૨૦૧૭થી દર બુધવારે અક્ષરધામની સેવામાં જોડાય છે. તેઓ માને છે કે હું સત્સંગમાં આટલો મોડો આવ્યો તો જેટલી મળે તેટલી વધારે સેવા કરી લેવી છે. તેઓ એકપણ બુધવાર ચૂક્યા નથી. ઑગસ્ટ-૨૦૧૯માં તેમનાં પત્ની કૈલાસબહેનને ૮ થી ૧૨ કલાક કેન્સરની સર્જરી હતી. યોગાનુયોગ આ દિવસ બુધવારનો હતો. અગાઉ સ્વામીશ્રીએ પત્ર દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા કે બધું સારું જ થશે તેના બળથી તેમનાં પત્નીએ અગાઉથી કહી રાખેલું કે બુધવારે અક્ષરધામમાં સેવામાં પહોંચી જજો, હૉસ્પિટલમાં મારા માટે સમય વેડફતા નહીં. આમ, એક તરફ તેમનાં પત્નીનું ઑપરેશન ચાલું હતું અને બીજી તરફ પત્નીના ઉત્સાહથી શંકરભાઈ સેવા કરી રહ્યા હતા. બપોર સુધીમાં શંકરભાઈ પર ડૉક્ટરનો ફોન આવી ગયો કે ઑપરેશન વહેલું અને સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે. માત્ર બે-ત્રણ દિવસમાં જ અણધારી રિકવરી આવતી જોઈને ડૉક્ટર અને થેરાપિસ્ટ પણ આવો દુર્લભ કેસ જોઈને આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. શંકરભાઈ દૃઢપણે માને છે કે ભગવાન અને સ્વામીશ્રીની કૃપા વગર આ શક્ય જ નથી.

એપ્રિલ-૨૦૨૨થી તેઓ પૂર્ણ સમય સેવામાં જોડાઈ ગયા. તેઓ કહે છે કે 'બાહ્ય અક્ષરધામના નિર્માણની સાથે સાથે મારા અંતરમાં પણ અક્ષરધામનું નિર્માણ થશે એવો મને દૃઢ વિશ્વાસ છે.'

હ્યુસ્ટનમાં સ્થાયી થયેલા ચંદ્રકાન્ત લક્ષ્મીકાન્તભાઈ બ્રહ્મભટ્ટ ઓનલાઈન બિઝનેસ કરે છે. 'સેવા કરનારનો વહેવાર મહારાજ સંભાળશે' એવા દૃઢ નિશ્ચય સાથે નોકરી-વ્યવસાયને કોરાણે મૂકીને ચંદ્રકાંતભાઈ સેવામાં જોડાઈ ગયા. તેમણે અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ થઈ જાય તે માટે નિત્યપૂજામાં ૨૫ માળા તથા સહજાનંદ નામાવલીના પાઠ કરવાનો નિયમ તેમજ અન્ય નિયમો પણ ગ્રહણ કર્યા છે. તેઓ કહે છે કે 'મને બાળપણથી જ પ્રમુખસ્વામી મહારાજ અને સ્વામીશ્રીના હેત-પ્રીત મળ્યાં છે. તેમના અપાર ઉપકારોનું ઋણ ચૂકવવા આ સેવામાં જોડાયો છું.'

તેમના ભાઈ સૂર્યકાંતભાઈ પણ એક સમર્પિત સ્વયંસેવક તરીકે રોબિન્સવિલમાં વર્ષોથી વિવિધ સેવાઓ આપી રહ્યા છે. વિશ્વની પ્રસિદ્ધ 'મોર્ગન સ્ટેન્લી' કંપનીના ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં એક પણ દિવસની ગેરહાજરી વિના એક સામાન્ય સ્વયંસેવક તરીકે ખૂબ સેવાઓ કરી. તેમણે અને બે પુત્રીઓ સહિત તેમના સમગ્ર પરિવારે અક્ષરધામની વિવિધ સેવાઓમાં ઝંપલાવી દીધું હતું. જ્યારે સેવાની ખૂબ જરૂરિયાત ઊભી થઈ ત્યારે યોગાનુયોગ તેમને નોકરીમાંથી છૂટા થવાનું થયું, પરંતુ આમ છતાં નવી પ્રતિષ્ઠિત નોકરી કરવાને બદલે તેઓ અક્ષરધામની સેવામાં જ સમર્પિત થઈ ગયા.

ન્યૂયોર્કના લોંગઆઈલેન્ડમાં સ્થાયી થયેલા મયૂરભાઈ એસ. જોષી સત્સંગમાં આવ્યા તે પૂર્વેનું તેઓનું જીવન

વ્યસની હતું. પરંતુ ધીરે ધીરે સત્સંગનો યોગ થયો અને વ્યસનો છૂટી ગયાં. મયૂરભાઈએ અક્ષરધામની સેવામાં જવા અંગે પોતાની પત્નીને ઇચ્છા જણાવી ત્યારે તેમનાં પત્ની અને બાળકોએ હોંશે હોંશે સેવામાં જવાની અનુમતિ આપી અને મયૂરભાઈ માર્ચ ૨૦૨૨થી સેવામાં જોડાઈ ગયા. તેમણે જગતીપીઠમાં પથ્થરો મૂકવાની સેવા કરી હતી. પહેલાં તો પથ્થરના કામમાં શું કરવું તેની કશી ખબર નહોતી, પણ ધીમે ધીમે બધું શીખ્યા અને ત્યારપછી તેમણે ટીમ લીડર તરીકે સેવાઓ આપી. મયૂરભાઈ મહિમાપૂર્વક ઑક્ટોબર-૨૦૨૩ સુધી અક્ષરધામની સેવામાં રત રહ્યા. તેમનો દીકરો માનસ પણ કૉલેજનો અભ્યાસ ગૌણ કરીને અક્ષરધામનું કાર્ય પૂર્ણ થયું ત્યાં સુધી સેવામાં રોકાયો હતો. તેમનું આખું કુટુંબ સત્સંગ-સેવામાં સમર્પિત હતું.

શાર્લોટ(નોર્થ કેરોલિના)માં રહેતા અમિતભાઈ જી. પટેલ ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં ૧૫ દિવસ માટે સેવામાં આવેલા ત્યારે મહંત સ્વામી મહારાજની રુચિ જાણીને તેમને વધારે સમય સેવામાં આવવાનું મન થયું. પણ બે નાનાં બાળકો તથા તેમનાં ધર્મપત્નીના પગારથી ઘર ચલાવવું અશક્ય હતું. તેથી મૂંઝવણમાં હતા, પરંતુ સ્વામીશ્રીની કૃપાથી તેમનાં પત્નીને બેંક ઓફ અમેરિકામાં નોકરી મળતાં આર્થિક મુશ્કેલી દૂર થઈ અને અમિતભાઈ બેંક ઓફ અમેરિકામાં સોફ્ટવેર એન્જિનિયર તરીકેની યશસ્વી કારકિર્દીમાંથી રાજીનામું આપીને જૂન-૨૦૨૨થી અક્ષરધામની સેવામાં જોડાઈ ગયા અને ડિસેમ્બર-૨૦૨૩ સુધી સેવા કરતા રહ્યા.

અક્ષરધામ નિર્માણની સેવામાં જોડાયેલા બાળકોથી લઈને વયોવૃદ્ધ હરિભક્તો-સ્વયંસેવકોએ અક્ષરધામનું કામ નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે વિવિધ નિયમ ગ્રહણ કર્યા હતા. ઉપરાંત વિશેષ માળાજાપ, પ્રદક્ષિણા, દંડવત, પ્રાર્થના કરવાનો નિયમ લીધો હતો. સાથે સાથે વ્રત-ઉપવાસ-તપની સરવાણી વહાવી હતી. ઘણા ભક્તો-સ્વયંસેવકોએ શારીરિક સેવાની સાથે સાથે આર્થિક સેવાઓ કરીને ગુરુહરિના અંતરનો રાજીપો ઝીલી લીધો.

સાન હોઝે રહેતા શ્રી રાકેશભાઈ પટેલ વ્યવસાયે મોટલ મૅનેજર તરીકેની નોકરી કરતા હતા. ઑક્ટોબર-૨૦૨૧માં અક્ષરધામ સાઈટ સેવાનો જ્યારે ઉદ્‌ઘોષ થયો ત્યારે જ આ દંપતી નોકરી છોડીને બે વર્ષ સુધીની અક્ષરધામની સેવામાં હાજર થઈ ગયા. એટલું જ નહીં, તેમની દીકરી, જમાઈ આકાશ પટેલ તથા એન્જિનિયરિંગનો અભ્યાસ તાજેતરમાં પૂર્ણ કરેલા પુત્ર ઉપલે પણ સંકલ્પ કર્યો કે કુટુંબમાં સૌ સેવામાં જાય છે તો અમારે પણ સેવામાં જવું છે. ઘરને તાળાં મારીને અક્ષરધામના નિર્માણમાં પૂર્ણ સમયની સેવામાં સહકુટુંબ જોડાઈ ગયા. તેઓ ઉત્સાહથી કહે છે કે આવા ભગીરથ કાર્યમાં સેવાનો લહાવો ફરી ક્યારે મળવાનો હતો! ખરેખર અદ્‌ભુત સમર્પણ!!

લોંગઆઈલેન્ડ રહેતા મયંકભાઈ પટેલ તેર વર્ષથી એક નામાંકિત બેંકમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી કરે છે. તેઓ કહે છે કે 'પૂર્વેના કોઈ સંસ્કારને લીધે જ હું સત્સંગમાં ૨૦૧૯માં આવ્યો છું. તે પૂર્વેનું મારું જીવન વ્યસન-દૂષણથી ભરપૂર હતું. સત્સંગ બાદ સમૂળું જીવન બદલાઈ ગયું છે.' મયંકભાઈ પોતાના પુત્ર, પુત્રી અને પત્ની સાથે સન ૨૦૧૯માં બે અઠવાડિયાંની રજા લઈ અક્ષરધામ સાઈટ સેવા માટે આવ્યા હતા. પરંતુ ત્યારબાદ સ્વામીશ્રીની હાકલ થઈ ત્યારે નોકરીમાં છ મહિના માટે કપાત પગારે રજા ન મળતાં તેમણે રાજીનામું આપ્યું. તેમના ઉપરી અધિકારીઓને ખૂબ જ આશ્ચર્ય પણ થયું કે આટલા લાંબા સમયની સિનિયોરિટી અને ઉચ્ચ પગાર સાથેની નોકરી કેવી રીતે મૂકી શકાય અને તે પણ સેવા માટે! અક્ષરધામ પરિસરમાં પ્રાપ્તિના અનેરા કેફ સાથે તેમણે ઉત્સાહથી સંતો સાથે પરિશ્રમ યુક્ત સેવા લાંબા સમય માટે કરી.

હ્યુસ્ટન મંદિરમાં ઘણાં વર્ષથી સેવા આપતા અગ્રણી કાર્યકર કેદારભાઈ ઠક્કર ઇન્ફર્મેશન ગવર્નન્સ ક્ષેત્રે કારકિર્દીમાં ઘણા સફળ થયા છે. તેઓ બે વર્ષ સુધી ધીકતો વ્યવસાય છોડીને પત્ની સાથે અક્ષરધામની સેવામાં જોડાઈ ગયા. મહાશિખરના પથ્થર તૈયાર કરવા, કાપવા, ગોઠવવા વગેરે સેવાઓ ઉત્સાહથી કરતા તેમને જોઈને કોઈને કલ્પના ન આવે કે તેઓ કેટલા ઉચ્ચ હોદ્દાનો ત્યાગ કરીને આવ્યા છે! છેલ્લાં પાંચ વર્ષથી સલાડ સિવાય કંઈ ખાતા નથી તેમ છતાં તેઓએ પૂર્ણ સમયની શ્રમભરેલી સેવાઓ ઉપરાંત કેટલીક અન્ય સેવાઓની જવાબદારી પણ ઉત્સાહથી નિભાવી. મોડી રાત સુધી સેવાઓ આપે પણ સવારે મંગળા આરતીમાં પહોંચી જાય. સેવા ઉપરાંત તેઓ દરરોજ ૧૦૦ માળા કરે. મંગળા આરતી પહેલાં અને પછી પ્રદક્ષિણા પણ કરે, તે દરમિયાન તે સ્વામીની વાતો, વચનામૃત, જીવનચરિત્ર સાંભળે!

એટલાન્ટા જ્યોર્જિયાથી ૨૫ વર્ષીય અર્જુન એસ. પંડ્યા, ૨૦૨૨ના ફેબ્રુઆરીથી અક્ષરધામની સેવામાં આવ્યા તે પૂર્વે તેઓ નેશવિલમાં એક નામાંકિત કંપનીમાં નોકરી કરતા હતા. નોકરીમાં એક વર્ષની રજા માંગી, પરંતુ કહેવામાં આવ્યું કે કંપનીમાં અત્યાર સુધી કોઈને એટલી રજા આપવામાં આવી નથી. અર્જુન કહે છે કે અત્યારે જો હું આ અક્ષરધામની સેવાની તક ગુમાવીશ તો જ્યારે હું ઘરડો થઈશ ત્યારે મને ખૂબ પસ્તાવો થશે કે મેં મારી યુવાનીમાં સેવાની તક ગુમાવી હતી! આવું ન બને અને મારી વૃદ્ધાવસ્થામાં

ગૌરવથી મારી નવી પેઢીને પણ કહી શકીશ કે મેં અક્ષરધામ નિર્માણકાર્યમાં સેવા કરીને સ્વામીશ્રીને રાજી કર્યા હતા. આ વિચાર સાથે નોકરી છોડીને તેઓ સેવામાં લાગી ગયા. અર્જુનભાઈ નિત્ય માતા-પિતા, ભાઈ-ભાભી સાથે ઝૂમ કોલ દ્વારા ઘરસભા કરે છે. અર્જુનના પિતાશ્રી પણ લાંબા સમય માટે અક્ષરધામની સેવામાં જોડાયેલા છે.

ભારતની ખ્યાતનામ હિન્દુજા હૉસ્પિટલમાં સાત વર્ષ કેન્સર સર્જન તરીકે ફરજ બજાવીને અમેરિકામાં સ્થાયી થયેલા ડૉ. દિનેશભાઈ પરમાર ઇન્ટર મૅડિસિન ફિઝિશિયન છે. તેમનાં પત્ની અને દીકરો પણ ડૉક્ટર! ખ્યાતનામ ડૉક્ટર હોવા છતાં અક્ષરધામમાં તેઓ નિર્માનીપણે અને મહિમાથી સેવા કરવામાં સમર્પિત થઈ ગયાં. અક્ષરધામના નિર્માણકાર્યનો આરંભ થયો ત્યારથી ક્યારેક ક્યારેક બે-ત્રણ અઠવાડિયાં માટે સેવામાં આવતા, પરંતુ સેવા વધારે મળે તેવી ધૂન અને સંકલ્પો ઘરસભામાં કરતા. સન ૨૦૨૦માં પોતાની ધીકતી પ્રૅક્ટિસ ગૌણ કરીને સેવામાં જોડાયા. સેવા માટે અક્ષરધામની નજીકના ટાઉનમાં ઘર ખરીદીને ત્યાં તેઓ એકલા જ રહેવા આવી ગયા. વહેલી સવારે મંગળા આરતીથી લઈને સાંજ સુધી દરેકનો ખૂબ મહિમા સમજી સેવા કરે છે. નાનામાં નાના સ્વયંસેવકની પણ તેઓ નમ્રતાથી સેવા કરે. તેઓ માને છે કે, આ સેવા તો અક્ષરધામનું ભાથું છે.

ક્લીફ્ટનના સેવાભાવી કાર્યકર સમીરભાઈ પોતાના એક પુત્રને ત્યાગી તરીકે સમર્પિત કરીને પોતે પણ એક વર્ષની રજા લઈને સેવામાં જોડાયા. પત્નીએ કહ્યું કે 'હું નોકરી કરી ઘર ચલાવીશ, માટે ભગવાન કર્તાહર્તા છે એમ માનીને તમે સુખેથી સેવા કરો.' આથી સમીરભાઈ નોકરીમાં રાજીનામું ધરીને ઉત્સાહથી સેવામાં તો જોડાયા સાથે સાથે કેટલાક વિશેષ નિયમો પણ ગ્રહણ કર્યા. નિત્ય સવારે સાડા ચાર વાગે જાગીને નિત્યક્રમથી પરવારીને પ્રાતઃપૂજા બાદ ઘનશ્યામ મહારાજને જગાડવાની સેવામાં પણ જોડાઈ જાય. આખો દિવસ શ્રમ કરવા છતાં થાકનું નામનિશાન નહીં. તેઓ કહે છે કે સંતો, પાર્ષદો, હરિભક્તો સાથે હળીમળીને સેવા કરવામાં ઘણો આનંદ આવે છે.

ક્લીવલેન્ડના રહેવાસી અભય મકવાણા બે વર્ષ પૂર્વે બિઝનેસ મૅનેજમૅન્ટમાં ગ્રેજ્યુએટ થયા છે. તેઓ બે નોકરી કરતા હતા, પરંતુ અક્ષરધામમાં સ્વયંસેવકોની જરૂર હોવાથી તેમને અંતઃપ્રેરણા થઈ કે મારે આ સેવામાં જોડાવું જોઈએ. આથી અક્ષરધામનું કાર્ય સંપૂર્ણ થાય ત્યાં સુધી સેવા કરવાના સંકલ્પ સાથે નોકરી છોડીને અભય સેવામાં જોડાઈ ગયા. તેઓ કહે છે, 'પ્રમુખસ્વામી મહારાજે આપણા માટે ઘણું કર્યું છે. તેમના માટે કંઈક કરવાની તક હવે આપણને મળી છે. આવું કાર્ય થયું હોય તેવું મેં કદી જોયું જ નથી.'

શાર્લોટના આકાશ પટેલ અને તેમનાં ધર્મપત્ની ઉચ્ચ હોદ્દા પર નોકરી ધરાવતાં હતાં. પરંતુ અક્ષરધામની સેવામાં જોડાવા તેમણે મોભાદાર નોકરીમાંથી રાજીનામું આપી દીધું. પૂર્ણ સમયની સેવા જોડાવા પોતાનું સમૃદ્ધ ઘર છોડીને રોબિન્સવિલ નજીક હેમિલ્ટનમાં એક નાનું ઘર લઈ લીધું અને અહીં સ્થળાંતરિત થઈ ગયા. દિવસ-રાત સેવામાં જોડાયેલાં આ પતિ-પત્ની કહે છે, 'અહીં સેવામાં મનને શાંતિ મળે છે. સંતો, સાધકો અને હરિભક્તોને સેવા કરતા જોઈને બળ અને પ્રેરણા મળે છે.'

ડલાસ, ટેક્સાસ રહેતા ૬૮ વર્ષના જગદીશભાઈ પટેલ ટેક્સટાઇલ એન્જિનિયર છે. અહીં ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીમાં ભયંકર મંદી આવી, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને કોઈ દિવસ નોકરી શોધવી નથી પડી. ચાર વખત નોકરી સામેથી આવી છે ત્યારથી તેમને દઢતા થઈ કે સ્વામિનારાયણ ભગવાન અને પ્રમુખસ્વામી મહારાજે મારા યોગક્ષેમનું વહન કર્યું છે. આવી ઉપકાર-ભાવનાથી જગદીશભાઈ સપ્ટેમ્બર-૨૦૨૧થી ઉદ્‌ઘાટન થાય ત્યાં સુધી સેવારત રહેવાના દઢ નિર્ધાર સાથે નોકરીમાંથી રાજીનામું આપી સેવામાં સમર્પિત થઈ ગયા.

એડિસનના ૨૮ વર્ષીય શ્રી આકાશ એ. પટેલ પણ આઇ.ટી. ક્ષેત્રની સારી નોકરી છોડીને સેવામાં જોડાઈ ગયા. ઉત્સાહથી અક્ષરધામમાં નિત્ય બાર કલાક સેવા કરતાં તેઓને બસ એક જ વિચાર મનમાં રમતો હતોઃ સ્વામીશ્રીનું ઋણ ચૂકવવા સેવામાં કોઈ કસર રાખવી નથી.

ડલાસમાં સ્થાયી થયેલા અવી જી. પટેલ ઉચ્ચ હોદ્દા પર એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. એક વર્ષ પૂર્વે જ તેમનાં લગ્ન થયાં છે. આ નવયુવાન પતિ-પત્ની માતાપિતાની રજા લઈને નોકરીમાં રાજીનામું આપીને ઉત્સાહથી સેવામાં જોડાઈ ગયાં. રોબિન્સવિલ નજીક ઘર ખરીદીને રહેવા આવી ગયાં અને કળશ ચડે ત્યાં સુધી સેવામાં રહેવાનો સંકલ્પ કરીને દિવસ-રાત સેવામાં સમર્પિત થઈ ગયાં. તેમનાં પત્ની કોંક્રીટ માટે ખૂબ શ્રમ ભરેલી સેવા - લોખંડના સળિયા વાળવાની સેવામાં જોડાયાં. અવી કહે છેઃ 'અત્યારે મારા માટે સેવા અગત્યની છે. મોજશોખ, પૈસા કમાવાનું, ફરવાનું બીજું બધું પછી થશે. પણ અક્ષરધામની સેવા પછી નહીં મળે. અહીં જાણે સાક્ષાત્ અક્ષરધામનું સુખ અનુભવાય છે.'

એટલાન્ટા, જ્યોર્જિયાના બ્રિજેશભાઈ એક કન્વિનિયન્ટ સ્ટોરમાં મૅનેજર તરીકેની નોકરી કરતા હતા. ૨૦૨૧ના ઑક્ટોબરમાં અક્ષરધામની સેવાનો આદેશ સાંભળી તેમણે નોકરીમાંથી રાજીનામું આપી દીધું. સ્વાભાવિક છે કે પથ્થરના



અક્ષરધામની કલામાં આગવો રંગ પૂરતા ભક્તિનંદનદાસ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી કે નાના-મોટા ૧૦૦થી વધુ સંતો-પાર્ષદો અને સ્વયંસેવકો એકમેક સાથે રસબસ થઈને સેવાની એવી ધૂન લગાવીને બેઠા હતા કે કોઈએ પોતાના સમય કે સ્વાસ્થ્યની પણ પરવાહ ન કરી...

કાર્યમાં થોડાઘણા પ્રમાણમાં ઝીણી ઝીણી રજ ઊડ્યા કરે. બ્રિજેશભાઈને ડસ્ટ એલર્જીની તકલીફ છે. આમ છતાં તેને અવગણીને સેવામાં હોંશે હોંશે જોડાઈ ગયા. એટલું જ નહીં અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે તેમણે આકરાં વ્રત-તપ કરીને વિશેષ અર્ઘ્ય અર્પ્યું હતું.

જર્સી સિટીના શ્રી બ્રિજેશભાઈ એ. પટેલ એક વીમા કંપનીમાં નોકરી કરતા હતા, તેમાં રાજીનામું મૂકીને છેક સુધી સેવામાં તેઓ જોડાઈ ગયા. બ્રિજેશભાઈ કહે છેઃ 'અહીં સંતો, પાર્ષદો, સાધકો અને હરિભક્તોને નિઃસ્વાર્થ સેવા કરતા જોઈને બળ-પ્રેરણા મળે છે. નિત્ય ઉત્સવ જેવું વાતાવરણ લાગે છે. જાણે સ્વામીશ્રી સૌમાં રહીને કાર્ય કરી રહ્યા છે. આવી તક જિંદગીમાં ભાગ્યે જ મળે છે.'

શ્રી ચિરાગ પટેલ (રોબિન્સવિલ, ન્યૂજર્સી) એક આઈ.ટી. એન્જિનિયર તરીકે યશસ્વી કારકિર્દી ઘડી રહ્યા હતા. સન ૨૦૨૧માં અક્ષરધામની સેવામાં હાકલ થતાં એક વર્ષની સેવા કરવાનો સંકલ્પ કર્યો, પરંતુ એ જ સમયે તેમને વધારે પગારની મોટી નોકરીની તક આવી, પરંતુ સેવા કરવા માટે આ લલચામણી તક નકારીને સેવારત રહ્યા.

શ્રી ધર્મેન્દ્ર ચીમનભાઈએ પણ સેવા માટે નોકરી-ધંધામાંથી નિવૃત્તિ લઈ લીધી અને પ્રતિષ્ઠા સુધી સેવામાં જોડાઈ ગયા. તેમનાં પત્ની પણ અઠવાડિયામાં ત્રણ દિવસ મંદિરમાં રસોઈની સેવામાં નિયમિત આવતાં રહ્યાં. અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે વિશેષ મંત્રજાપ, પ્રદક્ષિણા વગેરે નિયમો પણ ગ્રહણ કર્યા છે.

શિકાગોના ધીરુભાઈ પટેલ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર તરીકે જાણીતી ખ્યાતનામ કંપનીમાં ૪૦ વર્ષ નોકરીમાંથી નિવૃત્તિ લઈને તન, મન, ધન અને પરિવારથી સમર્પિત થઈને સેવામાં જોડાઈ ગયા. વળી, અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે છેલ્લાં પાંચ વર્ષથી વિશેષ મંત્રજાપ કરે છે. તેઓ કહે છે કે 'પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્ર વાંચતાં લાગે છે કે આપણે તો કંઈ જ કર્યું નથી. અહીં સેવા કરતા હરિભક્તોનું સમર્પણ જોઈને અભિભૂત થઈ જવાય છે.

આવું સંપીલું અને દિવ્ય વાતાવરણ તો જિંદગીમાં ક્યારેક જ જોવા મળે. મારાં મોટાં ભાગ્ય કે સ્વામીશ્રીએ મને દયા કરીને સેવામાં લીધો છે.'

એટલાન્ટામાં સ્થાયી થયેલા ગિરીશભાઈ પટેલ ગેસ સ્ટેશન પરની નોકરી છોડીને ચાર મહિના માટે સેવામાં આવી ગયા.

લોવેલ, મેસેચ્યુસેટના હીરેનભાઈ પટેલનાં પત્નીને ઘનશ્યામ મહારાજે બે વખત સ્વપ્નમાં દર્શન આપ્યાં. તેમને લાગ્યું કે આ સેવામાં જવાનો દિવ્ય સંકેત છે, માટે અક્ષરધામની સેવામાં પહોંચી જાઈએ, બધું સાનુકૂળ થઈ જશે. બંનેએ વિચાર્યું કે રોબિન્સવિલ તરફ રહેવા જતા રહીએ. તેમણે બોસ્ટનનું ઘર કાઢી નાખ્યું. હીરેનભાઈ નોકરીમાં રાજીનામું આપી, રોબિન્સવિલ નજીક વિન્ડસરમાં એપાર્ટમેન્ટ લઈને રહેવા આવી ગયા ને પ્રતિષ્ઠા સુધીની સેવામાં જોડાઈ ગયા. તેઓ કહે છે, 'સેવાનો સંકલ્પ કર્યો ને બધું વ્યાવહારિક કાર્ય સરળ થવા લાગ્યું. ગુજરાતમાં પિતાશ્રીની જમીનનો પ્રશ્ન ઘણા વખતથી ચાલતો હતો તેનો ઉકેલ અમારા હિતમાં આવી ગયો. અહીં સાધકોને સવારે સાડા ત્રણ વાગે ઊઠીને આહ્નિક કાર્ય કરતા જોઈ ઘણી પ્રેરણા મળે છે.

જિતેન્દ્ર શંકરભાઈ પટેલ (એડિસન, ન્યૂજર્સી) કહે છેઃ 'પ્રમુખસ્વામી મહારાજે મારા પર અનહદ વાત્સલ્ય વરસાવ્યું છે. તેમના આશીર્વાદથી હું અમેરિકા આવ્યો ને કારકિર્દી ઘડી છે. તેમનું ઋણ ચૂકવાય તેમ નથી. હવે તો તેમનો સંકલ્પ પૂરો કરવા માટે અક્ષરધામની સેવા કરવી અને સ્વામીશ્રીને રાજી કરવાના છે.' આવી ભાવના સાથે નવેમ્બર-૨૦૨૧થી જિતેન્દ્રભાઈ સેવામાં જોડાઈ ગયા. જિતેન્દ્રભાઈ કહે છે, 'સેવા એટલી દિવ્ય છે કે ૬૫ વર્ષની ઉંમર છતાં થાક લાગતો જ નથી!'

રાલે, નોર્થ કેરોલિના ખાતે આઇ.ટી. એન્જિનિયર તરીકે નોકરી કરતા કલ્પેશભાઈ પટેલને ૧૮ વર્ષનો પુત્ર અને ૧૨ વર્ષની દીકરી છે. સત્સંગમંડળની સભામાં ઘોષણા થઈ કે અક્ષરધામમાં સ્વયંસેવકોની જરૂર છે. તેમણે સભામાં જ તેમનાં પત્નીને સેવા અંગેનો મેસેજ કર્યો. તરત જ જવાબ આવ્યો કે હું સંભાળી લઈશ, તમે સેવામાં પહોંચી જાઓ. તેમણે નોકરીમાંથી એક વર્ષની રજાની માંગણી કરી પણ રજા મળી નહીં, એટલે રાજીનામું આપી દીધું અને એક વર્ષની સેવામાં આવી ગયા.



વહેલી સવારથી મોડી રાત સુધી ઋતુઓ કે અન્ય સંજોગોની પરવાહ કર્યા સિવાય સેવા કરતા આ સ્વયંસેવકોએ વિરલ ઇતિહાસ રચી દીધો.

રોબિન્સવિલ, ન્યૂજર્સીના ૪૫ વર્ષીય મયૂરભાઈ આઇ.ટી. ક્ષેત્રમાં સારા હોદ્દા ઉપર નોકરી કરતા હતા, પરંતુ સેવાની હાકલ થતાં જ તેમાં રાજીનામું આપીને નવેમ્બર-૨૦૨૧થી સેવામાં જોડાયા છે. તેમનાં માતા-પિતા પણ સેવામાં છે. મયૂરભાઈ કહે છે, 'સેવા કરવાથી દેહાભિમાન ઘટે છે, નિર્માનીપણું આવે છે, બીજા હરિભક્તોનાં ત્યાગ, સેવા અને સમર્પણને નિહાળીને મહિમા સમજાય છે.'

કેનેડામાં આલ્બર્ટા વિસ્તારના ફોર્ટ મેકમરી શહેરમાં રહેતા નિલય પટેલ પોતાનો બધો સામાન એક હરિભક્તના ગરાજમાં મૂકીને ઘર ભાડે આપી સેવામાં આવી પહોંચ્યા અને અક્ષરધામમાં તે કૉંક્રીટ ભરવાની સેવામાં જોડાઈ ગયા. વહેલી સવારે મંગળા તથા શણગાર આરતીનાં દર્શને જાય અને આખો દિવસ શ્રમભરેલી સેવામાં મથ્યા રહે.

૫૪ વર્ષીય મૂકેશભાઈ રમણભાઈ પટેલ દવા બનાવતી કંપનીના સીઈઓ છે. એડિસન મંદિરમાં પણ વિવિધ સેવામાં પ્રવૃત્ત રહે છે. સન ૨૦૨૧માં સેવાની હાકલ થઈ ત્યારે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ યાદ આવ્યા ને સેવાની તક ઝડપી લીધી. તેઓ કહે છે કે સેવા કરતી વખતે રાજીપાનું સતત અનુસંધાન રહે છે. સેવારત સૌ દિવ્ય છે અને હું દાસ છું. આવી સેવા મોટાં ભાગ્યથી મળી છે. અક્ષરધામની સેવાથી મારું અમેરિકા આવવું સફળ થઈ ગયું હોય તેમ લાગે છે.

છેલ્લાં ૨૫ વર્ષથી ઇન્ટરનેશનલ પેસેન્જર ફ્લાઇટના સિનિયર પાઇલટ તરીકે ફરજ બજાવતા શ્રી બોબી જી. પટેલને બાળપણથી પાઇલટ બનવાનો સંકલ્પ હતો. સન ૧૯૯૪માં પ્રમુખસ્વામી મહારાજે ડલાસ ઍરપોર્ટ પર પાઇલટ થવાના આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ તેઓ કારકિર્દીમાં એવિએશન એન્જિનિયરિંગમાં આગળ વધ્યા. એક નીવડેલા પાઇલટ તરીકે અને પાઇલટ ટ્રેનર તરીકે તેઓએ અત્યાર સુધીમાં ઘણા પાઇલટને ટ્રેન કર્યા છે. સેવાની હાકલ થતાં સિનિયર

પાઈલટની જવાબદારી અને મોટા બોનસની નોકરીમાંથી રાજીનામું આપીને છ મહિના સેવામાં જોડાઈ ગયા. અક્ષરધામમાં તેઓ સવારે નિત્ય ૧૨ કલાક સુધી અત્યંત ધીરજયુક્ત સેવા એટલે કે ક્રેન ઑપરેટરની સેવા ખૂબ ખંતપૂર્વક કરે છે. માન મોભો મૂકીને પાઈલટમાંથી ક્રેઈન ઑપરેટરની સેવા કરનાર શ્રી બોબીભાઈ કહે છે કે મહંત સ્વામી મહારાજનો રાજીપો એ જ મોટી પ્રાપ્તિ છે!!

ઉપરોક્ત પ્રસંગો માત્ર ઉલ્લેખ પૂરતાં છે. 'નોકરી તો ગમે ત્યાંથી ગોતી લઈશું, પરંતુ અક્ષરધામની આ સેવા ફરી ક્યારે મળશે!' તેવા મહિમા સાથે એમણે નોકરી કરતાં સેવાને પ્રાધાન્ય આપનારા એવાં અન્ય અનેક સેંકડો સ્ત્રી-પુરુષ સ્વયંસેવકો છે.

### જેમણે નોકરીને બદલે સેવાને પ્રાધાન્ય આપ્યું...

કેટલાંય સ્ત્રી-પુરુષ સ્વયંસેવકો એવાં હતાં કે જેમને નોકરીમાંથી પૂરતા સમયની રજા મળી શકી. આથી નોકરી છોડ્યા સિવાય, કપાતે પગારે નોકરીમાંથી રજા લઈને સેવા કરવાવાળા સ્વયંસેવકોની સંખ્યા પણ સેંકડોમાં હતી.

ક્લીફ્ટન(ન્યૂજર્સી)માં રહેતા હીરેનભાઈ આઈ. ભટ્ટે અક્ષરધામમાં સેવા કરવાનું અનુકૂળ પડે તે માટે ઑગસ્ટ-૨૦૨૨થી રોબિન્સવિલમાં એપાર્ટમેન્ટ ભાડે રાખ્યું હતું. સેવા કરવા માટે તેમણે નોકરીમાં વરસની રજા માંગી, જે મળી નહીં, પરંતુ તેમનો દૃઢ નિર્ધાર હતો કે નોકરીમાંથી રાજીનામું આપીને પણ સેવા કરવી જ છે. આથી, તેમનાં પત્નીએ નોકરી કરવાની તૈયારી બતાવી જેથી પરિવારની આર્થિક ચિંતા વિના હીરેનભાઈ નોકરીમાંથી રાજીનામું આપીને સેવામાં જોડાઈ શકે. છેવટે કંપનીને તેમની ખૂબ જરૂર હોવાથી વચલો માર્ગ કાઢ્યો. હીરેનભાઈ સવારના છ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી અક્ષરધામની સેવામાં ખૂબ પરિશ્રમ કરે અને ત્યારપછી નોકરીની ફરજ બજાવવામાં સમય આપે. આ રીતે હીરેનભાઈએ પથ્થરો ગોઠવવાના, કાપવાના અને ઘસવાના, વાટા ભરવાના વગેરે સેવાઓથી લઈને લેન્ડ-સ્કેપિંગની સેવાઓમાં ખૂબ પરિશ્રમ કર્યો.

ચોવીસ વર્ષીય કીર્તન પટેલ જાણીતા ઇન્વેસ્ટમેન્ટ ગ્રૂપના સિનિયર સોફ્ટવેર ડેવલપર તરીકે સારી કારકિર્દી ધરાવે છે. તેમણે પ્રથમ છ મહિના સુધી સેવામાં આવવાનું નક્કી કર્યું. વળી, સિનિયર સોફ્ટવેરનું પ્રમોશન હજી તો એક અઠવાડિયા પહેલાં જ મળ્યું હતું તેથી નોકરીમાંથી આટલા લાંબા સમય માટે રજા મળશે કે કેમ એ પણ મોટી શંકા હતી, પરંતુ કંપનીના મૅનેજરને મંદિરનો મહિમા સમજાવીને સેવા અંગે રજા માંગી ત્યારે મૅનેજરે રાજી થઈને પ્રોત્સાહન સાથે રજા આપી. નવેમ્બર-૨૦૨૧થી રોબિન્સવિલ આવી ગયા અને ભારતથી ઘડાઈને આવેલા હજારો પથ્થરોને તપાસવાના, તેને ખોલવાના વગેરે શ્રમસભર સેવામાં તેઓ લાગી ગયા.

કમ્પ્યૂટર સાયન્સમાં માસ્ટરની ડિગ્રી ધરાવતા શ્રી નીલકંઠ રમેશભાઈ રાવ નોકરીમાંથી કપાત પગારે રજા મેળવીને એક વર્ષ સુધીની સેવામાં આવી પહોંચ્યા. મહેનતયુક્ત સેવા છતાં નિત્ય સવારે મંગળા આરતીમાં દર્શને પહોંચી જાય. નીલકંઠ અને તેમનાં પત્નીએ સેવા કરતાં કરતાં રોજ ૫૧ સહજાનંદ નામાવલિના પાઠ કરવાનો નિયમ લીધો હતો. અક્ષરધામનું ઉદ્‌ઘાટન થાય ત્યાં સુધી આ નિયમ પાળીને વિશેષ ભક્તિ અદા કરી છે.

ડલાસથી સેવામાં આવેલા ડૉ. રોમેશભાઈ બાબરિયાએ માસ્ટર ઑફ સર્જરીની ડિગ્રી પ્રાપ્ત કરી છે અને અત્યારે મૅડિકલ ક્ષેત્રમાં વધુ રિસર્ચ કાર્ય કરી રહ્યા છે. તેઓએ અક્ષરધામની નાનામાં નાની સેવા અનેરા ઉત્સાહથી કરી છે. રોમેશભાઈ કહે છે કે, સંતો, સાધકો, હરિભક્તોને સેવા કરતા જોઈને વધારે સેવા કરવાનો ઉમંગ આવે છે. બધાયને બસ એક જ વિચાર છે – સ્વામીશ્રીનો રાજીપો.

વ્યવસાયે ઑર્થોપેડિક સર્જન ડૉ. તપન જોષી (ચેરી હિલ) શરૂઆતમાં બે અઠવાડિયાં માટે સેવામાં જોડાયા, ત્યારપછી સેવામાં આનંદ આવતાં બે મહિના અને અંતે એક વર્ષ સુધી કરવાનું નક્કી કર્યું. તેઓ કહે છે કે સેવા કરતાં શરીર ભલે થાકી જાય, પણ મનને બહુ જ શાંતિ મળે છે.

એક કંપનીમાં વાઈસ પ્રેસિડન્ટ તરીકે નોકરી કરતા શ્રી આશિષભાઈ પટેલ(ફિલાડેલ્ફિયા)ને સેવાની તક કોઈપણ ભોગે જવા દેવી ન હતી, પરંતુ નોકરીમાંથી રજા મળવી મુશ્કેલ હતી એટલે તેમણે મહંત સ્વામી મહારાજને પત્ર લખ્યો. સ્વામીશ્રીએ જવાબમાં લખ્યું કે 'કામ કરવાનો સમય કાઢો અને સેવા કરો.' આશિષભાઈએ ઉપરી અધિકારી પાસે સેવા માટે રજા માંગી. અધિકારીમાં જાણે મહારાજ-સ્વામીનો પ્રવેશ થયો અને તેણે સૂચન કર્યું કે, સવારનો અડધો દિવસ ઑફિસનું કાર્ય ઘરેથી કરો અને પછીનો અડધો દિવસ સેવા કરો. અને સપ્ટેમ્બર-૨૦૨૨થી આશિષભાઈ ઉત્સાહપૂર્વક સેવામાં જોડાઈ ગયા તે છેક પ્રતિષ્ઠા સુધી સેવામાં રોકાયા હતા. પેલેટમાંથી મોટા વજનદાર પથ્થરોને કાઢવાના, પાણીના ફોર્સથી પથ્થરને ધોવાના, કાપવાના, ઘસવાના, કાણાં પાડવાનાં કાર્યમાં તેઓ જોડાઈ ગયા. ગ્રાઈન્ડર અને કટર જેવાં વજનદાર મશીનોને એક હાથે પકડીને સેવાનું કામ કરવાનું એ કામ ઘણું મહેનતનું હતું છતાં પણ તેઓ ઉત્સાહભેર કરતા હતા. તેમના નાના ભાઈ પણ અક્ષરધામની સેવામાં હતા.

શાર્લોટ(નોર્થ કેરોલિના)માં રહેતા ચેતનભાઈ દેસાઈ

ફાર્માસ્યૂટિકલ્સ કંપનીમાં સાયન્ટિસ્ટની જોબ કરે છે. તેઓ સ્થાનિક મંદિરમાં વિવિધ સેવાઓ આપે છે. ચેતનભાઈ ૨૦૨૨થી અક્ષરધામ મહામંદિર પૂર્ણ થાય ત્યાં સુધી ફુલ ટાઈમ માટે સેવામાં રોકાયા હતા. તેમણે લેવલિંગ કરવાની, પથ્થર મૂકવાની, પથ્થર કાપીને સેટ કરવાની, વાટા સાફ કરવાની, સિમેન્ટિંગ કરવાની વગેરે સેવાઓ હોંશે હોંશે કરી હતી. ચેતનભાઈને આ કામ નહોતું આવડતું, પણ સાથેના અનુભવી વિશ્વકર્મા બંધુઓએ પ્રેમથી શીખવ્યું તો આવડી ગયું અને ગુરુહરિને રાજી કરવાના વિચારથી મહિમાપૂર્વક સેવા કરતા રહ્યા.

એક સોફ્ટવેર કંપનીમાં ઊંચા હોદ્દા પર કાર્યરત શ્રી દેવેન જે. ભટ્ટ (એડિસન, ન્યૂજર્સી) સન ૨૦૧૪થી દર શનિ અને રવિવારે સેવામાં જોડાય છે. તેમનો પુત્ર અઠવાડિયામાં પાંચ દિવસ અને પત્ની એક દિવસ સેવામાં જોડાય છે. દેવેન કહે છેઃ દરેકને આવી સેવા મળતી નથી. અનંત જન્મનાં પુણ્યના પ્રતાપે આ સેવા મને મળી છે.

શિકાગોના શ્રી નરેન્દ્રભાઈ ચૂનીભાઈ પટેલ તો ૨૦૧૯થી ઘરપરિવાર-વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને તેમનાં પત્ની સાથે અક્ષરધામના શિખર ઉપર કળશ ચડે ત્યાં સુધી સેવા કરવામાં હોમાઈ ગયા. નરેન્દ્રભાઈને ગોલબ્લેડરનું ઓપરેશન કરાવેલું છે. એક ઘૂંટણની સર્જરી પણ કરાવેલી છે. છતાં પણ તેઓ અક્ષરધામમાં ખૂબ શ્રમસભર કાર્યમાં જોડાયા. અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ થાય તે માટે તેમણે વધારે માળા ફેરવવાનો નિયમ લીધો હતો. નરેન્દ્રભાઈ કહે છે કે, બધા હરિભક્તો જાણે એક જ પરિવારના સભ્ય હોય તેમ લાગે છે.

શ્રી ધવલ સોલંકી અત્યારે એમેઝોન કંપનીની વેબસર્વિસમાં સપ્લાય ચેન મૅનેજર છે. સાથે સાથે ઓસ્ટિન સત્સંગમંડળમાં પણ કાર્યકર છે. અત્યારે રોબિન્સવિલ અક્ષરધામમાં સેવામાં આવ્યા હતા. રોબિન્સવિલ અક્ષરધામમાં એ 'સ્વાટ' ટીમમાં છે. તેમાં તેમને કોઈપણ ટીમમાં સેવા કરવા જવું પડે. ક્લીનિંગ કરીને બધો કચરો ભેગો કરવો, તેમાંથી લાકડું, લોખંડ, પથ્થર, સ્કેફોલ્ડિંગ વગેરે છૂટું પાડીને બોક્સમાં ભરીને રિસાઇકલ કે ફરી વાપરવા માટે મોકલવાનાં હોય છે, પરંતુ કોઈ પણ સેવા માટે તેઓ હંમેશાં તત્પર રહેતા. અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ થાય તે માટે વધુ મંત્રજાપનો સંકલ્પ લીધો અને પિત્ઝાનો ત્યાગ કર્યો હતો. તેઓ કહે છે કે અહીં સેવાથી મને ગુણ ગ્રહણ કરવા, અભાવ-અવગુણ ન લેવા જેવા સદ્‌ગુણોની દૃઢતા થઈ છે.

સાઉથ કેરોલિનાના ધ્રુવેશ પટેલ અક્ષરધામમાં સેવા કરવા માટે આવ્યા ત્યારે શરૂઆતમાં પરિક્રમામાં સ્કેફોલ્ડિંગ તથા ફોર્મ કાઢવાની સેવા કરી અને ત્યારપછી ફેબ્રિકેશન-વેલ્ડિંગ કરવાની અઘરી સેવામાં જોડાઈ ગયા. વેલ્ડિંગ કામમાં તે ઘણા નિપુણ થઈ ગયા છે. ધ્રુવેશ કહે છે, 'અહીં ઘર જેવું લાગે છે. બધાયને સેવાનો કેફ છે, આનંદ છે કે જે કાર્ય આવડતું ન હતું તે પણ સ્વામીશ્રીને રાજી કરવા થાય છે. સંતો, સાધકો, હરિભક્તો, ડૉક્ટરો, એન્જિનિયરો, બિઝનેસમેન બધા હળીમળીને સંપથી સેવા કરે છે.'

પુરુષોત્તમપુરાના ઈશ્વરભાઈના પ્રપોત્ર અને ફિલાડેલ્ફિયાની ટેમ્પલ યુનિવર્સિટીમાંથી ફાઇનાન્સમાં ગ્રેજ્યુએટ શ્રી હર્ષ પટેલ પ્રાયોરિટી હેલ્થ કંપનીમાં ઈ.આર. એનાલિસ્ટ તરીકે નોકરી કરે છે. તેમણે સેવા તો સન ૨૦૧૦થી શરૂ કરેલી, જ્યારે જ્યારે તક મળી ત્યારે સેવામાં આવી જતા. ફેબ્રુઆરી-૨૦૨૩થી પ્રતિષ્ઠા સુધી નોકરીમાં રજા મૂકીને સેવામાં આવ્યા. અક્ષરધામના પ્રોજેક્ટ માટે પથ્થરો તૈયાર કરવાની ટીમમાં સેવા કરતા હર્ષ કહે છે કે, 'અહીં સેવા કરનાર હરિભક્તોમાં ઉંમર, અભ્યાસ તથા અનુભવની વિવિધતા છે, ઘણો ત્યાગ કરીને આવ્યા છે. પણ જાણે એક કુટુંબ હોય તેમ બધા રહે છે. લંચ, ડિનર, બ્રેકફાસ્ટ વગેરેમાં ભેદભાવ-ઊંચનીચ રાખ્યા વગર સાથે જમે છે. કોઈએ પણ આવું પથ્થરનું કાર્ય પૂર્વે કર્યું નથી તોપણ કોઈ સોંપેલી સેવા કરતાં સંકોચાતા નથી. કારણ બધામાં સ્વામીશ્રીની પ્રેરણાશક્તિ જ કામ કરી રહી છે.'

કૌશલ મનુભાઈ પટેલ (રીચમંડ, વર્જિનિયા) રાજ્ય સરકારની ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશનમાં મૅનેજર તરીકે નોકરી કરે છે. તેમાંથી રજા મેળવીને અક્ષરધામની સેવામાં જોડાયા.

સ્વામીશ્રીએ અક્ષરધામ સેવાની હાકલ કરી ત્યારે જ જૈવિક પરેશકુમાર પટેલે (કેન્ટોન, મિશિગન) મનોમન નક્કી કરી લીધું હતું કે આ રાજીપાની તક કોઈપણ ભોગે જતી નથી કરવી. ઘરના સર્વેની સંમતિ પણ હર્ષપૂર્વક મળી ગઈ. તેથી કોઈ અડચણ વગર મે-૨૦૨૨થી સેવાકાર્યમાં જોડાઈ ગયા. તેઓ સતત ગરમી વચ્ચે ક્યારેક બપોરે ૧૨:૦૦ થી ૪:૦૦ સુધી જો બ્રેક મળી હોય તો રાત્રે મોડા સુધી બેસીને પણ એ દિવસનો ટાર્ગેટ પૂરો કરીને પછી જ ઘરે જાય. તેઓ જણાવે છે કે 'રાત્રે ઘરે જઈએ ત્યારે મનમાં સંતોષ અને શાંતિનો અનુભવ એવો થાય ને કે આખા દિવસનો બધો થાક ઊતરી જાય અને બીજે દિવસે સવારે ફરી પાછા ક્યારે જલદીથી સેવામાં પહોંચી જઈએ એવું થયા કરે. સેવા દરમિયાન સ્વભાવ ટળ્યા, એકબીજાનો મહિમા સમજાયો, ગુણગ્રાહક દૃષ્ટિ કેળવી, સંપીને રહેવું, ધીરજ રાખવી, સહન કરવું - આ બધું શીખવા મળ્યું.'

અમેરિકામાં આઇ.ટી.માં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી









પ્રત્યેક કાર્યના પ્રારંભે પ્રાર્થના થાય, પછી ચોક્સાઈથી સૌ સેવામાં પરોવાઈ જાય, મહાકાય લાગતા કાર્યને સૌ એકમેકના સહારે પૂર્ણ કરે, ત્યારે જય જયકાર અને હર્ષનો નાદ આકાશને પણ ભરી દે...

મયૂરભાઈ છેલ્લાં આઠ વર્ષથી રાલે(નોર્થ કેરોલિના)માં નોકરી કરી રહ્યા છે. મયૂરભાઈ જે ઇન્સ્યોરન્સ કંપનીમાં નોકરી કરતા હતા એના મૅનેજરને અક્ષરધામ વિષે વાત કરી તો તેઓ તો ખૂબ જ પ્રભાવિત થઈ ગયા અને તેમણે કહ્યું કે, 'દિલ્હીમાં જે અક્ષરધામ છે એના કરતાં પણ મોટું બંધાઈ રહ્યું છે તો એ મંદિરની સેવા માટે તો તમારે જવું જ જોઈએ.' આમ, મયૂરભાઈને સેવાની સોનેરી તક પ્રાપ્ત થઈ અને નવેમ્બર, ૨૦૨૨થી તેઓ બેધડક સેવા કરી શક્યા.

મયૂરભાઈનું માનવું છે કે દુનિયામાં કોઈ બીજી જગ્યાએ આપણે કામ કરતા હોઈએ તો સહેજે સામેવાળાની ભૂલ આપણને દેખાતી હોય છે, પણ અહીં તો એવો કોઈ નેગેટિવ વિચાર જ નથી આવતો, કારણ કે અહીંયાં દિવ્યતા જ ભરેલી છે. આ બધું કાર્ય એક સત્પુરુષ જ કરી શકે એમ છે. સેવામાં આવતાં પહેલાં મયૂરભાઈ રસી લેવા એક ફાર્મસીમાં ગયા તો ત્યાં એક બહેને તેમને રસી લેવાનું કારણ પૂછ્યું. ત્યારે મયૂરભાઈએ કહ્યું કે 'રોબિન્સવિલમાં અક્ષરધામ મહામંદિરનું નિર્માણ થઈ રહ્યું છે અને એ મંદિરમાં સેવા કરવા જવાની મને તક મળી છે.' ત્યારે એ બહેને ભાવમાં આવીને કહ્યું: 'હું તમને રસી આપવામાં હેલ્પ કરી રહી છું તો મને પણ ફળ મળશે ને?...' આ પ્રસંગથી પ્રભાવિત થઈને મયૂરભાઈ કહે છે કે 'હજુ તો માત્ર અક્ષરધામ બંધાઈ રહ્યું છે એવી વાત જ કરી છે તો આટલો પ્રભાવ પડ્યો છે તો જ્યારે આ સંકુલ તૈયાર થશે ત્યારે લોકોના મન પર કેટલો પ્રભાવ ઉત્પન્ન થશે!'

ન્યૂજર્સીના નીલ વીરેન્દ્રભાઈ પટેલ એક સૉફ્ટવેર એન્જિનિયરિંગ કંપનીમાં મૅનેજર છે. બે સંતાનો પણ છે, પરંતુ તેઓ ૨૦૨૨ના એપ્રિલથી અઠવાડિયામાં પાંચ દિવસ સેવામાં જોડાઈ ગયા. નોકરી પર રજા ન મળવાથી અઠવાડિયે બે દિવસ નોકરી કરતા રહ્યા. ચેરીહિલથી ૪૫ મિનિટ કાર ચલાવીને રોજ સેવામાં આવી જાય અને અક્ષરધામમાં નીલ પરિક્રમાના પથ્થરની સેવામાં જોડાઈ જાય. તેમણે આઇસ્ક્રીમ નહીં ખાવાનો તથા એક માળા પૂજામાં વધારે ફેરવવાનો નિયમ લીધો છે. નીલ કહે છે: 'સેવામાં ફક્ત સ્વામીશ્રીના રાજીપાનો જ વિચાર છે. બધાને આજ્ઞા પાળીને સેવા કરતા જોઈ બળ-પ્રેરણા મળે છે.'

ક્લીફ્ટનમાં રહેતા ૫૫ વર્ષીય કિશોરભાઈ વી. પટેલ 'ઇન્ટેગ્રા લાઇફ ઇન્સ્યોરન્સ'માં આઇ.ટી. મૅનેજર તરીકેના પોતાના હોદ્દામાંથી રજા લઈને રોબિન્સવિલ અક્ષરધામમાં પથ્થર કામની સેવામાં જોડાયા હતા. શરૂઆતમાં લાકડાના પેલેટને ટ્રકમાં ભરીને ૨૦ માઇલ દૂર પહોંચાડવાનું કાર્ય હતું તેની સેવા પણ તેમણે કરી. અક્ષરધામની આજુબાજુ અને બધા ટ્રેલરની સાફ-સફાઈની સેવા પણ પ્રેમપૂર્વક કરી હતી.

લેન્ડ્સડેલ(પેન્સિલવેનિયા)માં રહેતા મનીષભાઈ જી. પટેલ બ્રિસ્ટોલ માયર કંપનીમાં ક્લિનિકલ ટ્રાયલ્સમાં એક ઉચ્ચ હોદ્દા પર છે. તેઓ નોકરીમાં મળતા વૅકેશનમાં અને નોકરીમાંથી રજા લઈને અક્ષરધામની સેવામાં જોડાયા. પથ્થરોની સેવા ઉપરાંત સ્વયંસેવકોને જમાડવાની સેવામાં રસોડામાં પણ તેઓ મદદ કરવા પહોંચી જાય. પોતાના ઉચ્ચ હોદ્દાની પરવા કર્યા સિવાય સ્વયંસેવકો માટે ભોજનના ટેબલ સેટ કરવાની સેવા, પીરસવાની સેવા, ટેબલ સાફ કરવાની સેવા, કિચન માટે સામાન લાવવાની સેવા વગેરે સેવાઓમાં સવારના ૬:૪૫ થી રાતના ૧૦:૦૦ વાગ્યા સુધી રત રહેતા હતા. મનીષભાઈ કહે છે, 'મારે બંને પગનું હાડકું વધે છે. તેથી બેઠા પછી ઊભા થતાં ઘણું દુખે, પણ અક્ષરધામની સેવા કરવામાં સહેજ પણ દુઃખ અનુભવાયું નથી.'

ચેરીહિલ રહેતા શ્રી અજયભાઈ જે. પટેલ છેવટ સુધી સેવા કરવાના સંકલ્પ સાથે સ્ટીલના સળિયા વાળવાના, સ્કેફોલ્ડિંગ ઊભા કરવાના વગેરે કોંક્રીટનાં કાર્યો કરવામાં જોડાઈ ગયેલા. તેઓ કહે છે કે, 'પ્રમુખસ્વામી મહારાજે મારા માટે ઘણું કર્યું છે. હંમેશાં મારી જિંદગીમાં મને માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યા છે. અક્ષરધામની સેવા તે મારા માટે એક અમૂલ્ય તક છે.'

એટલાન્ટા, જ્યોર્જિયાના અનિષ પટેલ એપ્લિકેશન એન્જિનિયરિંગની ડિગ્રી પ્રાપ્ત કરી વ્યવસાય કરી રહ્યા છે. છેલ્લાં પાંચ વર્ષથી મહંત સ્વામી મહારાજ તેની કારકિર્દી સંબંધી માર્ગદર્શન અને આશીર્વાદ આપતા રહ્યા છે. સ્વામીશ્રીએ તેમને અક્ષરધામની સેવામાં જોડાવાનો આદેશ આપતાં કહ્યું કે અત્યારે અક્ષરધામની સેવા જેવી કોઈ મોટી સેવા નથી. સ્વામીશ્રીનો આ આદેશ ઝીલીને અનિષભાઈ અક્ષરધામમાં મહાકાય પથ્થરોને હળવા પીંછાની જેમ ફેરવવા ક્રેન ચલાવવાની સેવામાં જોડાઈ ગયા. તેમનાં માતા-પિતા પણ પુત્રની સેવાથી રાજી રાજી થઈ ગયાં.

હ્યુસ્ટનમાં ઓઇલ અને ગેસ કંપનીમાં પ્રોજેક્ટ મૅનેજરના હોદ્દા પર કાર્યરત ઇલેક્ટ્રિકલ એન્જિનિયર ચંદ્રકાન્તભાઈ પી. પટેલ સેવા માટે નોકરીમાં રાજીનામું આપવા તૈયાર થયા. પરંતુ ઉપરી અધિકારીએ કહ્યું કે 'અમારે તમારી ખૂબ જરૂર છે, માટે તમે સેવા કરવા જાવ, પરંતુ ઓનલાઇન રહીને અમારું કાર્ય કરશો તો ચાલશે.' આથી ચંદ્રકાંતભાઈ રોબિન્સવિલમાં સવારે નવથી બપોરે એક વાગ્યા સુધી કંપનીનું કાર્ય કરે ત્યારબાદ પથ્થરના કાર્યમાં સેવામાં જોડાઈ જાય છે. તેમના ભાગે ક્રેન ચલાવવાની સેવા હતી. આથી ક્રેન દ્વારા બે પથ્થરો મૂકતી વેળાએ વચ્ચે જે સમય મળે તેમાં તેઓ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનું વાંચન કરી લે. તેમણે કહ્યું: 'પહેલાં ત્રણ મહિના સેવા કરવાનો વિચાર હતો, પરંતુ હવે તો પ્રાણપ્રતિષ્ઠા સુધી સેવા કરવી છે. અહીં સેવા કરનાર નિખાલસ હરિભક્તોના ત્યાગની વાતો સાંભળીને સેવા કરવાની વિશેષ પ્રેરણા મળે છે.'

ચેરીહિલમાં સ્થાયી થયેલા ૨૬ વર્ષીય જય પટેલ એક પ્રતિષ્ઠિત કંપનીમાં આઇ.ટી. ઑડિટર તરીકે કાર્યરત છે. દરરોજ ૪૦ માઇલ કાર ડ્રાઇવ કરીને ચેરીહિલથી સેવામાં આવતા તેઓ કહે છે કે મારા વડીલોએ કરેલી સેવામાંથી મને પણ સેવાની પ્રેરણા મળી છે. તેમનાં માતા અને બહેન પણ અક્ષરધામમાં સેવારત છે. જય કહે છે કે 'અહીં અક્ષરધામમાં સેવા કરતા સંતો, સાધકો, હરિભક્તોને જોઈને લાગે છે કે, મેં તો કશું જ કર્યું નથી. કેટલાય હરિભક્તો ઘર, કુટુંબ, નોકરી, ધંધો છોડીને સેવામાં આવ્યા છે. બધાયને એક જ વિચાર છે કે સેવા કરીને સ્વામીશ્રીને રાજી કરી લેવા છે.'

ઇન્ડિયાનાપોલીસ શહેર ખાતે રેસ્પીરેટોરી કેર થેરાપીમાં એક સન્માન ભરેલી નોકરી કરતા જયેશ પી. કાબરિયા સન ૨૦૧૮થી સમયાંતરે ૩-૪ દિવસની સેવા કરવા આવતા. માર્ચ ૨૦૨૨થી અક્ષરધામની સેવામાં જોડાયા. આથી પૂર્વેની નોકરી છોડવાની નોબત આવી. સ્વામીશ્રીને પત્ર લખી જણાવ્યું તો જવાબ આવ્યો કે, રોબિન્સવિલ નજીક નોકરી મળી જાય તો સેવા કરજો. ભગવાનની કૃપાથી રોબિન્સવિલની નજીકમાં જ પહેલાં કરતાં દોઢ ગણા વધારે પગારની નોકરી મળી ગઈ! તેઓએ રાજી થઈને સેવાની સાથે સાથે વ્રત-તપ સંબંધી કેટલાક વિશેષ નિયમો ગ્રહણ કરીને ભક્તિ અર્ધ્ય અર્પણ કર્યું. જયેશભાઈ કહે છે કે 'અહીં બધે દિવ્યતા છે. આ સંકલ્પભૂમિ પર બધાના મનોરથો પૂરા થાય છે. સૌનો ત્યાગ અને સમર્પણ નિહાળીને બળ અને પ્રેરણા મળે છે.'

### એ સ્વયંસેવકો, જેમણે ધંધા-વ્યવસાય છોડ્યા...

જેમણે નોકરી છોડી કે નોકરીમાંથી રજા મેળવી એવા કેટલાંક સ્વયંસેવકોની અહીં વાત કરી. પરંતુ અક્ષરધામની સેવામાં જોડાયેલા સ્વયંસેવકોમાં કેટલાય સ્વયંસેવકો એવા હતા કે જેઓ પોતાનો સ્વતંત્ર બિઝનેસ ધરાવતા હતા. આમ છતાં તેમણે આ ધીકતા વ્યવસાયને બંધ કરી દીધો, અથવા વેચી નાંખ્યો કે પોતાના સ્નેહી અથવા પરિવારજનને

ચલાવવા આપી દીધો અને તેઓ અક્ષરધામની સેવામાં હોમાઈ ગયા.

કમ્પ્યૂટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી ધરાવતા નીલમભાઈ રમણભાઈ પટેલ(એડિસન, ન્યૂજર્સી) બે સંતાનોના પિતા છે. રવિસભામાં અક્ષરધામની સેવાનો આદેશ સાંભળ્યો કે તેમનાં પત્નીએ તેમને સેવામાં જોડાવાની પ્રેરણા આપી. પત્નીએ કહ્યું કે પારિવારિક જવાબદારીઓ તે સંભાળી લેશે. અને તે જ અવસરે પોતાનો વ્યવસાય બંધ કરીને અક્ષરધામનું કાર્ય સંપૂર્ણ થઈ જાય ત્યાં સુધી સેવા કરવાના સંકલ્પ સાથે વર્ષ નવેમ્બર-૨૦૨૧થી સેવામાં જોડાઈ ગયા, પરંતુ બન્યું એવું કે સેવામાં જતાંની સાથે જ તેમનાં પત્નીનો પગાર વધી જતાં આર્થિક રીતે પણ કોઈ મુશ્કેલી ન નડી. મહેનતભરી ક્રેન ચલાવવાની સેવાની સાથે સાથે તેમણે વ્રત-તપ સંબંધી પણ નિયમો ગ્રહણ કરીને વિશિષ્ટ ભક્તિ અદા કરી છે.

ઓરેન્જબર્ગ (સાઉથ કેરોલિના)માં રહેતા દિનેશભાઈ અમૃતભાઈ પટેલ ઓરેન્જબર્ગમાં સત્સંગ એડમિનની સેવા કરે છે. મહંત સ્વામી મહારાજ તથા ઈશ્વરચરણદાસ સ્વામીના આદેશના કારણે દિનેશભાઈને અક્ષરધામની સેવામાં આવવું હતું. પણ તેમના ૮ સબવેના સ્ટોર, યુ.પી.એસ.નો સ્ટોર અને મેક્સિકન રેસ્ટોરન્ટ ચલાવવા માટે જરૂરી કર્મચારી મેળવવામાં મુશ્કેલી હતી. આથી સેવા માટે જ દિનેશભાઈએ પોતાના ધીકતા વેપારના ચાર સ્ટોર વેચી દીધા અને બાકીના સ્ટોરની જવાબદારી ભાઈ અને પત્નીને સોંપીને જાન્યુઆરી-૨૦૨૨થી સેવામાં ઝંપલાવી દીધું. સવારના નવ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી તેઓ સેવા કરતા. પથ્થરોને જુદા જુદા સ્તરોમાં ગોઠવતાં પહેલાં પથ્થરોમાં કાણાં પાડવાનાં, તેની યોગ્ય મરામત કરવાની, આગળ મોકલવા માટે કોતરણી કરવાની તથા પ્રી-ફિટિંગ કરવાની સેવામાં તેમણે ખૂબ શ્રમ કર્યો. દિનેશભાઈના પુત્રો ભગવત અને યશ પણ સેવામાં જોડાઈ ગયા હતા. ભગવત કૉલેજમાંથી રજા લઈને ત્રણ મહિના માટે સેવામાં જોડાયો હતો અને યશ કૉલેજ અભ્યાસ ગૌણ કરીને એક વર્ષ માટે સેવામાં જોડાયો હતો.

મનન પટેલ માઉન્ટ ક્લેર યુનિવર્સિટીમાંથી એકાઉન્ટિંગમાં સ્નાતક થયા છે. તેઓના પિતાશ્રી પણ સેવામાં છે. તેમને ગેસ સ્ટેશન અને કન્વિનિયન્ટ સ્ટોર હતો. તેમને રોબિન્સવિલ અક્ષરધામમાં સેવા કરવાની તક જવા દેવી ન હતી. ફક્ત ત્રણ મહિનામાં તેનું વેચાણ કરીને જાન્યુઆરી-૨૦૨૨થી તેઓએ સેવામાં આવી ગયા અને પ્રતિષ્ઠા થઈ ત્યાં સુધી સેવાનો ઉત્સાહથી લાભ લીધો. સેવા કરવા માટે જ મનન તેમના સંયુક્ત કુટુંબ સાથે છેલ્લાં બે વર્ષથી ક્લીફ્ટનથી રોબિન્સવિલ રહેવા આવી ગયા, પરંતુ સ્થાનિક મંડળમાં પણ સેવારત રહ્યા.

દિનેશભાઈએ ઘરસભામાં ઘરના સભ્યોને વાત કરી કે આ વખતે વેકેશન પર જવું નથી. તેની જે બચત થાય તે મૂર્તિની સેવામાં આપવી. તેમના તથા તેમના નાના ભાઈનાં બાળકોએ પણ પોતાની બચત રકમ મૂર્તિ સેવામાં આપી હતી. આમ, તન-મન-ધન-પરિવાર સાથે અક્ષરધામની સેવામાં સમર્પિત થઈ જનારા આવા કેટલાય પરિવારો અક્ષરધામના સ્તંભ સમાન બની રહ્યા છે.

મનન કહે છે, 'ઘણા હરિભક્તો ત્યાગ અને મુશ્કેલીઓ સહન કરીને સેવા કરવા આવ્યા છે. એક પરિવાર જેવું લાગે છે. અહીં જુદા જુદા ક્ષેત્રમાંથી ભક્તો આવ્યા છે તેમને આ કાર્યનો અનુભવ બિલકુલ નથી. છતાં પણ સેવા કરી રહ્યા છે. કોઈ દિવ્ય શક્તિનો બધામાં પ્રવેશ થયો હોય તેમ લાગે છે. મારા નાનકડા પુત્રે મને શિખર ઉપર કામ કરતાં દૂરથી જોયો, તેની તેને હંમેશાની સ્મૃતિ રહેશે. ભવિષ્યમાં હું મારી ભાવિ પેઢીઓને કહીશ કે ગુરુનો સંકલ્પ પૂર્ણ કરવા અમે અહીં સેવા કરી હતી, ત્યારે તેમને કલ્પના ન કરી શકાય એટલો આનંદ થશે.'

પ્રવીણભાઈ જી. પટેલે (હેરિસબર્ગ, પેન્સિલવેનિયા) અક્ષરધામની સેવા કરવા માટે પોતાનું ગરાજ વેચવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે શક્ય ન બનતાં ગરાજ ભાડે આપી દઈને પોતાની ટ્રક લઈને અક્ષરધામની સેવા કરવા આવી ગયા. પ્રવીણભાઈ ૨૦૦૯થી રોબિન્સવિલમાં સેવા કરવા આવતા. ૨૦૧૯થી ફુલ-ટાઈમ સેવા કરવા આવી ગયા. ઓટોમોબાઈલ ક્ષેત્રનો અનુભવ ધરાવતા પ્રવીણભાઈ ક્રેન, ફોર્ક લિફ્ટ જેવાં નાનાં-મોટાં સાધનો રિપેર કરવાથી લઈને વેલ્ડિંગ, ફેબ્રિકેશન, વાયરિંગ અને ગાડીઓ પણ રિપેર કરવા સુધીની અનેક સેવાઓમાં સવારના નવથી મોડી સાંજ સુધી ખૂબ પરિશ્રમ કરતા. તેમણે ઘૂંટણની સર્જરી કરાવેલી હોવા છતાં તેઓ અણથક સેવામાં મંડ્યા રહ્યા.

ક્લીવલેન્ડના રીકી પી. પટેલ દસ વર્ષથી એક પ્રતિષ્ઠિત કંપનીમાં પ્રોજેક્ટ મૅનેજર તરીકે કાર્ય કરતા હતા. તેમનાં પત્ની આંખના નિષ્ણાત ડૉક્ટર તરીકે છેલ્લાં પાંચ વર્ષથી પ્રેક્ટિસ કરી રહ્યાં છે. તેમણે સત્સંગસભામાં સ્વામીશ્રીનો આદેશ સાંભળ્યો કે, અક્ષરધામમાં સ્વયંસેવકોની જરૂર છે. આ દંપતીને લાગ્યું કે જિંદગીમાં આવી તક ભાગ્યે જ મળે. તેમણે માતા-પિતાને વાત કરીને સંમતિ લીધી. બંને એ પ્રતિષ્ઠિત વ્યવસાય મૂકીને સેવામાં જોડાઈ ગયા. રીકી પથ્થરોને જગતી માટે તૈયાર કરવાની સેવામાં લાગી ગયા અને તેમનાં પત્ની પથ્થરોની હેરફેર માટે ફોર્કલિફ્ટ ચલાવવામાં જોડાઈ ગયાં. રીકી ઉત્સાહપૂર્વક કહે છે કે 'મારા

# એ સંતો-પાર્ષદો-વિશ્વકર્મા બંધુઓને પ્રણિપાત...

અક્ષરધામના નિર્માણમાં અમેરિકા સ્થિત બી.એ.પી.એસ. સંસ્થાનાં તમામ મંદિરોના લગભગ ૧૦૦થી વધુ સંતોએ તો પ્રચંડ પુરુષાર્થ કર્યો જ, તેમની સાથે ભારતથી ગયેલા અમેરિકી નાગરિકતા ધરાવતા સંતો-પાર્ષદો-સાધકો તેમજ ભારતીય વિશ્વકર્મા બંધુઓએ પણ સેવાની આગવી કલગી ચઢાવી દીધી...

અક્ષરધામના સ્વયંસેવકોની ગાથા ગવાય ત્યારે એમનું સ્મરણ કરવું જ રહ્યું કે જેમનો અક્ષરધામના નિર્માણમાં એક સ્વયંસેવક તરીકે જેમનો સૌથી મોટો ફાળો હતો. એ હતા - ભારતથી સેવા માટે ગયેલા વિશ્વકર્મા બંધુઓ તેમજ અમેરિકન નાગરિકતા ધરાવતા સંતો, પાર્ષદો અને સાધકો.

અક્ષરધામના નિર્માણમાં કટોકટીના સમયે સંસ્થાનો પક્ષ રાખીને સેવામાં કટીબદ્ધ રહેનારા કુલ ૨૫ વિશ્વકર્મા બંધુઓ ભારતથી એક સ્વયંસેવક તરીકે સેવા કરવા ગયા હતા અને એ ભૂમિકા તેમણે સાચા હૃદયથી છેલ્લી ક્ષણ સુધી નિભાવી હતી. તેમાંના કેટલાક સ્વયંસેવકોને વિઝાનો સમય પૂર્ણ થતાં તેમને નિર્માણ દરમ્યાન જ ભારત પાછા ફરવાનું થયું. પરંતુ એ પૈકી સાત સ્વયંસેવકોએ છેક સુધી સાથ નિભાવ્યો.

વર્ષોનો અનુભવ હોવા છતાં બાબુભાઈ, હિમ્મતભાઈ, સતીશભાઈ, મૂકેશભાઈ, જયસુખભાઈ, રમેશભાઈ, મનોજભાઈ વગેરે વિશ્વકર્મા બંધુઓ સાવ બિનઅનુભવી યુવકો અને કિશોરો સાથે પણ ખૂબ સન્માન અને મિત્રની દૃષ્ટિએ સેવા કરતા હતા. પથ્થરના આ પરંપરાગત નિર્માણકાર્ય દરમિયાન તેમણે ઘણા બધા યુવાનોને તાલીમ આપીને બીજા કારીગરોની બરાબર નિષ્ણાત બનાવી દીધા હતા.



આ વિશ્વકર્મા બંધુઓએ તમામ સેવાઓમાં સ્વેચ્છાએ ખૂબ ભક્તિપૂર્વક અપાર ઉત્સાહ દર્શાવ્યો હતો. એક દિવસ હવામાન અત્યંત ખરાબ થઈ ગયું. વિચિત્ર હવામાનને કારણે ખુલ્લા વાતાવરણમાં સેવા કરી શકાય એવી કોઈ શક્યતા નહોતી. આમ છતાં મહાશિખરનું કાર્ય ધીમું પડે એ તેમને ઉચિત નહોતુ લાગતું. આથી એવા સમયે બાબુભાઈ તેમજ તેમના સાથી સતીશભાઈએ સામેથી સેવાનો ઉત્સાહ બતાવ્યો અને મહાશિખરનું કાર્ય આગળ ધપાવ્યું ત્યારે સૌ નતમસ્તક થઈ ગયા.

રાજસ્થાનના ભરતપુર જિલ્લાના સતીશભાઈ પણ એક અદના સ્વયંસેવક હતા. તેમનો હસમુખો અને પ્રેમાળ સ્વભાવ સૌ કોઈને તેમના પ્રત્યે આદર પ્રગટાવતો. વહેલી સવારે મંગળા આરતીમાં અવશ્ય હાજર હોય. તેઓ એક નિષ્ણાત કારીગર હોવા છતાં બીજા અણઆવડતવાળા સ્વયંસેવકો સાથે ખૂબ ધીરજથી કાર્ય કરતા. ક્યારેક નવા સ્વયંસેવકોથી ભૂલ થાય તો તેઓ સહેજ પણ અકળામણ વિના ફરીથી મહેનત કરીને શાંતિથી સુધારી લે. એટલું જ નહીં, સન ૨૦૧૪માં પ્રમુખસ્વામી મહારાજે જ્યાં કળશ સ્થાપન કર્યું અને જ્યાં શિલારોપણ થયું હતું ત્યાં બેઝમેન્ટમાં જઈને તેઓ એકલા હોય તો પણ રોજ અવશ્ય આરતી કરે જ. તેમનો આ ભક્તિભાવ સૌ કોઈને નતમસ્તક બનાવતો.

એક એક વિશ્વકર્મા બંધુના આવા સેંકડો પ્રસંગો ટાંકી શકાય તેમ છે.

માટે અક્ષરધામ ખરેખર! દુનિયામાં સૌથી વધારે આનંદદાયક જગ્યા છે. હું ભાગ્યશાળી છું કે મને સેવા કરવાનો આવો અવસર પ્રાપ્ત થયો.'

અમેરિકામાં એક ફાર્માસ્યુટિકલ કંપનીના માલિક તરીકે ખૂબ સફળ નીવડેલા મૂકેશભાઈ પટેલ સેવાની હાકલ થતાં જ એપ્રિલ-૨૦૨૨થી જોડાઈ ગયા છે. મૂકેશભાઈ જણાવે છે કે 'અહીં સેવા કરનારના મુખ ઉપર અનોખો આનંદ દેખાય છે. કોઈ ચિંતાની લકીર પણ દેખાતી નથી. અહીં કામ કરનાર બધાને જે સુખ આવે છે તે વર્ણવી શકાય તેમ નથી. જાણે બધામાં વિશિષ્ટ શક્તિ કામ કરી રહી છે.'

સાઉથ કેરોલિના ખાતે સ્થાયી થયેલા હિતેશભાઈ પટેલ કોલંબિયામાં મંદિર કો-ઓર્ડિનેટર તરીકેની સેવા આપે છે.

વિશ્વકર્મા બંધુઓની જેમ, તેમની સાથે ખભે ખભો મિલાવીને તેમના માર્ગદર્શન મુજબ સતત પુરુષાર્થ કરનારા ભારતથી આવેલા અમેરિકન નાગરિકતા ધરાવતા ૯૦ જેટલા સંતો-પાર્ષદો-સાધકોની સેવા પણ અજોડ અને કોઈને પણ નતમસ્તક બનાવે તેવી હતી. ટૂંક સમયમાં જ તાલીમ પામીને, વિશ્વકર્મા બંધુઓના સહાયક તરીકે આ સંતો-પાર્ષદોએ જે કુશળતા હાંસલ કરી લીધી તે સૌને અચંબો પમાડતી હતી. મહિમાપૂર્વક સમર્પણ તો એમના લોહીમાં હતું, તેમાં ક્યારેય ન કરેલી આ પથ્થરકામની સેવાનો રંગ ભળ્યો એટલે તેનો પ્રભાવ ઓર નિખરી ઊઠ્યો. એક એક સંત-પાર્ષદ અહીં એક ધણીની જેમ દિવસ રાત સેવા માટે થનગનતા રહ્યા. ક્યારેય કોઈ કામમાં ના નહીં, ક્યારેય કોઈ આળસ નહીં, ક્યારેય સેવા માટે પોતાની કોઈ પરવા નહીં. સૌ એક બીજાનો ખ્યાલ રાખે એવો સુહૃદભાવ.

એક તરફ દિવસરાત પણ ઓછા પડતાં હોય તેવા ચુસ્ત સમયમાં સેંકડો સ્વયંસેવકોની ખૂબ મોટી ટીમ મહેનત કરતી હોય ત્યારે સૂત્રધાર લોકો માટે એક એક વ્યક્તિનું ધ્યાન રાખવાનું કે વ્યક્તિગત રીતે તેમની સાથે સેતુ સાંધવાનું ઘણું કઠણ બની જાય છે, પરંતુ અક્ષરધામના નિર્માણમાં છેલ્લાં ૮ વર્ષથી ખૂબ જહેમત લેનાર પ્રશાંતદર્શનદાસ સ્વામી, કે છેલ્લાં બે વર્ષથી સેવામાં હોમાયેલા આત્મ-કીર્તિદાસ સ્વામી, સ્વયંસેવકોનું માર્ગદર્શન કરતા હરિદર્શનદાસ સ્વામી, મુનિરાજદાસ સ્વામી, ભક્તિસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતો તેમાં અપવાદરૂપ હતા. દિવસ-રાત પુરુષાર્થની સાથે આ સંતો સમય કાઢીને એક એક સ્વયંસેવકને મળીને તેમની સંભાળ લઈ લેતા, તેમને માર્ગદર્શન આપતા.

આ તમામ સંતો, પાર્ષદો, સાધકો તો કઠોર પરિશ્રમની વ્યાખ્યા સમા બની ગયા હતા. કેટલાક સંતો-પાર્ષદો તો સવારે સમય કરતાં પણ વહેલાં સાઈટ પર પહોંચી જઈને પથ્થરોના કામમાં લાગી જાય અને મોડી સાંજે સૌથી છેલ્લે સાઈટ ઉપરથી બહાર નીકળે. આખો દિવસ કઠોર પરિશ્રમ અને કઠોર પરિશ્રમ. સાધનોનો ઉપયોગ, તેની યોગ્ય જાળવણી, પ્રત્યેક કામ શ્રેષ્ઠ કરવાની ધગશ વગેરે બાબતો તેમનામાંથી શીખીને બીજા પણ પ્રેરણા મેળવતા. વળી, આ સંતો-પાર્ષદો-સાધકો અન્ય સંતો અને સ્વયંસેવકોની સેવામાં પણ તત્પર રહેતા.

પથ્થરના ચોટકકામમાં આ સંતો-પાર્ષદો-સાધકોએ તો એવી આવડત મેળવી લીધી હતી કે નિષ્ણાત વિશ્વકર્મા બંધુઓ પણ વાહ પોકારી જતા. ચોટકકામ દરમિયાન પથ્થરને યોગ્ય રીતે કાપીને તેનું લેવલ કરવાનું હોય કે તેની સાથે નાનું મોટું બીજું કામ હોય, તેઓ બીજા પાસેથી સેવાની અપેક્ષા રાખ્યા વિના જાતે જ મચી પડતા. એટલું જ નહીં, આખો દિવસ ભજનની રમઝટ સાથે તેઓ સેવામય રહેતા. સૌને હળવાફૂલ રાખીને વ્યવહારુ અભિગમ સાથે સેવા કરતા સંતો-પાર્ષદો સૌને સેવાની સાચી રીત શીખવતા.

અસહ્ય ઠંડી, સુસવાટા મારતા ઠંડા કાતિલ પવન અને બરફવર્ષા વચ્ચે પણ ભારે પથ્થરોને ઉપરના માળે લઈ જતા સંતો-પાર્ષદોને જોઈને અન્ય સ્વયંસેવકો લળી પડતા હતા.

ઉચ્ચ ડિગ્રી ધરાવતા, પૂર્વાશ્રમમાં સમૃદ્ધ પરિવારોમાંથી આવતા આ સંતો-પાર્ષદો-સાધકોની નમ્રતા અને સેવાની તત્પરતા જોઈને સૌ કોઈ સ્વયંસેવકોને સેવાની ચાનક ચઢી જતી. સૌ જાણે શરીરના ભાવોથી પર થઈ ગયા હોય એવી રીતે કડકડતી ઠંડીમાં, સુસવાટા મારતા પવનના ઝપાટા વચ્ચે સો-સવા સો ફૂટની ઊંચાઈએ સેવા કરતા આ સંતોનો ઉમંગ અનન્ય હતો. વરસાદ, ઠંડી કે ગરમીના પ્રકોપ એમને સેવામાંથી પાછા પાડી શક્યાં નહોતાં. અને એનો જ પ્રભાવ અન્ય સૌ સ્વયંસેવકો પર પણ અનુભવાતો હતો.

આ એક એક સંત-પાર્ષદ-સાધકના સેંકડો પ્રેરણાદાયી પ્રસંગો એક મોટો ગ્રંથ રચે તેવા છે. પરંતુ અહીં સ્થળ સંકોચને કારણે એ સૌને વિનમ્રભાવે પ્રણિપાત કરીને સંતોષ માનવો જ રહ્યો.

તેમનો પુત્ર જતીન તો જુલાઈ-૨૦૨૧થી અક્ષરધામની સેવામાં આવી ગયો હતો. હિતેશભાઈએ વિચાર્યું કે પૂર્વે તો દરેક મહોત્સવમાં સેવાનો લહાવો મળ્યો છે. તો હવે પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવાનો આ છેલ્લો અવસર જવા દેવો નથી. જોકે તેઓને કાનની એક સર્જરી કરાવવાની હતી. આથી કાનની સર્જરી કરાવીને, વ્યવસાય સમેટીને જાન્યુઆરી-૨૦૨૨થી સેવામાં આવી ગયા. તે સમયે હિતેશભાઈનાં ૮૦ વર્ષનાં માતુશ્રી અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલમાં આઈ.સી.યુ.માં હતાં અને તેમની બે પુત્રીઓ તેમની સેવામાં હતી. માતુશ્રીએ સંદેશો મોકલાવ્યો કે ‘હિતેશ, હું દેહ છોડી દઉં તો પણ તારે અને જતીને મારી અંતિમ સંસ્કારવિધિ માટે અક્ષરધામની સેવા મૂકીને ભારત

આવવું નહીં. તે સેવા અમૂલ્ય છે. મારી જીવનચર્યા મેં બોચાસણમાં કરાવી દીધી છે.' ધન્ય છે સમર્પિત પરિવારને!

ચિરાગ રાજેશભાઈ અમીન (એટલાન્ટા, જ્યોર્જિયા) પોતાનો વ્યવસાય છોડીને ફેબ્રુઆરી-૨૦૨૨થી છેક સુધીની સેવામાં જોડાઈ ગયા. તેઓ કહે છે કે, 'મારા પિતાએ પ્રમુખસ્વામી મહારાજે ઊજવેલ કલ્ચરલ ફૅસ્ટિવલ ઑફ ઇન્ડિયામાં સેવા કરવા માટે નોકરી છોડી દીધી હતી. તેમાંથી મને ખૂબ પ્રેરણા મળી છે. મને પણ મારું વૅકેશન અને વ્યવસાય છોડીને આવતાં જરા પણ સંકોચ થયો નથી. અહીં બધાનું એક જ ધ્યેય છે કે, સ્વામીશ્રીને રાજી કરી લેવા. આ સેવા મને જિંદગીભર કામમાં આવશે.'

યુ.પી.એસ. સ્ટોરનો પોતાનો વ્યવસાય પુત્રને સોંપી દઈને ૬૧ વર્ષીય મયંકભાઈ કળશ ચડી જાય ત્યાં સુધી સેવા કરવાના સંકલ્પ સાથે ૨૦૨૧ના જૂન માસથી સેવામાં જોડાઈ ગયા. મયંકભાઈ કહે છેઃ 'સ્વામીશ્રીનું ઋણ ચૂકવી શકાય તેમ નથી. લાગે છે કે, મેં તો કંઈ જ કર્યું નથી. ઘરે થાકી જવાતું પણ અહીં થાકનો અનુભવ પણ થતો નથી.'

સાન હોઝેના પ્રમોદભાઈ જગુભાઈ પટેલ, મહેશભાઈ તથા હિતેશભાઈ ત્રણ ભાઈઓ તેમના પુત્ર-પરિવારે પોતાનો આર્થિક સેવાઓ તો મન દઈને કરી, પણ વ્યવસાય એક બાજુ મૂકી દઈને શ્રમયજ્ઞમાં પણ હોમાઈ ગયા. પ્રમોદભાઈ તો સ્થાનિક હરિમંદિરોના કન્સ્ટ્રક્શનમાં પૂર્ણતઃ સમર્પિત થઈ ગયા છે.

ડ્રાય-ક્લીનિંગનો વ્યવસાય ધરાવતા પ્રશાંતભાઈ શાહ પોતાના પુત્ર શ્રી યશ સાથે સેવામાં જોડાઈ ગયા. તેઓ કહે છે કે સ્વામીશ્રીએ અમારા માટે જે કર્યું છે તેની સરખામણીમાં અમારી સેવા કાંઈ જ નથી, પરંતુ રાજીપા માટે સેવા કરી છે.

એટલાન્ટામાં કાર ડીલર્સનો વ્યવસાય કરતા સંજયભાઈ પંડ્યા ઑક્ટોબર-૨૦૨૧માં ઈશ્વરચરણદાસ સ્વામીનો સેવાનો આદેશ સાંભળીને જામેલો વ્યવસાય માણસોને સોંપીને બીજે જ દિવસે સેવામાં આવી ગયા, એટલું જ નહીં અક્ષરધામ ઉપર ધજા ફરકતી ન થાય ત્યાં સુધી સેવા કરવાનો સંકલ્પ કર્યો. તેમનો એક પુત્ર અર્જુન તો અક્ષરધામની સેવામાં આવી જ ગયો હતો, બીજો પુત્ર પણ તેની પત્ની અને બે બાળકો સાથે એટલાન્ટાનું ઘર વેચીને સેવામાં આવ્યાં. સંજયભાઈને ક્રેન ઑપરેટરની સેવા સોંપવામાં આવી તો તાત્કાલિક રિટર્ન અને પ્રેક્ટિકલ ટેસ્ટ આપીને લાઇસન્સ લીધું અને સેવામાં જોડાયા. એક સમૃદ્ધ કુટુંબમાં ખૂબ સુખ-સગવડોમાં ટેવાયેલા હોવા છતાં સેવા દરમ્યાન ટ્રેલરમાં ૮-૧૦ માણસો સાથે આનંદથી રહીને નમ્રતાથી સેવા કરતા રહ્યા.

ચેટ્ટનુંગા(ટેનેસી)માં રહેતા આશિષભાઈ બી. પટેલ ઈશ્વરચરણદાસ સ્વામીનો આદેશ સાંભળીને અક્ષરધામની સેવામાં જોડાઈ ગયા. આશિષભાઈ સવારના આઠથી સાંજના આઠ વાગ્યા સુધી સેવા કરતા, કોઈ વખત રાતના દસ પણ વાગી જતા, છતાં પણ તેઓનો ઉમંગ-ઉત્સાહ મોળો પડ્યો નહોતો. તેઓ સેવામાં આવ્યા ત્યારે ધંધો ને વ્યવહાર તેમનાં પત્નીએ સંભાળ્યો હતો. તેમને સેવામાં એટલો આનંદ આવ્યો કે તેમની પ્રેરણાથી તેમના બંને યુવાન પુત્રો પણ સેવામાં જોડાઈ ગયા. તેમનો મોટો પુત્ર શશાંક કોલેજનો અભ્યાસ ગૌણ કરીને એક વર્ષ માટે સેવામાં જોડાયો હતો અને નાનો પુત્ર મીત પણ સેવામાં આવ્યો હતો.

શ્રી દીપ્તેશભાઈ પટેલ રોબિન્સવિલ નજીક પ્લેન્સબરોમાં રહે છે. તેમને બિઝનેસ છે. તેઓ અક્ષરધામમાં લેન્ડ-સ્કેપિંગની સેવા કરે છે, તે ઉપરાંત પ્રોજેક્ટના વિકાસમાં અગત્યની સહાયમાં જ્યારે જરૂર પડે ત્યારે સેવામાં જોડાઈ જાય છે. અક્ષરધામ નિર્માણની શરૂઆત થઈ નહોતી ત્યારથી તેઓની સેવા શરૂ થઈ ગઈ હતી. પ્રમુખસ્વામી મહારાજ સન ૨૦૧૪માં પધાર્યા હતા ત્યારે દીપ્તેશભાઈએ મોગરા, ગુલાબ વગેરે પુષ્પો સહિતનો તૈયાર કરેલો બગીચો જોઈને સ્વામીશ્રી ખૂબ રાજી થયા હતા.

વૉશિંગ્ટન ડી.સી. રહેતા શ્રી ગૌરાંગભાઈ સોનીને ઘણા બિઝનેસ છે. તેઓ મે-૨૦૨૨થી સેવામાં આવ્યા અને પ્રતિષ્ઠા સુધી સેવામાં જોડાયેલા રહ્યા. શરૂઆતમાં છ માસ માટે જ સેવામાં આવેલા, પણ ઘર, બિઝનેસ તેમની ગેરહાજરીમાં વ્યવસ્થિત ચાલતાં જોયાં એટલે પ્રતિષ્ઠા સુધી સેવા કરવાનું નક્કી કર્યું. તેઓ કહે છે કે 'અહીં યુવક-વડીલ જેવો કોઈ જનરેશન ગેપ નથી. યુવકોની સેવા જોઈને તેમનો મહિમા સમજાય છે. બધે દિવ્યભાવ દેખાય છે. આ સેવા સ્વામીશ્રીનું ઋણ ચૂકવવાની તક છે. સેવા તો ઇન્વેસ્ટમેન્ટ-રોકાણ છે. તેનાથી ભાવિ પેઢીને પ્રેરણા મળે છે. જો મારા જીવનમાં સત્સંગ, મંદિર અને સત્પુરુષ ન મળ્યા હોત તો જીવનની દિશા કે ઉદ્દેશ્ય જ ન હોત.'

શ્રી કલ્પેશભાઈ મુકુંદભાઈ પટેલ જર્સીસિટી નોર્થબર્ગન વિસ્તારમાં પરિવાર સાથે રહે છે. તેઓ ફાર્મસી અને ગેસ સ્ટેશનના માલિક છે. વ્યવસાય બીજાને સોંપીને એપ્રિલ-૨૦૨૨થી તેઓ સેવામાં જોડાયા. અક્ષરધામમાં તેઓએ પરિક્રમા અને અક્ષરબ્રહ્મ ડોમમાં વાટા પૂરવાની સેવા કરી. ચણતર ટીમમાં પણ સેવામાં જોડાયા. કલ્પેશભાઈ કહે છે કે 'અક્ષરધામની સેવામાં જે જોડાય તેને જગત ભુલાઈ જાય છે અને ભગવાન સાથે હોય તેમ લાગે છે. અહીં બધા હરિભક્તોનો પ્રેમ અને ભાઈચારો ખૂબ યાદ આવશે.'

ઓરલાન્ડો, ફ્લોરિડાના મયંક રમણભાઈ પટેલ પોતાનો સ્ટોર પુત્રને સોંપીને સેવામાં જૂન-૨૦૨૧થી પ્રતિષ્ઠા સુધી સેવામાં આવી પહોંચ્યા. તેઓ કહે છે કે 'મેં બંને પગે ઘૂંટણની સર્જરી કરાવેલી છે, પણ સેવામાં તકલીફ નથી પડી. તે ભગવાનની, સ્વામીશ્રીની શક્તિ વગર શક્ય જ નથી. અક્ષરધામ જોનારને ભારતની સંસ્કૃતિનું, સ્થાપત્યકળાનું જ્ઞાન થશે, હરિભક્તોની સેવાનો મહિમા સમજાશે તેનું પુણ્ય આપણને મળશે. ભવિષ્યમાં મારી પેઢીને અક્ષરધામમાં મેં જે સેવા કરી છે તે બતાવતાં મને ગૌરવ થશે.'

રોબિન્સવિલના ૬૭ વર્ષીય પીઢ હરિભક્ત વિજયભાઈ જે. પટેલે સન ૨૦૧૮થી કૌટુંબિક જવાબદારી પુત્રને સોંપીને સેવારત અક્ષરધામ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા સુધી સેવા આપી. તેમાં મુખ્ય સેવા સ્વયંસેવકોને ઍરપોર્ટથી અક્ષરધામ સુધી લઈ જવા અને લાવવા માટેની ટ્રાન્સપોર્ટની સુવિધા પૂરી પાડવાની હતી. ક્યારેક અડધી રાત્રે પણ આ પડકારરૂપ સેવા આપવા તત્પર રહેવું પડે, પણ વિજયભાઈ હમેશાં સેવામાં ખડે પગે તૈયાર જ હોય. વિજયભાઈ કહે છે કે 'સ્વામીશ્રીનો રાજીપો એ જ મારા માટે સુખ અને શાંતિ છે.'

હ્યુસ્ટન(ટેક્સાસ)માં રહેતા ૫૮ વર્ષીય બાબુભાઈ પી. પટેલને ડલાસમાં ઘણી મોટેલો અને નાના-મોટા બિઝનેસ છે. તન-મન-ધનથી સમર્પિત આ ભક્ત ઘણાં વર્ષોથી હ્યુસ્ટન મંદિરના મંદિર કો-ઓર્ડિનેટર તરીકે સેવા આપી રહ્યા છે. ૧૯૯૧માં તેમણે ઘણા સારા પગારની નોકરી છોડીને 'કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા'માં સેવા કરી હતી. ત્યારપછી હ્યુસ્ટનથી લઈને લોંગઆઈલેન્ડ સુધીનાં જુદાં જુદાં મંદિરોમાં નાની-મોટી અનેક સેવાઓ કરનાર બાબુભાઈ પોતાનો વ્યવસાય છોડીને ૨૦૧૮માં અક્ષરધામની સેવામાં જોડાઈ ગયા. સેવામાં આવ્યા ત્યારે એક સાધન સંપન્ન પરિવારના હોવા છતાં પરિક્રમાના સ્કેફોલ્ડિંગની સેવામાં જોડાયા હતા. ત્યારપછી પથ્થરમાં કાપા પાડવાની, વાટા ભરવાની, પ્રાઈમર લગાવી વોટરપ્રૂફિંગની સેવામાં જોડાયા. તેમનો પુત્ર દર્શન મૂર્તિપ્રતિષ્ઠા સુધી સેવામાં જોડાયો હતો. તેમનાં ધર્મપત્ની અને પુત્રીએ પણ ત્રણ મહિના સુધી સેવા કરી હતી. આખું કુટુંબ સેવામાં સમર્પિત હતું.

એટલાન્ટા સ્થાયી થયેલા કૌશિકભાઈ એસ. પટેલ અને તેમનાં પત્નીને સન ૨૦૧૪માં પ્રમુખસ્વામી મહારાજ રોબિન્સવિલમાં પધાર્યા હતા ત્યારે તેઓના પ્રથમ દર્શનમાં જ દિવ્યતાનો અનુભવ થયો ત્યારથી સત્સંગમાં જોડાઈ ગયા. જ્યારે તેમણે જાણ્યું કે અક્ષરધામની સેવામાં લાંબા સમય માટે સ્વયંસેવકોની જરૂર છે ત્યારે ઘરસભામાં દંપતીએ વિચાર્યું કે આવી સેવા ફરીથી નહીં મળે તેથી અક્ષરધામની સેવામાં જોડાઈ જઈએ, પરંતુ ધીકતો ચાલતો ત્રણ ફાર્મસીનો બિઝનેસ હતો, તેમાંથી નીકળવું કેવી રીતે? આથી માણસોના ભરોસે બિઝનેસ છોડીને તેઓ સેવામાં હોમાઈ ગયાં. તેઓ કહે છેઃ 'સેવાથી મારો સ્વભાવ સુધરી ગયો છે. અને સત્સંગમાં વધારે જોડાણ થયું છે. ખરેખર સ્વામી-શ્રીજી યોગ-ક્ષેમનું વહન કરે છે.'

રાલે(નોર્થ કેરોલિના)ના અક્ષર પટેલ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં ડિગ્રી મેળવીને પોતાના મોટેલ બિઝનેસ જોડાયા છે. તેઓ પ્રથમ બે અઠવાડિયાં માટે સેવા કરવાની તત્પરતા દાખવીને સેવામાં જોડાયા. પણ સેવામાં આનંદ આવવાથી છ મહિના સેવા કરવાનું નક્કી કર્યું. સેવાનો ઘણો જ મહિમા સમજાયો. પછી તો નિશ્ચય કર્યો કે ઉદ્‌ઘાટન થાય ત્યાં સુધી સેવા કરવી છે. આમ એક વર્ષ ઉપરાંત સેવા કરી. તેઓ કહે છેઃ 'સંતો-ભક્તો સાથે સેવા કરવાનો આનંદ કંઈક અનેરો છે. આ સેવા એક ભવ્ય કાર્ય માટે થાય છે.'

હાર્ટફર્ડ ક્નેક્ટિકટમાં રહેતા અમરીશભાઈ હૉટલ વ્યવસાય કરે છે. તેમના બે પુત્રો પૈકી એક પુત્ર કૉલેજનું પ્રથમ વર્ષ પૂર્ણ કરીને સેવામાં જોડાયા છે. પોતાનો હૉટલ વ્યવસાય નોકરી કરી રહેલાં પત્નીને સોંપીને અમરીશભાઈએ પણ સેવામાં ઝંપલાવ્યું. પત્નીએ નોકરીમાંથી રાજીનામું આપીને હોટેલનો વ્યવસાય સંભાળી લીધો. અમરીશભાઈ કહે છે, 'એકવાર હું પ્રમુખસ્વામી મહારાજ સાથે વિચરણમાં હતો ત્યારે બીમાર પડ્યો હતો ત્યારે સ્વામીશ્રીએ ખૂબ કાળજી રાખી હતી. સ્વામીશ્રીએ બધાને રાજી કર્યા છે. હવે તેઓના સંકલ્પમાં આપણે ભળી જવાનું છે.' અમરીશભાઈ અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ થઈ જાય તે માટે નિત્ય એકવીસ માળા જાપ પણ છેક સુધી કરતા રહ્યા.

શ્રી ધ્રુવેશ પટેલ (કોલંબિયા, સાઉથ કેરોલિના) એક ટેક્નિશિયન તરીકે પોતાની ઉજ્જ્વળ કારકિર્દી ઘડી રહ્યા છે. સાથે સાથે મોટેલ મૅનેજમૅન્ટના ક્ષેત્રે પણ પ્રગતિ કરી રહ્યા છે. પોતાના પરિવારને પોતાનો વ્યવસાય સોંપીને તેઓ પણ કળશ ચડી જાય ત્યાં સુધી સેવા કરવાના સંકલ્પ સાથે સમર્પિત થઈ ગયા.

શાર્લોટના ફાલ્ગુન શૈલેશભાઈ પટેલ પણ હૉટેલ-મૉટેલ વ્યવસાય ધરાવે છે. અક્ષરધામના નિર્માણ માટે સ્વયંસેવકોની જરૂર પડતાં પત્નીને વ્યવસાય સોંપીને પરિવારજનોના સહકારથી સેવામાં લાગી ગયા. દિવસભર સેવાની સાથે અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે વિશેષ માળા ફેરવવાનો પણ તેમણે નિયમ લીધો હતો. ફાલ્ગુનભાઈ કહે છેઃ 'અહીં સેવા કરતાં બધાને ફક્ત સ્વામીશ્રીના રાજીપાનો જ વિચાર છે. કર્તાપણું તો સ્વામીશ્રીનું જ છે. સંધ્યા સમયે

થોડું થાકી જવાય પણ સવારે ઊઠીએ ત્યારે તાજા. સખત ઠંડીમાં સંતો, સાધકોને સેવા કરતાં જોઈને અત્યંત મહિમા થાય છે. બધું અદ્‌ભુત છે.'

કોલંબિયાના હર્ષ નીલેશભાઈ પટેલ સ્ટોર ધરાવે છે. પરંતુ તેમને સેવા કરવાની ઇચ્છા હોવાથી પત્ની અને માતા-પિતાને આ ઇચ્છા જણાવી. પરિવારજનોએ સ્ટોરની જવાબદારી લઈ લીધી અને તેઓ ફેબ્રુઆરી-૨૦૨૨થી છેક પ્રાણપ્રતિષ્ઠા સુધી સેવામાં જોડાયા અને ભગવાનની દયાથી ત્યારથી સ્ટોરની આવક પણ વધી ગઈ!

હિતેશ કનુભાઈ પટેલ કોલંબિયામાં રહે છે. તેમને એક દીકરી પણ છે. હજુ તો બે વર્ષ પૂર્વે જ અમેરિકામાં આવ્યા છે તેથી અત્યારે સાસરી પક્ષના સભ્યો સાથે મોટેલ બિઝનેસમાં કાર્યરત છે. પરંતુ પત્નીના સહયોગથી હિતેશભાઈ પ્રતિષ્ઠા સુધીની સેવામાં જોડાઈ ગયા. તેઓ કહે છે કે 'અહીં સેવારત ઉત્સાહી સ્વયંસેવકોને જોઈને થાક લાગતો જ નથી. પ્રાર્થના કરવાથી કોઈ મુશ્કેલી કે પ્રશ્નો નથી આવતા.'

આર્કિટેક્ટ અને કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી ધરાવતા કીર્તન કિરીટભાઈ અક્ષર (એટલાન્ટા, જ્યોર્જિયા) વર્ષ ૨૦૧૬થી અક્ષરધામમાં સેવા કરે છે. માતા-પિતા પણ અક્ષરધામની સેવામાં જોડાયાં છે. કીર્તનભાઈ કન્સ્ટ્રક્શન કંપનીમાં નોકરી કરે છે. ત્યાંથી તેમને રાજીનામું આપવાની જરૂર ન પડી, કારણ કે કંપનીના માલિકે તેમને નોકરી સાથે સેવા કરવાની છૂટ આપી. કીર્તનભાઈ કહે છે કે 'સ્વામીશ્રીએ મારી કારકિર્દી કંડારી છે. મારી ફરજ છે કે મારે સેવા કરવી જોઈએ. અહીં સેવાનો અદ્‌ભુત આનંદ મળે છે.'

પોતાનાં મોટાં ભાગ્ય માનીને સેવા કરતા તેમના પિતાશ્રી કિરીટભાઈ તો સપ્ટેમ્બર-૨૦૨૧થી અક્ષરધામમાં સેવારત છે. તેમણે સેવા દરમ્યાન અક્ષરધામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાને મનગમતાં ચીઝ, પિત્ઝા વગેરે નહીં ખાવાનું વ્રત લીધું હતું. કિરીટભાઈ કહે છે કે 'પ્રમુખસ્વામી મહારાજનું હેત ક્યારેય ભુલાય તેમ નથી અને તેમનું ઋણ પણ મારાથી ચૂકવી શકાય તેમ નથી.'

કેન્યાથી કમ્પ્યૂટર સાયન્સનો વિશેષ અભ્યાસ કરવા અમેરિકા આવેલા પીટ્સબર્ગના વિદ્યાર્થી શ્રી સૌમિલ પટેલ ડિસેમ્બર-૨૦૨૧માં ગ્રેજ્યુએટ થયા, પછી તરત જ અક્ષરધામની સેવામાં જોડાઈ ગયા. વળી, અમેરિકામાં ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને ગ્રેજ્યુએટ થયા પછી ત્રણ મહિનામાં નોકરી મળે તો અમેરિકામાં રહી શકાય. નહીં તો પાછા જવું પડે એ પણ નિયમ અનુસાર શરૂઆતમાં એક મહિનો સેવા કરી, પરંતુ એચ-૧ વિઝા મળ્યા એટલે એક વર્ષ સુધી સેવા કરવાનો દૃઢ નિર્ધાર કર્યો!

## વિદ્યાર્થીઓ, જેમણે સેવા માટે ભણતર મોડું કર્યું...

અક્ષરધામના નિર્માણકાર્યમાં સૌથી વધુ જોડાયા હતા – વિદ્યાર્થી યુવક-યુવતીઓ. અમેરિકાની જગવિખ્યાત યુનિવર્સિટીઓમાં પ્રતિષ્ઠિત ડિગ્રીઓ ધરાવતા આ વિદ્યાર્થી યુવક-યુવતીઓ પોતાના અભ્યાસમાંથી બે વર્ષ, એક વર્ષ કે છ મહિના જેવી લાંબા સમયની વિધિવત્ રજા મેળવીને કઠોર પરિશ્રમવાળી સેવામાં હોમાઈ ગયા હતા.

એટલાન્ટા, જ્યોર્જિયાના ૨૨ વર્ષીય ભાવિક રાવલને કૉલેજનો અભ્યાસ મુલતવી રાખીને અક્ષરધામનું ઉદ્‌ઘાટન થાય ત્યાં સુધી સેવા કરવાની અંતરની ઇચ્છા હતી. માતાપિતાએ સંપૂર્ણ સંમતિ આપી અને તે સેવામાં હોમાઈ ગયો. તે એક પ્રોફેશનલ પાઇલટ તરીકે પણ ઉજ્જ્વળ કારકિર્દી ધરાવે છે. તે કહે છે કે, 'સેવામાં મને ઘણો આનંદ આવે છે. સેવા કરનાર હરિભક્તો જ જાણે કુટુંબી હોય તેમ લાગે છે. નવા મિત્રો મળ્યા છે. સેવામાં આવવાથી સારા સંગે કુસંગ ટળી ગયો અને સાથે કુટેવો પણ ગઈ. આ સેવાથી મારું જીવન-પરિવર્તન થયું છે.'

બોસ્ટનના શિવ વીરેન્દ્રભાઈ પટેલે બિઝનેસ એનાલિસિસમાં માસ્ટર તરીકની ડિગ્રી લીધા પછી વધુ અભ્યાસ કે નોકરી શરૂ કરવાના બદલે અક્ષરધામમાં પ્રતિષ્ઠા સુધી સેવામાં જોડાવાનું પસંદ કર્યું. તેમના પિતાશ્રી પણ સેવામાં છે. તેમને નાની ઉંમરમાં ટાઈપ વન ડાયાબિટીસ થયો છે. શિવ અક્ષરધામમાં જગતીના પથ્થરકામની સેવામાં જોડાયા. તે કહે છે કે, અક્ષરધામની સેવા તો જિંદગીમાં એક જ વાર મળે છે અત્યારે તો સ્વામીશ્રીને રાજી કરી લેવા છે.

૧૯ વર્ષના નવયુવાન વંશ પટેલ ન્યૂજર્સીની પ્રસિદ્ધ રટગર્સ કૉલેજમાં એન્જિનિયરિંગના અભ્યાસમાં પ્રથમ વર્ષ પૂર્ણ કરીને સેવામાં જોડાઈ ગયો. માતા-પિતા પણ પુત્ર અક્ષરધામની સેવામાં જોડાયો તેથી બહુ જ રાજી છે.

કોલંબિયા, સાઉથ કેરોલિનામાં ફાર્માસિસ્ટનો અભ્યાસ કરતા યશ મૂકેશકુમાર પટેલે સ્વામીશ્રીનો અક્ષરધામની સેવાનો આદેશ સાંભળ્યો. તેમણે માતા-પિતાને વાત કરી. માતા-પિતાએ પણ સેવામાં જોડાવાની પ્રેરણા આપી. આથી યશે જાન્યુઆરી-૨૦૨૨થી સેવામાં ઝંપલાવી દીધું. યશ કહે છે: 'પ્રમુખસ્વામી મહારાજે કેટલાં બધાં કષ્ટ વેઠીને હરિભક્તોને રાજી કર્યા છે. તો હવે મારે પણ અક્ષરધામની સેવા કરવી જ જોઈએ. અહીં ઘર જેવું જ વાતાવરણ છે.'

૨૧ વર્ષીય ધ્રુવ મૂકેશભાઈ અમીન સિનસિનાટી શહેરમાં આર્કિટેક એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યો છે. તે અભ્યાસ મુલતવી રાખીને સેવામાં સમર્પિત થઈ ગયો. માતાપિતાની પ્રેરણાથી ધ્રુવ અને મોટાભાઈ વિવેક પણ

## તમને ખબર નથી કે તમે શું કર્યું છે, તમે બધાએ કમાલ કરી છે...

અક્ષરધામના નિર્માણમાં યાહોમ થનારા સ્વયંસેવકોને જ્યારે જ્યારે આશીર્વાદ આપવામાં આવ્યા ત્યારે સ્વામીશ્રી ભાવવિભોર બની જતા હતા. રોબિન્સવિલ ખાતે નાના-મોટા અનેક પ્રસંગોમાં સ્વામીશ્રીએ સ્વયંસેવકો પર વરસાવેલાં આશીર્વચનોમાંથી કેટલાંક અમૃતબિંદુઓઃ

- તમે બધા સ્વયંસેવકોએ કમાલ કરી દીધી છે, નહીં તો આ પૂરું ના થાત. બધા એવા મંડી પડ્યા એવા મંડી પડ્યા કે ધન-ધામ-કુટુંબ-પરિવાર બધું, તન-મન-ધન યાહોમ કરી દીધું, તો આ પરિણામ આવ્યું છે. તમે બધાએ ખૂબ મહેનત કરી છે, સંપ-સુહૃદભાવ-એકતા રાખીને. જે યોગીબાપાનું સૂત્ર છે એ પ્રમાણે કર્યું છે. કહેવું સહેલું છે, પણ ભેગા રહીને સેવા કરવી એ સહેલું નથી. અને આનંદ આનંદ, બધાને આ સેવામાં આનંદ થયો. કોઈ મોળી વાત નહીં, કોઈ મોળા શબ્દો નહીં ને અખંડ ખૂબ આનંદ! હું ખાલી કલ્પના કરતો હતો કે - કેવું હશે? શું હશે? પણ આજે મૂર્તિમાન જોયું એટલે ખૂબ આનંદ થયો. ખૂબ ખૂબ આનંદ! ખૂબ ખૂબ ખૂબ આનંદ થયો!! (તા. ૮-૭-૨૩)
- તમે લોયાનું ત્રીજું વચનામૃત સિદ્ધ કર્યું છે!

ધન-ધામ-કુટુંબ-પરિવાર બધું યાહોમ કરીને સેવા કરી છે, છતાંય મહારાજ-સ્વામીના દાસ થઈને રહ્યા છો. એટલે શ્રીજીમહારાજ એટલા રાજી રાજી રાજી થયા છે કે



શ્રીજીમહારાજ આશીર્વાદના ઢગલા કરી દે છે. આનંદ આનંદ, શાંતિ રહેશે. આ તમને ખબર નથી કે તમે શું કર્યું છે? તમે બધાએ કમાલ કરી છે. ખરેખર, આ ખેલ નથી, તમે યાહોમ કરી દીધુંઃ લોયાના ત્રીજા વચનામૃત પ્રમાણે. ખરેખર! અહીં જે સેવામાં આવ્યા છે તેમના પરિવારના બીજા સભ્યોએ વ્યવસાય, ઘરની જવાબદારી વગેરે ઉપાડી લીધાં, ત્યારે આ બધા અહીં આવીને સેવામાં જોડાઈ શક્યા. તો પરિવારજનો માટે શ્રીજીમહારાજ એ જ આશીર્વાદ આપે છે. (તા. ૧૧-૭-૨૩)

- આપ બધા સેવા કરો છો એનું ફળ ભગવાન જ આપશે. બીજા કોઈ નહીં આપી શકે. બીજાની તાકાત નહીં. જે સમર્પિત ભાવથી તમે સેવા કરો છો એ બેનમૂન છે. આ અક્ષરધામમાં તો ખરેખરી સેવા થઈ છે. (તા. ૧૨-૮-૨૩)
- અક્ષરધામ તો 'ન ભૂતો, ન ભવિષ્યતિ થશે.' હરિભક્તો-યુવકોના સમર્પણથી તો બધા ઘા ખાઈ જાય છે કે આવા ભણેલા-ગણેલા, કોઈ વેતન-પગાર નહીં, કોઈ માગણી નહીં, ખાલી નિઃસ્વાર્થપણે સેવા કરે છે. આપ બધાએ પણ એવી સેવા કરેલી છે, કરો છો અને કરવાના છો. તો બધાને ધન્યવાદ આપવામાં આવે છે. (તા. ૨૬-૮-૨૩)
- બધાને આશીર્વાદ... તમે જે રીતે મંડ્યા છો, એ રીતે કાર્ય સર્વોપરિ થશે. તમને આશીર્વાદ તો છે જ - ભગવાનનું કાર્ય કરો છો અને ભગવાન બધું જ જાણે છે, રાઈ રાઈ અને પળ પળ. મહારાજ તમારા પર વારી ગયા છે, શબ્દો નથી. બાઈ-ભાઈ બધાં ખૂબ મંડી પડ્યાં છે... બસ, કાંઈ શબ્દો નથી. જય સ્વામિનારાયણ! (તા. ૨૮-૮-૨૩)

અક્ષરધામમાં સેવા માટે આવી પહોંચ્યા. ધ્રુવ કહે છે કે 'પ્રમુખસ્વામી મહારાજનું ઋણ અમારા કુટુંબ ઉપર ચૂકવી શકાય તેમ નથી. તેમની સેવા કરવાની આવી અમૂલ્ય તક ફરી ક્યારેય નહીં મળે. અહીં સેવારત સૌ સારા મિત્ર થઈ જાય છે. કોઈને ચિંતા નથી. બધાને મનની શાંતિ છે.'

૨૧ વર્ષીય જૈનીલ ભરતભાઈ પટેલ (ચેરીહિલ ન્યૂજર્સી) કમ્પ્યૂટર સાયન્સના ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે. તેમના પરિવારના બધા જ સભ્યો સેવામાં જોડાઈ ગયા હતા. તેઓને પણ સેવાની તક સાંપડતાં અભ્યાસ ગૌણ કરીને એપ્રિલ-૨૦૨૨થી સેવામાં જોડાઈ ગયા. પ્રવેશચોકીના પથ્થરની સેવા કરી રહેલા તેઓ કહે છેઃ 'પહેલાં ગુણાતીત ગુરુવર્યોએ કરેલી સેવાના પ્રમાણમાં અત્યારે સેવા કરવી ખૂબ

સરળ છે. અહીં સેવામાં સુખ છે કારણ કે ભગવાન પ્રગટ છે!'

જય સુભાષભાઈ પટેલ અને જય વિપુલભાઈ પટેલ બોસ્ટનમાં કૉલેજના ચોથા વર્ષમાં અભ્યાસ કરે છે. જાન્યુઆરી-૨૦૨૨માં પહેલાં તો છ મહિના માટે સેવામાં જોડાયા હતા, પરંતુ વધારે સેવા કરવાની ઇચ્છા થઈ એટલે અક્ષરધામ નજીક એક એપાર્ટમેન્ટ ભાડે લઈને તેમાં મિત્રો સાથે રહેવા આવી ગયા. તેમને એક નાની આવક થતી હોવાથી આર્થિક રીતે બધું ગોઠવાઈ ગયું. અહીં જાન્યુઆરી માસની કાતિલ ઠંડીમાં પણ સંતો, સાધકો અને હરિભક્તોને સેવા કરતા જોઈને ખૂબ પ્રેરણા મળી. જયભાઈએ અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય ત્યાં સુધી કેન્ડી, ચોકલેટ ન ખાવાનો નિયમ પણ ગ્રહણ કર્યો હતો.

શિકાગોમાં મોલેક્યુલર બાયોલોજીમાં ગ્રેજ્યુએટ મિહિર પટેલ વધુ અભ્યાસ મુલતવી રાખીને સેવામાં ઑગસ્ટ-૨૦૨૨થી હરખભેર અક્ષરધામમાં પથ્થરો સાફ કરવાના અને વાટા પૂરવાની સેવામાં જોડાઈ ગયા. તેઓ કહે છે કે 'હરિભક્તો સેવાની સાથે અભ્યાસ અને કારકિર્દી ઘડતરમાં પણ એકબીજાને મદદરૂપ બને છે. મિત્રો બનતા સૌ વચ્ચે સંપની ભાવના વધે છે. ગુણગ્રાહક દૃષ્ટિ વધે છે. હું બહુ જ નસીબદાર છું કે મને મારા ગુરુની ઇચ્છા પૂરી કરવાની, તેમને રાજી કરવાની તક મળી.'

## એ સ્વયંસેવકો, જેમણે સ્વાસ્થ્યની પરવા ન કરી...

કેટલાય સ્વયંસેવકો એવા પણ હતા જેમને નાની મોટી શારીરિક તકલીફો હતી. આમ છતાં પોતાની તકલીફોને ગણકાર્યા સિવાય સેવામાં સમર્પિત થઈ ગયા. સેવાનું સંચાલન કરતા સૂત્રધારોએ તેમને વારંવાર સેવા ન કરવા માટે સમજાવ્યા પણ ખરા. પરંતુ તેઓ એટલા લાગણીશીલ હતા કે આખરે તેમની સેવાની ભાવનાનો વિજય થયો.

૨૬ વર્ષીય યુવક નીલ પટેલ(હાર્ટફર્ડ, કનેક્ટિકટ)ને ઘણી શારીરિક તકલીફો છે, પરંતુ સેવાનો ઉત્સાહ જરાય નબળો નથી. તેઓ કહે છે કે સ્વામીશ્રીએ પોતાના ગુરુનો સંકલ્પ પૂર્ણ કરવા કેટલું બધું કષ્ટ સહન કર્યું, તેનો વિચાર કરતાં જ બળ મળી રહે છે. શારીરિક તકલીફોને કારણે શરીર થાકી જાય છે, પણ સેવા કરવાની ઘણી મજા આવે છે.

એડિસન, ન્યૂજર્સી રહેતા શ્રી સુધાંશુભાઈ પટેલને કેન્સર હતું, પરંતુ ભગવાનની દયાથી સારું થઈ ગયું અને તેઓ સેવામાં સમર્પિત થઈ ગયા. અક્ષરધામમાં તેઓ ટ્રક ચલાવવાની સેવા કરીને મહાકાય પથ્થરો અને પેલેટોની હેરફેર કરવામાં લાગી ગયા.

સાન હોઝે(કેલિફોર્નિયા)માં રહેતા અક્ષરભાઈ પટેલ સાન હોઝેમાં સિસ્કો સિસ્ટમના સિક્યોરિટી પ્રોડક્ટ લીડ મૅનેજર છે. તેઓ અક્ષરધામમાં સેવામાં આવ્યા હતા, પરંતુ તેમને ભાગે કોંક્રીટ રીબારની ટીમમાં સેવાઓ આવી હતી. મહાશિખર પર વુડવર્ક-ફોર્મવર્ક લાકડાંને કાપીને બનાવવાનાં હતાં, તેની સેવા પણ કરી હતી. અક્ષરભાઈ કહે છે, 'મને ડસ્ટ-ધૂળની એલર્જી હતી, તેથી સેવામાં આવતાં પહેલાં ચિંતા થતી, પણ સ્વામીશ્રીની કૃપાથી કોઈ તકલીફ થઈ નથી.'

ન્યૂયોર્કમાં લોંગઆઈલેન્ડમાં રહેતા દિનેશભાઈ ડી. પટેલ પરિવારના સભ્યોની સંમતિ લઈને હર્ષપૂર્વક અક્ષરધામની સેવામાં આવ્યા ત્યારે તેમને કમરમાં ઘણો દુખાવો રહેતો હતો. તેથી સેવા નહીં થાય એવા વિચારથી મનમાં ઉદ્વેગ થયા કરતો હતો. તેથી સ્વામીશ્રીને પ્રાર્થના કરીને સર્જરી કરાવી અને થોડી થેરાપીના અંતે તેમને સારું થયું. એટલે મે-૨૦૨૨થી ફરીથી સેવામાં જોડાઈ ગયા. સર્જરીને કારણે દાદરા ચઢવા ઊતરવામાં ઘણી તકલીફ પડતી હતી, પરંતુ બીજા હરિભક્તોને સેવા કરતા જોઈ ખૂબ બળ મળતું અને અંદરથી પ્રેરણા મળતી કે આ છેલ્લો અવસર છે. ભલે દેહ હા પાડે કે ના પાડે, પણ અક્ષરધામ પૂરું ન થાય ત્યાં સુધી આ સેવા ચાલુ રાખવી જ છે. આ દૃઢ સંકલ્પ સાથે તેઓ શ્રમવાળી સેવા ઉત્સાહપૂર્વક કરતા રહ્યા.

વૉશિંગ્ટન ડી.સી.માં રહેતા રમેશભાઈ જી. રાવ (ઉં.૭૩) માર્ચ-૨૦૧૮થી રોબિન્સવિલ અક્ષરધામની સેવામાં આવ્યા અને પ્રતિષ્ઠા સુધી સેવામાં ખૂબ પુરુષાર્થ રત રહ્યા. ઘૂંટણની સર્જરીને કારણે વચ્ચે છ મહિના સેવા કરી શક્યા નહીં, પરંતુ ફરી પાછા સેવામાં જોડાઈ ગયા. બીજા ઘૂંટણની સર્જરી પ્રતિષ્ઠા પછી ઠેલીને પોતાનાં બંને પુત્રો અને પુત્રવધૂઓએ સાથે તેમણે અક્ષરધામમાં નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી.

અક્ષરધામની સેવામાં આવેલા ઘણા સ્વયંસેવકો એવા હતા કે તેઓ પોતાના ક્ષેત્રમાં નાની મોટી સત્સંગ-સેવાઓની અન્ય જવાબદારી પણ સંભાળતા હતા. આથી અક્ષરધામની સેવા દરમ્યાન સમય કાઢીને પોતાના ક્ષેત્રની સોંપવામાં આવેલી સત્સંગ-સેવામાં પણ ક્યાંય ચૂક રહી ન જાય તેવી કાળજી તેઓ રાખતા.

શ્રી બ્રિજેશભાઈ કે. પટેલ (વૉશિંગ્ટન ડી.સી.) મે-૨૦૨૨ થી ઑગસ્ટ-૨૦૨૩ સુધી સેવામાં જોડાયા હતા. સવારના ૮:૩૦ વાગે તેમની ટીમને આખા દિવસની સેવાનું કામ સોંપાઈ જાય અને દિવસ દરમ્યાન પોતાની સેવા પૂર્ણ કરે. તેઓ અઠવાડિયામાં બે દિવસ વૉશિંગ્ટન ડી.સી. જઈ મંદિરે રવિસભા ભરે. સત્સંગ નેટવર્ક કો-ઓર્ડિનેટર તરીકેની સેવાની જવાબદારી નિભાવે, ફરી પાછા સેવામાં જોડાઈ જતા.

સન ૨૦૧૭થી અક્ષરધામમાં કન્સ્ટ્રક્શનની નાની મોટી સેવાઓમાં સમર્પિત નીલ પટેલ(બફેલો) તો સેવા માટે જ

પત્ની સાથે રોબિન્સવિલ રહેવા આવી ગયા પછી, દર શનિવારે લગભગ ૭ કલાકનું ડ્રાઈવિંગ કરીને બફેલો જાય અને સત્સંગ મંડળનું સંચાલન કરીને બીજા દિવસે ૭ કલાકનું ડ્રાઈવિંગ કરીને પાછા અક્ષરધામની સેવામાં હોમાઈ જાય.

સોફ્ટવેર એન્જિનિયર અલ્પેશભાઈ કે. પટેલ રોબિન્સવિલમાં સભા કો-ઑર્ડિનેટર છે. તેઓએ છ મહિનાથી અક્ષરધામની સેવામાં જોડાઈને મહોત્સવના અંતિમ દિવસ સુધી સેવા કરી હતી. તેઓ સવારે છ વાગે સેવામાં આવી જતા અને લંચ ટાઈમ સુધી સેવા કરતા. ત્યારપછી નોકરીએ જતા. નોકરી બાદ તેઓ ફરી સાંજના સેવામાં આવી જતા. સંતોના માર્ગદર્શન હેઠળ તેમણે વિવિધ સ્તરે ખૂબ સેવા કરી છે. અને છેલ્લા ચાર મહિના તો અતિ પરિશ્રમવાળા પથ્થરના પેલેટો તોડવાની અને ભરવાની સેવા કરી હતી. તેમનાં ધર્મપત્ની પણ અક્ષરધામનો પ્રોજેક્ટ શરૂ થયો ત્યારથી રોજના ૧૨-૧૪ કલાક સેવા કરતાં હતાં.

છેલ્લાં ૨૪ વર્ષથી વરમોંટમાં રહેતા ૫૭ વર્ષીય ઈશ્વરભાઈ પટેલ અઢી કલાક ડ્રાઇવ કરીને છેલ્લાં બાવીસ વર્ષથી બોસ્ટન મંદિરે નિયમિત સત્સંગ સભા ભરે છે અને મહિમા સાથે સેવાકાર્યોમાં જોડાય છે. દર શનિ-રવિ બોસ્ટનનું સત્સંગ મંડળ રોબિન્સવિલ સેવા કરવા આવે ત્યારે ઈશ્વરભાઈ પણ હંમેશાં સેવામાં અગ્રેસર હોય. તેમણે સરભરા, લેન્ડ-સ્કેપિંગ અને પથ્થર કાપવાની અલગ અલગ સેવાઓમાં સેવાઓ કરી હતી.

એક એગ્રિકલ્ચરિસ્ટ તરીકે ભારતમાં અને ત્યારબાદ અમેરિકામાં હેલ્થ કેરના વ્યવસાયમાં કાર્યરત લાલજીભાઈ ટી. પોકલ ઑગસ્ટ-૨૦૨૧માં નિવૃત્ત થઈને જર્સીસિટીનું ઘર વેચીને તેમનાં ધર્મપત્ની સાથે તેઓ અક્ષરધામની સેવા કરવા માટે રોબિન્સવિલ સ્થાયી થઈ ગયા. અક્ષરધામ સાઈટ ઉપર સ્વયંસેવકો જે ટ્રેલરોમાં રહે છે તે ટ્રેલરોના મેન્ટેનન્સની સેવા મહિમાપૂર્વક કરીને તેમણે સ્વયંસેવકોને રાજી કર્યા. સવારે આઠ વાગ્યાથી સેવા શરૂ કરે તે મોડી રાત સુધી સેવામાં રત રહેતા લાલજીભાઈ હંમેશાં ઉત્સાહથી થનગનતા હોય.

વ્યક્તિગત રીતે કે પરિવાર સાથે સ્વયંસેવકો સેવા માટે જોડાતા હતા તેમ, સમગ્ર સત્સંગ મંડળ સાથે પણ સ્વયંસેવકો જૂદી જૂદી સેવાઓમાં જોડાતા હતા. જેમ કે, ચેરિહિલ, ફિલાડેલ્ફિયા, બોસ્ટન, એડિસન, લોંગઆઈલેન્ડ, વેસ્ટ ચેસ્ટર, ન્યૂયોર્ક જેવાં નાનાં મોટાં અનેક આજુબાજુના સત્સંગ મંડળો જુદા જુદા સમયે જુદી જુદી સેવાઓમાં હોંશે હોંશે દોડી આવે. જેમ કે, જ્યારથી અક્ષરધામનું બાંધકામ શરૂ થયું ત્યારથી સ્કેફોલ્ડિંગ ઊભું કરવા માટે ફિલાડેલ્ફિયા સત્સંગ મંડળ હંમેશાં ઉત્સાહથી સેવા કરતું રહ્યું. નાની મોટી અનેક શ્રમભરી સેવાઓ માટે નોર્થ કેરોલિનાથી કિરણભાઈ પટેલ (ડૉ. કે. સી. પટેલના સુપુત્ર) અને તેમની ટીમ સેવામાં દોડી આવે. સ્વયંસેવકોને રહેવાના ટ્રેલર હોમની સફાઈ માટે વેસ્ટચેસ્ટર કે લોંગઆઈલેન્ડના હરિભક્તો નિયમિત દર અઠવાડિયે આવતા રહે. એ જ રીતે છેક બોસ્ટનથી લાંબું ડ્રાઈવિંગ કરીને સ્વયંસેવકો સેવા માટે પહોંચી જાય. સ્વયંસેવકોની ભોજન વ્યવસ્થા તો સુંદર રીતે ગોઠવાયેલી જ હતી, પરંતુ તે ઉપરાંત તેમને સમયે સમયે વિવિધ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ઉપાહાર આપીને રાજી કરવા માટે ચેરીહિલ મંડળ શ્રી રોહિતભાઈ પટેલના નેતૃત્વમાં હંમેશાં થનગનતું હોય.

અક્ષરધામના સ્વયંસેવકોની ગાથા અનંત છે. રેકર્ડમાં નોંધાયેલા ૧૨,૫૭૬ સ્વયંસેવકો અને રેકર્ડમાં વિધિવત્ ન નોંધાયેલા અન્ય સેંકડો સ્વયંસેવકોએ પણ અક્ષરધામના નિર્માણમાં જે યોગદાન આપ્યું છે તે ક્યારેય શબ્દોમાં વ્યક્ત કરી શકાશે નહીં. અહીં જે પ્રસંગો પ્રસ્તુત કર્યા છે તે તો મહાસાગરના માત્ર એક બુંદ સમાન છે. વળી, મહિલા સ્વયંસેવકોનાં આવાં જ સમર્પણોની અને તેમની સેવાઓની ગાથા પણ આવી જ વિરાટ છે. સંસ્થાનાં ‘પ્રેમવતી’ સામાયિકમાં તેની વિસ્તૃત વિગતો માણી શકીશું. એ સૌ સ્વયંસેવકોનું સ્મરણ કરીને એમને પ્રણિપાત કરવા જ રહ્યા.

આ સ્વયંસેવકોના સમર્પણ પર મહંત સ્વામી મહારાજ એવા ઓવારી ગયા હતા કે તેમણે સંતોને જણાવ્યું કે અક્ષરધામમાં સ્વયંસેવકો જ્યાં જ્યાં સેવા કરે છે ત્યાંની રજ મારી પાસે લાવજો. તેઓની ઇચ્છાનુસાર થાળીમાં અલગ અલગ સ્થાનોની રજ ભરેલી કટોરીઓ લાવવામાં આવી. નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું: આ રજ આપ માથે ન ચઢાવતા એટલી વિનંતી છે! પ્રસાદીની કરી દો.

પરંતુ ‘ક્યાં ક્યાંની રજ છે?’ તે દર્શાવવા સેવક રજની થાળી નજીક લાવ્યા ત્યારે સ્વામીશ્રીએ પ્રત્યેક કટોરીમાં આંગળી બોળી ને સ્વયંસેવકોની એ ચરણરજ પોતાના મસ્તકે ચઢાવી!!! સંતો-સ્વયંસેવકોની આંખોમાં આંસુ આવી ગયાં. આ તે કેવું કહેવાય? ગુરુ શિષ્યોની ચરણરજ માથે ઘસે!!!

અક્ષરધામના ઉદ્‌ઘાટન પછી સ્વામીશ્રી ભારત પધારી રહ્યા હતા ત્યારે માર્ગમાં ઉત્તમયોગીદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું: ‘આપને આ યાત્રામાં સૌથી વધુ શું સ્પર્શી ગયું?’

સ્વામીશ્રી કહે: ‘સમર્પણ! એ ખરેખર ભુલાય એમ નથી!’

હા, જે ઈતિહાસનાં પૃષ્ઠોમાંથી કે સત્પુરુષના હૃદયમાંથી ક્યારેય વીસરાશે નહીં એવી સદા અમરતા ધરાવતા આ સ્વયંસેવકોની ગાથા ગાતાં અક્ષરધામનાં શિખરો ગગનમાં એ સ્વયંસેવકોનો નાદ ગુંજાવતા રહેશે:

*‘એક ફૂલ અમારું સ્વીકારો, પ્રભુ અક્ષરધામને કાજે...’*

◆






## જ્યાં ૨૯,૦૦૦થી વધુ યજમાનોએ અર્પી ૮૦ લાખથી વધુ આહુતિઓ...

# શ્રી સ્વામિનારાયણ મહાયજ્ઞ

ભારતીય સંસ્કૃતિના રક્ષક અને સંવર્ધક ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે મહંત સ્વામી મહારાજે પણ યજ્ઞપરંપરાને વિશેષ પોષણ આપીને ઇષ્ટદેવ અને ગુરુવર્યની એ વિરલ જીવનભાવનાને વધુ એકવાર વિશ્વભરમાં પ્રસરાવી દીધી છે. વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ મુજબ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રોબિન્સવિલ ખાતે રચાયેલા અનુપમ કલામંડિત અક્ષરધામ મહામંદિરના પ્રાણપ્રતિષ્ઠા અવસરના ઉપક્રમે ૮૩ દિવસીય સુદીર્ઘ શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. અક્ષરધામ પરિસરમાં ભારતીય યજ્ઞ પ્રણાલિકા પ્રમાણે રચાયેલી ‘પ્રમુખસ્વામી મહારાજ યજ્ઞશાળા’માં યોજાયેલા આ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં ૨૯,૨૩૪થી વધુ યજમાનોએ વેદોક્ત યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને ૮૦,૦૦,૮૪૦થી વધુ આહુતિઓ અર્પણ કરી હતી. નિત્ય વેદમંત્રોના મંગલ ધ્વનિ વચ્ચે યજ્ઞકુંડમાં હોમાતાં પવિત્ર સમિધથી પ્રસરતો વાયુ વાતાવરણમાં દિવ્યતાની સૌરભ પ્રસરાવતો હતો. સાત સમંદર પાર અમેરિકન ધરતી પર આવા અભૂતપૂર્વ અને અત્યાર સુધીના સૌથી લાંબા સમયના મહાયજ્ઞનું દર્શન કરીને સૌ કોઈ નતમસ્તક બની જતા હતા. આવો, સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો જય જયકાર કરતા એ વિશ્વશાંતિ મહાયજ્ઞની ટૂંકમાં ઝાંખી પ્રાપ્ત કરીએ...





## ■ યજ્ઞનો પ્રારંભ

અનેક શાસ્ત્રો અને અનેક જ્યોતિષીઓ સાથે વિમર્શ અને અનુમતિ-સંમતિ લઈને આ યજ્ઞનો આરંભ ચાતુર્માસ પૂર્વે આષાઢ સુદ સપ્તમી તા. ૨૫-૬-૨૦૨૩ના દિનથી વિશિષ્ટ રીતે કરવામાં આવ્યો હતો. વિશિષ્ટ એટલા માટે કે કેનેડા ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ટોરન્ટો મંદિરના પ્રાંગણમાં સ્થાપિત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ પાસે સૂર્યનારાયણના તેજમાંથી સૂર્યકાંતમણિ(બિલોરી કાચ) વડે અગ્નિ-દીપ પ્રગટાવ્યો હતો, તે અખંડ દીપ લઈને કેનેડાથી સંતો અને હરિભક્તો તા. ૨૮-૬-૨૦૨૩ના રોજ અમેરિકા પધાર્યા હતા. આ જ અગ્નિ વડે યજ્ઞ પ્રજ્વલિત કરવામાં આવ્યો હતો. એ પૂર્વે તા. ૭-૭-૨૦૨૩ના રોજ યજ્ઞની ભૂમિનું પૂજન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા વડીલ સંતોની ઉપસ્થિતિમાં થયું હતું અને કાર્યકરોએ ૨૪ ચોરસ યજ્ઞકુંડ, ૯ અષ્ટકોણ યજ્ઞકુંડ અને ૧ મુખ્ય પદ્માકારનો યજ્ઞકુંડ, કુલ ૩૪ યજ્ઞકુંડ તૈયાર કર્યા હતા.

અક્ષરધામ પરિસરમાં રચાયેલી વિશાળ 'પ્રમુખસ્વામી મહારાજ યજ્ઞશાળા'માં સિંહાસનમાં વિરાજમાન અક્ષરધામ મહામંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની પ્રતિકૃતિ અને તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી પંચધાતુની ચલમૂર્તિ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના સાંનિધ્યમાં તા. ૧૯-૭-૨૦૨૩ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ આ સુદીર્ઘ યજ્ઞનો આરંભ કરાવ્યો હતો. તે નિમિત્તેનો પંચાંગ પૂજન, પુણ્યાહવાચન, મંડપપ્રવેશ, આચાર્ય ઋત્વિગ્ વરણ વગેરે પૂર્વવિધિ વડીલ સંતોએ પૂર્ણ કર્યો. ત્યારબાદ મહંત સ્વામી મહારાજે ૧૧:૪૩ વાગે વૈદિક પદ્ધતિ પ્રમાણે દીપમાં સ્થાપન કરેલા અગ્નિનું પૂજન કર્યું અને ઈશ્વરચરણદાસ સ્વામીએ તેને યજ્ઞકુંડમાં સ્થાપન કર્યો. તમામ યજમાનોના શુભ સંકલ્પો પૂર્ણ થાય તેવા સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા તથા સમગ્ર પૂજનસામગ્રીઓ પ્રસાદીભૂત કરી હતી.

## ■ યજ્ઞ સામગ્રીનું આયોજન

આ સુદીર્ઘ મહાયજ્ઞમાં ૨૯,૦૦૦થી વધુ યજમાનો યજ્ઞવિધિમાં પધારવાના હોઈ આયોજન પણ વિશાળ અને

વિશિષ્ટ હતું. સંસ્થાના વિદ્વાન સંત શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને સહાયક પરમદર્શન સ્વામી વગેરે અનુભવી સંતોએ યજ્ઞ માટેની જરૂરિયાત સામગ્રી એકઠી કરી. ભોજપત્રના કાષ્ટ ઉપરાંત સોળ સમિધ વગેરે વિવિધ સામગ્રીઓ સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓએ નોંધપાત્ર સેવા કરીને પૂરી પાડી હતી. કેટલીક તાજી સામગ્રી જેવી કે ફૂલહાર, ફળો, આંબા અને આસોપાલવનાં પાન, પંચામૃત વગેરે જરૂરિયાત મુજબ આજુબાજુનાં બી.એ.પી.એસ. મંદિરેથી લાવવામાં આવ્યાં હતાં. અમદાવાદથી શ્રી શૈલેશભાઈ પટેલ અને અન્યોએ આ સામગ્રીની સેવા ખૂબ ખંતથી કરી.

## ■ યજ્ઞમાં અનોખી સેવા

મહાયજ્ઞનો આરંભ થયો તે સાથે જ પૂર્વ આયોજન મુજબ નિત્ય અક્ષરધામના દર્શનાર્થે પધારતા હરિભક્તો આ મહાયજ્ઞનો લાભ પ્રાપ્ત કરતા હતા. મૂકેશભાઈ શાસ્ત્રી તથા વિપુલભાઈ શાસ્ત્રી, તપસભાઈ યાજ્ઞિક, યોગેશભાઈ યાજ્ઞિક, પરેશભાઈ જાની અને પ્રકાશભાઈ શુક્લે ભૂદેવ તરીકે સેવા કરી હતી.

૮૩ દિવસ સુધી ચાલેલા આ મહાયાગમાં કુલ ૮૦૦થી વધુ સ્વયંસેવક-સ્વયંસેવિકાઓએ નોંધપાત્ર સેવાઓ કરી હતી. કુલ ૩૪ યજ્ઞકુંડોમાં બેસનાર યજમાનોના સહાયક અને માર્ગદર્શક તરીકે નિત્ય ૧૧૦ સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓ સેવામાં જોડાતાં હતાં.

યજ્ઞશાળામાં સેવા આપતાં મહિલા-પુરુષ સ્વયંસેવકો નિશ્ચિત સમયે બદલાતાં હતાં. આ માટે દર વખતે કયા પ્રકારની સેવા કરવાની રહેશે અને કેવાં વસ્ત્રો પહેરવાનાં રહેશે ત્યાંથી લઈને તમામ વિષયોની ટ્રેનિંગ આપવામાં આવતી. સંતો સાથે જ્ઞાનગોષ્ઠિનું આયોજન થતું હતું. કેટલાક સ્વયંસેવકોએ સેવાની સાથે વ્રત, તપરૂપી વિશેષ નિયમો ગ્રહણ કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

સ્વામીશ્રીના પ્રાણપ્યારા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ રોજ યજ્ઞશાળામાં દર્શન આપવા પધારતા ત્યારે સૌ ભાવમય બની જતાં.

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર થતા વૈદિક યજ્ઞવિધિમાં રત રહીને અસંખ્ય યજમાનોએ કૃતાર્થતા અનુભવી હતી. યજ્ઞને અંતે અક્ષરધામની સ્મૃતિભેટ પ્રાપ્ત થતાં યજમાનો ખૂબ જ પ્રસન્ન થયા હતા.

અક્ષરધામ પરિસરની યજ્ઞશાળામાં વેદોક્ત યજ્ઞની સાથે સાથે બ્રહ્મકુંડ, મયૂરદ્વાર પાસે સ્થાપિત ચરણારવિંદ, સ્વાગત કક્ષ વગેરે વિવિધ પ્રકલ્પોના પૂજનવિધિ પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની રુચિ અને માર્ગદર્શન મુજબ શાસ્ત્રોક્ત રીતે થયા હતા. પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત જુદા જુદા દિવસોએ કળશ-પૂજન, ધજાદંડ પૂજન, પાર્ષદી અને ભાગવતી દીક્ષાવિધિ, પ્રાસાદ-વાસ્તુહોમ, તડાગોત્સર્ગ વિધિ, અક્ષરધામના ૧૨ ગર્ભગૃહોનું પિંડિકા પૂજન, મૂર્તિ સ્નપનવિધિ, મૂર્તિઓ પર સહસ્રધારા અભિષેક વગેરે અનેકવિધ વિધિઓ પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી, સંતો, મૂકેશભાઈ શાસ્ત્રી અને બ્રાહ્મણવૃંદે શાસ્ત્રોક્ત રીતે કરાવી હતી. ભારતથી આવેલા ભૂદેવોની સાથે સાથે અમેરિકાનાં વિવિધ હિન્દુ મંદિરોમાં સેવા આપતા છ વૈદિક વિપ્રોએ વિવિધ વૈદિક વિધિઓમાં સંમિલિત થઈને વિધિ કરાવ્યો હતો.

## ■ અન્ય વિધિઓ

તા. ૧-૧૦-૨૦૨૩ના રોજ યજ્ઞશાળામાં સવારે કુટીરહોમ યોજાયો હતો. તેમ જ અન્ય નવગ્રહના તથા પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓના મૂર્તિ, મૂર્તિપતિ, લોકપાલ વગેરેના હજારો સંખ્યામાં હોમ સતત ચાલુ રહ્યા હતા. ત્યાગાશ્રમની દીક્ષા લેનાર દીક્ષાર્થીઓનાં માતા-પિતા અને પરિવારના સભ્યોને પણ આજે યજ્ઞનો લાભ મળ્યો હતો.

તા. ૨-૧૦-૨૦૨૩ના રોજ સાયંકાળે, યજ્ઞશાળામાં પ્રતિષ્ઠિત થનારી તમામ મૂર્તિઓનો ઘૃતાધિવાસ તથા જલાધિવાસવિધિ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તે અંગેના વૈદિક મંત્રો બાદ તમામ મૂર્તિઓને જળમાં પધરાવવામાં આવી અને વરુણ સૂક્ત વગેરે અનેક સૂક્તો દ્વારા જલાધિવાસ વિધિ કરવામાં આવ્યો હતો.

તા. ૪-૧૦-૨૦૨૩ના રોજ સવારે યજ્ઞશાળામાં સ્થાપિત દેવોની પ્રાતઃપૂજા, નવગ્રહ વગેરેનો હોમ, ધ્યેય મંત્રનો હોમ, મૂર્તિ, મૂર્તિપતિ, લોકપાલ વગેરે હોમ કરવામાં આવ્યા હતા. સમાંતરપણે અક્ષરધામમાં મુખ્ય ગર્ભગૃહ સિવાય અન્ય દ્વાદશ ગર્ભગૃહોમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિ યોજાયો હતો. સાયંકાળે અક્ષરધામની ફરતે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કીર્તિ પ્રસરે તે હેતુથી આઠ દિશામાં 'દિક્ષુ હોમ' કરાવાયો હતો. હોમ અંતર્ગત વૈદિક મંત્રોથી ૨૦૦ આહુતિઓ આપવામાં આવી હતી. આ હોમ માટે આઠ દિશામાં નિર્ધારિત કરેલા આઠ ભૂદેવો, ૧૬ સંતો અને ૧૬ જેટલા હરિભક્તો જોડાયા હતા.

તા. ૫-૧૦-૨૦૨૩ના રોજ સવારે યજ્ઞશાળામાં યજમાનો દ્વારા સ્થાપિત દેવોની પૂજા અને અન્ય હોમ કરવામાં આવ્યા હતા. અપરાહ્‌ને મુખ્ય ગર્ભગૃહના અક્ષરપુરુષોત્તમ મહારાજનો સ્નપનવિધિ થયો હતો. તે

માટે પારમેશ્વર સંહિતા પ્રમાણે ઉત્તમોત્તમ સ્નપન નામથી જણાવેલ ૪૯ કળશમાં વિવિધ દ્રવ્યોના રસ ભરીને સ્થાપન કરવામાં આવ્યું. સ્નપન સમયે શાસ્ત્ર-મંત્રોનું ગાન થયું હતું. ત્યારબાદ ધાન્યાધિવાસ, મુખ્ય મૂર્તિમાં તેજઃસ્થાપન કરવામાં આવ્યાં. આ સાથે સમાંતરપણે સમગ્ર અક્ષરધામને એક ઇંચથી વધારે જાડા ગૂંથેલાં સૂત્ર વીંટવામાં આવ્યાં. સ્નપનના અવશિષ્ટ જળને અક્ષરધામનાં મુખ્ય શિખર, કળશ અને દંડ પર પધરાવવામાં આવ્યું હતું.

તા. ૬-૧૦-૨૦૨૩ના રોજ સવારે યજ્ઞશાળામાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે સેંકડો આહુતિઓ આપવામાં આવી હતી. તે પૂર્વે હરિભક્તોને અક્ષરધામમાં તમામ મુખ્ય મૂર્તિઓના પંચાંગ પૂજાવિધિનો લાભ મળ્યો હતો. સવારે મુખ્ય ગર્ભગૃહમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનો તત્ત્વન્યાસ વિધિ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં થયો હતો.

તા. ૯-૧૦-૨૦૨૩ના રોજ યજ્ઞશાળામાં સ્થાપિત દેવોની પ્રાતઃપૂજા અને ત્રણ માસ ચાલેલા યજ્ઞનો ઉત્તરતંત્ર અને પૂર્ણાહુતિનો વિધિ યોજાયો હતો. ત્રણ મહિના દરમિયાન આપવામાં આવેલી લાખો આહુતિઓનો દશાંશ હોમ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. હોમની પૂર્ણાહુતિ નિમિત્તે ૧,૦૦,૦૦૦ વ્યાહૃતિ હોમની આહુતિ આપવામાં આવી હતી. હોમની પૂર્ણાહુતિ કરતાં તેની અંદર શ્રીફળ પધરાવવામાં આવ્યાં. અંતમાં આરતી-પુષ્પાંજલિ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે રોબિન્સવિલ - અમેરિકાની ધરા પર સતત ૮૩ દિવસ ચાલેલા સુદીર્ઘ યજ્ઞની તા. ૧૬-૧૦-૨૦૨૩ના રોજ પૂર્ણાહુતિ થતાં તેનાં સનાતની સંસ્કૃતિનાં દિવ્ય સ્પંદનો સમગ્ર ભૂમંડલમાં પ્રસર્યાં હતાં. અમેરિકામાં સતત અઢી મહિના સુધી ચાલેલો આ મહાયજ્ઞ સનાતન પરંપરાનો એક અજોડ અવસર બની રહ્યો!! ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૬૩ પરથી)

● ''અક્ષરધામ મંદિર સાંસ્કૃતિક વારસાનું અને આધ્યાત્મિક્તાનું ધામ છે.'' - The Statesman

● ''સમગ્ર પશ્ચિમ ગોળાર્ધમાં સૌથી મોટા મંદિર તરીકે પ્રસિદ્ધ થઈ રહેલા આ મંદિરના નિર્માણમાં કુલ ૧૫ વર્ષ લાગ્યાં હતાં, જે સ્વાભાવિક રીતે વિશ્વભરના આસ્થાળુઓ અને પ્રવાસીઓને આકર્ષવા જઈ રહ્યું છે. ભગવાન મૂર્તિમાં નિવાસ કરે છે તેવી શ્રદ્ધા સાથે ભગવાનની સુવર્ણમંડિત મૂર્તિ યુક્ત વિશાળ ગર્ભગૃહમાં શ્રદ્ધાળુઓ અવાક્ બની જાય છે, વિસ્મય પામે છે.'' – New York Times

● ''બી.એ.પી.એસ.ના સત્સંગીઓ તેઓની નિઃસ્વાર્થ સેવા માટે જાણીતા છે, જેને તેઓ ભગવાનની ભક્તિ તરીકે જુએ છે. તેઓનાં સેવાકાર્ય દ્વારા, બી.એ.પી.એસ. સંસ્થાએ યુ.એસ.એ.માં જ ૧૦૦ જેટલાં મંદિરો નિર્માણ કર્યાં છે. આવતા વર્ષે આ હિન્દુ સંપ્રદાય, ઉત્તર અમેરિકામાં તેઓનાં ૫૦ વર્ષના ઇતિહાસની ઉજવણી કરવા જઈ રહ્યો છે.'' – Washington Post

● ''ભગવાન સુધીનો માર્ગ ન્યૂજર્સી ટર્નપાઈકથી મધ્ય ન્યૂજર્સીના ઉપનગરીય વિસ્તાર તરફ દોરી જાય છે; જ્યાં લગભગ અશક્ય જ લાગે તે રીતે રોબિન્સવિલ નગર વિશ્વના પશ્ચિમ ગોળાર્ધનું સૌથી મોટું હિન્દુ મંદિર ધરાવે છે, એક જાજરમાન અને પવિત્ર સ્થાન.'' – New York Magazine

● ''મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, એવું તે શું છે, જે મનુષ્યને પથ્થરમાંથી કંડારાયેલ આકારમાં ભગવાનને નીરખવા માટે અને દિવ્ય તત્ત્વને પામવા પથ્થરોમાંથી નિર્મિત ભવ્ય સ્થાપત્યના સર્જન માટે પ્રેરણા આપે છે! જો આરસના પથ્થરોને વાચા ફૂટે તો માનવમનના ઊંડાણમાં રહેલી કેટલીક ઉચ્ચ આકાંક્ષાઓનું ગાન અવશ્ય કરશે.

લાકડા અને પથ્થરની કારીગરીના કુશળ શિલ્પી એવા સતીશ જાંગીડ ભાગ્યે જ રાજસ્થાનના તેમના વતનની બહાર ગયા હશે. પરંતુ એક સમયે મૃતઃપ્રાય ગણાતી કળાને પુનઃ જાગ્રત કરવાની તક જ્યારે મળી, ત્યારે તેમણે એ પડકાર ઝીલી લીધો. તમે તેઓને સ્વયંસેવકો અને મુલાકાતીઓને તેમણે આરસનાં સ્તંભ અને કોતરેલી મૂર્તિઓ વિશે વાત કરતાં જોઈ શકો છો. તેઓ અહીંના કારીગર સ્વયંસેવકો પૈકીના એક છે, આવા કારીગરોને વિશ્વકર્મા શિલ્પકાર તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમનું નામ સ્થાપત્યના હિન્દુ દેવતાના નામ પરથી પડ્યું છે.'' – Psychology Today

## ■ મીડિયા કવરેજનો એકંદર સૂર :

અક્ષરધામના ઉદ્ઘાટનનું કવરેજ ખૂબ સકારાત્મક હતું, જેમાં અક્ષરધામના આધ્યાત્મિક મહત્ત્વ, સ્થાપત્યની ભવ્યતા અને તેના સકારાત્મક સામુદાયિક પ્રભાવને વણી લેવામાં આવ્યાં. ઉત્તર અમેરિકાના હિન્દુ સમુદાય માટે આ ઘટનાને એક સીમાચિહ્નરૂપ અને શ્રદ્ધા, સંસ્કૃતિ અને પરંપરાના મહોત્સવ તરીકે નિહાળવામાં આવી હતી.

◆

# દેશ-વિદેશનાં પ્રસિદ્ધ સમાચાર માધ્યમોમાં
# ઝળહળ્યું સ્વામિનારાયણ અક્ષરધામ

રોબિન્સવિલ, અમેરિકા



અમેરિકામાં નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામના લોકાર્પણના સમાચાર દેશ-વિદેશના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયામાં વ્યાપક રીતે ઝળહળ્યા હતા. 'સ્વયંસેવકો દ્વારા નિર્મિત અજાયબી' અને 'ભારત બહારના સૌથી મોટા આધુનિક હિન્દુ મંદિર' તરીકે વિશ્વની પ્રસિદ્ધ સમાચાર સંસ્થાઓએ અક્ષરધામને બિરદાવીને સનાતન ધર્મની એક આગવી આભા પ્રસરાવી હતી. તેની એક ઝાંખી...

**■ મેઈનસ્ટ્રીમ મીડિયા :**

રોઈટર્સ, એએફપી, પીટીઆઈ અને એએનઆઈ જેવી સંસ્થાઓ, New York Times, Washington Post, USA Today જેવાં મુખ્ય વર્તમાનપત્રો સહિત CBS, ABC, NBC, FOX અને News 12 જેવી અગ્રગણ્ય ટીવી ચેનલોથી લઈને ભારતમાં ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, દૈનિક જાગરણ, દૈનિક ભાસ્કર જેવાં દેશભરનાં અખબારો, આજતક, ઇન્ડિયા ટીવી, ન્યૂઝ ૧૮, ટીવી ૯ જેવી દેશભરની ટીવી ચેનલોએ અક્ષરધામના મહત્ત્વને દર્શાવતું વ્યાપક કવરેજ કર્યું. આ ઉપરાંત, યુરોપ અને અન્ય દેશોમાં પણ ટીવી ચેનલો અને વર્તમાનપત્રોએ ઉદ્‌ઘાટન સમારોહને લગતું વિશિષ્ટ કવરેજ કર્યું હતું.

**■ ઇન્ડિયન અમેરિકન મીડિયા :**

ઇન્ડિયન અમેરિકન ટીવી ચેનલો અને વર્તમાનપત્રોએ પણ ત્યાંના સ્થાનિક સમુદાય પર અક્ષરધામના પ્રભાવ અને એક અભૂતપૂર્વ પ્રવાસી આકર્ષણ તરીકે અક્ષરધામની વિશેષતાઓને દર્શાવી. પાંચ પૃષ્ઠથી લઈને ૪૦ પૃષ્ઠ સુધીની દળદાર પૂર્તિઓ જેવી કુલ ૧૭ વિશિષ્ટ પૂર્તિઓ અનેકવિધ પ્રકાશનો દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી.

**■ ભારતીય ન્યૂઝ વેબસાઇટ્સ :**

ભારતના અનેક ઓનલાઈન પ્લૅટફૉર્મ્સ અને ન્યૂઝ વેબસાઇટો દ્વારા અક્ષરધામના ઉદ્‌ઘાટન, તેની ભવ્યતા, તેના આધ્યાત્મિક મહત્ત્વ અને મહાનુભાવોની ઉપસ્થિતિ વિષયક વિગતવાર અહેવાલો પ્રકાશિત કરવામાં આવ્યા.

**■ સોશિયલ મીડિયા :**

અક્ષરધામ અને તેના ઉદ્‌ઘાટન સમારોહને લગતાં આકર્ષક ફોટોગ્રાફ્સ અને વીડિયોઝ ધરાવતી પોસ્ટ્સ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ્સ જેવાં કે X (Twitter), Instagram, Facebook વગેરે પર ભારતીય નેતાઓથી લઈને અનેક લોકોએ ખૂબ વાયરલ કરી હતી અને કરોડોની સંખ્યામાં લોકોએ તેને માણી હતી.

**■ મીડિયા કવરેજના મુખ્ય અંશો :**

અક્ષરધામના ઉદ્‌ઘાટનને વિશ્વભરના હિન્દુઓ માટે એક ગૌરવશાળી અવસર તરીકે દર્શાવવામાં આવ્યું. એવી અભૂતપૂર્વ ઘટના, જેના દ્વારા અમેરિકામાં હિન્દુઓએ પોતાની ઓળખ, સંસ્કૃતિ અને શ્રદ્ધાની શાશ્વત પ્રતિષ્ઠા કરી. અક્ષરધામના સ્થાપત્ય અને સમગ્ર મહોત્સવ દરમિયાન સંપન્ન થયેલાં પરંપરાગત વિધિ-વિધાનોને ભક્તિ અને આધ્યાત્મિક મૂલ્યોના આવિર્ભાવ તરીકે દર્શાવવામાં આવ્યાં હતાં.

**■ અજાયબીરૂપ સ્થાપત્ય :**

શ્વેત પથ્થરમાંથી નિર્મિત જટિલ, બારીક, નયનરમ્ય કોતરણીથી ભરપૂર એવા અક્ષરધામના અદ્‌ભુત સ્થાપત્યની અને સમગ્ર પરિસરની મીડિયા દ્વારા વ્યાપક પ્રશંસા કરવામાં આવી હતી. પરંપરાગત હિન્દુ સ્થાપત્યની સાથે આધુનિક ઇજનેરીના વિરલ સમન્વયને જીવંત હિન્દુ વારસા તરીકે બિરદાવવામાં આવી હતી.

**■ સામુદાયિક-સામાજિક પ્રભાવ :**

સ્થાનિક સમુદાય ઉપર અક્ષરધામના સકારાત્મક પ્રભાવની વાત કવરેજમાં વારંવાર જોવા મળી હતી. અક્ષરધામ દ્વારા હાથ ધરાયેલાં આધ્યાત્મિક, શૈક્ષણિક અને અન્ય અનેક માનવતાવાદી સેવાકાર્યોના ઉલ્લેખની સાથે સાથે સાંસ્કૃતિક અસ્મિતા અને આંતરધર્મીય સંવાદને પ્રોત્સાહન આપવામાં તેની વિશેષ ભૂમિકા કવરેજમાં જોવા મળી હતી. અક્ષરધામના ઉદ્‌ઘાટનને માત્ર હિન્દુ સમુદાય માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે મહત્ત્વપૂર્ણ ઘટના તરીકે વર્ણવવામાં આવ્યું હતું. સમગ્ર વિશ્વમાંથી પ્રવાસીઓને માટે અભૂતપૂર્વ આકર્ષણરૂપ સ્થાન તરીકે અક્ષરધામનું કવરેજ કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિને સમજવા માટે એક ઉત્કૃષ્ટ સ્થાન તરીકે અને વિવિધ સમુદાયો વચ્ચે એક સાંસ્કૃતિક સેતુ તરીકે અક્ષરધામને બિરદાવાયું હતું.

**■ કવરેજની ઝલક :**

"અક્ષરધામનું સર્જન પ્રેમભર્યા પરિશ્રમનું પરિણામ છે, જે નિઃસ્વાર્થ સેવા અને એકતાનાં મૂલ્યો પ્રતિ અતૂટ પ્રતિબદ્ધતા અને સમર્પણની ભાવનાને ઉજાગર કરે છે."

- NJ.com

**(અનુસંધાન પૃષ્ઠ ૨૬૧ ઉપર)**

(અનુસંધાન પૃષ્ઠ ૫૩ પરથી)

વ્યવસ્થાઓ કરવી - આ બધું લગાતાર દસ-બાર વર્ષો સુધી કરવું તે કોઈ સામાન્ય બાબત નહોતી. એટલું જ નહીં, આ નિર્માણ કાર્ય વેગપૂર્વક થાય તે માટે વિશાળકાય ક્રેનોથી લઈને ફોર્કલિફ્ટ અને લલ જેવાં સેંકડો સાધનોની વ્યવસ્થા કરવાની, નાની-મોટી સેંકડો સામગ્રીની વ્યવસ્થા કરવાની અને ૧૨,૫૦૦ સ્વયંસેવકો માટે પણ ઉપરોક્ત બધી જ વ્યવસ્થાઓ કરવાની બાબત પણ અસાધારણ હતી. પ્રશાંતદર્શનદાસ સ્વામી, નીલકંઠસેવાદાસ સ્વામી, હરિદર્શનદાસ સ્વામી, આત્મકીર્તિદાસ સ્વામી વગેરે સંતો તેમજ શ્રી કનુભાઈ પટેલના નેતૃત્વમાં શ્રી હરિકૃષ્ણ વી. પટેલ, શ્રી ભરતભાઈ એફ. પટેલ, શ્રી પંકજભાઈ પટેલ, શ્રી રાજુભાઈ પટેલ, આર્કિટેક્ટ શ્રી ભાવિનભાઈ પટેલ વગેરેથી લઈને નાના-મોટા અનેક સ્વયંસેવકોએ ખૂબ સેવાઓ કરી. ૨૦૨૧થી ખૂબ મોટી સંખ્યામાં સ્વયંસેવકો રોબિન્સવિલમાં આવવા લાગ્યા ત્યારે તેના આયોજનમાં હરિદર્શનદાસ સ્વામી, અન્ય સંતો અને હરિભક્તોની ટીમે ખૂબ દક્ષતાથી કાર્ય નિભાવ્યું.

ઉલ્લેખનીય છે કે મહામંદિરના નિર્માણની સાથે સાથે આજુબાજુનાં વિશાળ ભવનો – સ્વાગત ભવન (ફેઇઝ-૪), પ્રદર્શન ભવન (ફેઇઝ-૬), શિખરબદ્ધ મંદિરનું ભવન (ફેઇઝ-૨), સત્સંગ ભવન (ફેઇઝ-૧), શાયોના અને અક્ષરપીઠ ભવન (ફેઇઝ-૭) વગેરેનું નિર્માણ તેમજ બ્રહ્મકુંડ અને નીલકંઠ વાટિકાનું નિર્માણ પણ અસાધારણ મોટું હતું. પ્લાનિંગ અને પરમિશનથી લઈને નિર્માણ સુધીનું એક એક કાર્ય ‘મોન્યુમેન્ટલ’ કહી શકાય. જેમ કે વિશાળ સ્વાગત ભવનમાં કાષ્ઠની હવેલીનું નિર્માણ અને ઉપરના ત્રણ માળમાં સંસ્થાની સત્સંગ પ્રવૃત્તિઓનાં વિવિધ કાર્યાલયોની પણ રચના કરવાનું કાર્ય ખૂબ મોટું હતું. તેમાં ભોંયતળિયે શાયોના આહારગૃહનું નિર્માણ પણ અસામાન્ય હતું. આ બધાં કાર્યોમાં અનેક સ્વયંસેવકો હોમાઈ ગયા. ‘સાચી’ કન્સ્ટ્રક્શન કંપનીના માલિક અને સત્સંગીબંધુ શ્રી રોહિતભાઈ પટેલે અનેક પડકારો વચ્ચે આ ભવનોના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. કાષ્ઠકલાની હવેલીના નિર્માણમાં અક્ષયમુનિદાસ સ્વામી અને સંજયભાઈ પરીખે સેવાઓ આપી.

સ્વાગત ભવન અને પ્રદર્શન ભવનના નિર્માણમાં લોસએન્જલસના અગ્રણી હરિભક્ત અને સ્વયંસેવક શ્રી રાકેશભાઈ પટેલ પોતાના વેપાર-વ્યવસાયને કોરાણે મૂકીને સેવામાં હોમાઈ ગયા. પથ્થરના નિર્માણકાર્યની સાથે સાથે ઇલેક્ટ્રિકલ કે હિટિંગ-કૂલિંગ-પ્લમ્બિંગ અને બીજી ટેક્નિકલ કાર્યવાહીઓ પણ ખૂબ મોટા પાયે એટલા જ શ્રમપૂર્વક કરવાની હતી. દરેક કાર્યવાહી કરનાર ટીમની સેવા ગંજાવર હતી. તેમાં લૉ વોલ્ટેજની સેવાઓમાં કૈવલ્યમૂર્તિદાસ સ્વામી તથા સંસ્થાના આજીવન સેવક શ્રી વિપુલભાઈ વાઘેલાના નેતૃત્વમાં શ્રી કવિતભાઈ પટેલ, શ્રી પ્રેમભાઈ પટેલ, હરિકૃષ્ણભાઈ વગેરે સ્વયંસેવકોની ટીમે ખૂબ પુરુષાર્થ કર્યો. અક્ષરધામના સૌંદર્યપૂર્ણ લેન્ડસ્કેપમાં આવો જ અપાર પુરુષાર્થ કરીને મહેન્દ્રભાઈ પટેલ તથા તેમની ટીમે અક્ષરધામને એક રળિયામણું નજરાણું બનાવી દીધું. ઉલ્લેખનીય છે કે અહીં માત્ર નિર્દેશ પૂરતાં જ નામ વિભાગો કે સ્વયંસેવકોનાં નામ નોંધાયાં છે. બાકી રહેલા તમામની ક્ષમાયાચના.

અક્ષરધામ મહામંદિર એ એક હિન્દુ તીર્થ હોવા છતાં, તેના નિર્માણમાં વિવિધ સંસ્કૃતિઓના વિવિધ ભાષી લોકો સેવામાં જોડાયા હતા. જેમ કે, આ પવિત્ર સ્થાપત્યની ડિઝાઇન ભારતમાં કરવામાં આવી હતી, જ્યારે બાંધકામ માટેના પથ્થરો યુરોપથી લવાયા હતા, તેનું ઘડતર ભારતમાં રાજસ્થાનના કારીગરો દ્વારા કરાયું, જેને અમેરિકામાં કારીગર સ્વયંસેવકોના માર્ગદર્શન મુજબ બી.એ.પી.એસ. સંસ્થાના ૧૨,૫૦૦ સ્વયંસેવકોએ જીગ્સૉ પઝલની જેમ અક્ષરધામમાં જડી દીધા.

અમેરિકામાં, સૌથી પડકારજનક અવરોધ હવામાનનો હતો. માઇનસ ૧૫ થી ૧૧૦ ડિગ્રી ફેરનહીટ સુધીના તાપમાન અને વરસાદ તથા વાવાઝોડાંનાં વિઘ્નો વચ્ચે સ્વયંસેવકોએ દસ-બાર વર્ષ સુધી અથાક મહેનત કરી, એક અજાયબી ખડી કરી દીધી. આ નિર્માણકાર્ય સ્વયંસેવકોએ એટલી કુશળતાથી કર્યું કે કોઈને કલ્પના પણ ન આવે કે સાવ નવાણિયા લોકોએ આ મહામંદિરને ખડું કર્યું છે.

આ મહામંદિર વિશ્વભરમાં એક દુર્લભ અને કદાચ એકમાત્ર મંદિર છે જ્યાં સ્વયંસેવકોએ નિઃસ્વાર્થપણે સૌથી વધુ કલાકોનું યોગદાન આપ્યું છે. આને એક અલગ પરિપ્રેક્ષ્યમાં મૂકવું હોય તો એમ કહી શકાય કે જો આ ૧૨,૫૦૦ સ્વયંસેવકોની માનવ સાંકળ બનાવવામાં આવે, તો તે ન્યૂયોર્કના મેનહટનની આખી લંબાઈ આવરી લે એટલી લાંબી હારમાળા બની રહે! મહંત સ્વામી મહારાજની દિવ્ય નિશ્રામાં પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પને પૂર્ણ કરનારા એ સંતો અને સેવકોને વંદન સાથે હવે પછીના પ્રકરણમાં તેમની ગાથા માણીએ.

અસ્તુ. ◆

ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન

અક્ષરધામ પ્રેરણા આપે છે

# રક્તદાન દ્વારા સેવાની...




સ્વામિનારાયણ અક્ષરધામના ભવ્ય મહોત્સવ 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન્સ' એટલે કે 'પ્રેરણાના મહોત્સવ'માં અનેક એવાં સોપાનો સર થયાં કે જે આપણું મસ્તક ગૌરવથી ઉન્નત બનાવી દે. આમ પણ, સ્વામિનારાયણ અક્ષરધામ કે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તેની લોકોપયોગી નિઃસ્વાર્થ સેવાઓ માટે સુપ્રસિદ્ધ છે. પરંતુ અક્ષરધામ મહોત્સવમાં એવી વિવિધ સેવાઓ વચ્ચે થયેલો દસ સપ્તાહ સુધીનો લાંબામાં લાંબો રક્તદાન યજ્ઞ સેવાનો એક અપૂર્વ અવસર બની રહ્યો.

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ અને રોબિન્સવિલ નગરના મેયર શ્રી ડેવિડ ફ્રીડની ઉપસ્થિતિમાં જુલાઈ ૧૬, ૨૦૨૩ના દિને રોબિન્સવિલમાં આ રક્તદાન યજ્ઞનો શુભારંભ થયો હતો. બી.એ.પી.એસ. ચૅરિટીઝ દ્વારા સ્થાનિક હૉસ્પિટલો અને સંસ્થાઓના સહયોગથી, સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં આ અભૂતપૂર્વ રક્તદાન યજ્ઞમાં મહોત્સવમાં પધારનારા બી.એ.પી.એસ.ના અમેરિકા અને કેનેડાના હજારો હરિભક્તો અને સંતોએ ભાગ લીધો હતો. ન્યૂજર્સી રાજ્યમાં અત્યાર સુધી યોજાયેલાં વિરાટ રક્તદાન અભિયાનોમાંનું આ એક અનોખું બની રહેશે. એકત્ર કરાયેલા રક્તને સ્થાનિક હૉસ્પિટલો અને સંસ્થાઓમાં પહોંચાડવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ૨૮,૪૦,૦૦૦ સીસી જેટલું રક્ત એકત્ર કરવાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક સાથે શરૂ થયેલા આ અભિયાનમાં ૧૮,૦૦૦ જેટલા લોકોને નવું જીવન પ્રાપ્ત થશે. જીવન-રક્ષાના આ ઉમદા કાર્યમાં બી.એ.પી.એસ. ચૅરિટીઝને મિલર-કીસ્ટોન બ્લડ સેન્ટર, ન્યૂજર્સી બ્લડ સર્વિસ, આર.ડબ્લ્યુ.જે બાર્નાબાસ હેલ્થ અને અમેરિકન રેડ ક્રોસનો ઉમળકાભેર સહયોગ સાંપડ્યો હતો.

રોબિન્સવિલના મેયર શ્રી ડેવિડ ફ્રીડ (@mayordavefried) દ્વારા કાઉન્સિલ પ્રેસિડન્ટ ડેબોરાહ બ્લેકલી અને કાઉન્સિલવૂમન ક્રિસ્ટીન સિઆસીઓ સાથે આ રક્તદાન યજ્ઞનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું, ત્યારે તેમણે







ન્યૂજર્સી રાજ્યના અત્યાર સુધીના મોટામાં મોટા રક્તદાન યજ્ઞ દ્વારા સ્વામિનારાયણ અક્ષરધામના શુભારંભે માનવસેવાઓની એક આગવી ભાત પાડી. આ વિરલ રક્તદાન યજ્ઞના ઉદ્‌ઘાટન અવસરે મેયર ડેવિડ ફ્રીડ અને અન્ય મહાનુભાવો...

જણાવ્યું હતું કે 'સ્વામિનારાયણ અક્ષરધામના આ સમગ્ર કાર્યનો વ્યાપ અજોડ છે અને તેના એક ભાગરૂપ બનવા બદલ હું રોમાંચ અનુભવું છું. બી.એ.પી.એસ.નું નિઃસ્વાર્થ મિશન આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. મને આનંદ છે કે તેમણે અક્ષરધામનું નિર્માણ કરવા માટે રોબિન્સવિલ નગરને પસંદ કર્યું.' રોબિન્સવિલ ટાઉનશિપ દ્વારા આયોજિત અગાઉના રકતદાન અભિયાન સમયે પણ બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોએ કરેલી નિઃસ્વાર્થ સેવાનો ઉલ્લેખ કરી શ્રી મેયરે વધુમાં જણાવ્યું, 'અમે એકવાર સ્વયંસેવકોની ખેંચ અનુભવી રહ્યા હતા. અમે બી.એ.પી.એસ.માં સવારે ૧૦:૩૦ વાગ્યે ફોન કર્યો અને બપોરે ૩ વાગ્યા સુધીમાં તો અમારે કહેવું પડ્યું, 'હવે સ્વયંસેવકોની વધુ જરૂર નથી.' અહીંની સેવાભાવના ખરેખર અજોડ છે.'' ૨૦૦૭થી રોબિન્સવિલ ટાઉનશિપ કાઉન્સિલના સભ્ય અને કાઉન્સિલવુમન સિઆસીઓએ પણ મેયરની આ લાગણીઓનો પડઘો પાડ્યો.

કાઉન્સિલના પ્રમુખ શ્રી બ્લેકલીએ જણાવ્યું, 'રોબિન્સવિલમાં ઘણી વિવિધતા છે, જે અદ્‌ભુત છે. જ્યારે એક સમુદાય તરીકે આપણે એકબીજાની નિકટ આવીએ છીએ, ત્યારે એકબીજા પાસેથી ઘણું શીખી શકીએ છીએ, એકબીજાને સમજી શકીએ છીએ અને વધુ પ્રદાન કરી કરી શકીએ છીએ. હું આ કાર્ય કરવા બદલ બી.એ.પી.એસ. અક્ષરધામનો આભાર માનું છું.'

નોંધપાત્ર બાબત છે કે બી.એ.પી.એસ. ચૅરિટીઝ ૨૦૦૬થી માત્ર યુ.એસ.એ.માં જ લગભગ ૫૦૦થી વધુ રક્તદાન યજ્ઞો કરી ચૂક્યું છે. આ પ્રકારના અભૂતપૂર્વ પ્રયાસો દ્વારા આશરે ૫૬,૦૦૦ જિંદગીઓને નવજીવન આપી શકાયું છે. રાષ્ટ્રીય સ્તરે આરોગ્ય સેવાઓમાં બી.એ.પી.એસ. ચૅરિટીઝ નિરંતર પ્રતિબદ્ધ છે. આવાં વિરાટ રક્તદાન અભિયાનો અને તેમનો વૈશ્વિક પ્રભાવ છેલ્લા ચાર દાયકાઓથી અનુભવી શકાય છે. જ્યારે, ૧૯૮૫માં બી.એ.પી.એસ. ચૅરિટીઝ દ્વારા જેમાં વિશ્વભરમાં મોટા પાયે રક્તદાન અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સંસ્થાએ સ્તન કેન્સર માટે જાગૃતિ અને સમર્થન વધારવા માટે સુસાન જી. કોમેન ફાઉન્ડેશન સાથે પણ ભાગીદારી કરી છે.

સેટન હૉલ યુનિવર્સિટીના પ્રી-મેડિકલ વિદ્યાર્થી અને 'યુનિવર્સિટી બ્લડ ઇનિશિયેટિવ'ના પ્રમુખ સંસ્કૃતિ બ્રહ્મભટ્ટે જણાવ્યું, 'બી.એ.પી.એસ.ના એક સ્વયંસેવક તરીકે, હું અક્ષરધામ પ્રોજેક્ટને સહયોગ આપવા બદલ રોબિન્સવિલ અને મર્સર કાઉન્ટીનો આભાર માનું છું.'

આમ, બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સ્વામિનારાયણ અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે યોજાયેલો આ વિરાટ રક્તદાન યજ્ઞ અક્ષરધામના ઉદાત્ત હેતુઓને સાર્થક કરતું એક અનુપમ સોપાન બની રહ્યો. આવનારાં અનેક વર્ષો સુધી અક્ષરધામ નિઃસ્વાર્થ માનવસેવાઓની પ્રેરણા આપતું રહેશે, તેનું આ એક પ્રસંશનીય પગલું સૌએ હૃદયથી આવકાર્યું હતું. ◆



અમેરિકા ખાતે નિર્મિત ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરના નિર્માણમાં
તનતોડ પુરુષાર્થ કરીને ભક્તિ અદા કરનાર સંતો-પાર્ષદો સાથે
પ્રેરણામૂર્તિ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની એક ઐતિહાસિક છબિ...

Swaminarayan Prakash Gujarati, December-2023, Published on 1-12-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



**'તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે...'**
રાત્રિના અંધકારમાં ઝળહળતું સ્વામિનારાયણ અક્ષરધામ પરિસર, રોબિન્સવિલ, યુ.એસ.એ.

**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**